શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા પુષ્પ-૩૭ મું

# शतकनामा

# पंचम कर्मग्रन्थ

વિસ્તૃત, સુગમ ગુજરાતી ભાષાંતર સાથે

卐

મૂળ લેખક : શ્રીનોરનિવાસી તત્ત્વજ્ઞાનના નિષ્ણાત પંડિત

સ્વ. શ્રી ચંદુલાલભાઈ

*

સંશોધક અને સંપાદક : દ્રવ્યાનુયોગના પ્રખર વિદ્વાન; કર્મગ્રન્થના નિષ્ણાત

પ. પૂ. આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

*

ત્રીજી આવૃત્તિના પ્રેરક અને નિયામક :

પ. પૂ. આચાર્ય શ્રી યશોદેવસૂરિજી મ.

(ભૂતપૂર્વ મુનિ શ્રી યશોવિજયજી)

*

* કિં. રૂા. ૧૨ *

श्रीमन्मुक्तिकमलजैनमोहनमाला-पुष्प ३७ मुं.

परमकारुणिक संविज्ञशिरोमणि सुगृहीतनामधेय-
बृहत्तपागच्छनायक श्रीमद्देवेन्द्रसूरिशेखरसन्दृब्ध

# शतकनामा पंचमकर्मग्रन्थ

गाथार्थ, विशेषार्थ, यंत्रो, आकृतिओ
तथा २०९ टिप्पणोथी विभूषित

## अनेक सुधारावधारा साथेनी तृतीय आवृत्ति

विशेषार्थरचयिता—स्व. पं. चंदुलाल नानचंद

संपादक-संशोधक-आराध्यपाद शासनप्रभावक परमगीतार्थ
आ० म० १००८ श्रीमान् विजयमोहनसूरीश्वरपट्टप्रभाकर-
सच्चारित्रशालि कर्मशास्त्रना प्रखरज्ञाता पूज्य
आचार्य श्रीमद् विजयप्रतापसूरीश्वर शिष्यरत्न
द्रव्यानुयोगना परम निष्णात विद्वद्वर्यं
पू. आचार्य श्री विजयधर्मसूरिजी महाराज

प्रकाशक-श्रीमन्मुक्तिकमलजैनमोहनमाला कार्याधिकारी

पुनः मुद्रण प्रेरक :
पू. आचार्य श्री यशोदेवसूरिजी महाराज

वीर संवत् २५०८ ] * [ विक्रम संवत् २०३८


प्रकाशक :—
शाह पनालाल लालचन्द नन्दलाल वकील
ठि० रावपुरा, महाजनगली,
श्रीमन्मुक्तिकमलजैनमोहनज्ञानमंदिर,
वडोदरा

प्राप्तिस्थान :—
शाह पनालाल लालचन्द
ठि. रावपुरा, कोठीपोळ, मंछासदन,
वडोदरा

पडतर किंमत रु. २१ छताँय प्रचारार्थे
किंमत रु. ११

तृतीय आवृत्ति
कोपी ५००

मुद्रक :—
अजित मुद्रणालय
पालीताणा रोड,
सोनगढ–३६४ २५०



પૂજ્યપાદ-પ્રવચન પ્રભાવક-વ્યાખ્યાન વિશારદ-શુદ્ધપ્રરુપક,
અનોખા વક્તા, પરમકૃપાલુ.

**આચાર્યદેવ ૧૦૦૮ શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ**

જન્મ સં. ૧૯૩૩ સિદ્ધક્ષેત્ર-પાલીતાણા.
દીક્ષા સં. ૧૯૫૭ મ્હેસાણા.
આચાર્યપદ સં. ૧૯૮૦ અમદાવાદ.
સ્વર્ગગમન સં. ૨૦૦૧ ડભોઇ.

# સમર્પણ

"धन्ना आवकहाए गुरुकुलवासं न मुञ्चन्ति"


[ ભાવાર્થ–જીવનપર્યંત ગુરુકુલવાસનું અખંડ સેવન કરનારા મુમુક્ષુ મહાનુભાવોને ધન્ય છે! ]

*

આ આપ્તવાક્યનો યથાર્થ અમલ કરનાર, મારા જેવા પામર આત્માને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમય રત્નત્રયી અર્પણ કરી પ્રભુતાના પવિત્ર પંથે પ્રયાણ કરાવનાર ત્યાગ–વૈરાગ્ય–નિસ્પૃહતા–સિદ્ધાન્ત રક્ષણ પરાયણતા ઇત્યાદિ અનેક ગુણાવલી વડે વિભૂષિત પરમોપકારી પ્રાતઃસ્મરણીય–નિડરસ્વભાવી, જ્ઞાનવૃદ્ધ, પ્રાચીનતિથિ પરંપરાના પ્રખર સંરક્ષક, વિદ્વદ્વર્ય–આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમાન્ **વિજયપ્રતાપસૂરીશ્વરજી** મહારાજને સાદર સમર્પણ.

શિશુ–**ધર્મવિજય**ના કોટિ કોટિ વંદન.

પૂજ્યપાદ્ શાસનમાન્ય તપાગચ્છીય જૈનાચાર્ય ૧૦૦૮
શ્રીમાન વિજયમોહનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર



પરમપૂજ્ય પ્રાતઃસ્મરણીય પરમોપકારી સ્વર્ગગત જૈનાચાર્ય ૧૦૦૮

## શ્રીમાન વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ

જન્મ : સં. ૧૯૪૭ વેરાવલ–આદરી * દીક્ષા : સં. ૧૯૬૩ મ્હેસાણા
ઉપાધ્યાયપદ : સં. ૧૯૮૬ વડોદરા, * આચાર્યપદ : સં. ૧૯૯૨ પ્રભાસપાટણ.
સ્વર્ગવાસ : સં. ૨૦૩૪ માંગરોળ ( સોરઠ )



જૈન શાસનના મહાન જ્યોતિર્ધર, દ્રવ્યાનુયોગના પરમ નિષ્ણાત, પ્રખર વક્તા, સિદ્ધહસ્ત લેખક, સ્થળે સ્થળે વિશેષ કરીને બૃહત્ મુંબઈમાં ભવ્ય જિનમંદિરો, ઉપાશ્રયો, આયંબિલ શાળાઓ, પાઠશાળાઓની હારમાળા ખડી કરનાર, શ્રુતજ્ઞાનના પરમ રસિયા, તત્ત્વજ્ઞાનના અનેકને દીક્ષા આપનાર, વાત્સલ્ય અને કરુણામૂર્તિ પરમશાસન પ્રભાવક, યુગદિવાકર, અતિ લોકપ્રિય, આ પુસ્તકના સંશોધક—

**જૈનાચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ.**

# ત્રીજી આવૃત્તિ પ્રસંગે

શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા ૩૭ મા પુષ્પની ા ત્રીજી આવૃત્તિ છે. ઘણા વખતથી આ પુસ્તક ે લબ્ધ ન હતું તે પરમપૂજ્ય આચાર્ય શ્રી યશોદેવસૂરિજીની રણા અને પ્રચારથી પુનર્મુદ્રણ થતાં ઉપલબ્ધ થયું છે. ..થી અભ્યાસીઓને હવે મુંઝવણ અનુભવવી નહીં પડે. આ.. અંગે પૂજ્ય આચાર્યશ્રીજીએ પોતાના નિવેદનમાં કહેવા જેવું છે તે જણાવ્યું છે વાંચકોએ તેથી માહિતગાર થવું.

૪૬ વરસમાં ત્રણ જ આવૃત્તિ થઈ એથી આપના ભ્યાસીઓ કેટલા ગણ્યા ગાંઠ્યા હશે તેની પ્રતીતિ થાય છે.

લી.

—પ્રકાશક

# આભાર દર્શન

આ પાંચમાં કર્મગ્રન્થ જેવા અતિઉત્તમ ગ્રન્થના શ્રીજીવારના પ્રકાશનમાં નીચેના ઉદાર હૃદયી ધર્મશ્રદ્ધાળુ, શ્રુતજ્ઞાનપ્રેમી મહાનુભાવોએ અમને જે મદદ કરી છે તે બદલ અમો તેઓ સહુનો વારંવાર આભાર માનીએ છીએ, અને જૈન તત્ત્વજ્ઞાન વગેરેના પ્રકાશનમાં આવી સહાય આપતા રહેશે તેવી વિનંતિ પણ ખાસ કરીએ છીએ.


૧. પાટણના વતની હાલ મુંબઈ રહેતા સ્વ. શેઠ શ્રી રમણભાઈ નગીનદાસ દવાવાળાના સ્મરણાર્થે તેમનો, ધર્મ-શ્રદ્ધાળુ પરિવાર તથા શ્રી શાંતિલાલ નગીનદાસ દવાવાળાનો ધર્મશ્રદ્ધાળુ પરિવાર શ્રી કમલાબેન રસિકલાલ પત્રાવાલા

૨. જાપાન વસતા જૈન ભાઈઓ. હા. શ્રુતભક્ત ભાઈ શ્રી અરવિંદભાઈ, મુંબઈ

—પ્રકાશક સંસ્થા



પાટણનિવાસી જીવદયાપ્રેમી, જ્ઞાનપ્રેમી,
ધર્મશ્રદ્ધાળુ ઉદારહૃદયી
શ્રેષ્ઠિ શ્રી રમણલાલ નગીનદાસ દવાવાળા



ધર્મશ્રદ્ધાળુ–ધર્મપરાયણ

શ્રાવિકા ચંચળબ્હેન નગીનદાસ પાટણવાળા

જન્મ સં. ૧૯૪૪ ❀ સ્વર્ગવાસ સં. ૨૦૧૪

# ત્રીજી આવૃત્તિ પ્રસંગે
# મારે કંઈક કહેવાનું છે

**—યશોદેવસૂરિ**

જ્યારે ગ્રન્થમાં વિવિધ વિષયો વર્તતા હોય ત્યારે ગ્રન્થનું નામકરણ કરવું અતિ મુશ્કેલ બને છે. છેવટે ગ્રન્થકારને કોઈ જુદું જ નામ આપવાનું મન થાય છે. આવું જ કંઈ આ ગ્રન્થ માટે બન્યું હોય તેમ લાગે છે. ગ્રન્થકારને આ ગ્રન્થ માટે સંખ્યાવાચક નામ નક્કી કરવું પડયું, કેમકે એમણે ગાથા સો રચી એટલે સો સંખ્યાનો વાચક સંસ્કૃતમાં **शतक शब्द** હોવાથી આ ગ્રન્થનું **शतक** નામ પસંદ કર્યું છે. જેથી આ કૃતિ **शतक–कर्मग्रन्थ** આ નામથી ઓળખાય છે. આ રીતે નામકરણ કરવાની પ્રથા પણ હતી.

શ્વે. મૂર્તિપૂજક સંપ્રદાયમાં **पंचवस्तु, कर्मप्रकृति, तत्त्वार्थाधिगमसूत्र** આદિ તત્ત્વજ્ઞાનના અનેક ગ્રન્થોમાં જે વિષય હતા, તેમજ પરંપરાથી જે વિષય કંઠસ્થ ચાલ્યા આવતા હતા, તેનું સંક્ષેપીકરણ અને વ્યવસ્થિતકરણ કરીને આ કર્મગ્રન્થોની રચના થવા પામી અને તે જ્ઞાનને ૭ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યું. અને ત્યારથી '૭ કર્મગ્રન્થો' એ શબ્દ એક કર્મજ્ઞાન વિભાગનો એક શાખા પૂરતો અતિ પ્રચલિત થઈને રૂઢ બની ગયો છે.

શ્વે. મૂર્તિપૂજક સંપ્રદાયમાં આનું અધ્યયન સેંકડો વરસથી ચાલ્યું આવે છે. આ ગ્રન્થો અનિવાર્ય રીતે ક્રમશઃ ભણવામાં આવે છે. ચાર કર્મગ્રન્થ સુધી ભણનારો વર્ગ ઘણો મ્હોટો છે. પણ પાંચમો કર્મગ્રન્થ ઘણોજ ક્લિષ્ટ હોવાથી ઘણીવાર વિદ્યાર્થીની ગાડી અહીંથી

અટકી પડે છે. કંટાળો આવે છે. પછી જ્ઞાની તો વાત જ ક્યાં કરવી ?

એટલે આ કર્મગ્રન્થ ક્લિષ્ટ હોવાથી એને ભણનારા અત્યલ્પ સંખ્ય જ હોય છે. પણ આ અત્યલ્પ સંખ્ય આત્માઓનું આવા તત્ત્વજ્ઞાનને જીવંત રાખવામાં ઘણું જ મહત્ત્વનું યોગદાન છે. આ અધ્યયન સેંકડો વરસથી અવિચ્છિન્ન પણે ચાલતું આવ્યું છે, ચાલી રહ્યું છે અને ભવિષ્યમાં પણ ચાલ્યા કરશે. એ નિશંક બાબત છે. આ અધ્યયન પુસ્તકના અભાવે મૃતપ્રાય: ન બની જાય એટલા માટે જ્યારે જ્યારે એની તાણ ઊભી થાય છે ત્યારે ત્યારે આ ગ્રન્થને પુનઃ છપાવવા માટે પ્રેરણા કરતા રહ્યા છીએ. અને તદનુસાર આ ગ્રન્થની ત્રીજી આવૃત્તિ તો ખરેખર તો પાંચ વરસ પહેલાં છાપવા માટે મારા પરમપૂજ્ય ગુરુદેવ સાથે મારે વાતચીત પણ થએલી, પણ એક યા બીજા કારણે, અનેક કાર્યવ્યસ્તતાને લીધે પુરું ધ્યાન આપી ન શકવાથી છપાવી શકયા ન હતા. તે આવૃત્તિ ત્રીજી આજે સંસ્થા પ્રગટ કરી રહી છે. એ સંસ્થા માટે ગૌરવની, મારા માટે સંતોષની અને અધ્યયનાર્થીઓ માટે અનેરા આનંદની બાબત છે.

આ ગ્રન્થના લેખક છે એક વખતના મારા વિદ્યાગુરુ સ્વ. પંડિત પ્રવર શ્રીયુત ચંદુલાલભાઈ. શ્રી ચંદુલાલભાઈ એક જૈન પાઠશાળાના શિક્ષક તો હતા. એટલું જ નહિ પરંતુ તે વખતે તેઓ ગુણસ્થાનક ક્રમારોહ આદિ તત્ત્વજ્ઞાનનાં ગ્રન્થોના પ્રખરપંડિત બની ગયા હતા અને એથી જ એમને મોટામોટા વિદ્વાન સાધુઓને લોકપ્રકાશ, કમ્મપયડી, ગુણસ્થાનક, તત્ત્વાર્થ, કર્મગ્રન્થ આદિ ગ્રન્થોનું અધ્યયન પણ કરાવ્યું હતું. કાર્મગ્રન્થિક ગુણસ્થાનક વિષયક બાબતના ચિંતનમાં જ્યારે જ્યારે સમર્થ સાધુઓને પણ કોઈ બાબતમાં ગડ ન બેસે ત્યારે તેઓ પંડિત ચંદુલાલભાઈની સાથે ચર્ચા વિચારણા કરતા. કેમકે તેઓનું ચિંતન ઘણું ઊંડું હતું એટલે ગુંચનો ઉકેલ લાવવામાં એમની નજર

પહોંચી જતી અને તીવ્રક્ષયોપશમ પ્રવર્તતો હોવાથી સવાલ કરનારને એમના ઉત્તરથી હાર્દિક સંતોષ થતોજ. મારા પૂજ્ય તારક ગુરુદેવે પણ તેઓશ્રી પાસે કમ્મપયડી વગેરે ગ્રન્થનું અધ્યયન કર્યું હતું.

એક વખત આ ચંદુભાઈની મારી જન્મભૂમિ ડભોઈમાં શિક્ષક તરીકે નિમણુંક થઈ ત્યારે યાદદાસ્ત મુજબ મારી ઉમ્મર ૧૦ વરસની હશે ખરી! આવા એક સંસારી છતાં જન્માન્તરના જ્ઞાન સાધનાના પ્રતાપે સમર્થ વિદ્વાન બનેલા ચંદુભાઈ ગુજરી જતાં હું ખૂબ જ નિરાશ બની ગયો હતો. મારા પ્રત્યે તેમની અનન્ય પ્રીતિ લાગણી પ્રવર્તતી હતી. મારી દીક્ષા પછી તેઓ પૂજ્ય ગુરુદેવને વંદનાર્થે આવતા. સં. ૧૯૯૨ માં મળ્યા ત્યારે હું સંસ્કૃત ભણતો હતો. ત્યારે તેમણે મને બે-ત્રણ વરસ રહી કર્મશાસ્ત્રના ગ્રન્થો ભણાવવાનું વચન આપ્યું હતું. કેમકે મારા પર તેમને પ્રથમથી જ અનન્ય પ્રેમ અને વાત્સલ્ય હતું. જો કે મારા પૂજ્ય ગુરુદેવ પણ મને ભણાવનાર હતા. છતાંય સમય પૂરતો મેળવી શકાય, પારકાં મા કાન વીંધે. બીજા પાસે સજાગ વધુ રહેવું પડે આ બધા લાભો રહે છે. પણ મને ભણાવવાનો સમય આવ્યો ત્યારે તેઓ કમનસીબે દિવંગત થયા અને આવા ઊંડા તત્ત્વજ્ઞાની પાસે અભ્યાસ કરવાનું સ્વપ્ન ભાંગી ગયું. ત્યારે હું ઘડીભર શૂન્યમનસ્ક બની ગયેલો. પૂજ્ય ગુરુદેવે આશ્વાસન આપી સ્વસ્થ બનાવેલ. મારી દીક્ષાના કાર્યમાં પણ આરા સહાયક બન્યા હતા.

કોઈ શિક્ષક મહેનત કરી એમના ગ્રન્થોની પૂરી યાદી તૈયાર કરી શકે તો સારી વાત બને.

સુશ્રાવક ચંદુભાઈ માત્ર માર્ગોપદેશિકા અને મન્દિરાન્ત પ્રવેશિકા ભાંડારકરની આ બે બુક જ ભણ્યા હતા. વ્યાકરણ ભણ્યા ન હતા પણ અનેક ગ્રન્થોના અભ્યાસ-વાંચનથી તેમજ કોઈ એવો અગાઢ ઊંડો ઉઘાડ હતો કે ગમે તે શાસ્ત્ર વગેરે ગ્રન્થોની ટીકા બેસાડી શકતા હતા. ભાષાંતર કરવામાં તેઓ ખૂબ જ કુશળ હતા. તથા તે તે વિષયના

શાસ્ત્રકથિત વર્ણનના ચિત્રો પણ સુંદર દોરી શકતા હતા. આંબિળગમ પ્રમાણે સંપૂર્ણ લોકપ્રકાશ[1]નું તેમણે ભાષાંતર કર્યું છે. ભારે કમનસીબીની વાત એ કે તેઓ સંસારી હોવાના કારણે એક સમર્થ વિદ્વાન આચાર્ય જેવા જ જ્ઞાની છતાં સમાજને તેની સાચી અને પૂરી ઓળખ ન હતી અને પોતે પણ એકદમ નિરાડમ્બરી સામાન્યકક્ષાની વ્યક્તિ જેવું જ જીવન જીવવામાં આનંદ માનતા હતા. અનેક સાધુ સાધ્વીજીઓને એમણે ભણાવ્યા છે. હું તો ત્યારે નાનો એટલે ખ્યાલ ન આવ્યો અને તરત જ દેવ થયા. એટલે દુઃખની વાત એક કે તેમણે કરેલા ભાષાંતરોની એક યાદી કોઈ તૈયાર ન કરી શક્યું, ન તૈયાર થવા પામી.

* * *

એમણે કરેલા ભાષાંતરમાં ઘણા સુધારા-વધારા દ્રવ્યાનુયોગ –વિજ્ઞાનના પરમ નિષ્ણાત આજે તો એકમેવ અદ્વિતીય જેવા મારા પૂજ્ય ગુરુદેવ પરમપૂજ્ય યુગદિવાકર આચાર્ય શ્રી **વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે** કર્યા. ખૂબ ખંતથી પ્રેસ કોપી જોઈ. ચીવટથી સુધારાવધારા કર્યા, પોતાના જ હાથેથી જ સુંદર ચિત્રો બનાવ્યા જે આમાં છાપવામાં આવ્યા છે. અને આજે તે પુસ્તકની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે જેથી વિદ્યાર્થીઓની અગવડનો અન્ત આવશે.

આ પુસ્તક છાપવાની વાત મારા પૂજ્ય યુગદિવાકર ગુરુદેવ જોડે મુંબઈમાં ચર્ચાએલી પણ ખરી, પણ એક યા બીજા કારણે વિશેષ લક્ષ્ય આપી ન શકાયું. પાલીતાણા આવ્યા બાદ તે બીલકુલ ઉપલબ્ધ ન હોવાથી એની માગ ખૂબ વધી, શિક્ષિત સાધ્વીજીઓ પંડિતો, શિક્ષકોએ અનેકવાર યાદ આપી એટલે તે છપાવાનો નિર્ણય લીધો. છેલ્લા ત્રણ વરસથી મારા પૂજ્ય ગુરુદેવ મારાથી દૂર છે. અને

---

૧. જેના ત્રણ સર્ગો પ્રકાશિત થયા છે. બાકીના સર્ગોનું ભાષાંતર થયું હોય ને જેની પાસે હોય તે જરૂર પ્રગટ કરાવે.

એવી પરતંત્ર સ્થિતિમાં સપડાઈ ગયા છે કે તેઓ વિચારેલું કે ધાર્યું કંઈ કરી શકે તેવી સ્થિતિ રહેવા નથી પામી, પણ તેઓશ્રીના ભાવના પાર પાડી શકાણી મને સંતોષ છે.

આનું મુદ્રણ સોનગઢના અજિત મુદ્રણાલયના સંચાલકોએ ખૂબ સારી રીતે લાગણીથી ઝડપથી કરી આપ્યું છે તે માટે તેમનો આભાર માનીએ છીએ. અને અમને બધી રીતે સંતોષ આપ્યો છે તે માટે ખરેખર ખૂબ ધન્યવાદ ઘટે છે. ફક્ત અમોએ એ પુસ્તક છપાતા પહેલા જોઈ લેવા મેં સમય કાઢ્યો હોત તો અથવા બીજી શિક્ષિત યોગ્ય વ્યક્તિ પાસે પણ મેં જોવરાવી લીધું હોત તો લાંબુ શુદ્ધિપત્રક છાપી મૂકવું પડ્યું તે મૂકવું પડ્યું ન હોત.

આ પુસ્તક છપાયા પછી જાણીતા વિદ્વાન પંડિતજી શ્રી કપૂરચંદભાઈએ તેના ફર્મા જોવાનું અને શુદ્ધિપત્રકનું કામ સારી રીતે પાર પાડી લીધું તે માટે હાર્દિક અભિનંદન ઘટે છે.

બીજી આવૃત્તિમાં જેમણે આર્થિક દાન કર્યું હતું. આ વખતે આ આવૃત્તિમાં પણ અડધી સહાય ઉદાર હૃદયી ધર્મશ્રદ્ધાળુ તે કુંટુંબે જ કરી છે. આથી ધર્માત્મા ભક્તિવંત શ્રી રમણભાઈના ધર્મશ્રદ્ધાળુ પરિવારને અને ધર્માત્મા ભક્તિવંત શ્રી શાંતિભાઈ સપરિવારને અભિનંદન ઘટે છે.

બાકીની અડધી રકમ શ્રુતજ્ઞાનના ભક્ત ભાવિક ભક્તજન શ્રી અરવિંદભાઈ ઝવેરી હસ્તક જાપાનના ભાઈઓ તરફથી મળી છે. તેથી તેમનો પણ હાર્દિક આભાર માનીએ છીએ.

અમારા શ્રુતજ્ઞાનના પ્રકાશનમાં ફરી જ આવો સહકાર આપતા રહેશો તેવી આશા રાખીએ છીએ.

આજે છાપકામ એટલું ખર્ચાળ બની ગયું છે કે જૈન સમાજ

જો ૨૦/૨૫ લાખ રૂા.ની મુડીવાળી પ્રકાશન કાર્ય માટેની સંસ્થા ઊભી નહીં કરે તો ભારે મુશ્કેલી સર્જાશે. જ્ઞાનમાર્ગ ઝડપથી રૂંધાતો જશે. ભાવિદૃષ્ટા ગુરુવરો, મુનિવરો અને સુશ્રાવકો ગંભીરપણે અત્યારથી જ વિચારે અને મુંબઈના મહાદાનવીરો ઝડપથી આ કાર્યને કાર્યાન્વિત કરે.

—યશોદેવસૂરિ

પાલીતાણા
પોષ શુદિ બીજ
સં ૨૦૩૮

# કર્મ એ શું ગુણ છે કે દ્રવ્ય છે? છે શું?

[ **નોંધ**:—અજૈન ધર્મશાસ્ત્રો પાસે કર્મના અસલી સ્વરૂપની વ્યાખ્યા કે તેની પૂર્વાપર અબાધિત પ્રરૂપણાની વ્યવસ્થા નથી. તેની મૂળભૂત વ્યાખ્યા, વિસ્તાર, આમૂલચૂલ છણાવટ, એનો પ્રચંડ પ્રભાવ એ બધું સવિસ્તર જૈન તત્ત્વજ્ઞાનના ગ્રન્થોથી જ જાણવા મલે તેમ છે. એનું સ્વરૂપ ઘણું અદ્ભુત છતાં સામાન્ય બુદ્ધિવાદીઓથી અગમ્ય લાગે એવું છે. અહીંયા જૈન દૃષ્ટિએ કર્મ એક દ્રવ્ય છે અને એ દ્રવ્ય જ આત્માની ઉન્નતિ-અવનતિમાં અવિરત ભાગ ભજવે છે તેની ટૂંક સમજ અહીં આપી છે.

**—યશોદેવસૂરિ**

**કર્મ** (क्रियते तत् कर्म) આ શબ્દ વ્યાપાર, ક્રિયા ઉદ્યમ કે પુરુષાર્થના અર્થમાં વિશેષ વપરાય છે. ગીતાનો 'કર્મયોગ' શબ્દ પણ ઉદ્યમ, પ્રવૃત્તિના અર્થનો જ સૂચક છે. પણ આ લેખમાં કર્મ શબ્દને જુદા જ અર્થમાં અનોખી વ્યાખ્યારૂપે રજૂ કરવાનો છે. જો કે કર્મવિજ્ઞાન ઉપર સુવ્યવસ્થિત રીતે લખવા-સમજાવવા અત્યારે સમય નથી, અને આ પુસ્તકમાં પાનાની મર્યાદા બાંધી છે એટલે શક્ય એટલો ખ્યાલ અપાશે.

સંસારમાં શબ્દો માત્ર સાપેક્ષભાવે જ રહ્યા છે. તમો એક શબ્દ ઉચ્ચારો એટલે તેનો વિરોધી શબ્દ ખડો થઈ જ જવાનો. તમો સુખ શબ્દ બોલો એટલે તેનો પ્રતિપક્ષી દુઃખ શબ્દ નજરે આવી જ જવાનો. ત્યારે આ વિશ્વમાં શુભ-અશુભ, સદાચાર-દુરાચાર બન્ને પ્રકારના ભાવોનું શાશ્વત

અસ્તિત્વ રહેલું જ છે. ધાર્મિક પરિભાષામાં તમે તેને પુણ્ય-પાપ શબ્દથી ઓળખાવી શકો.

જગત્ વિષમતા અને વિચિત્રતાથી ખૂબ જ છવાઈ ગયેલું છે. એ એક જ પ્રકારનું નથી પણ પરસ્પર વિરોધી એવા દ્વંદ્વોથી પરિપૂર્ણ-ભરેલું છે. તેથી જ આપણે સહુ *એક સુખી; બીજો દુઃખી, એક શ્રીમંત, એક ગરીબ; એક મૂર્ખ, એક વિદ્વાન; એક રોગી, એક નીરોગી; એક પુરુષ, એક સ્ત્રી; એક પુણ્યાત્મા, બીજો પાપાત્મા; ફક્ત એક માનવ-જાતની દૃષ્ટિએ જોઈએ તો ત્યાં આપણે આ બધું જ જોઈ રહ્યા છીએ.

આથી વિવિધ ધર્મના સ્થાપકોને થયું કે આ વિચિત્રતા પાછળ જરૂર કંઈ કારણો તો હોવાં જ જોઈએ. કારણ વિના તો કોઈ કાર્ય સંભવિત જ નથી એટલે તત્ત્વજિજ્ઞાસુઓને કારણો દર્શાવવા જ પડશે. એટલે બૌદ્ધશાસ્ત્રોએ કારણમાં સંસ્કાર વાસના અવિજ્ઞપ્તિ એવાં નામો પસંદ કર્યાં, સાંખ્યોએ પ્રકૃતિ શબ્દ યોજ્યો, વેદાન્તીઓએ માયા, અવિદ્યા વાપર્યો. વૈશેષિકોએ અદૃષ્ટ અને મીમાંસકોએ અપૂર્વ આવા જાત-જાતના શબ્દો યોજવા દ્વારા તેઓ એક યા બીજા સ્વરૂપે કર્મની

---

* क्ष्मा भृद्रङ्ककयोर्मनीषिजडयोः सद्रूपनीरूपयोः,
श्रीमद्दुर्गतयोर्बलाबलवतोर्नीरोगरोगार्तयोः ।
सौभाग्यासुभगत्वसङ्गमजुषोस्तुल्येऽपि नृत्वेऽन्तरं,
यत् तत् कर्मनिबन्धनं तदपि नो जीवं विना युक्तिमत् ॥
—[ દિનકૃત્ય ટીકા ]

શુભાશુભ સત્તાનો તો સ્વીકાર કરે જ છે. જૈનોએ આ માટે 'કર્મ' શબ્દ યોજ્યો.

આ સારા-નરસા ભાવોનો જન્મદાતા, ભોક્તા કે મોક્તા જીવ જ છે. એ પણ નિર્વિવાદ બાબત છે. તો પ્રશ્ન થાય કે જીવમાત્ર સારાં જ કર્મો કેમ ન કરે? જેથી તેને દુઃખી થવાનો વખત જ ન આવે! પણ ચેતના સદાય શુભ-માર્ગમાં પ્રવર્તે તેવી શકયતા જ નથી. તો તરત જ એ પ્રશ્ન થાય કે તો એમ થવામાં શું કારણ?

ત્યારે ભગવાન શ્રી મહાવીર પરમાત્માના જ્ઞાનમાં જે જોવા મળ્યું તે આધારે જવાબ એ છે કે કોઈ અદૃષ્ટ સત્તા જીવને દોરનારી બેઠી છે. આથી એ વાત પણ નિશ્ચિત થાય છે કે—વિશ્વમાં બે જ સત્તાનું અસ્તિત્વ (મોક્ષે ન જાય ત્યાં સુધી) સનાતન છે. એક આત્મસત્તા-જીવસત્તા કે ચૈતન્યસત્તા અને બીજી આ કર્મસત્તા. આ બંનેના જોડાણથી આ સંસારમાં દ્વંદ્વો, સંઘર્ષણો ઉભાં થાય છે. પરિણામે કર્મના નચાવ્યા જીવને નાચવું પડે છે.

**પ્રશ્ન:**—તો હવે મૂલ વાત સમજાવો કે કર્મ એ શું વસ્તુ છે? જો એ ગુણ નથી તો શું છે? અને એ કર્મ-વિજ્ઞાનની થોડી સમજ આપો.

**ઉત્તર:**—વિશ્વના કોઈ પણ ધર્મશાસ્ત્રમાં કે અન્ય કોઈ ધુરંધર તત્ત્વજ્ઞાનીના ગ્રન્થમાં જૈનધર્મે કર્મને જે રૂપે રજૂ કર્યું છે તેની અંશમાત્ર વ્યાખ્યા અજૈન ગ્રન્થોમાં નથી. સ્થૂલ અર્થ વ્યાખ્યાઓ જરૂર છે પણ સૂક્ષ્મ કે સૂક્ષ્મતર

વ્યાખ્યાઓ નથી. એ રહસ્ય બધું સર્વજ્ઞકથિત જૈન શાસ્ત્ર દ્વારા જ જાણી શકાય છે. આ વિજ્ઞાન ત્રિકાલજ્ઞાનીએ જ બતાવ્યું છે એ પૂરવાર કરવા માટે બીજા કોઈ પુરાવા તરફ ન જઈએ તો હું તો એમ કહું કે આ કર્મશાસ્ત્ર માટે જે જે શબ્દો પ્રયુક્ત થયા છે એ શબ્દો તમને વિશ્વમાં ક્યાંય જોવા–સાંભળવા નહિ મળે. આ શબ્દોની અભિનવતા અને અજોડતા એ જ એની સર્વજ્ઞકથિત સચ્ચાઈ પૂરવાર કરવા માટે નિષ્પક્ષપાત અને તટસ્થ વિદ્વાન માટે પ્રમાણ પત્રરૂપ છે.

**પ્રશ્ન:**—હવે તમો કર્મને ગુણરૂપે નહિં પણ દ્રવ્યરૂપે છે એ શાસ્ત્રદ્વારા અહીં નિશ્ચિતપણે જણાવવા માગો છો તો હવે તે વાત જણાવો.

**ઉત્તર:**—જેમ વિજ્ઞાન, ડૅાકટરી એલોપથી સાયન્સ એમ જણાવે છે કે–સમગ્ર વિશ્વ અસંખ્ય જાતનાં બેકટરીઆ અને વિવિધ પ્રકારનાં વાયરસ જીવોથી ઠાંસી–ઠાંસીને ભર્યું છે. એના વિનાની એક ટાંકણી જેટલીએ જગ્યા વિશ્વમાં ખાલી નથી. એક સોયના અગ્રભાગ જેટલી જગ્યામાં કરોડો બેકટરીઆ હોય છે.

વિજ્ઞાનની જેમ કર્મના અણુ–પરમાણુઓ ( પુદ્ગલસ્કંધો ) માટે પણ એ રીતે સમજવાનું છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ જ્ઞાનદ્વારા પ્રત્યક્ષ કર્મના અનંતપ્રદેશી દ્રવ્યોને જોયા અને કહ્યું કે–કર્મરૂપ પરિણામ પામનારા પુદ્ગલસ્કંધો વિશ્વમાં સર્વત્ર વ્યાપ્ત છે.

જીવ સ્વભાવે અમૂર્ત્ત (કોઈ પણ પ્રકારની આકૃતિ વિનાનો) છે. પણ અનાદિ કાલથી જ મૂર્ત્ત એવા કોઈના સંબંધથી

એકધારો અવિરહપણે જોડાએલો હોવાથી–તે બાપડો મૂર્ત્ત જેવો બની ગયેલો હોવાથી મૂર્ત્તપુદ્ગલોને આહરણ–ગ્રહણ કરવામાં પાવરધો–જોરદાર સંસ્કારવાળો બની ગએલો છે.

પુદ્ગલ એ એક પરમાણુ રૂપે હોય અને અનંત પરમાણુ રૂપે પણ હોય. એક પરમાણુ જોડે બીજા પરમાણુનું જોડાણ થાય ત્યારે તે બે પરમાણુના બનેલા આ ભાગને 'સ્કંધ' તરીકે ઓળખાવાય છે. આત્મા પરમાણુ રૂપે રહેલા પુદ્ગલોને ગ્રહણ કરી શકતો નથી પણ સ્કંધરૂપે રહેલા પુદ્ગલ **સ્કંધોને** જ ગ્રહણ કરે છે. આવા સ્કંધો સર્વત્ર અનંતાનંત ઠાંસીઠાંસીને ભરેલા છે.

આત્મા અમૂર્ત છે જ્યારે આ કર્મો મૂર્ત છે. બંને અનાદિકાળથી અવિરત જોડાએલા છે. આત્મા આધ્યાત્મિક પુરુષાર્થ કરતો પરાકાષ્ઠાએ પહોંચે અને સકલ કર્મનો ક્ષય કરે ત્યારે સદાને માટે વિદેહી બની જતાં કર્મના જોડાણથી સર્વથા સર્વદા મુક્ત બની જાય.

કર્મના પ્રકારો અગણ્ય છે એની ગણત્રી કોઈ રીતે થઈ શકે નહિ એટલે અગણ્ય પ્રકારોનું વર્ગીકરણ કરી તેને આઠ પ્રકારમાં વહેંચી નાંખવામાં આવ્યા. અને આ પ્રકારોને વર્ગણા એનામના પારિભાષિક શબ્દથી ઓળખાવ્યા— જેમકે—

૧. ઔદારિકવર્ગણા, ૨. વૈક્રિયવર્ગણા, ૩. આહારકવર્ગણા, ૪. તૈજસવર્ગણા, ૫, કર્મણવર્ગણા, ૬, ભાષાવર્ગણા ૭. શ્વાસોશ્વાસવર્ગણા, ૮. મનો વર્ગણા.

અહીં આ આઠ પ્રકારની વર્ગણા–પ્રકારો જે જણાવ્યા, એમાં એક વર્ગણા–પ્રકાર એવો છે કે જે સર્વત્ર વિદ્યમાન છે અને જે વર્ગણા કર્મરૂપ પરિણામ પામવાની યોગ્યતા ધરાવતી હોય અને જીવ જેને ગ્રહણ કરવાનો છે તે વર્ગણાને કાર્મણ નામની વર્ગણા કહેવાય છે

આ સર્વત્ર વ્યાપ્ત છે જ પણ જીવ જ્યાં રહેલો હોય તે જગ્યામાં પણ તે ઠાંસી-ઠાંસીને રહેલી જ હોય છે.

જ્યારે જ્યારે અમૂર્ત એવો આત્મા શુભાશુભ વિચાર કરે ત્યારે ત્યારે તે મૂર્ત એવી કાર્મણવર્ગણાના પુદ્ગલસ્કંધો (દ્રવ્યો)ને જેમ દીવો વાટદ્વારા તેલને ગ્રહણ કરે છે તેમ તે કાર્મણ પુદ્ગલોને ખેંચીને પોતાના આત્મપ્રદેશો જોડે તેનું જોડાણ કરી નાંખે છે. જોડાણની સાથે સાથે જ શુભા શુભ જેવા વિચારો ચાલતા હોય આ વખતે પેલા કાર્મણ પુદ્ગલ સ્કંધો 'કર્મ' શબ્દથી ઓળખાવાય છે. આ જોડાણ થાય છે તે જ વખતે તે કર્મનો સ્વભાવ, તે કેટલા વર્ષો સુધી રહેશે, કેવા પ્રકારે તે ભોગવવું પડશે અને તેનું પ્રમાણ વગેરે બાબતો નક્કી થઈ જાય છે.

જીવ હંમેશા પરમાણુરૂપે રહેલા પુદ્ગલોને ગ્રહણ કરતો નથી પણ અનેક–અનંત પરમાણુઓના જથ્થાથી સ્કંધરૂપે રહેલા પુદ્ગલોને જ ગ્રહણ કરી શકે છે. આ લોકમાં એવા સ્કંધો અનંતાનંત છે, અને તેની અનંતાનંત વર્ગણાઓ છે.

એક વાત ધ્યાનમાં રાખવી કે આ પુદ્ગલો–કાર્મણ-

વર્ગણાના સ્કંધો જીવને પોતાની જાતે વળગવા આવતા નથી પણ શુભાશુભ વિચારો–કારણોને લીધે જીવ પોતાના તરફ આકર્ષે છે અને પછી ક્ષીર–નીરની જેમ આત્મપ્રદેશોમાં ઓતપ્રોત બની જાય છે. કર્મરૂપ પરિણામ પામવાની યોગ્યતા માત્ર આ એક જ વર્ગણામાં છે. જીવ સ્વભાવે અમૂર્ત છતાં અનાદિકાળથી કર્મસંબંધથી જોડાએલો હોવાથી તે બિચારો મૂર્ત જેવો થઈ જતાં મૂર્ત *પુદ્ગલો ગ્રહણ કરવાના તીવ્ર સંસ્કારવાળો બની ગએલો છે.

જીવ પરમાણુનું ગ્રહણ કરી શકતો નથી પણ અનંત-પ્રદેશી સ્કંધરૂપે બનેલા પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરે છે.

નિકાચિત કર્મ અવશ્ય ભોગવવું પડે છે જ્યારે અનિ-કાચિત માટે એવો નિયમ જ નથી વિકલ્પ પણ સંભવી શકે છે.

કોઈ કોઈ કર્મ ઉદય આવતાં પહેલાં અન્ય નિમિત્તો ઉભા થતાં વગર ભોગવ્યે આત્માથી છૂટું પણ પડી શકે છે.

---

* પુદ્ગલ શબ્દ અન્ય દર્શનમાં બહુ ઓછો વપરાયો છે અને ત્યાં દર્શાવેલ અર્થ તેનો વાસ્તવિક અર્થ હોય એમ બુદ્ધિમાનને ન લાગે. જ્યારે જૈનદર્શન પુદ્ગલ શબ્દથી ઓતપ્રોત થઈ ગયું છે અને અણુ–પરમાણુ શબ્દોના વિજ્ઞાન–રહસ્ય જૈનદર્શન સિવાય વ્યાપક રીતે ક્યાંયથી જાણવા મળે તેમ નથી, પણ કમનસીબી એ છે કે આજે વિદ્વાનો જૈનાગમમાં બતાવેલા આ વિજ્ઞાન ઉપર કોઈ જોરદાર પ્રકાશ પાડવા કમર કસતા નથી નહિંતર આજના આ અણુ, ઉપગ્રહ યુગમાં જૈનતત્ત્વજ્ઞાનની સર્વોપરિતા અને એની સર્વજ્ઞ મૂલકતા સાબિત થયા વિના રહે નહિં.

આ કર્મોને ખેંચી લાવવામાં ક્રોધ-માન-માય-લોભરૂપ કષાયો મન-વચન-કાયાના યોગો, મિથ્યાત્વ-અવિરતિ આદિ હેતુઓ નિમિત્ત બને છે.

આ પ્રમાણે ટૂંકમાં લખેલી કર્મની સમજણ અહીં સમાપ્ત થાય છે.

# પ્રકાશકનું નિવેદન

## પ્રથમ–આવૃત્તિ પ્રસંગે

**શ્રીમન્ મુક્તિકમલ જૈન મોહનમાળાના ૩૭ મા** પુષ્પ તરીકે પૂજ્યપ્રવર તપાગચ્છનાયક સુવિહિતશિરોમણિ **શ્રીમદ્ દેવેન્દ્રસૂરિવર** વિરચિત **શ્રી શતકનામા પંચમ કર્મગ્રન્થ** (સવિશેષાર્થ, સયંત્ર) ગ્રન્થનું પ્રકાશન કરતા ગ્રન્થમાલાના કાર્યવાહક તરીકે મને ઘણું જ ગૌરવ થાય છે. આ ગ્રન્થમાળાની ઉત્પત્તિનો **સુયશ** પૂજ્યપાદ શાસનમાન્ય પરમગીતાર્થ આચાર્યમહારાજ **શ્રી વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજશ્રીને વરે છે. જ્યારે થોડા સમયમાં પણ નાના–મોટા ૩૬ ગ્રન્થ–પુષ્પોથી આ માળાને સૌરભાન્વિત તેમ જ સુવિસ્તૃત બનાવવાનું ગૌરવ એ પૂજ્યશ્રીના અનન્ય પટ્ટાલંકાર સચ્ચારિત્રશીલ આચાર્ય શ્રી **વિજયપ્રતાપસૂરીશ્વરજી** મહારાજ તથા તેઓશ્રીના પરમવિનેય વિદ્વદ્વર્ય પં. શ્રીમાન્ **ધર્મવિજયજી** મહારાજને ફાળે જાય છે. પ્રતિમાશતક બૃહદ્વૃત્તિ ઉપદેશપદસટીક (૧૪૫ ० શ્લોક) અભિધાનચિન્તામણિ–હૈમીકોષ (ખાસ નવીન સુબોધક ટીકા સાથે), કર્મગ્રન્થ સટીક પ્રથમ વિભાગ ક્ષેત્રસમાસ સવિસ્તરાર્થ (અપરનામ જૈન ભૂગોળ) સચિત્ર સંયત્ર, પટ્-ત્રિંશિકાચતુષ્ક પ્રકરણ ભાષાંતર, નવતત્ત્વ પ્રકરણ–સુમંગલા ટીકા સહિત વિગેરે માન્ય ગ્રન્થો આ ગ્રન્થમાળાનાં મુખ્ય પ્રકાશનો છે.

મુંબઈ નિવાસી ભીમસી માણેક તથા મ્હેસાણા–શ્રી જૈન શ્રેયસ્કર મંડલ તરફથી પ્રગટ થયેલ શ્રી **જયસોમજી** તથા શ્રી **જીવવિજયજી** કૃત બાલાવબોધ સિવાય આ પંચમ કર્મગ્રન્થનું નવીન ઢબ તેમજ યંત્રો–આકૃતિઓ સાથે વિસ્તારથી વિવેચન કરવાનું કોઈ સંસ્થાએ ધ્યાન

બન્યું હોય તેમ અદ્યાવધિ જાણવામાં આવેલ નથી. આ ગ્રન્થના જ સંશોધક પં. શ્રીમાન્ **ધર્મવિજયજી** મહારાજે પોતાની દીક્ષાના પ્રારંભકાળમાં પ્રકરણાદિ ગ્રન્થોનો અભ્યાસ કરતાં આ પંચમ કર્મગ્રન્થનું જ્યારે અધ્યયન કરેલું તે અવસરે આ કર્મગ્રન્થમાં રહેલા વિષયની મહત્તાને અંગે કાંઈક વિસ્તારથી વિવેચન થાય તો સારૂં એવી તેમની ઇચ્છા પૂર્વક અમને પ્રેરણા થયેલી, તે ઇચ્છા અને પ્રેરણાને અનુસારે સિનોર નિવાસી શ્રદ્ધાસંપન્ન **પં. ચંદુલાલ નાનચંદભાઈ** પાસે આ વિશેષાર્થ તૈયાર કરાવ્યો, અને એ વિશેષાર્થ પુસ્તકરૂપે પ્રગટ થતાં અમને હર્ષાતિરેક થાય એ સહજ છે.

આ ગ્રન્થનું સાદ્યન્ત સંશોધન કર્મગ્રન્થ–કર્મપ્રકૃતિ-પંચસંગ્રહ–લોકપ્રકાશ પ્રમુખ કર્મવિષયક ગ્રન્થોના રહસ્યના જાણનાર પ. પૂ. પં. શ્રીમાન્ **ધર્મવિજયજી** મહારાજે કરેલ છે, તે બદલ તેઓશ્રીના વારંવાર અમો ઉપકૃત છીએ. ઘણી કાળજીપૂર્વક સંશોધન કરવામાં આવ્યું છે, છતાં છદ્મસ્થસુલભ પ્રમાદજન્ય કોઈ સ્ખલના રહી હોય તે જણાવવા માટે પાઠકવર્ગને અમારૂં નમ્ર નિવેદન છે.

અન્તમાં આ કર્મ–વિષયક પંચમ કર્મગ્રન્થનું ભવ્યાત્માઓ પઠન–પાઠન કરે અને અનાદિ કાળથી આત્મપ્રદેશો સાથે ક્ષીરનીરવત્ અભેદ સંબંધને પામેલા કર્માણુઓનો ક્ષય કરી, અક્ષય–અવ્યાબાધ–મહાનન્દ સ્થાન પ્રાપ્ત કરવામાં પરાયણ બને, એ જ મુખ્ય અભિલાષા.

શ્રી મુક્તિકમલ જૈન મોહનજ્ઞાનમંદિર
**વડોદરા**
આ. શુ. ૫ સં. ૧૯૯૨

મોહનપ્રતાપીનંદ ચરણોપાસક,
**લાલચંદ.**

# બીજી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે

આ ગ્રન્થનું પ્રથમ પ્રકાશન આ ગ્રન્થમાળા તરફથી વિ. સં. ૧૯૯૨ માં એટલે લગભગ ૨૫ વર્ષ પહેલાં થયું હતું. ગ્રન્થનું પ્રકાશન થયા બાદ થોડા વર્ષોમાં જ આ ગ્રન્થની બધી નકલો ખલાસ થઈ ગઈ હતી અને છેલ્લા ૧૦-૧૨ વર્ષોથી આ ગ્રન્થની બીજી આવૃત્તિના પ્રકાશન માટે અભ્યાસીઓ તરફથી ઘણી માંગ ચાલુ હતી. પરંતુ અન્ય-અન્ય ગ્રન્થના પ્રકાશનો વગેરે પ્રવૃત્તિના કારણે આ ગ્રન્થના પ્રકાશનની પ્રવૃત્તિ મુલતવી રહેલ હતી. વિ. સં. ૨૦૧૪ માં પરમપૂજ્ય પરમકૃપાળુ પ્રાતઃસ્મરણીય આચાર્યદેવ ૧૦૦૮ શ્રી **વિજયપ્રતાપસૂરીશ્વરજી** મહારાજના પટ્ટાલંકાર પૂ૦ આચાર્યશ્રી **વિજયધર્મસૂરિજી** મહારાજનું પોતાના શિષ્ય-પ્રશિષ્યો પૂ૦ સાહિત્યપ્રેમી મુનિપ્રવર શ્રી **યશોવિજયજી** મહારાજ તથા પૂ૦ શતાવધાની મુનિરાજ શ્રી જયાનન્દવિજયજી મહારાજ વગેરે વિશાલ પરિવાર સાથે મુંબઈ-કોટ **શ્રીશાંતિનાથજી** જૈન ઉપાશ્રયમાં ત્યાંના શ્રી સંઘના આગ્રહથી ચાતુર્માસ થયું, તે અવસરે અમોએ આ ગ્રન્થની બીજી આવૃત્તિના પ્રકાશન માટે એ પૂજ્ય ગુરુદેવોને યાદી આપી, દરમ્યાન શ્રીયુત્ **રમણલાલ નગીનદાસ દવાવાળા** કે જેઓ પૂ૦ ગુરુદેવના વ્યાખ્યાનનો હંમેશા લાભ લેતા હતા, તેઓએ પોતાના સ્વ૦ માતુશ્રીના સ્મરણાર્થે કોઈ ઉત્તમ ગ્રન્થના પ્રકાશનમાં આર્થિક લાભ લેવાની ભાવના વ્યક્ત કરી. અને આ ગ્રન્થની બીજી આવૃત્તિના પ્રકાશનનો નિર્ણય થયો. પ્રથમાવૃત્તિની અપેક્ષાએ આ બીજી આવૃત્તિમાં અનેક સુધારાઓ થયા છે. જેની યાદી આ ગ્રન્થના પ્રારંભમાં જ આપવામાં આવેલ છે, જેથી આ ગ્રન્થના અભ્યાસીઓને આ ગ્રન્થની બીજી આવૃત્તિના પ્રકાશનથી અભ્યાસમાં કેટલો લાભ થવાની સગવડતા છે તે આપોઆપ સમજાઈ જશે.

અંતમાં આવા સમ્યગ્જ્ઞાનના ઉત્તમ ગ્રન્થોનું પ્રકાશન કરવામાં અમો અમારું અહોભાગ્ય સમજીએ છીએ, અને વધુમાં વધુ સંખ્યામાં આવા પ્રકાશનો કરવાની શક્તિ પ્રાપ્ત થવા માટે અમો શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ.

લિ૦ પ્રકાશક

શ્રી વીતરાગાય નમઃ

# આ ગ્રંથમાં આર્થિક સહાય આપનાર શ્રીયુત રમણલાલ નગીનદાસ તથા શાંતિલાલ નગીનદાસ દવાત્રાળાના માતુશ્રી ચંચળબહેનનો સંક્ષિપ્ત જીવન-પરિચય

*

અનન્ત સંસારમમાં નવજીવન તો આત્માને ઘણીવાર મળે છે, પરંતુ માનવજીવન સાથે જૈનશાસન અને ધર્મની સદ્ભાવનાનો સુયોગ તો કોઈ પ્રબલ પુન્યવંત આત્માને જ પ્રાપ્ત થાય છે. આ ગ્રંથના પ્રકાશનમાં આર્થિક સહાય આપનાર શ્રીયુત્ **રમણલાલ** તથા **શાન્તિલાલ નગીનદાસ** દવાવાળાના માતુશ્રી આજે સ્થૂલશરીરે વિદ્યમાન નથી. પરંતુ માનવજીવન અને **જૈન**શાસનનો સુંદર યોગ મલ્યો બાદ પોતાના જીવનમાં પ્રગટાવેલ ધર્મની સુવાસ તો ઓછા-વધુ અંશે આજે પણ તેમના પરિવારમાં વિદ્યમાન છે.

ધર્મશ્રદ્ધાળુ **ચંચળબહેન**ની જન્મભૂમિ ગુજરાતનું પ્રાચીન નગર પાટણ હતી. સં. ૧૯૪૪ માં સંસ્કારી કુટુંબમાં તેમનો જન્મ થયો હતો. અને બાલ્યવયમાં માતા-પિતા તરફથી મળેલા ધાર્મિક સંસ્કારના વારસાને તેમણે પોતાના જીવન દરમ્યાન ખૂબ વિકસાવ્યો હતો.

યોગ્ય ઉંમરે ધર્મપ્રેમી શ્રીયુત નગીનદાસ ઉત્તમચંદ સાથે તેમનું પાણિગ્રહણ થયું હતું, પરંતુ ચંચળબહેનની ૨૪ વર્ષ જેવી યૌવનવયે અશુભ કર્મના યોગે તેમના પતિનો સ્વર્ગવાસ થતાં તેમને વૈધવ્ય પ્રાપ્ત થયું, એમ છતાં વધુ પડતો શોક-સંતાપ ન કરતાં જેમ બને તેમ **ધર્મ**ની આરાધનામાં તેઓ વધુ પ્રમાણમાં જોડાયા હતા.

દેવદર્શન – પૂજા – સામાયિક – પ્રતિક્રમણ – સવારે નવકારશી – સાંજે ચૌવિહાર પાંચ તિથિ નાની – મોટી તપસ્યા ઉપરાંત સાધુ – સાધ્વીની ભક્તિ – સુપાત્રદાન આ તેમની હંમેશની ધાર્મિક દિનચર્યા હતી. તે

સિવાય પોતાના જીવન દરમ્યાન વિધિ-વિધાન સાથે નવપદજીની ઓળી, વીશસ્થાનકની આરાધના, અઠ્ઠાઈતપની આરાધના વગેરે વિવિધ તપસ્યાઓ કરી તેમણે પોતાના જીવનની સાર્થકતા કરી હતી.

તેમના સુપુત્રોએ તેમને અનેક તીર્થયાત્રાઓ કરાવવા ઉપરાંત તેમની નાની-મોટી કોઈ પણ ધર્મભાવના ઉદાર દિલથી પૂર્ણ કરેલી હોવાથી પોતાના પુત્રો વગેરે પરિવાર માટે પણ તેમને ઘણો ઘણો આત્મસંતોષ હતો. આ પ્રમાણે ધર્મની આરાધના સાથે સુખ-સંતોષ અને શાંતિથી જીવન પસાર કરતાં સં. ૨૦૧૪ ના ચૈત્ર સુદ ૪ ના દિવસે નવકારમંત્રનું સ્મરણ કરતા કરતા તેમનો મુંબઈમાં સ્વર્ગવાસ થયો હતો.

તેઓ પોતાની પાછળ પરિવારમાં શ્રીયુત રમણલાલ અને શાંતિલાલ બે સુપુત્રો તથા એક પુત્રી કમલાબહેન મૂકી ગયા છે. માતા તરફથી મળેલા ધર્મસંસ્કારો અંગે ચંચળબહેનનું સમગ્ર કુટુંબ હરકોઈ પ્રકારે આજે સુખી છે, અને ધર્મની આરાધનામાં સારી રીતે જોડાયેલ છે. રમણલાલ તથા શાંતિલાલ બન્ને બંધુઓની ધર્મભાવના ઘણી પ્રશંસનીય છે, તેમ જ ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે ઉદારતાપૂર્વક તેઓ ખૂબ સારી સખાવતો કરી રહ્યા છે.

કર્મસાહિત્યના અભ્યાસીઓ માટે અતિશય ઉપયોગી **શતકનામા પંચમ કર્મગ્રન્થ વિશેષાર્થ** નામના લગભગ ૫૦૦ પૃષ્ઠના આ દળદાર ગ્રન્થના પ્રકાશનમાં આ બન્ને ધર્મપ્રેમી બંધુઓએ પોતાના પૂજ્ય માતુશ્રીના સ્મરણાર્થે સારી આર્થિક સહાય આપીને જ્ઞાનભક્તિનો અનુમોદનીય જે લાભ લીધો છે તે માટે ગ્રન્થમાળાના કાર્યવાહક તરીકે હું તેમને ગ્રન્થમાળા તરફથી અભિનંદન આપું છું, અને ભવિષ્યમાં પણ શાસનદેવની કૃપાથી આવા અનેક ધર્મકાર્યોમાં પોતાના તન-મન અને ધનનો શાસનદેવની કૃપાથી સદુપયોગ કરી આત્મકલ્યાણ સાધે એવી શુભેચ્છા પાઠવું છું.

લિ૦ **પ્રકાશક**

अनन्तलब्धिपात्राय श्रीमते गौतमगणधराय नमोनमः

# ઉ પો દ્ ઘા ત

**અ**ખિલ વિશ્વમાં આત્મા અને પુદ્ગલ એ બે દ્રવ્યો જ સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. યદ્યપિ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કાળાદિ * દ્રવ્યોનું અસ્તિત્વ આસ્તિકોને માન્ય છે, તોપણ વિશિષ્ટ ( આત્મ–પ્રત્યક્ષ અવધિ પ્રમુખ ) જ્ઞાન સિવાય સામાન્ય જીવોને તે દ્રવ્યો દૃષ્ટિવિષયક થતાં નથી. દૃષ્ટિગોચર થતાં તે ઉભય દ્રવ્યો સત્તાત્વ, દ્રવ્યત્વ ગુણપર્યાયવત્વાદિ ધર્મોની અપેક્ષાએ યદ્યપિ સમાન છે, તોપણ આત્મા અનન્તજ્ઞાનમય, અનન્તદર્શનમય, અનન્તચારિત્રમય અને અનન્તવીર્યલબ્ધિસંપન્ન છે, જ્યારે પુદ્ગલ એ અનન્તજ્ઞાન–દર્શનાદિ ગુણોથી રહિત છે, અર્થાત્ આત્મદ્રવ્ય, ચૈતન્ય ગુણસંપન્ન છે અને પુદ્ગલદ્રવ્ય જડ છે.

---

* ‘ पृथ्व्यप्तेजोमरुद्व्योम–कालदिग्देहिनो मनः ’ પૃથ્વી–પાણી–અગ્નિ–પવન–આકાશ–કાળ–દિશા–આત્મા અને મન એ પ્રમાણે નૈયાયિકો નવ દ્રવ્ય માને છે, પણ યુક્તિથી તેમ જ આગમથી વિચારતાં એ નવે દ્રવ્યોનો જૈનોએ માનેલા ધર્મ–અધર્મ–આકાશ–આત્મા–પુદ્ગલ તથા કાળ એ છ દ્રવ્યોમાં સમાવેશ થઈ જાય છે.

પ્રત્યેક આત્મા પૂર્વોક્ત કથન મુજબ અનન્તજ્ઞાનાદિ લબ્ધિ-સંપન્ન હોવા છતાં પ્રત્યેક પ્રાણીમાં જે જ્ઞાન-દર્શન-ચારિત્રાદિ ગુણોમાં તારતમ્ય દૃષ્ટિપથમાં આવવા ઉપરાંત કોઈ પૃથ્વી, કોઈ જલ, કોઈ અગ્નિ, વાયુ, વનસ્પતિ, કોઈ શંખ, કીડી, વીંછી, કોઈ પોપટ, ગાય, સર્પ, કોઈ દેવ, કોઈ નારક અને કોઈ મનુષ્યના ઉપનામને ધારણ કરે છે, તેનું શું કારણ? આ શંકાના સમાધાનમાં સમજવું જોઈએ કે પ્રત્યેક આત્મા આત્મત્વની અપેક્ષાએ યદ્યપિ સમાન છે, પરંતુ એ આત્માની સાથે (પ્રવાહે) અનાદિકાલથી સંબંધ પામેલા કર્મોથી ઉપર જણાવ્યા મુજબ જગદ્વૈચિત્ર્ય દેખાય છે, એટલે કે જેવા જેવા પ્રકારનું જેનું કર્મ હોય તે તે કર્મના અનુસારે ગતિથી ગત્યન્તરમાં આ આત્મા જાય છે અને તે ગતિયોગ્ય સંજ્ઞાને ધારણ કરે છે.

**કર્મસત્તાનું અસ્તિત્વ.**

આ સ્થળે કોઈ એમ કહેવા તૈયાર થાય કે જગત્‌માં જે કાંઈ પ્રાણીઓ સંબંધી વિચિત્રતા દેખાય છે તે જગત્કર્ત્તા ઈશ્વરજન્ય છે, ઈશ્વર સર્વશક્તિસંપન્ન હોવાથી ચાહે તે કરી શકે છે અને એ સર્વ શક્તિમાન ઈશ્વરે જ જગત્‌ના જીવોને ચિત્રવિચિત્ર બનાવ્યા છે. આ પ્રમાણે કથન કરનારને કહેવું જોઈએ કે ઈશ્વરે જગત્ બનાવ્યું છે કે કેમ? એ પ્રશ્ન બાજુમાં રાખીને અમો તમને પૂછીએ છીએ કે 'તમો ઈશ્વર કોને કહો છો'? અર્થાત્ તમારા મન્તવ્ય પ્રમાણે ઈશ્વરનું શું લક્ષણ છે? જો એમ કહો કે 'કામ-ક્રોધ-મોહ-રાગ-દ્વેષ અજ્ઞાનાદિ દોષોથી જે સર્વથા રહિત હોય અને અનન્ત શક્તિ-

**જગતનો કર્ત્તા ઈશ્વર નથી**

સમન્વિત હોય તેને અમે ઇશ્વર માનીએ છીએ, તો અમો તમોને પૂછીએ છીએ કે કામક્રોધાદિ શત્રુઓથી રહિત અનન્તશક્તિસંપન્ન એવા ઇશ્વરને જગત્ શા માટે બનાવવું પડયું ? અને એઓએ જગત્ બનાવ્યું તો કોઈ પ્રાણીને રંક, કોઈને રાજા, કોઈને મૂર્ખ, કોઈને પંડિત, કોઈને શ્રીમંત, કોઈને દરિદ્રી, કોઈને માનવ તો કોઈને તિર્યંચ–આવું વૈચિત્ર્ય કરવાનું શું કારણ ? શું તેઓને મૂર્ખ, રંક, દરિદ્ર કે તિર્યંચ ઉપર દ્વેષ હતો અને રાજા, પંડિત, શ્રીમંત, તેમ જ માનવ ઉપર રાગ હતો ? કદાચ કહેશો કે જગત્‌ની રચના એ તો ઇશ્વરની લીલા છે. તેના જવાબમાં પણ જાણવું જોઈએ કે અનન્તશક્તિસંપન્ન રાગ-દ્વેષાદિ અંતરંગ રિપુઓથી રહિત એવા મહાન પુરુષોની એવી લીલા હોઈ શકે જ નહિ કે જે લીલામાં અનેક જીવોને ત્રાસ પીડા તેમ જ પરિતાપનો સંભવ હોય, ઇશ્વરને તમારા કથન મુજબ તમો રાગ–દ્વેષ–અજ્ઞાનથી વિરહિત માનો છો તો એવા સમ-દષ્ટિ મહાન આત્માઓ સર્વ કોઈને સુખી જ કરવાની ચાહના રાખે. પ્રાકૃત પ્રાણિઓની માફક ઇર્ષ્યા–મત્સરને પરવશ બની તેઓ કોઈપણ વ્યક્તિને દુઃખી કરે જ નહિ. આમ સામાન્ય નિયમ હોવાથી તમારે કબૂલ કરવું જ પડશે કે ઇશ્વર સિવાય જગત્‌માં એક કોઈ એવી અદૃશ્ય સત્તા છે કે જે સત્તાથી પ્રાણીઓ સુખ–દુઃખને પ્રાપ્ત કરવાપૂર્વક ગતિથી ગત્યન્તરમાં પરિભ્રમણ કરે છે અને સ્વસ્વ [1]શુભાશુભ કર્માનુસાર સંપત્તિ-

---

१ सुखस्य दुःखस्य न कोऽपि दाता, परो ददातीति कुबुद्धिरेषा।
अहं करोमीति वृथाभिमानः स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥

—અધ્યાત્મરામાયણ.

વિપત્તિનો અનુભવ કરે છે એ અદૃશ્યસત્તાનું નામ જ કર્મસત્તા છે. એ કર્મસત્તાના પ્રભાવથી જ પ્રત્યક્ષ દેખાતું જગત્ વૈચિત્ર્ય **છે, એમ** પ્રાજ્ઞ પુરુષોને હરકોઈ ઉપાયે કબૂલ કરવું જ પડે છે. આ વિષયને ભિન્ન ભિન્ન શંકાઓ તેમ જ યુક્તિપુરઃસરના સમાધાનોથી ઘણો જ ચર્ચવો જરૂરી છે, પરંતુ આવા પ્રાસ્તાવિક પ્રસંગમાં તે વિષયને બહુ લંબાવવો ઉચિત ન લાગતાં દિશા માત્રનું નિરૂપણ કર્યું છે. સિવાય જગત્ અનાદિ છે. ²જગત્‌નો કર્તા ઇશ્વર નથી, પ્રાણીઓની વિચિત્રતામાં પોતપોતાનું કર્મ એ જ કારણ છે. ઇત્યાદિ વિષયો, સામાન્ય બુદ્ધિવાળાઓ પણ સહેજે સમજી શકે તેમ છે. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ **શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ પણ સ્વોપજ્ઞ **યોગશાસ્ત્ર** ટીકામાં જણાવેલ છે કેઃ—

'अज्ञो जन्तुरनीशः स्यादात्मनः सुखदुःखयोः । ईश्वरप्रेरितो गच्छेत् स्वर्गं वा श्वभ्रमेव वा ॥ १ ॥ तत्रेश्वरप्रेरणा यदि कर्मनिरपेक्षा तदा विश्वस्य वैरूप्यं विलीयते । कर्मसापेक्षतायां त्वीश्वरस्यास्वातन्त्र्यं वैफल्यं वा स्यादिति कर्मैवास्तु प्रेरकम्, किमीश्वरेण? यदवोचाम **वीतरागस्तोत्रे**—कर्मापेक्षः स चेत् तर्हि न स्वतन्त्रोऽस्मदादिवत् । कर्मजन्ये च वैचित्र्ये किमनेन शिखण्डिना ॥ १ ॥ इत्यादि ।

---

૨. કેટલાકો એમ માને છે કે 'જૈનો અનીશ્વરવાદી છે' પરંતુ તેઓનું તે મન્તવ્ય ભ્રામક છે. જૈનો ઈશ્વર (તીર્થંકર) ને માને છે. પરંતુ જગતના સ્રષ્ટા તરીકે નહિ. કેવલ દૃષ્ટા તરીકે જ અથવા આરાધ્યસ્વરૂપે જ.

આત્મા અને કર્મનો સંબંધ ક્ષીરનીરવત્ કેવા પ્રકારનો છે? આત્માના અસંખ્ય પ્રદેશો પૈકી પ્રત્યેક આત્મપ્રદેશ ઉપર અનંતાનંત કાર્મણ સ્કંધો કેવી રીતે સ્વસત્તા જમાવીને રહેલા છે? એક એક કાર્મણ સ્કંધમાં કેવી રીતે અનંત અનંત પ્રદેશો છે? અને એક એક પ્રદેશમાં કેવા પ્રકારથી જઘન્ય તથા પણ સર્વ જીવાનંતગુણ રસાણુઓ છે. ઇત્યાદિ કર્મપ્રધાન સર્વ વિષયો જૈન દર્શનમાં જે સૂક્ષ્મ દૃષ્ટિથી વિચારવામાં આવ્યા છે તેવી સૂક્ષ્મ દૃષ્ટિથી કોઈ પણ દર્શન કર્મવાદ વિચારી શકયું નથી, અને આવા કર્મવાદ, નયવાદ, આત્મવાદ સપ્તભંગી પ્રમુખ તત્ત્વોથી જ **જૈનદર્શન સર્વજ્ઞમૂલક છે.** એમ આ દર્શનના પ્રતિપક્ષી વિદ્વાનોને પણ કબૂલ કરવું પડે છે.

**કર્મવિષયક સાહિત્ય**

જૈન સાહિત્યમાં કર્મવિષયક યદ્યપિ અનેક ગ્રન્થો છે, તો પણ **કર્મગ્રન્થ, કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, શતકપ્રકરણ** વિગેરે ગ્રન્થો તે સર્વગ્રન્થોમાં પ્રધાનપદ ભોગવે છે. **દૃષ્ટિવાદ**ના ઝરણા સમા **પંચસંગ્રહ** અને **કર્મપ્રકૃતિ** પ્રમુખ ગ્રન્થો કર્મના વિષયમાં ઊંચામાં ઊંચું વિજ્ઞાન પ્રતિપાદન કરનાર બહુ જ રહસ્ય અને સૂક્ષ્મ વિચારોથી ભરેલા છે. સામાન્ય બુદ્ધિમત્તા તો ત્યાં કુંઠિત થઈ જાય છે. જ્યારે પૂજ્ય પ્રવર પરમકારુણિક શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિ** મહારાજાએ રચેલા પાંચ કર્મગ્રન્થ કર્મનો વિષય ક્રમશઃ જાણવા માટે ઘણા જ ઉપયોગી અને આત્માનું એકાંતે હિત કરનારા છે, એમ તેના અભ્યાસીઓને અવશ્ય માન્ય કરવું પડે છે.

જૈન સાહિત્યમાં કર્મગ્રન્થોનું કેટલું ઉચ્ચ સ્થાન છે? એ માટે આ સ્થલે એટલું જ કથન બસ થશે કે જૈનદર્શન એ

**જૈનસાહિત્યમાં કર્મગ્રન્થોનું સ્થાન**

કાળ–સ્વભાવ–નિયતિ આદિ પાંચ કારણોને માનવા છતાં આ દર્શને અમુક વસ્તુસ્થિતિ અને દર્શનાન્તરોની માન્યતાઓને ધ્યાનમાં લઈ કર્મવાદ ઉપર કાંઈક વધારે ભાર મૂક્યો છે. એટલે જૈનદર્શન અને જૈન આગમોનું યથાર્થ અને સંપૂર્ણ જ્ઞાન કર્મતત્ત્વને જાણ્યા સિવાય કોઈપણ રીતે થઈ શકતું નથી, અને એ વિશિષ્ટ જ્ઞાન મેળવવા માટેનું પ્રારંભિક મુખ્ય સાધન કર્મગ્રન્થો સિવાય બીજું એક પણ નથી. **કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ** આદિ કર્મ સાહિત્યવિષયક વિશાલ અને દરિયા જેવા ગ્રન્થોમાં પ્રવેશ કરવા માટે કર્મગ્રન્થોનો અભ્યાસ અતિ આવશ્યક હોઈ કર્મગ્રન્થોનું સ્થાન જૈન સાહિત્યમાં અતિ ગૌરવભર્યું છે.

આચાર્ય શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિ** મહારાજાએ પાંચ કર્મગ્રન્થોની રચના કરી છે તે પૈકી અહીં તો ફક્ત **પંચમ કર્મગ્રન્થ** જ વિસ્તૃત વિવેચન સાથે પ્રકાશિત થાય છે, તેમ છતાં પ્રથમના ચાર કર્મગ્રન્થોનો પણ કાંઈક પરિચય આપવો ઉચિત ધારી, સંક્ષિપ્ત પરિચય આપવામાં આવે છે.

પૂ૦ આચાર્ય શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિ** મહારાજાએ જે પાંચ કર્મગ્રન્થોની રચના કરેલી છે તેનાં નામ અનુક્રમે આ પ્રમાણે છે.

**નવ્ય પાંચે કર્મગ્રન્થોનો પરિચય**

**કર્મવિપાક ૧, કર્મસ્તવ ૨, બન્ધસ્વામિત્વ ૩, ષડશીતિકા ૪ અને શતક ૫.** આ નામો ગ્રન્થનો વિષય અને તેની ગાથાસંખ્યાને લક્ષમાં રાખીને

પાડવામાં આવ્યા છે. પહેલાં ત્રણ નામો ગ્રન્થનો વિષય ધ્યાનમાં રાખીને ગ્રન્થકારે રાખેલાં છે, જ્યારે **ષડશીતિ** અને **શતક** એ બે નામ તે તે કર્મગ્રન્થની ગાથાસંખ્યાને અનુલક્ષીને પાડવામાં આવ્યા છે. ચતુર્થ કર્મગ્રન્થની ગાથા ૮૬ છે માટે તેનું નામ **ષડશીતિ** રાખવામાં આવ્યું છે અને પાંચમા કર્મગ્રન્થની ગાથા ૧૦૦ છે માટે તેનું નામ **શતક** રાખવામાં આવેલ છે. આ રીતે પાંચે કર્મગ્રન્થનાં જુદાં જુદાં નામ હોવા છતાં અત્યારે સામાન્ય જનતા આ કર્મગ્રન્થોને પહેલો કર્મગ્રન્થ, બીજો કર્મગ્રન્થ, ત્રીજો કર્મગ્રન્થ ઇત્યાદિ નામથી પણ ઓળખે છે.

પ્રથમ **કર્મવિપાક** નામા કર્મગ્રન્થમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય આદિ આઠ કર્મો, તેના ભેદ–પ્રભેદો તેમ જ તેનું સ્વરૂપ અર્થાત્ વિપાક અથવા ફળનું વર્ણન દૃષ્ટાન્તપૂર્વક કરવામાં આવ્યું છે; અને આઠેય કર્મોના બંધહેતુઓ છેલ્લી ગાથાઓમાં જણાવેલ છે.

બીજા **કર્મસ્તવ** નામના કર્મગ્રન્થમાં **શ્રમણ ભગવાન્ મહાવીર પરમાત્માની** સ્તુતિ કરવા દ્વારા ચૌદ ગુણસ્થાનોનું સ્વરૂપ અને એ ગુણસ્થાનોમાં પ્રથમ કર્મગ્રન્થમાં વર્ણવેલ કર્મની પ્રકૃતિઓ પૈકી કઈ કઈ કર્મપ્રકૃતિઓના કયા કયા ગુણસ્થાનકે બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા હોય છે? એ વિષયનું નિરૂપણ કરવામાં આવેલ છે.

ત્રીજા કર્મગ્રન્થ તરીકે ઓળખાતા **બંધસ્વામિત્વ** કર્મગ્રન્થમાં ગતિ વગેરે ૧૪ મૂલ માર્ગણા અને પેટા ભેદ તરીકે ૬૨ માર્ગણાસ્થાનોની અપેક્ષાએ જીવોનાં કર્મપ્રકૃતિ વિષયક

બન્ધસ્વામિત્વનું વર્ણન કરવામાં આવ્યું છે. બીજા કર્મગ્રન્થમાં ગુણસ્થાનોને આશ્રયીને બન્ધ, ઉદય, ઉદીરણા અને સત્તા એ ચારેનું સ્વરૂપ સમજાવ્યું છે; જ્યારે આ ત્રીજા કર્મગ્રન્થમાં ગત્યાદિ બાસઠ માર્ગણાસ્થાનોને ધ્યાનમાં રાખી કેવલ બંધસ્વામિત્વનો જ વિચાર કરવામાં આવ્યો છે.

ચતુર્થ **ષડશીતિકા**સંજ્ઞક કર્મગ્રન્થમાં જીવસ્થાન; માર્ગણાસ્થાન, ગુણસ્થાન, ભાવ અને સંખ્યા એ પાંચ વિભાગ પાડીને તેનું વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. ઉપર જણાવેલાં પાંચ વિભાગો પૈકી ત્રણ વિભાગ સાથે જીવસ્થાનમાં ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તાનું સ્વરૂપ આપવા ઉપરાંત માર્ગણાસ્થાનમાં જીવસ્થાન, ગુણસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા તેમ જ અલ્પબહુત્વનો વિષય ચર્ચ્યો છે. અને ગુણસ્થાનમાં જીવસ્થાન, યોગ, ઉપયોગ, લેશ્યા, બંધહેતુ, બંધ, ઉદય, ઉદીરણા અને સત્તા આ નવ વિષયો વર્ણવવામાં આવ્યા છે. પાછલા બે વિભાગોમાં ભાવ અને સંખ્યાનું વર્ણન કોઈ વિષયથી મિશ્રિત નથી.

જે કર્મગ્રન્થના પ્રકાશનને અંગે આ ઉપોદ્ઘાત લખવાનો પ્રયત્ન થયો છે તે **શતકનામા** પંચમ કર્મગ્રન્થમાં પ્રથમ કર્મગ્રન્થમાં વર્ણવેલ કર્મપ્રકૃતિઓ પૈકી કઈ કઈ પ્રકૃતિઓ ધ્રુવબંધિની, અધ્રુવબંધિની, ધ્રુવોદયા, અધ્રુવોદયા, ધ્રુવસત્તાકા, અધ્રુવસત્તાકા, સર્વઘાતિની, દેશઘાતિની, અઘાતિની, પુણ્યપ્રકૃતિ, પાપપ્રકૃતિ, પરાવર્તમાન પ્રકૃતિ અને અપરાવર્તમાન પ્રકૃતિઓ છે? તેનું નિરૂપણ કરવામાં આવ્યું છે. તે પછી ઉપર્યુક્ત પ્રકૃતિઓ પૈકી કઈ કઈ પ્રકૃતિઓ ક્ષેત્રવિપાકી, જીવ-

વિપાકી, ભવવિપાકી અને પુદ્દગલવિપાકી છે? એનું વિભાગપૂર્વક પ્રતિપાદન કરવામાં આવ્યું છે. તદનન્તર કર્મપ્રકૃતિઓના પ્રકૃતિબંધને અંગે મોદકના દૃષ્ટાન્ત સાથે વર્ણન કરવા ઉપરાંત પ્રાસંગિક ભૂયસ્કાર, અલ્પતર, અવસ્થિત અને અવક્તવ્યબંધનું સ્વરૂપ જણાવવામાં આવેલ છે. તે પછી સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધનું ઘણા વિસ્તારથી નિરૂપણ કરવામાં આવતાં પ્રાસંગિક યોગસ્થાનો, સ્થિતિસ્થાનો, સ્થિતિબંધાધ્યવસાયસ્થાનો, સાન્તરબંધ, નિરંતર બન્ધ, રસાણુઓનું સ્વરૂપ, અનુભાગસ્થાનો, ઔદારિકાદિ પુદ્દગલવર્ગણાઓ, અગીયાર ગુણશ્રેણિઓ, પલ્યોપમ, સાગરોપમ, પુદ્દગલપરાવર્ત, ઘનીકૃતલોક, સૂચીશ્રેણિ, પ્રતરઘન ઇત્યાદિ સ્વરૂપ જણાવ્યા બાદ અન્તમાં ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિનું નિરૂપણ કરવામાં આવ્યું છે. આ શતકનામા પંચમ કર્મગ્રન્થમાં યદ્યપિ ઉદ્દિષ્ટ ૨૬ દ્વારો છે તોપણ પ્રાસંગિક અનેક વિષયો ગ્રન્થકાર મહર્ષિએ દાખલ કર્યા છે. ગ્રન્થકાર વિરચિત પાંચે કર્મગ્રંથોમાં કર્મનું વિશિષ્ટ રહસ્યભર્યું સ્વરૂપ જો મલતું હોય તો તે આ પંચમ કર્મગ્રન્થમાંથી જ મલે છે. પ્રસંગે પ્રસંગે સાદિ અનાદિ ધ્રુવ અધ્રુવ ભાંગાઓ પણ પ્રદર્શિત કર્યા છે.

**નવ્ય કર્મગ્રન્થોની રચનામાં આધાર**

પૂજ્ય શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિ** મહારાજાવિરચિત ઉપર જણાવેલા પાંચ કર્મગ્રન્થોની રચના અગાઉ પરમકારુણિક, પૂર્વધર શ્રીમાન્ **શિવશર્મસૂરિ** મહારાજા તેમ જ પ્રવચનોપનિષદ્દવેદી પૂજ્ય શ્રી **ચન્દ્રર્ષિમહત્તર** વિગેરે પૂર્વાચાર્યોએ જુદા જુદા સમયે કર્મવિષયક છ પ્રકરણો અથવા જુદા શબ્દોમાં કહીએ તો છ

કર્મગ્રંથોની રચના કરેલ હતી. એ છ કર્મગ્રન્થો પૈકી પાંચ કર્મગ્રન્થોનો વિષય પોતાની દૃષ્ટિ સન્મુખ રાખી પ્રસ્તુત ગ્રન્થકાર મહારાજાએ સ્વકર્મગ્રન્થોની રચના કરી છે અને તેથી જ શ્રીમદ્ દેવેન્દ્રસૂરિવિરચિત કર્મગ્રન્થોને '**નવ્યકર્મગ્રન્થ**' તરીકે ઓળખવામાં આવે છે; જ્યારે જે કર્મગ્રન્થોના આધારે આ નવ્ય કર્મગ્રન્થો રચાયા છે; તે કર્મગ્રન્થોને કોઈ કોઈ પ્રાજ્ઞ પુરુષો **પ્રાચીન** કર્મગ્રન્થ તરીકે પણ સંબોધે છે.

ઉપર જણાવવા મુજબ **દેવેન્દ્રસૂરિ**પુંગવપ્રણીત કર્મગ્રન્થોની રચના સ્વતંત્ર નથી પરંતુ પ્રાચીન કર્મગ્રન્થોના આધારે થયેલી છે. પ્રસ્તુત ગ્રન્થકારે પ્રાચીન કર્મગ્રન્થોના આશયને જ લીધો છે એમ નથી, પણ નામ વિષય વસ્તુને વર્ણવવાનો ક્રમ વિગેરે હરેક હરેક બાબત માટે તેમણે તેના આદર્શને પોતાની નજર સામે રાખ્યો છે, એ એમના કર્મગ્રન્થો અને પ્રાચીન કર્મગ્રંથોનું તુલનાત્મક દૃષ્ટિએ નિરીક્ષણ કરતાં સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

**નવ્યકર્મગ્રન્થોની વિશિષ્ટતા**

પ્રાચીન કર્મગ્રન્થકારોએ પોતાના કર્મગ્રન્થોમાં જે વિષયો વર્ણવેલા છે તે જ વિષયો નવ્યકર્મગ્રન્થકાર આચાર્ય **શ્રી દેવેન્દ્રસૂરિમહારાજાએ** પોતાના કર્મગ્રન્થોમાં વર્ણવ્યા છે, તેમ છતાં આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિમહારાજવિરચિત કર્મગ્રંથોની વિશેષતા એ છે કે, પ્રાચીન કર્મગ્રંથકારોએ જે વિષયોને અતિ સ્પષ્ટ રીતે પરંતુ એટલા લાંબા કરી વર્ણવ્યા છે જે સામાન્ય બુદ્ધિવાળાઓને કંઠસ્થ કરતાં કાંઈક કઠિનતા પડે ત્યારે તે જ વિષયોને પૂજ્ય આચાર્ય શ્રી **દેવેન્દ્ર-**

સૂરિ મહારાજાએ પોતાના કર્મગ્રન્થોમાં એક પણ વિષયને પડતો મૂકયા સિવાય; એટલું જ નહિ પણ બીજા અનેક વિષયો ઉમેરીને દરેક અભ્યાસી સહજમાં સમજી શકે એવી સ્પષ્ટ ભાષાપદ્ધતિએ અને જેનો અભ્યાસ કરવામાં કે યાદ કરવામાં અભ્યાસીઓને અતિશ્રમ કે કંટાળો ન લાગે એ રીતે થોડી ગાથાઓ વડે પ્રતિપાદન કરેલ છે. પ્રાચીન કર્મગ્રન્થોની ગાથા-સંખ્યા અનુક્રમે ૧૬૮, ૫૭, ૫૪, ૮૬ અને ૧૦૨ ની છે, જ્યારે નવ્યકર્મગ્રન્થોની ગાથાસંખ્યા અનુક્રમે ૬૦, ૩૫, ૨૫, ૮૬ અને ૧૦૦ ની છે. ચોથા અને પાંચમા કર્મગ્રન્થોની ગાથાસંખ્યા પ્રાચીન કર્મગ્રન્થોની ગાથા જેટલી જોઈ કોઈએ એમ ન માની લેવું કે–'પ્રાચીન ચોથા અને પાંચમા કર્મગ્રન્થ કરતાં નવ્ય ચતુર્થ પંચમ કર્મગ્રન્થોમાં શાબ્દિક ફરક સિવાય બીજું કાંઈ જ નહિં હોય' કિન્તુ આચાર્ય **શ્રીદેવેન્દ્રસૂરિ મહર્ષિએ** પોતાના નવ્યકર્મગ્રન્થોમાં પ્રાચીન કર્મગ્રન્થોના વિષયોને જેટલા ટૂંકાવી શકાય તેટલા ટૂંકાવ્યા પછી તેના ષડશીતિ અને શતક એ બે પ્રાચીન નામોને અમર રાખવાના ઇરાદાથી કર્મગ્રન્થના અભ્યાસીઓને અતિ મદદગાર થઈ શકે એવા વિષયો ઉમેરીને ૮૬ અને ૧૦૦ ગાથા પૂર્ણ કરી છે. ચોથા કર્મગ્રન્થમાં આચાર્ય **શ્રી દેવેન્દ્રસૂરિએ** ભેદ–પ્રભેદો સાથે છ ભાવોનું સ્વરૂપ અને ભેદ–પ્રભેદના વર્ણન સાથે સંખ્યાત, અસંખ્યાત અને અનંત એ ત્રણ પ્રકારની સંખ્યાનું સ્વરૂપ વર્ણવ્યું છે અને પાંચમાં કર્મગ્રન્થમાં ઉદ્ધાર અદ્ધા અને ક્ષેત્ર એ ત્રણ પ્રકારના પલ્યો-પમ–સાગરોપમનું સ્વરૂપ, દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ એ ચારે પ્રકારના સૂક્ષ્મ તેમ જ બાદર પુદ્ગલ પરાવર્તનું સ્વરૂપ

તેમ જ ઉપશમશ્રેણિ તથા ક્ષપકશ્રેણિનું સ્વરૂપ વિગેરે અનેક વિષયો નવીન દાખલ કર્યા છે. આ રીતે પ્રાચીન કર્મગ્રન્થો કરતાં આચાર્ય શ્રી **દેવેન્દ્રસૂરિ** વિરચિત નવ્યકર્મગ્રન્થોમાં ખાસ વિશેષતા એ રહેલી છે કે પ્રસ્તુત કર્મગ્રન્થોમાં પ્રાચીન કર્મગ્રન્થોના પ્રત્યેક વિષયોનો સમાવેશ હોવા છતાં તેનું પ્રમાણ અતિ નાનું છે. તે સાથે એમાં નવા અનેક વિષયોનો પણ સંગ્રહ કરવામાં આવ્યો છે.

ઉપર જણાવ્યા મુજબ પ્રાચીન અને નવીન એમ બે પ્રકારના (પ્રાકૃત-માગધી ભાષાબદ્ધ) કર્મગ્રન્થો સિવાય વિક્રમની પંદરમી શતાબ્દિમાં થયેલ આગમિક આચાર્ય શ્રી **જયતિલક-સૂરિએ** સંસ્કૃત કર્મગ્રન્થોની પણ રચના કરી છે. તેમ છતાં આચાર્ય **શ્રીમાન્ દેવેન્દ્રસૂરિ**પ્રણીત નવ્યકર્મગ્રન્થોનું જ જન-સાધારણમાં ગૌરવ અને ગ્રાહ્યતા વધી પડ્યા છે અને આજ સુધી જનતામાં એ જ અવ્યવચ્છિન્ન પ્રચાર પામી રહ્યા છે. આચાર્ય શ્રી **દેવેન્દ્રસૂરિ** મહારાજના કર્મગ્રન્થોએ એટલે સુધી કામ કર્યું છે કે અત્યારે થોડાએક ગણ્યાગાંઠ્યા વિદ્વાનો સિવાય ભાગ્યે જ કોઈ જાણતું હશે કે આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજપ્રણીત કર્મગ્રન્થો સિવાય બીજા પ્રાચીન કર્મગ્રન્થો પણ છે કે જેને આધારે આચાર્યશ્રીએ પોતાના કર્મગ્રન્થોની રચના કરી છે. આ બધાયમાં આચાર્યશ્રીના કર્મવિષયક જ્ઞાનની પ્રતિભા તેમ જ કૃતિની વિશિષ્ટતા એ જ મુખ્ય કારણો છે.

આચાર્ય શ્રી **દેવેન્દ્રસૂરિ** મહારાજાએ પોતાના નવ્ય પાંચે કર્મગ્રન્થો ઉપર સ્વોપજ્ઞ ટીકા રચી હતી તેમ છતાં ત્રીજા

કર્મગ્રન્થની ટીકા[1] આચાર્યશ્રીનાં સમય પછી ગમે તે કારણે નાશ પામી ગઈ હોવાથી તે પછીના આચાર્યોને મલી શકી નથી, એટલે તેની પૂરવણી માટે કોઈ વિદ્વાન આચાર્યશ્રીએ નવીન અવચૂરિરૂપ ટીકા[2] રચી છે. જેમાં ટીકાકારનું નામ નિર્દિષ્ટ નથી.

**નવકર્મગ્રન્થો ઉપર સ્વોપજ્ઞ ટીકાનું ગૌરવ**

આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિ મહારાજાની ટીકા રચવાની પદ્ધતિ પણ મૂલ ગાથાઓની કૃતિ માફક એવી મનોરંજક છે કે મૂલ ગાથાના કોઈ પણ પદ કે વાક્યનું વિવેચન રહી જવા પામ્યું નથી, એટલું જ નહિ પણ એક એક વિષયને વિસ્તારપૂર્વક સમજાવવાની જરૂર હોય તેનું તે પ્રમાણે સિદ્ધાન્તની સાક્ષીઓ સાથે નિરૂપણ કરવામાં આવ્યું છે. આ સિવાય પ્રસ્તુત ટીકામાં એક એ પણ વિશેષતા જોવામાં આવે છે કે—ટીકાકાર મહર્ષિ જે પદાર્થનું વિવેચન કરવાનો પ્રારંભ કરે છે તે પદાર્થને વધારે સ્પષ્ટ અને મજબૂત કરવા માટે આગમ, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, ટીકા અને પૂર્વમહર્ષિવિરચિત પ્રકરણ ગ્રન્થોમાંથી તે તે વિષયને લગતાં પ્રમાણો ટાંકી દે છે. કોઈ કોઈ ઠેકાણે તો દિગંબર બૌદ્ધ અને આયુર્વેદ વિષયક શાસ્ત્રોનાં પ્રમાણો મૂકી તે તે પદાર્થોને સપ્રમાણ સિદ્ધ કર્યા છે. આ પ્રમાણે પ્રસ્તુત કર્મગ્રન્થોની

---

૧ જુઓ શતક ગાથા ૨૧ નું અવતરણ—" मार्गणास्थानकान्याश्रित्य पुनः स्वोपज्ञबन्धस्वामित्वटीकायां विस्तरेण निरूपितस्तत अवधारणीय इति ॥ "

૨ જુઓ એ ટીકાનું અંતિમ પદ્ય—एतद्ग्रन्थस्य टीकाऽभूत्, परं क्वापि न साऽऽप्यते । स्थानस्याशू, न्यताहेतोरतोऽलेख्यवचूरिका ॥१॥

ટીકા એટલી તો વિશદ, સપ્રમાણ અને કર્મતત્ત્વના વિષયથી ભરપૂર છે કે એને જોયા બાદ પ્રાચીન ( કે બીજા ) કર્મગ્રન્થો અને તેની ટીકા-ટિપ્પણી વિગેરે જોવાની જિજ્ઞાસા લગભગ શાંત થઈ જાય છે. ટીકાની ભાષા સરલ, સુબોધ અને હૃદયંગમ હોવાથી પઠન-પાઠન કરનાર સરલતાથી કર્મતત્ત્વના વિષયને પ્રાપ્ત કરી શકે છે. જોકે આ ટીકામાં ઘણે ઠેકાણે શ્રી અનુયોગદ્વાર-નંદી અને પ્રાચીન કર્મગ્રન્થ વિગેરેની ટીકાના અક્ષરશઃ સંદર્ભોના સંદર્ભો નજરે પડે છે, પણ તેટલા માત્રથી અદ્‌ભુત અને અપૂર્વ સંગ્રહની કૃતિરૂપે આ ટીકાનું ગૌરવ કોઈ પણ રીતે ન્યૂન થતું નથી. ઉલટું ટીકાકાર મહર્ષિના આગમજ્ઞાનની પ્રતિભાનો સાક્ષાત્કાર થવાનું સાધન ખડું થાય છે.

**જૈનાચાર્યોનું કર્મવિષયક સાહિત્ય**

જૈનધર્મ કર્મસિદ્ધાન્તને માનવાવાળો હોઈ શ્વેતામ્બર અને દિગંબર એ બન્ને શાખામાં થયેલા સ્થવિરોએ તેમ જ વિદ્વાન્ આચાર્યવર્યોએ જે વિવિધ પ્રકારના વિપુલ ગ્રન્થોની રચના કરેલ છે એ બરાબર જો વિચાર કરવામાં આવે તો અગાધ પ્રતિભાશાલી જૈનાચાર્યોના કર્મવિષયક જ્ઞાન તેમ જ સાહિત્ય માટે કોઈ પણ જૈનને ગૌરવ થયા વિના ન રહે તેમાં પણ વધુ ખૂબી તો એ છે કે સંસ્કૃત વિદ્યાના પ્રેમીઓને સંસ્કૃતમાં, પ્રાકૃતના પ્રેમીઓને પ્રાકૃત ભાષામાં અને ગુર્જર તથા હિંદી ભાષાના રસિકોને તે ભાષામાં એ મહાન્ આચાર્યાદિ મહાપુરુષો તરફથી વારસામાં સોંપાએલું કર્મવિષયક સાહિત્ય ગાથાઓરૂપે, ટીકારૂપે, ગ્રન્થરૂપે કિંવા હિંદી ગુર્જર કવિતા ( ને ગદ્ય ) રૂપે જોઈએ તેટલા

પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. આ સર્વ ગ્રન્થોનું એક લિસ્ટ હમણાં જ ભાવનગર આત્માનંદ જૈન સભા તરફથી બહાર પડેલ કર્મગ્રન્થ-પ્રથમ વિભાગના અંતે પરિશિષ્ટરૂપે આપવામાં આવેલ છે, જે કર્મસાહિત્યના અભ્યાસીઓને ઘણું જ ઉપયોગી છે.

## ગ્રંથકારનો પરિચય

સ્વોપજ્ઞ ટીકા સમેત આ નવ્ય પાંચ કર્મગ્રન્થોના પ્રણેતા આચાર્ય મહારાજ શ્રીમાન્ **દેવેંદ્રસૂરીશ્વરજી** બૃહત્તપાગચ્છીય પૂ૦ શ્રીમાન્ **જગચ્ચંદ્રસૂરિ**પુંગવના શિષ્ય છે. એ વાત તેઓએ રચેલી પ્રત્યેક કર્મગ્રંથની ટીકાને અંતે વર્તતી પ્રશસ્તિ[૧] ઉપરથી તેમ જ ગુરુગુણરત્નાકર કાવ્ય આદિ અનેક ગ્રન્થોના આધારે નિર્વિવાદ રીતે સિદ્ધ છે.

**શ્રી દેવેંદ્રસૂરિ**નો સ્વર્ગવાસ વિક્રમ સંવત્‌ ૧૩૨૭ માં થયાનો ઉલ્લેખ **ગુર્વાવલીમાં** સ્પષ્ટ રીતે મળે છે. એ ઉપરથી

**ગ્રંથકારનો સત્તા સમય**

એમનો સમય વિક્રમની તેરમી શતાબ્દિનું ઉત્તરાર્ધ અને ચૌદમી શતાબ્દિનો પ્રારંભ કહી શકાય. એઓશ્રીના જન્મ, દીક્ષા, સૂરિપદ પ્રતિષ્ઠા આદિના સમયનો ઉલ્લેખ કોઈ પણ સ્થળેથી મળી શકતો નથી, તેમ છતાં પૂ૦ શ્રીમાન્

૧ પ્રથમ, દ્વિતીય, ચતુર્થ અને પંચમ કર્મગ્રંથની ટીકાના પ્રાન્તે રહેલી પ્રશસ્તિના શ્લોકો.

"ततः प्राप्ततपाचार्येत्यभिख्या भिक्षुनायकाः ।
समभूवन् कुले चान्द्रे श्रीजगच्चन्द्रसूरयः ॥ १ ॥
जगज्जनितबोधानां तेषां शुद्धचरित्रिणां ।
विनेयाः समजायन्त श्रीमद्देवेन्द्रसूरयः ॥ २ ॥"

જગચ્ચંદ્રસૂરિ મહારાજાએ ક્રિયાઉદ્ધાર કર્યો તે સમયે તેઓશ્રી દીક્ષિત અવસ્થામાં હોવાનો સંભવ છે. પૂ૦ શ્રીમાન્ જગચ્ચંદ્રસૂરિ મહારાજાએ શ્રી [1]તપાગચ્છની સ્થાપના કરી, ત્યાર બાદ શ્રીમાન્ દેવેંદ્રસૂરિ મહારાજાને અને શ્રીમાન્ વિજયચંદ્રસૂરિ મહર્ષિને સૂરિપદ સમર્પણ કર્યાનું વર્ણન ગુર્વાવલીમાં આવે છે. એ ઉપરથી સંભાવના થઈ શકે છે કે વિ. સં. ૧૨૮૫ પછીના કોઈ પણ સંવત્‌માં તેઓશ્રીને સૂરિપદ સમર્પણ કરવામાં આવ્યું હશે. તાજેતરમાં ક્રિયાઉદ્ધાર થયા બાદ પૂ૦ શ્રી દેવેંદ્રસૂરિ મહારાજાને ગુરુમહારાજા તરફથી અપાયેલ આચાર્યપદ એ તેઓશ્રીના અસાધારણ વિદ્વત્તા, ચારિત્રશીલતા, ગંભીરતા પ્રમુખ ગુણો જાણવા માટે પૂરતાં સાધનો છે. પૂ૦ શ્રી દેવેંદ્રસૂરિ મહારાજાને ગચ્છના કાર્યમાં સહાયભૂત થાય તથા ગચ્છનું સંરક્ષણ થઈ શકે એ હેતુથી અને શ્રીમાન્ દેવભદ્રગણિ મહારાજાના અનુરોધથી શ્રીમાન્ જગચ્ચંદ્રસૂરિશ્વરજી મહારાજાએ શ્રીમાન્ વિજયચંદ્રમહર્ષિને

---

૧ કોઈ ગચ્છાંતરીયો પોતાના ભક્તો પાસે સ્વગચ્છની પ્રાચીનતા ઠસાવવા તપાગચ્છની ઉત્પત્તિ શ્રી જગચ્ચન્દ્રસૂરિ મહારાજથી અમુક વખતે થયેલી છે એમ જણાવે છે, પરંતુ તેવાઓએ ખ્યાલમાં રાખવાની જરૂર છે કે તપાગચ્છ એ જ સર્વથી પ્રાચીન તપાગચ્છ છે. ફક્ત તેવા તેવા પ્રસંગોમાં ગચ્છના નામનું પરાવર્તન માત્ર થયેલ છે, પરંતુ ગચ્છાન્તરોની માફક ક્રિયાનું પરાવર્તન લેશ પણ થયું નથી. તપાગચ્છ એ જ સુધર્મગચ્છ, નિર્ગ્રન્થ ગચ્છ, કોટિકગચ્છ અને તપાગચ્છની સંજ્ઞાઓને ક્રમકાળમાં કરનારો હતો જે માટે જુઓ ગુર્વાવલી શ્લો૦ ' **श्रीचन्द्रगच्छोऽथ बृहद्गणश्च, तपागणश्चेत्यधुना स्म वाच्यः** ' ઇત્યાદિ.

સૂરિપદ અર્પણ કર્યું હતું એ બાબત **ગુર્વાવલીમાં** હોવાથી પૂ૦ શ્રીમાન્ **દેવેંદ્રસૂરિ** મહારાજની આચાર્યપદવી પછી **વિજયચંદ્ર** મહર્ષિને સૂરિપદ આપવામાં આવ્યું હતું એમ સહેજે અનુમાન થઈ શકે છે.

શ્રીમાન્ **દેવેંદ્રસૂરિ** મહારાજાએ **ઉજ્જયિની** નગરીના રહેવાસી **શ્રેષ્ઠિજિનચંદ્રના** પુત્ર **વીરધવલને** જે વખતે તેના લગ્ન નિમિત્તે મહોત્સવ થઇ રહ્યો હતો અને લગ્ન કરવાની તૈયારી ચાલતી હતી તે વખતે પ્રતિબોધ કરી, તેના પિતા જિનચન્દ્રની સમ્મતિપૂર્વક વિ. સં. ૧૩૦૨ માં દીક્ષા આપી હતી. ત્યારબાર તેમને ગુજરાતદેશના,પ્રલ્હાદનપુર (પાલણપુર) માં મહોત્સવપૂર્વક સંવત્ ૧૩૨૩ માં સૂરિપદથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. જેઓ શ્રીમાન્ **વિદ્યાનંદસૂરિ** એ નામથી પ્રસિદ્ધ થયા હતા. પૂ. શ્રીમાન દેવેન્દ્રસૂરિજી મહારાજના સ્વર્ગગમન બાદ આ વિદ્યાનંદસૂરિજીને તેઓશ્રીના પટ્ટ ઉપર સ્થાપન કરવામાં આવ્યા, પણ ગુરુદેવના સ્વર્ગગમન બાદ તેર દિવસ પછી તેઓશ્રીનું પણ સ્વર્ગગમન થતાં ઉપા૦ શ્રી ધર્મકીર્તિજીને તે પટ્ટ ઉપર સ્થાપન કરવામાં આવ્યા, જેઓશ્રી **ધર્મઘોષસૂરિ** એ નામથી પ્રસિદ્ધ થયા. ઉપરની સર્વ બાબતોથી તેઓશ્રીના જન્મ, સ્થાન, દીક્ષાસ્થાન, સૂરિપદસ્થાન ઇત્યાદિ વિષયો યદ્યપિ જાણી શકાતા નથી તોપણ તેરમી શતાબ્દિના ઉત્તરાર્ધમાં અને ચૌદમી શતાબ્દિના પ્રારંભમાં તેઓશ્રી વિદ્યમાન હતા એ નિર્વિવાદ સિદ્ધ થાય છે.

પૂ૦ શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિવર્ય**ના પ્રાકૃત અને સંસ્કૃત ભાષાના ગ્રન્થો જોતાં તેઓશ્રી એક અસાધારણ પ્રતિભાસંપન્ન

અને જૈન સિદ્ધાન્ત તેમ જ દર્શનશાસ્ત્રના પરંગત વિદ્વાન્ હતા એમાં સહજ પણ સંદેહ કિંવા અતિશયોક્તિને અવકાશ નથી.

**ગ્રન્થકારની વિદ્વત્તા**

આ બાબતની સાક્ષી તેઓશ્રીએ નિર્માણ કરેલા ગ્રન્થો જ પૂરી પાડે છે. તેઓશ્રી અદ્ભુત વ્યાખ્યાનશક્તિ ધરાવતા હોવાથી તેમના ધર્મોપદેશને મહામાત્ય મંત્રીશ્વર વસ્તુપાલ જેવા પ્રતિભાશાલી મંત્રીઓ, અનેક બ્રાહ્મણ પંડિતો ઘણા જ રસપૂર્વક શ્રવણ કરતા હતા એ બાબતનો ઉલ્લેખ ગુર્વાવલીમાં સ્પષ્ટપણે મળે છે.

પૂ૦ શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિજી** કેવળ વિદ્વાન્ જ હતા એમ નહિ, પરંતુ તેઓ ઉત્કૃષ્ટ ચારિત્રધર્મનું શક્તિસાધ્ય પાલન કરવામાં પણ અત્યંત પ્રતિજ્ઞાનિષ્ઠ હતા.

**ગ્રન્થકારનું ચારિત્ર**

આરાધ્યપાદ **જગચ્ચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાએ અપૂર્વ પુરુષાર્થ ખેડી તથા અસાધારણ ત્યાગ ધારણ કરી જે ક્રિયાઉદ્ધાર કર્યો હતો એનો નિર્વાહ પૂ૦ શ્રી **દેવેન્દ્રસૂરિ** અને શ્રી **વિજયચંદ્રસૂરિ** એ બન્ને આચાર્યોએ સાથે મળી કરવાનો હતો તેમ છતાં પૂ૦ શ્રી **દેવેન્દ્રસૂરીશ્વરજી**એ એકલાએ જ તત્કાલીન શિથિલાચારી આચાર્યોના પ્રભાવની અસર પોતા ઉપર કોઈ પણ રીતે ન પડવા દેતાં શ્રીમાન્ ગુરુમહારાજશ્રીએ કરેલ ક્રિયાઉદ્ધારને બરાબર રીતે સંભાળી રાખ્યો અને **વિજયચન્દ્રસૂરિજી** વિદ્વાન્ હોવા છતાં શિથિલાચારી આચાર્યોના પ્રભાવમાં દબાઈ જઈ શિથિલ થઈ ગયા. શ્રીમાન્ દેવેન્દ્રસૂરિ મહારાજાએ તેમને સમજાવવા માટે ઘણો પ્રયત્ન કર્યો પરંતુ

જ્યારે તેઓ કોઈ રીતે સમજ્યા નહિ ત્યારે સ્વયં શુદ્ધ ક્રિયા-રુચિવાળા હોવાથી એમનાથી જુદા થઈ ગયા. શ્રીમાન્ **દેવેન્દ્ર-સૂરિ** મહર્ષિનું ચિત્ત ચારિત્રધર્મથી એટલું તો સંસ્કારી હતું કે તેમને શુદ્ધ ક્રિયામાં પરાયણ જોઈ અનેક સંવિજ્ઞપાક્ષિક અને આત્માર્થી મુમુક્ષુઓએ એ મહાપુરુષનો આશ્રય લીધો હતો.

પૂ૦ શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિ** મહારાજના ગુરુ વૃદ્ધગચ્છીય (ક્રિયાઉદ્ધાર કર્યા પછી બૃહત્તપાગચ્છીય) શ્રીમાન્ **જગચ્ચ-ન્દ્રસૂરિ** હતા, જેમણે પોતાના ગચ્છમાં શિથિલતા જોઈ ચૈત્રવાલગચ્છીય **શ્રીમાન્ દેવભદ્ર** ઉપાધ્યાયજીની મદદથી ક્રિયા-ઉદ્ધારના મહાન્ કાર્યનો પ્રારંભ કર્યો હતો.

**ગ્રંથકારના ગુરુદેવ**

આ કાર્ય માટે તેઓશ્રીએ અસાધારણ ત્યાગવૃત્તિ અને આગમાનુસારી શુદ્ધ ક્રિયાને સ્વીકાર્યાં. શરૂઆતમાં તેમણે છ વિકૃતિઓનો ત્યાગ કરી જિંદગી સુધી આયંબિલ તપ કરવાનો નિયમ સ્વીકાર્યો અને પોતાના શરીર પ્રત્યેના મમત્વનો સદંતર ત્યાગ કર્યો હતો. આ પ્રમાણે અતિ કઠિન આયંબિલતપની તપસ્યા કરતાં બાર વર્ષ વ્યતીત થયા બાદ તેમને "**તપા**" એવું મહારાણા તરફથી બિરૂદ મળ્યું હતું અને ત્યારથી વૃદ્ધગચ્છ એ નામને બદલે '**તપાગચ્છ**' એ નામ પ્રવર્ત્યું, તેમ જ તેઓશ્રી તપાગચ્છના આદ્ય પુરુષ તરીકે પ્રસિદ્ધ થયા. ગચ્છના નામની પરાવૃત્તિપ્રસંગે **મંત્રિશ્વર વસ્તુપાલ** વિગેરેએ હાર્દિક ભક્તિપૂર્વક આ મહાપુરુષની સત્કાર-સન્માનરૂપ પૂજા કરી હતી. પૂ૦ શ્રીમાન્ **જગચ્ચન્દ્રસૂરિ** માત્ર તપસ્વી જ હતા એમ નહિ પરંતુ અપ્રતિમ પ્રતિભાશાલી અસાધારણ વિદ્વાન્ પણ

હતા. જેઓએ મેવાડની રાજ્યધાની **આઘાટ**માં બત્રીશ દિગંબર વાદીઓની સાથે વાદ કર્યો હતો. એ વાદમાં હીરાની જેમ અભેદ્ય રહેવાથી ચિતોડના મહારાણા તરફથી તેમને **"હીરલા જગચ્ચન્દ્રસૂરિ"** એવું બિરૂદ મળ્યું હતું. એ મહાપુરુષને ઉગ્ર તપશ્ચર્યા, નિર્મલ બુદ્ધિ અસાધારણ વિદ્વત્તા અને વિશુદ્ધ ચારિત્ર એ જ અદ્‌ભુત વિભૂતિરૂપે હતાં, અને એ જ વિભૂતિના પ્રભાવથી એ મહાપુરુષસ્થાપિત તપાગચ્છમાં આજ સુધીમાં અનેકાનેક પ્રભાવશાલી આચાર્ય ભગવંતો અને શ્રાવકવર્યો થઈ ગયા છે.

**ગ્રંથકારનો પરિવાર**

પૂ૦ શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિજીના** પરિવારનું પ્રમાણ કેટલું હતું ? એનો સત્તાવાર ખુલાસો કોઈ પણ ઠેકાણેથી મળી આવતો નથી, પરંતુ પરંપરાની રીતિ પ્રમાણે તે કાળમાં તેઓશ્રીની આજ્ઞામાં વિચરતો સમગ્ર સાધુસમુદાય એમનો જ પરિવાર ગણવો હોય તો ગણી શકાય. ગુર્વાવલીનો ઉલ્લેખ જોતાં ઉપાધ્યાય શ્રીમાન્ **હેમકલશગણિ** પ્રમુખ સંવિગ્ન પાક્ષિક મુનિ પણ તેઓશ્રીના પરિવારમાં હતા. **વીરધવલ** અને **ભીમસિંહ** આ બન્ને ભાઈઓને પ્રતિબોધી પોતાના શિષ્યો કર્યાનો ઉલ્લેખ પણ ગુર્વાવલીમાં મળે છે. તેમાં પ્રથમ શિષ્યનું નામ **વિદ્યાનન્દસૂરિજી** છે, જેઓ જૈન આગમના વિદ્વાન્ હતા એટલું જ નહિ પણ તેઓશ્રીએ **'વિદ્યાનંદ'** નામનું નવીન વ્યાકરણ બનાવેલ હતું તે જોતાં તેઓ શબ્દશાસ્ત્ર સાહિત્યાદિ વિવિધ વિષયોમાં નિષ્ણાત હતા. તેઓશ્રીનું આ વ્યાકરણ કોઈ પણ ઠેકાણે મળી આવતું નથી એટલે અત્યારે તો નામશેષ

થઈ ગયા જેવું છે. શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિજી**ના બીજા શિષ્ય આચાર્ય **શ્રી ધર્મઘોષસૂરિ** હતા. તેઓશ્રી પ્રતિભાશીલ, વિદ્વાન્, વિશુદ્ધ ચારિત્રી અને વિશિષ્ટ પ્રભાવક પુરુષ હતા તેમના રચેલા **સંઘાચારભાષ્ય, યમકસ્તુતિઓ** વિગેરે અનેક ગ્રન્થો વિદ્યમાન છે. પોતાના ગુરુ આચાર્ય શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિ** પ્રણીતસ્વોપજ્ઞટીકા સંયુક્ત નવ્ય પંચ કર્મગ્રન્થ આદિ ગ્રન્થોને તેઓએ શુદ્ધ કર્યાનું ત તે ગ્રન્થોની પ્રશસ્તિઓમાં મળી આવતું હોવાથી તેઓશ્રીની વિદ્વત્તાનો અને જૈનાગમવિષયક ત મહાત્માના વિશાલ જ્ઞાનનો પરિચય મળી રહે છે. તેઓશ્રીને એક વખત [1]સર્પ કરડ્યો હતો તેથી શ્રાવકવર્ગમાં અસાધારણ ગભરાટ ફેલાયો, તેને ઉતારવા માટે શ્રાવકોનો આગ્રહ વધવાથી તેઓશ્રીએ શ્રાવકો પાસે કોઈ વનસ્પતિ વિશેષનું નામ જણાવી સર્પનું ઝેર ઉતરાવ્યું. એ અનિવાર્ય દશામાં કરાવેલ વનસ્પતિકાયના અતિ અલ્પ આરંભ નિમિત્તે તેઓશ્રીએ જીવનપર્યંત છએ વિકૃતિઓનો ત્યાગ કર્યો. એ ઉપરથી એમની જીવનચર્યા અને ચારિત્ર કેટલાં ઉજ્જવલ તેમ જ ઉગ્ર હતા, તે સ્પષ્ટ રીતે જણાઈ આવે છે.

આ મહા પુરુષનું સવિસ્તર વર્ણન જોવા ઇચ્છનારે શ્રી મુનિસુંદરસૂરિ તથા શ્રીમાન્ ધર્મસાગરગણિકૃત **ગુર્વાવલીઓ** અને શ્રીમાન્ આત્મારામજી મહારાજ વિરચિત **જૈનતત્વાદર્શ** આદિ ગ્રન્થો **જોવાં.**

---

૧ दंशाद्दहेर्ग्राहितकाष्ठभार-विपौषधोसज्जतनुर्निशान्ते ।
महात्मवद्यो विकृतीर्विहाय वृत्तिं व्यधादेष युगंधरीभिः ॥ १ ॥
[ हीरसौ० सर्ग ४ श्लो० ११९ ]

પૂ૦ શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિ** મહારાજાએ પ્રાકૃત-સંસ્કૃત ભાષામાં જે સાહિત્ય રચ્યું છે અને તેમાંથી વર્તમાનમાં જે ઉપલબ્ધ થાય છે અને તેની નામાવલી આ નીચે આપવામાં આવે છે.

## ગ્રન્થકારની ગ્રન્થરચના

૧. શ્રાદ્ધદિનકૃત્ય.
૨. સિદ્ધપંચાશિકા સૂત્રવૃત્તિ.
૩. સુદર્શના ચરિત્ર.
૪. વન્દારૂવૃત્તિ. (ષડાવશ્યકસૂત્રટીકા)
૫. સિદ્ધદંડિકા
૬. સટીક પાંચ નવ્યકર્મગ્રન્થ.
૭. ધર્મરત્નપ્રકરણ બૃહદ્‌વૃત્તિ.
૮. ચૈત્યવંદનાદિ ભાષ્યત્રય.
૯. સિરિઉસહવદ્ધમાણ પ્ર. સ્તવ
૧૦. ચત્તારિઅટ્ઠદસદોય ગાથા વિવરણ

ઉપરોક્ત ગ્રન્થોમાં ૨-૩-૪-૫-૬-૭-૮ અંકોવાળા ગ્રન્થો જુદી જુદી સંસ્થાઓ તરફથી છપાઈને પ્રસિદ્ધિમાં આવી ગયા છે. આ સિવાય **જૈન ગ્રંથાવલીમાં શ્રીમાન્ દેવેન્દ્રસૂરિજીના** નામે બીજા ઘણા ગ્રન્થો ચઢેલા છે, પરંતુ તે ગ્રન્થો જુદા-જુદા ગચ્છમાં જુદા જુદા સમયે થયેલ તે નામના આચાર્યોએ બનાવેલા હોય તેમ જણાય છે.

**ભાષાંતરની જરૂરીયાત**

પૂર્વોક્ત કથન મુજબ યદ્યપિ આરાધ્યચરણ શ્રીમાન્ **દેવેન્દ્રસૂરિ મહારાજાએ** સ્વવિરચિત નવ્ય કર્મગ્રન્થો ઉપર સરલ, સુબોધ તેમ જ કર્મવિષયક તત્ત્વોથી ભરપૂર ટીકાઓ રચેલી છે અને ગીર્વાણ ગિરાના અભ્યાસીઓને કર્મ સાહિત્યના જ્ઞાન માટે આ ટીકા તેમ જ મૂલગ્રન્થો સંપૂર્ણ ગરજ સારે છે તોપણ કાળબળે આત્માઓની પ્રતિદિન મન્દ

પામતી બુદ્ધિ વિગેરે કારણોથી તેમ જ સંસ્કૃત ભાષાના અભ્યાસીઓ ઘણી જ અલ્પ સંખ્યામાં દૃષ્ટિગોચર થતાં હોવાથી તે સંસ્કૃત ભાષાના અનભ્યાસી સામાન્ય જીવો પણ આ કર્મગ્રંથના વિષયને જાણે, એ ઉદ્દેશથી કર્મગ્રન્થોના ભાષાન્તરોની પણ અનિવાર્ય જરૂર છે. આ નવ્ય છએ કર્મગ્રન્થો ઉપર પંડિત શ્રીમાન્ જીવવિજયજી, પંડિતવર્ય શ્રી મતિચન્દ્રજી અને પંડિત શ્રી યશઃસોમશિષ્ય પંડિતશ્રીમાન્ જયસોમજીએ વિસ્તૃત બાલાવબોધ રચેલા છે. પંડિત જીવવિજયજીએ રચેલો બાલાવબોધ સરલ તેમ જ બોધપ્રદ હોવા સાથે લગભગ દશ હજાર પ્રમાણ યુક્ત છે, બીજો બાલાવબોધ મતિચન્દ્રવિરચિત બાર હજાર પ્રમાણ છે, અને ત્રીજો શ્રીમાન્ જયસોમજીકૃત બાલાવબોધ ૧૭૦૦૦ પ્રમાણ છે. ઉપરના બન્ને બાલાવબોધની અપેક્ષાએ પંડિત જયસોમજીકૃત બાલાવબોધ સર્વોત્તમ છે એમ તેના અભ્યાસીઓને સ્પષ્ટ સમજી શકાય છે. આ બાલાવબોધકારે કેટલીક ગૂઢ બાબતો પણ એવી સ્પષ્ટતા અને સરલતાથી સમજાવી છે કે ભણનાર મંદબુદ્ધિવાળો હોય તોપણ સુગમતાથી સમજી શકે છે. આ કર્મગ્રન્થમાં કેટલીક સૂક્ષ્મ વિચારણાઓ એવી છે કે તે વિચારણાઓનું વારંવાર પુનરાવર્તન થાય તો જ કાંઈક ખ્યાલમાં આવી શકે. પંડિત શ્રીજયસોમજીએ આવી સૂક્ષ્મ બાબતોને વારંવાર સ્પષ્ટ કરવામાં, જરા પણ ખામી રાખી નથી. એક જ સૂક્ષ્મ બાબત જુદી જુદી રીતે જુદા જુદા સ્થલોમાં ચર્ચીને તે વિષયને ખૂબ પુષ્ટ અને સરલ બનાવ્યો છે. જ્યાં જ્યાં અપૂર્વ વિષયો આવ્યા છે ત્યાં ત્યાં બાલાવબોધકર્ત્તાએ આ કર્મગ્રન્થની સ્વોપજ્ઞ ટીકાની તેમ જ અન્ય ઉપયુક્ત ગ્રન્થોની સાક્ષીઓ આપી ગ્રન્થના આભ્યન્તર સૌન્દર્યમાં વૃદ્ધિ કરી છે.

આ ત્રણે ય બાલાવબોધ ભાષાન્તરની સારામાં સારી ગરજ સારે છે, એમાં જરાપણ વિરોધ નથી; તથાપિ, બાલાવબોધની ભાષા-કર્તાના સમયની હોઈ કાંઈક પ્રાચીન છે, જેથી સામાન્ય બુદ્ધિ-વાળા જીવો જોઈએ તે પ્રમાણે તે બાલાવબોધનો લાભ ઉઠાવી શકતા નથી. આ કારણથી સાદી અને સરલ ભાષામાં કર્મ-ગ્રન્થોનું વિસ્તૃત ભાષાંતર થાય એ સર્વ કોઈને ઈષ્ટ હોય એ કથન અસંગત ન ગણી શકાય. એથી જ પ્રથમના ચાર કર્મ-ગ્રન્થો ઉપર તો જુદા જુદા પ્રાજ્ઞ મહાશયો તરફથી હિંદી તથા ગુર્જરગિરામાં સંક્ષિપ્ત તેમ જ વિસ્તૃત ભાષાનુવાદો પ્રગટ થયા છે; પરંતુ આ શતકનામા પંચમ કર્મગ્રન્થ ઉપર તેવો સરલ અને સુબોધ ભાષાનુવાદ કોઈ પણ વિદ્વાન્ તરફથી થયેલો ન હોઈ તે તરફ લક્ષ્ય ખેંચાય તે સહજ છે.

છએ કર્મગ્રન્થોમાં યદ્યપિ ઉપયોગી વિધવિધ વિષયો ભરેલા છે તોપણ આત્મા અને કર્મના સંબંધનો યથાર્થ ખ્યાલ આ પંચમ કર્મગ્રન્થના પઠન–પાઠનથી જેવો આવે છે તેવો બીજા કોઈ કર્મગ્રન્થથી આવી શકતો નથી, બલ્કે '**કર્મનું યથાર્થ-તત્ત્વભર્યું સ્વરૂપ સમજાવનાર હોય તો આ પંચમ કર્મગ્રન્થ જ છે**' એમ કહેવું તે લેશ પણ અતિશયોક્તિ-વાળું નથી. આવા કર્મતત્ત્વથી સંપૂર્ણ આ **શતક**નામા કર્મ-ગ્રન્થનું કાંઈક વિસ્તારથી વિવેચન કરવામાં આવે, કઠણ સ્થલોને પ્રશ્નોત્તર–શંકા સમાધાનપૂર્વક ચર્ચવામાં આવે તો કર્મ સાહિત્યના જિજ્ઞાસુઓને ઘણો જ લાભ થાય એ શુભાશયથી આ ગ્રન્થનું સિનોરનિવાસી **પં. ચંદુલાલ નાનચંદ** પાસે ખાસ યંત્રો આકૃતિઓ સાથે વિશેષાર્થ તૈયાર કરાવી પ્રકાશન કરનાર

ગ્રન્થમાલાના કાર્યવાહક શ્રીયુત **લાલચંદ નંદલાલ વકીલે** અનેક પ્રવૃત્તિઓમાંથી માર્ગ કાપીને આ ગ્રન્થને કર્મસાહિત્યના અભ્યાસીઓ માટે પ્રગટ કર્યો છે જે માટે મને ઘણો જ હર્ષ થાય છે.

**ભાષાન્તરનું વૈશિષ્ટ્ય**

અહીં આ એટલું ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આ કર્મગ્રન્થના ભાષાન્તરમાં મૂલકારપ્રણીત સ્વોપજ્ઞ ટીકાની પંક્તિએ પંક્તિનો કિંવા શબ્દે શબ્દનો (પ્રાચીન પદ્ધતિ પ્રમાણે) અર્થ કરવાનો ખ્યાલ રાખવામાં આવ્યો નથી. ખાસ કરીને પ્રથમ પ્રત્યેક ગાથાના પદોને અન્વયપૂર્વક અર્થ અને ત્યાર બાદ વિશેષાર્થ એ આ ભાષાન્તરની **પરિપાટી** છે, તોપણ ટીકામાંનો કોઈ પણ વિષય આ ભાષાન્તરમાં પ્રાયઃ રહી જવા પામ્યો નથી. ઊલટું જે કોઈ વિષયો ટીકામાં નથી તે વિષયો પણ (જેવા કે 'ક્ષયોપશમભાવ' વિગેરે) આમાં ખૂબ ચર્ચવામાં આવ્યા છે. સ્થળે સ્થળે યંત્રો અને ઉપયોગી આકૃતિઓ એ આ ભાષાંતરના **અલંકારો** છે. પંચમ કર્મ-ગ્રન્થનું આવું સર્વાંગસુંદર ભાષાંતર આ ગ્રન્થમાલા તરફથી જ સૌ પહેલું પ્રગટ થતું હોઈ એ ગ્રન્થમાલાના મૂળ ઉત્પાદક શાસનમાન્ય પરમગીતાર્થ પૂ૦ આચાર્ય **શ્રીમદ્‌વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજને તેમ જ ગ્રંથમાલાના કાર્યવાહકોને અનેકશઃ ઉત્તેજિત કરનાર આચાર્યશ્રીના પટ્ટાલંકાર સદ્‌ગુણનિધાન પૂ૦ શ્રીમાન્ **વિજયપ્રતાપસૂરિશ્વરજી** મહારાજને કોટિશઃ વંદન કરવા સાથે ગ્રન્થમાલાના કાર્યવાહકોને પણ આવા ધર્મકાર્યો કરવા બદલ ધન્યવાદાર્પણ કરવાનું સહેજે મન થઈ આવે છે.

હજુ થોડા જ સમય અગાઉ આ ગ્રન્થમાળાએ આજ સુધીમાં કોઈ પણ સંસ્થાએ બહાર નહિ પડેલા એવા ભૂગોળ વિષયક સચિત્ર, સયંત્ર, વિસ્તરાર્થ તથા પચાસ ત્રિરંગી ચિત્રો અને યંત્રો સહિત **શ્રી લઘુક્ષેત્રસમાસ** નામના ૫૦૦ પૃષ્ઠ જેવડા વિશાલ ગ્રન્થનું અજોડ પ્રકાશન કરી જૈન સમાજ ઉપરાંત જૈનેતર વિદ્વાનોનું પણ આકર્ષણ કર્યું હતું, તે લોહચુંબક સમા આકર્ષણમાં આ કર્મવિષયક ઉત્તમ ગ્રન્થનાં પ્રકાશનથી અસાધારણ વૃદ્ધિ થશે એમ લેખકનું ચોક્કસ મન્તવ્ય છે.

પૂજ્ય ગુરુદેવોની આજ્ઞાથી આ ગ્રન્થના સંશોધનનું સદ્ભાગ્ય મને સાંપડ્યું છે. અને પૂજ્ય ગુરુદેવોની છત્રછાયામાં તેઓશ્રીની અમૂલ્ય સૂચનાઓ સાથે શક્તિસાધ્ય સંશોધન કરવાનો પ્રયાસ સેવાયો છે તોપણ છદ્મસ્થસુલભ પ્રમાદજન્ય કાંઈ પણ સ્ખલના જણાય તેને સુધારી લેવા તેમ જ મને જણાવવા સજ્જન સમાજને મારું સાદર નિવેદન છે.

પરમારાધ્ય પરમ ગુરુદેવ પરમગીતાર્થ પૂ૦ આચાર્ય શ્રીમાન્ **વિજયમોહનસૂરીશ્વરજી** મહારાજાએ તેમ જ આરાધ્ય-ચરણ સદ્ગુણશાલિ ગુરુદેવ આચાર્ય શ્રીમદ્ **વિજયપ્રતાપસૂરિજી** મહારાજાએ આ સંશોધનના પ્રસંગમાં થતી સ્ખલનાઓથી જે મારો બચાવ કર્યો છે અને મને થતી શંકાઓના શાસ્ત્રીય પુરાવા સાથે જે સમાધાનો આપ્યાં છે તે બદલ તેઓશ્રીના પાદપંકજમાં અહર્નિશ-વંદન-નમન સિવાય બીજું હું શું કરી શકું? પ્રવર્તક શ્રીમાન્ ઉદયવિજયજી તથા પ્ર. શ્રીમાન્ ભરતવિજયજીએ આવા કાર્યમાં જે સાથ આપ્યો છે તેમ જ મુનિપ્રવર

શ્રીમાન્ યશોવિજયજી કે જેઓએ બાલ્યવયમાં પણ કર્મગ્રન્થાદિ પ્રકરણોનો સારો અભ્યાસ કરેલ છે તેઓએ આવા કાર્યમાં બતાવેલ લાગણીને સ્મૃતિપથમાં લાવવાનું ભૂલી શકાતું નથી. આ ઉપોદ્‌ઘાતના આલેખનમાં શ્રી આત્માનંદ જૈન સભા તરફથી હમણાં જ પ્રગટ થયેલ પુસ્તકાકારે સ્વોપજ્ઞટીકા યુક્ત શ્રી કર્મગ્રન્થ પ્રથમ ભાગમાં લખેલ પ્રસ્તાવનાનો જરૂરી આધાર લેવાયો છે, તે પણ સ્મરણમાં લાવવું ઉચિત સમજાય છે.

**ફલિત**માં કર્મસાહિત્યના ખજાના સમાન આ શતકનામા પંચમકર્મગ્રન્થ (વિશેષાર્થ)ના પ્રકાશનથી ભવ્યાત્માઓ કર્મ-તત્ત્વના જાણકાર બનવાપૂર્વક અનાદિકાલીન કર્મોનો ક્ષય કરી શિવસંપત્તિરૂપ **મોહનમાળા** વરવા ઉજમાળ બને એ જ હાર્દિક અભિલાષા ! ! !

શ્રી ગિરિનારજી મહાતીર્થ
(જુનાગઢ)
શ્રી નેમિજિન જન્મકલ્યાણક
શ્રા. સુ. ૫. સં. ૧૯૯૨

**પં૦ ધર્મવિજય ગણી.**

# વિષયાનુક્રમ

—०—


| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| મંગલ તથા વિષય-નિર્દેશ. | ૧ | ૧ |
| ગ્રન્થમાં કહેવા યોગ્ય ૨૬ દ્વારો અને પ્રત્યેક દ્વારોનું સંક્ષિપ્ત વર્ણન | ૧ | ૩ |
| ધ્રુવબંધી પ્રકૃતિદ્વાર | ૨ | ૯ |
| ધ્રુવાધ્રુવબંધી તથા ધ્રુવાધ્રુવોદયી પ્રકૃતિના કાલભાંગા. | ૩ | ૧૧ |
| ધ્રુવોદયી પ્રકૃતિમાં કાલભાંગાઓ–યંત્ર. | ૫ | ૧૬ |
| ધ્રુવબંધીમાં કાલભાંગાઓ–યંત્ર. | ૫ | ૧૭ |
| ધ્રુવોદયી પ્રકૃતિઓ. | ૬ | ૧૮ |
| અધ્રુવોદયી પ્રકૃતિઓ. | ૭ | ૧૯ |
| ધ્રુવસત્તાક તથા અધ્રુવસત્તાક પ્રકૃતિઓ. | ૮ | ૨૦ |
| અધ્રુવસત્તાક પ્રકૃતિનું કારણ. | ૮ | ૨૧ |
| ગુણસ્થાન આશ્રયી ધ્રુવાધ્રુવસત્તા. | ૧૦ | ૨૮ |
| આહારકસપ્તક તથા જિનનામની ધ્રુવાધ્રુવ સત્તા. | ૧૨ | ૩૦ |
| ૧૫૮ પ્રકૃતિઓની ગુણસ્થાનોમાં ધ્રુવાધ્રુવ સત્તા–યંત્ર. | ૧૨ | ૩૪ |
| ઘાતિ–અઘાતિ પ્રકૃતિઓ. | ૧૩ | ૩૬ |
| દેશઘાતિ પ્રકૃતિના ઘાત્ય વિષયો. | ૧૩ | ૩૮ |
| પુણ્યપ્રકૃતિઓ. | ૧૫ | ૪૧ |
| પાપપ્રકૃતિઓ. | ૧૬ | ૪૨ |
| અપરાવર્તમાન પ્રકૃતિઓ. | ૧૮ | ૪૩ |
| પરાવર્તમાન તથા ક્ષેત્રવિપાકી પ્રકૃતિઓ. | ૧૯ | ૪૪ |
| પરાવર્તમાન પ્રકૃતિઓ-યંત્ર. | ૧૯ | ૪૫ |

| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
| --- | --- | --- |
| જીવવિપાકી, ભવવિપાકી, પુદ્ગલવિપાકી પ્રકૃતિઓ. | ૨૦ | ૪૮ |
| પ્રકૃતિબંધમાં ભૂયસ્કારાદિ બંધ. | ૨૨ | ૫૧ |
| ભૂયસ્કાર–અલ્પતર અવક્તવ્યનો અર્થ. | ૨૩ | ૫૮ |
| પ્રત્યેક મૂલપ્રકૃતિમાં ભૂયસ્કારાદિ બંધ | ૨૪ | ૫૯ |
| નામકર્મના આઠ બંધસ્થાન. | ૨૫ | ૬૮ |
| આઠ કર્મો પૈકી પ્રત્યેક કર્મોના બંધસ્થાન તેમ જ ભૂયસ્કારાદિ બંધ–યંત્ર. | ... | ૭૫ |


## પ્રકૃતિબંધ સમાપ્તિ.

—o—

## સ્થિતિબંધ પ્રારંભ


| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
| --- | --- | --- |
| સ્થિતિબંધદ્વાર– આઠેકર્મનો જઘન્ય ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ૨૬ | ૭૬ |
| ઉત્તરપ્રકૃતિઓનો ઉ૦ સ્થિતિબંધ | ૨૮ | ૮૦ |
| કર્મનો ઉત્કૃષ્ટ અબાધા—કાળ તથા નિષેકકાળ | ૩૨ | ૮૩ |
| મધ્યમસ્થિતિબંધે મધ્યમ અબાધાનાં કંડક | ૩૨ | ૮૫ |
| જિનનામ તથા | | |
| આહારકનો ઉ૦ સ્થિતિબંધ | ૩૩ | ૮૬ |
| કર્મની અબાધાનું શું ફળ? | ૩૩ | ૮૮ |
| જિનનામ તથા આહારકદ્વિકની કાળપૂર્તિ | ૩૩ | ૮૯ |
| આયુષ્યનો સ્થિતિબંધ અને અબા । | ૩૪ | ૯૩ |
| ઉત્તરપ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ | ૩૫ | ૯૬ |
| પંચસંગ્રહ, કર્મ- | | |

| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| પ્રકૃતિના અભિપ્રાયે જઘન્ય સ્થિતિબંધમાં મતાંતર | ૩૫ | ૧૦૧ |
| સ્થિતિબંધ–અબાધા–અને સ્થિતિબંધ સ્વામિયંત્ર | ૩૫ | ૧૦૩ |
| એકેન્દ્રિયાદિ જીવોનો જઘન્યોત્કૃષ્ટ સ્થિતિ બંધ | ૩૭ | ૧૧૧ |
| જઘન્યસ્થિતિબંધમાં અબાધા | ૩૯ | ૧૧૫ |
| ક્ષુલ્લકભવનું પ્રમાણ | ૪૦ | ૧૧૭ |
| ઉત્કૃષ્ટસ્થિતિબંધના ગુણસ્થાન | ૪૨ | ૧૧૯ |
| જિનનામ–આહારકદ્વિક–દેવાયુષ્યના ઉત્કૃષ્ટ-સ્થિતિબંધક જીવો | ૪૨ | ૧૨૦ |
| શેષ ૧૧૬ પ્રકૃતિનો ઉ૦ સ્થિતિબંધ | ૪૨ | ૧૨૪ |
| જઘન્ય સ્થિતિબંધના સ્વામી | ૪૪ | ૧૨૭ |
| સ્થિતિબંધમાં સાદિ અનાદિ ધ્રુવાધ્રુવ કાલભાંગાઓ | ૪૬ | ૧૩૨ |
| ગુણસ્થાનાપેક્ષયા સ્થિતિબંધનું પ્રમાણ | ૪૮ | ૧૪૨ |
| મિથ્યાત્વમાં સ્થિતિ-બંધનું પ્રમાણ | ૪૮ | ૧૪૩ |
| જીવો આશ્રયી સ્થિતિ-બંધનું અલ્પ-બહુત્વ | ૪૯ | ૧૪૬ |
| એકેન્દ્રિયાદિ જીવોનાં સ્થિતિબંધનાં સ્થાનો | ૪૯ | ૧૪૯ |
| સ્થિતિબંધનાં અલ્પ-બહુત્વનું કોષ્ટક | ૫૦ | ૧૫૪ |
| સ્થિતિબંધની શુભા-શુભતા | ૫૨ | ૧૫૬ |
| સ્થિતિ અશુભ અને રસ શુભાશુભ | ૫૨ | ૧૫૭ |
| ત્રણ આયુષ્યની સ્થિતિ શુભ | ૫૨ | ૧૫૯ |
| સ્થિતિબંધ–રસબંધમાં હેતુસમાન અને શુભાશુભની વિષમતા | ૫૨ | ૧૬૧ |
| જીવાશ્રયી યોગનું સ્વામિત્વ | ૫૩ | ૧૬૩ |
| યોગનું કાંઈક સવિ-સ્તર સ્વરૂપ | ૫૩ | ૧૬૫ |

| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક | વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|---|
| એકેન્દ્રિય વિગેરેમાં યોગનું અલ્પ-બહુત્વ | ૫૪ | ૧૭૦ | યોગવૃદ્ધિ તથા સ્થિતિ-બંધાધ્યવસાય-સ્થાનો | ૫૫ | ૧૭૫ |
| જીવસ્થાનોમાં યોગનું અલ્પબહુત્વ કોષ્ટક | ૫૪ | ૧૭૧ | ૪૧ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અબંધકાળ | ૫૬ | ૧૮૧ |
| | | | સતત બંધકાળ | ૫૮ | ૧૮૭ |


## સ્થિતિબંધ સમાપ્ત

—o—

## રસબંધ પ્રારંભ


| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક | વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|---|
| રસની તીવ્રતા તથા મંદતાનું કારણ | ૬૩ | ૧૯૭ | ઉત્કૃષ્ટ રસબંધના સ્વામિ | ૬૬ | ૨૧૫ |
| કર્મનો રસ એટલે શું ? તેનું વિશેષ સ્વરૂપ | ૬૩ | ૧૯૯ | જઘન્ય રસબંધના સ્વામિ | ૬૯ | ૨૨૨ |
| એકસ્થાનિક-દ્વિસ્થાનિકાદિ ચાર પ્રકારના રસનું વર્ણન | ૬૫ | ૨૦૮ | જઘન્ય રસબંધસ્વામિ-યંત્ર | ૬૯ | ૨૪૩ |
| | | | રસબંધમાં સાદિ અનાદિ ભાંગાઓ | ૭૪ | ૨૪૪ |


## રસબંધ સમાપ્ત

—o—

## પ્રદેશબંધ પ્રારંભ


| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક | વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
|---|---|---|---|---|---|
| ઔદારિકાદિ ગ્રહણ-અગ્રહણ યોગ્ય | | | પુદ્ગલ વર્ગણાઓ | ૭૫ | ૨૫૭ |
| | | | સ્વાવગાઢ ક્ષેત્રમાં | | |

| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| રહેલા કર્માણુઓનું જ ગ્રહણ | ૭૯ | ૨૮૧ |
| બધ્યમાન કર્માણુઓનો મૂલોત્તર પ્રકૃતિમાં અલ્પાધિક વિભાગ | ૮૦ | ૨૮૧ |
| અગિયાર ગુણશ્રેણિનું સ્વરૂપ. | ૮૨ | ૨૯૩ |
| ગુણશ્રેણિ એટલે શું ? | ૮૩ | ૨૯૯ |
| ગુણસ્થાનોનો અંતરકાળ. | ૮૪ | ૩૦૫ |
| પલ્યોપમ–સાગરોપમનું સ્વરૂપ. | ૮૫ | ૩૦૮ |
| પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ | ૮૬ | ૩૧૨ |
| ઉત્કૃષ્ટ પ્રદેશબંધ. | ૮૯ | ૩૨૧ |
| ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામી. | ૯૦ | ૩૨૨ |

| વિષય | ગાથાંક | પૃષ્ઠાંક |
|---|---|---|
| જઘન્ય પ્રદેશબંધના સ્વામી. | ૯૩ | ૩૩૦ |
| પ્રદેશબંધમાં સાદ્યનાદિ કાળ ભાંગાઓ. | ૯૪ | ૩૩૩ |
| યોગસ્થાનાદિ ૭ બોલનું અલ્પબહુત્વ. | ૯૫ | ૩૩૯ |
| પ્રકૃતિ આદિ ચારે બંધના હેતુઓ. | ૯૬ | ૩૪૬ |
| લોકાકાશનો ઘન બનાવવાની રીત. | ૯૭ | ૩૫૧ |
| ઉપશમશ્રેણિનું સવિસ્તર સ્વરૂપ | ૯૮ | ૩૫૯ |
| પ્રાસંગિક ક્ષયોપશમભાવનું ઘણું સારું સ્વરૂપ. | ૯૮ | ૩૮૩ |
| ક્ષપકશ્રેણિ. | ૯૯ | ૩૯૧ |

# श्री शतकनामा पंचम कर्मग्रन्थ मूल

❋

नमिय जिणं धुवबंधो,–दयसत्ताघाइपुन्न परियत्ता ।
सेयर चउहविवागा वुच्छं बंधविहि सामी य ।। १ ।।
वन्नचउ तेयकम्मा,–गुरुलहु निमिणोवघाय भयकुच्छा ।
मिच्छकसायावरणा,–विग्घं धुवबंधि सगचत्ता ।। २ ।।
तणुवंगागिइसंघयण, जाइ गइ खगइ पुव्वि जिणुसासं ।
उज्जोयायवपरघा, तसवीसागोयवेयणियं ।। ३ ।।
हासाइजुयलदुगवेय, आउ तेवुत्तरी अधुवबंधा ।
भंगा अणाइ साइ, अणंतसंतुत्तरा चउरो ।। ४ ।।
पढम बिया, धुवउदइसु, धुवबंधिसु तइयवज्ज भंगतिगं ।
मिच्छंमि तिन्नि भंगा, दुहा वि अधुवा तुरियभंगा ।। ५ ।।
निमिण थिर अथिर अगुरुय, सुह असुह तेय कम्म चउवन्ना ।
नाणंतराय दंसण, मिच्छं धुवउदय सगवीसा ।। ६ ।।
थिरसुभियर विणु, अधुवबंधी मिच्छ विणु मोहधुवबंधी ।
निद्दोवघाय मीसं, सम्मं पणनवइ अधुवुदया ।। ७ ।।
तस्सवन्नवीस सगतेयकम्म, धुवबंधी सेस वेयतिगं ।
आगिइतिग वेयणियं, दुजुयल सग उरल सास चउ ।। ८ ।।
खगईतिरिदुग नीयं, धुवसंता सम्म मीस मणुयदुगं ।
विउव्विक्कार जिणाऊ, हारसगुच्चा अधुवसंता ।। ९ ।।

पढमतिगुणेसु मिच्छं, नियमा अजयाइ अट्ठगे भज्जं ।
सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ॥१०॥

सासणमीसेसु धुवं, मीसं मिच्छाइनवसु भयणाए ।
आइदुगे अण नियमा, भइया मीसाइनवगंमि ॥११॥

आहारसत्तगं वा, सव्व गुणे बिति गुणे विणा तित्थं ।
नोभयसंते मिच्छो, अंतमुहुत्तं भवे तित्थे ॥१२॥

केवलजुयलावरणा, पण निद्दा बारसाइमकसाया ।
मिच्छंति सव्वघाई, चउनाणतिदंसणावरणा ॥१३॥

संजलण नोकसाया, विग्घं इय देसघाइ य अधाई ।
पत्तेय तणुट्ठाऊ, तसवीसा गोयदुग वन्ना ॥१४॥

सुरनरतिगुच्चासायं, तसदसतणुवंगवइरचउरंसं ।
परघासगतिरियाऊ, वन्नचऊपणिंदिसुभखगई ॥१५॥

बायाल पुन्नपगई, अपढमसंठाणखगइसंघयणा ।
तिरिदुग असायनीओ–वघाय इग विगलनिरयतिगं ॥१६॥

थावरदस वन्नचउक्क, घाई पणयाल सहिय बासीई ।
पावपयडित्ति दोसु वि, वन्नाइगहा सुहा असुहा ॥१७॥

नामधुवबंधिनवगं, दंसण पण नाण विग्घपरघायं ।
भयकुच्छमिच्छसासं, जिण गुणतीसा अपरिअत्ता ॥१८॥

तणुअट्ठ वेय दुजुअल, कसाय उज्जोअगोअदुग निद्दा ।
तसवीसाउ परित्ता, खित्तविवागाऽणुपुव्वीओ ॥१९॥

घणघाइ दुगोअ जिणा, तसिअरतिग सुभगदुभग चउ सासं ।
जाइतिग जिअविवागा, आउचउरो भवविवागा ॥२०॥

नामधुवोदय–चउतणु,-वघाय साहारणिअरुजोअतिथं ।
पुग्गलविवागि बंधो, पयइट्ठिइरसपएसत्ति ॥२१॥

मूलपयडीण अडसत्त,-छेगबंधेसु तिन्नि भूगारा ।
अप्पतरा तिअ चउरो, अवट्ठिआ न हु अवत्तव्वो ॥२२॥

एगादहिगे भूओ, एगाईऊणगम्मि अप्पतरो ।
तम्मत्तोऽविट्ठयओ पढमे समये अवत्तव्वो ॥२३॥

नव छ च्चउ दंसे दुदु, ति दु मोहे दु इगवीस सत्तरस ।
तेरस नव पण चउ ति दु, इक्को नव अट्ठ दस दुन्नि ॥२४॥

तिपणछअट्ठनवहिआ, वीसा तीसेगतीस इग नामे ।
छस्सगअट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ॥२५॥

वीसऽयरकोडाकोडि, नामे गोए अ सत्तरी मोहे ।
तीसियर चउसु उदही, निरयसुराउम्मि तित्तीसा ॥२६॥

मुत्तुं अकसायठिइं, बार मुहुत्ता जहण्ण वेयणिए ।
अट्ठऽट्ठ नामगोएसु, सेसएसुं मुहुत्तंतो ॥२७॥

विग्घावरणअसाए, तीसं अट्ठार सुहुमविगलतिगे ।
पढमागिइसंघयणे, दस दुसुवरिमेसु दुगवुड्ढी ॥२८॥

चालीस कसाएसुं मिउलहुनिध्धुण्हसुरहिसिअमहुरे ।
दस दोसड्ढसमहिआ, ते हालिद्दंबिलाईणं ॥२९॥

दस सुहविहगइउच्चे, सुरदुग थिरछक्क पुरिसरइहासे ।
मिच्छे सत्तरि मणुदुग, इत्थी साएसु पन्नरस ॥३०॥
भय कुच्छ अरइसोए विउव्वितिरिउरलनरयदुग नीए ।
तेयपण अथिरछक्के, तसचउ थावर इग पणिंदी ॥३१॥
नपु कुखगइ सासचउ, गुरुकक्खडरुक्खसीयदुग्गंधे ।
वीसं कोडाकोडी, एवइआबाह वाससया ॥३२॥
गुरु कोडिकोडीअंतो, तित्थाहाराण भिन्नमुहु बाहा ।
लहुठिइ संखगुणूणा,-नरतिरिआणाउ पल्लतिगं ॥३३॥
इगविगल पुव्वकोडी, पलियासंखंस आउचउ अमणा ।
निरुवक्कमाण छमासा, अबाह सेसाण भवतंसो ॥३४॥
लहुठिइबंधो संजलणलोह, पणविग्घनाणदंसेसु ।
भिन्नमुहुत्तं ते अट्ठ, जसुच्चे बारस य साए ॥३५॥
दो इग मासो पक्खो, संजलणतिगे पुमट्ठवरिसाणि ।
सेसाणुक्कोसाओ, मिच्छत्तट्ठिईइ जं लद्धं ॥३६॥
अयमुक्कोसो गिंदिसु, पलियाऽसंखंसहीण लहुबंधो ।
कमसो पणवीसाए, पन्ना-सय-सहस्ससगुणिओ ॥३७॥
विगलि असन्निसु, जिट्ठो, कणिट्ठओ पल्लसंखभागुणो ।
सुरनिरयाउ समा दस-सहस्स सेसाउ खुड्डभवं ॥३८॥
सव्वाण वि लहुबंधे, भिन्नमुहु अबाह आउजिट्ठे वि ।
केइ सुराउसमं जिण-मंतमुहू बिंति आहारं ॥३९॥

सत्तरस समहिआ किर, इगाणुपाणुम्मि हुंति खुड्डभवा ।
सगतीससयतिहुत्तर, पाणू पुण इगमुहुत्तम्मि ॥४०॥
पणसट्ठि सहस पणसय, छत्तीसा इगमुहुत्त खुड्डभवा ।
आवलियाणं दो सय, छप्पन्ना एगखुड्डभवे ॥४१॥
अविरयसम्मो तित्थं, आहारदुगामराउ य पमत्तो ।
मिच्छद्दिट्ठी बंधइ, जिट्ठट्ठिइ सेस पयडीणं ॥४२॥
विगलसुहुमाउगतिगं, तिरिमणुआ सुरविउव्वि निरयदुगं ।
एगिंदिथावरायव, आ ईसाणा सुरुक्कोसं ॥४३॥
तिरिउरलदुगुज्जोयं, छिवट्ठ सुरनिरय सेस चउगइआ ।
आहारजिणमपुव्वो, नियट्टि संजलण पुरिस लहुं ॥४४॥
सायजसुच्चावरणा, विग्घं सुहुमो विउव्विछ असन्नी ।
सन्नी वि आउबायर पज्जेगिंदी उ सेसाणं ॥४५॥
उक्कोस जहन्नेयर,–भंगा साई अणाइ धुव अधुवा ।
चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥४६॥
चउभेओ अजहन्नो, संजलणावरणनवगविग्घाणं ।
सेसतिगि साइअधुवो, तह चउहा सेसपयडीणं ॥४७॥
साणाइ अपुव्वंते अयरंतो कोडिकोडिओ नऽहिगो ।
बंधो न हु हीणो नय, मिच्छे भव्वियरसन्निम्मि ॥४८॥
जइ लहुबंधो बायर, पज्ज असंखगुण सुहुमपज्जऽहिगो ।
एसिं अपज्जाण लहू, सुहुमेअर अपज्ज पज्ज गुरू ॥४९॥

लहु बिय पज्ज अपज्जे, अपजेयर बिय गुरू हिगो एवं ।
ति चउ असंनिसु नवरं, संखगुणो बियअमणपज्जे ॥५०॥

तो जइजिट्ठो बंधो, संखगुणो देसविरय हस्सियरो ।
सम्मचउ सन्निचउरो, ठिइबंधाणुकम संखगुणा ॥५१॥

सव्वाण वि जिट्ठ ठिई, असुहा जं साऽइसंकिलेसेणं ।
इयरा विसोहिओ पुण, मुत्तुं नरअमर तिरियाउं ॥५२॥

सुहुमनिगोयाइखणऽप्पजोग, बायर य विगलअमणमणा ।
अपज्ज लहु पढमदुगुरू, पज्ज हस्सियरो असंखगुणो ॥५३॥

असमत्त तसुक्कोसो, पज्ज जहन्नियरु एव ठिइठाणा ।
अपजेयर संखगुणा, परमपजबिए असंखगुणा ॥५४॥

पइखणमसंखगुणविरिय, अपज्जपइठिइमसंखलोगसमा ।
अज्झवसाया, अहिया, सत्तसु आउसु असंखगुणा ॥५५॥

तिरिनिरयतिजोयाणं, नरभवजुय सचउपल्ल तेसट्ठं ।
थावरचउइगविगलायवेसु, पणसीइसयमयरा ॥५६॥

अपढमसंघयणागिइ, खगईअणमिच्छदुभगथीणतिगं ।
निय नपु इत्थि दुतीसं, पणिंदिसु अबंधठिइ परमा ॥५७॥

विजयाइसु गेविज्जे, तमाइ दहिसय दुतीस तेसट्ठं ।
पणसीइ सययबंधो, पल्लतिगं सुरविउव्विदुगे ॥ ५८ ॥

समयादसंखकालं, तिरिदुगनीएसु आउ अंतमुहू ।
उरलि असंख परट्टा, सायट्ठिई पुव्वकोडूणा ॥ ५९ ॥

जलहिसयं पणसोयं, परघुस्सासे पणिदि तसचउगे।
बत्तीसं सुहविहगइ, पुमसुभगतिगुच्चचउरंसे ॥६०॥
असुखगइजाइआगिइ, संघयणाहारनरयजोयदुगं।
थीरसुभजसथावरदस, नपुइत्थी दुजुयलमसायं ॥६१॥
समायादंतमुहुत्तं, मणुदुगजिणवइरउरलुवंगेसु।
तित्तीसयरा परमो, अंतमुहु लहू वि आउजिणे ॥६२॥
तिव्वो असुहसुहाणं, संकेसविसोहिओ विवज्जयओ।
मंदरसो गिरिमहिरय-जलरेहासरिसकसाएहिं ॥६३॥
चउठाणाई असुहो, सुहऽन्नहा [१०२]विग्घदेसघाइआवरणा।
पुमसंजलणिगदुतिचउ-, ठाणरसा सेस दुगमाई ॥६४॥
निबुच्छुरसो सहजो, दुतिचउभागकढिइक्कभागंतो।
इगट्ठाणाई असुहो, असुहाण सुहो सुहाणं तु ॥६५॥
तिव्वमिगथावरायव, सुरमिच्छा विगलसुहुमनिरयतिगं।
तिरिमणुआउ तिरिनरा, तिरिदुगछेवट्ठ सुरनिरया ॥६६॥
विउव्विसुराहारदुगं, सुखगइवन्नचउतेयजिणसायं।
समचउपरघातसदस, पणिदि सासुच्च खवगाउ ॥६७॥
तमतमगा उज्जोयं, सम्मसुरा मणुयउरलदुगवइरं।
अपमत्तो अमराउं, चउगइमिच्छा उ सेसाणं ॥६८॥
थीणतिगं अणमिच्छं, मंदरसं संजमुम्मुहो मिच्छो।
बियतियकसाय अविरय, देस पमत्तो अरइसोए ॥६९॥

अपमाइ हारगदुगं, दुनिद्दअसुवन्नहासरइकुच्छा ।
भयमुवघायमपुव्वो, अनियट्टी पुरिससंजलणे ॥७०॥
विग्घावरणे सुहुमो, मणुतिरिया सुहुमविगलतिग आउ ।
वेउव्विछक्कममरा, निरया उज्जोयउरलदुगं ॥७१॥
तिरिदुग निअं तमतमा, जिणमविरय निरयविणिगथावरयं ।
आसुहुमायव सम्मो, व सायथिरसुभजसा सिअरा ॥७२॥
तसवन्नतेयचउमणु–खगइदुगपणिदिसासपरघुच्चं ।
संघयणागिइनपुंथी–, सुभगियरति मिच्छ चउगइया ॥७३॥
चउतेयवन्नवेयणिय–, नामणुक्कोसु सेसधुवबंधी ।
घाईणं अजहन्नो, गोए दुविहो इमो चउहा ॥७४॥
सेसम्मि दुहा (इत्यनुभागबंधः) इग दुग–णुगाइ जा
अभवणंतगुणियाणू ।
खंधा उरलोचिय वग्गणा उ, तह अगहणंतरिया ॥७५॥
एमेव विउव्वाहार,–तेयभासाणुपाणमणकम्मे ।
सुहुमा कमावगाहो, उणूणंगुल असखंसो ॥७६॥
इक्किक्कहिया सिद्धाणंतंसा, अंतरेसु अग्गहणा ।
सव्वत्थ जहन्नुचिया, नियणंतसाहिया जिट्ठा ॥७७॥
अंतिमचउफासदुगंध–, पंचवन्नरसकम्मखंधदलं ।
सव्वजियणंतगुणरस–, मणुजुत्तमणंतयपएसं ॥७८॥
एगपएसोगाढं, नियसव्वपएसओ गहेइ जिओ ।
थेवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥७९॥

विग्घावरणे मोहे, सव्वोवरि वेयणीये जेणप्पे ।
तस्स फुडत्तं न हवइ, ठिईविसेसेण सेसाणं ॥८०॥
नियजाइलद्धदलिया–, णंतंसो होइ सव्वघाईणं ।
बज्झंतीण विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥८१॥
सम्मदर सव्वविरई उ, अणविसंजोय दंसखवगे य ।
मोहसमसंतखवगे, खीणसजोगीयर गुणसेढी ॥८२॥
गुणसेढी दलरयणा–, णुसमयमुदयादसंखगुणणाए ।
एयगुणा पुण कमसो, असंखगुणनिज्जरा जीवा ॥८३॥
पलियासंखंसमुहू, सासण इयरगुण अंतरं हस्सं ।
गुरू मिच्छि बे छसट्ठी, इयरगुणे पुग्गलद्धंतो ॥८४॥
उद्धार अद्ध खित्तं, पलिय तिहा समयवाससयसमए ।
केसवहारो दीवो–दहि आउ तसाइ परिमाणं ॥८५॥
दव्वे खित्ते काले, भावे चउह दुह बायरो सुहुमो ।
होइ अणंतुस्सप्पिणि–परिमाणो पुग्गलपरट्टो ॥८६॥
उरलाइसत्तगेणं, एगजिओ मुयइ फुसिय सव्व अणू ।
जत्तिय कालि स थूलो, दव्वे सुहुमो सगन्नयरा ॥८७॥
लोगपएसोसप्पिणि–, समया अणुभागबंधठाणा य ।
जहतह कममरणेणं, पुट्ठा खित्ताई थूलियरा ॥८८॥
अप्पयरपयडिबंधी, उक्कडजोगी य सन्निपज्जत्तो ।
कुणइ पएसुक्कोसं, जहन्नयं तस्स वच्चासे ॥८९॥
मिच्छ–अजयचउ आऊ, बितिगुण विणु मोहि सत्तमिच्छाई ।
छण्हं सतरस सुहुमो, अजया देसा बितिकसाए ॥९०॥

पण अनियट्टी सुखगइ–, नराउसुरसुभगतिगविउव्विदुगं ।
समचउरंसमसायं, वइरं मिच्छो व सम्मो वा ॥९१॥
निद्दापयलादुजुयल,–भयकुच्छातित्थ सम्मगो सुजई ।
आहारदुगं सेसा, उक्कोसपएसगा मिच्छो ॥९२॥
सुमुणी दुन्नि असन्नो, निरयतिग सुरविउव्विदुगं ।
सम्मो जिणं जहन्नं, सुहुमनिगोयाइखणि सेसा ॥९३॥
दंसणछगभयकुच्छा–बिति तुरियकसायविग्घनाणाणं ।
मूलछगेऽणुक्कोसो, चउह दुहा सेसि सव्वत्थ ॥९४॥
सेढिअसंखिज्जंसे, जोगट्ठाणाणि पयडिठिइभेया ।
ठिइबंधज्झवसाया –णुभागठाणा असंखगुणा ॥९५॥
तत्तो कम्मपएसा, अणंतगुणिया तओ रसच्छेया ।
जोगा पयडिपएसं, ठिइ अणुभागं कसायाओ ॥९६॥
चउदसरज्जूलोओ, बुद्धिकओ होइ सत्तरज्जुघणो ।
तद्दीहेगपएसा, सेढी पयरो य तव्वग्गो ॥९७॥
अण दंस नपुंसित्थी, वेय छक्कं च पुरिसवेयं च ।
दो दो एगंतरिए, सरिसे सरिसं उवसमेइ ॥९८॥
अणमिच्छमीस सम्मं, ति आउ इगविगलथीणतिगुज्जोयं ।
तिरिनरयथावरदुगं, साहारायव अड नपुत्थी ॥९९॥
छगपुमसंजलणा दो,–निद्दाविग्घावरणखए नाणी ।
देविंदसूरि–लिहिअं, सयगमिणं आयसरणट्ठा ॥१००॥

—o—

# બીજી આવૃત્તિની ખાસ વિશેષતાઓ

૧. પંચમ કર્મગ્રન્થની મૂલ ગાથાઓ આપવામાં આવેલ છે.

૨. ટીપ્પણ નં. ૨૨ અંતરાયકર્મનું દેશઘાતિપણું કેવી રીતે હોય તે બાબતનું સ્પષ્ટીકરણ.

૩. ટીપ્પણ નં. ૭૭ શુભકર્મની પણ સ્થિતિ તો અશુભ જ હોય તેનું ખાસ વિવેચન.

૪. સ્થિતિબંધનું કારણ તો કષાય છે. પણ રસબંધનું કારણ કષાય કેવી રીતે? તેની સ્પષ્ટતા પૃષ્ઠ ૩૪૮.

૫. યોગ એ પ્રદેશ અને પ્રકૃતિબંધનું કારણ છે. કષાય એ સ્થિતિ તથા રસબંધનું કારણ છે. તો મિથ્યાત્વ અને અવિરતિ નામના કર્મબંધના કારણોનું શું કાર્ય છે? તે બાબત વિવેચન. પૃ ૩૫૦.

૬. લોકાકાશનો ઘન બનાવવાની રીત માટે ખાસ ચિત્રો–પૃષ્ઠ ૩૫૪–૩૫૫.

૭. ક્ષયોપશમભાવનું સ્પષ્ટીકરણ પૃષ્ઠ ૩૮૩.

૮. ટીપ્પણના ૧ થી ૨૦૯ સુધી નંબરોની ક્રમપૂર્વક ગોઠવણી.

આ ઉપરાંત બીજા અનેક સુધારાઓ પણ આ બીજી આવૃત્તિમાં કરવામાં આવેલ છે.

(બીજી આવૃત્તિમાંથી પુનઃ મુદ્રણ) 'સંપાદક'

। श्री जिनेन्द्राय नमोनमः ।

। पूज्यपादजैनाचार्यश्रीमद्‌विजयमोहनसूरीश्वरेभ्यो नमः ।

# शतकनामा–पंचम कर्मग्रन्थः

## विशेषार्थसहित ।

## પાંચમો કર્મગ્રન્થ

અવતરણ—શ્રી ચૌદપૂર્વ પૈકી 'આગ્રાયણી' નામના બીજા પૂર્વની પાંચમી વસ્તુ (–અધ્યાય વિશેષ) માંથી મહા-પરમોકારી પૂર્વધર ભગવાન્ **શ્રી શિવશર્મસૂરિ** મહારાજાએ ભવ્ય જીવોનાં કલ્યાણ માટે શ્રી **કર્મપ્રકૃતિ** (કમ્મપયડી) નામના ગ્રન્થની રચના કરી, જેમાં પ્રથમ ૧૦૨ ગાથા પ્રમાણ બન્ધનકરણ નામનું પ્રકરણ રચ્યું. તથા એ જ પૂર્વમાંથી એ જ ઉપકારી આચાર્ય ભગવંતે ૧૦૬ ગાથા પ્રમાણ શતક[1] નામનું

---

૧. આગ્રાયણી પૂર્વની ક્ષણલબ્ધિ નામે પાંચમી વસ્તુના ચોથા કમ્મપયડી નામે પ્રાભૃતના છઠ્ઠા નિબંધ નામના અનુયોગદ્વારના બંધવિધાન નામે ચોથા દ્વારમાંથી શતકપ્રકરણ ઉદ્ધરેલું છે.

પ્રકરણ બનાવ્યું. કર્મપ્રકૃતિગ્રન્થનું બન્ધનકરણ અને આ શતક પ્રકરણમાંથી ઉદ્ધરીને પૂ૦ **શ્રી દેવેન્દ્રસૂરિ** મહારાજાએ ૧૦૦ ગાથાના પ્રમાણવાળો આ 'शतक[૨]' નામે પંચમ કર્મગ્રન્થ રચ્યો છે. તે આ શતક કર્મગ્રન્થના પ્રારંભમાં આર્યમહાપુરુષોની દીર્ઘકાળથી ચાલી આવતી અતિ પ્રાચીન અને શિષ્ટ પદ્ધતિ પ્રમાણે પ્રથમ મંગલાચરણ અને ત્યાર બાદ અભિધેય આદિ ૪ અનુબન્ધ (ગ્રન્થના પ્રારંભમાં અવશ્ય કહેવાની ૪ બાબતો) દર્શાવનારી આ પહેલી ગાથા કહેવાય છે—

**नमिय जिणं धुवबंधो–दयसत्ताघाइपुन्नपरियत्ता ।**
**सेयर चउहविवागा, वुच्छं बंधविहि सामी य ।। १ ।।**

गाथार्थ—(जिणं) શ્રી જિનેશ્વરને (नमिय) નમસ્કાર કરીને (धुवबंध) ધ્રુવબંધી (उदय) ધ્રુવોદયી (सत्ता) ધ્રુવસત્તાક (घाइ) ઘાતી (पुन्न) પુણ્ય અને (परियत्ता) પરાવર્ત્તમાન, એ છ પ્રકારની કર્મ પ્રકૃતિઓ (सेयर) ૬ ઇતર–પ્રતિપક્ષપ્રકૃતિઓ અધ્રુવબંધી આદિ સહિત કહીશ. તથા (चउह) ૪ પ્રકારની (विवागा) વિપાકપ્રકૃતિઓ (बंधविहि) ૪ પ્રકારનો બંધ અર્થાત્ પ્રકૃતિબંધ ઇત્યાદિ ૪ ભેદ (નું જઘન્યાદિ ભેદ દ્વારા વર્ણન) અને (सामी) તે ચારે બંધવિધિના સ્વામી તેમ જ ગાથામાં કહેલા (य) ચકારથી વિશેષમાં ઉપશમશ્રેણિ તથા ક્ષપકશ્રેણિનું સ્વરૂપ પણ (वुच्छं) કહીશ.

विशेषार्थ—આ પહેલી ગાથામાં 'नमिय जिणं' એ બે પદથી શ્રી જિનેશ્વરભગવંતને નમસ્કાર કરવારૂપ મંગલાચરણ

૨ शतक એટલે લગભગ ૧૦૦ ગાથાવાળો ગ્રંથ એવો શબ્દાર્થ છે.

કર્યું છે, કોઈ પણ પ્રારંભેલું શુભકાર્ય નિર્વિઘ્નપણે સમાપ્ત થાય એ જ મંગલાચરણનો હેતુ છે.

इति मंगलाचरणम्

તથા ૪ પ્રકારના અનુબન્ધમાં પ્રથમ अभिधेय अनुबंध એટલે આ ગ્રંથમાં શો શો વિષય કહેવાનો છે; તે પ્રથમથી જ દર્શાવવું. આ ગ્રંથમાં મુખ્યત્વે ૨૬ વિષય–દ્વાર કહેવાના છે, તે આ પ્રમાણે—

## ગ્રન્થનાં ૨૬ દ્વાર

| | | | |
|---|---|---|---|
| ૧ | ૧ ધ્રુવબંધી પ્રકૃતિઓ<br>૨ અધ્રુવબંધી પ્રકૃતિઓ | ૭ | ૧૩ ક્ષેત્રવિપાકી પ્રકૃતિ<br>૧૪ જીવવિપાકી ,,<br>૧૫ ભવવિપાકી ,,<br>૧૬ પુદ્ગલવિપાકી ,, |
| ૨ | ૩ ધ્રુવોદયી પ્રકૃતિઓ<br>૪ અધ્રુવોદયી પ્રકૃતિઓ | ૮ | ૧૭ પ્રકૃતિબંધ<br>૧૮ સ્થિતિબંધ<br>૧૯ રસબંધ<br>૨૦ પ્રદેશબંધ |
| ૩ | ૫ ધ્રુવસત્તાક પ્રકૃતિઓ<br>૬ અધ્રુવસત્તાક પ્રકૃતિઓ | ૯ | ૨૧ પ્રકૃતિબંધ સ્વામી<br>૨૨ સ્થિતિબંધ ,,<br>૨૩ રસબંધ ,,<br>૨૪ પ્રદેશબંધ ,, |
| ૪ | ૭ ઘાતી પ્રકૃતિઓ<br>૮ અઘાતી પ્રકૃતિઓ | ૧૦ | ૨૫ ઉપશમશ્રેણિ<br>૨૬ ક્ષપકશ્રેણિ |
| ૫ | ૯ પુણ્ય પ્રકૃતિઓ<br>૧૦ પાપ પ્રકૃતિઓ | | |
| ૬ | ૧૧ પરાવર્ત્તમાન પ્રકૃતિઓ<br>૧૨ અપરાવર્ત્તમાન ,, | | |

## ગ્રન્થનાં ૨૬ દ્વારોનો સામાન્ય અર્થ

૧. ધ્રુવબંધી—જે પ્રકૃતિ પોતાનો બંધહેતુ પ્રાપ્ત થયે અથવા સ્વબંધસ્થાન પર્યન્ત નિરન્તર અવશ્ય બંધાય તે ૪૭ પ્રકૃતિ છે.

૨. અધ્રુવબંધી—જે પ્રકૃતિ પોતાનો બંધહેતુ અથવા બંધસ્થાન પ્રાપ્ત હોવા છતાં પણ કોઈ વખત બંધાય અને કોઈ વખત ન પણ બંધાય તે અહીં બંધહેતુ તે મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ એ જ મૂળબંધહેતુ અને દરેકના પ્રતિભેદ ગણતાં ૫૭ ઉત્તરબંધહેતુ છે, તેનું વિશેષ સ્વરૂપ ચોથા કર્મગ્રંથમાં કહ્યું છે. એ અધ્રુવબંધી ૩૭ પ્રકૃતિ છે.

૩. ધ્રુવોદયી—જે પ્રકૃતિ પોતાના ઉદય-વિચ્છેદસ્થાન પર્યન્ત સતત-નિરન્તર ઉદયવાળી હોય તે ૨૭ પ્રકૃતિ છે.

૪. અધ્રુવોદયી—જે પ્રકૃતિ પોતાના ઉદય-વિચ્છેદસ્થાન સુધીમાં પણ કદાચિત્ ઉદયમાં આવે અને કદાચિત્ ઉદયમાં ન આવે તે. અહીં તથાવિધ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવ એ ૫ ઉદયહેતુ છે, તે ઉદયહેતુ પામીને પણ ઉદય ન આવે તે અધ્રુવોદયી. જેમ દ્રવ્યથી ચન્દનાદિવિલેપન થવા છતાં, ક્ષેત્રથી અનુકૂળ ક્ષેત્રસ્થાન મળવા છતાં, કાળથી અનુકૂળ ઋતુઆદિ પ્રાપ્ત થવા છતાં, ભાવથી અનુકૂળ ભાવ-રાગાદિપરિણામ પ્રાપ્ત થવા છતાં, અને ભવથી અનુકૂળ દેવગતિ આદિ મળવા છતાં પણ શાતાવેદનીય આદિ પ્રકૃતિઓ કદાચિત્ ઉદયમાં આવે છે અને કદાચિત્ ઉદયમાં નથી આવતી; માટે તેવી પ્રકૃતિઓ અધ્રુવોદયી કહેવાય, એ બીજો અર્થ પણ પહેલા અર્થને બાધ ન કરે તેવી રીતે સમજવો. એ અધ્રુવોદયી ૯૫ પ્રકૃતિ છે.

૫. ધ્રુવસત્તાક—જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિવિશિષ્ટ ગુણ રહિત એવા સર્વ સંસારી જીવોને નિરન્તર હોય તે ધ્રુવસત્તાક પ્રકૃતિ ૧૩૦ છે.

પ્રશ્ન—અહીં 'સમ્યક્ત્વાદિવિશિષ્ટગુણરહિત' એ વિશેષણનું શું પ્રયોજન?

ઉત્તર—સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણમાં ચઢતો જીવ તો અનુક્રમે દરેક પ્રકૃતિને સત્તામાંથી ક્ષય કરતો જાય છે, માટે જો તેવા વિશિષ્ટ ગુણવાળા જીવને અંગે વિચારીએ તો દરેક પ્રકૃતિ અધ્રુવસત્તાક થવાથી ધ્રવસત્તાક ભેદની જ ઉત્પત્તિ ન થાય, માટે એ વિશેષણ સાર્થક છે.

અથવા જે પ્રકૃતિ પોતાના સત્તાવિચ્છેદસ્થાન પર્યન્ત નિરન્તર સત્તાવાળી હોય તે ધ્રુવસત્તાક એવો બીજો અર્થ પણ જાણવો.

૬. અધ્રુવસત્તાક—જે પ્રકૃતિની સત્તા સમ્યક્ત્વાદિવિશિષ્ટ ગુણ રહિત એવા સર્વ સંસારી જીવોમાં પણ કદાચિત્ હોય અને કદાચિત્ ન પણ હોય તે ૨૮ પ્રકૃતિ છે.

અથવા જે પ્રકૃતિ પોતાના સત્તાવિચ્છેદસ્થાન સુધીમાં પણ કદાચિત્ સત્તાવાળી હોય, અને કદાચિત્ સત્તા રહિત હોય તો તે પણ અધ્રુવસત્તાક કહેવાય; એ બીજો અર્થ છે.

૭. ઘાતી—જે પ્રકૃતિ પોતાને આવરવા યોગ્ય જીવ ગુણનો (જ્ઞાનાદિકનો) ઘાત કરે એટલે જીવનો તે ગુણ પ્રગટ ન થવા દે તે. અહીં જીવના કેવલજ્ઞાન વગેરે સર્વગુણ-સંપૂર્ણગુણનો ઘાત કરે તે સર્વઘાતી અને જીવના અવધિજ્ઞાન વગેરે

દેશ-આંશિકગુણનો ઘાત કરે તે દેશઘાતી[3] એમ ઘાતિ પ્રકૃતિના ૨ ભેદ છે, તે ૨૦+૨૫=૪૫ પ્રકૃતિ છે.

૮. अघाती—જે પ્રકૃતિ જીવના જ્ઞાનાદિગુણનો કિંચિત્ માત્ર પણ ઘાત ન કરે (અર્થાત્ જીવના કોઈ પણ ગુણને ન આવરે) તે અઘાતી. જો કે આ અઘાતી પ્રકૃતિઓ સ્વરૂપથી અઘાતી છે તોપણ ચોરની સંગતિમાં રહેલો ચોરી ન કરનારો મનુષ્ય પણ સંગતિદોષથી ચોર ગણાય છે, તે પ્રમાણે આ અઘાતી પ્રકૃતિઓ પણ સર્વઘાતિ પ્રકૃતિઓના સંબંધમાં જ્યાંસુધી રહી છે, ત્યાંસુધી સર્વઘાતિપ્રતિભાગ (સર્વ-ઘાતી સદૃશ) ગણાય છે. તે ૭૫ પ્રકૃતિ છે.

૯. पुण्यप्रकृति—જે પ્રકૃતિનું ફળ જીવને ભોગવતી વખતે આહ્‌લાદપણે-સુખરૂપે ભોગવાય તે પુણ્યપ્રકૃતિ ૪૨ છે.

૧૦. पापप्रकृति—જે પ્રકૃતિનું ફળ જીવને ભોગવતી વખતે દુઃખરૂપે ભોગવાય તે પાપપ્રકૃતિ ૮૨ છે.

૧૧. परावर्त्तमान—જે પ્રકૃતિ અન્ય પ્રકૃતિના બંધ, ઉદય અથવા બંધોદય-બન્નેને અટકાવીને પોતાનો બંધ, ઉદય અથવા બંધોદય-બન્નેને પ્રગટ કરે તે ૯૧ છે.

૧૨. अपरावर्त्तमान—જે પ્રકૃતિ બીજી પ્રકૃતિના બંધ, ઉદય અથવા બંધોદય-બન્નેને અટકાવ્યા વિના પોતાના બંધ, ઉદય અથવા બંધોદય-બન્નેને પ્રગટ કરે તે અપરાવર્તમાન પ્રકૃતિ ૨૯ છે.

૩ અહીં ઘાતિ-અઘાતિપણું તે પ્રકૃતિના તથાપ્રકારના ઘાતિ-અઘાતિ રસથી જ હોય છે.

૧૩. ક્ષેત્રવિપાકી—જે પ્રકૃતિનો ઉદય મુખ્યત્વે ક્ષેત્ર એટલે આકાશના આશ્રયે પ્રગટ થાય તે ૪ આનુપૂર્વી છે.

૧૪. જીવવિપાકી—જે પ્રકૃતિનો ઉદય મુખ્યત્વે જીવ આશ્રયી હોય તે ૭૮ પ્રકૃતિઓ છે.

૧૫. ભવવિપાકી—જે પ્રકૃતિનો ઉદય મુખ્યત્વે ભવ-ગતિ આશ્રયી હોય તે, અર્થાત્ તે તે ગતિના ઉદયમાં તે તે પ્રકૃતિનો અવશ્ય ઉદય હોય, અથવા જેના ઉદયથી તે ગતિનો પણ અવશ્ય વિપાક ઉદય હોય તે ભવવિપાકી ૪ આયુષ્ય છે.

૧૬. પુદ્ગલવિપાકી—જે પ્રકૃતિનો ઉદય [૪]શરીરરૂપે પરિણમતાં પુદ્ગલો પ્રત્યે હોય તે પુદ્ગલવિપાકી ૩૬ પ્રકૃતિઓ છે.

૧૭. પ્રકૃતિબંધ—કયા કર્મનો કેવો સ્વભાવ છે; તેનું નિયતપણું થવું તે પ્રકૃતિબંધ છે.

૧૮. સ્થિતિબંધ—કયું કર્મ જીવના સંબંધમાં કેટલા કાળ સુધી રહે; તેનો નિયમ થવો તે સ્થિતિબંધ છે.

૧૯. રસબંધ—બંધસમયે કયું કર્મ કેટલા પ્રમાણમાં તીવ્ર-મંદપણે ફળ આપશે; અને તે પણ શુભ કે અશુભ; તે સંબંધી નિયતપણું થવું તે રસબંધ છે.

૨૦. પ્રદેશબંધ—બંધસમયે કયા કર્મના કેટલા પ્રદેશ—કર્મસ્કંધો બંધાય; તેનો નિયમ તે પ્રદેશબંધ છે.

---

૪. ઔદારિકાદિ પાંચ શરીરપણે જ પરિણમતાં પુદ્ગલો આશ્રયી વિપાકદર્શક પ્રકૃતિઓ પુદ્ગલવિપાકી હોવાથી ઇન્દ્રિય-સ્વર-ઉચ્છ્વાસ આદિ કર્મો પુદ્ગલવિપાકી નથી.

૨૧. **प्रकृतिबंधस्वामी**—જઘન્ય તથા ઉત્કૃષ્ટ સંખ્યાવાળી પ્રકૃતિઓ બાંધનાર કયા ગુણસ્થાનવાળા અથવા કયા જીવો છે; તે કહેવું.

૨૨. **स्थितिबंधस्वामी**—કયા કર્મની જઘન્ય સ્થિતિ બાંધનાર તથા ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધનાર કયા જીવો છે; એમ કહેવું તે.

૨૩. **रसबंधस्वामी**—કયા કર્મનો જઘન્ય રસ તથા ઉત્કૃષ્ટ રસ બાંધનાર કયા જીવો છે; એમ કહેવું તે.

૨૪. **प्रदेशबंधस्वामी**—કયા કર્મના જઘન્ય (ઓછામાં ઓછા) પ્રદેશો ગ્રહણ કરનાર તથા ઉત્કૃષ્ટ (વધુમાં વધુ) ગ્રહણ કરનાર કયા જીવો છે; તેનો નિર્ણય દર્શાવવો તે.

૨૫. **उपशमश्रेणि**—મોહનીય કર્મની પ્રકૃતિઓને ઉપશમાવવાની (સત્તામાં રહેવા દઈ ઉદયમાં ન આવવા દેવાની) પદ્ધતિ દર્શાવવી તે.

૨૬. **क्षपकश्रेणि**—આઠે કર્મની ૧૫૮ પ્રકૃતિઓનો ક્ષય કરવાની (સત્તામાંથી પણ સર્વથા કાઢી નાખી આત્માને કર્મ રહિત બનાવવાની) પદ્ધતિ દર્શાવવી તે.

એ પ્રમાણે આ ગ્રન્થમાં ૨૬ દ્વારો અભિધેય છે (કહેવા યોગ્ય વિષયો છે.) **इति अभिधेयअनुबंध** તથા ગાથામાં બીજા ૩ અનુબંધ સ્પષ્ટ નથી કહ્યા તોપણ તે અનુબંધ આ પ્રમાણે છે;—ભવ્યજીવો કે જેઓ મોક્ષમાર્ગાભિમુખી થઈ જીવ અને કર્મના સંબંધનું જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળા છે તેવા જિજ્ઞાસુઓ આ ગ્રંથ ભણવાના અધિકારી ગણાય. આ પ્રકરણનો

અર્થ શ્રી સુધર્માસ્વામી ગણધરથી પ્રારંભીને ગુરુપરંપરાએ ચાલ્યો આવે છે, માટે મતિ કલ્પનાથી નવીન રચેલ નથી તેથી બુદ્ધિમાનોએ આદરવા યોગ્ય છે. એ ગુરુપારંપર્યસંબંધ, તથા આ ગ્રન્થમાં કહેલો જીવ અને કર્મનો સંબંધ વાચ્ય–સાધ્ય અને ઉપેય છે, અને તે સંબંધી જ્ઞાન મેળવવામાં આ ગ્રંથ વાચક–સાધન તથા ઉપાયરૂપ છે. એ પ્રમાણે વાચ્યવાચક, સાધ્યસાધન, અને ઉપાયોપેય સહિત ૪ પ્રકારનો संबंधअनुबंध જાણવો. તથા આ ગ્રંથ ભણનારને જ્ઞાનપ્રાપ્તિ, અને ભણાવનારને ઉપકારબુદ્ધિથી થતી નિર્જરા એ શ્રોતા–વક્તાનું અનન્તર પ્રયોજન (શીઘ્રફળ) છે, અને બન્નેને અનુક્રમે મોક્ષપ્રાપ્તિ એ પરંપર પ્રયોજન (અંતિમ ફળ) છે, એ પ્રમાણે ૪ પ્રકારનો प्रयोजनअनुबंध જાણવો. ॥ ૧ ॥

---

अवतरण—પ્રથમ ગાથામાં જે અનુક્રમે ૨૬ દ્વારો કહ્યાં. તે અનુક્રમે દ્વારોનું વર્ણન કરતાં ગ્રંથકાર પહેલું ધ્રુવબંધિ દ્વાર કહેવાને માટે તે ધ્રુવબંધિ પ્રકૃતિઓ આ બીજી ગાથામાં દર્શાવે છે.

**वन्नचउतेयकम्मा–गुरुलहुनिमिणोवघायभयकुच्छा ।**
**मिच्छकसायावरणा–विग्घं धुवबंधि सगचत्ता ॥ २ ॥**

गाथार्थ—(वन्नचउ) વર્ણચતુષ્ક વર્ણ–ગંધ–રસ–સ્પર્શ (तेय) તૈજસ શરીર (कम्म) કાર્મણ શરીર (अगुरुलहु) અગુરુલઘુ (निमिण) નિર્માણ (उवघाय) ઉપઘાત (भय) ભય (कुच्छा) જુગુપ્સા (मिच्छा) મિથ્યાત્વ-

મોહનીય ( कसाय ) ૧૬ કષાય અને ( आवरण ) ૫ જ્ઞાનાવરણ, નવ દર્શનાવરણ-એ ૧૪ આવરણકર્મ તથા ( विग्घं ) ૫ અન્તરાય એ ( सगचत्ता ) ૪૭ ( धुववंधी ) ધ્રુવબંધી પ્રકૃતિઓ છે.

વિશેષાર્થ—એ ૪૭ માં મિથ્યાત્વનો બંધહેતુ મિથ્યાત્વ પોતે જ છે, તેમ જ ૧૬ કષાયોનો બંધહેતુ પણ પોતપોતાનો ઉદય છે, અને શેષ ૩૦ પ્રકૃતિઓના બંધહેતુ પણ યથાસંભવ કષાયો જ છે, અને તે તે હેતુઓ જ્યાંસુધી વિદ્યમાન છે ત્યાંસુધી અવશ્ય તે તે પ્રકૃતિઓ નિરન્તર બંધાતી હોવાથી એ ૪૭ પ્રકૃતિઓ ધ્રુવબંધી છે.

**અપવાદ ૧**—શ્રેણિથી પડીને મિથ્યાત્વગુણસ્થાને આવેલા જીવને ( જેણે અનંતાનુબંધિની વિસંયોજના કરી છે તેવા જીવને ) જો કે પ્રથમ આવલિકા વખતે અનંતાનુબંધિનો બંધ છે. પરન્તુ ઉદય નથી તો તે વખતે અનંતાનુબંધિનો બંધહેતુ મિથ્યાત્વ પણ છે એમ જાણવું.

**અપવાદ ૨**—૧૦ મા ગુણસ્થાને સૂક્ષ્મકષાયોદય હોવા છતાં પણ કષાયનો બંધ નથી; તેનું કારણ કે કષાયનો બાદર ઉદય એ જ કષાયનો બંધહેતુ છે, માટે તે સ્થાને કષાયનો બંધ નથી.

**અપવાદ ૩**—જે જે પ્રકૃતિને અંગે કષાયોદય હેતુ કહ્યો છે તે સંબંધમાં કેટલીક પ્રકૃતિઓને અંગે અમુક અમુક હદ સુધીનો કષાય હેતુભૂત છે, જેથી આગળ કષાયોદય હોવા છતાં પણ તે તે પ્રકૃતિનો બંધ ન હોય તો વિરોધ સમજવો નહિ, જેમ વર્ણચતુષ્કાદિકના બંધમાં અપૂર્વગુણસ્થાનના ૬ ઠ્ઠા

ભાગ સુધીનો જ કષાય બંધહેતુ છે, પરન્તુ તેથી આગળનો નહીં; અને કેટલીક પ્રકૃતિઓમાં કષાયબંધહેતુ પર્યન્ત સુધી પણ છે.

અથવા દ્વારોના અર્થમાં કહેલા બીજા અર્થ પ્રમાણે ('સ્વબંધવિચ્છેદસ્થાન પર્યન્ત અવશ્ય નિરન્તર બંધાય તે ધ્રુવબંધી' એ અર્થ પ્રમાણે) પણ આ સર્વપ્રકૃતિઓ પોતપોતાના બંધવિચ્છેદસ્થાનપર્યન્ત સતત બંધવાળી હોવાથી ધ્રુવબંધી છે. ॥ ૨ ॥

॥ प्रथमं ध्रुवबंधिप्रकृतिद्वारं समाप्तम् ॥

अवतरण—પૂર્વ ગાથામાં ૪૭ ધ્રુવબંધિ પ્રકૃતિઓ કહીને હવે આ બે ગાથામાં ૭૩ અધ્રુવબંધિ પ્રકૃતિઓ કહેવા પૂર્વક તે ધ્રુવઅધ્રુવપણામાં બંધકાળ કેટલો હોય; તે કાળના ચાર ભાંગા (કાળની ચતુર્ભંગી) દ્વારા દર્શાવાય છે—

**तणुवंगागिइसंघयण, जाइ गइ खगइ पुव्वि जिणु सासं ।**
**उज्जोयायवपरघा, तसवीसागोयवेयणियं ॥ ३ ॥**
**हासाइजुयलदुगवे--य आउ तेवुत्तरी अधुवबंधा ।**
**भंगा अणाइ साइ, अणंतसंतुत्तरा चउरो ॥ ४ ॥**

गाथार्थ–(तणु) શરીર ૩ ઔદારિક–વૈક્રિય–આહારક (उवंग) ઉપાંગ ૩–ઔદા૦ઉપાંગ–વૈ૦ઉપાંગ–આહા૦ઉપાંગ (आगिइ) આકૃતિ એટલે સંસ્થાન ૬ (संघयण) સંઘયણ ૬ (जाइ) જાતિ ૫, એકેન્દ્રિયાદિ (गइ) ગતિ ૪ (खगइ) ખગતિ એટલે વિહાયોગતિ ૨, (पुव्वि) આનુપૂર્વી ૪ (जिण) જિનનામ (सासं) ઉચ્છ્વાસ (उज्जोय) ઉદ્યોત (आयव) આતપ (परघा)

પરાઘાત ( तसवीसा ) ત્રસાદિ ૧૦ તથા સ્થાવરાદિ ૧૦ ( गोय ) ગોત્ર ૨, ( वेयणियं ) વેદનીય ૨.

( हासाइ जुयलदुग )–હાસ્યાદિકનાં ૨, યુગલ એટલે હાસ્ય-રતિ તથા શોક–અરતિ ( वेय ) વેદ ૩ ( आउ ) આયુષ્ય ૪, એ સર્વ મળી ( तेवुत्तरी ) ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધી છે, તેમાં યથાયોગ્ય ( अणंतुत्तरा ) ઉત્તરપદમાં અનન્ત તથા ( संतुत्तरा ) ઉત્તરપદમાં સાન્ત એવા ( अणाइ ) અનાદિ તથા ( साइ ) સાદિ સંબંધી કાળના ( चउरो ) ચાર ( भंगा ) ભાંગા છે, અર્થાત્ ૧ અનાદિઅનન્ત, ૨ અનાદિસાન્ત, ૩ સાદિઅનન્ત અને ૪ સાદિસાન્ત એ કાળના ૪ ભાંગા જાણવા.

विशेषार्थ—એ ૭૩ પ્રકૃતિઓમાં જિનનામકર્મ સમ્યક્ત્વના, અને આહારકદ્વિક અપ્રમત્તચારિત્રના હેતુથી પણ કદાચિત્ બંધાય છે અને કદાચિત્ નહિ, માટે અધ્રુવબંધી છે. એ સમ્યક્ત્વાદિ હેતુમાં પણ કષાયોદય સામાન્યહેતુ તો અવશ્ય છે, તોપણ અહીં સમ્યક્ત્વાદિ એ જ મુખ્ય બંધહેતુ છે; કારણ કે સમ્યક્ત્વાદિરહિત જીવને ગમે તેવી કષાયમંદતા હોય તોપણ જિનનામકર્મ અને આહારકદ્વિક ન બંધાય.

તથા પરભવપ્રાયોગ્ય બંધાતી પ્રકૃતિઓ પણ જો પર્યાપ્ત પ્રાયોગ્ય બંધાતી હોય તો જ ઉચ્છ્વાસ અને પરાઘાત બંધાય છે, અને અપર્યાપ્તપ્રાયોગ્ય બંધાતી પ્રકૃતિઓમાં તે બન્ને બંધાય નહિં માટે એ ઉચ્છ્વાસ અને પરાઘાત અધ્રુવબંધી છે.

તથા સૂર્ય વિમાનમાં વર્તતા બાદરપૃથ્વીકાય પ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધનાર જીવને જ આતપનામકર્મનો બંધ હોય અને બીજાને ન હોય માટે આતપનામકર્મ, અધ્રુવબંધી છે.

તથા પ્રકાશયુક્તશરીરવાળા તિર્યંચપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધનાર જીવને ઉદ્યોતનામકર્મનો બંધ હોય છે, અને બીજાને નહિ માટે ઉદ્યોતનામકર્મ અધ્રુવબંધી છે.

શેષ ૬૬ પ્રકૃતિઓ પોતાની પ્રતિપક્ષી પ્રકૃતિ બંધાતી હોય તે વખતે ન બંધાય અને પ્રતિપક્ષી (બંધવિરોધી) પ્રકૃતિ ન બંધાતી હોય ત્યારે બંધાય માટે અધ્રુવબંધી છે.

હવે અધ્રુવબંધિ પ્રકૃતિઓમાં કાળના ૪ ભાંગા દર્શાવવાના છે, તે ૪ ભાંગા આ પ્રમાણે—જે પ્રકૃતિનો બંધ અનાદિકાળથી નિરન્તર ચાલુ છે, અને ભવિષ્યમાં બંધવિચ્છેદ થવાનો પણ નથી તે ૧ अनादिअनंत બંધ અભવ્ય જીવોને ધ્રુવબંધિ પ્રકૃતિઓનો જ હોય કારણ કે અભવ્યજીવોને સમ્યક્ત્વાદિ વિશિષ્ટગુણપ્રાપ્તિના અભાવે કેટલીક પ્રકૃતિઓનો બંધવિચ્છેદ અથવા અબંધ પણ નથી; તથા જે પ્રકૃતિનો બંધ અનાદિકાળથી અવિચ્છિન્નપણે ચાલુ છે પરંતુ ભવિષ્યમાં વિશિષ્ટ આત્મગુણપ્રાપ્તિના સદ્ભાવે તે પ્રકૃતિનો બંધવિચ્છેદ અથવા અબંધ થશે તો તે ૨ अनादिसान्त બંધ ભવ્ય જીવોને જ હોય, તથા જે પ્રકૃતિ બંધવિચ્છેદ થઈને અથવા અબંધ થઈને પુનઃ બંધાય તે સાદિ, અને તે પુનર્બંધ પુનઃ અનન્તકાળ સુધી અવિચ્છિન્નપણે ચાલુ રહે તો તે ૩ सादिअनन्त બન્ધ કહેવાય. આવો બંધ કોઈ પણ પ્રકૃતિનો કોઈ પણ જીવને હોય નહિ તેથી એ ત્રીજો ભાંગો શૂન્ય છે; તથા એ જ પુનર્બંધ પુનઃ વિચ્છેદ પામે તો તે सादिसान्त બંધ ભવ્યને ધ્રુવબંધિનો પણ હોય અને અભવ્યને કેવળ અધ્રુવબંધિનો જ હોય ॥૩-૪॥

अवतरण—પૂર્વગાથામાં ધ્રુવાધ્રુવપ્રકૃતિબંધને અંગે કહેલા કાળના ૪ ભંગમાંથી ત્રીજો શૂન્યભંગ વર્જીને શેષ ૩ ભાંગા જે રીતે પ્રાપ્ત થાય છે તે રીતે દર્શાવાય છે, તેમ જ ધ્રુવાધ્રુવોદયિ પ્રકૃતિઓમાં પણ કાળના એ ૨ ભાંગા જુદા ન કહેવા માટે પ્રસંગતઃ ધ્રુવાધ્રુવોદયિ પ્રકૃતિઓમાં પણ એ ૩ ભંગ દર્શાવાય છેઃ—

**पढम बिया धुवउदइसु, धुवबंधिसु तइयवज्ज भंगतिगं,**
**मिच्छम्मि तिन्नि भंगा, दुहा वि अधुवा तुरियभंगा ॥५॥**

गाथार्थ—(धुवउदइसु) મિથ્યાત્વ સિવાય શેષ ૨૬ ધ્રુવોદયિ પ્રકૃતિઓમાં (पढम बिया) પહેલો તથા બીજો ભાંગો એટલે અનાદિઅનન્ત તથા અનાદિસાન્ત ભાંગો હોય છે. (धुवबंधिसु) મિથ્યાત્વવર્જીને શેષ ૩૬ ધ્રુવબંધિ પ્રકૃતિઓમાં (तइय वज्ज) ત્રીજો સાદિઅનન્ત ભંગ શૂન્ય હોવાથી વર્જીને શેષ (भंगतिगं) ૩ ભાંગા હોય છે. (मिच्छंमि) મિથ્યાત્વને વિષે (એટલે ધ્રુવોદયિ તથા ધ્રુવબંધિ એ બંને પ્રકારના મિથ્યાત્વમાં) ત્રીજો વર્જીને (तिन्नि भंगा) ૩ ભાંગા હોય છે. અને (दुहा वि अधुवा) બન્ને પ્રકારની અધ્રુવપ્રકૃતિઓ એટલે અધ્રુવોદયી તથા અધ્રુવબંધી પ્રકૃતિઓ (तुरिय) એ સાદિસાન્ત નામના ચોથા (भंगा) ભાંગાવાળી છે ॥ ૫ ॥

विशेषार्थ—

### ૨૬ ધ્રુવોદયિ પ્રકૃતિઓમાં ૨ ભાંગા

મિથ્યાત્વ સિવાયની શેષ ૨૬ ધ્રુવોદયી પ્રકૃતિઓ અભવ્યને અનાદિઅનન્તકાળ સુધી સતત ઉદયવાળી છે, અને

ભવ્યોને ગુણસ્થાનકની વૃદ્ધિ સમયે ઉદયવિચ્છેદ પામે છે માટે અનાદિસાન્ત છે. ક્યાં ક્યાં વિચ્છેદ પામે છે; ઇત્યાદિ સ્વરૂપ આગળ આપેલા કોષ્ઠક ઉપરથી સમજવું.

## ૪૬ ધ્રુવબંધિ પ્રકૃતિઓમાં ૩ ભાંગા

તથા કાળના ૪ ભાંગામાંથી ત્રીજો ભાંગો શૂન્ય-અપ્રાપ્ત કહ્યો છે, તેથી શેષ ૩ ભાંગા મિથ્યાત્વરહિત ૪૬ ધ્રુવબંધિઓમાં હોય છે. ત્યાં ૧ અનાદિઅનન્ત અભવ્યને અને શેષ ૨ ભાંગા ભવ્યને જ હોય છે, કારણ કે ધ્રુવબંધિનો બંધવિચ્છેદ અને બંધવિચ્છેદ થવાથી પુનર્બંધ પણ ભવ્યને જ હોય છે, તેનાં વિશેષ સ્થાન કોષ્ઠકથી જાણવાં.

## બન્ને પ્રકારના મિથ્યાત્વમાં ૩-૩ ભાંગા

અહીં મિથ્યાત્વ ધ્રુવોદયિમાં તથા ધ્રુવબંધિમાં પણ અંતર્ગત છે તોપણ તેની જુદી વિવક્ષા કરવાનું કારણ એ છે કે મિથ્યાત્વના ધ્રુવોદય તથા ધ્રુવબંધ બંનેમાં ૩-૩ ભાંગા પ્રાપ્ત થાય છે, ત્યાં અનાદિઅનન્ત ભાંગો અભવ્યને છે; અને શેષ ૨ ભાંગા ભવ્યને છે.

## ૭૩ અધ્રુવબંધિ તથા ૯૫ અધ્રુવોદયિ પ્રકૃતિઓમાં સાદિસાન્ત ભાંગો

તથા અધ્રુવબંધિ પ્રકૃતિઓ અને અધ્રુવોદયિ પ્રકૃતિઓ તો પોતાના અધ્રુવપણાના ( એટલે કદાચિત્ બંધ, કદાચિત્ અબંધ તથા કદાચિત્ ઉદય અને કદાચિત્ અનુદયપણાના ) કારણથી જ ચોથા સાદિસાન્તભાંગાવાળી છે. ॥ ૫ ॥

द्वितीयं अध्रुवबन्धिप्रकृतिद्वारं समाप्तम् ॥

---

# ૨૭ ધ્રુવોદયિમાં કાલભંગા ।

| પ્રકૃતિઓ | અનાદિ અનન્ત | કયા જીવને? | અનાદિ સાન્ત | કયા જીવને? | સાદિ અનન્ત | કયા જીવને? | સાદિ સાન્ત | કયા જીવને? | ઉદયનું સાન્તપણું કયાં? | બંધનું સાન્તપણું કયાં? | ઉદયની આદિ કયાં? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ્ઞાના૦૫-વિઘ્ન ૫-દર્શના૦૪(એ ૧૪) | ૧ | અભવ્ય | ૧ | ભવ્ય | ૦ | ૦ | ૦ | ૦ | ૧૨ માના અન્તે | ... | ૦ |
| મિથ્યાત્વ | ૧ | ,, | ૧ | ,, | ૦ | ૦ | ૧ | ભવ્ય | ૧ માન્તે | ... | ૨-૩-૪ થી પડી રહેલ આવતાં |
| શેષ ૧૨ ધ્રુવોદયીમાં | ૧ | ,, | ૧ | ,, | ૦ | ૦ | ૦ | ૦ | ૧૩ માન્તે | ... | ૦ |

| પ્રકૃતિઓ | અનાદિ અનન્ત | ક્યા જીવને ? | અનાદિ સાન્ત | ક્યા જીવને ? | સાદિ અનન્ત | ક્યા જીવને ? | સાદિ સાન્ત | ક્યા જીવને ? | બંધનું સાન્ત-પણું ક્યાં ? | બંધની આદિ ક્યાં ? |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જ્ઞાના૦૫–વિઘ્ન ૫–દર્શના૦૪ એ ૧૪ | ૧ | અ-ભવ્ય | ૧ | ભવ્ય | ૦ | ૦ | ૧ | ભવ્ય | ૧૦ માન્તે | ૧૧ થી પડી ૧૦ મે આવતા |
| ૪ સંજ્વલન | ૧ | ,, | ૧ | ,, | ૦ | ૦ | ૧ | ,, | ૯ મે | ૧૦ થી પડી ૯ મે આવતા |
| નિદ્રા ૨-તૈ૦–કા-વ-ર્ણાદિ ૪–અગુ૦-ઉપ૦ નિર્માણ–ભય–જુગુ્સા એ ૧૩ | ૧ | ,, | ૧ | ,, | ૦ | ૦ | ૧ | ,, | ૮ મે | ૯ થી પડી ૮ મે આવતા |
| ૪ અપ્રત્યાખ્યાની | ૧ | ,, | ૧ | ,, | ૦ | ૦ | ૧ | ,, | ૪ થાન્તે | ૫ થી પડી ૪ થે આવતા |
| ૪ પ્રત્યાખ્યાનાવરણ | ૧ | ,, | ૧ | ,, | ૦ | ૦ | ૧ | ,, | ૫ માન્તે | ૬ થી પડી ૫ મે આવતા |
| ૪ અનંતાનુ–૩ સ્ત્યાનર્ધિત્રિક એ ૭ | ૧ | ,, | ૧ | ,, | ૦ | ૦ | ૧ | ,, | ૧ માન્તે | ૨-૩-૪ થી પડી ૧ લે આવતા |
| ૧ મિથ્યાત્વ | ૧ | ,, | ૧ | ,, | ૦ | ૦ | ૧ | ,, | ૧ માન્તે | ૨-૩-૪ થી પડી ૧ લે આવતા |

अवतरण—પૂર્વગાથાઓમાં ધ્રુવાધ્રુવબંધિ પ્રકૃતિઓ, તથા ધ્રુવાધ્રુવબંધિ તેમ જ પ્રસંગતઃ ધ્રુવાધ્રુવોદયિ પ્રકૃતિઓમાં કાળની ચઉભંગી યથાસંભવ કહીને હવે આ ગાથામાં ધ્રુવોદયિ પ્રકૃતિઓ કહે છે.

**निमिण थिरअथिर अगुरुय, सुहअसुहं तेय कम्म चउवन्ना ।**
**नाणंतराय दंसण, मिच्छं धुवउदय सगवीसा ।। ६ ।।**

गाथार्थ—નિર્માણ, સ્થિર, અસ્થિર, અગુરુલઘુ, શુભ, અશુભ, તૈજસ, કાર્મણ અને વર્ણાદિ ૪ એ નામકર્મની ૧૨, જ્ઞાનાવરણ ૫, અન્તરાય ૫, દર્શનાવરણ ૪ અને મિથ્યાત્વ. એ ૨૭ ધ્રુવોદયિ પ્રકૃતિઓ છે.

विशेषार्थ—એ ૨૭ પ્રકૃતિઓ પોતપોતાનું ઉદય વિચ્છેદ-સ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સતત-નિરન્તર ઉદયવાળી હોવાથી નિત્યોદયી અથવા ધ્રુવોદયી કહેવાય છે તેમાં નિર્માણથી વર્ણચતુષ્ક સુધીની ૧૨ નામ ધ્રુવોદયી પ્રકૃતિઓ ૧૩ મા સયોગિગુણસ્થાન પર્યન્ત સતત ઉદયવાળી છે. મિથ્યાત્વ સિવાયની ૧૪ ઘાતિ પ્રકૃતિઓ ૧૨ મા ક્ષીણમોહ ગુણસ્થાન પર્યંત સતત ઉદયવાળી છે, અને મિથ્યાત્વ પહેલા ગુણસ્થાને જ સતત ઉદયવાળું છે. એ પ્રમાણે પોતપોતાના સ્થાને એ ૨૭ પ્રકૃતિઓ ઉદયવાળી છે. ૬.

॥ तृतीयं ध्रुवोदयि-प्रकृति-द्वारं समाप्तम् ॥

---

अवतरण—પૂર્વગાથામાં ધ્રુવોદયિ પ્રકૃતિઓ કહીને હવે આ ગાથામાં अध्रुवोदयि પ્રકૃતિઓ કહે છે.

**थिरसुभियर विणु, अद्धुवबंधी मिच्छ विणु मोहधुवबंधी ।**
**निद्दोवघाय मीसं, सम्मं पणनवइ अधुवुदया ॥ ७ ॥**

ગાથાર્થ—પૂર્વે ૩-૪ ગાથામાં જે ૭૩ અધ્રુવબંધિ પ્રકૃતિઓ કહી છે, તેમાંથી (थिरसुभियर) સ્થિર તથા શુભ અને એ બન્નેની ઇતર-પ્રતિપક્ષી અસ્થિર અને અશુભ (विणु) વિના શેષ રહેલી ૬૯ અધ્રુવબંધિ પ્રકૃતિઓ, પૂર્વે બીજી ગાથામાં મોહનીયકર્મની ૧૯ ધ્રુવબંધિ પ્રકૃતિઓ કહી છે, તેમાંથી ૧ મિથ્યાત્વ વિના શેષ ૧૮ મોહધ્રુવબંધી પ્રકૃતિઓ, તથા ૫ નિદ્રા, ઉપઘાત, મિશ્રમોહનીય અને સમ્યક્ત્વમોહનીય એ ૮, એમ ૬૯+૧૮+૮=૯૫ પ્રકૃતિઓ अध्रुवोदयि છે.

विशेषार्थ—સ્થિર તથા અસ્થિર અને શુભ તથા અશુભ એ બે યુગલ બંધમાં વિરોધી છે, જેથી સ્થિર-શુભ અથવા અસ્થિર-અશુભ, એ બેમાંથી કોઈ પણ અવિરોધી ૧ યુગલ બંધાય છે, પરંતુ ઉદયમાં તો એ બન્ને યુગલ અવિરોધી છે, કારણ કે દરેક પ્રાણીમાત્રને જ્યાં સુધી શરીરનો ઉદય છે ત્યાં સુધી શરીર સહચારી એ બન્ને યુગલ અવશ્ય ઉદયમાં વર્તે છે, માટે અહીં અધ્રુવોદયિ પ્રકૃતિઓમાં ગણી શકાય નહિ.

તથા મિથ્યાત્વ પણ પોતાના સ્થાને (પહેલા ગુણસ્થાને) સતત ઉદયી હોવાથી અહીં અધ્રુવોદયિમાંથી બાદ કર્યું છે. શેષ સર્વ પ્રકૃતિઓમાંની કેટલીક પરસ્પર વિરુદ્ધ ઉદયવાળી હોવાથી અધ્રુવોદયી છે, અને કેટલીક પ્રકૃતિઓ તથા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભાવના સંયોગે અધ્રુવોદયી છે. ૭.

॥ चतुर्थं अध्रुवोदयि-प्रकृति-द्वारं समाप्तम् ॥

अवतरण—पूर्वे ध्रुवोदयि तथा अध्रुवोदयि प्रकृतिओ कहीने हवे आ बे गाथामां ध्रुवसत्ताक तथा अध्रुवसत्ताक प्रकृतिओ कहे छे.

**तसवन्नवीस सगतेयकम्म धुवबंधि सेस वेयतिगं ।**
**आगिइतिग वेयणियं, दुजुयल सग उरल सास चऊ ॥८॥**
**खगईतिरिदुग नीयं, धुवसंता सम्म मीस मणुयदुगं ।**
**विउविक्कार जिणाऊ, हारसगुच्चा अधुवसंता ॥९॥**

गाथार्थ—त्रसादि २०, वर्णादि २०, तैजसकार्मणसप्तकनी ७, वर्णादि वीश अने तैजस कार्मण सप्तक मळी सत्तावीश प्रकृति ( ध्रुवबंधिमां करेली गणत्री प्रमाणे वर्णादि ४ अने तै० का० २, ए ६) वर्जीने शेष ४१ [५]ध्रुवबंधी, वेद ३, आकृति ( संस्थान ) आदि ३ कर्मनी ( तणुवंगागिइसंघयण इत्यादि पदवाळी ३ जी गाथामां कहेला क्रम प्रमाणे आकृति ६, संघयण ६ अने जाति ५ ए ) १७ प्रकृतिओ, २ वेदनीय, २ युगल ( हास्यादि २ युगल )नी ४ प्रकृतिओ, औदारिकसप्तकनी ७, उच्छ्‌वास चतुष्क ( उच्छ्‌वास–उद्योत–आतप–पराघात )नी ४, २ खगति, २ तिर्यग्‌द्विकनी अने नीचगोत्र, ए २०+२०+७+४१+३+१७+२+४+७+४+२+२+१ = १३० प्रकृतिओ ध्रुवसत्ताक छे, तथा सम्यक्त्वमोहनीय, मिश्रमोहनीय, मनुष्यद्विकनी २, वैक्रियसंबंधी ( वैक्रियसप्तकनी ७, देवद्विकनी २, नरकद्विकनी २ ए) ११, जिननाम, आयुष्य ४, आहारक

५. अहीं ४७ ध्रुवबंधिनी ध्रुवसत्ता पण छे, तोपण वर्ण तथा तैजस–कार्मणने ध्रुवबंधिमांथी जुदुं गणवानुं कारण के त्यां वर्णनी ४ गणी छे ते अहीं २० गणवी छे, अने तै० का० नी २ गणी छे, तेने बदले अहीं ७ गणवी छे माटे. अन्यथा १३० ध्रुवसत्ताक थाय नहीं.

સપ્તકની ૭ અને ઉચ્ચગોત્ર એ ૧+૧+૨+૧૧+૧+૪+૭+૧ = ૨૮ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક છે.

विशेषार्थ—અહીં ત્રસાદિ ૨૦, એટલે ત્રસદશક અને સ્થાવરદશક મળીને ૨૦, તથા તૈ૦ શરીર કા૦ શરીર તૈ૦ સંઘાતન કા૦ સંઘાતન તૈ૦ તૈ૦ બંધન કા૦કા૦ બંધન અને તૈ૦કા૦ બંધન એ ૭ પ્રકૃતિઓ જાણવી, તથા ઔદારિકસપ્તક એટલે ઔદા૦ શરીર, ઔદા૦ ઉપાંગ, ઔદા૦ સંઘાતન, ઔદા૦ ઔદા૦ બંધન, ઔદા૦ તૈજસબંધન, ઔદા૦ કાર્મણબંધન અને ઔદા૦ તૈજસકાર્મણબંધન એ ૭ પ્રકૃતિઓ જાણવી. એ રીતે વૈક્રિયસપ્તક તથા આહારકસપ્તકની પણ ૭–૭ પ્રકૃતિઓ ગણવી.

## અધ્રુવસત્તાક પ્રકૃતિઓનું કારણ

અનાદિકાળથી પ્રવાહાપેક્ષાએ કર્મપ્રકૃતિઓનો બંધ પ્રતિસમય ચાલુ હોવાથી કેટલીક અધ્રુવબંધિ પ્રકૃતિઓની પણ ધ્રુવસત્તા સંભવે છે, અને ધ્રુવબંધિપ્રકૃતિઓની તો ધ્રુવસત્તા અવશ્ય હોય જ. તેમ છતાં ૨૮ પ્રકૃતિઓ અધ્રુવસત્તાક પણ છે તેનું કારણ શું હશે તે જાણવા યોગ્ય હોવાથી કહેવાય છે.

૨. सम्यक्त्वमोह मिश्रमोह—આ ૨ પ્રકૃતિઓનો સર્વથા બંધ જ નથી, પરંતુ મિથ્યાત્વનું રૂપાન્તર છે, અને તે પણ ભવ્યજીવોને સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ વખતે જ નવી ઉત્પન્ન થાય છે, માટે [૧]કેટલાક સમ્યગ્દૃષ્ટિ જીવોને એ ૨, પ્રકૃતિઓની સત્તા

૧. સમ્યક્ત્વમોહ તથા મિશ્રમોહની સત્તા હોય તો તે ઉપશમ સમકિત અથવા ક્ષયોપશમ સમકિતવાળાને હોય છે પણ ક્ષાયિક સમકિતવંતને દર્શન સપ્તકનો ક્ષય થયેલો હોવાથી સત્તા નથી હોતી.

હોય છે અને અભવ્ય જીવોને તો સમ્યક્ત્વની પ્રાપ્તિના અભાવે કદાપિ પણ સત્તામાં જ ન હોય માટે એ ૨ પ્રકૃતિઓ સર્વ સંસારી જીવોને અલભ્ય હોવાથી અધ્રુવસત્તાક છે.

૩. मनुष्यद्विक–उच्चगोत्र–ત્રસમાંથી અગ્નિકાય અને વાયુકાયમાં ગયેલો જીવ પ્રથમ ઉચ્ચગોત્રની સત્તા ઉવેલ્યા ( ઉદ્વલનાસંક્રમથી નિઃસત્તાક કર્યા ) બાદ મનુષ્યદ્વિકની સત્તાને પણ પલ્યોપમના અસંખ્યેય ભાગ જેટલા કાળે ઉવેલી નાખે છે. એ અગ્નિ–વાયુનો જાતિસ્વભાવ જ છે. માટે એ ૨ પ્રકૃતિઓ અગ્નિવાયુને આશ્રયી અધ્રુવસત્તાક છે. પુનઃ ઉચ્ચગોત્રનો તો અનાદિ એકેન્દ્રિયોને સર્વદા અબંધ હોય છે.

૧૧ वै० ७–देव २–नरक २—એ ૧૧ પ્રકૃતિઓ અનાદિ એકેન્દ્રિયો ( જેઓ અનાદિકાળથી હજી સુધી પણ એકેન્દ્રિયપણું ( સ્થાવરપણું ) છોડી ત્રસપણું પામ્યા નથી તેવા જીવો ) સ્વભાવથી જ બાંધતા નથી માટે એ જીવોને તો એ ૧૧ પ્રકૃતિઓની સર્વદા સત્તા જ નથી, અને ત્રસપણું પામી એ ૧૧ પ્રકૃતિઓ બાંધી પુનઃ એકેન્દ્રિયમાં જાય તોપણ અવશ્ય ઉદ્વલના કરે છે. પામર પ્રાણીઓ ઉત્તમ રત્નોને પણ જેમ પત્થરતુલ્ય ગણી ફેંકી દે છે, તેમ એકેન્દ્રિયોનો પણ એવો સ્વભાવ જ છે કે એ પ્રાપ્ત થયેલી ૧૧ ઉત્તમ પ્રકૃતિઓને ઉદ્વલનાસંક્રમથી અવશ્ય ઉવેલી નાખે છે, તેથી ઉદ્વલના સંપૂર્ણ ન થાય ત્યાં સુધી એટલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધી એ ૧૧ પ્રકૃતિઓની સત્તા સૂક્ષ્મ તથા બાદર એકેન્દ્રિયોને હોય છે. અને ઉદ્વલના કર્યા બાદ નિઃસત્તાક થાય છે; માટે [૭]અધ્રુવસત્તાક છે.

૭. કર્મગ્રંથની વૃત્તિ આદિમાં ' स्थावरभावं गतस्य स्थितिक्षयेण वा '

૪. आयुष्य—અધ્રુવબંધી હોવાથી અને એક ભવમાં અન્તર્મુહૂર્ત માત્ર એક જ વાર અને એક જ આયુષ્ય બંધાતું હોવાથી સર્વ જીવને દરેક આયુષ્યની સત્તા ન હોય માટે અધ્રુવસત્તાક છે. અથવા સ્થાવરોને દેવાયુષ્ય-નરકાયુષ્યની તેમ જ સર્વ દેવોને નરકાયુષ્યની, ગ્રૈવેયક તથા અનુત્તર દેવોને તિર્યંચાયુષ્યની પણ બંધના અભાવે સત્તા નથી અને અગ્નિ-વાયુ તથા સાતમી પૃથ્વીના નારકોને મનુષ્ય આયુષ્યની સત્તા સર્વદા હોય નહીં, માટે ૪ આયુષ્ય અધ્રુવસત્તાક છે.

૧. जिननाम—સમ્યક્ત્વહેતુથી પણ કેટલાક સમ્યગ્દૃષ્ટિઓ બાંધે છે અને કેટલાક નથી બાંધતા, માટે અધ્રુવસત્તાક છે.

૭. आहारकसप्तक અપ્રમત્તચારિત્રના હેતુથી પણ કેટલાક જ સંયમી મનુષ્યો બાંધે છે, માટે અધ્રુવસત્તાક છે પુનઃ જો અવિરતિ પ્રાપ્ત થાય તો આહારકસપ્તકની ઉદ્વલના પણ ત્યાં અન્તર્મુ૦ બાદ અવશ્ય થાય છે અને ઉત્કૃષ્ટથી પલ્યોપમના અસંખ્ય ભાગ જેટલા કાળે નિઃસત્તાક થાય છે. ૮-૯.

---

એટલે સ્થાવરમાં ગયેલા જીવોને તે પ્રકૃતિઓની સ્થિતિ ક્ષય થયે અસત્તા થાય છે એમ કહ્યું છે, પરન્તુ સ્થિતિ ક્ષય થવામાં તો સાગરોપમો જેટલો કાળ વ્યતીત થઈ જાય, તેમ જ ઉદ્વલનાનું પણ નિયતપણું ટકતું નથી. માટે **स्थितिक्षये** એટલે **उद्बलनया स्थितिक्षयेण** એમ અધ્યાહારથી સમજીએ તો કર્મપ્રકૃતિ આદિ ગ્રંથો સાથે ભાવાર્થ મળતો થાય. પછી તત્ત્વ બહુશ્રુતગમ્ય. આ પ્રકાર વૈક્રિયાદિ ૧૧ અને ઉચ્ચગોત્ર એ ૧૨ પ્રકૃતિઓ માટે સમજવો.

**अवतरण**—પૂર્વે બે ગાથાઓમાં ધ્રુવાધ્રુવસત્તાક-પ્રકૃતિઓ કહીને હવે પ્રસંગથી [૮]કેટલીક (૧૫) પ્રકૃતિઓની ગુણસ્થાન-આશ્રયી અધ્રુવસત્તા દર્શાવે છે. પ્રથમ આ ગાથામાં મિથ્યાત્વ-મોહનીય અને સમ્યક્ત્વમોહનીય એ ૨ પ્રકૃતિની ગુણસ્થાનોમાં ધ્રુવાધ્રુવસત્તા દર્શાવે છે.

**पढमतिगुणेसु मिच्छं, नियमा अजयाइअट्ठगे भज्जं ।**
**सासाणे खलु सम्मं, संतं मिच्छाइदसगे वा ।। १० ।।**

**गाथार्थ**—મિથ્યાત્વ પહેલા ૩ ગુણસ્થાનોમાં ( नियमा ) અવશ્ય સત્ હોય, અને ચોથા અવિરતિ આદિ ૮ ગુણ-સ્થાનોમાં ( भज्जं ) ભજનીય છે, અર્થાત્ હોય અને ન પણ હોય, તથા સમ્યક્ત્વમોહનીય સાસ્વાદનમાં ( खलु ) અવશ્ય હોય અને મિથ્યાત્વાદિ ૧૦ ગુણસ્થાનો ૧ તથા ૩ થી ૧૧ માં ( वा ) વિકલ્પે હોય, અર્થાત્ હોય અને ન પણ હોય.

## મિથ્યાત્વની ૧ થી ૩ ગુણ૦ માં ધ્રુવસત્તા

**विशेषार्थ**—પહેલું ગુણસ્થાન મિથ્યાત્વ છે માટે ત્યાં મિથ્યા-ત્વની ધ્રુવસત્તા જ હોય તે સ્વાભાવિક છે. તથા બીજા સાસ્વાદન ગુણસ્થાનમાં મોહનીયની સર્વ પ્રકૃતિઓ (૨૮)ની સત્તા અવશ્ય હોય માટે ત્યાં પણ મિથ્યાત્વની ધ્રુવસત્તા હોય અને મિશ્ર-

---

૮. સર્વ પ્રકૃતિઓની ગુણસ્થાન આશ્રયી ધ્રુવસત્તા ગ્રંથકર્તા પૂજ્યે આ સ્થાને ક્યાંય પણ કહી નથી, કારણ કે તે સમજવું સુગમ છે. તોપણ આ અર્થની સમાપ્તિ બાદ સર્વ પ્રકૃતિઓની ગુણસ્થાન આશ્રયી ધ્રુવસત્તા ૧૨ મી ગાથાના અર્થ પર્યન્તે ટિપ્પણીમાં કહેવાશે.

**મોહનીયના ઉદયવાળા ત્રીજા મિશ્રગુણસ્થાનમાં પણ મિથ્યાત્વની ધ્રુવસત્તા હોવાનું કારણ કે મિશ્રમોહનીય ગુણસ્થાનમાં વર્તતા જીવને મિશ્ર અને મિથ્યાત્વ એ બે [૯]ધ્રુવસત્તાક હોય.**

---

૯. કર્મગ્રંથના અભિપ્રાય પ્રમાણે મિથ્યાત્વથી અને સમ્યક્ત્વગુણ-સ્થાનથી પણ મિશ્રગુણસ્થાનમાં જીવ આવે છે. ત્યાં જો સમ્યક્ત્વગુણ-સ્થાનથી આવે તો ઉપશમ વા ક્ષયોપશમ સમ્યક્ત્વમાંથી આવે અને ઉપશમ વા ક્ષયો૦ સમ્યક્ત્વમાં ત્રણે પુંજની સત્તા અવશ્ય હોવાથી મિશ્ર-ગુણસ્થાને મિથ્યાત્વની ધ્રુવસત્તા પ્રાપ્ત થાય છે. તથા મિથ્યાત્વે ગયેલો જીવ પ્રથમ સમ્યક્ત્વમોહની ઉદ્વલના કરી તેને નિઃસત્તાક કરે, ત્યારબાદ મિશ્ર-મોહનીયની ઉદ્વલના કરી મિશ્રમોહનીયને પણ નિઃસત્તાક કરે છે, પરન્તુ મિશ્રમોહનીયની ઉદ્વલના શરૂ થયા બાદ જ્યાં સુધીમાં મિશ્રમોહનીય નિઃસત્તાક ન થયું હોય તેટલામાં પરિણામવશથી કદાચ મિશ્રમોહ-નીયનો ઉદય થઈ જાય તો તે વખતે એ મિશ્રગુણસ્થાનવર્તી ગણાય, અને તે સમયે એ જીવને મિથ્યાત્વની અને મિશ્રમોહની ધ્રુવસત્તા જ છે.

અથવા ક્ષયોપશમસમ્યગ્દષ્ટિ જીવને ક્ષાયિક સમ્યક્ત્વ પ્રાપ્ત કરતાં પ્રથમ મિથ્યાત્વનો ક્ષય થયા બાદ મિથ્યાત્વની અસત્તા હોય, અને ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા બાદ તો હોય જ, એ પ્રમાણે વિચારતાં પણ મિશ્રસમ્યગ્દષ્ટિને મિથ્યાત્વની ધ્રુવસત્તા જ હોઈ શકે છે.

અહીં સિદ્ધાન્તનો અભિપ્રાય એટલો ભિન્ન છે કે ઉપશમા વા ક્ષયોપશમ સમ્યક્ત્વમાંથી અને તેથી જ સમ્યક્ત્વગુણસ્થાનમાંથી પણ જીવ મિશ્રે જઈ શકતો નથી, કેવળ મિથ્યાત્વમાંથી જ મિશ્રે જઈ શકે છે જુઓ–' **मिच्छत्ता संकंति, अविरुद्धा होइ सम्ममीसेसु। सम्माओ मिच्छत्तं** '

## મિથ્યાત્વની ૪ થી ૧૧ ગુણ૦માં અધ્રુવસત્તા

ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને ૪ થી ૧૧ [10]સુધીનાં ૯ ગુણસ્થાનોમાં મિથ્યાત્વની સત્તા નથી, અને ઉપશમસમ્યગ્દૃષ્ટિને એ ૮, ગુણસ્થાનોમાં મિથ્યાત્વની સત્તા છે, માટે એ ૮ ગુણસ્થાનમાં મિથ્યાત્વની અધ્રુવસત્તા કહી છે.

## સમ્યક્ત્વમોહની સાસ્વા૦ માં ધ્રુવસત્તા

ઉપશમસમ્યક્ત્વથી પતિત થતો જીવ સાસ્વાદન પામે છે અને ઉપશમસમ્યક્ત્વમાં ૩, પુંજની સત્તા અવશ્ય ઉત્પન્ન થાય છે, અને હોય છે. માટે સમ્ય૦ મોહનીયની સાસ્વાદનમાં ધ્રુવ-સત્તા જ હોય, અથવા સાસ્વાદનમાં મોહનીયની ૨૮ પ્રકૃતિઓનું એક જ સત્તાસ્થાન હોય છે, તે કારણથી પણ સાસ્વાદનમાં સમ્યક્ત્વ મોહનીયની ધ્રુવસત્તા છે.

## સમ્ય૦ મોહની શેષ ૧૦ ગુણસ્થાનોમાં અધ્રુવસત્તા

ઉપશમ અથવા ક્ષયોપશમ સમ્યક્ત્વથી મિથ્યાત્વે આવેલા જીવને પ્રથમ ત્રણે પુંજ—ત્રણે દર્શનમોહનીયની સત્તા હોય છે, અને ત્યારબાદ પ્રથમ સમ્યક્ત્વમોહની ઉદ્વલના કરી સમ્ય-ક્ત્વમોહને નિઃસત્તાક કરવા માંડે છે. તે દરમ્યાનમાં જો મિશ્ર-મોહનીયનો ઉદય થાય તો મિશ્રગુણસ્થાનમાં પણ ત્રણે પુંજની સત્તા પ્રાપ્ત થાય છે, માટે મિથ્યાત્વમાં અને મિશ્રમાં

---

૧૦—૧૨—૧૩—૧૪ મા ગુણસ્થાને તો સર્વથા મિથ્યાત્વની સત્તાનો અભાવ જ હોય છે, તેથી ત્યાં ધ્રુવ વા અધ્રુવ સત્તાનો વિચાર જ ન હોય.

*સમ્યક્ત્વ મોહનીયની સત્તા હોઈ શકે છે, તથા ત્રણે પુંજની* સત્તાસહિત મિથ્યાત્વે આવી પ્રથમ સમ્યક્ત્વમોહની ઉદ્વલના કરી સમ્યક્ત્વમોહ નિઃસત્તાક થયા બાદ મિશ્રમોહની ઉદ્વલના કરતો જીવ મિશ્રમોહ નિઃસત્તાક થયા પહેલાં જો મિશ્રે જાય તો એ પ્રમાણે બન્ને ગુણસ્થાનમાં સમ્યક્ત્વ મોહનીયની અસત્તા પણ હોઈ શકે છે. અથવા મિથ્યાત્વ ગુણસ્થાને તો અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને સમ્યક્ત્વમોહની અસત્તા જ હોય છે, એ પ્રમાણે એ બે ગુણસ્થાનમાં સમ્યક્ત્વમોહની અધ્રુવસત્તા ગણાય. તથા ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને ૪ થી ૧૧ સુધીનાં ગુણસ્થાનોમાં સમ્યક્ત્વમોહની અસત્તા છે અને ઉપશમ-સમ્યગ્દૃષ્ટિને સમ્યક્ત્વમોહની સત્તા છે, માટે એ ગુણસ્થાનોમાં પણ સમ્યક્ત્વમોહની અધ્રુવસત્તા ગણાય. ૧૦૦.

**अवतरण**—હવે આ ગાથામાં મિશ્રમોહનીય તથા અનંતાનુબંધી ૪ એ ૫ પ્રકૃતિઓની ગુણસ્થાન આશ્રયી ધ્રુવાધ્રુવ-સત્તા દર્શાવે છે—

**सासणमीसेसु धुवं, मीसं मिच्छाइनवसु भयणाए ।**
**आइदुगे अण नियया, भइया मीसाइनवगंमि ॥११॥**

**गाथार्थ**—મિશ્રમોહનીય સાસ્વાદન અને મિશ્ર એ ૨, ગુણસ્થાનમાં ધ્રુવ–અવશ્ય છે, અને મિથ્યાત્વાદિ ૯ ગુણસ્થાનો–(૧ તથા ૪ થી ૧૧)માં ભજનાએ–વિકલ્પે છે, તથા અનંતાનુ-બંધી ૪ પહેલા ૨ ગુણસ્થાનમાં નિયમથી અવશ્ય છે, અને મિશ્રાદિ ૯ ગુણસ્થાનોમાં (भइआ) ભજનાએ છે, અર્થાત્ હોય અને ન પણ હોય.

## મિશ્રમોહની ૨-૩ ગુણ૦ માં ધ્રુવસત્તા

વિશેષાર્થ—પૂર્વગાથાના અર્થમાં જણાવ્યા પ્રમાણે સાસ્વાદનમાં ત્રણે પુંજની અવશ્ય ધ્રુવસત્તા અને મિશ્રમાં મિથ્યાત્વ તથા મિશ્ર એ બે પુંજની ધ્રુવસત્તા હોવાથી એ બન્ને ગુણસ્થાનમાં મિશ્રમોહનીયની ધ્રુવસત્તા છે.

## મિશ્રમોહની ૯ ગુણ૦ માં અધ્રુવસત્તા

મિથ્યાત્વગુણસ્થાને અનાદિમિથ્યાદૃષ્ટિને અથવા પૂર્વ ગાથાના અર્થમાં કહ્યા પ્રમાણે જેણે મિશ્રમોહનીયની ઉદ્વલના કરી હોય તેવા જીવને મિશ્રમોહનીયની સત્તા ન હોય, અને ઉપશમ વા ક્ષયો૦ સમ્યક્ત્વથી મિથ્યાત્વે આવેલા જીવને ત્રણે પુંજની સત્તા હોવાથી મિથ્યાત્વે મિશ્રની સત્તા હોય છે, તે કારણથી મિથ્યાત્વગુણસ્થાને મિશ્રમોહની અધ્રુવસત્તા ગણાય તથા જેમ મિથ્યાત્વ અને સમ્યક્ત્વમોહની ૪ થી ૧૧ સુધી ૮ ગુણસ્થાનોમાં અધ્રુવસત્તા કહી, તેમ મિશ્રની પણ અધ્રુવસત્તા એ ૮ ગુણસ્થાનોમાં વિચારવી.

## ૪. અનંતાનુ૦ ની ૧-૨ ગુણસ્થાને ધ્રુવસત્તા

મિથ્યાત્વગુણસ્થાને [૧૧]પ્રાયઃ અનંતાનુબંધી કષાયનો જ ઉદય મુખ્ય છે, તેમ જ એ ગુણસ્થાન અનંતાનુ૦ની સત્તારહિત તો કદી પણ હોતું નથી માટે મિથ્યાત્વે અનંતા૦ની ધ્રુવસત્તા છે, અને સાસ્વાદન ભાવની ઉત્પત્તિનું તો મૂળ કારણ જ

૧૧. મિથ્યાત્વમાં શ્રેણિથી આવેલા જીવને ૧ આવલિકા સુધી અનંતાનુ૦નો અનુદય પણ હોય છે, માટે પ્રાયઃ શબ્દ છે.

અનંતાનુબંધીનો ઉદય થાય છે, માટે એ ગુણસ્થાને તો અનંતાનુ૦નો ઉદય અને સત્તા બન્ને ધ્રુવ હોય છે.

પ્રશ્ન—અનંતાનુ૦ની વિસંયોજના-અસત્તા કરીને મિથ્યાત્વે આવેલા જીવને મિથ્યાત્વમાં અનંતા૦ની સત્તા કેવી રીતે હોય કે જેથી ધ્રુવસત્તા ગણી શકાય ?

ઉત્તર—મિથ્યાત્વ એ અનંતાનુબંધીની ઉત્પત્તિમાં બીજભૂત છે, માટે મિથ્યાત્વનો ઉદય થવા સાથે જ અનંતાનુ૦નો બંધ પણ શરૂ થઈ જાય છે, અને બંધના પ્રથમ સમયથી સત્તા અવશ્ય ગણાય છે, માટે નિઃસત્તાક થયેલા અનંતાનુબંધી કષાયવાળા જીવને પણ મિથ્યાત્વગુણસ્થાને તેની ધ્રુવસત્તા હોય છે, તથા એ પ્રસંગમાં ઉદય ૧ આવલિકા સુધી ન હોય અને ૧ આવલિકા બાદ ઉદય પણ શરૂ થઈ જાય છે.

## ૪ અનંતાનુ૦ ની શેષ ૯ ગુણ૦ માં અધ્રુવસત્તા

ચતુર્થાદિગુણસ્થાને અનંતાનુ૦ની વિસંયોજના કરી નિઃસત્તાક કર્યા બાદ મિશ્રગુણસ્થાને આવેલા જીવને મિશ્રગુણ૦માં અનંતાનુ૦ની સત્તા ન હોય, અને વિસંયોજના ન કરી હોય તેવા જીવને અનંતા૦ની સત્તા હોય માટે મિશ્રગુણસ્થાનમાં અનંતાનુ૦ની અધ્રુવસત્તા ગણાય, અને [૧૨]શેષ ૮ ગુણસ્થાનોમાં અધ્રુવસત્તાનું કારણ મિથ્યાત્વાદિવત્ વિચારવું ૧૧.

---

૧૨. એ અભિપ્રાય કર્મપ્રકૃતિ આદિ સિવાય શેષ કર્મગ્રંથ શાસ્ત્રોનો છે. કર્મપ્રકૃતિમાં તો 'संजोयणा उ नियमा, दुसु पंचसु हुंति भइयव्वा' અર્થાત્ સંયોજના કષાયો એટલે અનંતાનુ૦ કષાયો ૨

अवतरण—આ ગાથામાં આહારકસપ્તક તથા જિનનામ, એ ૮ પ્રકૃતિઓની ગુણસ્થાનો પ્રત્યે ધ્રુવાધ્રુવસત્તા દર્શાવે છે—

**आहारसत्तगं वा, सव्वगुणे बितिगुण विणा तित्थं ।**
**नोभयसंते मिच्छो, अंतमुहुत्तं भवे तित्थे ॥ १२ ॥**

गाथार्थ—આહારકસપ્તક સર્વ ગુણસ્થાનોમાં (वा) વિકલ્પે છે. અર્થાત્ કોઈ ગુણસ્થાનમાં ધ્રુવસત્તાક નથી. તથા જિનનામકર્મ પણ બીજા અને ત્રીજા ગુણસ્થાન સિવાયનાં શેષ સર્વ ગુણસ્થાનોમાં વિકલ્પે છે. એટલે અધ્રુવસત્તાક છે. વળી વિશેષ એ છે કે આહારક અને તીર્થંકરનામકર્મ એ (उभयसंते) એની સત્તાવાળો જીવ મિથ્યાદષ્ટિ ન હોય, અને મિથ્યાત્વે જિનનામકર્મની સત્તા પણ અન્તર્મુહૂર્ત માત્ર જ હોય છે.

## આહારકસપ્તકની સર્વગુણસ્થાનોમાં અધ્રુવસત્તા

विशेषार्थ—કોઈક અપ્રમત્તચારિત્રી જીવ ચારિત્રના પ્રભાવે સાતમાથી આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગ સુધી આહારકસપ્તક બાંધીને ક્ષપકશ્રેણિમાં ૧૪ મા ગુણસ્થાન સુધી જાય છે. અને કોઈક જીવ પતિતપરિણામી થાય તો મિથ્યાત્વ સુધી પણ આવે છે, તેથી સર્વ ગુણસ્થાનોમાં आहारकसप्तकनी સત્તા પ્રાપ્ત થાય

ગુણસ્થાનમાં ધ્રુવસત્તાક છે. અને ૩ થી ૭ એ પાંચ ગુણસ્થાનમાં ભજનીય એટલે અધ્રુવસત્તાક છે. એમ કહ્યું છે, કારણ કે કર્મપ્રકૃતિકર્તા શ્રી શિવશર્મસૂરિવર્ય અનંતાનુબંધીની વિસંયોજના કરે એ જ જીવ શ્રેણિમાં આઠમા આદિ ગુણસ્થાને જઈ શકે એમ કહે છે, માટે ૮ થી ૧૧ સુધી પણ તેમના મતે નિશ્ચિત અસત્તા જ હોય.

છે. અને જે જીવો આહારકસપ્તકને બાંધ્યા વિના જ ક્ષપકશ્રેણિ કરે છે, અથવા સાતમા વગેરે ગુણસ્થાનથી મિથ્યાત્વ સુધી આવે છે, તે જીવોને આહારકસપ્તકની સત્તા ન પણ હોય, તે કારણથી સર્વ ગુણસ્થાનોમાં આહારકસપ્તકની અધ્રુવસત્તા છે.

## જિનનામકર્મની ૧૨ ગુણસ્થાનોમાં અધ્રુવસત્તા

કોઈક સમ્યગ્દૃષ્ટિ જીવ ચોથાથી આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગ સુધી જિનનામકર્મ બાંધી ઉપરના સર્વ ગુણસ્થાનો ક્ષપકશ્રેણિમાં પ્રાપ્ત કરે તો ચોથાથી ચૌદમા સુધી જિનનામની સત્તા પ્રાપ્ત થાય છે, અને કોઈ સમ્યગ્દૃષ્ટિ જીવ જિનનામ બાંધી મિથ્યાત્વે જાય તો મિથ્યાત્વમાં પણ જિનનામની સત્તા પ્રાપ્ત થાય છે. એ પ્રમાણે ૧૨ ગુણસ્થાનોમાં જિનનામની સત્તા હોઈ શકે છે. પરંતુ જિનનામથી સત્તાવાળો સ્વભાવથી જ સાસ્વાદને તથા મિશ્રમાં જાય નહિ, માટે બીજા-ત્રીજા ગુણસ્થાનોમાં તો જિનનામની અસત્તા જ છે. તેમ જ કેટલાક જીવો જિનનામકર્મ બાંધ્યા વિના એ ૧૨ ગુણસ્થાનો સ્પર્શે તો તે ૧૨ ગુણસ્થાનોમાં જિનનામની સત્તા ન પણ હોય, તે કારણથી સાસ્વાદન અને મિશ્રરહિત શેષ ૧૨ ગુણસ્થાનોમાં જિનનામકર્મની અધ્રુવસત્તા છે.

તથા આહારકસપ્તક અને જિનનામકર્મ એ ૮ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી, તેમ જ તે તે ગુણસ્થાનમાં વર્તનારા પણ કોઈક જ જીવો બાંધતાં હોવાથી એ ૮ પ્રકૃતિઓની ધ્રુવસત્તા તો કોઈ પણ ગુણસ્થાને નથી.

## જિનનામ તથા આહારકની સત્તાવાળો મિથ્યાત્વે ન જાય.

જિનનામ અને આહારક એ ૨, પ્રકૃતિની સત્તાવાળો જીવ મિથ્યાદૃષ્ટિ ન હોય, એટલે કે એ બન્નેની સત્તાવાળો જીવ મિથ્યાત્વે ન આવે, એ પણ સ્વાભાવિક નિયમ જાણવો. કેવળ આહારક તથા કેવળ જિનનામની સત્તાવાળો જીવ તો મિથ્યાત્વે આવી શકે છે.

## મિથ્યાત્વે જિનનામની અંતર્મુહુર્ત્ત સ્થિતિ

ઉપર પ્રમાણે આહારકરહિત જિનનામવાળો જીવ જો મિથ્યાત્વે આવે તો ત્યાં કેટલો કાળ ટકે? એ શંકાના ઉત્તરમાં જાણવાનું કે અન્તર્મુહૂર્ત્ત સુધી જ ટકે છે. ત્યાર બાદ અવશ્ય તે જીવ સમ્યગ્દૃષ્ટિ થાય છે.

પ્રશ્ન—એ અન્તર્મુહૂર્ત્ત કાળ કયા જીવને કેવી રીતે હોય છે?

ઉત્તર—કોઈક જીવ પ્રથમ નરકાયુષ્યબાંધી ત્યારબાદ ક્ષયોપશમ સમ્યક્ત્વ પામ્યો હોય. ત્યારબાદ તે ક્ષયોપશમ સમ્યક્ત્વના પ્રભાવથી જિનનામકર્મ બાંધીને આયુષ્ય પર્યન્તે તે જીવ નરકગમનાભિમુખ થયો છતો [13]ક્ષયોપશમ સમ્યક્ત્વનો અવશ્ય ત્યાગ કરીને જ નરકમાં ઉત્પન્ન થાય છે. ત્યારબાદ અન્તર્મુહૂર્ત્તમાં

૧૩. અહીં ઉપશમ સમ્યક્ત્વમાં પણ જો કે જિનનામ બાંધે છે, તેમ જ ઉપશમસમ્યગ્દૃષ્ટિ સમ્યક્ત્વ વમી મિથ્યાદૃષ્ટિપણે નરકમાં પણ જાય છે, તોપણ અહીં દીર્ઘ-સતતબંધના સદ્ભાવ માટે ક્ષયોપશમ સમ્યક્ત્વ કહ્યું છે, તેમ જ નરકાભિમુખ થયેલા જીવને આયુષ્ય-પર્યન્તે ઉપશમસમ્યક્ત્વસહિત જિનનામનો બંધ અસંભવિત છે.

**અવશ્ય સમ્યગ્દૃષ્ટિ થાય છે. એ પ્રમાણે મિથ્યાત્વમાં [14]જિન-નામની અન્તર્મુહૂર્ત માત્ર જ સત્તા હોય છે. ૧૨.**

**५ म-षष्ठे ध्रुवाध्रुवसत्ताकप्रकृतिद्वारे समाप्ते।**

---

૧૪. પ્રશ્ન—ગાથામાં મિથ્યાત્વે જિનનામની સત્તાનો કાળ કહ્યો, તો આહારકસપ્તકની સત્તાનો પણ કાળ કેમ ન કહ્યો?

ઉત્તર—ચાલુ ગાથામાં પ્રસ્તુત વિષય ધ્રુવાધ્રુવસત્તાનો છે, તો પણ પ્રસંગતઃ જિનનામની સત્તાનો કાળ કહ્યો છે અને આહારકની સત્તાનો કાળ નથી કહ્યો એમ લાગે છે, પરન્તુ આહારકની સત્તાનો કાળ મિથ્યાત્વે ઉત્કૃષ્ટથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સંભવે છે, ત્યારબાદ અવશ્ય નિઃસત્તાક થાય છે, અને જઘન્યથી અન્તર્મુહૂર્ત જો રહે તો ત્યારબાદ અવશ્ય ઉપરનું ત્રીજું અથવા ચોથું ગુણસ્થાન પામે છે, કારણ કે આહારકની સત્તાવાળો જીવ અવિરતિપણામાં જઈ ત્યાં અન્તર્મુહૂર્ત બાદ આહારકની ઉદ્વલના શરૂ કરે છે, તે યાવત્ પલ્યોપમના અસંખ્યેયભાગ સુધીમાં આહારકનો વિનાશ કરી નિઃસત્તાક કરે છે.

# ૧૫૮ પ્રકૃતિઓની ગુણસ્થાનોમાં ધ્રુવાધ્રુવસત્તા

| પ્રકૃતિ | ગુણસ્થાને ધ્રુવસત્તા | ગુણસ્થાને અધ્રુવસત્તા |
|---|---|---|
| ૫ જ્ઞાનાવરણ | ૧ થી ૧૨ | ૦ |
| ૫ અન્તરાય | ,, | ૦ |
| ૪ દર્શનાવરણ | ,, | ૦ |
| ૨ નિદ્રા | ૧ થી ૧૨ માના ઉપાન્ત્ય સમય સુધી | ૦ |
| ૩ થિણદ્ધિ આદિ | ૧ થી દેશોન ૯ | કિંચિત્ શેષ ૯ થી ૧૧ |
| ૨ વેદનીય | ૧ થી ૧૩ | ૧૪ મે |
| ૧ મિથ્યાત્વ મોહનીય | ૧ થી ૩ | ૪ થી ૧૧ |
| ૧ મિશ્ર ,, | ૨–૩ | ૧ તથા ૪ થી ૧૧ |
| ૧ સમ્યક્ત્વ ,, | બીજે | ૧ તથા ૩ થી ૧૧ |
| ૪ અનંતાનુ૦ | ૧–૨ | ૩ થી ૧૧ |
| ૮ મધ્ય કષાય | ૧ થી દેશોન ૯ | ૧૫કિં૦ ૯ થી ૧૧ |
| ૩ સંજ્વ૦ ક્રોધાદિ | ,, | ,, |
| ૧ સંજ્વ૦ લોભ | ૧ થી ૧૦ | ૧૧ મે |
| ૯ નોકષાય | ૧ થી દેશોન ૯ | કિં૦ ૯ ૧૧ |
| ૧ નરકાયુષ્ય | ૦ | ૧ થી ૭ |
| ૧ તિર્યંચાયુષ્ય | ૦ | ૧ થી ૫ |
| ૧ નરાયુષ્ય | ૬ થી ૧૪ | ૧ થી ૫ |
| ૧ દેવાયુષ્ય | ૦ | ૧ થી ૧૧ |

૧૫ કિં૦ એટલે કિંચિત્ શેષ

| | | |
|---|---|---|
| ૧ મનુષ્યગતિ | ૨ થી ૧૪ | ૧ લે |
| ૧ મનુષ્યાનુપૂર્વી | ૨ થી ૧૪ અથવા સમયોન ૧૪ | ૧ લે |
| ૨ દેવદ્વિક | ૩ થી ૧૧ | ૧–૨ |
| ૨ નરકદ્વિક | ૨ થી દેશોન ૯ | ૧ તથા કિં ૦ ૯ થી ૧૧ |
| ૨ તિર્યંચદ્વિક | ૧ થી દેશોન ૯ | કિં૦ ૯ થી ૧૧ |
| ૪ એકેન્દ્રિયાદિ | ,, | ,, |
| ૧ પંચેન્દ્રિય | ૩ થી ૧૪ | ૧–૨ |
| ૭ ઔદારિકસપ્તક | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૭ વૈક્રિયસપ્તક | ૨ થી દેશોન ૯ | ૧ તથા કિં ૦ ૯ થી ૧૧ |
| ૭ આહારકસપ્તક | ૦ | ૧ થી ૧૪ |
| ૭ તૈજસ કાર્મણ સપ્તક | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૩૪ સંસ્થાન ૬, સંહનન ૬, વર્ણાદિ ૨૦, ખગતિ ૨ | ,, | ૦ |
| ૬ ત્રસ–બાદર–પર્યાપ્ત–સુભગ–આદેય–યશ | ૧ થી ૧૪ | ૦ |
| ૪ પ્રત્યેક–સ્થિર–શુભ–સુસ્વર | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૩ સ્થા૦–સૂક્ષ્મ–સાધા૦ | ૧ થી દેશોન ૯ | કિં ૦ ૯ થી ૧૧ |
| ૭ અપર્યાપ્ત–દુઃસ્વર–અનાદેય–અસ્થિર–અશુભ–દુર્ભાગ્ય–અયશ | ૧ થી સમયોન ૧૪ | ૦ |

| પ્રકૃતિ | ગુણસ્થાને ધ્રુવસત્તા | ગુણસ્થાને અધ્રુવસત્તા |
|---|---|---|
| ૨ આતપ-ઉદ્યોત | ૧ થી દેશોન ૯ | કિં૦ ૯ થી ૧૧ |
| ૫ ઉપ૦-પરા૦-અગુ૦ ઉચ્છ્વાસ-નિર્માણ | ૧ થી સમયોન ૧૪ | ૦ |
| ૧ જિન | ૦ | ૧ તથા ૪ થી ૧૨ |
| ૧ ઉચ્ચગોત્ર | ૨ થી ૧૪ | ૧ લે |
| ૧ નીચગોત્ર | ૧ થી સમયોન ૧૪ | ૦ |

**अवतरण**—પૂર્વે ધ્રુવાધ્રુવસત્તાક પ્રકૃતિઓ કહીને હવે ઘાતિની તથા અઘાતિની પ્રકૃતિઓ કહે છે.

**केवलजुयलावरणा, पण निद्दा बारसाइमकसाया ।**
**मिच्छं ति सव्वघाई, चउनाण तिदंसणावरणा ॥१३॥**
**संजलण नोकसाया, विग्घं इय देसघाइ य अघाई ।**
**पत्तेयतणुट्ठाऊ, तसवीसा गोयदुग वन्ना ॥ १४ ॥**

गाथार्थ— ( केवलजुयलावरणा ) કેવલજ્ઞાનાવરણ-કેવલ-દર્શનાવરણ ( पण निद्दा बारसाइमकसाया ) ૫ નિદ્રા, ૧૨ પહેલા કષાય (૪ અનન્તાનુ૦ ૪ અપ્રત્યા૦ ૪ પ્રત્યા૦) અને (मिच्छं) મિથ્યાત્વ 'ति = (इति') એ ૨૦ પ્રકૃતિઓ સર્વઘાતી છે. તથા ૪ જ્ઞાનાવરણ (મતિ-શ્રુત-અવધિ-મનઃપર્યવ-આવરણ) ૩ દર્શનાવરણ (ચક્ષુ-અચક્ષુ-અવધિ૦) ૪ સંજ્વલન કષાય, ૯ નોકષાય, ૫ વિઘ્ન = અન્તરાય એ ૨૫ પ્રકૃતિઓ દેશઘાતી છે, તથા પ્રત્યેક પ્રકૃતિ ( પરાઘાત-ઉચ્છ્વાસ-આતપ-ઉદ્યોત-અગુરુલઘુ-

જિન–નિર્માણ–ઉપઘાત ) તનુ અષ્ટકની ૩૫ પ્રકૃતિ 'तणुवंगा-गिइ संघयण' એ ત્રીજી ગાથામાં કહેલ ૫ શરીર, ૩ ઉપાંગ ૬ સંસ્થાન, ૬ સંઘયણ, ૫ જાતિ, ૪ ગતિ, ૨ ખગતિ, અને ૪ આનુપૂર્વી એ ૩૫ પ્રકૃતિ, ૪ આયુષ્ય, ત્રસાદિ ૨૦ (ત્રસાદિ ૧૦, સ્થાવરાદિ ૧૦, ) ગોત્રાદિદ્વિકની ૪ એટલે (ત્રીજી ગાથાના ક્રમ પ્રમાણે ગોત્ર ૨, વેદનીય ૨ ) અને વર્ણાદિક ૪ એ ૭૫ પ્રકૃતિઓ અઘાતિ છે.

## સર્વઘાતિ પ્રકૃતિના ઘાત્ય વિષયો

વિશેષાર્થ—અહીં કેવલદ્વિકનું આવરણ આત્માના કેવલજ્ઞાન તથા કેવળદર્શનને [૧૬]સર્વાંશે આવરે છે. ૫ નિદ્રા આત્માના દર્શનગુણને એટલે [૧૭]ઉત્પન્ન થયેલી દર્શનલબ્ધિને સર્વથા આવૃત કરે છે. ૪ અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વગુણને તેમજ ચારિત્રગુણને પણ સર્વથા હણે છે. અપ્રત્યાખ્યાની કષાય દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્રને સર્વથા હણે છે. પ્રત્યાખ્યાનાવરણકષાય સર્વવિરતિ ચારિત્રને સર્વથા હણે છે અને

---

૧૬. અહીં સર્વઘાતી પ્રકૃતિ જોકે ગુણને સર્વાંશે હણે એમ કહેવાય છે, તોપણ સંપૂર્ણ મેઘથી અંધકારવાળા દિવસમાં પણ દિવસ–રાત્રિનો ભેદ સમજવા જેટલો કંઈક પ્રકાશ હોય છે, તેમ દરેક જીવનો ગુણ પણ કંઈક અનાવૃત–ખુલ્લો રહે છે જ. અન્યથા જીવ–અજીવનો અભેદ થઈ જાય.

૧૭. દર્શનલબ્ધિને મૂળથી હણનાર ૪ દર્શનાવરણ છે, અને તે દર્શનાવરણના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી દર્શનલબ્ધિને તેટલો વખત આવરનાર ૫ નિદ્રા છે.

મિથ્યાત્વમોહનીય [૧૮]સમ્યક્ત્વ ગુણને સર્વથા હણે છે, માટે એ બધી પ્રકૃતિઓ સર્વઘાતી કહેવાય છે.

## દેશઘાતિ પ્રકૃતિના ઘાત્યવિષયો

કેવલજ્ઞાનાવરણાદિ વડે સર્વથા આવૃત થવા છતાં કંઇક બાકી રહેલો એટલે નહિ અવરાયલો આત્માનો જે જ્ઞાનાદિ ગુણ તે દેશ એટલે સંપૂર્ણ જ્ઞાનાદિની અપેક્ષાએ અલ્પગુણ, તેને જે હણે તે દેશઘાતી કહેવાય. તેમાં કેવલજ્ઞાનાવરણ વડે આવૃત થવા છતાં પણ કિંચિત્ અનાવૃત-ખુલ્લો રહેલો જ્ઞાનગુણ જે [૧૯]મતિ, શ્રુત, અવધિ અને મનઃપર્યવ એમ ૪ પ્રકારનો છે, તેને આવરનાર મતિજ્ઞાનાવરણાદિ ૪ પ્રકૃતિઓ દેશઘાતી છે. એ પ્રમાણે કેવળદર્શનાવરણ વડે આવૃત થવા છતાં કંઇક અનાવૃત રહેલ દર્શનગુણ જે [૨૦]ચક્ષુદર્શન-અચક્ષુદર્શન અને અવધિદર્શન એમ ૩ પ્રકારે છે, તેને ચક્ષુદર્શનાવરણાદિ ૩ કર્મ આવરે છે, માટે તે ત્રણે ય કર્મ દેશઘાતી છે.

---

૧૮. સમ્યક્ત્વગુણને મુખ્યત્વે મિથ્યાત્વમોહનીય સર્વથા હણે છે અને અનંતાનુબંધી કષાય સમ્યક્ત્વ તથા ચારિત્ર બન્નેને સર્વથા હણે છે. અનંતાનુબંધી મિથ્યાત્વના અતિ સહચારી છે, માટે સમ્યક્ત્વઘાતક બન્ને ગણાય છે.

૧૯-૨૦. મતિજ્ઞાનાદિ ૪ જ્ઞાનના તથા ચક્ષુદર્શનાદિ ૩ દર્શનના વિષયનું અજ્ઞાન તથા અદર્શન તે મતિજ્ઞાનાવરણાદિના તથા ચક્ષુદર્શનાવરણાદિના ઉદયથી જ સમજવું, પરંતુ કેવલજ્ઞાનાવરણ અને કેવળદર્શનાવરણના ઉદયથી નહીં. કેવલજ્ઞાનાવરણ તથા કેવલદર્શનાવરણના ઉદયથી તો મતિજ્ઞાનાદિક તથા ચક્ષુદર્શનાદિકના અવિષયભૂત જે અનંતગુણ અર્થો તેને જ ન જાણે, ન દેખે.

**સંજ્વલનના ૪ કષાય ઉત્પન્ન થયેલા સર્વવિરતિચારિત્રમાં અતિચાર–દૂષણ માત્ર ઉપજાવે છે, પરન્તુ સર્વવિરતિને સર્વથા હણે નહિ,** તે કારણથી દેશઘાતી છે, તેમ જ ૯ નોકષાય પણ ઉત્પન્ન થયેલા ચારિત્રમાં દૂષણ માત્ર ઉપજાવે છે, માટે તે પણ દેશઘાતી છે.

તથા દાનાન્તરાયાદિ ૪ પ્રકૃતિનો જે ગ્રહણ ધારણ યોગ્ય બાદરપરિણામી પુદ્ગલસ્કંધો–સ્વવિષય છે, (કારણ કે દાન, લાભ, ભોગ અને ઉપભોગ ગ્રહણ ધારણ યોગ્ય બાદરપરિણામી પુદ્ગલસ્કંધોનો જ હોઈ શકે છે.) તેનો દાન–લાભ–ભોગ–ઉપભોગ ન થઈ શકે તે દાનાન્તરાય વગેરે જ કર્મનો પ્રભાવ છે, અને તે પુદ્ગલસ્કંધો જગતનાં સર્વ પુદ્ગલોથી અનન્તમા ભાગ જેટલા છે, માટે દેશ અલ્પ છે, તેથી [21]તે વિષયવાળી (ઘાતક) પ્રકૃતિઓ પણ દેશઘાતી જ કહેવાય, તથા વીર્યાન્તરાયકર્મ આત્માના વીર્ય શક્તિગુણને દેશથી હણે છે, પરન્તુ સર્વથી નહિ, જો સર્વથી હણે તો કોઈ પુદ્ગલનું ગ્રહણ, આલંબન, પરિણમન, વિસર્જન આદિ ન થઈ શકે. સૂક્ષ્મ નિગોદ લબ્ધિઅપર્યાપ્તને પણ આહારગ્રહણાદિ ક્રિયા હોય છે. માટે [22]દેશઘાતી છે.

---

૨૧. જગતના સમસ્ત પુદ્ગલો તેમ જ ધર્માસ્તિકાયાદિ અરૂપી પદાર્થોનો દાન–લાભ–ભોગ–ઉપભોગ થઈ શકતો નથી. તે દાનાન્તરાયાદિના ઉદયથી નહિ, પરન્તુ તે તે વસ્તુઓનું ગ્રહણ, ધારણ ઇત્યાદિ અશક્ય હોવાથી જ.

૨૨. પ્રશ્ન—કેવલજ્ઞાનાવરણ કર્મ જેમ સર્વઘાતી છે અને મતિજ્ઞાનાવરણ વગેરે ચાર કર્મ જેમ દેશઘાતી છે, તે પ્રમાણે અંતરાયકર્મના

**ઉપર જણાવેલ સર્વઘાતી તેમજ દેશઘાતી સિવાય શેષ ૮ પ્રત્યેક પ્રકૃતિ આદિ અઘાતી પ્રકૃતિઓ આત્મગુણનો ઘાત કરી શકતી નથી, માટે અઘાતી છે. ૧૩–૧૪.**

**૭ मे ८ मे घात्यघातिप्रकृतिद्वारे समाप्ते.**

---

પાંચ પ્રકારોમાં વીર્યાન્તરાય કર્મ સર્વઘાતી અને બાકીના ચાર દાનાંતરાય વગેરે દેશઘાતી એમ ન જણાવતાં વીર્યાન્તરાય વગેરે પાંચેય પ્રકારના અંતરાય કર્મને દેશઘાતી શા માટે ગણવામાં આવ્યા ?

ઉત્તર—કેવલજ્ઞાનાવરણીયકર્મ સર્વઘાતી છે, કારણ કે આત્માના કેવલજ્ઞાનસ્વરૂપ સર્વ–સંપૂર્ણ જ્ઞાનગુણને તે હણે છે, અને અનાદિથી દરેક આત્માને તે કેવલજ્ઞાનાવરણીયકર્મનો જ્યાં સુધી કેવલજ્ઞાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી સદાકાળ ઔદયિક ભાવ જ હોય છે. પણ ક્ષયોપશમભાવ નથી હોતો, જ્યારે વીર્યાન્તરાય કર્મનો તો નિગોદથી લઈ પંચેન્દ્રિય સુધીના સર્વસંસારી જીવોને બારમા ગુણસ્થાનના અંતિમ સમય સુધી સદાકાળ ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ હોય, પણ એકલો ઔદયિક ભાવ નથી હોતો.

બીજું જ્ઞાનાવરણીયકર્મમાં–આત્માના કેવલજ્ઞાનરૂપી સર્વગુણનો ઘાત કરનાર હોવાથી કેવલજ્ઞાનાવરણીય કર્મ એ સર્વઘાતિ કર્મ છે. અને એ સર્વઘાતિ કેવલજ્ઞાનાવરણીયકર્મથી અનંત જ્ઞેય વિષયક કેવલજ્ઞાનરૂપ સર્વગુણનો ઘાત થવા છતાં (વાદળા વડે સૂર્યનો મૂળ પ્રકાશ દબાઈ જવા છતાં અમુક પ્રભા જેમ ખુલ્લી રહે છે તેની માફક) આત્માનો જ્ઞાનગુણ અનંતમાં ભાગ જેટલો જે અનાવૃત રહે છે, તે અનંતમા ભાગરૂપી દેશગુણનો મતિજ્ઞાનાવરણ વગેરે ચારેય જ્ઞાનાવરણકર્મો ઘાત કરનારા હોવાથી દેશઘાતિ કહેવાય છે, પણ અંતરાય કર્મમાં પાંચ વિભાગ છતાં એ પરિસ્થિતિ નથી. અંતરાયકર્મમાં મુખ્યત્વે વિચારીએ તો એક વીર્યાંતરાય કર્મ જ છે, એ

**अवतरण**—પૂર્વગાથામાં સર્વઘાતિ, દેશઘાતિ તથા અઘાતિ પ્રકૃતિઓ કહીને હવે આ ગાથામાં **पुण्यप्रकृतिओ** કહે છે.

**सुरनरतिगुच्चसायं, तसदसतणुवंगवइरचउरंसं ।**
**परघासग तिरियाऊ, वन्नचऊपणिदिसुभखगई ॥१५॥**

**गाथार्थ**—દેવત્રિક, મનુષ્યત્રિક, ઉચ્ચગોત્ર, શાતાવેદનીય, ત્રસાદિ ૧૦, ૫ શરીર, ૩ ઉપાંગ, વજ્રઋષભનારાચ સંઘયણ, સમચતુરસ્રસંસ્થાન, પરાઘાતસપ્તક (પરાઘાત–ઉચ્છ્વાસ-આતપ –ઉદ્યોત–અગુરુલઘુ–તીર્થંકર–નિર્માણ) તિર્યંચ આયુષ્ય, વર્ણાદિ ૪, પંચેન્દ્રિય જાતિ, અને શુભવિહાયોગતિ એ ૪૨ પુણ્યપ્રકૃતિઓ છે.

**विशेषार्थ**—સુગમ છે. ગાથામાંનો तिग શબ્દ सुर શબ્દની સાથે પણ અર્થ કરતી વખતે જોડવો. ૧૫.

**॥ इति ९ मं पुण्यप्रकृतिद्वारं समाप्तम्. ॥**

---

વીર્યાંતરાય કર્મ દાનમાં, લાભમાં, ભોગમાં અને ઉપભોગમાં બાહ્ય તેમજ અંતરંગ દૃષ્ટિએ વિઘાતક બને, તે અવસરે તે જ વીર્યાંતરાય કર્મને અનુક્રમે દાનાંતરાય, લાભાંતરાય, ભોગાંતરાય અને ઉપભોગાંતરાય તરીકે કહેવામાં આવે છે. આવા કારણો અંગે પણ વીર્યાંતરાયકર્મ સર્વઘાતિ અને બાકીના દાનાંતરાયાદિ ચાર દેશઘાતિ હોવાની કલ્પના બરાબર નથી.

વળી કેવલજ્ઞાનાવરણીય કર્મનો સર્વસંસારી જીવોને અનાદિથી સર્વઘાતિ રસસ્પર્ધકોનો ઉદય છે, અને વીર્યાંતરાય કર્મનો સર્વસંસારી જીવોને અનાદિથી દેશઘાતિ રસસ્પર્ધકોનો ઉદય છે.

આવા અનેક હેતુઓથી વીર્યાન્તરાય કર્મ દેશઘાતિ છે પણ સર્વઘાતિ નથી, અને વીર્યાન્તરાયના ફલસ્વરૂપે દાનાન્તરાયાદિ ચારેય કર્મો પણ દેશઘાતિ છે તત્ત્વં કેવલિગમ્યમ્.

अवतरण—પૂર્વગાથામાં પુણ્યપ્રકૃતિઓ કહીને હવે આ બે ગાથામાં पापप्रकृतिओ કહે છે.

**बायाल पुन्नपगई, अपढमसंठाणखगइसंघयणा ।**
**तिरिदुग असायनीओ-वघाय इग विगलनिरयतिगं ।।१६।।**
**थावरदस वन्नचउक्क, घाई पणयाल सहिअ बासीई ।**
**पावपयडित्ति दोसु वि, वन्नाइगहा सुहा असुहा ।।१७।।**

गाथार्थ—એ પૂર્વગાથામાં કહેલી ૪૨ પુણ્યપ્રકૃતિઓ છે. તથા અપ્રથમ સંસ્થાન એટલે પહેલાં સિવાયનાં ૫ સંસ્થાન અપ્રથમ ખગતિ એટલે અશુભવિહાયોગતિ, અપ્રથમસંઘયણ એટલે પહેલા સિવાયના ૫ સંઘયણ, તિર્યંગ્દ્વિક, અશાતા-વેદનીય, નીચગોત્ર, ઉપઘાત, એકેન્દ્રિયજાતિ, વિકલેન્દ્રિય (દ્વિ૦ ત્રિ૦ ચતુ૦જાતિ) ૩, નરકત્રિક ૩, સ્થાવરાદિ ૧૦, વર્ણાદિ ૪, ઘાતિપ્રકૃતિ ૪૫, એ સર્વ મળી ૮૨ પાપ પ્રકૃતિ છે. અહીં પુણ્ય અને પાપ બન્નેમાં વર્ણાદિ ૪ ગ્રહણ કરેલા હોવાથી પુણ્યપ્રકૃતિઓમાં શુભવર્ણાદિ ૪ અને પાપપ્રકૃતિઓમાં અશુભ વર્ણાદિ જાણવા.

विशेषार्थ—સુગમ છે. ૧૬ ગાથામાંનો तिग શબ્દ વિગલ શબ્દની સાથે પણ સંબંધવાળો છે અને अपढम શબ્દ સંસ્થાન, ખગતિ તથા સંઘયણ એ ત્રણેયની સાથે સંબંધવાળો છે.

प्रश्न—પુણ્યની ૪૨ તથા પાપની ૮૨ ગણતાં સર્વ પ્રકૃતિ ૧૨૪ થાય છે અને બંધમાં તો ૧૨૦ પ્રકૃતિ કહી છે, તે કેમ?

ઉત્તર—૧૭ મી ગાથાના ઉત્તરાર્ધમાં જ એનો ઉત્તર કહી

દીધો છે કે વર્ણાદિ ૪ નું પુણ્યમાં શુભવર્ણાદિ ૪ અને પાપમાં અશુભવર્ણાદિ ૪ એમ બે વાર ગ્રહણ થયેલું હોવાથી ઉદયની અપેક્ષાએ ગણત્રીમાં ૧૨૪ થવા છતાં પણ બંધમાં એક સમયે શુભ અથવા અશુભ વર્ણાદિમાંથી એકનો બંધ થતો હોવાથી ૧૨૦ ના જ બંધ ગણાય છે. ૧૬-૧૭

॥ इति दशमं पापप्रकृतिद्वारं समाप्तम ॥

---

अवतरण—પૂર્વગાથાઓમાં પુણ્ય પાપ-પ્રકૃતિઓ કહીને હવે આ ગાથામાં अपरावर्तमान પ્રકૃતિઓ કહે છે.

**नामधुवबंधिनवगं, दंसणपणनाणविग्घपरघायं ।**
**भयकुच्छमिच्छसासं, जिण गुणतीसा अपरिअत्ता ॥१८॥**

गाथार्थ—૪૭ ધ્રુવબંધિમાંની નામકર્મની ૯ ધ્રુવબંધી પ્રકૃતિઓ (વર્ણાદિ ૪, તૈજસ-કાર્મણ-અગુરુ૦-નિર્માણ-ઉપઘાત) ૪ દર્શનાવરણીય, ૫ જ્ઞાનાવરણીય, ૫ વિઘ્ન, પરાઘાત, ભય, જુગુપ્સા, મિથ્યાત્વ, ઉચ્છ્વાસ અને જિનનામ એ (गुणतीसा) ૨૯ અપરાવર્તમાન પ્રકૃતિઓ છે.

विशेषार्थ—એ ૨૯ પ્રકૃતિઓમાંની કોઈ પણ પ્રકૃતિ બંધ, ઉદય અથવા બંધોદયમાં આવે ત્યારે કોઈ પણ અન્ય પ્રકૃતિનાં બંધ, ઉદય અથવા બંધોદયને અટકાવતી નથી. માટે अपरावर्तमान અર્થાત્ પરાવૃત્તિ એટલે અન્ય પ્રકૃતિના બંધાદિકનું પરાવર્તન-પલટન-અટકાવ-રોધ કર્યા વિના બંધાદિકમાં

વર્તનાર કહેવાય છે, અર્થાત્ એ પ્રકૃતિઓ કોઈની વિરોધી નથી, પરન્તુ મિત્રતુલ્ય છે. ૧૮.

॥ इति एकादशं [२३]अपरावर्तमानप्रकृतिद्वारं समाप्तम ॥

अवतरण–પૂર્વગાથામાં અપરાવર્તમાન પ્રકૃતિઓ કહીને હવે આ ગાથામાં परावर्तमान પ્રકૃતિઓ કહી क्षेत्रविपाकी પ્રકૃતિઓ પણ કહે છે.

**तणुअट्ठ वेय दुजुअल, कसाय उज्जोअगोअदुग निद्दा ।**
**तसवीसाउ परित्ता, खित्तविवागाऽणुपुव्वीओ ॥ १९ ॥**

ગાથાર્થ–ત્રીજી ગાથામાં કહેલા ક્રમ પ્રમાણે તનુઅષ્ટકની ૩૩ પ્રકૃતિ ([२४]તૈજસ કાર્મણ રહિત ૩ શરીર, ૩ ઉપાંગ, ૬ સંસ્થાન, ૬ સંઘયણ, ૫ જાતિ, ૪ ગતિ, ૨ ખગતિ અને ૪ આનુપૂર્વી, ૩ વેદ, હાસ્યાદિ બે યુગલની ૪, ૧૬ કષાય, ૨ ઉદ્યોતદ્વિક (ઉદ્યોત અને આતપ) (गोअदुग) ત્રીજી ગાથાના ક્રમ પ્રમાણે ૨ ગોત્ર તથા ૨ વેદનીય મળી ૪, ૫ નિદ્રા, ત્રસાદિ ૨૦ અને આયુષ્ય ૪ એ ૯૧ (परित्ता) परावर्तमान પ્રકૃતિઓ છે. ૪ આનુપૂર્વીઓ તે ૪ क्षेत्रविपाकी પ્રકૃતિઓ છે.

૨૩. '૨૬' દ્વાર સંબંધી પહેલી ગાથામાં ૧૧ મું દ્વાર પરાવર્તમાન પ્રકૃતિનું છે, જ્યારે અહીં અપરાવર્તમાન પ્રકૃતિ કહી, તે દ્વાર-વિષય વિપર્યય કેવળ વિવક્ષાભેદથી છે.

૨૪. કારણ કે તૈજસ અને કાર્મણ એ બે શરીર અપરાવર્તમાનનાં ગણેલાં હોવાથી તનુઅષ્ટકની ૩૫ માંથી બાદ કરવાં.

વિશેષાર્થ—એ ૯૧ પ્રકૃતિઓમાંની દરેક પ્રકૃતિ અન્ય એકાદિ સજાતીય પ્રકૃતિ સાથે વિરોધી શત્રુ સરખી છે, તેથી તે વિરોધી પ્રકૃતિનો બંધાદિક અટકાવીને જ પોતે બંધાદિકમાં પ્રવર્તે છે, માટે પરાવર્તમાન કહેવાય છે.

પ્રશ્ન—કઈ પ્રકૃતિ કોની સાથે વિરોધી છે?

ઉત્તર—દરેક પરાવર્તમાન પ્રકૃતિ સ્વજાતીય અન્ય પ્રકૃતિ સાથે વિરોધી હોય છે. જેમ ઔદારિક શરીર અન્ય બે શરીર સાથે વિરોધી છે, એક સંસ્થાન બીજા સંસ્થાન સાથે વિરોધી છે, એક સંઘયણ બીજા સંઘયણ સાથે વિરોધી છે. ઇત્યાદિ રીતે વિરોધ સ્વજાતીય પ્રતિભેદ સાથે યથાસંભવ વિચારવો. તેમાં પણ કોઈ બંધમાં કોઈ ઉદયમાં તો કોઈ બંધ-ઉદય બન્નેમાં વિરોધી હોય છે. તેનું સંક્ષિપ્ત કોષ્ઠક આ પ્રમાણે—

## ૯૧ परावर्तमान प्रकृतिओनुं यन्त्र

| પ્રકૃતિઓ | કોની સાથે વિરોધી? | કઈ બાબતમાં વિરોધી? |
|---|---|---|
| ઔદારિક શરીર ૩ | પરસ્પર | બંધ-ઉદયમાં |
| ઉપાંગ ૩ | ,, | ,, |
| સંસ્થાન ૬ | ,, | ,, |
| સંઘયણ ૬ | ,, | ,, |
| જાતિ ૫ | ,, | ,, |
| ગતિ ૪ | ,, | ,, |
| ખગતિ ૨ | ,, | ,, |

| પ્રકૃતિઓ | કોની સાથે વિરોધી | કઈ બાબતમાં વિરોધી ? |
|---|---|---|
| આનુપૂર્વી ૪ | પરસ્પર | બંધ–ઉદયમાં |
| વેદ ૩ | ,, | ,, |
| હાસ્યયુગલની ૨ | શોકયુગલ સાથે | ,, |
| શોકયુગલની ૨ | હાસ્યયુગલ સાથે | ,, |
| ક્રોધ ૪ | શેષ ૧૨ કષાય સાથે | ઉદયમાં |
| માન ૪ | ,, | ,, |
| માયા ૪ | ,, | ,, |
| લોભ ૪ | ,, | ,, |
| ઉદ્યોત ૧ | આતપ સાથે | બંધ–ઉદયમાં |
| આતપ ૧ | ઉદ્યોત સાથે | ,, |
| ગોત્ર ૨ | પરસ્પર | ,, |
| વેદનીય ૨ | ,, | ,, |
| નિદ્રા ૫ | ,, | ઉદયમાં |
| ત્રસાદિ ૪ | સ્થાવરાદિ ૪ સાથે ક્રમશઃ | બંધ–ઉદયમાં |
| સ્થિર–શુભ ૨ | અસ્થિર–અશુભ સાથે ક્રમશઃ | બંધમાં |
| સૌભાગ્યાદિ ૪ | દૌર્ભાગ્યાદિ ૪ સાથે ક્રમશઃ | બંધ–ઉદયમાં |
| સ્થાવરાદિ ૪ | ત્રસાદિ ૪ સાથે ક્રમશઃ | ,, |
| અસ્થિર–અશુભ ૨ | સ્થિર–શુભ સાથે ક્રમશઃ | બંધમાં |
| દૌર્ભાગ્યાદિ ૪ | સૌભાગ્યાદિ ૪ સાથે ક્રમશઃ | બંધ–ઉદયમાં |
| આયુષ્ય ૪ | પરસ્પર | ,, |
| ૯૧ | | |

## ક્ષેત્રવિપાકી ચાર આનુપૂર્વીઓ

આનુપૂર્વીનો ઉદય વક્રગતિથી પરભવમાં જતા જીવને માર્ગમાં–આકાશમાં જ હોય છે, અને તે પણ [૨૫]વક્રગતિના બીજા સમયથી–જ્યાં વક્ર થવાનું હોય છે,–ત્યાંથી જ હોય છે, પરન્તુ વક્રગતિનો પ્રથમ સમયે આનુપૂર્વીનો ઉદય હોય નહિ, કારણ કે વક્રગતિનો પ્રથમ સમય પૂર્વભવનો ગણાય છે અને તે સમયે પૂર્વભવની જ ગતિનો, આહારનો અને આયુષ્યનો ઉદય હોય છે. તથા પરભવમાં ઉત્પન્ન થતાની સાથે જ આનુપૂર્વીનો ઉદય બંધ થાય છે તેથી આનુપૂર્વીનો ઉદય કેવળ આકાશક્ષેત્રમાં જ હોવાથી ૪ આનુપૂર્વીઓ મુખ્યત્વે क्षेत्र-विपाकी ગણાય છે. આ ગાથામાંનો दुग શબ્દ उज्जोअ સાથે પણ જોડવો. ૧૯.

॥ त्रयोदशं क्षेत्रविपाकिप्रकृतिद्वारं समाप्तम् ॥

---

अवतरण—પૂર્વગાથામાં પરાવર્તમાન પ્રકૃતિઓ તથા ક્ષેત્ર-વિપાકી પ્રકૃતિઓ કહીને હવે આ ગાથામાં जीवविपाकी ૭૮ તથા भवविपाकी ૪ પ્રકૃતિઓ કહે છે. ૧૯.

---

૨૫ ઋજુગતિ વડે પરભવમાં જતા જીવને આનુપૂર્વીનો ઉદય ન હોય, કારણ કે વક્ર થવાનો અભાવ છે. તથા ઋજુગતિમાં પહેલો સમય પણ પરભવનો છે, જેથી ઋજુગતિમાં પ્રથમ સમયે જ પરભવની ગતિનો આહારનો અને આયુષ્યનો ઉદય થઈ જાય છે. ત્યારે વક્રગતિમાં ઉપર કહ્યા પ્રમાણે બીજા સમયે જ પરભવની ગત્યાદિનો ઉદય થાય છે. આ ભાવાર્થ બંધશતકચૂર્ણિમાં કહ્યો છે.

**घणघाइ दुगोअ जिणा, तसिअरतिग सुभगदुभगचउ सासं।**
**जाइतिग जिअविवागा, आउ चउरो भवविवागा ॥२०॥**

गाथार्थ—[26]ઘનઘાતી (૨૦ સર્વઘાતી, ૨૫ દેશઘાતી, મિશ્ર અને સમ્યક્ત્વમોહ એ) [27]૪૭ પ્રકૃતિ, (दुगोअ) ત્રીજી ગાથામાં કહેલા ક્રમ પ્રમાણે ૨ ગોત્ર ૨ વેદનીય, (जिणा) જિનનામ, (तसिअरतिग) ત્રસાદિ ૩, સ્થાવરાદિ ૩, સૌભાગ્યાદિ ૪, દૌર્ભાગ્યાદિ ૪ (સૌભાગ્ય–સુસ્વર–આદેય–યશ તેમજ દૌર્ભાગ્ય-દુઃસ્વર–અનાદેય–અપયશ), શ્વાસોચ્છ્વાસ, (जाइतिग) ત્રીજી ગાથાના ક્રમ પ્રમાણે જાતિ ૫, ગતિ ૪ અને ખગતિ ૨ એમ સર્વ મળી ૭૮ પ્રકૃતિ जीवविपाकी છે. તથા ૪ આયુષ્ય भवविपाकी છે.

विशेषार्थ—એ ૭૮ પ્રકૃતિઓનો અનુભવ મુખ્યત્વે જીવને હોવાથી जीवविपाकी છે. અને આયુષ્ય સંપૂર્ણ ભવપર્યંત વર્તનારા હોવાથી, અથવા ભવના વિપાકોદયે જ આયુષ્યનો વિપાકોદય અવશ્યપણે થતો હોવાથી, અથવા જે ભવનું આયુષ્ય બાંધ્યું હોય તે ભવમાં જ તેનો ઉદય થતો હોવાથી ૪ આયુષ્ય મુખ્યત્વે भवविपाकी છે.

---

૨૬. ઘન એટલે મેઘના દૃષ્ટાન્તે આત્મગુણરૂપી સૂર્યપ્રકાશાદિનો સર્વાંશે અથવા દેશાંશે ઘાત કરનારી પ્રકૃતિઓ ઘનઘાતી કહેવાય છે.

૨૭. '૧૩-૧૪' મી ગાથામાં ઘાતી પ્રકૃતિ ૪૫ ગણાવી છે, તેમાં ત્યાં બંધ–પ્રકૃતિનો પ્રસંગ હોવાથી મિશ્ર અને સમ્યક્ત્વ મોહ-રહિત ઘાતી પ્રકૃતિ ૪૫ ગણી છે. જ્યારે અહીં તો વિપાકિ પ્રકૃતિઓ કહેવામાં ઉદયનો પ્રસંગ છે, માટે સમ્યક્ત્વ અને મિશ્રમોહસહિત ૪૭ ઘનઘાતી જાણવી.

**પ્રશ્ન**—૨ વેદનીય, બાદર, દુઃસ્વર, સુસ્વર, શ્વાસોચ્છ્વાસ ઇત્યાદિ કેટલીક પ્રકૃતિઓનો ઉદય, પુદ્ગલ-શરીરાદિ આશ્રયી હોવા છતાં પણ એ પ્રકૃતિઓ જીવવિપાકી કેમ?

**ઉત્તર**—[૨૮]વેદનીયાદિ પ્રકૃતિઓ શરીર, ભાષાવર્ગણા, ઉચ્છ્વાસવર્ગણા ઇત્યાદિ પુદ્ગલના આશ્રયથી ઉદયવાળી હોવાથી પુદ્ગલ વિપાકી કહેવાય નહિ. કારણ કે અહીં પુદ્ગલ એટલે સર્વ પુદ્ગલ નહિ, પરન્તુ કેવળ ઔદારિકાદિ પાંચ શરીર જ જાણવાં. ૨૦.

॥ चतुर्दश-पञ्चदशे जीव-भव-विपाकि प्रकृतिद्वारे समाप्ते ॥

*

अवतरण—પૂર્વગાથામાં જીવવિપાકી તથા ભવવિપાકિ પ્રકૃતિઓ કહીને, હવે ગાથામાં पुद्गलविपाकी પ્રકૃતિઓ તથા દરેક પ્રકૃતિનો-કર્મનો ૪ પ્રકારનો बन्ध કહે છે.

**नाम धुवोदय-चउतणु-वघाय साहारणिअरुजोअतियं ।**
**पुग्गलविवागि बंधो, पयइट्ठिइरसपएसत्ति ॥ २१ ॥**

गाथार्थ—**નામકર્મની** ( નિર્માણ, સ્થિર, અસ્થિર, શુભ, અશુભ, અગુરુલઘુ, તૈજસ, કાર્મણ અને વર્ણાદિ ચાર એ ) ૧૨ **ધ્રુવોદયી પ્રકૃતિ**, ( चउतणु ) ત્રીજી ગાથામાં કહેલા ક્રમ

૨૮. પહેલી ગાથાના અર્થ પ્રસંગે ૨૬ દ્વારોનાં વર્ણનમાં આ અર્થ સ્પષ્ટ કહ્યો છે, તોપણ પ્રસંગ હોવાથી અહીં પણ એ જ અર્થ સ્પષ્ટ કર્યો છે.

પ્રમાણે શરીરાદિ ચાર પિંડપ્રકૃતિની (શરીર ૩, ઉપાંગ ૩, સંસ્થાન ૬, અને સંઘયણ ૬ એ) ૧૮ ઉત્તરપ્રકૃતિ, ઉપઘાત, સાધારણ, (इअर) પ્રત્યેક, ઉદ્યોતાદિ ૩ (ઉદ્યોત, આતપ, પરાઘાત), એ ૩૬ પ્રકૃતિ पुद्गलविपाकी છે. તથા પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ (त्ति) ઇતિ એ પ્રમાણે कर्मबन्ध ૪ प्रकारनो છે.

विशेषार्थ—એ ૩૬ પ્રકૃતિઓ પોતાનું ફળ મુખ્યત્વે યથાસંભવ પાંચ દેહપણે પરિણમતાં પુદ્ગલો પ્રત્યે જ દર્શાવે છે, માટે पुद्गलविपाकी જાણવી. અહીં પુદ્ગલ એટલે પાંચ શરીર જ જાણવાં. પરંતુ ભાષા, ઉચ્છ્વાસ આદિ પુદ્ગલો નહિ, અને તે કારણથી ઇન્દ્રિય-સ્વર-ઉચ્છ્વાસ ઇત્યાદિ કર્મો પુદ્ગલ આશ્રયી હોવા છતાં પણ પુદ્ગલવિપાકી ન જાણવાં.

॥ षोडशं पुद्गलविपाकि[२९] प्रकृतिद्वारं समाप्तम् ॥

*

૪ પ્રકારના બંધનું મોદક દૃષ્ટાન્તે વિશેષ સ્વરૂપ કર્મ-વિપાકાદિ ગ્રંથોમાંથી જાણી લેવું. (શબ્દાર્થમાત્ર તો પહેલી ગાથાના અર્થ પ્રસંગે ૨૬ દ્વારોના વર્ણનમાં કહ્યો છે.) ૨૧.

---

૨૯. પંચસંગ્રહમાં हेतुविपाक અને रसविपाक એમ ૨ પ્રકારના વિપાક કહ્યા છે. તેમાં આ ચાર પ્રકારના હેતુવિપાકના કહ્યા. તથા ઘાતી-અઘાતી, શુભ-અશુભ તથા એક સ્થાનિકાદિ ભેદ રસવિપાકના જાણવા. તે પ્રથમ કહ્યા છે, અને હજી આગળ કહેવાશે.

## ૧૭ મું પ્રકૃતિદ્વાર–ભૂયસ્કારાદિ બંધ

अवतरण—પૂર્વે જુદી જુદી રીતે પ્રકૃતિઓના ૧૬–[30]૧૭ પ્રતિભેદયુક્ત [31]૭ મૂળભેદ કહીને અનન્તર ગાથામાં કહેલ પ્રકૃતિ બંધાદિ ૪ પ્રકારના બંધમાં પ્રથમ ૧ પ્રકૃતિબંધ [32]કહેવાની ઇચ્છાએ તેના ૪ ભેદ તથા દરેક ભેદથી ઊપજતા ભૂયસ્કારાદિ ૪ વિકલ્પ ( ભેદ–ભંગવિશેષ ) આ ગાથામાં કહે છેઃ—

**मूलपयडीण अडसत्त–छेगबंधेसु तिन्नि भूगारा ।**
**अप्पतरा तिअ चउरो, अवट्ठिआ न हु अवत्तव्वो ।।२२।।**

गाथार्थ—મૂલપ્રકૃતિના ૮–૭–૬–૧ એ ચાર [33]બંધસ્થાન છે, અને તે ચાર બંધસ્થાનોમાં ૩ ભૂયસ્કાર, ૩ અલ્પતર, ૪ અવસ્થિતબંધ છે, પરન્તુ અવક્તવ્યબંધ એક પણ નથી.

विशेषार्थ—અહીં પ્રથમ ભૂયસ્કારાદિ સંજ્ઞાઓનો અર્થ આ પ્રમાણે છે. જેટલી પ્રકૃતિનો બંધ પ્રવર્તતો હોય તેથી એક વા બે આદિ અધિક પ્રકૃતિઓનો બંધ જે સમયે પ્રારંભાય

---

૩૦. ધ્રુવબંધિ–ધ્રુવોદયી–ધ્રુવસત્તાક–પુણ્ય–પરાવર્તનમાન–ઘાતી એ ૬, પ્રતિપક્ષી ૬ ભેદ સહિત ૧૨ તથા ક્ષેત્રવિપાકાદિ ૪ મળી ૧૬ ભેદ, અથવા ઘાતીના પ્રતિભેદમાં ઘાતી અઘાતીને બદલે સર્વઘાતી દેશઘાતી અને અઘાતી એમ ૩ ગણે તો ૧૭ પ્રતિભેદ.

૩૧. ધ્રુવબંધિ આદિ ૬ અને ૧ વિપાકી એ ૭ મૂળભેદ.

૩૨. અહીં પ્રકૃતિ એટલે ભેદ, સંख્યા એ અર્થ મુખ્ય જાણવો અને "સ્વભાવ" એ અર્થ અંતર્ગત જાણવો.

૩૩. એક સમયમાં સમકાળે જેટલી પ્રકૃતિઓ બંધાય તેટલી પ્રકૃતિનો ( સંખ્યાનો ) સમુદાય તે એક बंधस्थान કહેવાય.

તે જ પ્રારંભના પ્રથમ સમયે ૧ ભૂયસ્કારબંધ કહેવાય. જેમ ૧ નો બંધ સમાપ્ત થઈ ૬ નો બંધ પ્રારંભાતાં (મૂળ પ્રકૃતિ-આશ્રયી) પહેલા સમયે ૬ નો ભૂયસ્કાર ગણાય.

જેટલી પ્રકૃતિઓને બંધ પ્રવર્તતો હોય તેથી એક અથવા બે આદિ ન્યૂન પ્રકૃતિઓનો બંધ જે સમયે પ્રારંભાય તે જ પ્રારંભના પ્રથમ સમયે અલ્પતરબંધ કહેવાય. જેમ ૮ નો બંધ સમાપ્ત થઈ ૭ નો પ્રારંભાતાં પહેલા સમયે ૭ નો પ્રથમ અલ્પતરબંધ થાય.

ભૂયસ્કાર અથવા અલ્પતર અથવા (આગળ કહેવાતા) અવક્તવ્યબંધનો જે પ્રારંભનો એકેક સમય કાળ કહ્યો છે તે સમય વ્યતીત થયા બાદ બીજા સમયથી તેટલી જ પ્રકૃતિનો (સરખી સંખ્યાવાળો) જે બંધ જ્યાં સુધી ચાલુ રહે ત્યાં સુધી ૩ અવસ્થિતબંધ અનેક સમયનો કહવાય.

પ્રકૃતિનો સર્વથા અબંધક થઈને પુનઃ નવેસરથી જેટલી પ્રકૃતિનો બંધ પ્રારંભાય તેટલી પ્રકૃતિનો પ્રારંભસમયે ૪ અવક્તવ્યબંધ કહેવાય. અહીં આઠેય પ્રકારના કર્મનો અબંધક થઈ પુનઃ બંધ કરે એમ બનતું નથી, પરન્તુ ઉત્તરપ્રકૃતિને અંગે વિચારીએ તો ઉપશાન્તગુણસ્થાને મોહનીયનો સર્વથા અબંધક થઈને પુનઃ પતિત થઈ નવમા ગુણસ્થાને આવી સંજ્વલનલોભરૂપ ૧ મોહનીયનો બંધ પ્રારંભે, ત્યાં પ્રારંભના પહેલા સમયે ૧ પ્રકૃતિનો અવક્તવ્યબંધ ગણાય. એ જ પરિપાટી સર્વત્ર વિચારવી.

॥ इति भूयस्कारादिलक्षणानि ॥

## ભૂયસ્કારાદિ બંધનો શબ્દાર્થ

भूयस् એટલે ઘણો અર્થાત્ ચાલુ સંખ્યાથી અધિક સંખ્યાનો बन्ध તે भूयस्कार તથા अल्पतर એટલે न्यून અર્થાત્ ચાલુ સંખ્યાથી ન્યૂન સંખ્યાનો बन्ध તે अल्पतरबन्ध એમાં तर એ પ્રયત્ય છે; તથા अवस्थित એટલે કાયમ બંધ–ચાલુ બંધ અને ભૂયસ્કાર કે અલ્પતર કે અવસ્થિત એ ત્રણમાંના કોઈ પણ ભેદે. अ એટલે નહીં वक्तव्य એટલે કહી શકાય એવો बन्ध તે अवक्तव्यबन्ध.

## ભૂયસ્કારાદિ બંધનો કાળ

ભૂયસ્કાર ૧ સમયનો, અલ્પતર ૧ સમયનો, અવક્તવ્ય ૧ સમયનો અને તે પણ પ્રારંભમાં જ જાણવો; તથા અવસ્થિત અનેક સમયનો છે અને ભૂયસ્કારાદિકથી ઊપજેલો હોવાથી ત્રણ[૩૪] પ્રકારનો (૧–૨–૩ પ્રકારનો) પણ હોય છે.

## મૂળ પ્રકૃતિબંધમાં ૪ બંધસ્થાનો

આયુષ્યના બંધસમયે અવશ્ય જ્ઞાનાવરણીયાદિ આઠે મૂળ-પ્રકૃતિ બંધાય પરન્તુ ૭–૬ કે ૧ ના બંધમાં આયુષ્ય ન બંધાય માટે આયુષ્યના બંધ વખતે અન્તર્મુહૂર્ત સુધી ૮ મૂળપ્રકૃતિના બંધનું એક બંધસ્થાન ગણાય.

---

૩૪. ૧ ભૂયસ્કાર બાદ બીજા સમયથી શરૂ થતો, ૨. અલ્પતર બાદ બીજા સમયથી શરૂ થતો અને ૩. અવક્તવ્ય બાદ બીજા સમયથી શરૂ થતો એમ ત્રણ પ્રકારનો અપેક્ષાભેદથી સમજવો, અન્યથા સ્વરૂપે તો એક જ પ્રકારનો છે. અહીં મધ્યમ અવસ્થિત બંધ બે અથવા ત્રણ પ્રકારના હોય પરન્તુ પહેલો અને છેલ્લો અવસ્થિતબંધ તો એકેક પ્રકારનો જ હોય છે.

આયુષ્ય ન બંધાય ત્યારે ૭ મૂળપ્રકૃતિના બંધનું બીજું બંધસ્થાન હોય, તે ૧-૨-૪-૫-૬-૭ એ ૬ ગુણસ્થાને ૭ નો ભજનીય બંધ એટલે આયુષ્યનો બંધ ચાલુ હોય તો આઠનો બંધ અને આયુષ્યનો બંધ એ ગુણસ્થાનોમાં ચાલુ ન હોય તો સાતનો બંધ હોય, અને ૩-૮-૯ મા ગુણસ્થાને ૭ નો જ બંધ હોય, જેથી એકંદર રીતે ૧ થી ૯ ગુણસ્થાનોમાં ૭ મૂળ-પ્રકૃતિનું એક બંધસ્થાન તો સદાકાળ અવશ્ય હોય; અને ત્રીજા ગુણસ્થાનક સિવાય ૧ થી ૭ ગુણસ્થાનકોમાં જ્યારે આયુષ્યનો બન્ધ ચાલે ત્યારે આઠનું બન્ધસ્થાન હોય.

નવમા ગુણસ્થાને મોહનીયનો બંધ વિચ્છેદ થવાથી દશમા ગુણસ્થાને શેષ ૬ મૂળપ્રકૃતિબંધનું ત્રીજું બંધસ્થાન છે, અને ત્યારબાદ દશમે ગુણસ્થાને જ્ઞાનાવરણીય દર્શના૦-વિઘ્ન-ગોત્ર-અને નામ એ ૫ મૂળપ્રકૃતિનો પણ બંધ વિચ્છેદ થવાથી ૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાને કેવળ ૧ વેદનીયરૂપ મૂળપ્રકૃતિનું ચોથું બંધસ્થાન છે અને ૧૪ મા ગુણસ્થાને બંધનો સર્વથા અભાવ છે.

એ પ્રમાણે ૮-૭-૬-૧ એ ૪ બંધસ્થાનો મૂળપ્રકૃતિબંધની અપેક્ષાએ કહ્યાં. હવે તેમાં ભૂયસ્કારાદિ બંધ કહેવાય છે.

## મૂળપ્રકૃતિના ૪ બંધસ્થાનોમાં ૩ ભૂયસ્કાર.

[૩૫]૧૧ મા ઉપશાન્તમોહગુણસ્થાને ૧ વેદનીયનો બંધક થઈ અદ્ધાક્ષયથી પડતાં ૧૦ મા ગુણસ્થાને આવી જ્ઞાના૦-

૩૫. ૧૨-૧૩ મે ગુણસ્થાને ૧ વેદનીયનો બંધક છે પરન્તુ ત્યાંથી પતિત થવાનો અભાવ છે, માટે અવશ્ય પતિત થવાના સ્વભાવવાળું ૧૧ મું ગુણસ્થાન કહ્યું છે, અને ૧૨-૧૩ મું કહ્યું નથી.

દર્શના૦-વિઘ્ન-નામ અને ગોત્ર એ ૫ પ્રકૃતિઓ અધિક બાંધે તે વખતે (પ્રારંભમાં) પ્રથમ સમયે ૬ નો પહેલો भूयस्कार ગણાય, અને બીજા સમયથી પ્રારંભીને જ્યાં સુધી એ ૬ નો બંધ ચાલુ રહે ત્યાં સુધી અસંખ્યસમયાત્મક અન્તર્મુહૂર્ત સુધી (૧૦ મા ગુણ૦ ના કાળ જેટલો) ૬ નો अवस्थितबंध ગણાય.

આ પ્રમાણે ૧૦ મા સૂક્ષ્મસંપરાયગુણસ્થાને ૬ નો બંધક હોઈ (ભૂયસ્કાર તથા અવસ્થિતબંધવાળો થઈ) ૯ મા અનિવૃત્તિગુણસ્થાને આવતા તુરત પ્રથમ સમયે (સંજ્વલન લોભ રૂપ ૧) મોહનીયનો બંધ પણ અવશ્ય પ્રારંભે તેથી ૭ નો બંધક થતાં પ્રારંભના પ્રથમ સમયે ૭ નો भूयस्कार થાય, અને ત્યારબાદ બીજા સમયથી પ્રારંભીને યાવત્ આયુષ્યબંધ ન કરે ત્યાં સુધી એ જ ૭ નો अवस्थितबन्ध ગણાય.

એ પ્રમાણે ૭ નો બંધક થઈ નીચે ઉતરતા છઠ્ઠા પ્રમત્ત વગેરે ગુણસ્થાનકે આવી, જ્યારે આયુષ્યકર્મનો બંધ કરે ત્યારે પહેલા સમયે ૮ નો भूयस्कार અને બીજા સમયથી અન્તર્મુહૂર્ત-પર્યન્ત (આયુષ્યના બંધકાળપર્યન્ત) ૮ નો अवस्थितबन्ध ગણાય.

## મૂળપ્રકૃતિના ૪ બંધસ્થાનોમાં ત્રણ અલ્પતર.

ઉપર પ્રમાણે આયુષ્યસહિત ૮ કર્મનો બંધક જીવ જ્યારે આયુષ્યનો અંતર્મુહૂર્ત બંધકાળ પૂર્ણ થાય ત્યારે (એટલે અન્ત-ર્મુહૂર્ત બાદ) આયુષ્યરહિત ૭ કર્મનો બંધક થાય તેના પ્રથમ સમયે ૭ નો अल्पतरबन्ध હોય, અને બીજા સમયથી યાવત્ પુનઃ અન્ય ભવમાં ઉત્પન્ન થઈ આયુષ્યના બંધથી ૮ નો બંધક ન થાય અથવા તે ભવમાં કિંવા અન્ય ભવમાં શ્રેણિમાં જઈ મોહનીય-

રહિત ૬ નો બંધક ન થાય ત્યાં સુધી ૭ નો અવસ્થિતબંધ ગણાય.

એ પ્રમાણે ૭નો બંધક હોઈ શ્રેણિમાં જઈ નવમા ગુણસ્થાનપર્યન્તે મોહનીયનો બંધ વિચ્છેદ કરી ૧૦ મા ગુણસ્થાને ૬ કર્મનો બંધક થાય તેના પહેલા સમયે ૬ નો અલ્પતરબંધ ગણાય, અને બીજા સમયથી ૧૦ મું ગુણસ્થાન કાયમ રહે ત્યાં સુધી ૬ નો અવસ્થિતબંધ ગણાય.

એ પ્રમાણે ૬ નો બંધક હોઈ [૩૬]૧૧ મા ગુણસ્થાને અથવા ૧૨ મા ગુણસ્થાને જ્ઞાનાવરણીયાદિ ૫ કર્મરહિત કેવળ વેદનીયકર્મનો જ બંધ કરે ત્યારે પહેલા સમયે ૧ નો અલ્પતરબંધ થાય અને બીજા સમયથી (ઉપશમશ્રેણિવંતને અન્તર્મુહૂર્ત માત્ર) અને ક્ષપકને ૧૨-૧૩ મા ગુણસ્થાને વધુમાં વધુ દેશોનપૂર્વક્રોડ વર્ષપર્યન્ત એટલે ૧૪ મે ગુણસ્થાને ન આવે ત્યાં સુધી ૧ નો અવસ્થિતબંધ હોય.

એ પ્રમાણે મૂળપ્રકૃતિના ૪ બંધસ્થાનોમાં એકેક રીતે ૩ ભૂયસ્કાર, એકેક રીતે ૩ અલ્પતર અને એકેક રીતે ૨ તથા બે બે રીતે ૨ મળી ૪ અવસ્થિત બંધ કહ્યા.

---

૩૬. ઉપશમશ્રેણિવંત જીવને ૧ નો અલ્પતર બંધ ૧૧ મા ગુણસ્થાને જ અને ક્ષપકશ્રેણિવંતને ૧૨ મા ગુણસ્થાને જ હોય. ૧૩ મે ગુણસ્થાને જોકે ૧ નો બંધ છે, પરન્તુ તેને અલ્પતર ન કહેવાય. પણ અવસ્થિત કહેવાય. કારણ કે ૧૦ મે ૬ નો બંધ કરી તુર્ત ૧૩ મા ગુણસ્થાને કોઈ પણ જીવ આવી શકતો નથી.

## મૂળપ્રકૃતિના ૪ બંધસ્થાનોમાં ૪ અવસ્થિતબંધ

ઉપર કહેલા ૩ ભૂયસ્કારોમાં અને ૩ અલ્પતર બંધમાં પ્રસંગથી ચારે પ્રકારના અવસ્થિતબંધ એ રીતે કહેવાયા છે.

## મૂળપ્રકૃતિમાં અવક્તવ્યબંધનો અભાવ

આઠે મૂળપ્રકૃતિનો અબંધ ૧૪ મા ગુણસ્થાને જ હોય અને ૧૪ મા ગુણસ્થાનથી પતિત થવાના અભાવે એકાદિ પ્રકૃતિનો પુનર્બંધ થઈ શકતો નથી, તે કારણથી ( એટલે મૂળ-પ્રકૃતિનો અબંધક હોઈ પુનઃ મૂળપ્રકૃતિ બાંધવાના અભાવથી ) મૂળપ્રકૃતિનો अवक्तव्यबंध હોઈ શકતો નથી. ૨૨.

## મૂળપ્રકૃતિના ૪ બંધસ્થાનોમાં ભૂયસ્કારાદિનું સંક્ષિપ્ત કોષ્ટક.

| ૩ ભૂયસ્કાર બંધ | ૩ અલ્પતર બંધ |
|---|---|
| ૬ નો–૧ ના બંધથી ચઢીને | ૭ નો–૮ ના બંધથી ઉતરતાં |
| ૭ નો–૬ ના બંધથી ચઢીને | ૬ નો–૭ ના બંધથી ઉતરતાં |
| ૮ નો–૭ ના બંધથી ચઢીને | ૧ નો–૬ ના બંધથી ઉતરતાં |
| અવક્તવ્યબંધ ૦ | ૪ અવસ્થિતબંધ |
| | ૮ નો–(આયુષ્યબંધકાળે) આઠના ભૂયસ્કાર બાદ |
| | ૭ નો–૭ના ભૂયસ્કાર તથા અલ્પતર બાદ |
| | ૬ નો–૬ ના ,, ,, |
| | ૧ નો–૧ ના અલ્પતર બાદ |

अवतरण—પૂર્વ ગાથામાં મૂળપ્રકૃતિબંધ આશ્રયી ભૂયસ્કારાદિ બંધભેદ કહ્યા. પણ ભૂયસ્કારાદિ એટલે શું ? તેનો અર્થ (અથવા તેનાં લક્ષણ) આ ગાથામાં કહે છેઃ—

**एगादहिगे भूओ, एगाईऊणगम्मि अप्पतरो ।**
**तम्मत्तोऽवट्ठियओ, पढमे समए अवत्तव्वो ॥ २३ ॥**

गाथार्थ—એકાદિ અધિક પ્રકૃતિ બાંધતા (પહેલા સમયે જ) ૧ भूयस्कारबन्ध ગણાય, એકાદિ ઊણ-ન્યૂન પ્રકૃતિ બાંધતાં (પહેલા સમયે જ) ૨ अल्पतरबन्ध ગણાય, (तम्मत्तो—તન્માત્ર) તેટલી જ માત્ર (જેટલી પ્રકૃતિઓનો બંધ શરૂ થયો છે તેટલી જ, પ્રકૃતિઓનો બંધ તે ૩ अवस्थितबन्ध, અને (અબંધક હોઈને પુનર્બંધ પ્રારંભે તે) [૩૭]પ્રથમ સમયનો ૪ अवक्तव्यबन्ध કહેવાય.[૩૮]

---

૩૭. અહીં पढमे समए એ પદ અવક્તવ્યબંધ પહેલા એક જ સમયમાં હોય એમ એક સમયનો કાળ સૂચવતું નથી પરન્તુ "સર્વથા અબંધક હોઈને પુનર્બંધનો પ્રારંભ" એ ભાવાર્થ સૂચવે છે.

૩૮. અહીં ૮ મૂળપ્રકૃતિબંધના તથા જ્ઞાનાવરણીયાદિક આઠના ઉત્તર પ્રકૃતિઓની અપેક્ષાએ જુદા જુદા ભૂયસ્કાર વગેરે આ પ્રકરણમાં કહેવાશે અને એ સામાન્યથી ૧૨૦ પ્રકૃતિઓના ભૂયસ્કારાદિ વિચારવા હોય તો ૧–૧૭–૧૮–૧૯–૨૦–૨૧–૨૨–૨૬–૫૩–૫૪–૫૫–૫૬–૫૬–૫૮–૫૯–૬૦–૬૧–૬૩–૬૪–૬૫–૬૬–૬૭–૬૮–૬૯–૭૦–૭૧–૭૨–૭૩–૭૪ એ ૨૯ બંધસ્થાનોમાં ૨૮ ભૂયસ્કાર, ૨૮ અલ્પતર, ૨૯ અવસ્થિતબંધ અને અવક્તવ્યબંધનો અભાવ, તે પંચસંગ્રહથી સવિસ્તાર જાણવા.

विशेषार्थ—૨૨ મી ગાથાના વિશેષાર્થમાં સર્વભાવાર્થ કહેવાઈ ગયો છે. ૨૩.

अवतरण—૨૨ મી ગાથામાં આઠે મુળપ્રકૃતિઓના સમુદાયઆશ્રયી ભૂયસ્કારાદિ બંધ કહીને અને ૨૩ મી ગાથામાં ભૂયસ્કારાદિકનાં લક્ષણ પણ કહીને, હવે આ ગાથામાં આઠે કર્મના ભિન્ન ભિન્ન ભૂયસ્કારાદિ બંધ સમજાવવા માટે પ્રથમ દર્શનાવરણીયમાં તથા મોહનીયકર્મમાં બંધસ્થાનો કહેવા સાથે ભૂયસ્કારાદિ બંધની સંખ્યા કહે છે.

**नव छ चउ दंसे दु दु, ति दु मोहे दु इगवीस सत्तरस ।**
**तेरस नव पण चउ ति दु, इक्को नव अट्ठ दस दुन्नि ।।२४।।**

गाथार्थ—(दंसे) દર્શનાવરણીય કર્મમાં ૯–૬–૪ એ ત્રણ બંધસ્થાન છે. તેમાં ૨ ભૂયસ્કાર, ૨ અલ્પતર, ૩ અવસ્થિત અને ૨ અવક્તવ્યબંધ છે, તથા (मोहे) મોહનીયકર્મમાં (दु इगवीस) ૨૨–૨૧ તથા ૧૭–૧૩–૧૨–૯–૫–૪–૩–૨–૧ એ ૧૦ બંધસ્થાન છે, અને તેમાં ૯ ભૂયસ્કાર, ૮ અલ્પતર, ૧૦ અવસ્થિત તથા ૨ અવક્તવ્યબંધ છે.

विशेषार्थ—દરેક કર્મમાં ભૂયસ્કારાદિ બંધ કહેવા માટે પ્રથમ બંધસ્થાનો કહેવાં જોઈએ, કારણ કે ભૂયસ્કારાદિબંધ બંધસ્થાન આશ્રયી હોય છે, માટે અહીં દર્શનાવરણીયાદિ દરેક કર્મમાં બંધસ્થાનો કહ્યા બાદ જ ભૂયસ્કારાદિ બંધ કહેવાશે. આ પ્રમાણે–

## દર્શનાવરણીયકર્મમાં ૩ બંધસ્થાનો

પહેલા અને બીજા ગુણસ્થાને દર્શનાવરણીયની નવે પ્રકૃતિ બંધાય છે, માટે તે ૯ નું બંધસ્થાન છે. ત્યારબાદ ત્રીજા

ગુણસ્થાનથી આઠમા ગુણસ્થાનના પહેલા ભાગ સુધી સ્ત્યાનર્દ્ધિ–પ્રચલાપ્રચલા અને નિદ્રાનિદ્રા એ ૩ પ્રકૃતિરહિત ૬ નો બંધ હોય તે ૬ નું બંધસ્થાન છે, અને આઠમાના બીજા ભાગથી ૧૦ માના પર્યન્ત સુધી નિદ્રા તથા પ્રચલારહિત ૪ નો બંધ હોય તે માટે ૪ નું બંધસ્થાન.

## દર્શનાવરણીયકર્મમાં ૨ ભૂયસ્કારબંધ

૮ મા ગુણસ્થાનકના બીજા ભાગથી ઉપર ૪ નો બંધ છે, ત્યાંથી પતિત થઈ ૮ માના પહેલા ભાગે આવી ૬ નો બંધ પ્રારંભે ત્યાં પહેલા સમયે ६ नो भूयस्कार बन्ध ગણાય, અને બીજા સમયથી ६ नो अवस्थितबंध ગણાય, ત્યાંથી પુનઃપતિત થઈ સાસ્વાદને અથવા મિથ્યાત્વે આવતાં ૯ નો બંધ પ્રારંભે ત્યાં પહેલા સમયે ९ नो भूयस्कारबंध ગણાય, અને બીજા સમયથી ९ नो अवस्थितबंध ગણાય, એ પ્રમાણે ૨ ભૂયસ્કાર બંધ જાણવા.

## દર્શનાવરણીયકર્મમાં ૨ અલ્પતરબંધ

મિથ્યાદષ્ટિ ગુણસ્થાને ૯ નો બંધક છે, ત્યાંથી મિશ્ર ગુણસ્થાને અથવા સમ્યક્ત્વગુણસ્થાને આવતાં થીણદ્ધિત્રિકરહિત ૬ નો બંધ પ્રારંભે, ત્યાં પહેલા સમયે ६ नो अल्पतरबन्ध, અને બીજા સમયથી ६ नो अवस्थितबन्ध હોય છે, એ પ્રમાણે આઠમાના પહેલા ભાગપર્યન્ત ૬ નો અવસ્થિતબંધ છે, ત્યાંથી બીજા ભાગે જતાં નિદ્રાદ્વિકરહિત ૪ નો બંધ પ્રારંભે, ત્યાં પહેલા સમયે ४ नो अल्पतरबन्ध અને બીજા સમયથી ४ नो अवस्थित-बन्ध હોય.

## દર્શનાવરણીયકર્મમાં [39]૩ અવસ્થિતબંધ

અનાદિકાળથી અથવા ભૂયસ્કારમાં કહ્યા પ્રમાણે સાદિથી ૯ નો, અલ્પતરમાં કહ્યા પ્રમાણે અને અવક્તવ્યમાં કહેવાશે તે પ્રમાણે ૪ નો અને ભૂયસ્કાર તથા અલ્પતર તથા કહેવાતા અવક્તવ્યમાં એમ ત્રણ રીતે ઉપજતો ૬ નો, એ પ્રમાણે એક રીતે ૯ નો તથા બે રીતે ૪ નો અને ત્રણ રીતે ૬ નો એમ ત્રણ અવસ્થિતબંધ દર્શનાવરણીયકર્મના છે, તે ભૂયસ્કાર અને અલ્પતરમાં કહેવાયા છે અને અવક્તવ્યમાં કહેવાશે.

## દર્શનાવરણીયકર્મમાં ૨ અવક્તવ્યબંધ

૧૧ મા ઉપશાંતમોહગુણસ્થાને દર્શનાવરણીયકર્મનો સર્વથા અબંધક થઈ અદ્ધાક્ષયે (૧૧ માનો કાળ પૂર્ણ થયે) પતિત થઈ ૧૦ મા ગુણસ્થાને આવે ત્યાં પ્રથમસમયે જ ચાર દર્શનાવરણીયનો નવીન બંધ પ્રારંભે, તે પહેલા સમયે જ ૪ નો अवक्तव्यबन्ध કહેવાય, અને ત્યારબાદ બીજા સમયથી યાવત્ ૬ નો બંધ ન કરે ત્યાં સુધી તે ૪ નો અવસ્થિતબંધ ગણાય.

તથા ૧૧ મા ઉપશાન્તમોહગુણસ્થાને દર્શના૦ કર્મનો સર્વથા અબંધક થઈ આયુષ્યક્ષયે મરણ પામી અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થાય, તો ત્યાં અગીયારમા ગુણસ્થાનથી સીધું ચતુર્થગુણસ્થાન પામતાં પ્રથમ સમયે જ છ દર્શના૦ કર્મનો પુનર્બંધ કરે છે, તે પહેલા સમયે ૬ નો પણ બીજો અવક્તવ્યબંધ ગણાય છે અને બીજા સમયથી યાવત્ ૯ અથવા ૪ પ્રકૃતિનો બંધ ન કરે ત્યાં સુધી તે ૬ નો અવસ્થિતબંધ ગણાય.

---

૩૯. સર્વત્ર જેટલા બંધસ્થાન તેટલા અવસ્થિતબંધ હોય છે.

## મોહનીયનાં ૧૦ બંધસ્થાન

હવે મોહનીયકર્મમાં ભૂયસ્કારાદિબંધના જ્ઞાન માટે પ્રથમ બંધસ્થાનો જાણવાં જોઈએ. તે બંધસ્થાનો ૧૦ છે તે આ પ્રમાણે:-

મોહનીયની ૨૮ પ્રકૃતિમાં સમ્યક્ત્વ તથા મિશ્ર એ બેનો બંધ ન હોય માટે બંધયોગ્ય ૨૬ પ્રકૃતિઓ છે. તેમાં ૧ મિથ્યાત્વ, ૧૬ કષાય, હાસ્યાદિ બે યુગલમાંથી કોઈ પણ એક યુગલની ૨ પ્રકૃતિ, કોઈપણ ૧ વેદ, ભય, જુગુપ્સા એમ ઉત્કૃષ્ટથી ૨૨ પ્રકૃતિનો બંધ સમકાળે હોઈ શકે છે માટે ૨૨ નું बन्धस्थान મિથ્યાત્વગુણસ્થાને અનાદિકાળથી પણ હોય છે.

તે ૨૨ માંથી મિથ્યાત્વનો બંધવિચ્છેદ થયે ૨૧ નું बन्धस्थान સાસ્વાદનમાં હોય.

તે ૨૧ માંથી ૪ અનંતાનુબન્ધીનો બંધ વિચ્છેદ થતાં ૧૭ નું बन्धस्थान ત્રીજા મિશ્ર તથા ચોથા અવિરતિસમ્યગ્દૃષ્ટિગુણસ્થાનમાં હોય.

તે ૧૭ માંથી ૪ અપ્રત્યાખ્યાની કષાયનો બંધવિચ્છેદ થયે ૧૩ નું बन्धस्थान પાંચમાં ગુણસ્થાને હોય.

તે ૧૩ માંથી ૪ પ્રત્યાખ્યાની કષાયનો બંધવિચ્છેદ થયે ૯ નું बन्धस्थान છઠ્ઠા ગુણસ્થાનથી આઠમા ગુણસ્થાન સુધી હોય.

તે ૯ માંથી હાસ્ય-રતિ-ભય-જુગુપ્સા એ ચારનો બંધવિચ્છેદ થતાં ૫ નું बन्धस्थान નવમા ગુણસ્થાનનાં (પાંચભાગમાંના) પહેલા ભાગમાં હોય.

તે ૫ માંથી પુરુષવેદનો બંધવિચ્છેદ થયે ૪ નું बन्धस्थान નવમાના બીજા ભાગે હોય.

૪ માંથી સંજ્વલન ક્રોધનો બંધવિચ્છેદ થયે ૩ નું બન્ધસ્થાન નવમાના ત્રીજા ભાગે હોય.

તે ૩ માંથી સંજ્વલનમાનનો બંધવિચ્છેદ થયે ૨ નું બન્ધસ્થાન નવમાના ચોથા ભાગે હોય.

તે ૨ માંથી સંજ્વલનમાયાનો બંધવિચ્છેદ થયે સંજ્વલન-લોભરૂપ ૧ નું બન્ધસ્થાન નવમાના પાંચમા ભાગે હોય.

આ પ્રમાણે ૨૨, ૨૧, ૧૭, ૧૩, ૯, ૫, ૪, ૩, ૨ અને ૧ એ મોહનીયના દશ બન્ધસ્થાનો છે.

## મોહનીયકર્મમાં ૯ ભૂયસ્કારબંધ

નવમા ગુણસ્થાનના પાંચમા ભાગે ૧ સં૦ લોભનો બંધ કરે છે, ત્યાંથી પતિત થયે જ્યારે સં૦ માયા સહિત ૨ નો બંધ પ્રારંભાય, ત્યારે પહેલા સમયે ૨નો ભૂયસ્કારબન્ધ અને બીજા સમયથી પ્રારંભીને જ્યાં સુધી ૩ નો બંધ ન પ્રારંભાય ત્યાં સુધી એ જ ૨ નો અવસ્થિતબન્ધ ગણાય. એ પ્રમાણે ૨ ના બંધથી ૩ નો બંધ પ્રારંભે, ત્યાં ૩ નો ભૂયસ્કારબન્ધ પહેલા સમયે હોય અને બીજા સમયથી યાવત્ ૪ નો બંધ ન પ્રારંભે ત્યાં સુધી એ જ ૩ નો અવસ્થિત બન્ધ ગણાય. એ પદ્ધતિએ ચઢતા અનુક્રમે ૪–૫–૯–૧૩–૧૭–૨૧ અને ૨૨ ના બંધના પ્રારંભ સમયે ભૂયસ્કાર અને બીજા સમયથી અવસ્થિતબંધ ગણતાં ૯ ભૂયસ્કારબંધ તથા ૯ અવસ્થિત બંધ થાય છે.

## મોહનીયકર્મમાં ૮ અલ્પતરબંધ

મિથ્યાત્વગુણસ્થાને ૨૨ નો બંધ કરી સાસ્વાદનમાં ૨૧ નો બંધ કરી શકે નહિ, કારણ કે મિથ્યાત્વથી તૂર્ત સાસ્વાદને

જઈ શકાય નહિ; પરંતુ મિથ્યાત્વમાંથી મિશ્રમાં અથવા સમ્યક્ત્વમાં ( ૩ જા અથવા ૪ થા ગુણસ્થાનમાં ) જઈ શકાય છે, તે કારણથી ૨૨ થી ૨૧ ના બંધનો અલ્પતર ન થતાં ૨૨ થી ૧૭ નો જ અલ્પતર બંધ થઈ શકે છે માટે પ્રથમ સમયે ૧૭ નો પહેલો અલ્પતરબન્ધ છે. ત્યારબાદ ૧૭ ના બંધથી ૧૩ નો બંધ પ્રારંભાતાં ૧૩ નો બીજો અલ્પતરબન્ધ થાય છે. એ પ્રમાણે ઉતરતા ક્રમે ૯–૫–૪–૩–૨–૧ ના બંધમાં પહેલા પહેલા સમયે અલ્પતરબંધ હોય અને દરેક અલ્પતરમાં બીજા બીજા સમયથી અવસ્થિતબંધ હોય છે, માટે મોહનીયના ૮ અલ્પતર અને ઉતરતા ક્રમે ૮ અવસ્થિતબંધ હોય.

## મોહનીયકર્મમાં ૧૦ અવસ્થિતબંધ

ભૂયસ્કારમાં અને અલ્પતરમાં કહ્યા પ્રમાણે ૧૦ બંધસ્થાનમાં ૧૦ અવસ્થિતબંધ હોય છે, કારણ કે જેટલા બંધસ્થાન તેટલા અવસ્થિતબંધ પણ હોય છે. ત્યાં ૨૨ નો અવસ્થિતબંધ અનાદિથી તથા ભૂયસ્કાર પ્રસંગે ઉપજતો હોવાથી બે રીતિનો છે. ૨૧ નો અવસ્થિત બંધ કેવળ ભૂયસ્કાર પ્રસંગે ઉપજતો હોવાથી એક પ્રકારનો છે, તથા ૧૭ નો અવસ્થિતબંધ ભૂય૦ અલ્પ૦ અને અવક્તવ્ય પ્રસંગે હોવાથી ત્રણ રીતે થાય છે, ૯–૫–૪–૩–૨ એ પાંચ અવસ્થિતબંધ ભૂય૦ અને અલ્પ૦ એમ બે એ રીતે ઉપજે છે અને ૧ નો અવસ્થિતબંધ અલ્પતરથી અને અવક્તવ્યથી એમ બે રીતે ઉપજે છે.

## મોહનીયકર્મમાં ૨ અવક્તવ્યબંધ

૧૧ મા ગુણસ્થાને મોહનીયનો સર્વથા અબંધક થઈ અદ્ધાક્ષયથી પતિત થઈ ૧૦ મા ગુણસ્થાને આવે ત્યાં સંજ્વલન

લોભનો પુનર્બંધ પ્રારંભે છે, તે સંજ્વલન લોભબંધના પ્રથમ સમયે ૧ નો अवक्तव्य बन्ध થાય છે અને બીજા સમયથી ૧ નો અવસ્થિતબંધ ગણાય છે.

તથા ૧૧ મા ગુણસ્થાને જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી સમયોન અન્તર્મુહૂર્ત પ્રમાણ રહી આયુષ્યક્ષયથી કાળ કરી તુર્ત અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થાય છે. ત્યાં ચોથું જ ગુણસ્થાન હોવાથી તે ચોથે ગુણસ્થાને ૧૭ નો પુનર્બંધ કરે, તેના પહેલા સમયે ૧૭ નો अवक्तव्यबन्ध થાય છે.

આ પ્રમાણે अद्धाक्षयथी ૧ नो અને आयुःक्षयथी ૧૭ નો એમ બે અવક્તવ્ય બંધ છે. અહીં આ ગાથામાં કહેલા દર્શના૦ કર્મના તથા મોહનીયકર્મના બંધસ્થાનો તથા તેમાં ઊપજતા ભૂયસ્કારબંધ વગેરેનું સંક્ષિપ્ત કોષ્ઠક આ પ્રમાણેઃ—

## दर्शनावरणीयकर्ममां

### બંધસ્થાન ૩

૯ નું–સર્વપ્રકૃતિથી (૧–૩.... ગુણસ્થાનકમાં)
૬ નું–થીણદ્ધિ ૩ રહિત (૩ થી ૬ ,, )
૪ નું નિદ્રાદ્વિક (૨) રહિત (૬ થી ૧૦ ,, )

| ભૂયસ્કાર બંધ ૨ | અવસ્થિતબંધ ૩ |
|---|---|
| ૬ નો–(૪ થી) | ૯ નો–(ભૂયસ્કારથી તથા અનાદિથી) |
| ૯ નો–(૬ થી) | ૬ નો–(ભૂય૦–અલ્પ૦ અવક્ત૦ થી) |
| | ૪ નો–(અલ્પ૦–અવક્ત૦ થી) |

**અલ્પતરબંધ ૨**

૬ નો–( ૯ થી )
૪ નો–( ૬ થી )

**અવક્તવ્યબંધ ૨**

૪ નો–૧૧ માંથી ૧૦ મે આવતાં
૬ નો–૧૧ માંથી ૪ થે આવતાં

## મોહનીયકર્મમાં

### ૧૦ બંધસ્થાન

૨૨ નું–સમ્ય૦–મિશ્ર૦, ૨ યુગલમાંથી એક,
૨ વેદ એ ૬ રહિત–૧ લે ગુણસ્થાનકે
૨૧ નું–મિથ્યા૦ રહિત, ૨ જે ,,
૧૭ નું–અનંતાનુ૦ ૪ રહિત, ૩–૪ થે ,,
૧૩ નું–અપ્રત્યા૦ ૪ રહિત, ૫ મે ,,
૯ નું–પ્રત્યાખ્યા૦ ૪ રહિત, ૬–૭-૮ મે ,,
૫ નું–હા૦ર૦ ભ૦ જુ૦ રહિત, $૯^{૧}$ મે ,,
૪ નું–પુંવેદરહિત, $૯^{૨}$ મે ,,
૩ નું–સં૦ ક્રોધરહિત, $૯^{૩}$ મે ,,
૨ નું–સં૦ માનરહિત, $૯^{૪}$ મે ,,
૧ નું–સં૦ માયારહિત, (સં૦ લોભ) $૯^{૫}$ મે ,,

**૯ ભૂયસ્કારબંધ**

૧ થી ૨ ના બંધનો
૨ થી ૩ ના બંધનો
૩ થી ૪ ના બંધનો
૪ થી ૫ ના બંધનો
૫ થી ૯ ના બંધનો

**૮ અલ્પતરબંધ**

૨૨ થી ૧૭ ના બંધનો
૧૭ થી ૧૩ ના બંધનો
૧૩ થી ૯ ના બંધનો
૯ થી ૫ ના બંધનો
૫ થી ૪ ના બંધનો

| | |
|---|---|
| ૯ થી ૧૩ ના બંધનો | ૪ થી ૩ ના બંધનો |
| ૧૩ થી ૧૭ ના બંધનો | ૩ થી ૨ ના બંધનો |
| ૧૭ થી ૨૧ ના બંધનો | ૨ થી ૧ ના બંધનો |
| ૨૧ થી ૧૨ ના બંધનો | |

## ૧૦ અવસ્થિતબંધ

૨૨ નો–( અનાદિથી અથવા ભૂય૦ થી )
૨૧ નો–ભૂય૦ થી
૧૭ નો–ભૂ૦ અલ્પ૦ અવક્ત૦ થી
૧૩ નો–ભૂ૦ અલ્પ૦ થી
૯ નો–,, ,,
૫ નો–,, ,,
૪ નો–,, ,,
૩ નો–,, ,,
૨ નો–,, ,,
૧ નો–અલ્પ૦–અવક્ત૦ થી

## ૨ અવક્તવ્યબંધ

૧ નો–૧૧ માંથી પડી ૧૦ મે આવતાં–અદ્ધાક્ષયે.
૧૭ નો–૧૧ માંથી પડી ૪ થે આવતાં–આયુઃક્ષયે.

**અવતરણ**—પૂર્વગાથામાં દર્શનાવરણીયકર્મના તથા મોહનીયકર્મના ભૂયસ્કારાદિ ૪–૪ પ્રકારના બંધ કહીને હવે આ ગાથામાં નામકર્મના ભૂયસ્કારાદિ ૪ પ્રકારના બંધ કહેવા માટે પ્રથમ નામકર્મનાં ૮ બંધસ્થાન કહી તેમાં પ્રાપ્ત થતા

ભૂયસ્કારાદિબંધ કહે છે, તેમ જ શેષ જ્ઞાનાવરણીયાદિ કર્મોમાં પણ ભૂયસ્કારાદિબંધ કહેવાને તેનાં બંધસ્થાનો કહેશેઃ—

**तिपणछअट्ठनवहिआ, वीसा तीसेगतीस इग नामे ।**
**छस्सगअट्ठतिबंधा, सेसेसु य ठाणमिक्किक्कं ।। २५ ।।**

**ગાથાર્થ**—( ત્રણ, પાંચ, છ, આઠ, અને નવ અધિક વીસ એટલે ) ત્રેવીસ-પચીસ-છવીસ-અઠ્ઠાવીસ-ઓગણત્રીસ-ત્રીસ-એકત્રીસ અને એક ( અર્થાત્ ૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧-૧ ) એ ૮ બંધસ્થાનો નામકર્મનાં છે, તેમાં ૬ ભૂયસ્કાર, ૭ અલ્પતર, ૮ અવસ્થિતબંધ અને ૩ અવક્તવ્યબંધ છે. શેષ કર્મોમાં ( જ્ઞાનાવરણીયાદિ ૫ કર્મોમાં ) એકેક બંધસ્થાન છે.

**વિશેષાર્થ**—હવે નામકર્મના ભૂયસ્કારાદિ કહેવાને પ્રથમ નામકર્મનાં ૮ બંધસ્થાનો જાણવાં જોઈએ, તે આ પ્રમાણેઃ—

## નામકર્મનાં ૮ બંધસ્થાન

(૧) ૨૩ નું **बन्धस्थान**—તિર્યંગ્ગતિ-તિર્યગાનુપૂર્વી-એકે૦ જાતિ-ઔદા૦શરીર-હુંડક-સ્થાવર-અપર્યાપ્ત-અસ્થિર-અશુભ-દુર્ભગ-અનાદેય-અયશ-સૂક્ષ્મ વા બાદર-સાધારણ વા પ્રત્યેક એ ૧૪ તથા નામકર્મની ૯ ધ્રુવબંધીપ્રકૃતિ ( એટલે વર્ણાદિ ૪-તૈ૦-કા૦-અગુરૂ૦ ઉપઘાત-નિર્માણ એ ૯ ) મળીને ૨૩ પ્રકૃતિ જે સમકાળે બંધાય છે તે ૨૩ નું બંધસ્થાન કહેવાય. આ બંધસ્થાન અપર્યાપ્તએકેન્દ્રિય[૪૦] પ્રાયોગ્ય છે, અને તેના

૪૦. જેનાથી પરભવમાં અપર્યાપ્ત એકેન્દ્રિયપણે ઉત્પન્ન થઈ શકાય તે અપર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય.

બંધક એકેન્દ્રિયથી પંચેન્દ્રિય[૪૧] સુધીના મિથ્યાદૃષ્ટિ (તિર્યંચ તથા મનુષ્ય) જીવો છે.

(૨) ૨૬ નું बन्धस्थान—પૂર્વોક્ત ૨૩ માં પરાઘાત તથા ઉચ્છ્વાસસહિત કરતાં ૨૫ નું બંધસ્થાન હોય, તે પર્યાપ્ત એકેન્દ્રિયાદિપ્રાયોગ્ય છે, અને તેના બંધક એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના મિથ્યાદૃષ્ટિ જીવો (ત્રીજા કલ્પથી આગળના દેવો સિવાયના દેવ અને યુગલિક સિવાયના તિર્યંચ અને મનુષ્યો) છે. અહીં અપર્યાપ્તને બદલે પર્યાપ્તપ્રકૃતિ ગણવી, તથા અસ્થિરને બદલે સ્થિર–અસ્થિરમાંની એક, અશુભને બદલે શુભ–અશુભમાંની એક, અયશને બદલે યશ–અયશમાંની ૧ ગણવી. પુનઃ જુદીજુદી રીતે યથાયોગ્ય ગણતાં આ બંધસ્થાન અપર્યા૦દ્વીન્દ્રિયાદિ–પ્રાયોગ્ય પણ છે.

(૩) ૨૬ નું बन्धस्थान—પૂર્વોક્ત ૨૫ માં આતપ અથવા ઉદ્યોત મેળવતાં ૨૬ નું બંધસ્થાન થાય, તે પર્યાપ્તબાદર પ્રત્યેક-એકેન્દ્રિય પ્રાયોગ્ય છે, અને તેના બંધક મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિયાદિ (યુગલિક સિવાયના) તિર્યંચો, યુગલિક સિવાયના મિથ્યાદૃષ્ટિ મનુષ્યો તથા ઈશાન સુધીના દેવો છે.

(૪) ૨૮ નું बन्धस्थान–દેવગતિ–દેવાનુપૂર્વી-પંચે૦–વૈક્રિય ૨–સમચતુ૦–પરાઘાત–ઉચ્છ્વાસ–શુભખગતિ–ત્રસાદિ ૧૦ (અથવા પરાવૃત્તિએ અશુભ અસ્થિર અને અયશની ભજના-પૂર્વક) એ ૧૯ તથા નામની ધ્રુવબંધી ૯ મળી ૨૮ નું બંધ-

૪૧. સર્વે દેવો, સર્વે નરકો અને યુગલિકો સિવાયના પંચેન્દ્રિયો જાણવા, કારણ કે તેઓ અપ૦એકેન્દ્રિયમાં ઉપજતા નથી.

સ્થાન દેવપ્રાયોગ્ય છે, અથવા નરકગતિ–નરકાનુપૂર્વી–હુંડક–કુખગતિ-અસ્થિરાદિ ૬–ત્રસાદિ ૪–પરાઘાત–ઉચ્છ્વાસ–પંચે૦–વૈ૦૨–નામધ્રુવબંધી ૯ એ ૨૮ પ્રકૃતિ નારકપ્રાયોગ્ય છે. ઉભયપ્રાયોગ્ય ૨૮ ના બંધક પર્યાપ્તમનુષ્ય તથા તિર્યંચપંચેન્દ્રિયો છે.

(૫) [૪૨]૨૯ નું બન્ધસ્થાન—પૂર્વોક્ત ૨૫ માં ૧ ખગતિ–૧ સંસ્થાન–૧ સંઘયણ અને ૧ ઔદા૦ ઉપાંગ મેળવી એકે૦ ને બદલે પંચે૦ અને સ્થા૦ને બદલે ત્રસ ગણતાં ૨૯ નું બંધસ્થાન પર્યા૦ પંચે૦ તિર્યંચ પ્રાયોગ્ય છે. અને તેના બંધક યથાયોગ્ય એકેન્દ્રિયાદિ જીવો છે. તથા તિર્યંચગતિને બદલે મનુષ્યગતિ ગણતાં ૨૯ નું બંધસ્થાન મનુષ્યપ્રાયોગ્ય થાય.

અથવા પૂર્વોક્ત ૨૮ માં જિનનામસહિત કરતાં ૨૯ નું બંધસ્થાન થાય તે દેવપ્રાયોગ્ય છે અને નારક પ્રાયોગ્ય છે.

(૬) ૩૦ નું બન્ધસ્થાન—દેવપ્રાયોગ્ય ૨૮ માં આહા૦ ૨ ભેળવતાં ૩૦ નું બંધસ્થાન દેવપ્રાયોગ્ય છે. તે અપ્રમત્તમુનિ બાંધે અથવા દેવપ્રાયોગ્ય ૨૮ માં જિનનામ અને વજ્રઋષભનારાચ મેળવી દેવદ્વિકને બદલે મનુષ્યદ્વિક ગણતાં ૩૦ નું બંધસ્થાન મનુષ્ય–પ્રાયોગ્ય હોય છે, તે સમ્યગ્દૃષ્ટિ દેવો બાંધે છે.

(૭) ૩૧ નું બન્ધસ્થાન—દેવપ્રાયોગ્ય ૩૦ માં જિનનામ મેળવતાં ૩૧ નું બંધસ્થાન પણ દેવપ્રાયોગ્ય હોય.

(૮) ૧ નું બન્ધસ્થાન—કોઈ પણ ગતિપ્રાયોગ્ય બંધ વિના

૪૨–૨૫–૨૯–૩૦ એ ત્રણ બંધસ્થાનો અનેક રીતે ઉપજે છે તે છઠ્ઠા કર્મગ્રંથથી જાણવાં.

૮ માં ગુણસ્થાનકના ૭ માં ભાગથી ૧૦ માં ગુણસ્થાન સુધી કેવળ યશ નામકર્મ બાંધે છે તે ૧ નું બંધસ્થાન છે.

## નામકર્મમાં ૬ ભૂયસ્કારબંધ

૨૩ ના બંધથી ૨૫ ના બંધમાં, ત્યાંથી ( ૨૫ થી ) ૨૬ ના બંધમાં, એ પ્રમાણે ૨૮ ના, ૨૯ ના, ૩૦ ના અને ૩૧ ના બંધમાં દરેકમાં પહેલા પહેલા સમયે ભૂયસ્કારબંધ ગણતાં [૪૩]૬ ભૂયસ્કારબંધ થાય છે, અને દરેક બંધમાં બીજા સમયથી અવસ્થિતબંધ હોય છે.

## નામકર્મમાં ૭ અલ્પતરબંધ

અપૂર્વકરણગુણસ્થાને ૬ ઠ્ઠા ભાગ સુધી દેવગતિ યોગ્ય ૨૮–૨૯–૩૦ અથવા ૩૧ બાંધીને એ જ ગુણસ્થાનના ૭ માં ભાગે ૧ [૪૪]યશઃકીર્તિનો બંધ કરે તે ૧ અલ્પતરબંધ છે. તથા ૩૧ ના બંધમાં વર્તતો મરણ પામી દેવલોકમાં જઈ ત્યાં મનુષ્ય પ્રાયોગ્ય ૩૦ બાંધે તો ૨ જો અલ્પતર, ત્યાંથી ચ્યવી મનુષ્ય થઈ જિનનામસહિત દેવપ્રાયોગ્ય ૨૯ નો બંધ કરે તે ૩ જો અલ્પતર, તિર્યંચપ્રાયોગ્ય ૨૯ ના બંધમાં વર્તતો

૪૩. યશઃકીર્તિનો બંધ કરી શ્રેણિથી પડતાં અપૂર્વકરણમાં ૩૧–૩૦–૨૯ અથવા ૨૮ નો બંધ કરે ત્યાં પણ ૨૮–૨૯–૩૦ અથવા ૩૧ નો જુદો જુદો ભૂયસ્કાર થાય છે, અને ૨૫ આદિથી ચઢતાં પણ ૨૮ આદિ ભૂયસ્કાર થાય છે તોપણ ૨૮ આદિકની સ્થાન-તુલ્યતા હોવાથી અનેક રીતવાળો પણ એક જ ભૂયસ્કાર ગણાય માટે ૬ ભૂયસ્કાર થાય છે.

૪૪. એ પ્રમાણે ચાર રીતે ૧ નો અલ્પતર હોય છે.

મનુષ્ય વિશુદ્ધિ પામતાં દેવપ્રાયોગ્ય ૨૮ બાંધે તે ૪ થો અલ્પતર, એ જ ૨૮ નો બંધક મનુષ્ય એકેન્દ્રિયપ્રાયોગ્ય ૨૬ બાંધે ત્યાં ૬ મો અલ્પતર, પુનઃ એ જ ૨૬ નો બંધક મનુષ્ય અપર્યા૦ એકે૦ પ્રાયોગ્ય ૨૫ બાંધે ત્યાં ૬ ઠ્ઠો અલ્પતર અને એ જ ૨૫ નો બંધક ૨૩ બાંધે ત્યારે ૭ મો અલ્પતર થાય છે. અહીં સર્વત્ર પહેલા સમયે અલ્પતરબંધ અને બીજા સમયથી અવસ્થિતબંધ ગણાય છે.

## નામકર્મમાં ૮ અવસ્થિતબંધ

જેટલાં બંધસ્થાન તેટલા અવસ્થિતબંધ હોય છે, તેથી અહીં ૮ અવસ્થિતબંધ છે. તેમાં ૨૩ નો અવસ્થિતબંધ અલ્પતરથી, ૨૫–૨૬–૨૮–૩૧ એ ચાર અવસ્થિતબંધ ભૂયસ્કાર–અલ્પતર ઉભયથી તથા ૩૦–૨૯–૧ એ ત્રણે અવસ્થિતબંધ ત્રણ ત્રણ રીતે (ભૂ૦ અલ્પ૦ અવ૦ થી) હોય છે.

## નામકર્મમાં ૩ અવક્તવ્યબંધ

૧૧ મા ગુણસ્થાને નામકર્મનો સર્વથા અબંધક થઈ અદ્ધાક્ષયે ૧૦ મે આવી ૧ યશઃ નો પુનર્બંધ પ્રારંભે તેના પહેલા સમયે ૧ નો અવક્તવ્યબંધ, એ જ મનુષ્ય આયુઃક્ષયે કાળ કરી અનુત્તરદેવ થઈ જિનનામસહિત મનુષ્યપ્રાયોગ્ય ૨૯ બાંધે તે ૨૯ નો અવક્તવ્યબંધ અને જિનનામસહિત ૩૦ નો બંધ પ્રારંભે તો ૩૦ નો અવક્તવ્યબંધ એમ ત્રણ પ્રકારે નામકર્મનો પુનર્બંધ અવક્તવ્યબંધ જાણવો. અહીં ત્રણેય પુનર્બંધમાં પહેલા સમયે અવક્તવ્ય અને બીજા સમયથી અવસ્થિતબંધ જાણવો.

## જ્ઞાનાવરણીયાદિ ૫ કર્મમાં ૧-૧ બંધસ્થાન

જ્ઞાનાવરણીય કર્મની ૫ ઉત્તરપ્રકૃતિઓ છે, તેટલી સર્વ સમકાળે જ બંધાય છે, માટે જ્ઞાનાવરણીયકર્મમાં ૫ નું ૧ બંધસ્થાન છે. વેદનીયકર્મની એક સમયે એક જ પ્રકૃતિ બંધાય છે માટે વેદનીયમાં ૧ નું બંધસ્થાન છે. આયુષ્યમાં પણ વેદનીયવત્ ૧ નું બંધસ્થાન, ગોત્રકર્મમાં પણ વેદનીયવત્ ૧ નું બંધસ્થાન અને અન્તરાયકર્મમાં જ્ઞાનાવરણીયવત્ પાંચેય ઉત્તર પ્રકૃતિ સાથે બંધાતી હોવાથી ૧ નું બંધસ્થાન છે. એ પ્રમાણે એ ૫ કર્મનું બંધસ્થાન એકેક હોવાથી તેમાં ભૂયસ્કારબંધ અને અલ્પતરબંધ થઈ શકતો નથી, પરન્તુ અવસ્થિતબંધ અને અવક્તવ્યબંધ હોય છે તે આ પ્રમાણે—

## જ્ઞાનાવરણીયાદિ ૫ કર્મમાં ૧-૧ અવસ્થિતબંધ

બંધસ્થાન એકેક હોવાથી અવસ્થિતબંધ પણ એકેક જ હોય.

## જ્ઞાનાવ૦ આદિ ૫ કર્મમાં અવક્તવ્યબંધ

૧૧ મા ગુણસ્થાને જ્ઞાનાવરણ-ગોત્ર અને અન્તરાય એ ત્રણ કર્મનો અબંધક થઈ અદ્ધાક્ષયથી ૧૦ મે આવતાં અથવા આયુઃક્ષયે અનુત્તરદેવમાં જતાં અનુક્રમે ૫-૧-૫ નો પુનર્બંધ થાય છે તેથી તેના પહેલા સમયે જ્ઞાનાવરણકર્મમાં ૫ નો, ગોત્રમાં ૧ નો અને વિઘ્નમાં ૫ નો અવક્તવ્યબંધ હોઈ બીજા સમયથી અવસ્થિતબંધ થાય છે.

આયુષ્યકર્મ એક ભવમાં એક જ વાર બંધાય છે, માટે જ્યારે જ્યારે પરભવનું આયુષ્ય બંધાય ત્યારે પહેલા સમયે

આયુષ્યનો અવક્તવ્યબંધ અને બીજા સમયથી અવસ્થિતબંધ ગણવો.

**વેદનીયકર્મ** નો બંધ ૧૩ મા ગુણસ્થાન સુધી હોઈ ૧૪ મે અબંધ હોય છે, ત્યાંથી પડવાના અભાવે વેદનીયના પુનર્બંધનો પણ અભાવ છે, માટે વેદનીયનો અવક્તવ્યબંધ નથી.

## નામકર્મમાં બંધસ્થાન

| બંધસ્થાન | કયા પરભવ પ્રાયોગ્ય ? | બંધક |
|---|---|---|
| ૨૩ નું | અપર્યાપ્ત એકેન્દ્રિય | તિર્યંચ-મનુષ્ય |
| ૨૫ નું | પર્યાપ્ત એકે૦-અપર્યા૦ વિકલે૦ ૩-અપ૦ તિર્યંચ-અપ૦ મનુષ્ય. (૬) | તિર્યંચ-મનુષ્ય-દેવ |
| ૨૬ નું | પર્યાપ્ત એકેન્દ્રિયપ્રાયોગ્ય. | તિર્યંચ-મનુષ્ય-દેવ |
| ૨૮ નું | દેવપ્રાયોગ્ય = નારકપ્રાયોગ્ય. | પંચે૦ તિર્યંચ-મનુષ્ય |
| ૨૯ નું | પર્યાપ્તા વિકલેન્દ્રિયાદિ ૫ તથા દેવપ્રાયોગ્ય (૬) | તિર્યંચ-મનુ૦-દેવ-નારક |
| ૩૦ નું | પર્યા૦ વિકલેન્દ્રિયાદિ ૫ તથા દેવપ્રાયોગ્ય | તિ૦-મનુ૦-દે૦-ના૦ |
| ૩૧ નું | દેવપ્રાયોગ્ય. | મનુષ્ય |
| ૧ નું | અપ્રાયોગ્ય. | મનુષ્ય |

ભૂયસ્કારબંધ (૬)—૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧

અલ્પતરબંધ (૭)—૧-૩૦-૨૯-૨૮-૨૬-૨૫-૨૩

અવસ્થિતબંધ (૮)—૨૩-૨૫-૨૬-૨૮-૨૯-૩૦-૩૧-૧

અવક્તવ્યબંધ (૩)—૧-૨૯-૩૦

## आठेय कर्मों पैकी प्रत्येक कर्मनां बंधस्थान, भूयस्कार–अल्पतर–अवस्थित तथा अवक्तव्यबंधनो यंत्र.

| ૮ કર્મ | બંધાતી ઉત્તર-પ્રકૃતિ | બંધ-સ્થાક સંખ્યા | કેટલી કેટલી પ્રકૃતિનાં બંધસ્થાન | ભૂયસ્કાર બં. | અલ્પતર બં. | અવસ્થિત બં. | અવક્તવ્ય બં. |
|---|---|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ | ૧ | ૧ | ૫ પ્રકૃતિનું | ૦ | ૦ | ૧ | ૧ |
| દર્શનાવરણ | ૯ | ૩ | ૯–૬–૪ નું | ૨ | ૨ | ૩ | ૨ |
| વેદનીય | ૨ | ૧ | ૧ નું | ૦ | ૦ | ૧ | ૦ |
| મોહનીય | ૨૬ | ૧૦ | ૨૨–૨૧–૧૭–૧૩–૯–૫–૪–૩–૨–૧ નું | ૯ | ૮ | ૧૦ | ૨ |
| આયુષ્ય | ૪ | ૧ | ૧ નું | ૦ | ૦ | ૧ | ૧ |
| નામકર્મ | ૬૭ | ૮ | ૨૩–૨૫–૨૬–૨૮–૨૯–૩૦–૩૧–૧ નું | ૬ | ૭ | ૮ | ૩ |
| ગોત્રકર્મ | ૨ | ૧ | ૧ નું | ૦ | ૦ | ૧ | ૧ |
| અન્તરાય | ૫ | ૧ | ૫ નું | ૦ | ૦ | ૧ | ૧ |

એ પ્રમાણે ૪ પ્રકારના કહેવાતા કર્મબંધમાં આ પ્રથમ પ્રકૃતિબંધ સમાપ્ત થયો અને તે સાથે ચાલુ પ્રકરણના ૨૬ દ્વારમાંનું ૧૭ મું દ્વાર સમાપ્ત થયું.

॥ सप्तदशं प्रकृतिबन्धद्वारं समाप्तम् ॥

## ૧૮ મું સ્થિતિબંધ દ્વાર.

**अवतरण**—૪ પ્રકારના કર્મબંધમાં ૧૭ માં દ્વારને વિષે પ્રથમ પ્રકૃતિબંધ કહીને હવે અઢારમાં દ્વારમાં સ્થિતિબંધ કહેવાનો પ્રસંગ છે. ત્યાં મૂળપ્રકૃતિ ૮ તથા ઉત્તરપ્રકૃતિ ૧૨૦ માં ઉત્કૃષ્ટ તથા જઘન્યસ્થિતિબંધ કહેવાનો છે, માટે અહીં આ ૨૬ મી ગાથામાં પ્રથમ મૂલપ્રકૃતિ ૮ ને વિષે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહે છે—

**वीसऽयरकोडिकोडी, नामे गोए अ सत्तरी मोहे ।**
**तीसियर चउसु उदही, निरयसुराउम्मि तित्तीसा ॥२६॥**

**गाथार्थ**—નામકર્મ, ગોત્રકર્મ એ બેનો (ઉત્કૃષ્ટસ્થિતિબંધ) वीस कोडिकोडी अयर = ૨૦ [૪૫]કોડાકોડી [૪૬]અતર-સાગરોપમ છે (ईयर = ઈતર) બીજા (चउसु) ૪ કર્મનો (तीस उदही = ૩૦ ઉદધિ) એટલે ૩૦ કોડાકોડી સાગરોપમ છે, અને દેવ–

૪૫. ક્રોડને ક્રોડથી ગુણતાં ક્રોડાક્રોડી થાય. જેથી ૨૦ ક્રોડને ૧ ક્રોડથી ગુણતાં ૨૦,૦૦૦૦૦૦૦,૦૦૦૦૦૦૦ આ સંખ્યા ૨૦ ક્રોડાક્રોડી કહેવાય.

૪૬. ન તરી શકાય તે अतर એટલે સાગરોપમ, અતર, સાગર, ઉદધિ ઇત્યાદિ શબ્દો સાગરોપમવાચક છે.

**નરકાયુનો (દેવાયુ[૪૭] તથા નરકાયુનો) ૩૩ [૪૮]સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે. ૨૯.**

૪૭. અહીં સામાન્યથી મૂળકર્મરૂપ આયુષ્યનો ઉ૦ સ્થિતિબંધ ૩૩ સાગરોપમ કહેવા સાથે આયુષ્યના ઉત્તરભેદનો પણ આયુષ્યબંધ સંક્ષિપ્ત રચના માટે કહેવાયો છે, જેથી હવે આગળ એ બે ઉત્તર-પ્રકૃતિનો સ્થિતિબંધ નહિ કહેવાય; પરંતુ શેષ મનુષ્ય અને તિર્યંચ એ બેના આયુષ્યનો જ ઉ૦ સ્થિતિબંધ કહેશે. (જુઓ, ગાથા ૩૩મીનું ૪ થું ચરણ.)

૪૮. શતકચૂર્ણિગ્રંથને વિષે મૂળમાં **तेत्तीसुदहि आउंमि केवला होइ** = આયુષ્યની કેવલા એટલે અબલા સિવાયની કર્મસ્થિતિ ૩૩ સાગરોપમ કહી છે, અને ચૂર્ણિમાં "પૂર્વક્રોડ વર્ષનો ત્રીજો ભાગ અધિક ૩૩ સાગરોપમ જેટલો આયુષ્યનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ છે" એમ કહ્યું છે.

અહીં વાસ્તવિક રીતે તો આયુષ્યનો સ્થિતિબંધ અબાધા અધિક ૩૩ સાગરોપમ છે, અને કેવળ ૩૩ સાગરોપમ ગણવાનું કારણ તો અબાધાની વિષમતા (અનિયમિતપણું) જ છે; કારણ કે સાગરોપમવાળા આયુષ્યની અબાધા જઘન્યાદિ ભેદે અસંખ્ય પ્રકારની છે, તેમ જ ચારે આયુષ્યની દરેકની અબાધા પણ પરસ્પર જુદી જુદી અને પોતપોતાની અસંખ્ય પ્રકારની છે. તેથી શાસ્ત્રોમાં અબાધારહિત સ્થિતિબંધ ગણાય છે, અને અબાધાસહિત ઉ૦ સ્થિતિબંધ જાણવો હોય તો આ પ્રમાણે—

| આયુષ્યનો | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | |
|---|---|---|
| દેવાયુષ્યનો | પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગ સહિત | ૩૩ સાગરોપમ. |
| નરકાયુષ્યનો | ,, | ,, |
| મનુષ્યાયુષ્યનો | ,, | ૩ પલ્યોપમ |
| તિર્યંચાયુષ્યનો | ,, | ,, |

विशेषार्थ—સુગમ છે. ૨૬.

अवतरण—પૂર્વગાથામાં મૂળપ્રકૃતિ ૮ નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ દર્શાવીને હવે આ ગાથામાં એ જ ૮ મૂલપ્રકૃતિનો જઘન્ય-સ્થિતિબંધ કહેવાય છે.

**मुत्तुं अकसायठिइं, बार मुहुत्ता जहण्ण वेयणिए ।**
**अट्ठऽट्ठ नामगोएसु, सेसएसु मुहुत्तंतो ॥ २७ ॥**

गाथार्थ— અકષાયજન્ય સ્થિતિબંધ વર્જીને વેદનીયકર્મનો (કષાયજન્ય) જઘન્યસ્થિતિબંધ ૧૨ મુહૂર્તનો છે. નામ અને ગોત્રકર્મનો જઘન્ય સ્થિતિબંધ ૮-૮ મુહૂર્તનો છે, અને શેષ પાંચ કર્મનો જઘન્ય સ્થિતિબંધ અન્તર્મુહૂર્ત અન્તર્મુહૂર્ત છે.

विशेषार्थ—૧૦ માં ગુણસ્થાને પર્યન્તે કષાયનો ઉપશમ અથવા ક્ષય થયા બાદ ૧૧ માંથી ૧૩ માં ગુણસ્થાન સુધીમાં કેવળ યોગપ્રત્યયથી જ (યોગરૂપ એક જ હેતુથી) બંધાતા શાતાવેદનીયકર્મનો ૨ સમય માત્રનો સ્થિતિબંધ હોય છે, ત્યાં પહેલે સમયે બંધાય, બીજે સમયે વેદાય અને ત્રીજા

---

પુનઃ જ્ઞાનાવરણીયાદિ કર્મોનો ઉ૦ સ્થિતિબંધ અન્તર્મુ૦ સુધી બંધાય છે, (એટલે પહેલે સમયે ૩૦કો૦કો૦, બીજે સમયે ૩૦કો૦કો૦ ઇત્યાદિ રીતે અન્તર્મુ૦ સુધી સતત બંધ પ્રવર્તે છે) તેમ આયુષ્યનો આ અબાધાસહિત ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતર્મુ૦ સુધી નહિ પણ એક જ સમય સુધી હોય છે. અર્થાત્ પહેલે સમયે જ અબાધા સહિત ૩૩ સાગરો૦ સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ હોય. ત્યારબાદ એક સમય ન્યૂન અબાધા સહિત ૩૩ સાગરો સ્થિતિબંધ હોય. એ પ્રમાણે અન્તર્મુ૦ સુધી એકેક સમય ન્યૂન ન્યૂન ઉ૦ સ્થિતિબંધ પ્રવર્તે છે, અર્થાત્ બીજા સમયથી આયુષ્યનો મધ્યમ સ્થિ૦બંધ હોય છે.

સમયે નિર્જરે છે, જેથી યોગહેતુથી બંધાતા કર્મની સ્થિતિ સત્તા ૨ સમયની છે. એ ૨ સમયનો સ્થિતિબંધ તે अकाषायिकस्थितिबंध કહેવાય; માટે તે વર્જીને અહિં વેદનીયકર્મનો કાષાયિક જઘન્યસ્થિતિબંધ [49]૧૨ મુહૂર્તનો કહ્યો છે અને તે ૧૦ માં ગુણસ્થાનપર્યન્તે શાતાવેદનીયનો હોય છે. તથા નામ અને ગોત્રનો અકાષાયિકસ્થિતિબંધરૂપ બીજો ભેદ હોતો નથી, તેથી તે બેનો સામાન્યથી જઘ૦ સ્થિતિબંધ ૮-૮ મુહૂર્ત્તનો કહ્યો તે પણ ૧૦ માં ગુણસ્થાનને અન્તે સ્વબંધવિચ્છેદ સમયે જાણવો. પુનઃ એ જઘ૦ સ્થિતિબંધ ઉચ્ચગોત્રનો અને યશઃનામનો જ છે, પણ બીજી કોઈ પ્રકૃતિનો નહિ, શેષ ૫ કર્મનો જઘ૦ સ્થિતિબંધ અન્તર્મુ૦ કહ્યો, તેમાં ૪ કર્મનો પોતપોતાના બંધ-વિચ્છેદ સમયે તે તે ગુણસ્થાને જાણવો. ત્યાં જ્ઞાનાવરણમાં ૫ પ્રકૃતિનો ૧૦ મે, દર્શનાવરણમાં ૪ નો ૧૦ મે, [50]મોહનીયમાં સં૦ લોભનો ૯ મે, અન્તરાયમાં ૫ પ્રકૃતિનો ૧૦ મે, અને આયુષ્યમાં મનુષ્યાયુ તથા તિર્યંચાયુષ્યનો યથાસંભવ ૧-૨ ગુણસ્થાને જાણવો. આયુષ્ય સિવાયના એ સર્વે જઘન્યસ્થિતિબંધ ઉપશમશ્રેણિમાં નહિ પણ ક્ષપકશ્રેણિમાં જ હોય, કારણ કે ક્ષપકશ્રેણિના સ્થિતિબંધથી ઉપશમશ્રેણિનો સ્થિતિબંધ દ્વિગુણ-બમણો હોય છે, તેથી મધ્યમ ગણાય છે.

૪૯. ઉત્તરાધ્યયનમાં શાતાવેદનીયનો અન્તર્મુહૂર્તનો પણ કહ્યો છે.

૫૦. પંચાશકજીમાં ૭ મે ગુણસ્થાને પણ મોહનીયનો અન્તર્મુહૂર્ત સ્થિતિબંધ કહ્યો છે.

॥ इति मूलप्रकृतिषु–जघन्यस्थितिबंधः ॥

## ઉત્તરપ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ.

अवतरण—પૂર્વે ૨ ગાથાઓમાં મૂળપ્રકૃતિનો સ્થિતિબંધ કહીને હવે ૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩-૩૪ એ ૭ ગાથા સુધીમાં उत्तरप्रकृतिनो उत्कृष्टस्थितिबंध કહે છે.

**विग्घावरणअसाए, तीसं अट्ठार सुहुमविगलतिगे ।**
**पढमागिइसंघयणे, दस दसुवरिमेसु दुगवुड्ढी ॥२८॥**

गाथार्थ—( विग्घ ) ૫ અન્તરાય, (आवरण) ૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ અને ( असाए ) અશાતાવેદનીય એ ૨૦ કર્મનો ઉત્કૃષ્ટસ્થિ૦ બંધ ( तीसं ) ૩૦ [૫૧]કોડાકોડિ સાગરોપમ છે. સૂક્ષ્મત્રિક ( સૂક્ષ્મ-અપર્યાપ્ત-સાધારણ ) અને વિકલત્રિક ( દ્વિ૦ ત્રિ૦ ચતુરિન્દ્રિય જાતિનામકર્મ ) નો ૧૮ કોડાકોડિ સાગરોપમ છે. ( पढम आगिइ ) પહેલી આકૃતિ એટલે પહેલું સમચતુરસ્રસંસ્થાન તથા ( पढमसंघयणे ) પહેલા વજ્રર્ષભનારાચસંઘયણ એ બેનો ૧૦ કો૦કો૦ સાગરોપમ છે, અને તેથી ઉપરના સંસ્થાનમાં તથા સંઘયણમાં બન્નેમાં બે બે કો૦કો૦ સાગરો૦ની અધિક અધિક [૫૨]વૃદ્ધિ કરવી.

---

૫૧. મૂળ ગાથામાં तीस अट्ठार ઇત્યાદિ માત્ર કહેવાથી પણ તેટલા કોડાકોડિ સાગરોપમ જાણવા.

૫૨. અર્થાત્ સમચતુ૦ તથા વજ્રર્ષભ૦નો ૧૦ કોડાકોડિ સાગરોપમ

| | | | | |
|---|---|---|---|---|
| ન્યગ્રોધ | ઋષભના૦નો | ૧૨ | ,, | ,, |
| સાદિ | નારાચનો | ૧૪ | ,, | ,, |
| વામન | અર્ધનારાચનો | ૧૬ | ,, | ,, |
| કુબ્જ | કીલિકાનો | ૧૮ | ,, | ,, |
| હુંડક | સેવાર્ત્તનો | ૨૦ | ,, | ,, |

विशेषार्थ—સુગમ છે. ૨૮.

**चालीस कसाएसुं, मिउलहुनिद्धुण्हसुरहिसिअमहुरे ।**
**दस दोसड्ढसमहिआ, ते हालिद्दंबिलाईणं ॥ २९ ॥**

गाथार्थ—૧૬ કષાયનો સ્થિતિબંધ ૪૦ કોડાકોડી સાગરોપમ છે. મૃદુ, લઘુ, સ્નિગ્ધ અને ઉષ્ણ એ ૪ સ્પર્શ, સુરભિગંધ, શ્વેતવર્ણ અને મધુર રસ એ સાત કર્મનો ૧૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિબંધ છે, અને તે ૧૦ માં (दोसड्ढ) ૨॥ કોડાકોડી સાગરો૦ અધિક અધિક કરે તેટલો [૫૩]પશ્ચાનુપૂર્વીએ હાલિદ્રાદિ ૪ વર્ણનો, અને આમ્લ આદિક ૪ રસનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પ્રાપ્ત થાય.

विशेषार्थ—સુગમ છે. ૨૯.

**दस सुहविहगइउच्चे, सुरदुग थिरछक्क पुरिसरइहासे ।**
**मिच्छे सत्तरि मणुदुग, इत्थी साएसु पन्नरस ॥ ३० ॥**

---

સર્વત્ર શુભ પ્રકૃતિનો સ્થિતિબંધ ન્યૂન અને અશુભનો અધિક એ નિયમ પ્રાયઃ યથાસંભવ વિચારવો.

૫૩. વર્ણનો અને રસનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ઉલટા ક્રમથી કહ્યો છે, તે આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| શ્વેતવર્ણ—મધુર રસનો | ૧૦ | કોડાકોડી સાગરોપમ. |
| પીતવર્ણ—આમ્લ રસનો | ૧૨॥ | ,, ,, ,, |
| રક્તવર્ણ—કષાય (તૂરા) રસનો | ૧૫ | ,, ,, ,, |
| નીલવર્ણ—કટુ રસનો | ૧૭॥ | ,, ,, ,, |
| કૃષ્ણવર્ણ—તિક્ત રસનો | ૨૦ | ,, ,, ,, |

**ગાથાર્થ**—શુભવિહાયોગતિ-ઉચ્ચગોત્ર-દેવદ્વિક (દેવગતિ-દેવાનુપૂર્વી)-સ્થિરષટ્ક (સ્થિર-શુભ-સૌભાગ્ય-સુસ્વર-આદેય-યશ)-પુરુષવેદ-રતિ અને હાસ્ય એ ૧૩ પ્રકૃતિનો ૧૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિબંધ છે. [૫૪]મિથ્યાત્વનો ૭૦ કોડાકોડી સાગરોપમ, મનુષ્યદ્વિક-સ્ત્રીવેદ અને શાતા એ (૪) ચાર પ્રકૃતિનો ૧૫ કોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે.

**વિશેષાર્થ**—સુગમ છે. ૩૦.

**भय कुच्छ अरइसोए, विउव्वितिरिउरलनरयदुग नीए।**
**तेयपण अथिरछक्के, तसचउ थावर इग पणिंदी ॥ ३१ ॥**

**ગાથાર્થ**—ભય-જુગુપ્સા-અરતિ-શોક વૈક્રિયદ્વિક (વૈક્રિય શરીર-વૈક્રિય ઉપાંગ)-તિર્યંગ્દ્વિક-ઔદારિકદ્વિક (ઔ૦ શરીર-ઔ૦ ઉપાંગ)-નરકદ્વિક-નીચગોત્ર-તૈજસપંચક ([૫૫]તૈજસ-

---

પુનઃ આ ૧૦ પ્રકૃતિમાં શુભાશુભતાની ન્યૂનાધિકતાનો પણ આ ક્રમ છે. અર્થાત્ શ્વેતવર્ણ સર્વોત્કૃષ્ટ શુભ છે, માટે સ્થિતિબંધ ન્યૂન અને ત્યારબાદ રક્ત સુધીના વર્ણ અનુક્રમે ન્યૂન શુભતાવાળા અને નીલ કૃષ્ણ અધિક અધિક અશુભતાવાળા છે; માટે સ્થિતિબંધ અધિકાધિક છે. એ પ્રમાણે જ ૫ રસ તથા ૬ સંસ્થાન અને ૬ સંઘયણમાં પણ સામાન્ય નિયમ વિચારવો.

૫૪. મિશ્રનો તથા સમ્યક્ત્વનો બંધ નથી માટે તેનો સ્થિતિબંધ પણ નથી, પરન્તુ સ્થિતિસત્તા તો લગભગ ૭૦ કોડાકોડિ સાગરોપમ હોય છે. (આ પ્રમાણે શ્રી કર્મપ્રકૃતિના બીજા સંક્રમકરણમાં સમ્યક્ત્વસંક્રમ પ્રસંગે કહ્યું છે.)

૫૫. આ પ્રકરણની બીજી ગાથામાં કહેલી ધ્રુવબંધીપ્રકૃતિઓનાં અનુક્રમ પ્રમાણે એ પાંચ પ્રકૃતિઓ તૈજસ પંચક કહેવાય.

કાર્મણ–અગુરુલઘુ–નિર્માણ–ઉપઘાત)–અસ્થિર ષટ્ક (અસ્થિર–અશુભ–દૌર્ભાગ્ય દુઃસ્વર–અનાદેય–અયશ) ત્રસચતુષ્ક (ત્રસ–બાદર–પર્યાપ્ત–પ્રત્યેક)–સ્થાવર–એકેન્દ્રિય–પંચેન્દ્રિય, (એ ૩૧ પ્રકૃતિનો સંબંધ આગળની ૩૨ મી ગાથામાં છે.)

विशेषार्थ—સુગમ છે. ૩૧.

**नपु कुखगइ सासचऊ, गुरुकक्खडरूक्खसीयदुग्गंधे ।**
**बीसं कोडाकोडी, एवइआबाह वाससया ॥ ३२ ॥**

गाथार्थ—નપુંસકવેદ, કુખગતિ (અશુભવિહાયોગતિ) ઉચ્છ્વાસચતુષ્ક ([૫૬]ઉચ્છ્વાસ–ઉદ્યોત–આતપ–પરાઘાત) ગુરુસ્પર્શ–કર્કશસ્પર્શ–રૂક્ષસ્પર્શ–શીતસ્પર્શ–દુર્ગંધ–એ ૪૨ (પૂર્વગાથાની ૩૧ અને આ ગાથાની ૧૧) પ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૨૦ કોડાકોડી સાગરોપમ છે, તથા (આયુષ્યરહિત) એ કર્મોની અબાધા (અનુદયકાળ) પણ (एवइआ) એટલા (वाससया) સો વર્ષની છે.

विशेषार्थ—અહીં અબાધા તેટલા સો વર્ષની કહી તે આ પ્રમાણે—

## કર્મનો ઉત્કૃષ્ટ અબાધાકાળ અને નિષેકકાળ

જે કર્મનો સ્થિતિબંધ ૨૦ કોડાકોડિ સાગરોપમ છે, તે કર્મની અબાધા ૨૦ સો વર્ષ જેટલી છે, એટલે તે કર્મ બંધાયા બાદ ૨૦૦૦ (બે હજાર) વર્ષે ઉદયમાં આવે, તે યાવત્

---

૫૬. આ પ્રકરણના ૪ ૩ ૭ ગાથા (तणुवंगागिइ संघयण ઇત્યાદિ) માં કહેલી પ્રકૃતિઓના અનુક્રમ પ્રમાણે એ ૪ પ્રકૃતિઓ તે उच्छ्वासचतुष्क કહેવાય છે.

બે હજાર વર્ષન્યૂન ૨૦ કોડાકોડિ સાગરોપમ સુધી ઉદયમાં ચાલુ રહે, એ ૨૦૦૦ વર્ષન્યૂન ૨૦ કોડાકોડિ સાગરોપમ જેટલો કર્મનો જે ઉદયકાળ તે निषेककाल કહેવાય અને ૨૦૦૦ વર્ષ જેટલી અનુદય અવસ્થા તે [૫૭]अबाधाकाल કહેવાય. અહીં બંધનો ૧ સમય તે ૨૦૦૦ વર્ષમાં અંતર્ગત ગણવો. પુનઃ નિષેકકાલના સમયોમાં તે તે સમયે ભોગવવા યોગ્ય પુદ્ગલો અનુક્રમે વિશેષહીન વિશેષહીન સ્થપાયેલા (નિર્જરવાને નિયત થયેલા) હોય છે. તે વિશેષહીન રચના–સ્થાપનાને निषेकरचना કહેવામાં આવે છે, અને તેથી એ કર્મ જે સમયે (૨૦૦૦ વર્ષ પછીના તુર્તના સમયમાં જ્યારે) ઉદય આવશે ત્યારે તે પ્રથમ સમયે ઘણા કર્મપુદ્ગલો ઉદયમાં આવી નિર્જરશે, બીજે સમયે તેથી વિશેષહીન પુદ્ગલો જીવને અનુભવ આપી (ઉદયમાં આવી) નિર્જરશે, એ પદ્ધતિએ ૨૦ કોડાકોડિ સાગરોપમના પર્યન્ત સમયે સર્વથી વિશેષહીન પુદ્ગલો ઉદયમાં આવી [૫૮]નિર્જરશે. ૩૨.

---

૫૭. આ અબાધા તથા નિષેકકાળ અને નિષેકરચના સર્વ કોઈ પણ એક સમયમાં બંધાયેલી એક કર્મલતામાં વિચારવા યોગ્ય છે, પરન્તુ બહુ સમયબદ્ધ કર્મસમુદાયમાં નહિ. સિચ્ એટલે સિંચવું–સ્થાપવું એ ધાતુ ઉપરથી षेक રૂપ થઈને नि ઉપસર્ગ લાગ્યો છે. જેથી निषेक શબ્દ થયો છે. बाधा એટલે ઉદયરૂપ બાધા–પીડ. अ એટલે રહિત, આવો પીડા રહિત કાળ તે अबाधाकाल.

૫૮. ઉદાહરણ તરીકે–કોઈ જીવે અવસર્પિણીના પ્રથમ સમયે ૩૦ કોડાકોડિ સાગરોપમ પ્રમાણની અશાતાવેદનીય બાંધી, તે ૩૦ કોડાકોડી સાગરોપમ એટલે અસત્ કલ્પનાએ ૩૦ ક્રોડ સમય ધારીએ

## સ્થિતિબંધમાં અબાધા. મધ્યમ સ્થિતિબંધે મધ્યમ અબાધાનાં કંડક

**પ્રશ્ન:**–એ પ્રમાણે ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં ઉત્કૃષ્ટઅબાધા હોય છે, પરન્તુ સમયન્યૂન બે સમયન્યૂન ઇત્યાદિ મધ્યમસ્થિતિબંધમાં અબાધા કેટલી?

**ઉત્તર:**–ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં ઉત્કૃષ્ટ અબાધા, સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ તેટલી જ (ઉત્કૃષ્ટ) અબાધા, તેમ જ બે સમયન્યૂન ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં પણ તેટલી જ સંપૂર્ણ ઉત્કૃષ્ટ અબાધા હોય છે, એ પ્રમાણે સમયન્યૂન સ્થિતિબંધ પ્રમાણે યાવત્ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો ન્યૂનસ્થિતિબંધ થાય ત્યાં સુધી પણ સંપૂર્ણ ઉત્કૃષ્ટઅબાધા હોય છે. ત્યારબાદ એક સમયન્યૂન સ્થિતિબંધ થતાં ઉત્કૃષ્ટઅબાધા પણ એક સમયન્યૂન થાય છે, જેથી સંપૂર્ણ ઉત્કૃષ્ટઅબાધા પલ્યોપમના અસંખ્યાતમા ભાગ સુધીના દરેક સ્થિતિબંધમાં પ્રાપ્ત

---

અને તેની અબાધા ૩૦૦૦ (ત્રણ હજાર) વર્ષને અસત્ કલ્પનાએ ૩૦૦૦ સમય વિચારીએ તો ૩૦ ક્રોડમાંથી ૩ હજાર બાદ કરતાં શેષ ૨૯૯૯૯૭૦૦૦ (ઓગણત્રીસ ક્રોડ નવાણું લાખ, સત્તાણું હજાર) સમય આવે, જેથી અવસર્પિણીના પહેલા સમયે બાંધેલી ૩૦ ક્રોડ સમયવાળી અશાતાવેદનીય અવસર્પિણીના ૩૦૦૦ સમયો સુધી ઉદયમાં ન આવે, પરન્તુ ૩૦૦૧ મા સમયે ઉદય આવી તે યાવત્ ૩૦ ક્રોડમો સમય પૂર્ણ થતાં તે પ્રથમ સમયબદ્ધ અશાતાવેદનીય સંપૂર્ણ થઈ. એ પ્રમાણે ૩૦૦૦ સમય અબાધા ૨૯૯૯૯૭૦૦૦ સમયનો નિષેકકાળ અને તેટલા જ સમયોમાં વિશેષહીન ક્રમથી કર્મ પુદ્ગલોની નિષેકરચના જાણવી.

થઈ, માટે તે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ સંપૂર્ણ અબાધાનું કંડક (સ્થિતિ કંડક) ગણાય. એ પદ્ધતિએ જઘન્ય-અબાધાથી ઉત્કૃષ્ટઅબાધા સુધીમાં જેટલા સમયો અધિક છે (જેટલા અબાધાસ્થાનો) છે, અથવા ઉત્કૃષ્ટઅબાધાથી જઘન્ય-અબાધા સુધીમાં જેટલા સમયો ન્યૂન છે એટલે જેટલાં (અબાધા-સ્થાન) છે તેટલાં સ્થિતિબંધનાં કંડક ગણવાં.

એ પ્રમાણે અબાધા જો ૧ સમયન્યૂન થાય તો સ્થિતિબંધ અવશ્ય પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન થાય જ, અને જ્યાં સુધી પલ્યોપમના અસંખ્યાતમા[૫૯] ભાગ જેટલો સ્થિતિ-બંધ ન્યૂન ન થાય ત્યાં સુધી અબાધા તેની તે જ ચાલુ રહે છે. એ પ્રમાણે આયુષ્ય સિવાયના દરેક કર્મના જઘન્યસ્થિતિ-બંધમાં જઘન્યઅબાધા અન્તર્મુહૂર્ત પ્રમાણ આવે તે રીતે ગણત્રી કરવી.

ઉપર્યુક્ત અબાધા નિયમ આયુષ્યરહિત સર્વ કર્મમાં વિચારવો અને આયુષ્યની અબાધા તો ૩૪ મી ગાથામાં કહેવાશે.

## ઉત્તર પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ

**गुरु कोडिकोडिअंतो, तित्थाहाराण भिन्नमुहु बाहा ।**
**लहुठिइ संखगुणूणा, नरतिरिआणाउ पल्लतिगं ।। ३३ ।।**

---

૫૯. દરેક કર્મમાં દરેક સ્થાને પલ્યોપમના અસંખ્યાતમા ભાગ રૂપ સ્થિતિબંધનાં કંડકો (એટલે અબાધાકંડકો) સરખા પ્રમાણવાળાં જ ગણવાનો નિયમ નહિ; કંડકોનું પ્રમાણ ન્હાનું-મોટું પણ ગણવું પરંતુ પલ્યાસંખ્યેય ભાગથી હીનાધિક નહિ. પલ્યાસંખ્યેય ભાગ પણ અસંખ્ય પ્રકારના છે.

**गाथार्थ**—( तित्थ ) તીર્થંકરનામકર્મ અને ( आहाराण ) આહારક દ્વિક એ ત્રણનો ( गुरु ) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ( अंतो कोडिकोडि ) અંતઃકોડાકોડિ સાગરોપમ છે. અને ( लहुठिइ ) [૬૦]લઘુ સ્થિતિબંધ તેથી સંખ્યાતગુણ ઊણ—ન્યૂન છે; તથા મનુષ્યાયુઃ અને તિર્યંચનું આયુષ્ય એ બેનો સ્થિતિબંધ ઉત્કૃષ્ટથી ૩ પલ્યોપમ છે. ( અને દેવનરકાયુનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહેવાઈ[૬૧] ગયો છે. ) ૩૩.

**विशेषार्थ**—તીર્થંકર નામકર્મ આહારકદ્વિકનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ [૬૨]અંતઃકોડાકોડિ સાગરોપમ અને જઘન્ય સ્થિતિબંધ પણ અંતઃકોડાકોડિ સાગરોપમ કહ્યો તે ઉત્કૃષ્ટથી જઘન્ય સંખ્યાતગુણહીન[૬૩] જાણવો. અંતઃકોડાકોડિના પણ અન્તર્મુહૂર્ત-

૬૦. અહીં એ ત્રણ કર્મનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહેવાનો જ અવસર છે તોપણ સંક્ષિપ્ત રચના માટે અહીં જઘન્યસ્થિતિબંધ પણ પ્રસંગોપાત કહ્યો છે, જેથી હવે આગળ જઘન્યસ્થિતિબંધના પ્રસ્તાવમાં એ ૩ કર્મનો જઘન્ય સ્થિતિબંધ કહેવાશે નહિ.

૬૧. દેવ નારક આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૨૬ મી ગાથામાં કહેવાયો છે. જેથી અહીં સુધીમાં ચારે આયુષ્યના ઉત્કૃષ્ટસ્થિતિબંધ કહેવાયા છે.

૬૨. સંપૂર્ણ ૧ કોડાકોડિ સાગરોપમ નહિ પરંતુ કંઈક ન્યૂન તે **अंतःकोडाकोडि** ( એક કોડાકોડિનો અંદરનો ) સ્થિતિબંધ કહેવાય, અહીં કિંચિત્ ન્યૂનતા તે પ્રાયઃ પલ્યોપમના ઘણા અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે.

૬૩. સંખ્યાતગુણહીન એટલે ( અંતઃકોડાકોડિનો ) એક સંખ્યાતમો ભાગ, અને તે પ્રાયઃ પલ્યોપમના ૬ ઠ્ઠા ભાગમાં ક્ષપકને છે.

વત્ અસંખ્યાત ભેદ છે, માટે એ ન્યૂનાધિકતા સંભવે છે. તથા એ ત્રણે કર્મની ઉત્કૃષ્ટ અબાધા અન્તર્મુહૂર્ત છે અને જઘન્ય અબાધા પણ અન્તર્મુહૂર્ત છે અને અબાધાકાળન્યૂન કર્મદલિકનો નિષેકકાળ છે.

## કર્મની અબાધાનું શું ફળ?

કર્મનો અબાધાકાળ કહેવાથી એ વાત સ્પષ્ટ થાય છે કે કર્મ બાંધ્યા બાદ તે જ બંધ સમયે અથવા બીજે સમયે કે ત્રીજે સમયે ઉદય આવતું નથી, પરંતુ કહેલો જઘન્ય અથવા ઉત્કૃષ્ટ અબાધા-કાળ પૂર્ણ થયા બાદ તુર્ત ઉદયમાં આવી શકે છે. અને અબાધા-કાળ પૂર્ણ થયે જે ઉદય વર્તે છે તે शुद्ध उदय કહ્યો છે, અન્યથા ઉદીરણા કરણ વડે અબાધા પૂર્ણ થયા વિના પણ નિષેકકાળમાંના કંઈક પુદ્ગલો ઉદયાવલિકામાં આવી ઉદયભાવે વર્તે છે; પરંતુ તે अशुद्धोदय અથવા उदीरणोदय કહ્યો છે. વળી વિશુદ્ધ પરિણામવાળો જીવ અપવર્ત્તના (સ્થિતિઘાત) અને ઉદ્વલના કરણ વડે તો રચાયેલા દીર્ઘ નિષેકકાળને પણ અલ્પ કરે છે, તેમજ વિશેષહીન વિશેષહીન ક્રમ (પુદ્ગલનો ઉદય આવવાનો નિયમ) તોડી અસંખ્યગુણ ઉદય આવવાનો ક્રમ પણ બનાવે છે. એ પ્રમાણે નિષેકકાળને જો ટૂંકો ન બનાવે તો જીવને મોક્ષનો જ અભાવ થાય.

## અબાધા વિત્યાબાદ કયો ઉદય?

અબાધાકાળ વીત્યા બાદ જિન નામનો प्रदेशोदय, આહારકદ્વિક આદિ અધ્રુવોદયી કર્મનો પ્રદેશોદય અથવા તો विपाकोदय અને આયુષ્યનો અવશ્ય વિપાકોદય હોય છે;

તથા ધ્રુવોદયીનો વિપાકોદય હોય છે. એ પ્રમાણે યથાસંભવ વિચારવું.

## જિનનામ-આહારકદ્વિકની કાળપૂર્તિ

**પ્રશ્ન:**—જો જિનનામ અને આહારકદ્વિકની સ્થિતિ અંતઃ-કોડાકોડી સાગરોપમ જેટલી છે, તો આટલી દીર્ઘસ્થિતિ પૂર્ણ કેવી રીતે થાય? કારણ જે જિનનામનો બંધ તીર્થંકરભવના પૂર્વના ત્રીજા ભવથી બંધાય છે અને આહારક તો અપ્રમત્ત-ચારિત્રીને મનુષ્યભવમાં જ બંધાય તે જ ભવમાં ઉદય આવે છે. પુનઃ તિર્યંચની ગતિ વિના એટલો દીર્ઘ કાળ પૂર્ણ થાય નહિ, અને સિદ્ધાન્તમાં તો જિનનામની સત્તા પણ તિર્યંચને નિષેધી છે, માટે કાળપૂર્તિ કેવી રીતે થાય?

**ઉત્તર:**—જિનનામનો જે અંતઃકોડાકોડી સાગરોપમ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો છે, તે अनिकाचित જિન નામનો છે, અને અનિકાચિત જિનનામની સત્તા ચારે ગતિમાં હોવાથી તિર્યંચને પણ અનિકાચિત જિનનામની સત્તા હોય છે, પરંતુ તિર્યંચને બંધનો તો સર્વથા નિષેધ જ છે, માટે અનિકાચિત જિનનામની અંતઃકોડાકોડી સાગરોપમની સ્થિતિસત્તામાં વર્તતો જીવ તિર્યંચમાં પણ જઈ શકે છે, અને આગમમાં તિર્યંચને જિનનામની સત્તાનો જે નિષેધ કહેલો છે તે તો નિકાચિત જિનનામનો જ નિષેધ છે, અને તે નિકાચિત જિનનામ જ તીર્થંકરના પૂર્વના ત્રીજા ભવમાં બંધાય છે; અનિકાચિત જિનનામ તો ઘણા ભવ પહેલાં પણ બંધાય.

પુનઃ જિનનામનો એ દીર્ઘકાળ તિર્યંચગતિમાં ગયા

વિના ન જ પૂરાય એવો એકાન્ત નિયમ નથી, કારણ કે ગમે તેટલો દીર્ઘકાળ પણ જો અનિકાચિત હોય છે તો અપવર્ત-નાદિ કરણો વડે સાધ્ય હોવાથી શીઘ્ર ટૂંકો થઈ શકે છે, જેથી જિનનામનો પણ અંતઃકોડાકોડિ જેટલો દીર્ઘકાળ તે જ ભવમાં અપવર્તાઇ ટૂંકો થઈ શકે છે, અને તિર્યંચગતિમાં ગયા વિના પણ પૂરી શકાય છે; માટે તિર્યંચગતિમાં જવાની સદ્ભાવના કરવા આવશ્યક નથી.

તથા આહારકના સંબંધમાં પણ જિનનામવત્ વિચારવું, કારણ કે આહારકની સત્તાવાળો સૂક્ષ્મ એકેન્દ્રિય જેવી તિર્યંચ-ગતિમાં પણ જઈ શકે છે. એનો અવશ્ય પૂરવા યોગ્ય જેટલો જ કાળ સુનિકાચિત (એટલે આગળ કહેવાશે તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો જ) હોય છે, અને તેટલા કાળમાં આહારકદ્વિકને ઉદ્વલના નામના કરણથી ઉવેલી નાખી નિઃસત્તાક કરે છે. અને તે પલ્યાસંખ્યેયભાગ જેટલા ઉદ્વલના કાળમાં વર્તતો તિર્યંચગતિમાં પણ (અથવા ચારે ગતિમાં પણ) થઈ શકે છે.

## જિનનામ–આહારકદ્વિકની અબાધા

જિનનામ કર્મના ઉત્કૃષ્ટસ્થિતિબંધમાં તથા જઘન્યસ્થિતિ-બંધમાં બન્નેમાં અંતર્મુ૦ અબાધા છે, ત્યારબાદ એ કર્મ અવશ્ય ઉદયમાં આવે છે. અહીં ઉદય એટલે મંદવિપાકોદય-રૂપ [૬૪]પ્રદેશોદય જાણવો, કે જે કર્મના પ્રદેશોદયના પ્રભાવે

૬૪. આયુષ્ય સિવાયના કર્મ અબાધા વીત્યા બાદ પ્રદેશોદયથી અથવા વિપાકોદયથી પણ ઉદયમાં આવે છે, તેમાં જિનનામ તો

પૂર્વના ત્રીજા ભવથી પણ ઋદ્ધિ, વૃદ્ધિ, જન્માતિશય ઇત્યાદિ મહિમા પ્રગટ થાય છે. પુનઃ તીવ્રવિપાકોદય તો તીર્થંકરના ભવમાં કેવળજ્ઞાન પામે ત્યારથી જ અષ્ટમહાપ્રાતિહાર્ય, કર્મ-ક્ષયજન્ય ૧૧ અતિશય, સમવસરણ રચના, ઇન્દ્રાદિકની સેવા-ભક્તિ અને ધર્મોપદેશ ઇત્યાદિથી સ્પષ્ટ છે.

તથા આહારકદ્વિકના પણ બંને સ્થિતિબંધમાં બન્ને અબાધા અન્તર્મુહૂર્ત છે, જેથી આહારક નામકર્મ બાંધ્યા બાદ અન્તર્મુહૂર્તમાં પ્રદેશોદયથી અથવા તો વિપાકોદયથી પણ ઉદયમાં આવે. પુનઃ આ કર્મનો પ્રદેશોદય તો જિનનામ-વત્ અંતર્મુહૂર્ત બાદ અવશ્ય હોય; પરંતુ આહારકશરીરની રચનારૂપ વિપાકોદય તો જઘન્યથી અન્તર્મુહૂર્તે અને ઉત્કૃષ્ટથી દેશોનપૂર્વક્રોડવર્ષે પણ હોય છે. કારણ કે પૂર્વક્રોડવર્ષાયુષ્યવાળા અપ્રમત્તમુનિએ જે આહારકનામકર્મ ૮ વર્ષની ઉમ્મરમાં બાંધ્યું હોય તે આહારકકર્મ આયુષ્યના પર્યન્તે પણ ઉદયમાં આવી શકે છે.

## अनिकाचित જિનનામ અને આહારકદ્વિકની સ્થિતિ.

આ ગાથામાં જિનનામ તથા આહારકદ્વિકનો જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અંતઃકોડાકોડિસાગરોપમ કહ્યો, તે અનિકાચિતજિન-નામનો તથા આહારકદ્વિકનો જાણવો, તથા એ ત્રણે અનિકા ચિત્ત કર્મની સત્તાવાળો જીવ ચારે ગતિમાં ઉત્પન્ન થઈ શકે છે, માટે ચારે ગતિમાં એ ૩ કર્મની સત્તા હોય છે. પરંતુ

પ્રદેશોદયથી જ ઉદયમાં આવે, શેષ કર્મો અબાધા પૂર્ણ થયે વિપાકોદયથી જ ઉદયમાં આવે એવો નિયમ નહીં.

બંધ ન હોય, કારણ કે જિનનામનો બંધ તિર્યંચગતિમાં નથી, અને આહારકનો બંધ મનુષ્યગતિ સિવાય ત્રણે ગતિમાં નથી.

## અલ્પનિકાચિત જિનનામ અને આહારકદ્વિકની સ્થિતિ

એ ત્રણ કર્મની વિશિષ્ટનિકાચના કરતી વખતે ૪-૫-૬ ૭-૮ એ પાંચ ગુણસ્થાનમાંના યથાયોગ્ય કોઈ પણ ગુણસ્થાને વર્તતો વિશુદ્ધ પરિણામવાળો જીવ એ ત્રણ કર્મનો જે અંતઃકોડાકોડિ સ્થિતિબંધ અને સ્થિતિસત્તા કરે છે, તે અંતઃકો૦કો૦ના સંખ્યાતમા ભાગથી આરંભીને જિનનામની ૩૩ સાગરોપમ ઉપરાંત દેશોન ૨ પૂર્વક્રોડ જેટલી સ્થિતિ તથા આહા૦ દ્વિકની પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલી અને શેષ સ્થિતિને નિકાચિત કરવાનો પ્રારંભ કરે છે, ત્યાં ૩૩ સાગરોપમાદિ સ્થિતિ સંપૂર્ણ-સર્વથા-સર્વાંશે નિકાચિત થતી જાય છે, અને શેષ સ્થિતિ (તે પણ અંતઃકોડાકોડિનો સંખ્યાતમો ભાગ જ) અલ્પનિકાચિત થતી જાય છે, માટે એ ત્રણ કર્મની અલ્પનિકાચિતસ્થિતિ અંતઃકોડાકોડિના સંખ્યાતમાં ભાગ જેટલી જાણવી.

## સુનિકાચિત જિનનામ આહારકદ્વિકની સ્થિતિ.

ઉપર કહ્યા પ્રમાણે જિનનામની સુનિકાચિતસ્થિતિ દેશોન ૨ પૂર્વક્રોડવર્ષ અધિક ૩૩ સાગરોપમ જેટલી, અને આહારકદ્વિકની સુનિકાચિતસ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલી હોય છે. જિનનામની આ સુનિકાચના અને અલ્પનિકાચનાનો પ્રારંભ કરનાર મનુષ્ય જ હોય, અને ચાલુ નિકાચનામાં વર્તનાર અથવા કરનાર દેવ તથા નારક પણ હોય

તેમજ નિકાચિત જિનનામનો બંધ પ્રારંભ કરનાર પણ મનુષ્ય જ હોય અને ચાલુ નિકાચિત બંધમાં વર્તનારા દેવ તથા નારક પણ હોય.

## આયુષ્યનો સ્થિતિબંધ અને અબાધા

अवतरण—પૂર્વ ગાથામાં ચારે પ્રકારના આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ( એટલે ૪ પ્રકારનો ઉત્કૃષ્ટ આયુષ્યબંધ ) કહ્યો. તે આયુષ્યના બંધક સંજ્ઞિપંચેન્દ્રિય જ હોય છે, તો એકેન્દ્રિયાદિ જીવો જો પરભવનું આયુષ્ય બાંધે તો ઉત્કૃષ્ટથી કેટલું બાંધે? તે આ ગાથામાં પ્રસંગથી કહે છે તેમજ આયુષ્યકર્મની અબાધા કેટલી? તે પણ કહેવાય છે.

**इगविगल पुव्वकोडीं, पलियासंखंस आउचउ अमणा ।**
**निरुवकमाण छमासा, अबाह सेसाण भवतंसो ।। ३४ ।।**

गाथार्थ—એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો પૂર્વ ક્રોડ વર્ષ જેટલું વધુમાં વધુ પરભવાયુષ્ય બાંધે છે, તથા અસંજ્ઞિપંચેન્દ્રિયો ચારે પ્રકારનું આયુષ્ય પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલું વધુમાં વધુ બાંધે છે. પુનઃ आयुष्यनी अबाधा નિરુપક્રમઆયુષ્યવાળા [૬૫]જીવોને છ માસ જેટલી અને શેષ (નિરુપક્રમ તથા સોપક્રમ આયુષ્યવાળા) જીવોને સ્વભવના ત્રીજા ભાગ જેટલી હોય છે. ૩૪.

૬૫. અહીં નિરુપક્રમ એટલે નિશ્ચયથી નિરુપક્રમ આયુષ્યવાળા જીવો તે દેવનારક અને યુગલિક એ ત્રણ જ જાણવા, કારણ કે એ ત્રણનું આયુષ્ય નિશ્ચયથી નિરુપક્રમ–અનપવર્તનીય જ હોય (અને શેષ પૂર્વક્રોડવર્ષ સુધીના આયુષ્યવાળા નર–તિર્યંચોનું તો સોપક્રમ આયુષ્ય પણ હોય, માટે અહીં તે ગ્રહણ ન કરવા.)

વિશેષાર્થ—એકેન્દ્રિયો અને વિકલેન્દ્રિયો અયુગલિકમનુષ્ય તથા અયુગલિકતિર્યંચપણે પરભવમાં ઉત્પન્ન થાય છે, અને અયુગલિક નરતિર્યંચનું આયુષ્ય પૂર્વક્રોડવર્ષથી અધિક હોય નહિ, માટે એ ચાર પ્રકારના જીવો પરભવસંબંધી એટલી જ સ્થિતિ-વાળું ઉત્કૃષ્ટ આયુષ્ય બાંધે છે; તથા અસંજ્ઞિપંચેન્દ્રિયો ૫૬ અંતર્દ્વીપના યુગલિક મનુષ્યતિર્યંચમાં ઉત્પન્ન થાય છે. ત્યાં પલ્યો-પમના અસંખ્યાતમા ભાગ જેટલું જ ઉત્કૃષ્ટ આયુષ્ય છે, તેમજ દેવનારકમાં પણ ઉત્પન્ન થાય તો એટલા જ આયુષ્યવાળા દેવ–નારકપણે ઉપજે છે; માટે અસંજ્ઞિપંચેન્દ્રિયને પરભવ સંબંધી આયુષ્ય પલ્યોપમના અસંખ્યભાગ જેટલું જ બંધાય છે.

## ૪ આયુષ્યનો સ્થિતિબંધ અને અબાધા

પૂર્વે જ્ઞાનાવરણીય આદિ કર્મોમાં એક કોડાકોડીસાગરોપમે ૧૦૦ વર્ષની અબાધા જેમ નિયતપણે કહી છે તેમ આયુષ્યની અબાધા સ્થિતિબંધ સાથે નિયત નથી, તેમ જ જ્ઞાનાવરણીય આદિકમાં ઉત્કૃષ્ટ સ્થિતિબંધે ઉત્કૃષ્ટ અબાધા અને જઘન્ય સ્થિતિબંધે જઘન્ય અબાધા જેમ નિયતપણે કહી છે તેમ અહીં આયુષ્યની અબાધા સ્થિતિબંધને અનુસારે નથી, પરંતુ અનિયત હોવાથી ૪ પ્રકારે છે. તે આ પ્રમાણેઃ—

| | | | |
|---|---|---|---|
| ૧ | આયુષ્યના | ઉત્કૃષ્ટસ્થિતિબંધે | ઉત્કૃષ્ટ અબાધા |
| ૨ | ,, | ,, | જઘન્ય અબાધા |
| ૩ | ,, | જઘન્યસ્થિતિબંધે | ઉત્કૃષ્ટ અબાધા |
| ૪ | ,, | ,, | જઘન્ય અબાધા |

એ પ્રમાણે આયુષ્યની અબાધા ચારે પ્રકારથી હોય છે, માટે અનિયત છે.

## આયુષ્યની અબાધા

અહીં આયુષ્યબંધમાં એવો નિયમ છે કે–નિશ્ચયથી નિરુપક્રમ આયુષ્યવાળા (દેવ–નારક [૬૬]યુગાલક એ ત્રણ જ) પોતાના ભવનું આયુષ્ય ૬ માસ બાકી રહે ત્યારે જ પરભવનું આયુષ્ય બાંધે છે, અને ત્યાબાદ ૬ માસ વ્યતીત થયે મરણ પામતાં તે બદ્ધ આયુષ્યનો ઉદય થાય છે, માટે અહીં ૬ માસની अबाधा જાણવી, એ मध्यम अबाधा છે.

તથા શેષ જે નિરૂપક્રમી અને સોપક્રમી એમ બન્ને પ્રકારના આયુષ્યવાળા કે જેઓ ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડવર્ષ સુધીના આયુષ્યવાળા નરતિર્યંચો છે, તેમાં નિરુપક્રમ આયુષ્યવાળા નરતિર્યંચો સ્વભવનો ત્રીજો ભાગ બાકી રહે ત્યારે જ આયુષ્ય બાંધે છે, અને સોપક્રમ આયુષ્યવાળા નરતિર્યંચો ત્રીજો ભાગ, નવમો ભાગ, સત્તાવીશમો ભાગ ઇત્યાદિ રીતે શેષ શેષ આયુષ્યનો ત્રીજો ભાગ તે યાવત્ અંતિમ અંતર્મુહૂર્ત બાકી રહે ત્યારે પણ આયુષ્યબંધ કરે, તેથી આયુષ્યની ઉત્કૃષ્ટઅબાધા પૂર્વક્રોડવર્ષનો ત્રીજો ભાગ, અને જઘન્ય અબાધા અન્તર્મુહૂર્ત હોય છે તે આ પ્રમાણે—

૬૬. કેટલાક આચાર્ય યુગલિકોને પલ્યોપમાસંખ્યભાગ શેષ આયુષ્ય રહે પરભવાયુ બંધ કહે છે, તેઓના અભિપ્રાયથી યુગલિકોને આયુષ્યની અબાધા પલ્યાસંખ્યેય ભાગ જાણવી.

**આયુષ્યની અબાધા**

- જઘન્ય
  - અન્તર્મુ૦
    - સોપક્રમી વા નિરૂપક્રમી નરતિર્યંચોને (એકેન્દ્રિયાદિકને).
- મધ્યમ
  - સમયાધિક જઘન્યથી યાવત્ સમયોન ઉત્કૃષ્ટ
  - ૬ માસની
    - નિરૂપક્રમી ( દેવનારક યુગલિક) ને.
- ઉત્કૃષ્ટ
  - પૂર્વક્રોડવર્ષનો ૩ જો ભાગ
    - સોપક્રમી વા નિરુપક્રમી (નરતિર્યંચો)ને

## ઉત્તરપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ

अवतरण—પૂર્વે મૂળપ્રકૃતિ ૮ નો ઉત્કૃષ્ટ તથા જઘન્ય સ્થિતિબંધ કહ્યો. તેમજ ૧૨૦ ઉત્તરપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો. હવે ૧૨૦ ઉત્તરપ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ કહેવાય છે.

**लहुठिइबंधो संजलणलोह पणविग्घनाणदंसेसु ।**
**भिन्नमुहुत्तं ते अट्ठ, जसुच्चे बारस य साए ॥३५॥**

गाथार्थ— સંજ્વલન લોભ, ૫ વિઘ્ન, ૫ જ્ઞાનાવરણ અને ૪ દર્શનાવરણ એ ૧૫ પ્રકૃતિનો (लहु) જઘન્ય સ્થિતિબંધ (भिन्न मुहुत्तं) અન્તર્મુહૂર્ત્ત છે. (जस) જશનામકર્મનો (ते–) તે જઘ૦ સ્થિતિબંધ (अट्ठ) આઠ મુહૂર્ત પ્રમાણ છે, તથા (उच्चे) ઉચ્ચ–

ગોત્રનો પણ ૮ મુહૂર્ત છે, (य) અને (साए) શાતાવેદનીયનો જઘ૦ સ્થિતિબંધ ૧૨ મુહૂર્તનો છે. ૩૫.

**विशेषार्थ**—ક્ષપકને ૯ મા ગુણસ્થાનના છેલ્લા સમયે સંજ્વલન લોભનો સ્વબંધ વિચ્છેદ થતાં અન્તર્મુહૂર્ત જઘન્ય સ્થિતિબંધ હોય છે. ૫ વિઘ્ન, ૫ જ્ઞાનાવરણ અને ૪ દર્શનાવરણ એ ૧૪ નો જઘન્ય સ્થિતિબંધ ક્ષપકને ૧૦ મા ગુણસ્થાનને અન્તે સ્વસ્વબંધ વિચ્છેદ સમયે અન્તર્મુહૂર્ત પ્રમાણ હોય છે, તેમ જ યશઃ ઉચ્ચગોત્ર અને શાતા એ ત્રણનો જઘન્ય સ્થિતિબંધ પણ એ ૧૪ પ્રકૃતિઓ સાથે બંધ વિચ્છેદ પામે છે તે જ વખતે ક્ષપકને ૧૦ મા ગુણસ્થાનને અન્તે હોય છે. ૩૫.

**दो इग मासो पक्खो, संजलणतिगे पुमट्ठवरिसाणि ।**
**सेसाणुक्कोसाओ, मिच्छत्तट्ठिईइ जं लद्धं ॥ ३६ ॥**

गाथार्थ—સંજ્વલનના ૩ ભેદને વિષે એટલે અનુક્રમે ક્રોધને વિષે ૨ માસનો, સં૦ માનને વિષે (માનનો) ૧ માસનો અને સં૦ માયાનો ૧ પક્ષનો (અર્ધામાસનો) જઘ૦ સ્થિતિબંધ છે. (पुं) પુરુષવેદનો ૮ વર્ષ પ્રમાણનો જઘન્યસ્થિતિબંધ છે. એ કહેલી [૬૭] (૩૫) પ્રકૃતિઓ સિવાય બાકી રહેલી પ્રકૃતિઓનો

૬૭. ચાર પ્રકૃતિનો જઘ૦ સ્થિતિબંધ આ ગાથામાં કહ્યો, ૧૮ પ્રકૃતિનો જઘ૦ સ્થિતિબંધ ૩૫ મી ગાથામાં કહ્યો, આહારકદ્વિક અને જિનનામ એ ૩ પ્રકૃતિનો જઘન્ય સ્થિતિબંધ પોતાના ઉત્કૃષ્ટ સ્થિતિબંધના પ્રસંગે જ ૩૩ મી ગાથામાં કહ્યો, ૪ આયુષ્યનો જઘન્ય સ્થિતિબંધ ૩૮ મી ગાથામાં કહેવાશે અને વૈક્રિયષટ્કનો જઘન્યસ્થિતિબંધ પણ ૩૮ મી ગાથામાં અસંજ્ઞિપંચેન્દ્રિયના જઘન્ય સ્થિતિબંધને

જઘન્ય સ્થિતિબંધ કેટલો ? તે કહે છે કે—મિથ્યાત્વની ઉ૦ સ્થિતિ વડે તે તે પ્રકૃતિની ઉ૦ સ્થિતિને ભાગ આપતાં જે પ્રાપ્ત થાય (તેથી પણ પલ્યાસંખ્યેયભાગહીન જઘ૦સ્થિતિબંધ છે તે સંબંધ અગ્રગાથા સાથે છે.) ૩૬.

**વિશેષાર્થઃ**—સંજ્વલન ક્રોધ, માન, માયા તથા પુરુષવેદ એ ચારેનો જે જે જઘન્યસ્થિતિબંધ (૨ માસ–૧ માસ– ૦।। માસ– ૮ વર્ષ અનુક્રમે કહ્યો છે તે ક્ષપકના નવમા અનિવૃત્તિ ગુણસ્થાનમાં પોતપોતાના બંધ–વિચ્છેદ વખતે હોય છે, પરન્તુ અનિવૃત્તિ ગુણસ્થાનના ચરમ સમયે (પર્યન્તે) નહિ, કારણ કે એ ૪ પ્રકૃતિઓ અનિવૃત્તિના અન્ત પહેલાં મધ્યકાળમાં બંધ–વિચ્છેદ પામે છે, અને પર્યન્તે તો કેવળ સંજ્વલન લોભ જ બંધ–વિચ્છેદ પામે છે. ૩૬.

## ૮૫ પ્રકૃતિઓનો જ૦ સ્થિતિબંધ જાણવાનું કરણ

પૂર્વોક્ત ૩૫ પ્રકૃતિઓ સિવાયની ૮૫ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ જાણવા માટે અહીં જે करण કહેવાશે તે કરણથી એકેન્દ્રિયાદિ ૫ જીવસ્થાનનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ પુનઃ એ જ ૫ જીવોનો જઘ૦ સ્થિતિબંધ અને તે સાથે ૮૫ પ્રકૃતિઓનો પોતાનો પણ જઘન્યસ્થિતિબંધ એ સર્વ પ્રસંગોપાત સાથે સાથે કહેવાશે. તે करण આ પ્રમાણેઃ—

---

અનુસારે સમજવાનો છે; જેથી અહીં (૪+૧૮+૩+૪+૬=) ૩૫ પ્રકૃતિ સિવાય શેષ ૮૫ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ કહેવાનો બાકી છે તે કહેવાશે.

"જે પ્રકૃતિનો જે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ છે તે ઉત્કૃષ્ટ સ્થિતિબંધને મિથ્યાત્વના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વડે ભાગ આપતા (ભાગતા) જે આવે તે (એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ છે, અને તે) માંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તો (એકેન્દ્રિયનો જઘ૦ સ્થિતિબંધ આવે અને) તે જ ૮૫ પ્રકૃતિઓનો પણ જઘન્ય સ્થિતિબંધ છે."

પુનઃ એ કરણ ઉપરથી એકેન્દ્રિયાદિ જીવોના ઉત્કૃષ્ટ તથા જઘન્યસ્થિતિબંધ કેવી રીતે પ્રાપ્ત થાય છે? તે સંબંધ આગળની ૩૭ મી ગાથામાં કહ્યો છે ત્યાંથી જાણવો. હવે મિથ્યાત્વની ૭૦ કોડાકોડી સાગરોપમ પ્રમાણ સ્થિતિ વડે શેષ ૮૫ પ્રકૃતિઓના તેમ જ એકેન્દ્રિયને બંધ યોગ્ય બીજી પણ પ્રકૃતિઓના ઉ૦ સ્થિતિબંધને ભાગ આપતા કઈ પ્રકૃતિનો કેટલો સ્થિતિબંધ આવે તેની રીતિ તથા કોષ્ઠક દર્શાવાય છે. જેમકે અશાતાવેદનીયનો ઉ૦ સ્થિતિબંધ ૩૦ કોડાકોડી સાગરોપમ છે તો તેને મિથ્યાત્વની ૮૦ કોડાકોડી સાગરો૦ વડે ભાગ આપતાં.

૭૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦) ૩૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦(૦

એમાં ૧૫ શૂન્યને ૧૫ શૂન્ય સાથે અપવર્તતાં–ઉડાડતા બાકી $\frac{૩}{૭}$ સાગરોપમ આવ્યા, એ પદ્ધતિએ દરેક પ્રકૃતિના ઉ૦ સ્થિતિબંધને ભાગીએ તો—

૫ નિદ્રા તથા ૧ અશાતાનો $\frac{૩}{૭}$, મિથ્યાત્વનો ૧ સાગરો૦ પહેલા ૧૨ કષાયનો $\frac{૪}{૭}$ સા૦, સ્ત્રીવેદ તથા નરદ્વિકનો $\frac{૩}{૧૪}$સા૦ સૂક્ષ્મત્રિક તથા વિકલત્રિકનો $\frac{૯}{૩૫}$ સા૦, ઇત્યાદિ કોષ્ઠકમાં

દર્શાવાશે તે પ્રમાણે એ ૮૫ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ એકેન્દ્રિયો જ (બાદર પર્યાપ્ત એકેન્દ્રિયો જ) કરે છે. અને દ્વીન્દ્રિયાદિક જીવો તો આગળની ૩૭ મી ગાથામાં કહ્યા પ્રમાણે ૨૫-૫૦-૧૦૦-૧૦૦૦ ઇત્યાદિ ગુણો અધિક સ્થિતિબંધ કરે છે, માટે અહીં મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગ આપતા જે જે સ્થિતિબંધ આવે તે જ જઘન્ય સ્થિતિબંધ છે એમ ન જાણતાં તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન કરતાં જે સ્થિતિબંધ આવે તે જ ૮૫ પ્રકૃતિઓનો જઘન્ય સ્થિતિબંધ જાણવો, તે આ પ્રમાણેઃ—

(૬) નિદ્રા ૫-અશાતા-૩/૭ સાગરોપમ (થી પલ્યાસંખ્યેય ભાગ ન્યૂન જઘ૦ સ્થિતિબંધ)
(૧) મિથ્યાત્વનો-૧ સાગરોપમ ( ,, )
(૧૨) પહેલા ૧૨ કષાયનો ૪/૭ સાગરોપમ ( ,, )
(૩) સ્ત્રીવેદ અને મનુષ્યદ્વિકનો ૩/૧૪ સાગરોપમ ( ,, )
(૬) સૂક્ષ્મ ૩ અને વિકલ ૩-૯/૩૫ સાગરોપમ ( ,, )
(૧૭) સ્થિ-શુભ-સુભગ-સુસ્વર-આદેય-હાસ્ય-રતિ-સુખગતિ વજ્રર્ષભ૦-સમચ૦-સુરભિ—શુક્લ-મધુર-મૃદુ-લઘુ-સ્નિગ્ધ-ઉષ્ણ એ ૧૭ નો-૧/૭ સાગરોપમ ( ,, )
(૧૩) [૧૮]શુક્લવર્ણ સિવાય ચાર વર્ણ, મધુર રસ સિવાય ચાર રસ, દુરભિ ગંધ તથા ૪-અશુભસ્પર્શનો ૨/૭ સાગરોપમ ( ,, )

---

૧૮. એ ૪ વર્ણ અને ૪ રસનો પોતપોતાનો ઉ૦ સ્થિતિબંધ જુદો હોવાથી કરણગણિત પ્રમાણે ગણતાં જુદો જુદો સ્થિતિબંધ આવે તોપણ એ ૪-૪ નો ૨/૭ સાગરો૦ જેટલો સરખો સ્થિતિબંધ કહ્યો છે. એ કરણના અપવાદરૂપે છે.

( ૨ ) ઋષભનારાચ–ન્યગ્રોધનો ૬/૩૫ સાગરોપમ અશુભસ્પર્શનો
( ૨ ) નારાચ–સાદિનો ૭/૩૫ સાગરોપમ ( ,, )
( ૨ ) અર્ધનારાચ–વામનનો ૮/૩૫ સાગરોપમ ( ,, )
( ૨ ) કીલિકા–કુબ્જનો–૯/૩૫ સાગરોપમ ( ,, )

એ પ્રમાણે પાંચ નિદ્રા વગેરે ૬૬ પ્રકૃતિઓ સિવાય બાકી રહેલ ૩૫ પ્રકૃતિઓ ૨/૭ સાગરોપમમાંથી પલ્યોપમાસંખ્યેય ભાગ ન્યૂન જઘન્યસ્થિતિબંધ જાણવો.

નિદ્રા પંચક વગેરે કુલ ૧૦૧ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ કહ્યો. અહીં વર્ણચતુષ્કને બદલે વર્ણાદિ ૨૦ ગણ્યા છે માટે ૧૭ બાદ કરતા શેષ ૮૫ પ્રકૃતિઓ જાણવી.

## પંચસંગ્રહમાં કહેલો મતાંતરથી જઘન્ય સ્થિતિબંધ

આ પાંચમા કર્મગ્રંથમાં તો કરણ વડે પ્રાપ્ત થયેલો સ્થિતિબંધ તે એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કહ્યો, અને તેમાંથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલો ન્યૂન સ્થિતિબંધ તે એકેન્દ્રિયોનો જઘન્યસ્થિતિબંધ કહ્યો, ( અથવા શેષ ૮૫ પ્રકૃતિઓનો પણ જઘન્યસ્થિતિબંધ કહ્યો, ) પરંતુ પંચસંગ્રહમાં કહ્યું છે કે કરણથી પ્રાપ્ત થયેલો સ્થિતિબંધ તે જ એકેન્દ્રિયોનો ( અથવા ૮૫ પ્રકૃતિઓનો ) જઘન્યસ્થિતિબંધ છે, અને તેથી પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલો અધિક તે એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ છે. અને તે અનુસારે દ્વીન્દ્રિયાદિકના પણ ઉત્કૃષ્ટ અને જઘન્યસ્થિતિબંધ યથાસંભવ વિચારવા.

## કર્મપ્રકૃતિના અભિપ્રાયથી જઘન્યસ્થિતિબંધ

પુનઃ કર્મપ્રકૃતિમાં કહ્યું છે કે પોતપોતાના ભિન્ન ભિન્ન ઉત્કૃષ્ટસ્થિતિબંધને મિથ્યાત્વની સ્થિતિ વડે ન ભાગવી, પરંતુ પોતપોતાના વર્ગની ઉત્કૃષ્ટસ્થિતિને મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગ આપતાં જે સ્થિતિબંધ આવે તે એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટ-સ્થિતિબંધ, અને પલ્યોપમાસંખ્યેયભાગન્યૂન જઘન્યસ્થિતિ બંધ છે, ત્યાં જ્ઞાનાવરણીયવર્ગ–દર્શનાવરણીયવર્ગ–વેદનીયવર્ગ–દર્શનમોહનીયવર્ગ – કષાયમોહનીયવર્ગ –નોકષાયવર્ગ–નામવર્ગ-ગોત્રવર્ગ અને અન્તરાયવર્ગ એ ૯ વર્ગનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ અહીં ગ્રહણ કરવો, જેથી એ વર્ગની અંતર્ગત ઉત્તરપ્રકૃતિઓના ઉત્કૃષ્ટસ્થિતિબંધને મિથ્યાત્વસ્થિતિ વડે ન ભાગતાં વર્ગની ઉત્કૃષ્ટસ્થિતિને જ ભાગવી, જેથી શેષ ૮૫ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ આ પ્રમાણેઃ—

| | | |
|---|---|---|
| ૫ નિદ્રા, ૧ અશાતા | પલ્યોપમાસંખ્યેયભાગન્યૂન | $\frac{3}{7}$ સાગરોપમ. |
| ૧ મિથ્યાત્વ | —પલ્યોપમાસંખ્યેયભાગન્યૂન | ૧ સાગરોપમ. |
| ૧૨ પ્રથમકષાય— | ,, | $\frac{4}{7}$ સાગરોપમ. |
| ૮ નોકષાય (પુંવેદ રહિત) | ,, | $\frac{2}{7}$ સાગરોપમ. |
| ૫૭ નામકર્મ, ૧ નીચગોત્ર | ,, | $\frac{2}{7}$ સાગરોપમ. |
| ૮૫ | | |

આ પ્રમાણે કર્મગ્રંથ અને કર્મપ્રકૃતિ આદિમાં કહેલા આ જઘન્યસ્થિતિબંધની ભિન્ન ભિન્ન (૩ પ્રકારની) વિવક્ષા યથાસંભવ વિચારવી.

## ।। સ્થિતિબંધ અબાધા અને સ્થિતિબંધસ્વામિનું યંત્ર ।।

**અહીં દેશોન એટલે પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ હીન સમજવો.**

**આ યંત્રમાં ૧૨૦ બંધપ્રકૃતિને બદલે ૧૬ વર્ણ અધિક ગણવાથી ૧૩૬ બંધપ્રકૃતિ ગણાવી છે.**

| પ્રકૃતિનો | ઉત્કૃષ્ટ સ્થિતિબંધ (સાગરોપમ) | ઉત્કૃષ્ટ અબાધા | જઘન્ય સ્થિતિબંધ | ઉત્કૃષ્ટ સ્થિતિબંધના સ્વામી | જઘન્ય સ્થિતિબંધના સ્વામી |
|---|---|---|---|---|---|
| જ્ઞાનાવરણ ૫ … … | ૩૦ કો૦કોડી | ૩૦૦૦ વર્ષ | અન્તર્મુ૦ | મિથ્યાદૃષ્ટિ ૪ ગતિના જીવ | ૧૦ માન્તે |
| દર્શનાવરણ ૪… … | ” | ” | ” | ” | ” |
| નિદ્રા ૨ … … | ” | ” | દેશોન ક્ષુસા૦ | ” | બાદર પર્યાપ્ત એકેન્દ્રિય |
| સ્ત્યાનર્ધિ ૩ … … | ” | ” | ” | ” | ” |
| સાતાવેદનીય … … | ૧૫ કો૦ કો૦ | ૧૫૦૦ વર્ષ | ૧૨ મુહૂર્ત | ” | ૧૦ માન્તે |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અસાતાવેદનીય... ... | ૩૦ કોડીકોડી | ૩૦૦૦ વર્ષ | દેશોન ૩/૭ સા૦ | મિથ્યાદૃષ્ટિ ૪ ગતિના જીવ | આ. પ. એકે. |
| મિથ્યાત્વ ... ... | ૭૦ કો૦ કો૦ | ૭૦૦૦ ,, | દેશોન ૧ સા૦ | ,, | ,, |
| અનંતાનુ૦ ૪... ... | ૪૦ કો૦ કો૦ | ૪૦૦૦ ,, | દેશોન ૪/૭ સા૦ | ,, | ,, |
| અપ્રત્યા૦ ૪ ... ... | ,, | ,, | ,, | ,, | ,, |
| પ્રત્યા૦ ૪ ... ... | ,, | ,, | ,, | ,, | ,, |
| સંજ્વ૦ ૩ ... ... | ,, | ,, | ક્રોડ ૨ માસ, માન ૧ માસ, માયા ૦॥ માસ. | ,, | ૯ માન્તે |
| ,, લોભ ... ... | ,, | ,, | અન્તર્મુ૦ | ,, | ,, |
| હાસ્ય-રતિ ... ... | ૧૦ કો૦ કો૦ | ૧૦૦૦ વર્ષ | દેશોન ૧/૭ સા૦ | ,, | આ. પ. એકે. |
| શોક-અરતિ ... ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | ,, | ,, |
| ભય-કુત્સા ... ... | ,, | ,, | ,, | ,, | ,, |
| સ્ત્રીવેદ ... ... | ૧૫ કો૦ કો૦ | ૧૫૦૦ વર્ષ | દેશોન ૩/૧૪ સા૦ | ,, | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નપુંસકવેદ .... | ...૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | મિથ્યાદૃષ્ટિ ૪ ગતિના જીવ | બા. પ. એકે. |
| પુરુષ વેદ ... | .... ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, ૮ વર્ષ | ,, | ૯ માન્તે |
| દેવદ્વિક ૨ ... | ... ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, ૨૮૫ ૫/૭ સા૦ | મિથ્યા૦ તિર્યગ્-નર | પર્યાપ્ત અસંજ્ઞિ પંચે. તિર્યંચ |
| મનુષ્યદ્વિક ૨... | ... ૧૫ ,, | ૧૫૦૦ ,, | ,, ૩/૧૪ સા૦ | મિથ્યા૦ ૪ ગતિ | બા. પ. એકે૦ |
| તિર્યગદ્વિક ૨... | ... ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, ૨/૭ સા૦ | ,, દેવનારક | ,, |
| નરક૦ ૨ ... | ... ,, | ,, | ,, ૨૮૫ ૫/૭ સા૦ | ,, તિર્યગ્-નર | પર્યાપ્ત અસંજ્ઞિ તિ૦ પંચે૦ |
| એકેન્દ્રિય ... | ... ,, | ,, | ,, ૨/૭ સા૦ | મિથ્યા૦ ઈશાનાન્તસુરાઃ | બા. પ.–એકે. |
| વિકલે૦ ૩ ... | ... ૧૮ કો૦ કો૦ | ૧૮૦૦ ,, | ,, ૯/૩૫ સા૦ | મિ. તિર્યંચ–નર | ,, |
| પંચેન્દ્રિય ... | ... ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, ૨/૭ સા૦ | મિથ્યા૦ ૪ ગતિ | ,, |
| ઔદારિક૦ ૨... | ... ,, | ,, | ,, | મિ. દેવનારક | ,, |
| વૈક્રિય૦ ૨ ... | ... ,, | ,, | ,, ૨૮૫ ૫/૭ સા૦ | ,, તિર્યગ-નર | પર્યાપ્ત અસંજ્ઞિ તિર્યંચ પંચે૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| આહારક ૨ ... ... | અંતઃ કો૦ કો૦ | અન્તર્મુહૂર્ત | લઘુ અંતઃ કો૦ કો૦ સા૦ | અપ્રમત્તઃ (૭ મઃ) | ૮ મે ૬ઠ ભાગાન્તે |
| તૈજસ-કાર્મણ ... ... | ૨૦ કો૦ કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન ૨/૭ સા૦ | મિ૦ ૪ ગતિ | બા. ૫. એકે. |
| વજ્રર્ષભનારાચ... ... | ૧૦ „ | ૧૦૦૦ „ | „ ૧/૭ સા૦ | „ | „ |
| ઋષભનારાચ ... ... | ૧૨ „ | ૧૨૦૦ „ | „ ૬/૩૫ સા૦ | „ | „ |
| નારાચ ... ... | ૧૪ „ | ૧૪૦૦ „ | „ ૭/૩૫ સા૦ | „ | „ |
| અર્ધનારાચ ... ... | ૧૬ „ | ૧૬૦૦ „ | „ ૮/૩૫ સા. | „ | „ |
| કીલિકા ... ... | ૧૮ „ | ૧૮૦૦ „ | „ ૯/૩૫ સા. | „ | „ |
| સેવાર્ત ... .. | ૨૦ „ | ૨૦૦૦ „ | „ ૨/૭ સા. | મિથ્યા. દેવ નારકાઃ | „ |
| સમચતુરસ્ર ... ... | ૧૦ „ | ૧૦૦૦ „ | „ ૧/૭ સા. | મિ. ૪ ગતિ. | „ |
| ન્યગ્રોધ ... ... | ૧૨ „ | ૧૨૦૦ „ | „ ૬/૩૫ સા. | „ | „ |
| સાદિ... ... ... | ૧૪ „ | ૧૪૦૦ „ | „ ૭/૩૫ સા. | „ | „ |
| કુબ્જ... ... ... | ૧૬ „ | ૧૬૦૦ „ | „ ૮/૩૫ સા. | „ | „ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વામન ... ... | ૧૮ કો૦ કો૦ | ૧૮૦૦ વર્ષ | દેશોન $\frac{૯}{૩૫}$ સા. | મિ. ૪ ગતિ. | બા. પ. એકે. |
| હુંડક... ... | ૨૦ ” | ૨૦૦૦ ” | ” $\frac{૨}{૭}$ સા. | ” | ” |
| કૃષ્ણવર્ણ ... ... | ૨૦ ” | ૨૦૦૦ ” | ” $\frac{૨}{૭}$ સા. | ” | ” |
| નીલવર્ણ ... ... | ૧૭॥ ” | ૧૭૫૦ ” | ” ૦। સા. | ” | ” |
| રક્તવર્ણ ... ... | ૧૫ ” | ૧૫૦૦ ” | ” $\frac{૩}{૧૪}$ સા. | ” | ” |
| પીતવર્ણ ... ... | ૧૨॥ ” | ૧૨૫૦ ” | ” $\frac{૫}{૨૮}$ સા. | ” | ” |
| શ્વેતવર્ણ ... ... | ૧૦ ” | ૧૦૦૦ ” | ” $\frac{૧}{૭}$ સા. | ” | ” |
| દુરભિગંધ ... ... | ૨૦ ” | ૨૦૦૦ ” | ” $\frac{૨}{૭}$ સા. | ” | ” |
| સુરભિગંધ ... ... | ૧૦ ” | ૧૦૦૦ ” | ” $\frac{૧}{૭}$ સા. | ” | ” |
| તિક્તરસ ... ... | ૨૦ ” | ૨૦૦૦ ” | ” $\frac{૨}{૭}$ સા. | ” | ” |
| કટુરસ ... ... | ૧૭॥ ” | ૧૭૫૦ ” | ” ૦।($\frac{૧}{૪}$)સા. | ” | ” |
| કષાયરસ ... ... | ૧૫ ” | ૧૫૦૦ ” | ” $\frac{૩}{૧૪}$ સા. | ” | ” |

| | | | | | |
|---|---|---|---|---|---|
| આમ્લરસ ... ... | ૧૨॥ કો૦ કો૦ | ૧૨૫૦ વર્ષ | ,, ૫/૨૮ સા. | મિ૦ ૪ ગતિ | બા. પ. એકે. |
| મધુર રસ ... ... | ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, ૧/૭ સા. | ,, | ,, |
| શીત-રુક્ષ ... ... | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, ૨/૭ સા. | ,, | ,, |
| ગુરુ-કર્કશ ... ... | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, | ,, | ,, |
| ઉષ્ણ-સ્નિગ્ધ... ... | ૧૦ ,, | ૧૦૦૦ ,, | ,, ૧/૭ સા. | ,, | ,, |
| લઘુ-મૃદુ ... .... | ૧૦ ,, | ,, | ,, | ,, | ,, |
| શુભવિહાયોગતિ ... | ૧૦ ,, | ,, | ,, | ,, | ,, |
| અશુભવિહાયોગતિ .. | ૨૦ ,, | ૨૦૦૦ ,, | ,, ૨/૭ સા. | ,, | ,, |
| અગુરુલઘુ ... ... | ,, | ,, | ,, | ,, | ,, |
| ઉપઘાત ... ... | ,, | ,, | ,, | ,, | ,, |
| પરાઘાત ... ... | ,, | ,, | ,, | ,, | ,, |
| ઉચ્છ્વાસ ... ... | ,, | ,, | ,, | ,, | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| આતપ ... ... | ૨૦ કો૦કો૦ | ૨૦૦૦ વર્ષ | દેશોન $\frac{૨}{૭}$ સા૦ | મિ. ઇશાનાન્ત સુરાઃ | બા. પ. એકે. |
| ઉદ્યોત ... ... | ,, | ,, | ,, | મિ. દેવનારક | ,, |
| નિર્માણ ... ... | ,, | ,, | ,, | મિ. ૪ ગતિ | ,, |
| જિનનામ ... ... | અંતઃ કો. કો. | અન્તર્મું૦ | લઘુ અંતઃ કો૦ કો૦ સા. | મિથ્યાત્વોન્મુખ નરકાભિમુખ ચોથાગુણ૦ | ૮ મે ૫ઙ-ભાગાન્તે |
| ત્રસ–બાદર–પર્યા૦ ... | ૨૦ ,, | ૨૦૦૦ વર્ષ | દેશોન $\frac{૨}{૭}$ સા. | મિ. ૪ ગતિ | બા. પ. એકે. |
| પ્રત્યેક ... ... | ૨૦ ,, | ,, | ,, | ,, | ,, |
| સ્થિરાદિ ૫ ... ... | ૧૦ ,, | ૧૦૦૦ વર્ષ | દેશોન $\frac{૧}{૭}$ સા. | ,, | ,, |
| યશ... ... ... | ૧૦ ,, | ,, | ૮ મુહૂર્ત | ,, | ૧૦ માન્તે |
| સ્થાવર ... ... | ૧૦ ,, | ૨૦૦૦ વર્ષ | દેશોન $\frac{૨}{૭}$ સા. | મિ. ઇશાનાન્ત સુરાઃ | બા. પ. એકે. |
| સૂક્ષ્મ ... ... | ૧૮ ,, | ૧૮૦૦ ,, | ,, $\frac{૯}{૩૫}$ સા. | મિ. તિર્યગ્નર | ,, |

| | | | | | |
|---|---|---|---|---|---|
| અપર્યાપ્ત ... ... | ૧૮ કો૦ કો૦ | ૧૮૦૦ વર્ષ | દેશોન ૯/૩૫ સા. | મિ. તિર્યગ્નર | બા. ૫. એકે. |
| સાધારણ ... ... | " | " | " | " | " |
| અસ્થિરાદિ ૬ ... ... | ૨૦ " | ૨૦૦૦ " | " ૨/૭ સા. | મિ. ૪ ગતિના | " |
| ઉચ્ચગોત્ર ... ... | ૧૦ " | ૧૦૦૦ " | ૮ મુહૂર્ત | " | ૧૦ માન્તે |
| નીચગોત્ર ... ... | ૨૦ " | ૨૦૦૦ " | દેશોન ૨/૭ સા. | " | બા. ૫. એકે. |
| અન્તરાય ૫ ... ... | ૩૦ " | ૩૦૦૦ " | અન્તર્મુ૦ | " | ૧૦ માન્તે |
| નરકાયુઃ ... ... | ૩૩ સાગરો૦ | ૧/૩ પૂર્વ ક્રોડ વર્ષ | ૧૦૦૦૦ વર્ષ | મિ. તિર્યગ્નરા | સંજ્ઞિ પંચે. તિર્યગ્ નર |
| તિર્યગાયુઃ ... ... | ૩ પલ્યોપમ | " | ક્ષુલ્લકભવ | " | એકેન્દ્રિયાદિ (અદેવનારકા) |
| નરાયુઃ ... ... | " | " | " | " | " |
| દેવાયુઃ ... ... | ૩૩ સાગરો૦ | " | ૧૦૦૦૦ વર્ષ | અપ્રમત્ત | સંજ્ઞિ પંચે૦ તિર્યગ્-નર |

अवतरण—પૂર્વગાથામાં શેષપ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ જાણવા માટે મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગવારૂપ જે [૬૯]કરણ દર્શાવ્યું તે કરણથી આવેલો સ્થિતિબંધ તે વાસ્તવિક જઘન્ય નથી પરન્તુ (એ કરણથી આવેલો સ્થિતિબંધ તે) પ્રસંગથી એકેન્દ્રિયાદિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ પ્રાપ્ત થાય છે, અને તે ઉપરથી (તેમાંથી) પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ બાદ કરતાં જઘન્ય સ્થિતિબંધ પ્રાપ્ત થાય છે, તે વાત આ ગાથામાં સ્પષ્ટ દર્શાવાય છે.

**अयमुक्कोसो गिंदिसु, पलियाऽसंखंसहीण लहुबंधो ।**
**कमसो पणवीसाए, पन्ना-सय-सहस्ससंगुणिओ ॥३७॥**

गाथार्थ—કરણથી પ્રાપ્ત થયેલો (अयं) એ સ્થિતિબંધ (एगिंदिसु) એકેન્દ્રિયોનો (उक्कोसो) ઉત્કૃષ્ટસ્થિતિબંધ છે. તેમાંથી પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ ન્યૂન તે શેષ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ છે. પુનઃ એકેન્દ્રિયના ઉત્કૃષ્ટસ્થિતિબંધને (कमसो) અનુક્રમે ૨૫-૫૦-૧૦૦ અને ૧૦૦૦ વડે ગુણ્યા હોય તો (દ્વીન્દ્રિયાદિકનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ આવે તે સંબંધ અગ્ર ગાથામાં છે.) ૩૭.

विशेषार्थ—કરણથી પ્રાપ્ત થયેલો સ્થિતિબંધ તે શેષ ૮૫ પ્રકૃતિઓનો જઘ૦સ્થિતિબંધ નથી પણ એકેન્દ્રિયો જે જે કર્મનો બંધ કરે છે તે તે કર્મનો એકેન્દ્રિયો આશ્રયી ઉત્કૃષ્ટ

૬૯. એ કરણ વડે એકેન્દ્રિયાદિ ૫ જીવોના ઉત્કૃષ્ટ તથા જઘન્ય સ્થિતિબંધ પ્રાપ્ત થવા સાથે પ્રસ્તુત ૮૫ પ્રકૃતિઓનો પણ જઘન્યસ્થિતિબંધ અંતર્ગત પ્રાપ્ત થાય છે.

સ્થિતિબંધ આવે છે. અર્થાત્ એકેન્દ્રિયો જો અશાતાવેદનીય બાંધે તો એ કરણગણિત પ્રમાણે ૩/૭ સાગરોપમ ( ત્રણ સપ્તમશાં સાગરોપમ એટલે એક સાગરોપમ ના ૭ ભાગ કરે તેમાંથી ૩ ભાગ ) જેટલી ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે. એ પ્રમાણે શેષ પ્રકૃતિઓમાં પણ વિચારવું, તે આ પ્રમાણે. ૩૭.

## એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટ–જઘન્યસ્થિતિબંધ

ઉપર કહેલ કરણ પ્રમાણે એકેન્દ્રિયો ( બાદરપર્યાપ્ત એકેન્દ્રિયો) સ્વબંધયોગ્ય પ્રકૃતિઓમાંથી કેટલીક પ્રકૃતિઓનો ૧/૭ સાગરોપમ, કેટલીક પ્રકૃતિઓનો ૩/૭ સાગરોપમ, કેટલીકનો ૪/૭ કેટલીકનો ૩/૧૪ ઇત્યાદિ રીતે ૬/૩૫, ૭/૩૫, ૮/૩૫, ૯/૩૫ અને ૧ સાગરોપમની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે અને જઘન્યસ્થિતિ ૧/૭ ઇત્યાદિમાંથી પલ્યોપમાસંખ્યેય ભાગ જેટલી ન્યૂન બાંધે છે. જેથી દેશોન ૧/૭ દેશોન ૨/૭ ઇત્યાદિ જઘન્ય સ્થિતિ બાંધે છે.

## દ્વીન્દ્રયનો ઉત્કૃષ્ટ–જઘન્ય સ્થિતિબંધ

એકેન્દ્રિયો જે ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે, તેથી ૨૫ ગુણી સ્થિતિ દ્વીન્દ્રિયો બાંધે છે, જેથી ૧/૭ ને સ્થાને ૨૫/૭ ( એટલે ૩ ૪/૭), ૨/૭ ને સ્થાને ૫૦/૭ ( એટલે ૭ ૧/૭ સા૦ ) ઇત્યાદિ રીતે કોષ્ઠકમાં દર્શાવ્યા પ્રમાણે જાણવું અને જઘન્યસ્થિતિબંધ ૨૫/૭ ઇત્યાદિ ઉત્કૃષ્ટ–સ્થિતિબંધમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તેટલો હોય છે.

## ત્રીન્દ્રિયનો ઉત્કૃષ્ટ–જઘન્યસ્થિતિબંધ

એકેન્દ્રિયો જે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે તેથી ૫૦ ગુણી કર્મસ્થિતિ ત્રીન્દ્રિય જીવો બાંધે છે, જેથી ૧/૭ ને સ્થાને ૫૦/૭

ઇત્યાદિ ઉત્કૃષ્ટસ્થિતિબંધ કોષ્ઠકમાં દર્શાવ્યા પ્રમાણે જાણવો અને જઘ૦ સ્થિતિબંધ તો ઉત્કૃષ્ટમાંથી પલ્યોપમના સંખ્યાતમાં ભાગ જેટલો ન્યૂન જાણવો.

## એકેન્દ્રિયાદિ જીવોના ઉત્કૃષ્ટસ્થિતિબંધનું કોષ્ઠક

| એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | દ્વીન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ત્રીન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | ચતુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | અસંજ્ઞિપંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ | સંજ્ઞિપંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ |
|---|---|---|---|---|---|
| સાગરો૦ | સાગરો૦ | સાગરો૦ | સાગરો૦ | સાગરો૦ | સાગરો૦ |
| ૧ | ૨૫ | ૫૦ | ૧૦૦ | ૧૦૦૦ | ૭૦ કો૦ કો૦ |
| ૧/૭ | ૩ ૪/૭ | ૭ ૧/૭ | ૧૪ ૨/૭ | ૧૪૨ ૬/૭ | ૧૦ કો૦ કો૦ |
| ૨/૭ | ૭ ૧/૭ | ૧૪ ૨/૭ | ૨૮ ૪/૭ | ૨૮૫ ૫/૭ | ૨૦ કો૦ કો૦ |
| ૩/૭ | ૧૦ ૫/૭ | ૨૧ ૩/૭ | ૪૨ ૬/૭ | ૪૨૮ ૪/૭ | ૩૦ કો૦ કો૦ |
| ૪/૭ | ૧૪ ૨/૭ | ૨૮ ૪/૭ | ૫૭ ૧/૭ | ૫૭૧ ૩/૭ | ૪૦ કો૦ કો૦ |
| ૩/૧૪ | ૫ ૫/૧૪ | ૧૦ ૫/૭ | ૨૧ ૩/૭ | ૨૧૪ ૨/૭ | ૧૫ કો૦ કો૦ |
| ૬/૩૫ | ૪ ૨/૭ | ૮ ૪/૭ | ૧૭ ૧/૭ | ૧૭૧ ૩/૭ | ૧૨ કો૦ કો૦ |
| ૭/૩૫ | ૫ | ૧૦ | ૨૦ | ૨૦૦ | ૧૪ કો૦ કો૦ |
| ૮/૩૫ | ૫ ૫/૭ | ૧૧ ૩/૭ | ૨૨ ૬/૭ | ૨૨૮ ૪/૭ | ૧૬ કો૦ કો૦ |
| ૯/૩૫ | ૬ ૩/૭ | ૧૨ ૬/૭ | ૧૩ ૫/૯ | ૧૩૭ ૧/૭ | ૧૮ કો૦ કો૦ |

## ચતુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટ જઘન્યસ્થિતિબંધ

એકેન્દ્રિયો જે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે તેથી ૧૦૦ ગુણી

કર્મસ્થિતિ ચતુરિન્દ્રિય જીવો બાંધે છે, જેથી $\frac{3}{7}$ ને સ્થાને $\frac{100}{7}$ ઇત્યાદિ ઉત્કૃષ્ટસ્થિતિબંધ કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે જાણવો અને ઉત્કૃષ્ટમાંથી પલ્યોપમના સંખ્યાતમાં ભાગ જેટલો ન્યૂન જઘન્યસ્થિતિબંધ જાણવો.

## અસંજ્ઞિ પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ–જઘન્યસ્થિતિબંધ

એકેન્દ્રિયોના ઉ૦સ્થિતિબંધથી અસંજ્ઞિ પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ૧૦૦૦ ગુણો હોય છે, જેથી $\frac{3}{7}$ ને સ્થાને $\frac{1000}{7}$ (=૧૪૨$\frac{6}{7}$ સાગરો૦) જેટલો હોય છે. ઇત્યાદિ ઉ૦સ્થિતિબંધ કોષ્ટકમાં દર્શાવ્યા પ્રમાણે જાણવો. તથા ઉત્કૃષ્ટમાંથી પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન કરીએ તેટલો અસંજ્ઞિ પંચેન્દ્રિય જઘન્યસ્થિતિબંધ કરે છે.

अवतरण—પૂર્વગાથામાં એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટ તથા જઘન્ય-સ્થિતિબંધ અને દ્વીન્દ્રિયાદિકનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કહ્યો. હવે આ ગાથામાં દ્વીન્દ્રિયાદિકનો જઘન્યસ્થિતિબંધ કહે છે–

**विगलि असन्निसु जिट्ठो, कणिट्ठओ पल्लसंख भागूणो ।**
**सुर निरयाउ समादससहस्स, सेसाउ खुड्डभवं ॥३८॥**

गाथार्थ–( પૂર્વગાથામાં ૨૫–૫૦ ઇત્યાદિ ગુણો જે સ્થિતિબંધ કહ્યો તે ) વિકલેન્દ્રિયોનો અને અસંજ્ઞિ પંચેન્દ્રિયનો ( એ ચાર જીવોનો ) ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કહ્યો છે, અને એ જ ૪ જીવો (**कणिट्ठओ**) જઘન્ય સ્થિતિબંધ પલ્યોપમનો સંખ્યાતમા ભાગ જેટલો ન્યૂન કરે છે. તથા દેવાયુષ્યનો અને નરકાયુષ્યનો જઘન્યસ્થિતિબંધ ૧૦ હજાર વર્ષ પ્રમાણનો છે,

અને શેષ બે આયુષ્યનો (નરાયુષ્યનો તિર્યંચાયુષ્યનો) જઘન્ય સ્થિતિબંધ ૧ ક્ષુલ્લકભવ પ્રમાણ (૨૫૬ આવલી જેટલો) છે.

विशेषार्थ—વિકલેન્દ્રિય તથા અસંજ્ઞિ પંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટ તથા જઘન્ય સ્થિતિબંધ પૂર્વગાથાના વિશેષાર્થમાં સ્પષ્ટ રીતે દર્શાવ્યો છે, અને ૪ આયુષ્યનો જઘન્યસ્થિતિબંધ સુગમ છે. અહીં क्षुल्लक એટલે તુચ્છ–હલકું–ન્હાનું ઇત્યાદિ અર્થ છે. તેમાંથી અહીં "क्षुल्लकभव એટલે નાનામાં નાનો ભવ–આયુષ્ય" એ અર્થ જાણવો. એ ક્ષુલ્લકભવથી ટૂંકું આયુષ્ય કોઈ જીવને ન હોય, અને આ ક્ષુલ્લકભવ જેટલું આયુષ્ય લબ્ધિઅપર્યાપ્ત તિર્યંચ તથા મનુષ્યને હોય છે. કેવળ સૂક્ષ્મનિગોદાદિ એકેન્દ્રિયોને જ હોય એમ નહિ. લબ્ધિપર્યાપ્ત જીવોને ક્ષુલ્લક-ભવથી અધિક આયુષ્ય હોય છે. શ્રી આવશ્યકસૂત્રની ટીકા વગેરેમાં ક્ષુલ્લકભવ (જેટલું આયુષ્ય) વનસ્પતિમાં જ કહ્યું છે તે મતાન્તર સંભવે છે. ૩૮.

## સ્થિતિબંધમાં જઘન્યઅબાધા

अवतरण—પૂર્વે સર્વે (૧૨૦) ઉત્તર પ્રકૃતિઓનો જઘન્ય-સ્થિતિબંધ કહ્યો, અને હવે એ जघन्यस्थितिबंधमां अबाधा કેટલી? (અથવા जघन्य अबाधा કેટલી?) તે આ ગાથામાં કહે છે:-

**सव्वाण वि लहुबंधे, भिन्नमुहु अबाह आउजिट्ठे वि ।**
**केइ सुराउसमं जिण–मंतमुहू बिंति आहारं ॥ ३९ ॥**

गाथार्थ—(सव्वाण वि) સર્વે પણ પ્રકૃતિઓના (लहुबंधे) જઘન્ય સ્થિતિબંધમાં અને (आउजिट्ठे वि) આયુષ્યના (જઘન્ય તેમજ) ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં પણ અબાધા (भिन्नमुहु)

અંતર્મુહૂર્ત છે. અહીં (केइ) કેટલાક આચાર્યો (जिणं) જિનનામ-કર્મનો જઘન્ય સ્થિતિબંધ (सुराउसमं) જઘન્ય દેવાયુષ્ય (૧૦ હજાર વર્ષ) જેટલો કહે છે, અને આહારકનો જઘ૦ સ્થિતિબંધ અંતર્મુહૂર્ત પ્રમાણ કહે છે.

विशेषार्थ—આયુષ્ય સિવાયના સાતે કર્મની ૧૧૬ ઉત્તર-પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધમાં જઘન્ય અબાધા અન્તર્મુહૂર્ત પ્રમાણ હોય છે, જેથી તે અબાધાના અન્તર્મુહૂર્તથી ઉપર (અન્તર્મુહૂર્તન્યૂન જઘન્યસ્થિતિના) જેટલા સમયો છે તેટલા સમયોમાં વેદ્ય કર્મપ્રદેશોનો નિક્ષેપ-નિષેક થાય છે, અને અન્તર્મુ૦ વીત્યા બાદ તે નિષેકના ક્રમ પ્રમાણે કર્મપ્રદેશો અવશ્ય પ્રદેશોદયથી અથવા વિપાકોદયથી ઉદયમાં આવે છે. અહીં અબાધાનું અન્તર્મુહૂર્ત જઘન્યસ્થિતિબંધમાં અન્તર્ગત ગણવું. પરન્તુ જઘ૦ સ્થિતિબંધથી જુદું નહિ. ઉત્કૃષ્ટસ્થિતિ-બંધમાં પણ એ પ્રમાણે જ અબાધા સ્થિતિબંધાન્તર્ગત ગણવી પરન્તુ ભિન્ન નહિ.

તથા આયુષ્યકર્મની તો ઉત્કૃષ્ટસ્થિતિ બંધાતા પણ અબાધા અન્તર્મુહૂર્ત (જઘન્ય અબાધા) હોઈ શકે છે, કારણ કે આયુષ્યની અબાધા આગામિ ભવનું આયુષ્ય જે ભવમાં બંધાય તે ભવમાં જ ભોગવાઈ જાય છે તેથી ૭ કર્મવત્ સ્થિતિબંધાન્તર્ગત નહિ પણ સ્થિતિબંધથી ભિન્ન (આયુષ્યની અબાધા) હોય છે, જેથી આયુષ્યના ઉત્કૃષ્ટ (અને જઘન્ય સ્થિતિબંધમાં પણ જઘન્ય) અબાધા હોય છે. જેમ કોઈ મનુષ્યે (મનુષ્ય આયુ-ષ્યના) પર્યન્તે અન્તર્મુ૦ બાકી રહે ૩૩ સાગરોપમ દેવાયુષ્ય અથવા નરકાયુષ્ય બાંધીને તે અન્તર્મુ૦ અબાધા વીત્યા બાદ

તુર્ત મરણ પામી અનુત્તર દેવ અથવા સાતમી પૃથ્વીનો નારક થાય તો ત્યાં તુરત પ્રથમ સમયથી દેવાયુષ્ય-નરકાયુષ્યનો ઉદય પ્રવર્તે છે. જેથી આયુષ્યના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જઘન્ય અબાધા અન્તર્મુ૦ છે.

તથા જિનનામકર્મનો જઘન્યસ્થિતિબંધ પૂર્વે ૩૩ મી ગાથામાં અંતઃ કો૦ કો૦ સાગરોપમનો સંખ્યાતમો ભાગ (અને તે પણ અંતઃકોડાકોડી સાગરોપમ જ) કહ્યો છે, પરન્તુ કેટલાક આચાર્યો દેવાયુષ્યના જઘ૦સ્થિતિબંધ જેટલો, એટલે ૧૦ હજાર વર્ષ પ્રમાણનો કહે છે તે મતાન્તર છે. કર્મપ્રકૃતિમાં તથા તેની ચૂર્ણિમાં **શ્રી શિવશર્મ સૂરિએ** અંતઃકો૦કો૦નો સંખ્યાતમો ભાગ કહ્યો છે. તેમજ આહારકદ્વિકનો જઘ૦સ્થિતિબંધ અન્તર્મુ૦ કહ્યો તે પણ મતાન્તરથી છે, અન્યથા આહા૦દ્વિકનો જઘ૦સ્થિતિબંધ પણ ૩૩ મી ગાથામાં જિનનામકર્મ પ્રમાણે અંતઃકો૦કો૦ નો સંખ્યાતમો ભાગ કહ્યો છે. ૩૯.

अवतरण—પૂર્વે ૩૮ મી ગાથામાં મનુષ્યાયુષ્યનો અને તિર્યંચાયુષ્યનો જઘન્ય સ્થિતિબંધ જે ક્ષુલ્લકભવ પ્રમાણ કહ્યો છે, તે क्षुल्लकभवनुं प्रमाण કહે છે—

**सत्तरस समहिआ किर, इगाणुपाणुम्मि हुंति खुड्डभवा ।**
**सगतीससयतिहुत्तर, पाणू पुण इगमुहुत्तम्मि ॥४०॥**
**पणसट्ठिसहस पणसय, छत्तीसा इगमुहुत्त खुड्डभवा ।**
**आवलियाणं दो सय, छप्पन्ना एगखुड्डभवे ॥४१॥**

गाथार्थ—( इगाणुपाणुम्मि ) એક શ્વાસોચ્છ્વાસ ( જેટલા કાળ ) માં ( किर ) નિશ્ચય ( सत्तरससमहिआ ) ૧૭ થી અધિક

(खुड्डभवा) ક્ષુલ્લક ભવ થાય છે. (पुण) અને (इगमुहुत्तम्मि) એક મુહૂર્તમાં (पाणू) શ્વાસોચ્છ્વાસ (सगतीससयतिहुत्तर) સાડત્રીસસો ત્યોત્તર (= ૩૭૭૩) થાય છે. ૪૦.

જેથી (इगमुहुत्त) એક મુહૂર્તમાં (खुड्डभवा) ક્ષુલ્લકભવ (पणसट्ठिसहस्सपणसयछत्तीसा) પાંસઠ હજાર પાંચસો છત્રીસ (=૬૫૫૩૬) થાય છે અને એ પ્રમાણે ગણતાં (एगखुड्डभवे) એક ક્ષુલ્લકભવમાં (ક્ષુ૦ભવની) (दोसयछप्पन्ना) ૨૫૬ (आवलियाणं) આવલિકાઓ થાય છે. ૪૧.

**વિશેષાર્થ—૧** મુહૂર્તમાં ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ છે,
અને ૧ મુહૂર્તમાં ૬૫૫૩૬ ક્ષુલ્લકભવ છે.

એ કોષ્ઠક ઉપરથી ૧ શ્વાસોચ્છ્વાસમાં ક્ષુલ્લકભવ કેટલા? તે જાણવા માટે ૬૫૫૩૬ ક્ષુલ્લકભવને ૩૭૭૩ શ્વાસોચ્છ્વાસ વડે ભાગવા, જેથી ૧ શ્વાસોચ્છ્વાસમાં ૧૭ થી અધિક ક્ષુલ્લકભવ કરે એમ જે (૪૦ મી ગાથાના પૂર્વાર્ધમાં) કહ્યું તે યુક્ત છે. તે ૧૭ થી અધિકભવ આ પ્રમાણે—

૩૭૭૩) ૬૫૫૩૬ (૧૭ સંપૂર્ણ ભવ.
૩૭૭૩
———
૨૭૮૦૬
૨૬૪૧૧
———
૧૩૯૫ (૧૮ મા ભવના અંશ).

એ પ્રમાણે ઔદારિક શરીરી લબ્ધિઅપર્યાપ્ત જીવો ૧ શ્વાસોચ્છ્વાસ જેટલા કાળમાં ૧૭ ભવ સંપૂર્ણ કરી (૧૮ મા

ભવમાં ઉત્પન્ન થઈ તે ) ૧૮ મા ભવના ( ૬૫૫૩૬ અંશમાંના ) ૧૩૯૫ અંશ પૂર્ણ કરે છે.

## ક્ષુલ્લકભવનું પ્રમાણ ૨૫૬ આવલિકા.

હવે નવતત્ત્વાદિ ગ્રંથોમાં એક મુહૂર્તની ૧૬૭૭૭૨૧૬ આવલિકાઓ કહી છે અને ૧ મુહૂર્તમાં ક્ષુલ્લકભવ ૬૫૫૩૬ થાય છે, તો ૧ ક્ષુલ્લકભવ કેટલી આવલિકાનો હોય? તે જાણવાને ૧૬૭૭૭૨૧૬ ને ૬૫૫૩૬ થી ભાંગતાં ૧ ક્ષુલ્લકભવમાં ૨૫૬ આવલિકાનું પ્રમાણ આવે છે તે આ પ્રમાણે—

```
૬૫૫૩૬ ) ૧૬૭૭૭૨૧૬ ( ૨૫૬     આવલિકા.
         ૧૩૧૦૭૨
         ———————
          ૩૬૭૦૦૧
          ૩૨૭૬૮૦
         ———————
          ૩૯૩૨૧૬
          ૩૯૩૨૧૬
         ———————
          ૦૦૦૦૦૦
```

એ પ્રમાણે ૧ ક્ષુલ્લકભવ ૨૫૬ આવલિકા પ્રમાણનો છે.

## ।। उत्कृष्ट स्थितिबंधनां गुणस्थान ।।

अवतरण—પૂર્વે ઉત્તરપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ તથા જઘન્યસ્થિતિબંધ કહ્યો, તેમાં કઇ પ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કયા ગુણસ્થાને હોય? તે આ ગાથામાં કહે છે—

**अविरयसम्मो तित्थं, आहारदुगामराउ य पमत्तो ।**
**मिच्छद्दिट्ठी बंधइ, जिट्ठट्ठिइ सेस पयडीणं ॥४२॥**

गाथार्थ— તીર્થંકરનામકર્મનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ અવિરત-સમ્યગ્દૃષ્ટિ (એટલે ૪ થા ગુણસ્થાનવાળો જીવ) કરે છે, આહારક-દ્વિક તથા દેવાયુનો ઉ૦ સ્થિતિબંધ અપ્રમત્ત ( સાતમા ગુણ-સ્થાનવાળો જીવ ) કરે છે, અને શેષ ૧૧૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ મિથ્યાદૃષ્ટિ ( પ્રથમ ગુણસ્થાનવર્તી જીવ ) બાંધે છે-કરે છે. ૪૨.

विशेषार्थ—હવે ઉત્તરપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કોણ-કયો જીવ કરે? તે સ્વામિત્વ કહેવાય છે.

## જિનનામના ઉત્કૃષ્ટસ્થિતિબંધનો સ્વામી

મૂળ ગાથામાં જિનનામના ઉત્કૃષ્ટસ્થિતિબંધક સામાન્યથી ૪ થા ગુણસ્થાનવાળા કહ્યા છે, પરંતુ તેમાં વિશેષ એ છે કે-પૂર્વે જેણે નરકાયુષ્ય બાંધ્યું છે એવો જીવ (મનુષ્ય) સમ્યક્ત્વ પ્રત્યયથી જિનનામનો બંધ (નરકાયુષ્ય બાંધ્યા બાદ નવેસરથી) કરતો હોય, તે દરમ્યાનમાં મનુષ્યાયુષ્યનો અંત થતાં પર્યન્તના અન્તર્મુહૂર્તે ( નરકગતિમાં જવાનું હોવાથી ) અવશ્ય મિથ્યાત્વ પામે. તે મિથ્યાત્વ પ્રાપ્તિ પહેલાં સમ્યક્ત્વના છેલ્લા સમયે અતિ સંક્લેશ હોવાથી જિનનામકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે, જેથી જિનનામકર્મનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરનાર નરકગતિમાં જવાને મિથ્યાત્વ સન્મુખ થયેલો અવિરતસમ્યગ્દૃષ્ટિ મનુષ્ય હોય છે.

જોકે જિનનામકર્મનો બંધ ૪ થાથી ૮ માં ગુણસ્થાનના

છઠ્ઠા ભાગ સુધી છે, પરંતુ ઉત્કૃષ્ટસ્થિતિબંધ માટે ઉત્કૃષ્ટસંક્લેશનું સ્થાન કહેલી રીતિ પ્રમાણે ૪ થું ગુણસ્થાન જ છે, તથા તિર્યંચોને તો ભવપ્રત્યયથી જિનનામનો બંધ જ નથી, તેથી અહીં મનુષ્ય કહ્યો છે. પુનઃ પ્રથમ નરકાયુષ્ય ન બાંધ્યું હોય એવો જિનનામનો બંધક નરકે જતો નથી, માટે અહીં પૂર્વબદ્ધ નરકાયુષ્યવાળો મનુષ્ય કહ્યો છે; તથા બદ્ધનરકાયુષ્યવાળા જિનનામના બંધક મનુષ્યો જો ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ હોય તો શ્રેણિકાદિવત્ સમ્યક્ત્વસહિત પણ નરકમાં જાય છે, પરન્તુ તેવા જીવોને મિથ્યાત્વાભિમુખ થવા જેટલો સંક્લેશ હોતો નથી તેથી તેઓ ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરી શકતા નથી. માટે અહીં ઉત્કૃષ્ટ સંક્લેશ ગ્રહણ કરવાનો નરકગતિમાં જતાં મિથ્યાત્વ પામનારા મનુષ્યો જ જિનનામના ઉ૦ સ્થિતિબંધક કહ્યા છે.

## આહારક ૨-તથા દેવાયુષ્યના ઉત્કૃષ્ટસ્થિતિબંધક

આહારકદ્વિકનો બંધ ૭ માથી ૮ માના છઠ્ઠા ભાગ સુધી છે, પરન્તુ અહીં ઉત્કૃષ્ટ સંક્લેશનું સ્થાન પ્રમત્તસન્મુખ થયેલા (એટલે પતિત પરિણામવાળા) અપ્રમત્તને જ હોય છે, માટે આહારકદ્વિકનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરનાર પ્રમત્ત સન્મુખ થયેલા અપ્રમત્ત મુનિ જાણવા.

તથા દેવાયુષ્ય એ શુભપ્રકૃતિની સ્થિતિ **मुत्तुं नरअमरतिरियाउं** (એટલે નરાયુષ્ય, દેવાયુષ્ય અને તિર્યંચાયુષ્ય—એ ૩ આયુષ્યની સ્થિતિ શુભ છે, અને તે સિવાય ૧૧૭ પ્રકૃતિઓની સ્થિતિ અશુભ છે.) એ આગળ કહેવાતા નિયમ પ્રમાણે શુભ છે, અને શુભ સ્થિતિવાળી પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ ઉત્કૃષ્ટવિશુદ્ધિથી

બંધાય છે, તે કારણથી દેવાયુષ્યની પૂર્વક્રોડવર્ષના ત્રીજા ભાગ સહિત ૩૩ સાગરોપમ જેટલી ઉત્કૃષ્ટસ્થિતિ અપ્રમત્તસન્મુખ થયેલા પ્રમત્તમુનિ બાંધે છે. એની ઉત્કૃષ્ટ વિશુદ્ધિનું સ્થાન એ જ છે. જો કે અપ્રમત્તમાં દેવાયુષ્ય બંધાય છે, પરન્તુ તે બંધ પ્રારંભવાળો નથી. કારણ કે દેવાયુષ્યનો બંધપ્રારંભ તો પ્રમત્તમાં જ હોય અને તે ચાલુ બંધમાં વર્તતો અપ્રમત્તમાં આવી શકે છે, જેથી અપ્રમત્તમાં દેવાયુષ્યના બંધનો પ્રથમ સમય હોય નહિ અને દેવાયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ તો બંધના પ્રથમ સમયે જ હોય છે.

**પ્રશ્ન:**—જેમ દેવાયુષ્યનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ બંધના પ્રથમ સમયે હોય તેમ જ્ઞાનાવરણીયાદિકનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ પણ બંધના પ્રથમ સમયે જ હોય કે દ્વિતીયાદિ સમયે પણ હોય?

**ઉત્તર:**—જ્ઞાનાવરણીયાદિ ૭ કર્મની પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી બંધાય અને જઘન્યથી તો એ ૭ કર્મોમાં કેટલી ૧ સમય, કેટલીક અન્તર્મુહૂર્ત સુધી બંધાય છે અને આયુષ્યની સ્થિતિ તો જઘન્યથી પણ અન્તર્મુહૂર્ત સુધી બંધાય છે. ત્યાં જ્ઞાનાવરણીયાદિ ૭ કર્મની પ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વર્તતો હોય ત્યારે અન્મુંહૂર્ત સુધી પણ પ્રત્યેક સમયે ઉત્કૃષ્ટસ્થિતિબંધ જ હોય અને આયુષ્યકર્મની ઉત્કૃષ્ટસ્થિતિ તો બંધના પહેલા સમયે જ હોય, કારણ કે અહીં અબાધાસહિત ઉત્કૃષ્ટસ્થિતિબંધ (એટલે પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગ સહિત ૩૩ સાગરોપમનો સ્થિતિબંધ તે ઉત્કૃષ્ટ-સ્થિતિબંધ) ગણવાનો છે, જેથી આયુષ્યબંધના બીજા ત્રીજા

આદિ સમયે એકેક સમય અબાધામાંથી ઘટતો જાય છે, જેથી આયુષ્યબંધના બીજા સમયે જ મધ્યમસ્થિતિબંધ ગણાય છે.

**પ્રશ્ન**—આયુષ્યનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અબાધાસહિત ન ગણતાં કેવળ ૩૩ સાગરોપમ ગણીએ તો અન્તર્મુહૂર્ત સુધી ૩૩ સાગરોપમનો સતતબંધ ગણાય કે નહિ ?

**ઉત્તર:**—અબાધા ન ગણીએ તો અન્તર્મું૦ સુધી ૩૩ સાગરોપમનો સતત બંધ ગણી શકાય, પરંતુ પ્રસ્તુતવિષયમાં શાસ્ત્રકર્તાએ અબાધાસહિત ૩૩ સાગરોપમ ગણ્યા છે, અને તે વાસ્તવિક છે.

## શેષ ૧૧૬ પ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિબંધક

શેષ ૧૧૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ પર્યાપ્ત સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ જીવ બાંધે છે એ સામાન્ય વચન છે, પરંતુ વિશેષતઃ વિચારીએ તો તિર્યંચાયુષ્ય અને નરાયુષ્ય એ બે પ્રકૃતિની સ્થિતિ શુભ કહેલી હોવાથી તત્પ્રાયોગ્ય વિશુદ્ધિવાળા મિથ્યાદૃષ્ટિઓ એ બે આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધે છે અને શેષ ૧૧૪ પ્રકૃતિઓનો સંક્લેશથી ઉ૦સ્થિતિબંધ છે.

**પ્રશ્ન**—નરાયુષ્ય અને તિર્યંચાયુષ્ય તો સાસ્વાદનમાં પણ બંધાય છે અને મિથ્યાદૃષ્ટિની અપેક્ષાએ સાસ્વાદન ગુણસ્થાન જો વિશુદ્ધ ગણીએ તો એ બે આયુષ્યનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ સાસ્વાદન ગુણસ્થાને કેમ ન હોય ?

**ઉત્તર**—સાસ્વાદન ગુણસ્થાન એકાન્તે પતિત પરિણામવાળું હોવાથી મિથ્યાદૃષ્ટિની વિશુદ્ધિથી અધિક વિશુદ્ધિવાળું ન ગણાય. તે કારણથી તિર્યંચાયુષ્યનો અને નરાયુષ્યનો

૩-૩ પલ્યોપમ જેટલો યુગલિક પ્રાયોગ્ય ઉત્કૃષ્ટસ્થિતિબંધ સાસ્વાદનમાં ન હોય. ૪૨.

**अवतरण**—પૂર્વ ગાથામાં ૧૧૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ મિથ્યાદષ્ટિને કહ્યો, તે કઇ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કયા મિથ્યાદષ્ટિ જીવને હોય? તે (૧૧૬ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાં જીવસ્વામિત્વ) આ ગાથામાં કહે છે—

**विगलसुहुमाउगतिगं, तिरिमणुआ सुरविउव्वि निरयदुगं ।**
**एगिंदिथावरायव, आ ईसाणा सुरुक्कोसं ॥ ४३ ॥**

**गाथार्थ**—વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, આયુષ્યત્રિક (એ ૯ પ્રકૃતિ તથા) દેવદ્વિક, વૈક્રિયદ્વિક અને નરકદ્વિક (એ ૬ પ્રકૃતિ સહિત) એ ૧૫ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધનાર (तिरिमणुआ) તિર્યંચ અને મનુષ્યો છે. તથા એકેન્દ્રિય-સ્થાવર-આતપ એ ૩ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ બાંધનાર (आई-साणासुर) ઇશાન દેવલોક સુધીના દેવો છે.

**विशेषार्थ**—विकल ૩, सूक्ष्म ૩ અને आयुष्य ૩ (દેવાયુ વિના) તથા देव ૨, वै० ૨, नरक ૨-એ ૧૫ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટસ્થિતિ સંકલિષ્ટ મિથ્યાદષ્ટિ પર્યાપ્ત તિર્યંચ પંચેન્દ્રિયો તથા મનુષ્યો (જેઓ સંખ્યાતવર્ષના આયુષ્યવાળા હોય તે) બાંધે છે; કારણ કે દેવનારકો તો ભવપ્રત્યયથી જ એમાંની (તિર્યંચાયુષ્ય, મનુષ્યાયુષ્ય વિના) ૧૩ પ્રકૃતિઓ બાંધતા નથી. તથા દેવનારકો યુગલિકમાં ઉત્પન્ન થતા નથી તેથી ૩-૩ પલ્યોપમવાળું (ઉ૦સ્થિતિબંધરૂપ) તિર્યંચાયુષ્ય તથા નરાયુષ્ય પણ બાંધતાં નથી; માટે એ ૧૫ પ્રકૃતિના ઉ૦

સ્થિતિબંધક તિર્યંચ અને મનુષ્ય જ કહ્યા છે. ત્યાં વિશેષ આ પ્રમાણે—

**तिर्यंचायुष्य–नरायुष्य** એ બે પ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિબંધક પૂર્વક્રોડ વર્ષ આયુષ્યના છેલ્લા ત્રીજા ભાગમાં વર્તતા તિર્યંચ મનુષ્યો યથાસંભવ વિશુદ્ધિવાળા છે, તે આયુષ્યના ત્રીજા ભાગના પ્રથમ સમયમાં વર્તતા હોય તે સમયે એ ૨ આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગ (રૂપ અબાધા) સહિત ૩ પલ્યોપમ જેટલી બાંધે છે. આયુષ્યના છેલ્લા ત્રિભાગના દ્વિતીયાદિ સમયે બંધાતા આયુષ્યમાં અબાધાના સમયો તૂટતા હોવાથી મધ્યમસ્થિતિબંધ હોય છે, માટે પ્રથમ સમયે જ ઉત્કૃષ્ટ આયુષ્યબંધ કહ્યો છે. અહીં અત્યંત વિશુદ્ધિ નહિ પણ યથાયોગ્ય વિશુદ્ધિ કહેવાનું કારણ એ કે અતિ વિશુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ દેવાયુષ્ય બાંધે છે.

**नारक आयुष्य** નો ઉત્કૃષ્ટસ્થિતિબંધ પૂર્વક્રોડ વર્ષના ત્રીજા ભાગ અધિક ૩૩ સાગરોપમ જેટલો સ્થિતિબંધ કરનાર તત્પ્રાયોગ્ય સંક્લિષ્ટ મિથ્યાદૃષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત સંખ્યાત આયુષ્યવાળા મનુષ્ય અને તિર્યંચો છે. અહીં અતિસંક્લિષ્ટ અને અતિ વિશુદ્ધ જીવ આયુષ્યબંધ ન કરે એવો નિયમ હોવાથી તત્પ્રાયોગ્ય (યથાસંભવ) સંક્લિષ્ટ કહ્યો છે.

**विकल ३–सूक्ष्म ३** ના ઉત્કૃષ્ટસ્થિતિબંધક યથાસંભવ સંક્લિષ્ટ મનુષ્ય તિર્યંચો (પૂર્વોક્ત વિશેષણવાળા) જાણવા. અતિસંક્લિષ્ટને નરકપ્રાયોગ્ય બંધ હોય છે માટે અહીં યથાસંભવ સંક્લેશ કહ્યો છે.

**देव २** ના ઉત્કૃષ્ટસ્થિતિબંધક યથાસંભવ સંક્લેશવાળા

પૂર્વોક્ત વિશેષણયુક્ત તિર્યંચ મનુષ્યો છે. અતિ સંકલેશમાં મનુષ્ય વા તિર્યંચપ્રાયોગ્ય બંધ હોવાથી અહીં પણ યથા-સંભવ સંકલેશ કહ્યો છે.

સ્થાવર–આતપ–એકેન્દ્રિય એ ૩ પ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિબંધક ઇશાન સુધીના ( એટલે ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી અને સૌધર્મ–ઇશાનના ) દેવો અત્યંત સંકલેશમાં વર્તનારા હોય. તિર્યંચ મનુષ્યો એવા સંકલેશમાં વર્તે તો નરકપ્રાયોગ્ય બંધ કરે, અને નારકો તથા સનત્કુમારાદિ દેવો એકેન્દ્રિયમાં ઉત્પન્ન થતા નથી માટે તેઓને ભવપ્રત્યયથી જ એ ૩ પ્રકૃતિનો બંધ નથી, માટે ઇશાન સુધીના દેવોને જ અહીં ઉત્કૃષ્ટ-સ્થિતિબંધક કહ્યા છે. ૪૩.

## ૧૨૦ ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટસ્થિતિબંધસ્વામી

| | |
|---|---|
| જિનનામ | અનંતર સમયે મિથ્યાદૃષ્ટિ નારકપણે ઉત્પન્ન થશે એવા ક્ષયોપશમ સમ્યગ્દૃષ્ટિઓ. |
| આહારકદ્વિક (૨) | પ્રમત્તાભિમુખ અપ્રમત્ત |
| દેવાયુ | અપ્રમત્તાભિમુખ પ્રમત્ત ( પૂર્વ-ક્રોડ વર્ષના અંતિમ તૃતીય ભાગના પ્રથમ સમયે ) |
| વિકલે૦૩-સૂ૦૩-અદેવાયુ ૩ દેવ-૨-વૈ૦૨-નરક૦૨ | મિથ્યાદૃષ્ટિ તિર્યંચ મનુષ્ય |
| એકેન્દ્રિય–સ્થાવર–આતપ.... | ઇશાનાન્તદેવ |
| તિર્યગ્ ૨–ઔદા૦૨–ઉદ્યોત–સેવાર્ત્ત.... | મિથ્યાદૃષ્ટિ દેવનારકો |
| શેષ ૯૨.... | મિથ્યાદૃષ્ટિ ચારે ગતિના |

अवतरण—આ ગાથાના પૂર્વાર્ધમાં ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરનાર જીવસ્વામિત્વ કહીને ઉત્તરાર્ધમાં (છેલ્લી અર્ધી ગાથામાં) જઘન્યસ્થિતિબંધનું સ્વામિત્વ ગુણસ્થાનની અપેક્ષાએ કહે છે—

**तिरिउरलदुगुज्जोयं, छिवट्ठ सुरनिरय सेस चउगइआ ।**
**आहारजिणमपुव्वो, नियट्टि संजलण पुरिस लहुं ।।४४।।**

गाथार्थ—તિર્યંચદ્વિક, ઔદારિકદ્વિક, ઉદ્યોત અને છેવટ્ઠુ સંઘયણ એ ૬ પ્રકૃતિનો ઉ૦ સ્થિતિબંધ કરનાર દેવ અને નારકો છે. આહારકદ્વિક અને જિનનામ એ ૩ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કરનાર અપૂર્વકરણગુણસ્થાનવાળા છે અને સંજ્વલનના ૪ કષાય તથા પુરુષવેદ એ ૫ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ કરનાર અનિવૃત્તિગુણસ્થાનવાળા છે. ૪૪.

## ઉત્કૃષ્ટ સ્થિતિબંધસ્વામિત્વ–ચાલુ

विशेषार्थ—तिर्यंच २–औदा० २–उद्योत–सेवार्त્ત એ ૬ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ (૨૦ કોડાકોડિ સાગરોપમસ્થિતિ) દેવ અને નારકો ઉત્કૃષ્ટસંક્લેશમાં વર્તતા છતાં બાંધે છે. મનુષ્ય તિર્યંચો એ ૬ પ્રકૃતિયોગ્ય ઉત્કૃષ્ટસંક્લેશમાં વર્તે તો ૧૮ કોડાકોડિ સાગરોપમ જેટલી જ સ્થિતિ બાંધે, અને એથી અધિક સંક્લેશમાં વર્તે તો નરકપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે, માટે એ ૬ પ્રકૃતિના ઉ૦ સ્થિતિબંધક દેવનારક કહ્યા છે.

જો કે એ ૬ પ્રકૃતિના ઉ૦ સ્થિતિબંધક દેવનારક સામાન્યથી કહ્યા છે, પરન્તુ વિશેષતઃ વિચારીએ તો સેવાર્ત્ત અને ઔદા૦ ઉપાંગ એ બે પ્રકૃતિના ઉ૦ સ્થિતિબંધક ઇશાનથી

ઉપરના દેવો જાણવા. ઈશાનાન્ત સુધીના દેવો એ ૨ પ્રકૃતિ-પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ સંકલેશમાં વર્તે તો ૧૮ કો૦કો૦ સાગરોપમ જેટલો મધ્યમ સ્થિતિબંધ કરે છે; અને એથી અધિક સંકલેશમાં વર્તે તો એકેન્દ્રિય પ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે.

અને એકેન્દ્રિયપ્રાયોગ્ય બંધમાં સંઘયણ ઉપાંગ (એકેન્દ્રિયને ન હોવાથી) બંધાય નહિ, તેમ જ ઇશાનથી ઉપરના દેવો અતિસંકલેશમાં પણ તિર્યંચ પંચેન્દ્રિયથી ઉતરતો બંધ કરે નહિ માટે એ ૨ પ્રકૃતિના ઉ૦ સ્થિતિબંધક ઈશાનથી ઉપરના દેવો કહ્યા છે, કારણ કે ૩ થી ૮ મા કલ્પ સુધીના અતિસંક્લિષ્ટ દેવો તિર્યંચ પંચેન્દ્રિયપ્રાયોગ્ય બંધમાં અને ૯ મા કલ્પથી ઉપરના સર્વે દેવો અતિ સંકલેશ વડે મનુષ્ય-પ્રાયોગ્ય બંધમાં એ ૨ પ્રકૃતિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ કરે છે.

એ પ્રમાણે (જિનનામાદિ) ૨૮ પ્રકૃતિના ઉ૦ સ્થિતિબંધના સ્વામી કહ્યા. શેષ ૯૨ પ્રકૃતિના ઉ૦સ્થિતિબંધક ચારે ગતિના મિથ્યાદષ્ટિ સંજ્ઞી પંચેન્દ્રિય પર્યાપ્ત જીવો છે. તેમાં પણ ૪૭ ધ્રુવબંધી અને અધ્રુવબંધીમાંની ૨૦ પ્રકૃતિ (અસાત–અરતિ–શોક–નપું૦–પંચે૦–હુંડક–પરાઘાત–ઉચ્છ્વાસ–કુખગતિ–ત્રસાદિ ૪–અસ્થિરાદિ ૬–નીચગોત્ર) નો ઉ૦સ્થિતિબંધક સર્વોત્કૃષ્ટ સંકલેશથી હોય અને શેષ અધ્રુવબંધી ૨૫ પ્રકૃતિનો ઉ૦સ્થિતિ-બંધ યથાસંભવ સંકલેશથી હોય છે.

॥ इति उत्कृष्टस्थितिबंधस्वामी ॥

## ॥ उत्तरप्रकृतिओना जघन्यस्थितिबंधना स्वामी ॥

હવે ઉત્તર પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબંધ સ્વામી કહેવાય છે—ત્યાં આહારક ૨ અને જિનનામ એ ૩ પ્રકૃતિનો જઘન્યસ્થિતિબંધ ક્ષપકને અપૂર્વકરણ—આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગને અંતે સ્વબંધ—વિચ્છેદ સમયે હોય છે. જઘન્યસ્થિતિબંધ વિશુદ્ધિથી હોય છે અને એ ૩ પ્રકૃતિયોગ્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અહીં જ છે, માટે.

તથા સંજ્વલન ૪—અને પુરુષવેદ એ ૫ પ્રકૃતિ ૯ મા અનિવૃત્તિગુણસ્થાન સુધી બંધાય છે, માટે એ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધયોગ્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિ એ જ ગુણસ્થાને સ્વસ્વબંધ—વિચ્છેદ સમયે હોય છે. ૪૩.

**सायजसुच्चावरणा, विग्घं सुहुमो विउव्विछ असन्नी।**
**सन्नो वि आउबायर, पज्जेगिंदी उ सेसाणं ॥ ४५ ॥**

ગાથાર્થ—શાતા—યશ—ઉચ્ચગોત્ર—૯ આવરણ અને ૫ વિઘ્ન એ ૧૭ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ કરનાર સૂક્ષ્મસંપરાય ગુણસ્થાની છે. વૈક્રિયછક્કનો જઘન્યસ્થિતિબંધ કરનાર અસંજ્ઞી પંચેન્દ્રિય તિર્યંચો છે. ૪ આયુષ્યનો જઘ૦સ્થિતિબંધ કરનાર (અસંજ્ઞી અને) સંજ્ઞી પણ છે અને શેષ ૮૫ પ્રકૃતિઓના જઘન્ય સ્થિતિબંધક બાદર પર્યાપ્ત એકેન્દ્રિયો છે. ૪૫.

વિશેષાર્થ—શાતા—યશ—ઉચ્ચ—૯ આવરણ અને ૫ વિઘ્ન એ ૧૭ પ્રકૃતિઓનો બંધ સૂક્ષ્મસંપરાય સુધી છે, માટે એ પ્રકૃતિઓની જઘન્યસ્થિતિબંધયોગ્ય ઉત્કૃષ્ટ વિશુદ્ધિ ક્ષપકશ્રેણિવંતને એ ગુણસ્થાને જ હોવાથી એ ૧૭ પ્રકૃતિઓના જઘન્ય-

સ્થિતિબંધક સૂક્ષ્મસંપરાયી ક્ષપક જીવો અન્ત્યસ્થિતિબંધમાં વર્તતા જાણવા. અહીં શાતાનો બંધવિચ્છેદ નથી તોપણ કાષાયિક અધ્યવસાયથી બંધાતો શાતાનો જઘન્યસ્થિતિબંધ ૧૨ મુહૂર્ત પ્રમાણનો અહીં જ વિચ્છેદ પામે છે, અને ઉપશાન્તાદિગુણસ્થાનોમાં જે બે સમયની સ્થિતિવાળો અકાષાયિક સ્થિતિબંધ છે તે અહીં ગ્રહણ કરવાનો નથી.

દેવ ૨, નરક ૨, વૈક્રિય ૨, એ ૬ પ્રકૃતિઓનો પર્યાપ્ત અસંજ્ઞીતિર્યંચ પંચેન્દ્રિય જઘન્યસ્થિતિબંધ કરે છે, કારણ કે એકેન્દ્રિયાદિથી ચતુરિન્દ્રિય સુધીના જીવો, અસંજ્ઞી મનુષ્યો તથા દેવ અને નારકો ભવપ્રત્યયથી જ એ ૬ પ્રકૃતિઓ બાંધતા નથી. પુનઃ સંજ્ઞી મનુષ્યો એ ૬ પ્રકૃતિઓ બાંધે છે, પરન્તુ અસંજ્ઞી તિર્યંચોથી અધિક જઘન્યસ્થિતિબંધ (અંતઃકોડાકોડિ સાગરોપમ જેટલો જઘન્યસ્થિતિબંધ) કરે છે, અને અસંજ્ઞી તિર્યંચો (૩૭ મી ગાથામાં કહેલા અર્થ પ્રમાણે) ૨૮૫$\frac{5}{7}$ સાગરોપમમાં પલ્યોપમનો સંખ્યાતમો ભાગ ન્યૂન એટલી જઘન્યસ્થિતિ બાંધે છે; કારણ કે વૈક્રિયષટ્કનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૨૦ કોડાકોડી સાગરોપમ છે, તેને મિથ્યાત્વની સ્થિતિ વડે ભાગતાં $\frac{2}{7}$ સાગરોપમ સ્થિતિબંધ એકેન્દ્રિયયોગ્ય પ્રાપ્ત થયો, એકેન્દ્રિયાદિ જીવો વૈક્રિય ૬ નો બંધ કરતા નથી, પરન્તુ અસંજ્ઞી પંચેન્દ્રિયો કરે છે, અને તે અસંજ્ઞીપંચેન્દ્રિયો એકેન્દ્રિયોથી ૧૦૦૦ ગુણો (હજાર ગુણો) સ્થિતિબંધ કરે છે, તેથી $\frac{2}{7}$ સાગરોપમને ૧૦૦૦ વડે ગુણતાં સાતીઆ ભાગ ૨૦૦૦ આવ્યા, તેના સંપૂર્ણ સાગરોપમ કરવા માટે ૨૦૦૦ ને ૭ થી ભાગતા ૨૮૫$\frac{5}{7}$ સંપૂર્ણ સાગરોપમ જેટલો વૈક્રિય ૬ નો ઉત્કૃષ્ટ સ્થિતિ-

બંધ અસંજ્ઞી તિર્યંચો કરે અને જઘન્યસ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમાં ભાગ જેટલો ન્યૂન કરે છે, જેથી વૈક્રિય ૬ ના જઘન્યસ્થિતિબંધક ( એટલે પલ્યોપમના સંખ્યાતમાં ભાગન્યૂન ૨૮૫$\frac{5}{7}$ સાગરોપમ જેટલી જઘન્યસ્થિતિ બાંધનાર ) અસંજ્ઞી તિર્યંચ પંચેન્દ્રિય પર્યાપ્ત જીવો છે.

તથા ૪ આયુષ્યનો જઘન્યસ્થિતિબંધ કરનાર અસંજ્ઞી અને સંજ્ઞી તિર્યંચ તથા મનુષ્યો જાણવા. ત્યાં દેવાયુષ્ય અને નરકાયુષ્ય એ બેનો ( ૧૦૦૦૦ વર્ષ ) દશ હજાર વર્ષ જેટલો જઘન્યસ્થિતિબંધ કરનાર પર્યાપ્ત સંખ્યાત આયુષ્યવાળા પંચેન્દ્રિયતિર્યંચો અને મનુષ્યો છે, અને મનુષ્યાયુષ્ય તથા તિર્યંચાયુષ્યનો જઘન્યસ્થિતિબંધ ( ૨૫૬ આવલિકા પ્રમાણ–ક્ષુલ્લક ભવ જેટલો ) કરનાર ( દેવ અને નારક તથા યુગલિક સિવાયના ) સર્વે એકેન્દ્રિયાદિ જીવો જાણવા. એ પ્રમાણે ૩૫ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધના સ્વામી કહ્યા.

પૂર્વે કહેલી [૭૦]૩૫ પ્રકૃતિઓ સિવાય શેષ રહેલી ૮૫ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધના સ્વામી બાદરપર્યાપ્ત એકેન્દ્રિય છે, તેની વિશેષ સમજ ૩૬ મી ગાથાના અર્થ પ્રસંગે કહેવાઈ છે ત્યાંથી જાણવી.

## ૧૨૦ ઉત્તરપ્રકૃતિના જઘ૦સ્થિતિબંધ સ્વામી

| | |
|---|---|
| (૩) આહા૦ ૨–જિન | ક્ષપકશ્રેણિવંત ૮ મા ગુણસ્થાને |
| (૫) સંજ્વ૦ ૪–પુંવેદ | ક્ષપકશ્રેણિવંત ૯ માન્તે |

૭૦. આ ગાથામાં કહેલી ૨૭, અને પૂર્વ ગાથામાં કહેલી આહા૦ ૨, જિન૦ ૧, સંજ્વ૦ ૪, પુંવેદ ૧, એ ૮ મળી ૩૫ પ્રકૃતિઓ.

| | |
|---|---|
| (૧૭) શાતા-યશઃ-ઉચ્ચ ૪ દર્શના૦-૫ વિઘ્ન-૫ જ્ઞાના૦ | ક્ષપકશ્રેણિવંત ૧૦ માન્તે |
| (૬) વૈક્રિયષટ્ક | પર્યાપ્ત અસંજ્ઞિપંચેન્દ્રિય |
| (૨) દેવાયુ-નરકાયુ | સંખ્યાત વર્ષના આયુષ્યવાલા પંચેન્દ્રિય-તિર્યંચ તથા મનુષ્ય. |
| (૨) તિર્યંગાયુ-મનુષ્યાયુ | એકેન્દ્રિયથી મનુષ્ય સુધીના (એટલે દેવ-નારક અને યુગલિક વિના સર્વે) |
| (૮૫) શેષ પ્રકૃતિ | બાદર પર્યાપ્ત એકેન્દ્રિયો |

## ॥ स्थितिबंधे कालना ४ भांगा ॥

अवतरण—પૂર્વે પ્રકૃતિઓનો સ્થિતિબંધ કહીને હવે તે ઉત્કૃષ્ટ તથા જઘન્યસ્થિતિબંધ સંબંધી ૪ પ્રકારના સ્થિતિબંધમાં ૪ પ્રકારના કાળભાંગા કહેવાય છે—

**उक्कोसजहन्नेयर-भंगा साई अणाइ धुव अधुवा ।**
**चउहा सग अजहन्नो, सेसतिगे आउचउसु दुहा ॥ ४५॥**

गाथार्थ—ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ, જઘન્ય અને અજઘન્ય એ ૪ પ્રકારના સ્થિતિબંધ છે, અને સાદિ, અનાદિ, ધ્રુવ તથા અધ્રુવ એ ૪ પ્રકારનો કાળ છે. ત્યાં આયુરહિત ૭ કર્મનો અજઘન્ય-સ્થિતિબંધ ૪ પ્રકારનો છે, અને એ ૭ કર્મના શેષ ૩ (ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ, જઘન્ય, (સ્થિતિબંધમાં તેમ જ આયુષ્યના ૪ સ્થિતિબંધમાં કાળના બે ભાંગા (સાદિ-અધ્રુવ) જ છે ૪૬.

इति मूलप्रकृतिना ४ स्थितिबंधमां ४ कालभंग

**विशेषार्थ**—હવે જઘન્ય, અજઘન્ય, ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટ એ ૪ પ્રકારના સ્થિતિબંધમાં સાદિ અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એ ૪ કાળભાંગાની પ્રાપ્તિ દર્શાવાય છે. ત્યાં પ્રથમ જઘન્યાદિ ભેદનું કિંચિત સ્વરૂપ આ પ્રમાણે.

## જઘન્ય અજઘન્ય સ્થિતિબંધ

પૂર્વ ગાથાઓમાં જે પલ્યોપમાસંખ્યેય ભાગન્યૂન $\frac{1}{7}$ $\frac{2}{7}$ સાગરોપમ ઇત્યાદિ તથા અન્તર્મુહૂર્ત, ૮ મુહૂર્ત, ૧૨ મુહૂર્ત ઇત્યાદિ (જે જે પ્રકૃતિઓના) જે જે ભિન્નભિન્ન જઘન્ય સ્થિતિબંધ કહ્યા છે, તે જ जघन्यस्थितिबंध જાણવો અને તેથી ૧ સમય અધિક, ૨ સમય અધિક, ૩ સમય યાવત્ ઉત્કૃષ્ટ સ્થિતિ સુધીના સર્વે સ્થિતિબંધ અને ઉત્કૃષ્ટસ્થિતિબંધ પોતે પણ એ સર્વે अजघन्यस्थितिबंध જાણવા. એ રીતે આ ૨ ભેદમાં સર્વે સ્થિતિભેદનો સમાવેશ થઈ જાય છે.

## ઉત્કૃષ્ટ અનુત્કૃષ્ટ સ્થિતિબંધ

૨૦ કોડાકોડિસાગરોપમ, ૩૦ કોડાકોડી સાગરોપમ, ૪૦ કોડાકોડીસાગરોપમ, ૭૦ કોડાકોડીસાગરોપમ ઇત્યાદિ જે સ્થિતિબંધ પૂર્વે ૨૯ થી ૩૪ મી ગાથામાં સુધીમાં દર્શાવ્યા છે તે સર્વે उत्कृष्टस्थितिबंध અને તેથી ૧ સમય ન્યૂન, ૨ સમય ન્યૂન, ૩ સમય ન્યૂન યાવત્ સર્વજઘન્યસ્થિતિબંધ સુધીના એટલે જઘન્યસ્થિતિબંધ પોતે પણ એ સર્વે સ્થિતિબંધ अनुत्कृष्टस्थितिबंध જાણવા. એ રીતે આ ૨ ભેદમાં પણ સર્વે સ્થિતિભેદનો સમાવેશ થઈ જાય છે.

## પ્રત્યેક સ્થિતિબંધના ૨ પ્રકાર

એ પ્રમાણે ૪ પ્રકારના સ્થિતિબંધનો જે અર્થ કહ્યો તે અર્થને અનુસારે દરેક સ્થિતિબંધ ૨–૨ પ્રકારનો થયો તે આ પ્રમાણેઃ—

જઘન્યસ્થિતિબંધ—જઘન્ય, અનુત્કૃષ્ટ.

ઉત્કૃષ્ટ સ્થિતિબંધ—ઉત્કૃષ્ટ, અજઘન્ય.

દરેક મધ્ય સ્થિતિબંધ—અજઘન્ય, અનુત્કૃષ્ટ.

એ પ્રમાણે મર્યાદાભેદથી સ્થિતિબંધના ૪ ભેદ થાય છે. કારણ કે જઘન્ય સ્થિતિબંધની સીમા–મર્યાદાથી ગણુતા જઘન્ય તે જઘન્ય અને બીજા સર્વે અજઘન્ય, અને ઉત્કૃષ્ટસ્થિતિબંધને મર્યાદિત રાખી ત્યાંથી ગણુતા ઉત્કૃષ્ટ તે ઉત્કૃષ્ટ અને શેષ સર્વે અનુત્કૃષ્ટ. જેમ મોતીની દીર્ઘમાળા પૂર્વ પશ્ચિમની લંબાઈપૂર્વક જમીન ઉપર સ્થાપી હોય તો પૂર્વ છેડાથી ગણુતાં પૂર્વમાં ૧ મોતી અને તેની અપેક્ષાએ બીજાં સર્વ મોતી પશ્ચિમસ્થિત ગણુાય, તથા પશ્ચિમ છેડાથી ગણુતાં પાશ્ચમદિશામાં ૧ મોતી અને તેની અપેક્ષાએ બીજાં સર્વ મોતી પૂર્વસ્થિત ગણુાય, તેમ આ સ્થિતિબંધના પણુ ૨–૨ પ્રકાર કેવળ મર્યાદાભેદથી થયા છે. અને એવા ભેદ ઉપજાવવાનું કારણુ એ છે કે–એ ૪ ભેદમાં ઉતારવાના કાળભાંગાનું સ્વરૂપ વિશેષ પ્રકારે અને સંપૂર્ણ સમજી શકાય છે. તે ૪ કાળભાંગા આ પ્રમાણે—

## સાદિ–અનાદિ–ધ્રુવ–અધ્રુવ

જે બંધ વિચ્છેદ પામીને પુનઃ બંધાય છે તે પુનર્બંધ સાદિ કહેવાય.

જે બંધનો પૂર્વકાળમાં કોઈ વખતે વિચ્છેદ ન પામ્યો હોય તે અનાદિ. ( આ બંધ ભાવિકાળમાં વિચ્છેદ પણ થાય. )

જે બંધ પૂર્વકાળમાં કોઈ પણ વખતે વિચ્છેદ પામ્યો નથી, તેમ જ ભાવિકાળમાં કોઈ વખતે વિચ્છેદ પામવાનો નથી તે ધ્રુવબંધ.... ( અભવ્યને જ હોય )

જે બંધ ભાવિકાળમાં અવશ્ય વિચ્છેદ પામશે તે અધ્રુવબન્ધ ( ભવ્યને જ હોય )

આ પ્રમાણે ઉત્કૃષ્ટાદિ ૨–૨ (૪) પ્રકારના સ્થિતિબંધનું તથા તેમાં અવતારવા યોગ્ય સાદિ વિગેરે ૪ પ્રકારના કાળનું સ્વરૂપ કહીને હવે ૮ મૂળકર્મના ૪ સ્થિતિબંધમાં ૪ પ્રકારનો કાળ કહેવાય છે તે આ પ્રમાણેઃ—

## ૭ મૂળકર્મનો અજઘન્ય સ્થિતિબંધ ૪ પ્રકારનો

મોહનીયકર્મનો જઘન્યસ્થિતિબંધ ( =લોભનો અન્તર્મુ૦ પ્રમાણ સ્થિતિબંધ ) ક્ષપકશ્રેણિમાં ૯ મા અનિવૃત્તિ ગુણસ્થાનના પર્યન્ત ભાગે હોય છે, અને જ્ઞાના૦–દર્શના૦–વેદનીય–નામ–ગોત્ર અને અન્તરાય એ ૬ કર્મનો જઘન્યસ્થિતિબંધ ક્ષપકશ્રેણિમાં ૧૦ મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાને પ્રાપ્ત થાય છે. એ કહેલા જઘન્યસ્થિતિબંધ સિવાયના સર્વે અજઘન્યસ્થિતિબંધ છે અને તેની સાદિ–પ્રારંભ ઉપશમશ્રેણિમાં ૧૧ મા અથવા ૧૦ મા ગુણસ્થાનથી પતિત થઈ ૧૦ મે અને ૯ મે આવતાં થાય છે, તે આ પ્રમાણેઃ—

ક્ષપકના સ્થિતિબંધથી ઉપશમકનો સ્થિતિબંધ શાસ્ત્રોમાં દ્વિગુણ–બમણો કહેલ છે માટે ક્ષપકના જઘન્ય સ્થિતિબંધથી

ઉપશમકનો જઘન્યસ્થિતિબંધ દ્વિગુણ જ હોય, અને તે દ્વિગુણ સ્થિતિબંધ ક્ષપકના જઘન્યસ્થિતિબંધની અપેક્ષાએ અજઘન્ય છે, તેથી ઉપશમશ્રેણિવંતને ૧૦ મે થી પડી ૯ મા ગુણસ્થાને આવતા પ્રથમ સમયે मोहनीयकर्मनो અજઘન્યસ્થિતિબંધ આદિ (=પ્રારંભ) વાળો હોય છે. અને ज्ञानावरणादि ६ कर्मना અજઘન્યસ્થિતિબંધનો પ્રારંભ ઉપશમશ્રેણિતવંતને ૧૧ માંથી પડી ૧૦ મા ગુણસ્થાને આવતાં પ્રથમ સમયે હોય છે. એ રીતે ઉપશમશ્રેણિવંત જીવ મોહનીયાદિ ૭ કર્મનો ૧૦–૧૧ મા ગુણસ્થાનો અજઘન્યસ્થિતિબંધનો પ્રથમ અબંધક થઈ ૯–૧૦ મા ગુણસ્થાને અજઘન્યબંધનો પ્રારંભ કરે છે.

સાદિ અજઘન્યસ્થિતિબંધનું પ્રમાણ આ પ્રમાણે—

જ્ઞાના૦–દર્શના૦–અન્તરાય અને મોહનીય એ ૪ કર્મનો અજઘન્યસ્થિતિબંધ સાદિ વખતે ૨ અન્તર્મુહૂર્ત, (એટલે ક્ષપકના જઘન્યસ્થિતિબંધના અન્તર્મુ૦થી દ્વિગુણ) વેદનીયનો સાદિ અજઘન્ય ૨૪ મુહૂર્ત, નામ અને ગોત્રનો સાદિ અજઘન્ય ૧૬–૧૬ મુહૂર્ત છે.

તથા જે ભવ્ય જીવે હજુ સુધી ઉપશમશ્રેણિ પ્રાપ્ત નથી કરી તેને તથા અભવ્ય જીવને એ સાતકર્મનો અજઘન્યસ્થિતિબંધ (અંતઃકોડાકોડી સાગરોપમથી સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ સુધીનો સ્થિતિબંધ) अनादि છે.

અભવ્ય જીવ કોઈ પણ કાળે ઉપશમશ્રેણિ પામવાનો જ નથી તેથી એ ૭ કર્મનો અજઘન્યસ્થિતિબંધ (અંતઃકોડાકોડીથી સર્વોત્કૃષ્ટ સુધીનો) *અભવ્ય જીવની અપેક્ષાએ ध्रुव છે.*

ભવ્ય જીવ કોઈ પણ કાળે ઉપશમશ્રેણિ પામી ૧૦-૧૧ મા ગુણસ્થાનમાં એ ૭ કર્મના અજઘન્યસ્થિતિબંધનો (૨ અન્તર્મુહૂર્ત ઇત્યાદિ પ્રમાણનો) અવશ્ય અંત-અબંધ કરશે માટે ભવ્યની અપેક્ષાએ એ ૭ કર્મનો અજઘન્યસ્થિતિબંધ અધ્રુવ છે.

॥ इति ७ कर्मना अजघन्यस्थितिबंधना ४ प्रकार ॥

*

## ૭ કર્મના શેષ સ્થિતિબંધ ૨ પ્રકારે

આયુષ્ય સિવાયના ૭ કર્મનો जघन्यस्थितिबंध (અજઘન્ય સ્થિતિબંધની વિગતમાં કહ્યા પ્રમાણે) ક્ષપકને ૯-૧૦ મા ગુણ-સ્થાને હોય છે; માટે सादि, અને ૧૦ મા ૧૨ મા ગુણસ્થાનમાં જતાં ૯-૧૦ માના પર્યંત સમયે તે અન્તર્મુ૦ આદિ જઘન્ય સ્થિતિબંધનો અંત થાય છે માટે अध्रुव.

તથા उत्कृष्टस्थितिबंध અનુત્કૃષ્ટબંધનો અન્ત થતાં પ્રારંભાય છે. અને તેનો સતત બંધ અન્તર્મુ૦ માત્ર હોવાથી પુનઃ ઉત્કૃષ્ટબંધનો (અન્તર્મુ૦ બાદ) અન્ત થાય છે. અને પુનઃ જઘન્યથી અન્તર્મુ૦ બાદ અને ઉત્કૃષ્ટથી અનંતકાળચક્ર વીત્યા બાદ ઉત્કૃષ્ટસ્થિતિબંધ પ્રાપ્ત થાય છે, માટે सादि અને अध्रुव છે.

તથા એ ૭ કર્મના ઉત્કૃષ્ટસ્થિતિબંધથી ઉતરતાં अनुत्कृष्ट-स्थितिबंध પ્રારંભાય છે, અને જઘન્યથી અન્તર્મુ૦ બાદ તથા ઉત્કૃષ્ટથી અનન્તકાળચક્ર વીત્યા બાદ ઉત્કૃષ્ટબંધ પ્રારંભાતાં અનુત્કૃષ્ટબંધનો અન્ત થાય છે, માટે ૭ કર્મનો અનુત્કૃષ્ટસ્થિતિ-બંધ પણ सादि अध्रुव છે.

એ પ્રમાણે ૭ મૂળકર્મનો ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ અને જઘન્ય એ ૩ સ્થિતિબંધ સાદિ અને અધ્રુવ એમ ૨-૨ પ્રકારના છે.

## આયુષ્યના ૪ સ્થિતિબંધ ૨ પ્રકારે છે.

આયુષ્યકર્મનો બંધ ભવમાં અમુક વખતે જ અન્તર્મુહૂર્ત સુધી પ્રવર્તતો હોવાથી આયુષ્યના જઘન્યાદિ ચારે સ્થિતિબંધ સાદિ અધ્રુવ છે.

इति ८ मूलप्रकृतिसत्कजघन्यादि ४ स्थितिबंधेषु ४ कालभंगाः[७१]

---

अवतरण—પૂર્વ ગાથામાં ૮ મૂળપ્રકૃતિના ચારે સ્થિતિબંધમાં ૪ કાળભાંગા કહીને હવે આ ગાથામાં ૧૨૦ ઉત્તરપ્રકૃતિના ચાર સ્થિતિબંધમાં ૪ કાળભાંગા કહે છે—

**चउभेओ अजहन्नो, संजलणावरणनवगविग्घाणं ।**
**सेसतिगि साइअधुवो, तह चउहा सेसपयडीणं ॥४७॥**

गाथार्थ—૪ સંજ્વલન કષાય, ૯ આવરણ અને ૫ વિઘ્ન એ ૧૮ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ (સાદિ વિગેરે) ૪ પ્રકારનો છે, અને એ ૧૮ પ્રકૃતિના શેષ ૩ (ઉ૦-અનુ૦-

---

૭૧. ૭ કર્મનો × ૧ અજ૦ × ૪ પ્રકારે = ૨૮ પદભંગા,
૭ ,, × ૩ જઘન્યાદિ × ૨ પ્રકાર = ૪૨ ,,
૧ આયુષ્યના × ૪ બંધ × ૨ પ્રકારે = ૮ ,,
૭૮ પદભંગા મૂળકર્મ આશ્રયી થયા.

૭૦) સ્થિતિબંધ, તેમ જ શેષ ૧૦૨ પ્રકૃતિના ચારે પ્રકારના સ્થિતિબંધ તે સર્વે આદિ અધ્રુવ છે. ૪૭

इति उत्तरप्रकृतिना ४ स्थितिबंधमां ४ कालभंग.

---

विशेषार्थ—૪ સંજ્વલન કષાયાદિ ૧૮ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ (૪૬ મી ગાથામાં કહેલ ૬ મૂળ કર્મના અજઘન્યસ્થિતિબંધની પદ્ધત્તિ પ્રમાણે) ઉપશમશ્રેણિમાં ૧૦–૧૧ મા ગુણસ્થાને વિચ્છેદ પામે છે. તે ૧૦ મા ગુણસ્થાનથી પતિત થઈ ૯ મે આવે ત્યારે પ્રથમ સમયે પુનઃ ૪ સંજ્વલન કષાયનો અજઘન્યસ્થિતિબંધ પ્રારંભે છે. અને ૧૧ મેથી પતિત થઈ ૧૦ મે આવે ત્યાં પ્રથમ સમયે ૯ આવરણ અને ૫ વિઘ્ન એ ૧૪ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ પ્રારંભે છે. માટે ઉપશમશ્રેણિવંત જીવને ૪ પ્રકૃતિનો अजघन्यस्थितिबंध ૯ મે અને ૧૪ પ્રકૃતિનો ૧૦ મે સાદિ હોય છે.

તથા એ ૧૮ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ યથાસંભવ ૧૦–૧૧ મા ગુણસ્થાને ઉપશમશ્રેણિવંતને વિચ્છેદ પામે છે, માટે અધ્રુવ છે.

તથા એ ૧૮ પ્રકૃતિના અજઘન્યસ્થિતિબંધનું સ્થાન જે ઉપશમશ્રેણિ તે અભવ્ય જીવ કદી પણ પૂર્વકાળમાં પામ્યો નથી, માટે ૧૮ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ અનાદિ છે; તેમ જ અભવ્ય જીવ ભાવિકાળમાં કોઈ વખતે એ સ્થાન પામવાનો પણ નથી માટે ધ્રુવ છે.

એ પ્રમાણે ૧૮ પ્રકૃતિનો અજઘન્યસ્થિતિબંધ ૪ પ્રકારનો

કહીને હવે ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ અને જઘન્ય એ ૩ સ્થિતિબંધ ૨–૨ પ્રકારના કેવી રીતે છે તે કહેવાય છે—

એ ૧૮ પ્રકૃતિના અનુત્કૃષ્ટ બંધથી ઉતરી ઉત્કૃષ્ટ બંધ કરે ત્યારે પ્રથમ સમયે उत्कृष्टबंध सादि કહેવાય અને તે ઉત્કૃષ્ટસ્થિતિબંધ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી કરી પુનઃ અનુત્કૃષ્ટબંધ પ્રારંભે ત્યારે ( અનુત્કૃષ્ટ બંધના ) પ્રથમ સમયે અનુત્કૃષ્ટસ્થિતિબંધ सादि કહેવાય; તથા ' જે સાદિ હોય તે અધ્રુવ જ હોય ' એ સાધારણ લક્ષણ પ્રમાણે અથવા ભવ્ય જીવ એ ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટબંધનો અંત કરશે તેથી ભવ્યની અપેક્ષાએ પણ એ બન્ને સ્થિતિબંધ अध्रुव કહેવાય છે.

॥ इति १८ उत्तरप्रकृतिना ४ स्थितिबंधेषु साद्यादिभंगप्ररूपणा ॥

❀

શેષ ૧૦૨ પ્રકૃતિઓના ચારે સ્થિતિબંધ સાદિ અધ્રુવ છે, તે આ પ્રમાણે;—૫ નિદ્રા–મિથ્યાત્વ–પહેલા ૧૨ કષાય–ભય–કુત્સા–તૈજસ–કાર્મણ–વર્ણાદિ ૪-અગુરુલઘુ–ઉપઘાત–નિર્માણ–એ ૨૯ પ્રકૃતિઓનો જઘન્યસ્થિતિબંધ અતિ વિશુદ્ધ પરિણામવાળા બાદર પર્યાપ્ત એકેન્દ્રિયો કરે છે, તેથી એ એકેન્દ્રિયો જઘન્ય-સ્થિતિબંધ કરીને પુનઃ અન્તર્મુ૰ સુધી સંકલિષ્ટ પરિણામવાળા થઈ અજઘન્યસ્થિતિબંધ કરે છે. પુનઃ એ જ ભવમાં અથવા બીજા ભવમાં એ બાદર પર્યાપ્ત એકેન્દ્રિયો પુનઃ વિશુદ્ધ પરિણામવાળા થઈ જઘન્યસ્થિતિબંધ કરે છે. એ પ્રમાણે જઘન્યથી અજઘન્ય અને અજઘન્યથી જઘન્યસ્થિતિબંધની વારંવાર પરાવૃત્તિ હોવાથી એ બન્ને બંધ सादि अध्रुव છે.

તથા એ ૨૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ અતિસંક્લિષ્ટ સંજ્ઞી પંચેન્દ્રિય અન્તર્મુ૦ સુધી કરે છે. ત્યાર બાદ પુનઃ અનુત્કૃષ્ટબંધ કરે છે. પુનઃ અનુત્કૃષ્ટથી ઉતરી ઉત્કૃષ્ટબંધ કરે છે, જેથી એ બન્ને સ્થિતિબંધ વારંવાર પરાવૃત્તિવાળા હોવાથી सादि अध्रुव છે.

તથા પ્રથમ કહેલી ૧૮ પ્રકૃતિ અને આ ૨૯ પ્રકૃતિ સિવાયની શેષ ૭૩ પ્રકૃતિઓ સર્વે અધ્રુવબંધી છે, માટે અધ્રુવબંધપણાના કારણથી એ ૭૩ પ્રકૃતિના ચારે સ્થિતિબંધ પણ सादि अध्रुव જ હોય છે. ૪૭.

॥ इति उत्तरप्रकृतिनां स्थितिबन्धेषु साद्यादि ७२भंगप्ररूपणा ॥

*

## गुणस्थानोमां स्थितिबन्धनुं प्रमाण—

अवतरण—પૂર્વે ૪ પ્રકારના સ્થિતિબંધમાં ૪ પ્રકારનો કાળ યથાસંભવ કહીને હવે કયા ગુણસ્થાનમાં વર્તતો જીવ કર્મનો કેટલો સ્થિતિબંધ કરે ? તે આ ગાથામાં કહેવાય છે:—

૭૨. અહીં ઉત્તરપ્રકૃતિઓના સ્થિતિબંધના સાદ્યાદિભાંગાઓમાં ૯૯૬ પદભંગ થાય છે. તે આ પ્રમાણે—

[ ૧૮ નો × ૧ ( અજ૦ ) × ૪ પ્રકારનો ] = ૭૨ પદભંગ
[ ૧૮ ના × ૩ ( શેષ ) × ૨ પ્રકારનો ] = ૧૦૮ ,,
[ ૧૦૨ ના × ૪ ( બંધ ) × ૨ પ્રકારના ] = ૮૧૬ ,,
૯૯૬ પદભંગ ઉત્તરપ્રકૃતિમાં.

એ ૯૯૬ પદભંગમાં પૂર્વે કહેલા મૂળપ્રકૃતિના ૭૮ પદભંગ મેળવતાં સ્થિતિબંધ સાદ્યાદિ પદભંગ ( ૯૯૬+૭૮= ) ૧૦૭૪ થાય છે.

**साणाइअपुव्वंते, अयरंतो कोडिकोडिओ नऽहिगो ।**
**बंधो न हु हीणो न य, मिच्छे भव्वियरसन्निम्मि ॥४८॥**

गाथार्थ—साणाइ=સાસ્વાદનથી પ્રારંભીને अपुव्वंते=અપૂર્વકરણ ગુણસ્થાન સુધીમાં अयरंतोकोडिकोडिओ=અંતઃકોડાકોડી સાગરોપમ જેટલો સ્થિતિબંધ થાય છે, न हिगो=એથી અધિક સ્થિતિબંધ થતો નથી, તેમ જ એ ૭ ગુણસ્થાનોમાં न हु हीणो=નિશ્ચય હીન—ન્યૂન (અંતઃકોડાકોડીથી ન્યૂન સ્થિતિબંધ પણ થતો નથી.) य=અને मिच्छे=મિથ્યાદષ્ટિ ગુણસ્થાનમાં भव्वियरसन्निम्मि=ભવ્ય અથવા અભવ્ય સંજ્ઞી પંચેન્દ્રિયને અંતઃ-કોડાકોડી સાગરોપમથી (हीणो न) ન્યૂન થતો નથી (પરન્તુ એકેન્દ્રિયાદિકને જ અંતઃકોડાકોડીથી ન્યૂન થાય છે. એ ઉપરથી સમજવું ૪૮.

## ૨ થી ૮ ગુણસ્થાને સ્થિતિબંધનું પ્રમાણ

विशेषार्थ—પૂર્વે કયા જીવને જઘન્ય અથવા ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કેટલો હોય? તે સંબંધી સ્થિતિબંધનું સ્વામિત્વ કહેવાઈ ગયું છે, અને હવે અહીં ગુણસ્થાનોમાં સ્થિતિબંધ જઘન્ય અને ઉત્કૃષ્ટથી કેટલો હોય? તે કહેવાય છે.

સાસ્વાદનથી અપૂર્વકરણ ગુણસ્થાનના પર્યન્ત ભાગ સુધીમાં કર્મનો જઘન્યસ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ હોય છે, એથી ન્યૂનસ્થિતિબંધ ન હોય; તેમ જ ઉત્કૃષ્ટસ્થિતિબંધ પણ અંતઃકો૦કો૦ સાગરોપમ હોય પરન્તુ એથી અધિક ન હોય. અહીં જોકે જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને સ્થિતિબંધ અંતઃકો૦કો૦ સાગરો૦ કહ્યા છે તોપણ જઘન્ય અંતઃકો૦કો૦થી ઉત્કૃષ્ટ

અંતઃકો૦કો૦ સંખ્યાતગુણો જાણવો. અંતઃકો૦કો૦ સાગરોપમના અસંખ્ય ભેદ છે.

## અંતઃકોડાકોડિ સાગરોપમનું પ્રમાણ

સંપૂર્ણ ૧ કોડાકોડિ ( એટલે ૧ ક્રોડાક્રોડ અથવા ૧ લાખ અબજ અથવા ૧ ક્રોડને ૧ ક્રોડે ગુણે તેટલા ) સાગરોપમ (=૧૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦૦ સાગરોપમ ) તે કોડાકોડિ સાગરોપમ, અને તેમાંથી ૧ સમયન્યૂન ૨ સમયન્યૂન ૩ સમયન્યૂન યાવત ૧ ક્રોડ સાગરોપમથી ઉપરાંત ૧ સમય સુધીની સર્વે સ્થિતિઓ अंतःकोडाकोडि सागरोपम કહેવાય.

## મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનકમાં સ્થિતિબંધનું પ્રમાણ

૨ થી ૮ મા ગુણસ્થાનસુધી અંતઃકો૦કો૦ સાગરોપમનો જઘન્ય અને ઉત્કૃષ્ટ બન્ને પ્રકારનો સ્થિતિબંધ કહ્યો, તો મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને કોઈ પણ પ્રકારનો અંતઃકો૦કો૦ સાગરોપમ સ્થિતિબંધ કોઈ પણ જીવને હોય કે નહિ? એ પ્રશ્નના ઉત્તર તરીકે જ ગાથામાં કહે છે કે मिच्छे भव्वियरसन्निम्मि हीणो न=મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને તો ભવ્ય અને અભવ્ય સંજ્ઞીને અંતઃકો૦કો૦ સાગરો૦ થી ન્યૂન સ્થિતિબંધ નથી, પરન્તુ એકેન્દ્રિયાદિ જીવોને $\frac{૧}{૭}$ સાગરોપમાદિ સર્વ જઘન્યસ્થિતિબંધ હોય છે એ અર્થ સામર્થ્યથી પ્રાપ્ત થાય છે. ત્યાં ભવ્યને અથવા અભવ્યને પણ ગ્રંથિપ્રદેશે આવતાં અંતઃકો૦કો૦ સાગરોપમ સ્થિતિબંધ હોય છે, તેમાં પણ ભવ્ય જીવ અપૂર્વકરણ વડે ગ્રંથિભેદ કરીને અનિવૃત્તિકરણને અન્તે અધિક ન્યૂન અંતઃકો૦કો૦ સાગરોપમ પણ બાંધે છે, અને અભવ્ય તો ગ્રંથિપ્રદેશે આવી

અંતઃકો૦કો૦ સાગરોપમ બાંધી પુનઃ અવશ્ય પાછો વળી સંક્લેશ વડે ૭૦ કો૦કો૦સાગરોપમ ઇત્યાદિ ઉત્કૃષ્ટસ્થિતિબંધ પણ કરે છે. પુનઃ ગ્રંથિપ્રદેશે આવેલા ભવ્ય અભવ્ય જે જઘન્યસ્થિતિબંધ કરે છે તેમાં ભવ્યનો સ્થિતિબંધ અધિક અને અભવ્યનો સ્થિતિબંધ ન્યૂન જાણવો, પરંતુ એક જ સ્થાને આવેલા એ બન્નેનો સરખો જઘ૦સ્થિતિબંધ નથી.

**અંતઃકો૦કો૦સાગરોપમની ગુણસ્થાનોમાં વિષમતા**

| | | | | |
|---|---|---|---|---|
| ૯ મા ગુણસ્થાને | | સર્વજઘન્ય | અંતઃકો૦કો૦સાગરોપમ સ્થિતિબંધ છે. | |
| ૮ મા | ,, તેથી ,, | સંખ્યાતગુણ | જઘ૦ અંતકો૦સા૦ સ્થિતિબંધ | |
| ૮ મા | ,, તેથી ,, | ઉત્કૃષ્ટ | | ,, |
| [73] ૬–૭ મા | ,, તેથી ,, | જઘ૦ | | ,, |
| ૬–૭ મા | ,, તેથી ,, | ઉત્કૃષ્ટ | | ,, |
| ૫ મા | ,, તેથી ,, | જઘ૦ | | ,, |
| ૫ મા | ,, તેથી ,, | ઉત્કૃષ્ટ | | ,, |
| ૪ થા | ,, તેથી ,, | જઘ૦ | | ,, |
| ૪ થા | ,, તેથી ,, | ઉત્કૃષ્ટ | | ,, |
| ૧ લા[74] | ,, તેથી ,, | [75] જઘ૦ | | ,, |
| ૧ લા | ,, તેથી ,, | ઉત્કૃષ્ટ | | ,, |

૭૩. ૬–૭ મા ગુણસ્થાનના ભિન્ન ભિન્ન સ્થિતિબંધની વિષમતા શાસ્ત્રમાં સ્પષ્ટ નહિ દેખવાથી ૬–૭ ગુણસ્થાનની ભેગી વિષમતા કહી છે.

૭૪. ૨–૩ ગુણસ્થાનમાં જઘન્ય ઉત્કૃષ્ટનું અલ્પબહુત્વ શાસ્ત્રમાં સ્પષ્ટ ન દેખવાથી અહીં લખ્યું નથી.

૭૫. એ જઘન્ય તે અંતઃકો૦કો૦ની મુખ્યતાએ સંજ્ઞીપંચેંદ્રિય

## ૯ થી ૧૩ ગુણસ્થાન સુધીમાં સ્થિતિબંધ

ગાથામાં ૮ ગુણસ્થાન સુધી સ્થિતિબંધ કહ્યો છે, તે જઘન્યથી પણ અંતઃકોડાકોડી સાગરોપમના બંધની મુખ્યતાએ કહ્યો છે, માટે ૯ મું, ૧૦ મું ઇત્યાદિ ગુણસ્થાને અંતકો૦કો૦ સાગરોપમ જઘન્યસ્થિતિબંધ ન હોવાથી તે ગુણસ્થાનો અહીં કહ્યા જ [૭૬]નથી; પરન્તુ તે ગુણસ્થાનોમાં જે સ્થિતિબંધ છે તે આ પ્રમાણે—

| | | |
|---|---|---|
| ૯ મા ગુણસ્થાને | જઘન્યસ્થિતિબંધ | અન્તર્મુહૂર્ત |
| ૯ મા ,, | ઉત્કૃષ્ટ ,, | અંતઃકો૦કો૦ |
| ૧૦ મા ,, | જઘન્ય ,, | અન્તર્મુ૦ |
| ૧૦ મા ,, | ઉત્કૃષ્ટ ,, | ૧૨ મુહૂર્ત૦ |

અહીંથી આગળ ૧૧-૧૨-૧૩ મા ગુણસ્થાને કાષાયિક સ્થિતિબંધનો અભાવ છે જેથી બંધાતું શાતાવેદનીય ૨

---

આશ્રયી જાણવો. અન્યથા એકેન્દ્રિયો સાગરો૦ આદિ જઘન્યસ્થિતિબંધ કરે છે.

૭૬. અર્થાત્ આ ગાથામાં અંતઃકો૦કો૦સાગરોપમ જેટલો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ સ્થિતિબંધ હોય એવા ૮ ગુણસ્થાનમાં મુખ્યત્વે સ્થિતિબંધ કહ્યો છે, અને મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનમાં પ્રાસંગિક રીતે પણ અંતઃકો૦કો૦ જ૦ સ્થિતિબંધ જે રીતે લભ્યમાન હોય તે રીતે કહ્યો અને ૯ માદિ ગુણસ્થાનોમાં અંતઃકો૦કો૦ સાગરોપમનો સ્થિતિબંધ હોવા છતાં પણ કહ્યો નથી તેમાં અવિવક્ષા એ જ હેતુ સંભવે. ૯ મા ગુણસ્થાને એક સંખ્યાતમા ભાગ સુધી અંતઃકો૦કો૦ સાગરોપમનો સ્થિતિબંધ હોય છે, અને ત્યારબાદ ઘટતાં ઘટતાં ઘણા હજાર સાગરોપમથી યાવત્ અંતર્મુ૦ સુધી સ્થિતિબંધ હોય છે.

સમયની જ સત્તાવાળું હોય છે તેથી શાસ્ત્રકર્તાએ એ ૨ સમયની સ્થિતિસત્તાવાળા યોગપ્રત્યયિક ( અકાષાયિક ) બંધમાં સ્થિતિબંધ ગણ્યો નથી; અને ૧૪ માં ગુણસ્થાને તો કર્મનો સર્વથા અબંધ હોવાથી અકાષાયિક–યોગપ્રત્યયિક પણ સ્થિતિબંધ નથી. ૪૮.

## जीवस्थानोमां स्थितिबंधनुं अल्पबहुत्व

अवतरणः—પૂર્વે ગુણસ્થાનકોમાં સ્થિતિબંધનું પ્રમાણ કહીને હવે આ ત્રણ ગાથાઓમાં જીવો આશ્રયી સ્થિતિબંધનું અલ્પબહુત્વ કહે છેઃ—

**जइ लहुबंधो बायर, पज्ज असंखगुण सुहुमपज्जऽहिगो ।**
**एसिं अपज्जाण लहू, सुहुमेअरअपजज पज्ज गुरू ॥४९॥**

गाथार्थः—યતિનો–મુનિનો જઘન્યસ્થિતિબંધ સર્વથી અલ્પ, તેથી બાદરપર્યાપ્ત ( એકેન્દ્રિય ) નો જઘ૦ સ્થિતિબંધ અસંખ્યગુણ, તેથી સૂક્ષ્મપર્યાપ્ત ( એકેન્દ્રિય ) નો જ૦ સ્થિતિબંધ વિશેષાધિક, તેથી એ જ ૨ અપર્યાપ્ત એકેન્દ્રિયનો જઘન્ય સ્થિતિબંધ અનુક્રમે વિશેષાધિક, તેથી સૂક્ષ્મ અને બાદરઅપર્યાપ્ત તથા પર્યાપ્ત એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ અનુક્રમે વિશેષાધિક છે. ૪૯.

विशेषार्थः—મુનિ એટલે અપ્રમત્ત ક્ષપકશ્રેણિવંત જીવ નવમા ગુણસ્થાને મોહનીયની અને ૧૦મા ગુણસ્થાને જ્ઞાનાવરણીયાદિકર્મની અંતર્મુહૂર્ત, વેદનીયની ૧૨ મુહૂર્ત, તથા નામગોત્રની ૮ મુહૂર્ત જેટલી જઘન્યસ્થિતિ બાંધે છે, તે આગળ

કહેવાતા બાદરપર્યાપ્ત એકેન્દ્રિયાદિકના જઘન્યસ્થિતિબંધથી અતિ અલ્પ છે.

તે યતિના અન્તર્મુ૦ આદિક બંધથી પર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ અસંખ્યગુણો છે, કારણ કે બા૦ પ૦ એકેન્દ્રિયો કર્મની દેશોન $\frac{1}{7}$–$\frac{3}{7}$ સાગરોપમ ઇત્યાદિ જઘન્ય-સ્થિતિ બાંધે છે, અને અન્તર્મુ૦ થી $\frac{1}{7}$ આદિ સાગરોપમ અસંખ્યગુણ છે.

બાદરપર્યાપ્ત એકેન્દ્રિયની વિશુદ્ધિથી સૂક્ષ્મપર્યાપ્ત એકેન્દ્રિયની વિશુદ્ધિ અલ્પ હોવાથી સૂ૦પ૦એકે૦નો જઘન્ય-સ્થિતિબંધ પણ બા૦પ૦એકે૦ના જઘ૦ સ્થિતિબંધથી વિશેષાધિક ( દ્વિગુણથી ન્યૂન ) હોય છે.

તેથી બા૦અપ૦એકે૦નો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક હોય છે, કારણ કે સૂક્ષ્મપર્યાપ્તથી બાદર અપર્યાપ્તની વિશુદ્ધિ અલ્પ હોય છે.

તેથી સૂ૦અપર્યા૦ એકે૦નો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક હોય છે, કારણ કે બા૦અપ૦થી સૂ૦અપર્યાપ્તની વિશુદ્ધિ અલ્પ હોય છે.

તેથી સૂક્ષ્મ અપર્યાપ્ત એકેન્દ્રિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક હોય છે, કારણ કે શેષ ૩ એકેન્દ્રિયોની અપેક્ષાએ આ સૂ૦અપર્યાપ્તનો સંકલેશ સર્વથી અલ્પ હોય છે. તે કારણથી પ્રથમ કહેલ વિશુદ્ધિપ્રાયોગ્ય જઘ૦સ્થિતિબંધથી આ ઉ૦ સ્થિતિબંધ વિશેષ હોઈ શકે છે.

તેથી બાદર અપર્યાપ્તનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક હોય છે, કારણ કે બા૦અપ૦એકેન્દ્રિયોનો સંક્લેશ સૂક્ષ્મ અપર્યાપ્તના સંક્લેશથી અધિક હોય છે.

તેથી સૂક્ષ્મપર્યાપ્તનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક હોય છે, કારણ કે સૂક્ષ્મપર્યાપ્તનો સંક્લેશ બાદરઅપર્યાપ્તથી વિશેષ હોય છે.

તેથી બાદરપર્યાપ્તનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક હોય છે, કારણ કે બાદરપર્યાપ્તનો સંક્લેશ સૂક્ષ્મપર્યાપ્તના સંક્લેશથી અધિક હોય છે.

એકેન્દ્રિયોના આ આઠે સ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલા સ્થિતિસ્થાનોમાં જ ( પલ્યાસંખ્યેય ભાગ ન્યૂન $\frac{3}{7}$ આદિ સાગરોપમથી પ્રારંભીને સંપૂર્ણ $\frac{3}{7}$ આદિ સાગરોપમ સુધીમાં ) હોય છે. તેની વિશેષ સ્પષ્ટતા માટે સ્થાપના આ પ્રમાણે:—

# એકેન્દ્રિયનાં સ્થિતિબંધ સ્થાનો

( પલ્યાસંખ્યેયભાગમાત્રાણિ )

બા૦ પર્યાપ્તનો ઉત્કૃષ્ટ

સૂક્ષ્મ પર્યા૦નો ઉત્કૃષ્ટ

બા૦ અપ૦નો ઉત્કૃષ્ટ

સૂ૦ અપ૦નો ઉત્કૃષ્ટ

સૂ૦ અપ૦નો જઘન્ય

બા૦ અપ૦નો જઘન્ય

સૂ૦ પર્યાપ્તનો જઘન્ય

બા૦ પર્યા૦નો જઘન્ય

**लहु बिय पज्जअपज्जे, अपजेयर बिय गुरू हिगो एवं ।**
**ति चउ असंनिसु नवरं, संखगुणो बियअमणपज्जे ।५०।।**

ગાથાર્થઃ—તેથી પર્યાપ્તદ્વીન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ સંખ્યાતગુણ, તેથી અપર્યાપ્તદ્વીન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક, તેથી અપર્યાપ્તદ્વીન્દ્રિયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક, તેથી પર્યાપ્તદ્વીન્દ્રિયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક. એ પ્રમાણે આ દ્વીન્દ્રિયના ૪ સ્થિતિબંધની પદ્ધતિએ ત્રીન્દ્રિયનો, ચતુરિન્દ્રિયનો અને અસંજ્ઞીપંચેન્દ્રિયનો ૪-૪ પ્રકારનો સ્થિતિબંધ કહેવો. नवरं=પરંતુ વિશેષ એ છે કે-દ્વીન્દ્રિયપર્યાપ્ત તથા અસંજ્ઞીપર્યાપ્તનો પ્રારંભ સ્થિતિબંધ-જઘ૦સ્થિતિબંધ પૂર્વની અપેક્ષાએ સંખ્યાતગુણ કહેવો. ૫૦.

વિશેષાર્થઃ—પૂર્વ ગાથામાં પર્યન્તે કહેલા બાદરપર્યાપ્ત એકેન્દ્રિયના ઉત્કૃષ્ટસ્થિતિબંધથી દ્વીન્દ્રિયપર્યાપ્તનો જઘન્યસ્થિતિબંધ સંખ્યાતગુણ છે, કારણ કે જે પ્રકૃતિ સંબંધી બા૦ પર્યા૦નો ઉ૦સ્થિતિબંધ ૧ સાગરોપમ હોય તો તે પ્રકૃતિ સંબંધી દ્વીન્દ્રિયઅપર્યાપ્તનો જઘન્યસ્થિતિબંધ પલ્યોપમ સંખ્યેયભાગન્યૂન ૨૫ સાગરોપમ હોય છે, જેથી દેશોન ૨૫ ગુણો સ્થિતિબંધ તે સંખ્યાતગુણ જ કહેવાય.

તેથી અપર્યાપ્તદ્વીન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે અપર્યા૦દ્વી૦ની વિશુદ્ધિ પર્યાપ્તદ્વીન્દ્રિયથી અલ્પ છે, અને દ્વીન્દ્રિયના સર્વે સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમાં ભાગ જેટલા સ્થાનોમાંથી હોય છે.

તેથી અપર્યાપ્તદ્વીન્દ્રિયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે આ ઉ૦સ્થિતિબંધ ઉત્કૃષ્ટસંક્લેશથી થાય છે.

તેથી પર્યાપ્તદ્વીન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે અપર્યાપ્તથી પર્યાપ્તનો સંક્લેશ અધિક હોય છે. આ ઉત્કૃષ્ટસ્થિતિબંધ (તે એકેન્દ્રિયના ૧ સાગરોપમાદિને સ્થાને ૨૫ સાગરોપમાદિ જેટલો) એકેન્દ્રિયથી ૨૫ ગુણો જાણવો.

ઉપર કહેલ પદ્ધતિ પ્રમાણે પર્યાપ્તત્રીન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ (પર્યા૦દ્વી૦ના ઉ૦સ્થિતિબંધથી) વિશેષાધિક છે, કારણ કે જે પ્રકૃતિ સંબંધી દ્વી૦પર્યાપ્તનો ઉ૦સ્થિતિબંધ ૨૫ સાગરોપમ હોય તો તે પ્રકૃતિ સંબંધી પર્યાપ્તત્રીન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ દેશોન (પલ્યસંખ્યેયભાગન્યૂન) ૫૦ સાગરોપમ હોય છે. અને ૨૫ થી ૫૦ એ દ્વિગુણ એટલે સંખ્યાતગુણ છે, પરંતુ દેશોન ૫૦ તે દ્વિગુણથી અલ્પ છે માટે વિશેષાધિક કહેવાય.

તેથી અપર્યાપ્તત્રીન્દ્રિયનો જઘ૦સ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે પર્યા૦ત્રીન્દ્રિયથી અપ૦ત્રીન્દ્રિયની વિશુદ્ધ અલ્પ છે.

તેથી અપર્યાપ્તત્રીન્દ્રિયનો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે આ ઉત્કૃષ્ટ સ્થિતિબંધ ઉત્કૃષ્ટ સંક્લેશથી પ્રાપ્ત થાય છે.

તેથી પર્યાપ્તત્રીન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે અપ૦ત્રી૦થી પર્યાપ્તત્રીન્દ્રિયનો સંક્લેશ અધિક હોય છે, તેમ જ ત્રીન્દ્રિયના સર્વ સ્થિતિબંધો પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા સ્થાનોમાં (પલ્યસંખ્યેયભાગન્યૂન ૫૦ આદિથી પ્રારંભીને સંપૂર્ણ ૫૦ આદિ સાગરોપમ સુધીમાં) છે.

તેથી પર્યાપ્તચતુરિન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે પર્યા૦ત્રીન્દ્રિયનો ઉ૦સ્થિતિબંધ જે પ્રકૃતિને અંગે

૫૦ સાગરોપમ જેટલો સંપૂર્ણ છે, તે જ પ્રકૃતિને અંગે પર્યાપ્તચતુરિન્દ્રિયનો જઘ૦સ્થિતિબંધ દેશોન (પલ્યસંખ્યેયાંશન્યૂન) ૧૦૦ સાગરોપમ જેટલો છે. અહીં વિશેષાધિકતા ત્રીન્દ્રિયવત્ વિચારવી.

તેથી અપર્યાપ્તચતુરિન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે વિશુદ્ધિ અલ્પ હોવાથી સ્થિતિબંધ અધિક હોય છે.

તેથી અપર્યાપ્તચતુરિન્દ્રિયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ સંક્લેશ અધિક છે.

તેથી પર્યાપ્તચતુરિ૦નો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે સંક્લેશ અધિક છે, અને બંધ સંપૂર્ણ ૧૦૦ સાગરોપમ ઇત્યાદિ છે, અને ચતુરિન્દ્રિયના સર્વે સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા સ્થાનોમાં છે.

તેથી પર્યાપ્ત અસંજ્ઞિપંચેન્દ્રિયનો જઘન્યસ્થિતિબંધ સંખ્યાતગુણ છે, કારણ કે પર્યાપ્તચતુરિન્દ્રિય જીવ જે પ્રકૃતિની ઉત્કૃષ્ટ સ્થિતિ સંપૂર્ણ ૧૦૦ સાગરોપમ જેટલી બાંધે છે તે પ્રકૃતિની પર્યા૦અસંજ્ઞી પંચેન્દ્રિય દેશોન (પલ્યસંખ્યેયાંશન્યૂન) ૧૦૦૦ સાગરોપમ જેટલી સ્થિતિ બાંધે છે, અને ૧૦૦ થી દેશોન ૧૦૦૦ દશગુણા હોવાથી સંખ્યાતગુણ ગણાય છે.

તેથી અપર્યાપ્ત અસંજ્ઞીપં૦નો જઘન્યસ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે પર્યાપ્તથી અપર્યાપ્તની વિશુદ્ધિ અલ્પ છે.

તેથી અપર્યાપ્તઅસંજ્ઞિપંચે૦નો ઉ૦સ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે અહીં સંક્લેશ અધિક છે.

તેથી પર્યાપ્તઅસંજ્ઞિપંચેન્દ્રિયનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ વિશેષાધિક છે, કારણ કે અપર્યાપ્તથી પર્યાપ્તનો સંક્લેશ અધિક હોય છે. આ અસંજ્ઞી પંચે૦ના સર્વે સ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલા સ્થાનોમાં (એટલે પલ્યસંખ્યેયાંશન્યૂન ૧૦૦૦ આદિ સાગરોપમથી પ્રારંભીને સંપૂર્ણ ૧૦૦૦ આદિ સાગરોપમ સુધીમાં) છે.

એ પ્રમાણે આ જીવસ્થાનોમાં સર્વત્ર વિશેષાધિક વિશેષાધિક અલ્પબહુત્વ આવે છે, પરન્તુ પર્યાપ્તદ્વીન્દ્રિય અને પર્યાપ્તઅસંજ્ઞિ પંચેન્દ્રિય એ ૨ જીવસ્થાનોમાં (જઘન્યબંધના પ્રસંગે) સંખ્યાત ગુણ અલ્પબહુત્વ આવ્યું છે, એ વિશેષ છે. ૫૦.

**तो जइजिट्ठो बंधो, संखगुणो देसविरय हस्सियरो ।**
**सम्मचउ सन्निचउरो, ठिइबंधाणुकम संखगुणा ।।५१।।**

ગાથાર્થઃ—तो=તેથી યતિનો–મુનિનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંખ્યાતગુણ છે, તેથી દેશવિરતનો हस्स=જઘન્ય (હ્રસ્વ) સ્થિતિબંધ સંખ્યગુણ, તેથી દેશવિરતનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંખ્યગુણ, તેથી સમ્યગ્દૃષ્ટિના ૪ સ્થિતિબંધ તથા સંજ્ઞીના ૪ સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણ કહેવા. ૫૧.

વિશેષાર્થઃ—તેથી યતિનો–મુનિનો (એટલો પ્રમત્તગુણસ્થાનવર્તી જીવનો) ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંખ્યાતગુણ છે, કારણ કે જે પ્રકૃતિ પર્યાપ્તઅસંજ્ઞિપંચેન્દ્રિયો ૧૦૦૦ સાગરોપમ યુક્ત બાંધે છે, તે પ્રકૃતિને પ્રમત્તમુનિ અંતઃકોડાકોડિ સાગરોપમ યુક્ત બાંધે છે, અને ૧૦૦૦ સાગરોપમની અપેક્ષાએ દેશોન કોડાકોડી સાગરોપમ સંખ્યાતગુણ છે.

## ॥ स्थितिबंधना अल्पबहुत्वनु कोष्ठक ॥

| જીવભેદમાં | સ્થિતિબંધનું | અલ્પબહુત્વ |
|---|---|---|
| સંયતનો | જઘન્ય | અલ્પ, તેનાથી |
| બા૦ ૫૦ એકે૦ નો | ,, | અસં૦ ગુણ તેનાથી |
| સૂ૦ ૫૦ એકે૦ નો | ,, | વિશેષાધિક ,, |
| બા૦ અ૫૦ એકે૦નો | ,, | ,, ,, |
| સૂ૦ અ૫૦ એકે૦ | ,, | ,, ,, |
| ,, | ઉત્કૃષ્ટ | ,, ,, |
| બા૦ અ૫૦ એકે૦ નો | ,, | ,, ,, |
| સૂ૦ પર્યાપ્ત એકે૦ | ,, | ,, ,, |
| બા૦ ૫૦ એકે૦ નો | ,, | ,, ,, |
| ૫૦ દ્વીન્દ્રિયનો | જઘન્ય | સંખ્યાત ગુણ ,, |
| અ૫૦ ,, | ,, | વિશેષાધિક ,, |
| ,, ,, | ઉત્કૃષ્ટ | ,, ,, |
| પર્યા૦ ,, | ,, | ,, ,, |
| પર્યા૦ ત્રીન્દ્રિયનો | જઘન્ય | ,, ,, |
| અ૫૦ ,, | ,, | ,, ,, |
| ,, ,, | ઉત્કૃષ્ટ | ,, ,, |
| પર્યા૦ ,, | ,, | ,, ,, |
| પર્યા૦ ચતુરિં૦ નો | જઘન્ય | ,, ,, |
| અ૫૦ ચતુરિં૦ નો | જઘન્ય | વિશેષાધિક તેનાથી |

| જીવભેદમાં | સ્થિતિબંધનું | અલ્પબહુત્વ | |
|---|---|---|---|
| અપ૦ ચતુરિં૦ નો | ઉત્કૃષ્ટ | વિશેષાધિક | તેનાથી |
| પર્યા૦ ,, | ,, | ,, | ,, |
| પર્યા૦ અસંજ્ઞિ પંચે૦ | જઘન્ય | સંખ્યાત ગુણ | ,, |
| અપ૦ ,, | ,, | વિશેષાધિક | ,, |
| અપ૦ ,, | ઉત્કૃષ્ટ | ,, | ,, |
| પર્યા૦ ,, | ,, | ,, | ,, |
| સંયતનો ,, | ઉત્કૃષ્ટ | સંખ્યાત ગુણ | ,, |
| દેશવિરતિનો | જઘન્ય | ,, | ,, |
| ,, | ઉત્કૃષ્ટ | ,, | ,, |
| પર્યાપ્ત સમ્યગ્દૃષ્ટિનો | જઘન્ય | ,, | ,, |
| અપર્યા૦ ,, | ,, | ,, | ,, |
| અપર્યા૦ ,, | ઉત્કૃષ્ટ | ,, | ,, |
| પર્યાપ્ત , | ,, | ,, | ,, |
| પર્યાપ્ત સંજ્ઞિ પંચે૦ | જઘન્ય | ,, | ,, |
| અપર્યા૦ ,, | ,, | ,, | ,, |
| અપર્યા૦ ,, | ઉત્કૃષ્ટ | ,, | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, | ,, |

તેથી દેશવિરત શ્રાવકનો જઘન્યસ્થિતિબંધ સંખ્યાતગુણ છે, તેથી દેશવિરતનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ સંખ્યાતગુણ છે.

તેથી પર્યાપ્ત સમ્યગ્દૃષ્ટિનો જઘન્ય, તેથી અપર્યાપ્ત સમ્ય-

ગ્દષ્ટિનો જઘન્ય, તેથી અપર્યાપ્તસમ્ય૦નો ઉત્કૃષ્ટ અને તેથી પર્યા૦સમ્ય૦નો ઉત્કૃષ્ટ એ ચારે સ્થિતિબંધ અનુક્રમે સંખ્યાતગુણ સંખ્યાતગુણ છે. એમાં યુક્તિ પૂર્વવત્ યથાસંભવ વિચારવી.

તેથી (પર્યા૦સમ્ય૦ના ઉ૦સ્થિતિબંધથી) પર્યાપ્ત સંજ્ઞીનો જઘન્ય, તેથી અપર્યાપ્ત સંજ્ઞીનો જઘન્ય, તેથી અપર્યાપ્ત સંજ્ઞીનો ઉત્કૃષ્ટ અને તેથી પર્યાપ્ત સંજ્ઞીનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ પણ અનુક્રમે સંખ્યાતગુણ સંખ્યાતગુણ છે.

અહીં યતિના ઉત્કૃષ્ટસ્થિતિબંધથી અપર્યાપ્તસંજ્ઞિના ઉત્કૃષ્ટસ્થિતિબંધ સુધીના સર્વે સ્થિતિબંધ અંતઃકોડાકોડિ સાગરોપમના સ્થાનોમાં છે; અને પર્યાપ્તસંજ્ઞિનો ઉ૦સ્થિતિબંધ તો ૨૦ કો૦કો૦ સાગરોપમ ઇત્યાદિ છે. ૫૧

अवतरण:—પૂર્વ ગાથામાં સ્થિતિબંધના સ્વામી આશ્રયી સ્થિતિબંધનું અલ્પબહુત્વ કહીને હવે કર્મોની સ્થિતિ શુભ કે અશુભ? અને તે કયા કારણથી? (સ્થિતિની શુભાશુભતા કહેવાય) તે આ ગાથામાં દર્શાવે છે.

**सव्वाण वि जिट्ठ ठिई, असुहा जं साऽइसंकिलेसेणं ।**
**इयरा विसोहिओ पुण, मुत्तुं नरअमरतिरियाउं ॥५२॥**

ગાથાર્થ:—સર્વ પણ (સર્વે) કર્મોની ઉત્કૃષ્ટસ્થિતિ અશુભ જાણાય છે, जं=જે કારણથી सा=તે ઉ૦કર્મસ્થિતિ अइसंकिलेसेणं=અધિક અધિક સંક્લેશથી બંધાય છે, पुण=અને इयरा=જઘન્યસ્થિતિ विसोहिओ=વિશુદ્ધિથી બંધાય છે, આ નિયમ મનુષ્યાયુષ્ય, દેવાયુષ્ય અને તિર્યગાયુષ્ય એ ૩ પ્રકૃતિઓ છોડીને જાણવો. (અર્થાત્ એ ૩ પ્રકૃતિઓની ઉ૦સ્થિતિ ઉ૦

વિશુદ્ધિથી અને જઘ૦સ્થિતિ અતિ સંક્લેશથી બંધાય છે, માટે એ ત્રણ કર્મની સ્થિતિ શુભ છે.) ૫૨.

વિશેષાર્થઃ—કર્મની સર્વોત્કૃષ્ટ સ્થિતિ સર્વોત્કૃષ્ટ સંક્લેશવાળા અધ્યવસાયસ્થાનો વડે બંધાય છે. તે ઉત્કૃષ્ટ સ્થિતિ (એક જ પ્રકારની અન્તિમ સ્થિતિ) બાંધવામાં કેવળ એક જ સર્વોત્કૃષ્ટ અધ્યવસાય ઉપયોગી છે એમ નહિ, પરંતુ અસંખ્ય લોકાકાશના આકાશપ્રદેશો જેટલા અધ્યવસાયો વડે તે એક જ સર્વોત્કૃષ્ટ સ્થિતિ એક જીવને જુદા જુદા સમયે અને અનેક જીવને એક સમયે સમકાળે બંધાય છે. એ રીતે દરેક સ્થિતિઓ બાંધવામાં પ્રત્યેક અસંખ્ય અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા અધ્યવસાયો ઉપયોગી થાય છે, જેથી સર્વ જઘન્ય એક જ સ્થિતિ બાંધવામાં પણ અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા અલ્પ સંક્લેશવાળા અધ્યવસાયો ઉપયોગી છે. એ પ્રમાણે કોઈ પણ પ્રકૃતિ શુભ હોય અથવા અશુભ હોય તોપણ તેની ઉત્કૃષ્ટસ્થિતિ ઉત્કૃષ્ટસંક્લેશથી અને જઘન્યસ્થિતિ અલ્પ સંક્લેશથી (વિશુદ્ધિથી) બંધાય છે, માટે સ્થિતિબંધનો સંબંધ સંક્લેશ સાથે હોવાથી સર્વ સ્થિતિબંધ અશુભ ગણાય છે.

## સ્થિતિ અશુભ અને રસ શુભાશુભ

ઉપર કહ્યા પ્રમાણે સ્થિતિઓ સંક્લેશને અનુસરતી હોવાથી અશુભ છે, પરંતુ કર્મનો રસ કેવળ સંક્લેશને જ અનુસરતો નથી, અર્થાત્ કોઈ પણ પ્રકૃતિનો ઉત્કૃષ્ટરસ ઉત્કૃષ્ટસંક્લેશથી અને જઘન્યરસ અલ્પસંક્લેશથી (વિશુદ્ધિથી) બંધાય એવો નિયમ નથી, કારણ કે અશુભપ્રકૃતિનો રસબંધ

સંક્લેશના સંબંધવાળો છે, અને શુભપ્રકૃતિનો રસબંધ વિશુદ્ધિના સંબંધવાળો છે. એ પ્રમાણે સ્થિતિબંધ અને રસબંધમાં હેતભૂત સંક્લેશ વિશુદ્ધિની વિષમતા હોવાથી દરેક સ્થિતિબંધ અશુભ અને કર્મના રસબંધ શુભ તથા અશુભ બંને પ્રકારના છે.

**પ્રશ્ન:**—કર્મની અધિક અધિક સ્થિતિ બાંધવામાં અધિક અધિક સંક્લેશ હેતભૂત હોવાથી સ્થિતિબંધને જેમ અશુભ કહો છો તેમ કર્મની ન્યૂન ન્યૂન સ્થિતિ બાંધવામાં અધિકાધિક વિશુદ્ધિ ઉપયોગી હોવાથી કર્મનો સ્થિતિબંધ વિશુદ્ધિના સંબંધવાળો પણ કેમ નહિ? અને જો વિશુદ્ધિના સંબંધવાળો કહીએ તો કર્મનો રસબંધ જેમ બન્ને પ્રકારનો છે તેમ સ્થિતિબંધ પણ બન્ને પ્રકારનો (સંક્લેશ અને વિશુદ્ધિ બન્નેના સંબંધવાળો કેમ નહીં ?)

**ઉત્તર:**—જગતનો સામાન્ય વ્યવહાર છે કે જે વસ્તુની અધિકાધિક પ્રાપ્તિ થતાં અધિક અધિક આનંદ થાય તે વસ્તુ શુભ-સુંદર-શ્રેષ્ઠ મનાય છે, અને જે વસ્તુ અધિક અધિક શોક ઉપજાવે તો તે વસ્તુ અશુભ-અનિષ્ટ ગણાય છે, તેમ સ્થિતિબંધમાં પણ શુભાશુભતા વિચારતાં અધિક અધિક સ્થિતિબંધ અધિક અધિક સંક્લેશથી હોય છે, માટે અશુભ જ ગણાય છે. [૭૭]

૭૭. આયુષ્ય કર્મ સિવાય સાતેય કર્મોની સ્થિતિ અશુભ જ ગણવામાં આવે છે, તેનું મુખ્ય કારણ સ્થિતિબંધમાં હેતભૂત સંક્લેશ છે. સંક્લેશનું પ્રમાણ વધારે હોય તો સાતેય કર્મની સ્થિતિનું પ્રમાણ વધારે હોય છે. સંક્લેશનું પ્રમાણ ઓછું હોય તો સ્થિતિનું પ્રમાણ પણ ઓછું હોય છે. મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાને વર્તતો અનન્તાનુબંધિ-અનન્તાનુબંધિ સંક્લેશવાળો આત્મા ૭૦ કોડાકોડી, ૪૦ કોડાકોડી,

## ૩ આયુષ્યની સ્થિતિ શુભ

પૂર્વે કહ્યા પ્રમાણે જોકે કર્મોની સ્થિતિઓ અશુભ ગણાય છે, પરન્તુ એ નિયમમાં એટલો અપવાદ છે કે દેવાયુષ્ય-મનુષ્યાયુષ્ય-અને તિર્યંગાયુષ્ય એ ૩ કર્મોની સ્થિતિ (અશુભ નહિ પણ) શુભ છે; કારણ કે એ ૩ કર્મની અધિક અધિક

---

૩૦ કોડાકોડી, ૨૦ કોડાકોડી વગેરે ઉત્કૃષ્ટ સ્થિતિબંધ કરે છે. અને ક્ષપકશ્રેણિમાં નવમા-દશમા ગુણસ્થાનોમાં વર્તતો આત્મા અત્યન્ત મંદ સંજ્વલન-સંજ્વલન સંક્લેશના કારણે અન્તમુહૂર્ત, ૮ મુહૂર્ત, ૧૨ મુહૂર્ત વિગેરે સર્વ જઘન્ય બંધ કર્મસ્થિતિનો કરે છે.

આત્મા જેમ જેમ ઉપર ઉપરના ગુણસ્થાન ઉપર આરોહણ કરતો જાય છે, તેમ તેમ સંક્લેશ ઓછો થતો જાય અને જેટલા પ્રમાણમાં સંક્લેશ ઓછો થાય તેટલા પ્રમાણમાં વિશુદ્ધિ પ્રગટ થતી જાય છે, એ વાત બરોબર છે, પણ એ પ્રગટ થયેલી વિશુદ્ધિના કારણે અલ્પસ્થિતિબંધ થાય છે એ વચન ઔપચારિક છે. પરંતુ ખરી રીતે વિશુદ્ધિ એ સ્થિતિબંધ તેમ જ અન્ય કોઈ પણ બંધનું કારણ નથી. પણ એ વિશુદ્ધિની સાથે અલ્પાધિકતયા જે સંક્લેશ હજુ વિદ્યમાન છે, તે સંક્લેશના કારણે જ અલ્પ કિંવા-અધિક પ્રમાણમાં કર્મનો સ્થિતિબંધ થાય છે, અને સંક્લેશ જો અશુભ છે તો તેના કારણે બંધાતી કર્મસ્થિતિ પણ અશુભ જ ગણાય છે.

બીજું કર્મનો રસ શુભ-અશુભ બન્ને પ્રકારનો હોય અને જ્યારે જ્યારે શુભ-અશુભરસવાળા કર્મનો ઉદય થાય ત્યારે આત્માને સુખ તેમ દુઃખનો અનુભવ થાય, એ વાત સ્પષ્ટ છે. એમ છતાં શુભ અશુભ રસવાળા કર્મના ભોગવટા પ્રસંગે આત્માને સંસારના બંધનમાં તો જ્યાં સુધી સ્થિતિ સત્તા વિદ્યમાન હોય ત્યાં સુધી રહેવું પડે છે. અને આત્માર્થી મહાનુભાવને એ બંધન ઇષ્ટ લાગતું નથી. જેલ

સ્થિતિ બાંધવામાં અધિક અધિક વિશુદ્ધિ એ જ કારણ છે; માટે ‘જેનું કારણ શુભ તે કાર્ય પણ શુભ, અને જેનું કારણ અશુભ તે કાર્ય પણ અશુભ’ એ ન્યાય પ્રમાણે ૩ આયુષ્યની સ્થિતિઓ શુભ છે, અને શેષ [૭૮]૧૧૭ કર્મની સ્થિતિઓ સંક્લેશના સંબંધવાળી હોવાથી (સંક્લેશના કારણવાળી હોવાથી) અશુભ છે.

**પ્રશ્નઃ**—જઘન્યસ્થિતિબંધથી વિચારતાં આગળના અધિક અધિક સ્થિતિબંધ અધિક અધિક સંક્લેશથી બંધાય છે, તો સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધથી વિચારતાં પશ્ચાત્ પશ્ચાત્‌ના ન્યૂન ન્યૂન સ્થિતિબંધ અધિક અધિક વિશુદ્ધિથી બંધાય છે, જેથી મધ્યમના સર્વે સ્થિતિબંધ સંક્લેશથી અને વિશુદ્ધિથી એમ બન્ને પ્રકારે બંધાય છે તો અમુક સ્થિતિબંધ સંક્લેશના કારણવાળો અને તે જ સ્થિતિબંધ પુનઃ વિશુદ્ધિના પણ કારણવાળો કેવી રીતે ?

---

ફર્સ્ટ ક્લાસની હોય કે થર્ડ ક્લાસની હોય પણ જેલનું બંધન કોઈ પણ સુજ્ઞ વ્યક્તિને ઇષ્ટ નથી, તે જ પ્રમાણે શુભ કર્મનું કે અશુભ કર્મનું બંધન મુમુક્ષુ આત્માને અનિષ્ટ લાગે છે, અને એ બંધનનું કારણ સ્થિતિ છે, માટે પણ સ્થિતિ અશુભ છે. આ પ્રમાણે સ્થિતિબંધનું કારણ સંક્લેશ અને સ્થિતિબંધનું કાર્ય (ફળ) સંસારમાં બંધન બન્ને અશુભ હોવાથી શુભકર્મ તેમ જ અશુભકર્મની સ્થિતિ અશુભ જ ગણાય છે.

૭૮. અહીં સ્થિતિબંધના પ્રકરણમાં બંધનો પ્રસંગ હોવાથી બંધપ્રાપ્ત ૧૨૦ પ્રકૃતિની ગણત્રી કરવાની છે. માટે ૩ આયુષ્ય વિના શેષ ૧૧૭ પ્રકૃતિઓ કહી છે.

**ઉત્તર**—વિવક્ષિત (અમુક) સ્થિતિનો બંધ જો તે સ્થિતિબંધથી નીચેના સ્થિતિબંધથી ચઢીને કરતો હોય તો સંક્લેશના કારણવાળો, અને ઉપરના સ્થિતિબંધથી ઉતરીને કરતો–બાંધતો હોય તો વિશુદ્ધિના કારણવાળો જાણવો. સર્વજઘન્ય અને બીજા પણ કેટલાક સ્થિતિબંધ (જઘન્યથી ઉપરના નજીકના મધ્યમ સ્થિતિબંધ) કેવળ [૭૯] વિશુદ્ધિથી જ બંધાય છે, અને સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ કેવળ [૮૦] સંક્લેશથી જ બંધાય છે.

## સ્થિતિબંધ–રસબંધમાં હેતુ સમાન અને શુભાશુભની વિષમતા

**પ્રશ્ન:**—આ પ્રકરણમાં જ આગળ કહેવાતા "ठिइ अणुभागं कसायओ कुणइ (સ્થિતિબંધ અને રસબંધ જીવ કષાયના હેતુથી કરે છે)" એ વચનને અનુસારે સ્થિતિબંધ અને રસબંધનો હેતુ કષાય બન્નેમાં સમાન હોવા છતાં સ્થિતિબંધ અશુભ અને રસબંધ શુભ અને અશુભ બન્ને પ્રકારનો હોય' એ વિષમતા કેમ?

---

૭૯. ક્ષપકશ્રેણિવંત જીવના સ્થિતિબંધ ક્ષપકશ્રેણિથી પડવાના અભાવે કેવળ વિશુદ્ધિના કારણવાળા જાણવા, કે જે સાન્તર અને નિરન્તર બન્ને પ્રકારના સ્થિતિબંધ છે. તથા ઉપશમશ્રેણિમાં પણ ક્ષપકશ્રેણિના સમાન સ્થાને થતા દ્વિગુણ દ્વિગુણ સ્થિતિબંધ દરેક સંક્લેશ અને વિશુદ્ધિ બન્નેના કારણવાળા છે, અને શ્રેણિગતના સ્થિતિબંધો પણ બન્ને કારણવાળા છે.

૮૦. સર્વોત્કૃષ્ટ સ્થિતિબંધ અનુત્કૃષ્ટથી ચઢતો જ હોય છે માટે.

**ઉત્તર:**—જોકે બન્ને બંધમાં કષાય હેતુ છે, પરંતુ કષાયની વૃદ્ધિથી રસની વૃદ્ધિ અશુભપ્રકૃતિઓની જ થાય છે, અને શુભપ્રકૃતિઓનો રસ તો (કષાયની અધિકતાથી) ઘટતો જાય છે, તેમ જ કષાયની મન્દતા વડે અશુભપ્રકૃતિઓનો રસ મન્દ બંધાય છે, અને શુભપ્રકૃતિઓનો રસ અધિક બંધાય છે; માટે રસબંધની હાનિ–વૃદ્ધિમાં કેવળ સંક્લેશ જ કારણ વાળો નથી, પરંતુ વિશુદ્ધિ પણ કારણવાળી છે, માટે રસબંધ શુભ અને અશુભ બન્ને પ્રકારનો છે. પુનઃ સ્થિતિબંધમાં જેમ કેવળ કષાય જ હેતુ છે; તેમ રસબંધમાં કેવળ કષાય જ હેતુ નથી; પરન્તુ શુભાશુભ લેશ્યાઓ[૮૧] પણ રસબંધમાં અનુગત–વ્યાપી છે; તે કારણથી હેતુ સમાન છે એમ માનવું પણ યોગ્ય નથી. ૫૨

**अवतरणः**—પૂર્વગાથામાં સર્વ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ સ્થિતિ ઉત્કૃષ્ટ સંક્લેશ વડે એટલે ઉત્કૃષ્ટ કષાય વડે બંધાય છે એમ કહ્યું, ત્યાં માત્ર કષાયથી જ (ઉત્કૃષ્ટ કષાયથી જ ઉત્કૃષ્ટ) સ્થિતિ બંધાય છે એમ નહિ પરન્તુ ઉત્કૃષ્ટ યોગ સહિત ઉત્કૃષ્ટ કષાય-વડે ઉત્કૃષ્ટ સ્થિતિ બંધાય છે તે કારણથી કયા જીવને કેટલો યોગ હોય? તે સંબંધી અલ્પબહુત્વ આ ગાથામાં દર્શાવાય છે;—

૮૧. અનુભાગઅધ્યવસાયસ્થાનોમાં લેશ્યાઓનો સંબંધ કેવી રીતે છે? તેની સ્પષ્ટતા કર્મપ્રકૃતિ આદિ ગ્રન્થોથી જાણવી. (अनुभागबंधाध्यवसायस्थानानि कृष्णादिलेश्यापरिणामविशेषरूपाणि "सकषायोदया हि कृष्णादिलेश्यापरिणामविशेषा अनुभागबंधहेतवः" इति वचनात्, બંધનકરણ ગાથા ૫૨મીની વૃત્તિ કર્મપ્રકૃતિમાં જ અન્યત્ર પણ એ સંબંધી ચર્ચાવાદ છે.

**सुहुमनिगोयाइखणऽप्पजोग, बायर य विगलअमणमणा ।**
**अपज्ज लहु पढमदुगुरू, पज्ज हस्सियरो असंखगुणो ॥५३॥**

ગાથાર્થ—સૂક્ષ્મનિગોદજીવોને आइखण=પ્રથમ સમયે अप्पजोग=અલ્પયોગ હોય, તે સૂ૦નિગોદના અલ્પયોગથી બાદર એકેન્દ્રિયોનો, ત્રણ વિકલેન્દ્રિયોનો, અસંજ્ઞિનો અને સંજ્ઞિનો એ ૬ અપર્યાપ્ત જીવોનો लहु=જઘન્યયોગ ( અનુક્રમે અસંખ્યગુણો છે), તેથી ( અપર્યાપ્ત સંજ્ઞિના જઘન્યયોગથી ) पढम दु= પહેલા ૨ જીવભેદનો ( =સૂક્ષ્મ નિગોદ અને બાદર એકેન્દ્રિયનો ) गुरू=ઉત્કૃષ્ટયોગ ( અસંખ્યગુણ છે), અને તેથી એ જ ૨ જીવભેદનો पज्ज=પર્યાપ્તનો, हस्स=જઘન્યયોગ તથા ( એ જ ૨ જીવભેદ પર્યાપ્તનો ) इयरो=ઉત્કૃષ્ટયોગ અનુક્રમે અસંખ્યગુણ છે. ૫૩.

विशेषार्थ—અહીં સૂક્ષ્મનિગોદ એટલે લબ્ધિઅપર્યાપ્ત સૂક્ષ્મસાધારણવનસ્પતિકાય જે સમયે સ્વભાવમાં ઉત્પન્ન થાય તે ઉત્પત્તિના પ્રથમ સમયે સર્વથી અલ્પયોગ તે સૂક્ષ્મનિગોદને હોય છે.

**પ્રશ્ન:**-સર્વે લબ્ધિઅપર્યાપ્ત સૂક્ષ્મનિગોદ જીવો ઉત્પત્તિનાં પ્રથમ સમયે સર્વ જઘન્યયોગવાળા જ હોય ? કે અધિક યોગવાળા પણ હોય?

**ઉત્તર:**—ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતા જુદા જુદા લબ્ધિઅપર્યાપ્તસૂક્ષ્મનિગોદ જીવો જુદા જુદા[૮૨] ( અધિક

૮૨. નિગોદના જીવો અનન્ત છે, તેથી અનન્ત ભિન્નતા ન થાય, પરન્તુ એકેક ભિન્નતામાં અનન્ત અનન્ત જીવો વર્તતા હોવાથી પ્રથમ સમયવર્તી યોગની ભિન્નતાઓ અસંખ્ય જ થાય છે.

અધિક ) યોગવાળા પણ હોય છે; પરન્તુ અહીં અલ્પબહુત્વના પ્રસંગમાં સર્વથી અલ્પયોગવાળો હોય તેનો યોગ અહીં ગ્રહણ કરવાનો છે.

એ લબ્ધિઅપર્યાપ્તસૂક્ષ્મ નિગોદના[૮૩] સર્વ જઘન્યયોગથી લબ્ધિઅપર્યાપ્તા બાદરએકેન્દ્રિયોનો જઘન્યયોગ અસંખ્યગુણ છે, તેથી લબ્ધિઅપર્યાપ્ત દ્વીન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણ છે, તેથી લબ્ધિઅપર્યાપ્ત ત્રીન્દ્રિયનો જઘન્યયોગ, તેથી લબ્ધિ-અપર્યાપ્ત ચતુરિન્દ્રિયનો જઘન્યયોગ, તેથી લબ્ધિઅપર્યાપ્ત અસંજ્ઞિ પંચેન્દ્રિયનો જઘન્યયોગ, તેથી લબ્ધિઅપર્યાપ્તસંજ્ઞિ-પંચેન્દ્રિયનો જઘન્યયોગ અનુક્રમે અસંખ્ય અસંખ્યગુણ છે.

લબ્ધિઅપર્યાપ્તસંજ્ઞિ પંચેન્દ્રિયના જઘન્યયોગથી લબ્ધિ-અપર્યાપ્ત સૂક્ષ્મનિગોદનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે, તેથી લબ્ધિઅપર્યાપ્ત બાદર એકેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ, તેથી લબ્ધિ પર્યાપ્ત સૂક્ષ્મનિગોદ જીવનો જઘન્યયોગ અસંખ્યગુણ, તેથી લબ્ધિપર્યાપ્તબાદરએકેન્દ્રિયનો જઘન્યયોગ અસંખ્યગુણ, તેથી લબ્ધિપર્યાપ્તસૂક્ષ્મનિગોદનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ, તેથી લબ્ધિપર્યાપ્તબાદરએકેન્દ્રિયનો ઉત્કૃષ્ટયોગ અસંખ્યગુણ છે.

## યોગનું સંક્ષિપ્ત સ્વરૂપ.

વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમભાવથી તથા ક્ષાયિકભાવથી

૮૩. જ્યાં જ્યાં જઘન્યયોગ કહેવાનો હોય ત્યાં ત્યાં ભવપ્રથમ-સમયવર્તી જીવનો જઘન્યયોગ ગણવો, કારણ કે પર્યાપ્તઅવસ્થાનો યોગ અપર્યાપ્ત અવસ્થાના યોગથી અવશ્ય અસંખ્યગુણ હોય છે.

(એટલે વીર્યાન્તરાયકર્મ સર્વથા ક્ષય પામવાથી) પ્રગટ થએલું જે વીર્ય એટલે જીવશક્તિ તે **લબ્ધિવીર્ય** કહેવાય છે. એ વીર્યાન્તરાયના ક્ષયથી ઉત્પન્ન થયેલું ક્ષાયિકભાવનું વીર્ય જોકે અયોગી મહાત્માઓને તથા શ્રી સિદ્ધપરમાત્માઓને પણ હોય છે. પરંતુ તે વીર્ય અહીં યોગ તરીકે ગણાય નહીં; કારણ કે અહીં તો જે લેશ્યાવંત જીવનું કરણ વીર્ય તે જ योग તરીકે ગણવું. જેથી સલેશી જીવનું જે કરણ વીર્ય તે योग, એ અર્થ સર્વથા યોગ્ય છે. પુનઃ એ ક્ષાયોપશમિકભાવનું અથવા ક્ષાયિકભાવનું સલેશ્યવીર્ય મન, વચન અને કાયાના અવલંબનથી પ્રવર્તે છે, માટે તે સલેશ્યવીર્યરૂપ યોગના મનોયોગ, વચન–યોગ અને કાયયોગ એ ત્રણ ભેદ ગણાય છે; તથા ક્ષાયોપશમિકયોગ अभिसंधिज (વ્યક્તબુદ્ધિપૂર્વક દોડવું, વળગવું તે) અને अनभिसंधिज (દેહાન્તર્ગત થતી અભ્યન્તર ક્રિયાઓ કે જે બુદ્ધિપૂર્વક કરવાની નથી, તેમ જ એકેન્દ્રિયાદિક અસંજ્ઞિની બાહ્યક્રિયાઓ તે) એમ ૨ પ્રકારનો છે. ત્યાં એકેન્દ્રિયાદિ જીવોના બાહ્યવ્યાપાર તથા ધાતુપરિણામ આદિ અભ્યન્તર–વ્યાપાર કર્મગ્રહણ, શરીરાદિની રચના, આહારગ્રહણ, ઇત્યાદિ સર્વે વ્યાપાર અનભિસંધિ જ યોગરૂપ છે. તથા સંજ્ઞિજીવોની પણ દેહાભ્યન્તરવર્તી સૂક્ષ્મક્રિયાઓ ધાતુપરિણામ, કર્મગ્રહણ, શરીરાદિની રચના, લોમાહારગ્રહણ ઇત્યાદિ વ્યાપારો સંજ્ઞિજીવોનો **અનભિસંધિજ** યોગ છે; અને બુદ્ધિપૂર્વક ઊઠવું, બેસવું, ચાલવું ઇત્યાદિ **અભિસંધિજ** યોગ છે. આ સર્વ યોગનું બીજું નામ सकरणयोग (મન–વચન–કાયારૂપ કરણથી પ્રવર્તતો યોગ) છે.


## યોગના ભેદ-પ્રતિભેદ સ્થાનો

સૂક્ષ્મલબ્ધિઅપર્યાપ્ત નિગોદને ભવના પ્રથમ સમયે જે જઘન્ય યોગ છે, તે પહેલું યોગસ્થાન છે; તેથી કિંચિત્અધિક યોગવાળા બીજા એ જ જીવને (બીજા સૂક્ષ્મલબ્ધિ અપર્યાપ્ત નિગોદને) બીજું યોગસ્થાન (ભવના પ્રથમ સમયે) હોય છે. એ પ્રમાણે અનેક સૂક્ષ્મલબ્ધિ અપર્યાપ્ત નિગોદ જીવોને આશ્રયી ભવના પ્રથમ સમયે કિંચિત્ વિશેષાધિક વિશેષાધિકની તરતમતાવાળાં અસંખ્ય યોગસ્થાનો હોય છે. તે રીતે બીજા સમયમાં પણ અસંખ્ય યોગસ્થાનો હોય છે, યાવત્ અપર્યાપ્તાપણાની અવસ્થાના સમયો જેટલાં અસંખ્ય અસંખ્ય યોગસ્થાનો કે જે શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં કેવળ અપર્યાપ્તાવસ્થામાં જ વર્તનારાં છે, તેથી આગળનાં યોગસ્થાનો પર્યાપ્ત અવસ્થામાં વર્તનારાં તે પણ શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશ જેટલાં છે. યાવત્ સર્વે યોગસ્થાનોની ગણત્રી પણ શ્રેણિના (એકેક આકાશપ્રદેશની ૭ રજ્જુ દીર્ઘપંક્તિના) અસંખ્યાતમા ભાગમાં રહેલા આકાશપ્રદેશો જેટલી જ છે. એ પ્રમાણે યોગસ્થાનો અથવા યોગના ભેદ અસંખ્ય છે.

## યોગપ્રવૃત્તિનો કાળ

અપર્યાપ્તપ્રાયોગ્ય અસંખ્ય યોગસ્થાનોમાંનું કોઈ પણ ૧ યોગસ્થાન જઘન્યથી અથવા ઉત્કૃષ્ટથી ૧ સમય જ પ્રવર્તે છે, અને પર્યાપ્તઅવસ્થાપ્રાયોગ્ય યોગસ્થાનોમાંના પ્રથમનાં અસંખ્ય યોગસ્થાનો ઉત્કૃષ્ટથી ૪ સમય, ત્યાર પછીનાં અસંખ્ય યોગ-

સ્થાનો ૫ સમય, ત્યારબાદનાં અસંખ્ય યોગસ્થાનો ૬ સમય, ત્યારબાદનાં અસંખ્ય યોગસ્થાનો ૭ સમય, ત્યારબાદનાં અસંખ્ય યોગસ્થાનો ૮ સમય, ત્યારબાદનાં અસંખ્ય યોગસ્થાનો ૭ સમય–ઇત્યાદિ રીતે યાવત્ સર્વોત્કૃષ્ટ અસંખ્ય યોગસ્થાનો ૨ સમય સુધી વર્તે છે, અને સર્વે જઘન્યથી ૧ સમય વર્તે છે. તેની અંકસ્થાપના—




योगकाळनो यव

આ યોગયવ છે, કારણ કે પ્રથમનાં યોગસ્થાનો અધિક અધિક સમયની સ્થિતિવાળાં છે, અને ૮ સામયિક સ્થાનોની ઉપરનાં ન્યૂન ન્યૂન સમયની સ્થિતિવાળાં છે, અને યવનો આકાર પણ પ્રારંભથી મધ્યભાગ સુધી ચઢતો, તથા મધ્યથી પર્યંત ભાગ સુધી ઉતરતો ઉતરતો હોય છે. તેથી આ ચઢતા–ઉતરતા સમયોની પણ યવના આકારે ( અથવા વજ્રના આકારે ) સ્થાપના થાય છે. એ યોગયવના જે ૧–૪–૫ ઇત્યાદિ ૧૨ ભાગ છે, તે બાર વિભાગમાંના દરેક વિભાગમાં શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં અસંખ્ય અસંખ્ય યોગસ્થાનો છે.

## યોગના અવિભાગ [ યોગાણુઓ ]

સર્વજઘન્યયોગવાળા લબ્ધિઅપર્યાપ્ત સૂક્ષ્મનિગોદને ઉત્પત્તિના પ્રથમ સમયે જે અતિ અલ્પયોગ છે, તે યોગ અસંખ્ય સ્પર્ધકોવાળો છે, અને તે દરેક સ્પર્ધકમાં અસંખ્ય

અસંખ્ય વર્ગણાઓ છે, તે દરેક વર્ગણામાં અસંખ્ય લોકાકાશના આકાશપ્રદેશ જેટલા યોગાણુ (એટલે યોગના અવિભાજ્ય વિભાગસૂક્ષ્મ અંશો) છે. દરેક સ્પર્ધક અનુક્રમે અધિક અધિક વર્ગણાઓવાળું છે. એ પ્રમાણે સર્વથી પહેલું જઘન્ય યોગસ્થાન છે, જેથી સર્વ જઘન્યયોગવાળા સૂક્ષ્મલબ્ધિઅપર્યાપ્ત-નિગોદના આત્માના સર્વજઘન્યયોગાણુવાળા એક પ્રદેશમાં પણ જે સર્વ જઘન્ય યોગ છે, તે યોગના બુદ્ધિથી અત્યંત સૂક્ષ્મ અંશો કલ્પીએ તો અસંખ્યલોકાકાશના પ્રદેશો જેટલા છે. અર્થાત્ સર્વજઘન્યયોગવાળા એક જ આત્મપ્રદેશમાં અસંખ્યલોકના આકાશપ્રદેશ જેટલા યોગાણુ–યોગાંશ છે, અને તેટલા જ સરખી સંખ્યાયુક્ત યોગાણુવાળા આત્મપ્રદેશો (ઘનીકૃતલોકના અસંખ્યતમા ભાગમાં રહેલા અસંખ્ય પ્રતરોના આકાશ પ્રદેશો જેટલા) અસંખ્ય હોય છે.

## योग વર્ગણાઓ

ઉપર કહ્યા પ્રમાણે સમાન સંખ્યાવાળા યોગાણુઓ યુક્ત અસંખ્ય આત્મપ્રદેશો તે પ્રથમ (સર્વજઘન્ય) योगवर्गणा, તેથી એક યોગાણુ અધિક અસંખ્ય આત્મપ્રદેશો તે દ્વિતીય યોગ-વર્ગણા, તેથી એક યોગાણુ અધિક અસંખ્ય આત્મપ્રદેશો તે ત્રીજી યોગવર્ગણા. એ પદ્ધતિએ યાવત્ (શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલી) અસંખ્ય યોગવર્ગણાઓ કહેવી.

## योग સ્પર્ધકો

ઉપર કહ્યા પ્રમાણે અસંખ્ય યોગવર્ગણાઓનો સમુદાય તે प्रथमयोगस्पर्धक કહેવાય. અહીંથી આગળ એકેક યોગાણુ

અધિક આત્મપ્રદેશો હોતા નથી; પરંતુ અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા અધિક યોગાણુઓવાળા આત્મપ્રદેશો હોય છે, તેથી તેટલા યોગાણુવાળા અસંખ્ય આત્મપ્રદેશોનો સમુદાય તે દ્વિતીય સ્પર્ધકની પહેલી વર્ગણા, તેથી ૧ યોગાણુ અધિક અસંખ્ય આત્મપ્રદેશોની (બીજાસ્પર્ધકની) બીજી વર્ગણા; એ પ્રમાણે એકેક યોગાણુ અધિક અધિક (શ્રેણિના અસંખ્યાતમા ભાગમાં કહેલા આકાશપ્રદેશો જેટલી) અસંખ્ય યોગવર્ગણાઓનું દ્વિતીય સ્પર્ધક છે. એ પ્રમાણે યોગસ્પર્ધકો શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં અસંખ્ય કહેવાં.

## योग स्थान

પૂર્વે કહેલાં (શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં) અસંખ્ય યોગસ્પર્ધકોનો સમુદાય તે प्रथम योगस्थान અથવા सर्वजघन्ययोगस्थान છે. સર્વજઘન્યયોગવાળા સૂક્ષ્મલબ્ધિ અપર્યાપ્તનિગોદને ભવના પ્રથમ સમયે એ જ સર્વજઘન્ય યોગસ્થાન હોય છે. આ સર્વજઘન્યયોગસ્થાનના છેલ્લા સ્પર્ધકની છેલ્લી યોગવર્ગણામાં જેટલા યોગાણુ છે, તેટલા યોગાણુઓથી ૧ યોગાણુ ૨ યોગાણુ ઇત્યાદિ અધિક અધિક યોગવાળો કોઈ જીવ અથવા કોઈ જીવના જીવપ્રદેશો હોતા નથી; પરંતુ અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલાં અધિક યોગાણુવાળો કોઈ સૂક્ષ્મલબ્ધિઅપર્યાપ્તભવના પ્રથમ સમયમાં વર્તતો નિગોદ જીવ (સર્વજઘન્યયોગવાળાથી કિંચિત્ અધિક યોગવાળો બીજો નિગોદ જીવ) હોય છે. તેથી તેના આત્માના તેટલા યોગાણુ અધિક (ઘનીકૃતલોકના અસંખ્યાતમાં ભાગના પ્રતરોમાં રહેલાં આકાશપ્રદેશો જેટલા—અથવા એ જ જીવના પોતાના આત્મ-

પ્રદેશોથી અસંખ્યાતમા ભાગ જેટલા) અસંખ્ય આત્મ-પ્રદેશોનો સમુદાય તે બીજા યોગસ્થાનના પહેલા સ્પર્ધકની પહેલી યોગવર્ગણા જાણવી. ત્યારબાદ એકેક યોગાણુ અધિક અધિક અસંખ્ય વર્ગણાઓ અને સ્પર્ધકની પરિપાટી પ્રમાણે અસંખ્ય અસંખ્ય વર્ગણાઓવાળાં શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં સ્પર્ધકો કહેવાં; તેટલાં યોગસ્પર્ધકોનો સમુદાય (જે બીજા કિંચિત્ અધિક યોગવાળાં સૂક્ષ્મ નિગોદજીવને પ્રથમ સમયે પ્રવર્તે છે) તે બીજું योगस्थान છે. એ પરિપાટીથી યોગસ્થાનો પણ શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં અસંખ્યાત છે.

ઇત્યાદિ યોગનું સવિસ્તર સ્વરૂપ અન્ય ગ્રંથોથી જાણવા યોગ્ય છે. ૫૩.

अवतरण—પૂર્વગાથામાં એકેન્દ્રિયોના સર્વે યોગ તથા દ્વીન્દ્રિયાદિક અપર્યાપ્તનો જઘન્યયોગ કહ્યો, અને હવે આ ગાથામાં દ્વીન્દ્રિયાદિકના શેષ સર્વે યોગભેદનું અલ્પબહુત્વ કહે છેઃ—

**असमत्ततसुक्कोसो, पज्ज जहन्नियरु एव ठिइठणा ।**
**अपजेयर संखगुणा, परमपजबिए असंखगुणा ।। ५४ ।।**

गाथार्थः—असमत्त=અપર્યાપ્ત तस=દ્વીન્દ્રિયાદિનો उक्कोसो=ઉત્કૃષ્ટ યોગ (અનુક્રમે અસંખ્યગુણ છે), તથા पज्ज=દ્વીન્દ્રિયાદિ પર્યાપ્તનો जहन्न=જઘન્યયોગ તેમ જ પર્યાપ્ત દ્વીન્દ્રિયાદિનો इयरु=ઉત્કૃષ્ટયોગ તે અનુક્રમે અસંખ્યગુણ છે. જે રીતે એ યોગનું અલ્પબહુત્વ કહ્યું તે રીતે જ ठिइठाणा=સ્થિતિસ્થાનો પણ अपजेयर=અપર્યાપ્ત અને પર્યાપ્તા ભેદોમાં संखगुणा=

સંખ્યાતગુણ કહેવાં, परं=પરંતુ अपजबिए=માત્ર અપર્યાપ્ત દ્વીન્દ્રિયમાં असंखगुणा=અસંખ્યગુણ સ્થિતિસ્થાનો કહેવાં. ૫૪.

विशेषार्थः—આ ગાથામાં કહેલું યોગનું અલ્પબહુત્વ તથા પૂર્વગાથામાં કહેલું યોગનું અલ્પબહુત્વ તે બન્ને તેમ જ સર્વ જીવભેદપ્રત્યે સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ આ દર્શાવતા કોષ્ઠકને અનુસારે જાણવું; તથા કહેવાતી યોગની અસંખ્યગુણતા તે સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમના અસંખ્યાતમા ભાગના ગુણાકારથી જાણવી.

## જીવસ્થાનોમાં યોગનું અલ્પબહુત્વ.

| જીવસ્થાનો | યોગ | અલ્પ વા અધિક ? |
|---|---|---|
| અપ૦ સૂક્ષ્મ એકેન્દ્રિયનો | જઘન્યયોગ | સર્વથી અલ્પ |
| ,, બાદર એકેન્દ્રિયનો | ,, | અસંખ્યગુણ |
| ,, દ્વીન્દ્રિયનો | ,, | ,, |
| ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| અપર્યાપ્ત ચતુરિન્દ્રિયનો | ,, | ,, |
| ,, અસંજ્ઞિ પંચેન્દ્રિયનો | ,, | ,, |
| ,, સંજ્ઞિ પંચેન્દ્રિયનો | ,, | ,, |
| ૮૪સૂ૦ અપ૦ એકેન્દ્રિયનો | ઉત્કૃષ્ટયોગ | ,, |
| બા૦ ,, ,, | ,, | ,, |

૮૪. સૂક્ષ્માર્થવિચારસારોદ્ધારમાં સૂક્ષ્મ અપર્યાપ્તથી સૂ૦પર્યાપ્તનો યોગ સંખ્યાતગુણો, અને બા૦એકે૦અપર્યાપ્તના યોગથી બા૦એકે૦-પર્યાપ્તનો યોગ અસંખ્યાતગુણહીન કહ્યો છે. ગા. ૮૮ ની વૃત્તિમાં.

| જીવસ્થાનો | યોગ | અલ્પ વા અધિક? |
|---|---|---|
| સૂ૦ પર્યા૦ એકેન્દ્રિનો | જઘન્યયોગ | અસંખ્યગુણ |
| બા૦ પર્યા૦ ,, | ,, | ,, |
| સૂ૦ પર્યા૦ ,, | ઉત્કૃષ્ટયોગ | ,, |
| ૮૪બા૦ પર્યા૦ ,, | ,, | ,, |
| અપર્યા૦ દ્વીન્દ્રિયનો | ,, | ,, |
| ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| ,, ચતુરિન્દ્રિયનો | ,, | ,, |
| અપર્યાપ્ત અસંજ્ઞિ પંચે૦નો | ,, | ,, |
| ,, સંજ્ઞિ પંચે૦નો | ,, | ,, |
| પર્યાપ્ત દ્વીન્દ્રિયનો | જઘન્યયોગ | ,, |
| ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| પર્યાપ્ત ચતુરિન્દ્રિયનો | જઘન્યયોગ | અસંખ્યગુણ |
| ,, અસંજ્ઞિ પંચે૦ નો | ,, | ,, |
| ,, સંજ્ઞિ પંચેન્દ્રિયનો | ,, | ,, |
| ,, દ્વીન્દ્રિયનો | ઉત્કૃષ્ટયોગ | ,, |
| ,, ત્રીન્દ્રિયનો | ,, | ,, |
| ,, ચતુરિન્દ્રિયનો | ,, | ,, |
| ,, અસંજ્ઞિ પંચે૦નો | ,, | ,, |
| અનુત્તર દેવનો | ,, | ,, |
| ગ્રૈવેયક દેવનો | ,, | ,, |

| | | |
|---|---|---|
| યુગલિકોનો | ઉત્કૃષ્ટયોગ | અસંખ્યગુણ |
| આહારક શરીરનો | " | " |
| [૮૫]શેષ દેવોનો | | |
| નારકોનો | | |
| શેષ તિર્યંચોનો | " | " |
| શેષ મનુષ્યોનો | | |

ઉપર કહેલા યોગના અલ્પબહુત્વ પ્રમાણે અપર્યાપ્ત અને પર્યાપ્ત જીવસ્થાનોમાં સ્થિતિસ્થાનોનું પણ અલ્પબહુત્વ સંખ્યગુણ કહેવું, પરંતુ અપર્યાપ્તદ્વીન્દ્રિયમાં અસંખ્યગુણ કહેવું તેનું કોષ્ઠક આ પ્રમાણે:—

| | | | |
|---|---|---|---|
| અપર્યાપ્ત સૂક્ષ્મ એકેન્દ્રિયના | સ્થિતિસ્થાનો | સર્વથી અલ્પ | [૮૬]પલ્યો- |
| " બાદર " | " | સંખ્યાતગુણ | પમના અસંખ્યા- |
| પર્યાપ્ત સૂક્ષ્મ " | " | " | તમા ભાગ |
| " બાદર " | " | " | જેટલા |
| અપર્યાપ્ત દ્વીન્દ્રિયનાં | " | અસંખ્યાતગુણ[૮૭] | |
| પર્યાપ્ત " | " | સંખ્યાતગુણ[૮૮] | |

૮૫. અહીં શેષ દેવો, સર્વે નારક, શેષ તિર્યંચો અને શેષ મનુષ્યોનો અનુક્રમે ઉત્કૃષ્ટયોગ સ્પષ્ટ કહેલો નથી તેથી અહીં પણ સામાન્યથી ચારેનો એકત્ર કહ્યો છે.

૮૬. કારણ કે એકેન્દ્રિયોના જઘન્યસ્થિતિબંધથી ઉત્કૃષ્ટસ્થિતિબંધ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલો અધિક છે તેથી તેટલા સમયો પ્રમાણ સ્થિતિસ્થાનો હોય છે.

૮૭-૮૮. કારણ કે દ્વીન્દ્રિયના જઘન્યસ્થિતિબંધથી દ્વીન્દ્રિયનો

| | | |
|---|---|---|
| અપર્યાપ્ત ત્રીંદ્રિયનાં | સ્થિતિસ્થાને | સંખ્યાતગુણ |
| પર્યાપ્ત ,, | ,, | ,, |
| અપર્યાપ્ત ચતુરિન્દ્રિયનાં | ,, | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |
| અપર્યાપ્ત અસંજ્ઞિપંચે૦ નાં | ,, | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |
| અપર્યાપ્ત સંજ્ઞિપંચે૦ નાં | ,, | ,, |
| પર્યાપ્ત ,, | ,, | ,, |

અહીં એકેન્દ્રિયનાં સ્થિતિબંધસ્થાનો પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલાં છે, તેટલામાં જ એ ચારે એકેન્દ્રિયોના સ્થિતિસ્થાનોના અલ્પબહુત્વનો સમાવેશ થાય છે, અને દ્વીન્દ્રિયાદિ જીવોનાં સ્થિતિબંધ સ્થાનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલાં તોપણ ક્રમશઃ સંખ્યાતગુણ સંખ્યાતગુણ અધિક છે એમ જાણવું, અને સંજ્ઞિપંચેદ્રિયનાં સ્થિતિસ્થાનો તો ૨૦ કોડાકોડિ સાગરોપમ ઇત્યાદિ ઉત્કૃષ્ટ સ્થિતિબંધમાંથી અન્તર્મુહૂર્તાદિ જઘન્ય સ્થિતિબંધ બાદ કરે તેટલાં લગભગ સ્થિતિ બંધસ્થાનો છે જેથી સર્વત્ર સંખ્યગુણતા પ્રાપ્ત થાય છે.

અથવા કોઈ પણ જીવભેદ આશ્રયી વિચારીએ તો તે જીવના જઘન્યસ્થિતિબંધથી તે જીવના ઉત્કૃષ્ટસ્થિતિબંધ સુધીમાં

---

ઉત્કૃષ્ટસ્થિતિબંધ પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો અધિક છે અને તે પલ્યોપમનો સંખ્યાતમો ભાગ એકેન્દ્રિયના પલ્યાસંખ્યેય ભાગ (જેટલા સ્થિતિસ્થાનો) થી અસંખ્ય ગુણ મોટો છે.

જેટલા સમયો આવે તેટલા સમયો પ્રમાણ તે જીવનાં સ્થિતિબંધસ્થાનો જાણવા અને તે પ્રમાણે ઉપરનું અલ્પબહુત્વ યથાસંભવ વિચારવું.

अवतरण:—પૂર્વગાથામાં યોગનું અલ્પબહુત્વ સ્વામિદ્વારા કહ્યું, તેમ જ યોગના પ્રસંગમાં સમાન વક્તવ્ય હોવાથી સ્થિતિસ્થાનોનું અલ્પબહુત્વ પણ ૧૪ જીવભેદ આશ્રયી કહ્યું. હવે તે યોગસ્થાનોમાં વર્તતા અપર્યાપ્ત ( કરણ અપર્યાપ્ત ) જીવોને પ્રતિસમય યોગની અસંખ્યગુણવૃદ્ધિ જ હોય તે દર્શાવીને યોગપ્રસંગે કહેલા સ્થિતિસ્થાનોના બંધહેતુભૂત અધ્યવસાયો ( એટલે કઈ સ્થિતિ કેટલા અધ્યવસાયો વડે બંધાય? તે ) પણ આ ગાથામાં કહેવાય છે.

**पइखणमसंखगुणविरिय, अपजपइठिइमसंखलोगसमा ।**
**अज्झवसाया, अहिया सत्तसु आउसु असंखगुणा ।।५५।।**

गाथार्थ—अपज=અપર્યાપ્ત જીવો पइखण=પ્રતિસમય असंखगुण विरिय=અસંખ્યગુણ વીર્યવાળા યોગવાળા હોય છે ॥ इति योगवृद्धिः ॥ अथ स्थितिबंधे अध्यवसायाः—પ્રત્યેક સ્થિતિમાં ( ના ) અસંખ્ય લોકાકાશ જેટલા અધ્યવસાયો છે. તેમાં સાત કર્મને વિષે પ્રત્યેક સ્થિતિમાં અનુક્રમે અધિક અધિક અધ્યવસાયો છે, અને આયુષ્યમાં પ્રત્યેક સ્થિતિને વિષે અનુક્રમે અસંખ્યગુણ અધ્યવસાયો છે.

विशेषार्थ—સર્વ યોગસ્થાનો ( ઘનીકૃત લોકની એક આકાશપ્રદેશની પંક્તિ જે ૭ રજ્જુ દીર્ઘ હોય છે તે સૂચિશ્રેણિ કહેવાય, તે સૂચિશ્રેણિના અસંખ્યાતમા ભાગમાં જેટલા

આકાશપ્રદેશો છે તેટલાં અર્થાત્ ) અસંખ્યાત છે, તે યોગસ્થાનો-માંના કોઈ પણ એક યોગસ્થાનમાં વર્તતો જીવ ઉત્કૃષ્ટથી ૮ સમય સુધી અને જઘન્યથી ૧ સમય રહીને એટલે તે જ યોગસ્થાનમાં ટકીને ત્યારબાદ તે યોગસ્થાનથી ખસીને અન્ય યોગસ્થાનમાં જાય, તેની વિધિ તથા કાળ આ પ્રમાણે—

## યોગની હાનિ–વૃદ્ધિ

પર્યાપ્તપ્રાયોગ્ય વિવક્ષિત યોગસ્થાનમાં વર્તતો જીવ તે યોગસ્થાનમાં વર્તવાનો કાળ સમાપ્ત થતાં તુર્ત જ અનન્તર સમયે ઉતરતા યોગસ્થાનમાં આવે તો અસંખ્યભાગહીન, સંખ્યભાગહીન, સંખ્યગુણહીન અથવા અસંખ્યગુણહીન એ ૪ પ્રકારની યોગહાનિમાંથી કોઈ પણ એક હાનિવાળા એક યોગ-સ્થાનમાં આવે, અને જો ચઢતા યોગસ્થાનમાં જાય તો અસંખ્યભાગ અધિક, સંખ્યભાગ અધિક, સંખ્યગુણ અધિક, અસંખ્યગુણ અધિક એ ૪ પ્રકારની યોગવૃદ્ધિમાંના કોઈ પણ એક વૃદ્ધિવાળા એક યોગસ્થાનમાં આવે. એ પ્રમાણે યોગ-સ્થાનોમાં ૪ પ્રકારની હાનિ તથા ૪ પ્રકારની વૃદ્ધિ હોય છે, પરંતુ યોગસ્થાનો અનન્ત ન હોવાથી અનન્તભાગહાનિ તથા અનન્તગુણહાનિયુક્ત ૬ પ્રકારની હાનિ અને અનન્તભાગવૃદ્ધિ તેમ જ અનન્તગુણવૃદ્ધિ યુક્ત ૬ પ્રકારની વૃદ્ધિ નથી.

## યોગની હાનિ–વૃદ્ધિનો કાળ

| | હાનિકાળ | | વૃદ્ધિ | |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| અપર્યાપ્ત યોગ૦માં (અસંખ્યગુણવૃદ્ધિવડે) | ૦ | ૦ | ૦ | અન્તર્મુહૂર્ત |

**(પર્યાપ્ત પ્રાયોગ્ય યોગસ્થાનોમાં હાનિવૃદ્ધિ કાળ)**

| | | | |
|---|---|---|---|
| અસંખ્યભાગ હાનિ અને વૃદ્ધિ | ઉત્કૃષ્ટતઃ આવલિકાનો અસંખ્યાતમો ભાગ | જઘન્યથી ૧ સમય |
| સંખ્યભાગ ,, ,, | | |
| સંખ્યગુણ ,, ,, | | |
| અસંખ્યગુણ ,, ,, | અન્તર્મુહૂર્ત | ,, |

એ પ્રમાણે અપર્યાપ્ત યોગસ્થાનોમાં તો જીવ પ્રતિસમય વૃદ્ધિ પામતો અન્તર્મુ૦ સુધી એટલે અપર્યાપ્ત અવસ્થા સમાપ્ત થાય ત્યાં સુધી આગળ આગળનાં અસંખ્યગુણ-અસંખ્યગુણ વૃદ્ધિવાળાં યોગસ્થાનોમાં જ ચઢતો રહે છે, પરંતુ યોગસ્થાનથી નીચેના યોગસ્થાનમાં આવતો નથી, તેમ જ એક યોગસ્થાનમાં ૧ સમયથી વધુ કાળ ટકતો નથી. અને પર્યાપ્તપ્રાયોગ્ય યોગસ્થાનોમાં તો ઉપર કોષ્ઠકમાં દર્શાવ્યા પ્રમાણે અસંખ્ય-ગુણહાનિ અથવા વૃદ્ધિમાં પ્રત્યેકમાં અન્તર્મુહૂર્ત સુધી વર્તે છે. (યોગસ્થાનો પ્રતિસમય બદલતો રહે છે), અને શેષ ૩ હાનિ અથવા ૩ વૃદ્ધિમાં આવલિકાના અસંખ્યાતમા ભાગ સુધી વર્તે છે. (યોગસ્થાનો પ્રતિસમય બદલાય છે.) इति योगः ।

એ પ્રમાણે પ્રસંગપ્રાપ્ત યોગનું કિંચિત્ સ્વરૂપ કહીને હવે કર્મના સ્થિતિબંધમાં હેતુભૂત અધ્યવસાયનું સ્વરૂપ કહે છે—

## પ્રત્યેક કર્મનાં અસંખ્ય સ્થિતિ (બંધ) સ્થાનો

જે કર્મનો જેટલો જઘન્ય સ્થિતિબંધ (અન્તર્મુ૦ અથવા ૮ મુહૂર્ત અથવા ૧૨ મુહૂર્ત અથવા અંતઃકોડાકોડિ સાગ-

રોપમ ઇત્યાદિ) છે, તે જઘન્યસ્થિતિબંધ પહેલું સ્થિતિસ્થાન, તેથી ૧ સમય અધિક (કર્મબંધ) તે બીજું સ્થિતિબંધ સ્થાન, તેથી ૧ સમય અધિક કર્મબંધ તે ત્રીજું સ્થિતિબંધ સ્થાન. એ પ્રમાણે એકેક સમય અધિક અધિક સ્થિતિસ્થાનો યાવત્ પોતપોતાનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ આવે ત્યાં સુધી કહેવાં. જેથી જ્ઞાનાવરણીય કર્મના સ્થિતિબંધસ્થાનો અન્તમુહૂર્તથી ૨૦ કોડાકોડિ સાગરોપમ સુધીમાં વચ્ચેના જેટલા સમયભેદ આવે તેટલાં અસંખ્ય જાણવા એ પ્રમાણે દરેક કર્મના અસંખ્ય અસંખ્ય સ્થિતિસ્થાનો છે. અહીં એક સમયમાં બંધાતી જે સ્થિતિ તે એક સ્થિતિબંધસ્થાન કહેવાય છે.

## પ્રત્યેક સ્થિતિબંધના અસંખ્ય લોક પ્રમાણ અધ્યવસાય

ઉપર કહ્યા પ્રમાણે જે એકેક કર્મનાં અસંખ્ય સ્થિતિસ્થાનો છે, તે દરેક સ્થિતિસ્થાન બાંધવામાં (તેટલો સ્થિતિબંધ બાંધવામાં) કેવળ એકેક અધ્યવસાય–પરિણામ ઉપયોગી નથી, પરંતુ અસંખ્ય લોકાકાશના જેટલા પ્રદેશ તેટલા અસંખ્યાત અધ્યવસાયો (જીવના કષાયજન્ય પરિણામો) ઉપયોગમાં આવે છે, જેથી અન્તર્મુહૂર્ત માત્ર કર્મસ્થિતિ કોઈ જીવ અમુક અધ્યવસાયથી બાંધે તો કોઈ જીવ અન્ય અધ્યવસાયથી બાંધે તો કોઈ ત્રીજો જીવ ત્રીજા અધ્યવસાયથી બાંધે, એ પ્રમાણે ભિન્નભિન્ન અસંખ્ય અધ્યવસાયો વડે પણ સ્થિતિબંધ એકસરખો તેનો તે જ હોય છે.[૮૯]

૮૯. એક જ સ્થિતિ બાંધવામાં અસંખ્ય અધ્યવસાયો હેતુભૂત છે તેનો અર્થ એમ નહિ કે એક જ સમયમાં તેટલા સર્વ

## ૮ કર્મોના સ્થિતિસ્થાનોમાં અધ્યવસાયની (હીનાધિક) સંખ્યા

પ્રત્યેક સ્થિતિસ્થાનમાં અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા (સ્થિતિબંધના હેતુભૂત) અધ્યવસાયો કહ્યા, પરંતુ દરેક સ્થિતિસ્થાનમાં સરખી સંખ્યાવાળા છે કે ન્યૂનાધિક સંખ્યાવાળા છે? તેનો ઉત્તર આ પ્રમાણે—

આયુષ્ય સિવાયના ૭ કર્મના સ્થિતિબંધના સ્થાનોમાં અનુક્રમે વિશેષાધિક અને આયુષ્યના સ્થિતિબંધસ્થાનોમાં અનુક્રમે અસંખ્યગુણ અધ્યવસાયો છે. તે આ પ્રમાણે—જ્ઞાનાવરણીયના (અન્તર્મુ૦ પ્રમાણ) પહેલા (સર્વ જઘન્ય) સ્થિતિસ્થાનમાં સર્વથી અલ્પ (તોપણ અસંખ્યલોકના આકાશ-પ્રદેશ જેટલા) અધ્યવસાયો છે, તેથી સમયાધિક બીજા સ્થિતિસ્થાનમાં વિશેષાધિક (દ્વિગુણથી ઓછા), તેથી સમયાધિક ત્રીજા સ્થિતિસ્થાનમાં વિશેષાધિક, એ પ્રમાણે યાવત્ ૨૦ કો૦ કો૦ સાગરોપમના પર્યન્ત સ્થિતિસ્થાન સુધી ક્રમશઃ અધિક અધિક અધ્યવસાયો છે, અને એ પ્રમાણે યથાસંભવ શેષ ૬ કર્મના પ્રત્યેક સ્થિતિસ્થાનોમાં પણ અધ્યવસાયોની વિશેષાધિકતા કહેવી. તથા આયુષ્યના (૨૫૬ આવલિકા પ્રમાણ અથવા ૧૦૦૦૦ વર્ષ પ્રમાણનાં) સર્વજઘન્ય (પહેલા) સ્થિતિબંધપ્રાયોગ્ય જે અસંખ્ય લોકના પ્રદેશપ્રમાણ અધ્યવ-

અધ્યવસાયો મળીને તે એક સ્થિતિ બંધાય છે, પરંતુ એક જીવને એક સમયમાં તો સ્થિતિબંધનો એક જ અધ્યવસાય હોય, એક સમયમાં એક જીવને બે અથવા બેથી અધિક અધ્યવસાય કોઈ રીતે પણ ન હોય.

સાયો છે તેથી સમયાધિક બીજા સ્થિતિસ્થાનમાં અસંખ્યગુણ અધ્યવસાય, અને તેથી સમયાધિક ત્રીજા સ્થિતિસ્થાનમાં અધ્યવસાય અસંખ્યગુણ છે, એ પ્રમાણે ક્રમશ: ૩ પલ્યોપમના અથવા ૩૩ સાગરોપમના પર્યંત સ્થિતિસ્થાન સુધી અસંખ્ય ગુણ અસંખ્યગુણ અધ્યવસાયો જાણવા. પ્રત્યેક સ્થિતિસ્થાનના અધ્યવસાયો સર્વથા ભિન્ન ભિન્ન છે. પરંતુ એક અધ્યવસાય અન્ય સ્થિતિબંધમાં ઉપયોગી નથી. અહીં આયુષ્યના જઘન્ય સ્થિતિબંધમાં શેષ કર્મના જઘન્યસ્થિતિબંધની અપેક્ષાએ પ્રથમથી જ અતિન્યૂન (ઘણા જ અલ્પ) અધ્યવસાયસ્થાનો છે, માટે દ્વિતીયાદિ સ્થિતિબંધમાં અસંખ્યગુણ અસંખ્યગુણ અધ્યવસાયો પ્રાપ્ત થાય છે.

## સ્થિતિબંધના અધ્યવસાય તે શું?

કર્મની સ્થિતિ બાંધવામાં કારણભૂત જે કષાયનો અંશ તે કષાયાંશનું નામ અધ્યવસાય છે. અનુભાગબંધમાં પણ જો કે કારણભૂત કષાય કહ્યો છે, તોપણ ત્યાં કષાયાનુગત લેશ્યા ભેદ અનુભાગબંધનો હેતુ છે. અને અહીં કેવળ કષાય જ હેતુ છે. વળી સ્થિતિબંધનો હેતુ જે કષાયાત્મક અધ્યવસાય તેનો પ્રવૃત્તિકાળ ઉત્કૃષ્ટથી અંતર્મુ૦ છે, અને અનુભાગના હેતુરૂપ અધ્યવસાયનો પ્રવૃત્તિકાળ યોગવત્ ઉત્કૃષ્ટથી ૮ સમયનો છે. ઇત્યાદિ રીતે સ્થિતિના અધ્યવસાયોમાં અને અનુભાગના અધ્યવસાયોમાં તફાવત છે. ૫૫.

अवतरण—પૂર્વગાથામાં પ્રત્યેક સ્થિતિબંધમાં સ્થિતિના અધ્યવસાયો કહીને હવે ૪૧ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અબન્ધકાળ

(=बंधविरह)પંચેન્દ્રિયને વિષે પ્રાપ્ત થાય છે તે અબન્ધકાળ જે રીતે સંભવે છે તે રીતે કહેવાય છે;—

**तिरिनिरयतिजोयाणं, नरभवजुय सचउपल्ल तेसट्ठं ।**
**थावरचउइगविगलायवेसु, पणसीइसयमयरा ।। ५६ ।।**

ગાથાર્થ—તિર્યંચત્રિક, નરકત્રિક અને ઉદ્યોત એ ૭ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધવિરહ મનુષ્ય ભવો સહિત તેમ જ ૪ પલ્યોપમ સહિત तेसट्ठं=૧૬૩ સાગરોપમ છે. તથા સ્થાવર-ચતુષ્ક, એકેન્દ્રિય, વિકલેન્દ્રિય ૩ અને આતપ એ ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ બંધવિરહ पणसीइसयं=૧૮૫ अयरा=સાગરોપમ છે. (ગાથામાં तेसट्ठ જ છે તોપણ એકસો ત્રેસઠ જાણવા.)

વિશેષાર્થ—તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી, તિર્યંચઆયુષ્ય, નરકગતિ, નરકાનુપૂર્વી, નરકાયુષ્ય અને जोयाणं=ઉદ્યોત એ ૭ પ્રકૃતિઓનો બંધવિરહ ઉત્કૃષ્ટથી ૧૬૩ સાગરોપમ ૪ પલ્યોપમ અને ૭ પૂર્વક્રોડવર્ષ સુધી છે. તે આ પ્રમાણે;–

કોઈક જીવ ૩ પલ્યોપમના ઉત્કૃષ્ટઆયુષ્યપૂર્વક યુગલિક મનુષ્ય અથવા તિર્યંચ થાય, (તો ત્યાં કેવળ દેવપ્રાયોગ્ય પ્રકૃતિઓ જ બંધાય છે તેથી એ ૭ પ્રકૃતિઓ ન બંધાય) ત્યાર બાદ તે યુગલિકભવમાં ભવપર્યંતે અન્તર્મુહૂર્તવાર સમ્યક્ત્વ પામી[૯૦] ૧ પલ્યોપમની સ્થિતિવાળો સૌધર્મ દેવ થાય, ત્યાં

૯૦. યુગલિક મનુષ્ય અથવા તિર્યંચ પોતાના આયુષ્ય જેટલા આયુષ્યવાળા અથવા ઓછા આયુષ્યવાળા દેવલોકમાં ઉત્પન્ન થાય છે, તો અહીં ત્રણ પલ્યોપમને બદલે ૧ પલ્યોપમ આયુષ્યવાળા દેવમાં જ ઉત્પન્ન થવાનું કેમ કહ્યું ? તેની સમજ શ્રી બહુશ્રુતગમ્ય.

પણ સમ્યક્ત્વ હોવાથી એ ૭ પ્રકૃતિઓ ન બંધાય, ત્યાંથી પુનઃ સમ્યક્ત્વ સહિત મનુષ્યમાં ઉત્પન્ન થઈ ચારિત્ર પાલન કરી નવમા ગ્રૈવેયકે ૩૧ સાગરોપમના આયુષ્યવાળો દેવ થાય, ત્યાં ઉત્પન્ન થતાં જ અંતર્મુહૂર્ત બાદ મિથ્યાદૃષ્ટિ[૯૧] થઈ આયુષ્યના છેલ્લા અન્તર્મુહૂર્તમાં સમ્યગ્દૃષ્ટિ થઈ મનુષ્યમાં ઉત્પન્ન થઈ સર્વવિરતિ ચારિત્ર પાલન કરી સમ્યક્ત્વ સહિત વિજયાદિ ચાર અનુત્તરમાંના કોઈ પણ અનુત્તરવિમાનમાં ઉત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમના આયુષ્યથી (વચ્ચે મનુષ્યભવ કરવા-પૂર્વક) બે વાર ઉત્પન્ન થઈ ક્ષયોપશમ સમ્યક્ત્વનો સાધિક ૬૬ સાગરોપમ જેટલો ઉત્કૃષ્ટ કાળ પૂર્ણ કરે. ત્યારબાદ મનુષ્યભવમાં અન્તર્મુ૦ મિશ્રદૃષ્ટિ[૯૨] થઈ પુનઃ ક્ષયોપ૦ સમ્યગ્દૃષ્ટિ થઈ દેશવિરતિ અથવા સર્વવિરતિના પાલનપૂર્વક

---

૯૧. અહીં મિથ્યાદૃષ્ટિ થાય એવો નિયમ નથી, તોપણ આગળ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ પૂરવા માટે મિથ્યાદૃષ્ટિપણું ગ્રહણ કરવાની જરૂર છે.

૯૨. આ બંધવિરહમાં ગ્રૈવેયક તથા છઠ્ઠી નરકમાં મિથ્યાદૃષ્ટિપણું (૨ અન્તર્મુ૦ ન્યૂન સંપૂર્ણ ભવપર્યન્ત) છે તોપણ ભવપ્રત્યયથી જ એ પ્રકૃતિઓનો અબંધ છે; તથા ગ્રૈવેયક અને અનુત્તરમાં ઉત્પન્ન થનાર મનુષ્યને સર્વવિરતિની પરિપાલના અને અચ્યુતમાં ઉત્પન્ન થનાર મનુષ્યને દેશવિરતિની પરિપાલના જાણવી.

તથા ક્ષયોપશમ સમ્યક્ત્વનો ઉત્કૃષ્ટ કાળ પૂર્ણ થયે બીજો ઉત્કૃષ્ટ કાળ સાંધવા માટે વચ્ચે મિશ્ર સમ્યક્ત્વની પ્રાપ્તિરૂપ અંતર કહ્યું છે તે કર્મગ્રંથના અભિપ્રાયથી છે. સિદ્ધાન્તમાં સમ્યક્ત્વથી મિશ્રમાં ગમન માન્યું નથી.

(વચ્ચે વચ્ચે મનુષ્યભવ કરવાપૂર્વક) ૩ વાર અચ્યુત દેવલોકમાં ઉત્કૃષ્ટ ૨૨ સાગરોપમના આયુષ્ય સહિત ઉત્પન્ન થઈ ક્ષયોપ૦ સમ્યક્ત્વનો ૬૬ સાગરોપમનો કાળ બીજીવાર પૂર્ણ કરે. એ પ્રમાણે (૩૧+૬૬+૬૬=) ૧૬૩ સાગરોપમ ૪ પલ્યોપમ (અને વચ્ચે વચ્ચે થતા મનુષ્યભવ ૭ ના), પૂર્વક્રોડ વર્ષ સુધી એ ૭ પ્રકૃતિઓ બંધાતી નથી, માટે ઉત્કૃષ્ટ બંધ-વિરહકાળ એ પ્રમાણે કહ્યો છે.

સ્થાવરચતુષ્કાદિ ૯ પ્રકૃતિઓનો ૧૮૫ સાગરોપમ આદિ બંધવિરહ આ પ્રમાણેઃ—

કોઈક જીવ છઠ્ઠી નરક પૃથ્વીમાં ૨૨ સાગરોપમ સુધી એ ૯ પ્રકૃતિઓ ભવપ્રત્યયથી ન બાંધીને પર્યન્તે અન્તર્મુ૦ સમ્યક્ત્વ પામી મનુષ્યમાં ઉત્પન્ન થઈ, દેશવિરતિ પાલન કરી, ચાર પલ્યોપમવાળો સૌધર્મદેવ થઈ, સમ્યક્ત્વ સહિત મનુષ્ય થઈ, સંયમ પાલન કરી, નવમા ગ્રૈવેયકમાં ૩૧ સાગરોપમ આયુષ્યપૂર્વક દેવ થાય, ત્યાં પ્રારંભમાં જ અન્તર્મુ૦ બાદ મિથ્યાદૃષ્ટિ થઈ પુનઃ ભવપર્યન્તે અન્તર્મુ૦ વાર સમ્યગ્દૃષ્ટિ થઈ સમ્યક્ત્વ સહિત મનુષ્યમાં આવી સંયમ પાલન કરી પૂર્વોક્ત રીતે ૨ વાર વિજયાદિકમાં જઈ ત્યારબાદ ૩ વાર અચ્યુતમાં જઈ ક્ષયોપશમસમ્યક્ત્વનો ૬૬ સાગરોપમ કાળ ૨ વાર પૂર્ણ કરે તો એ ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટબંધવિરહ થાય.

**પ્રશ્નઃ**—આ સાગરોપમની પૂર્તિવાળા અબંધકાળમાં વારં-વાર પ્રથમ વિજયાદિકમાં ૨ વાર જઈ આવી ત્યારબાદ ૩ વાર અચ્યુતે જવા કહ્યું તે કેમ બને? કારણ કે વિજયાદિ ૪

અનુત્તરના દેવો દ્વિચરમાઃ એટલે વિજયાદિમાં બેવાર જઈ આવ્યા બાદ મુક્તિ પામનારા હોય છે અર્થાત્ દ્વિ-અવતારી હોય છે, અને સર્વાર્થસિદ્ધના દેવો એકાવતારી કહ્યા છે, જેથી અનન્તરના મનુષ્યભવમાં મુક્તિ જ પામી શકે.

**ઉત્તર:**—કર્મગ્રંથાદિ અનેક ગ્રંથોની વૃત્તિઓમાં તથા કેટલાક ગ્રંથોની મૂળ ગાથાઓમાં ઉપર પ્રમાણે પ્રથમ ૨ વાર વિજયાદિકમાં ગયા બાદ ત્રણ વાર અચ્યુતે જવાનો ક્રમ દર્શાવ્યો છે. અને ક્વચિત સ્થાને થમ ૩ વાર અચ્યુતમાં જઈ ત્યારબાદ ૨ વાર વિજયાદિકમાં જવાનો ક્રમ પણ દર્શાવ્યો છે; માટે વિજયાદિ ૪ વિમાનના દેવોનું દ્વિચરમત્વ સર્વથા એકાન્ત નહિ હોય એમ પણ સંભવે છે. સર્વાર્થસિદ્ધના એકાવતારી માટે તો કર્મગ્રંથાદિકમાં પણ ભિન્ન માન્યતા નથી. સત્ય શ્રી બહુશ્રુતગમ્ય. ૫૬.

**अपढमसंघयणागिइ, खगईअणमिच्छदुभगथीणतिगं ।**
**निय नपु इत्थि दुतीसं, पणिदिसु अबंधठिइ परमा ।।५७।।**

ગાથાર્થઃ–અપ્રથમ સંઘયણ અને અપ્રથમ આકૃતિ–સંસ્થાન (એટલે વજ્રર્ષભનારાચ સિવાયનાં ૫ સંઘયણ, અને સમચતુરસ્ર સિવાયનાં ૫ સંસ્થાન), અપ્રથમ ખગતિ (=પહેલી શુભવિહાયોગતિ સિવાયની બીજી અશુભવિહાયોગતિ), અનન્તાનુબંધિ ૪, મિથ્યાત્વ, દૌર્ભાગ્યત્રિક (દૌર્ભાગ્ય, દુઃસ્વર, અનાદેય), સ્ત્યાનર્ધિત્રિક, નીચગોત્ર, નપુંસકવેદ અને સ્ત્રીવેદ એ ૨૫ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ અબંધકાળ પંચેન્દ્રિયોને વિષે ૧૩૨ સાગરોપમ હોય છે. ૫૭.

**વિશેષાર્થ :**—આ ૨૫ પ્રકૃતિઓ અસમ્યગ્દૃષ્ટિને બંધાય છે, પરન્તુ સમ્યગ્દૃષ્ટિ બાંધતો નથી, ને સમ્યગ્દૃષ્ટિપણાનો કાળ બે છાસઠ સાગરોપમ જેટલો છે તે કારણથી એ ૨૫ પ્રકૃતિઓનો બંધવિરહ પણ મિશ્રસમ્યક્ત્વ યુક્ત (બે છાસઠ ૧૩૨ સાગરોપમ અને મનુષ્યના ભવો અધિક હોવાથી ૬ મનુષ્યભવના) ૬ પૂર્વક્રોડવર્ષ જેટલો છે. બે છાસઠ સાગરોપમની પદ્ધતિ પૂર્વગાથાના અર્થમાં કહ્યા પ્રમાણે બે વાર વિજયાદિકમાં જવાથી પ્રથમ ૬૬, અને ત્રણ વાર અચ્યુતમાં જવાથી બીજી વાર ૬૬ સાગરોપમ પ્રમાણે જાણવી.

એ પ્રમાણે ૪૧ પ્રકૃતિઓનો બંધવિરહ સંજ્ઞિપંચેન્દ્રિય આશ્રયી પ્રાપ્ત થાય છે, પરન્તુ સર્વ જીવોને આશ્રયી પૂર્વોક્ત ઉત્કૃષ્ટબંધવિરહ નથી. સર્વ જીવ આશ્રયી તો એ ૪૧ પ્રકૃતિઓ પણ બંધવિરહ રહિત છે.

**પ્રશ્ન:**—શેષ પ્રકૃતિઓનો કોઈ પણ જીવ આશ્રયી બંધવિરહકાળ છે કે નહિ, અને જો બંધવિરહકાળ નથી તો તે શેષ (૭૯) પ્રકૃતિઓ દરેક જીવ આશ્રયી સતતબંધ–નિરન્તર બંધવાળી છે?

**ઉત્તર:**—અહીં જે ૪૧ પ્રકૃતિઓનો બંધવિરહ કહ્યો છે તે પ્રકૃતિઓ જે જે સમ્યગ્દૃષ્ટિ પંચેન્દ્રિય જીવોને સર્વથા અબંધયોગ્ય છે, તે તે જીવોને આશ્રયી તે પ્રકૃતિઓનો બંધવિરહ કહ્યો છે, અને શેષ [૯૩] ૪૦ પ્રકૃતિઓ મિથ્યાદૃષ્ટિ જીવને સર્વથા

૯૩. ૧ વજ્રર્ષભનારાચ ૩ દેવત્રિક
૧ સમચતુરસ્ર ૧ પંચેન્દ્રિય

અબંધયોગ્ય હોય તેવી નથી માટે તેનો બંધવિરહ પણ કહ્યો નથી. ૫૭.

**अवतरण**—પૂર્વે ૨ ગાથાઓમાં કહેલા ૪૧ પ્રકૃતિઓના અબંધકાળમાં જે ૭ પ્રકૃતિઓનો સાધિક ૧૬૩ સાગરોપમ, ૯ પ્રકૃતિઓનો સાધિક ૧૮૫ સાગરોપમ અને ૨૫ પ્રકૃતિઓનો સાધિક ૧૩૨ સાગરોપમ ઉત્કૃષ્ટ અબંધકાળ કહ્યો, તે કાળ કેવી

---

| | |
|---|---|
| ૨ વેદનીય | ૩ શરીર |
| ૧ પુરુષવેદ | ૧ શુભખગતિ |
| ૪ હાસ્યાદિ | ૧૦ ત્રસદશક |
| ૩ મનુષ્યત્રિક | ૧ જિનનામ આ ૪૦ પ્રકૃતિઓ છે. |
| ૨ અસ્થિર-અશુભ | ૧ ઉચ્છ્વાસ |
| ૧ અયશઃ | ૧ પરાઘાત |
| | ૧ ગોત્ર ( ઉચ્ચ ) |
| | ૩ ઉપાંગ |

એ ૪૦ પ્રકૃતિઓના અબંધકાળની વિવક્ષા કરી નથી, ૪૧ પ્રકૃતિઓનો અબંધકાળ કહ્યો છે, અને શેષ ૩૯ પ્રકૃતિ ધ્રુવબંધી છે (જોકે ૪૭ ધ્રુવબંધી છે તોપણ ૪ અનંતા૦ ૧ મિથ્યા૦ અને ૩ થિણદ્ધિ એ ૮ ધ્રુવબંધીનો અબંધકાળ કહ્યો છે તેથી શેષ ૩૯ ધ્રુવબંધી) તેનું ધ્રુવબંધીપણું સમ્યગ્દષ્ટિને પણ હોવાથી અબંધકાળ ન હોય.

તથા ૪૦ પ્રકૃતિઓનો અબંધકાળ ન કહેવાનું કારણ એ કે ૪૦ પ્રકૃતિઓ પણ સંજ્ઞિપંચેન્દ્રિય સમ્યગ્દષ્ટિઓને સર્વથા અબંધ-બંધ-પ્રાયોગ્ય નથી, તેમ જ જિનનામકર્મ સિવાયની સર્વે મિથ્યાદષ્ટિઓને પણ બંધપ્રાયોગ્ય છે. ( જિનનામ કર્મ કોઈક સમ્યગ્દષ્ટિને જ બંધ-પ્રાયોગ્ય છે. )

રીતે પૂર્ણ થાય? તે (કાળ પૂરવાનો ઉપાય) તથા सततबंध નો પ્રારંભ આ ગાથામાં દર્શાવાય છે;—

**विजयाइसु गेविज्जे, तमाइ दहिसय दुतीस तेसट्ठं ।**
**पणसीइ सयय बंधो, पल्लुतिगं सुरविउव्विदुगे ॥ ५८ ॥**

गाथार्थः—વિજયાદિક (અનુત્તર વિમાન) માં ગયેલા જીવને दुतीससय उदहि ૧૩૨ સાગરોપમ થાય છે, ગ્રૈવેયકમાં ગયેલા જીવને ૧૬૩ સાગરોપમ થાય અને તમ:પ્રભા છઠ્ઠી નરકપૃથ્વીમાં પણ ગયેલા જીવને ૧૮૫ સાગરોપમ અબંધકાળ થાય છે. इति अबंधकालः ।

अथ सततबंधः—હવે સતતબંધના સંબંધમાં વિચારીએ તો દેવદ્વિક વૈક્રિયદ્વિક એ ૪ પ્રકૃતિનો સતતબંધ ૩ પલ્યોપમ સુધી હોય છે. ૫૮.

विशेषार्थः—પૂર્વે ૨ ગાથાઓના વિશેષાર્થમાં કહેવાયો છે ત્યાંથી જાણવો. અહીં તેનું સંક્ષિપ્ત કોષ્ઠક દર્શાવાશે, તથા ૩ પલ્યોપમના આયુષ્યવાળા યુગલિકો દેવયોગ્યપ્રકૃતિઓ વિના બીજી પ્રકૃતિઓ બાંધતા નથી માટે દેવદ્વિક અને દેવદ્વિક સાથે બંધાતી વૈક્રિયદ્વિક એ ૪ પ્રકૃતિનો सततबंध (એટલે અવિચ્છિન્નબંધ–અખંડબંધ–નિરન્તરબન્ધ–પ્રતિસમયબંધ) ૩ પલ્યોપમ સુધી હોય છે અને પરાવર્ત્તમાન પ્રકૃતિ હોવાથી જઘન્ય ૧ સમય હોય છે.

૧૮૫ આદિ સાગરોપમ (મનુષ્યાદિ ભવોની પૂર્તિ સહિત) ની પૂર્તિનું સંક્ષિપ્ત કોષ્ઠક આ પ્રમાણે—

| ૧૮૫ સાગરોપમ | | ૧૬૩ સાગરોપમ | | ૧૩૨ સાગરોપમ | |
|---|---|---|---|---|---|
| સ્થાન | આયુષ્ય | સ્થાન | આયુષ્ય | સ્થાન | આયુષ્ય |
| છઠ્ઠી પૃથ્વીમાં | ૨૨ સા૦ | યુગલિક | ૩ પલ્યો૦ | ૦ | ૦ |
| મનુષ્ય | પૂર્વ ક્રોડ | સૌ૦ દેવ | ૧ પલ્યો૦ | ૦ | ૦ |
| સૌધર્મકલ્પે | ૯૪પલ્યો૦૪ | ૦ | ૦ | ૦ | ૦ |
| મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ | ૦ | ૦ |
| નવમગ્રૈવે૦ | ૩૧ સા૦ | નવમગ્રૈવે૦ | ૩૧ સા૦ | ૦ | ૦ |
| મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ |
| વિજયાદિમાં | ૩૩ સા૦ | વિજયાદિમાં | ૩૩ સા૦ | વિજયાદિ | ૩૩ સા૦ |
| મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ |
| વિજયાદિમાં | ૩૩ સા૦ | વિજયાદિમાં | ૩૩ સા૦ | વિજયાદિ | ૩૩ સા૦ |
| મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ |
| અચ્યુતે | ૨૨ સા૦ | અચ્યુતે | ૨૨ સા૦ | અચ્યુતે | ૨૨ સા૦ |
| મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ |
| અચ્યુતે | ૨૨ સા૦ | અચ્યુતે | ૨૨ સા૦ | અચ્યુતે | ૨૨ સા૦ |
| મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ |
| અચ્યુતે | ૨૨ સા૦ | અચ્યુતે | ૨૨ સા૦ | અચ્યુતે | ૨૨ સા૦ |
| મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ | મનુષ્ય | પૂર્વ ક્રોડ |
| મુક્તિઃ | | મુક્તિઃ | | મુક્તિઃ | |

૯૪. અહીં યુગલિકના ૩ પલ્યોપમ અને સૌધર્મકલ્પમાં ૧ પલ્યોપમ ગણીને પણ ૪ પલ્યોપમ યશઃસોમસૂરિકૃત ટબામાં કહ્યા છે અને કર્મગ્રંથ વૃત્તિમાં ઉપર પ્રમાણે છે.

**समयादसंखकालं, तिरिदुगनीएसु आउ अंतमुहू।**
**उरलि असंख परट्टा, सायठिई पुव्वकोडूणा ॥५९॥**

ગાથાર્થઃ—તિર્યંચદ્વિક અને નીચગોત્ર એ ૩ પ્રકૃતિઓનો સતતબંધ જઘન્ય ૧ સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ (અસંખ્ય કાળચક્ર) સુધી છે. આયુષ્ય ૪ નો સતતબંધ (જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ) અન્તર્મુહૂર્ત સુધી છે. ઔદારિક શરીરનો સતતબંધ અસંખ્ય પુદ્ગલપરાવર્ત (અનંતકાળ) સુધી છે અને સાતાવેદનીયનો સતતબંધ દેશોનપૂર્વક્રોડ વર્ષ પ્રમાણ છે. ૫૯.

વિશેષાર્થ—તિર્યંચગતિ, તિર્યંચાનુપૂર્વી અને નીચગોત્રનો નિરંતર બન્ધ જઘન્યથી ૧ સમય સુધી અને ઉત્કૃષ્ટથી અસંખ્યકાલ-ચક્ર પ્રમાણ છે, કારણ કે અગ્નિકાય અને વાયુકાય, એ બે એકેન્દ્રિયો ભવસ્વભાવથી જ કેવળ તિર્યંચગતિ યોગ્ય પ્રકૃતિઓ બાંધે છે અને એ બે એકેન્દ્રિયોની કાયસ્થિતિ (અગ્નિકાયપણે અથવા વાયુકાયપણે વારંવાર ઉપજવા-મરવાનો સતત કાળ) અસંખ્ય ઉત્સર્પિણી અવસર્પિણી જેટલો છે, અર્થાત્ અસંખ્યઉત્સર્પિણી અવસર્પિણી સુધી વાયુકાયપણું, અગ્નિકાયપણું કાયમ રહે છે, ત્યાંસુધી એ[૯૫] ૩ પ્રકૃતિઓ જ બંધાય છે માટે એ ૩ પ્રકૃતિઓનો સતતબંધ અસંખ્યકાળ કહ્યો છે.

૯૫. નીચગોત્રનો બંધ તિર્યંચગતિના બંધ સાથે ધ્રુવ-અવશ્ય હોય છે. માટે નીચગોત્રનો પણ સતતબંધ તિર્યંચદ્વિક સાથે તિર્યંચદ્વિક જેટલો જ કહ્યો છે.

૪ આયુષ્યના બંધ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી પણ અન્તર્મુહૂર્ત સુધી જ હોય છે માટે આયુષ્યનો સતતબંધકાળ અન્તર્મુ૦ છે.

તથા અનાદિકાળથી જે જીવો સૂક્ષ્મએકેન્દ્રિય છે તે અવ્યવહારરાશિ અને તેમાંથી નીકળી બાદરએકેન્દ્રિયાદિપણે લોકવ્યવહારમાં ઓળખાણ તરીકે પ્રાપ્ત થયેલા બાદર એકેન્દ્રિયયાદિ જીવો તે વ્યવહારરાશિ વાળા કહેવાય, એ વ્યવહારરાશિને પ્રાપ્ત થયેલા ત્રસ જીવો પુનઃ સૂક્ષ્મએકેન્દ્રિયમાં અથવા બાદરએકેન્દ્રિયમાં જઈ ઉત્પન્ન થાય તો એકેન્દ્રિય-પણામાં આવલિકાના અસંખ્યાતમાં ભાગના સમયો જેટલા અસંખ્ય પુદ્ગલપરાવર્ત કાળ સુધી રહે છે અને તેટલા કાળ સુધી વૈક્રિય અને આહારકશરીરનો બંધ હોય નહિ, પરન્તુ કેવળ ઔદારિક નામકર્મનો જ બંધ હોય છે, તે કારણથી ઔદારિક નામકર્મ નો સતતબંધકાળ અસંખ્ય પુદ્ગલપરાવર્ત્ત એટલે અનંતકાળ જેટલો કહ્યો છે અને જઘન્યથી ૧ સમય સુધી કહ્યો છે. ત્યારબાદ બીજે સમયે વૈક્રિયશરીર નામકર્મનો બંધ અસંજ્ઞી તથા સંજ્ઞી પંચેન્દ્રિયને સંભવે છે.

તથા આઠ વર્ષની વયવાળો મનુષ્ય સર્વવિરતિચારિત્ર અંગીકાર કરી નવમા વર્ષે કેવળજ્ઞાન પામી યાવત્ (પૂર્વક્રોડ વર્ષનું આયુષ્ય હોવાથી) ૮ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ સુધી કેવલિપર્યાય પાળી મુક્તિ પામે, ત્યાં કેવળીભગવંતને શાતા-વેદનીય નિરન્તર બંધાય છે, બીજી કોઈપણ કર્મપ્રકૃતિ તે વખતે બંધાતી નથી તેથી શાતાવેદનીય નો સતત બંધ કેવલિપર્યાય-

આશ્રયી દેશોન (૮ વર્ષ ન્યૂન) પૂર્વક્રોડ વર્ષ જેટલો કહ્યો છે, અને જઘન્ય સતતબંધ ૧ સમય સુધી છે. બીજે સમયે છદ્મસ્થને પરાવૃત્તિથી અસાતા બંધાય છે; જે જીવોને સાતા-અસાતા બેનો બંધ હોય છે તે સર્વ જીવોને એ બે પ્રકૃતિઓ અન્તર્મુહૂર્ત્ત અન્તર્મુહૂર્ત્ત બદલાઈને બંધાય છે, પરન્તુ સાતા અથવા અસાતા અન્તર્મુ૦ થી અધિક કાળ બંધાતી નથી. કારણ કે પરાવર્તમાન પ્રકૃતિ છે. ૫૯.

**जलहिसयं पणसीयं, परघुस्सासे पणिंदि तसचउगे ।**
**बत्तीसं सुहविहगइ, पुमसुभगतिगुच्चचउरंसे ।। ६० ।।**

गाथार्थः—પરાઘાત-ઉચ્છ્વાસ-પંચેન્દ્રિય-ત્રસચતુષ્ક એ ૭ પ્રકૃતિઓનો સતતબંધ ૧૮૫ સાગરોપમ (મનુષ્યના ભવ અને ૪ પલ્યોપમ સહિત) છે, તથા શુભ વિહાયોગતિ-પુરુષવેદ-સૌભાગ્યત્રિક (સૌભાગ્ય-સુસ્વર-આદેય) ઉચ્ચગોત્ર અને સમચતુરસ્ર સંસ્થાન એ ૭ પ્રકૃતિઓનો સતતબંધ સાધિક ૧૩૨ સાગરોપમ સુધી છે. ૬૦.

विशेषार्थ—પૂર્વે ૫૬ મી ગાથામાં ૯ પ્રકૃતિઓનો અબંધ-કાળ ૧૮૫ સાગરોપમ, ૪ પલ્યોપમ અને પૂર્વક્રોડવર્ષપૃથક્ત્વ (૮ પૂર્વક્રોડવર્ષ) જે રીતે કહ્યો છે, તે રીતે જ પરાઘાત આદિ ૭ પ્રકૃતિઓનો સતતબંધ કહેવો, કારણ કે આ પ્રકૃતિ-ઓની વિપક્ષ-વિરોધી પ્રકૃતિઓનો જેટલો અબંધકાળ તેટલો જ આ પ્રકૃતિઓનો સતત બંધકાળ જાણવો. અહીં પરાઘાત અને ઉચ્છ્વાસ આ બે પ્રકૃતિઓ પર્યાપ્તયોગ્ય પ્રકૃતિઓ બંધાય તે વખતે જ અવશ્ય બંધાય છે, અને ૧૮૫ સાગરોપમાદિ કાળ

વખતે દેવ મનુષ્ય અને નારક અવશ્ય પર્યાપ્તયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે, તેથી એ બે પ્રકૃતિઓનો સતતબંધકાળ પણ ૧૮૫ સાગરોપમ ઇત્યાદિ છે, અને જઘન્યથી ૧ સમય સુધી બંધાય છે.

તથા સ્થાવરચતુષ્કની વિરોધી અહીં ત્રસચતુષ્ક છે, એકેન્દ્રિયાદિની વિરોધી અહીં પંચેન્દ્રિય પ્રકૃતિ છે, માટે સ્થાવરચતુષ્કાદિ ૧૮૫ સાગરોપમાદિ કાળ સુધી જ્યારે ન બંધાય ત્યારે તેની વિરોધી એ ત્રસચતુષ્કાદિ જ બંધાય, તેથી એ ૭ વિરોધી પ્રકૃતિઓનો સતતબંધ ૧૮૫ સાગરોપમ ઇત્યાદિ છે અને જઘન્યથી ૧ સમય છે.

તથા ૫૭ મી ગાથામાં શુભવિહાયોગતિ આદિ, સાત પ્રકૃતિઓની વિરોધી અશુભ વિહાયોગતિ આદિ પ્રકૃતિઓનો ૧૩૨ સાગરોપમ અને ૬ પૂર્વક્રોડ વર્ષ જે અબંધકાળ જ્યાં સુધી હોય છે ત્યાં સુધી શુભવિહાયોગતિ આદિ ૭ પ્રકૃતિઓ જ બંધાય છે, તેથી આ ૭ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ સતતબંધ ૧૩૨ સાગરોપમ અને ૬ પૂર્વક્રોડ વર્ષ ૫૭ મી ગાથામાં કહેલા અબંધકાળની પદ્ધતિ પ્રમાણે વિચારવો. આ ૭ પ્રકૃતિઓનો પણ જઘન્યબંધકાળ ૧ સમય છે. ૬૦.

**[૯૬]असुखगइजाइआगिइ–संघयणाहारनरयजोयदुगं ।**

**थिरसुभजसथावरदस,–नपुइत्थीदुजुयलमसायं ।।६१।।**

गाथार्थः—અશુભખગતિ, અશુભજાતિ ૪, અશુભઆકૃતિ ૫, અશુભસંઘયણ ૫, આહારકદ્વિક, નરકદ્વિક, ઉદ્યોતદ્વિક, સ્થિર, શુભ, યશ, સ્થાવરાદિ ૧૦, નપુંસકવેદ, સ્ત્રીવેદ, ૨ યુગલ

---

૯૬. असुह–ઇતિ પાઠાંતરે ॥

( હાસ્યાદિ ૪ ) અને અશાતા એ ૪૧ પ્રકૃતિઓનો સતતબંધકાળ ( એક સમયથી ) અન્તર્મુહૂર્ત છે, તે સંબંધ આગળની ૬૨ મી ગાથા સાથે છે. ૬૧.

विशेषार्थ :—સંબંધ ૬૨ મી ગાથાના વિશેષાર્થમાં, પરન્તુ અશુભજાતિ ૪ એટલે એકે૦ દ્વિ૦ ત્રી૦ ચતુ૦, ઉદ્યોતદ્વિક = ઉદ્યોત, આતપ. ૬૧.

**समयादंतमुहुत्तं, मणुदुगजिणवइरउरलुवंगेसु ।**
**तित्तीसयरा परमो, अंतमुहु लहू वि आउजिणे ॥ ६२ ॥**

गाथार्थ :—( ૬૧ મી ગાથામાં કહેલી ૪૧ પ્રકૃતિઓનો નિરન્તર બન્ધકાળ ) જઘન્ય ૧ સમયથી પ્રારંભીને ઉત્કૃષ્ટતઃ અન્તર્મુહૂર્ત સુધીનો છે, તથા મનુષ્યદ્વિક, જિનનામ, વજ્રર્ષભ૦ સંઘયણ, ઔદારિક ઉપાંગ એ પ્રકૃતિનો परमो = ઉત્કૃષ્ટ સતતબંધ ૩૩ સાગરોપમ સુધી છે અને ૪ આયુષ્ય તથા જિનનામ એ ૫ પ્રકૃતિનો તો જઘન્યસતતબંધ પણ અન્તર્મુહૂર્ત સુધીનો છે. ( પરન્તુ સમયમાત્રનો નથી. ) ૬૨.

विशेषार्थ—એ ૪૧ પ્રકૃતિઓ અધ્રુવબંધી હોવાથી જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટતઃ અન્તર્મુહૂર્ત સુધી નિરંતર બંધાય છે. અન્તર્મુહૂર્ત બાદ ( અધ્રુવપણાના કારણથી ) અવશ્ય વિરોધી બાજી પ્રકૃતિ બંધાય અથવા બીજી વિરોધી પ્રકૃતિ ન હોય તો પોતે જ બંધથી વિરામ પામે.

તથા અનુત્તરવિમાનમાં ૩૩ સાગરોપમના આયુષ્ય સુધી

મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિઓ જ બંધાય છે, તેથી મનુષ્ય[૯૭] ભવમાં જિનનામકર્મનો બંધ પ્રારંભ કરી અનુત્તરવિમાનમાં ઉત્પન્ન થયેલ જીવઆશ્રયી મનુષ્યગતિ મનુષ્યાનુપૂર્વી જિનનામકર્મ વજ્રર્ષભ૦સંઘયણ અને ઔદારિક ઉપાંગ એ ૫ પ્રકૃતિઓનો સતતબંધકાળ ૩૩ સાગરોપમ સંપૂર્ણ કહ્યો છે અને જઘન્યથી તો જિનનામ સિવાય ૪ પ્રકૃતિઓનો બંધકાળ ૧ સમય તથા જિનનામનો જઘન્યબંધકાળ અન્તર્મુહૂર્ત છે. અહીં સર્વત્ર અધ્રુવબંધિપ્રકૃતિઓનો જઘન્યબંધકાળ ૧ સમય હોય છે. તે સંબંધમાં પ્રશ્નનો અવકાશ આ પ્રમાણે છેઃ—

**પ્રશ્નઃ**—સર્વ અધ્રુવબંધિપ્રકૃતિઓનો જઘન્યબંધકાળ ૧ સમય છે કે કોઈનો ૧ સમયથી અધિક પણ છે?

**ઉત્તરઃ**—અધ્રુવબંધિપ્રકૃતિઓમાં જિનનામકર્મ અને આયુષ્ય ૪ એ ૫ પ્રકૃતિઓનો જઘન્યબંધકાળ ઉત્કૃષ્ટથી અને જઘન્યથી બન્ને રીતે અન્તર્મુહૂર્ત છે. ત્યાં આયુષ્યનો જઘન્યબંધકાળ અંતર્મુહૂર્ત પ્રસિદ્ધ છે. પરંતુ જિનનામ કર્મનો જઘન્યબંધકાળ અન્તર્મુહૂર્ત કેવી રીતે હોય? તે આ પ્રમાણેઃ—

તીર્થંકરનામકર્મનો બંધક મનુષ્ય ઉપશમશ્રેણિમાં આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગથી આગળ વધી ૯ મું, ૧૦ મું, ૧૧ મું, ગુણસ્થાન પામે ત્યાં સર્વત્ર જિનનામનો બંધ ન હોય, કારણ કે

૯૭. નિકાચિત જિનનામકર્મના બંધનો પ્રારંભ મનુષ્યગતિમાં હોય છે, અને ત્યારબાદ ચાલુ બંધ તિર્યંચ સિવાયની ત્રણ ગતિમાં હોય છે. તિર્યંચગતિમાં જિનનામનો બંધ સર્વથા નથી, પરંતુ અનિકાચિત જિનનામની સત્તા હોય છે.

જિનનામનો બંધ ૮ મા ગુણસ્થાનના છઠ્ઠા ભાગ સુધી જ હોય. તેથી તે ( અબંધના ) ગુણસ્થાનોથી પતિત થઈ પુનઃ આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગેથી ( યાવત્ ચોથા ગુણસ્થાને આવે ત્યાં સુધી ) બંધ ચાલુ થાય, એ પ્રમાણે શ્રેણિથી પડી અન્તર્મુહૂર્ત બાદ શીઘ્ર પુનઃ ઉપશમશ્રેણી પ્રારંભી આઠમા ગુણ૦ના છઠ્ઠા ભાગથી આગળ નવમાદિ ગુણસ્થાને જિનનામનો અબંધક થાય તો એ પ્રમાણે બે વાર ઉપશમશ્રેણીમાં, બે વાર અબંધકપણાની વચ્ચે અન્તર્મુહૂર્તકાળ સુધી જિનનામનો બંધ પ્રાપ્ત થાય છે. આ પ્રકાર સિવાય બીજા પ્રકારે જિનનામનો જઘન્યસતતબંધ અન્તર્મુ૦ હોઈ શકતો [૯૮]નથી.

## अबंधकालः

(૭) તિર્યંગ્ ૩, નરક ૩, અને ઉદ્યોતનો ૧૬૩ સાગરોપમ-૪ પલ્યો૦-૭ પૂર્વક્રોડવર્ષ.

(૯) સ્થાવરાદિ ૪, કુજાતિ ૪ અને આતપનો ૧૮૫ સાગરોપમ-૪ પલ્યો૦-૮ પૂર્વક્રોડવર્ષ.

૨૫ { ૫ કુસંઘયણ, ૫ કુસંસ્થાન, ૧ કુખગતિ, ૪ અનંતાનુ૦, ૧ મિથ્યાત્વ, દૌર્ભાગ્યાદિ ૩, સ્ત્યાનર્દ્ધિ ૩, ૧ નીચગોત્ર, ૧ નપું૦વેદ, ૧ સ્ત્રીવેદ, } ૧૩૨ સાગરોપમ-૦ પલ્યો૦-૬ પૂર્વક્રોડ વર્ષ.

૯૮. જિનનામના જઘન્યબંધકાળનો આ પ્રકાર નિકાચિત જિનનામ આશ્રયી સંભવે છે. અનિકાચિત જિનનામનો જઘન્યબંધકાળ અન્તર્મુહૂર્ત કોઈ સ્થાને સ્પષ્ટ ગણ્યો નથી.

શેષ ૭૯ નો અબંધકાલ કહ્યો ૯૯નથી.
૧૨૦

[100]૭૩ અધ્રુવબંધિનો સતતબંધ.

૧૨ { દેવ ૨, વૈક્રિય ૨ —૩ પલ્યોપમ
તિર્યગ્ ૨, નીચગોત્ર —અસંખ્ય કાળચક્ર
આયુષ્ય ૪ —અન્તર્મુ૦
ઔદા૦શરીર —અસંખ્ય (આવલિકાસંખ્યેય ભાગમિત સમય પ્રમાણ) પુદ્ગલપરાવર્ત:

(૧) શાતાવેદનીય —દેશોનપૂર્વક્રોડવર્ષ.

(૭) પરાઘાત, ઉચ્છ્વાસ, પંચે૦, ત્રસાદિ ૪— } ૧૮૫ સાગરો૦, ૪ પલ્યો૦, ૮ પૂર્વક્રોડવર્ષ,

(૭) સુખગતિ, પુંવેદ, સૌભાગ્યાદિ ૩, ઉચ્ચ૦, સમચ૦—૧૩૨ સાગરો૦, ૬ પૂર્વક્રોડવર્ષ.

---

૯૯. તથા ૫૮ મી ગાથામાં ૪ પ્રકૃતિઓનો, ૫૯ મીમાં ૯ નો, ૬૦ માં ૧૪ નો, ૬૧ માં ૪૧ નો અને ૬૨ માં ૫ નો એ પ્રમાણે સર્વ મળી ૭૩ પ્રકૃતિઓ જે અધ્રુવબંધિ છે, તેનો સતતબંધકાળ કહ્યો. ૪૭ ધ્રુવબંધિ હોવાથી સતતબંધ કહ્યો નથી, કારણ કે ધ્રુવબંધ તે જ સતતબંધ છે.

૧૦૦. ૪૭ ધ્રુવબંધિ તો સતતબંધી જ હોય માટે તેનો સતતબંધ કહેવાની આવશ્યકતા નથી, તથા અહીં જઘન્યસતતબંધ સર્વત્ર ૧ સમય સુધી છે.

| | | |
|---|---|---|
| ૪૧ | કુખગતિ, કુજાતિ ૪ કુસંઘયણુ ૫, કુસંસ્થાન ૫, આહા૦૨, નરક, ૨ ઉદ્યોત, આતપ, સ્થિર, શુભ, યશ, સ્થાવરાદિ ૧૦, નપું૦, સ્ત્રી૦, હાસ્યાદિ ૪, અશાત૦ | ૧ સમયથી અન્ત-મું૦ સુધી (જઘ૦ ૧ સમય-ઉત્કૃષ્ટ અંતર્મું૦) |

(૫) નરક ૨, જિન, વજ્ર૦, ઔદા૦ ઉપાંગ, ૩૩ સાગરોપમ. ૬૧-૬૨.

इति स्थितिबंधः समाप्तः

# अथ रसबंधः

अवतरण—પૂર્વે ૨૬ થી ૬૨ મી ગાથા સુધીમાં સ્થિતિબંધનું સ્વરૂપ કહીને હવે આ ૬૩ થી ૭૪ મી ગાથા સુધીમાં રસબંધનું સ્વરૂપ કહેવાય છે. ત્યાં શુભપ્રકૃતિઓનો શુભરસ અને અશુભપ્રકૃતિઓનો અશુભરસ તે કયા હેતુથી ઉત્કૃષ્ટ-તીવ્ર બંધાય, અને કયા હેતુથી મંદ-જઘન્ય બંધાય તેનું સ્વરૂપ આ ગાથામાં કહેવાય છે;-

**तिव्वो असुहसुहाणं, संकेसविसोहिओ विवज्जयओ ।**
**मंदरसो गिरिमहिरय-जलरेहासरिसकसाएहिं ॥ ६३ ॥**

गाथार्थः—असुह=અશુભપ્રકૃતિઓનો तिव्वो=તીવ્રરસ संकेस=સંક્લેશથી બંધાય, सुहाणं=શુભપ્રકૃતિઓનો તીવ્રરસ विसोहिओ=વિશુદ્ધિથી બંધાય છે, અને मंदरसो=(અશુભ તથા શુભપ્રકૃતિઓનો) મંદરસ-જઘન્ય રસ તેથી विवज्जयओ=વિપરીત રીતે બંધાય છે, તથા गिरिरेहासरिसकसाएहिं=પર્વતની રેખા (પર્વતની

ફાટ) સરખા કષાય વડે (એટલે અનંતાનુબંધી કષાય વડે) **महिरेहासरिसकसाएहिं** = પૃથ્વીની ફાટ સરખા (અપ્રત્યાખ્યાની કષાય વડે) **रयरेहासरिसकसाएहिं**=રજની (રેતીની) રેખા સરખા (પ્રત્યાખ્યાની કષાય વડે) અને **जलरेहासारिसकसाएहिं**=જળની રેખા સરખા (સંજ્વલન) કષાય વડે (અર્થનો સંબંધ આગળની ૬૪ મી ગાથામાં છે.)

**विशेषार्थः**—અશુભ પ્રકૃતિઓનો રસ અશુભ ગણાય છે. અથવા અશુભરસવાળી પ્રકૃતિઓ કહેવાય છે. અહીં વસ્તુતઃ વિચારતાં અશુભ રસવાળી પ્રકૃતિઓ અશુભ છે. અને શુભ રસવાળી પ્રકૃતિઓ શુભ છે, એ પ્રમાણે પ્રકૃતિઓની શુભાશુભતામાં શુભાશુભરસ તે જ મુખ્ય કારણ છે. હવે તે અશુભ પ્રકૃતિઓનો અશુભરસ અને શુભપ્રકૃતિઓનો શુભરસ ન્યૂનાધિક બંધાય છે. તેનું કારણ શું છે? તે દર્શાવાય છે.

| | | |
|---|---|---|
| અશુભનો | તીવ્રરસ | (અધિકાધિક) સંક્લેશથી |
| ,, | મંદરસ | ( ,, ) વિશુદ્ધિથી |
| અશુભ | તીવ્રરસ | ( ,, ) વિશુદ્ધિથી |
| ,, | મંદરસ | ( ,, ) સંક્લેશથી |

એ પ્રમાણે અશુભપ્રકૃતિઓના તીવ્ર રસબંધમાં સંક્લેશ કારણભૂત છે, અને શુભપ્રકૃતિઓના તીવ્ર રસબંધમાં વિશુદ્ધિ કારણ છે. પૂર્વે સ્થિતિબંધમાં તો (૩ પ્રકૃતિઓ સિવાયની ૧૧૭ પ્રકૃતિઓમાં) કેવલ સંક્લેશ જ કારણ કહ્યો છે, પરંતુ રસબંધમાં સંક્લેશ અને વિશુદ્ધિ બન્ને કારણ છે, જેથી અશુભપ્રકૃતિઓનો રસબંધ અને સ્થિતિબંધ બંને સમાન

હેતુવાળા છે, પરંતુ શુભપ્રકૃતિઓનો રસબંધ અને સ્થિતિબંધ બન્ને ભિન્ન ભિન્ન હેતુવાળા છે તે આ પ્રમાણે—

| | | | |
|---|---|---|---|
| અશુભનો | તીવ્રરસ | સંક્લેશથી | શુભનો તીવ્રરસ વિશુદ્ધિથી |
| ,, | ઉ૦સ્થિતિ | ,, | ,, ઉ૦સ્થિતિ સંક્લેશથી |
| ,, | મંદરસ | વિશુદ્ધિથી | ,, મંદરસ ,, |
| ,, | જ૦સ્થિતિ | ,, | ,, જ૦ સ્થિતિ વિશુદ્ધિથી |

એ પ્રમાણે શુભપ્રકૃતિઓના તથા અશુભપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ જઘન્યસ્થિતિબંધમાં અને ઉત્કૃષ્ટ જઘન્ય રસબંધમાં યથાયોગ્ય હેતુની વિષમતા વિચારવી. હવે કર્મનો રસ તે શું વસ્તુ છે? તેનો કિંચિત્ વિચાર કહેવાય છે—

## कर्मनो रस ते शुं ?

કર્મનું ફળ તે રસ અથવા કર્મનું ફલ કેટલું ઉગ્ર અથવા મંદ ઉદયમાં આવશે? તે ઉગ્ર–મંદતા એટલે તીવ્ર–મંદતા પણ કર્મનો રસ છે, અથવા કર્મનો અનુભવ તે રસ ઇત્યાદિ અનેક અર્થ છે, અર્થાત્ જે કર્મનું જે ફળ છે તે જ ફળનો અનુભવ થવો તે रसोदय, विपाकोदय, अनुभागउदय ઇત્યાદિ કહેવાય; અને જે કર્મ બંધાતી વખતે જે ફળ આપવા નિયત થયેલું છે તે ફળનો સાક્ષાત્ સ્વતંત્ર અનુભવ ન થાય તે प्रदेशोदय, स्तिबुकसंक्रम ઇત્યાદિ કહેવાય; અહીં ચાલુ પ્રકરણમાં रसोदय ઉપયોગી છે, પણ પ્રદેશોદય ઉપયોગી નથી. શાસ્ત્રોમાં પ્રાયઃ ઘણા સ્થાને ઉદય શબ્દથી રસોદય જ ગ્રહણ કરવાનો હોય છે.

પુનઃ બંધાતી વખતે જે કર્મ જેટલું ઉગ્રફળ અથવા મંદફળ આપવા નિયત થયેલું છે. તે જ કર્મ ફળ આપવાનો

અવસરે તેટલું ઉગ્રફળ ન આપતાં મંદફળ આપે એમ પણ બની શકે છે, અને મંદફળ આપવા નિયત થયેલું કર્મ ફળ આપવાના અવસરે અતિ ઉગ્રફળ આપે એમ પણ બની શકે છે, અને તેમ થવાનું કારણ બંધથી ઉદય સુધીના અંતરાલ (વચ્ચેના) કાળમાં જીવના વારંવાર બદલાતા અધ્યવસાયો-પરિણામો એ જ હેતુભૂત છે.

ઉપર કહેલ કર્મના રસની તીવ્રતા અને મંદતા એ કર્મનો રસપર્યાય છે, તેથી કર્મના રસની સર્વોત્કૃષ્ટ તીવ્રતાના અથવા સર્વથા મંદતાના સૂક્ષ્મ અંશ કલ્પીએ તો સર્વજીવરાશિથી અનંતગુણ થાય છે, એટલું જ નહિ પરંતુ સર્વજઘન્યરસવાળા કર્મના એક જ અણુમાં જીવને અનુભવ આપવાની જે મંદમાં મંદ તાકાત (અતિ જઘન્ય સામર્થ્ય) રહેલી છે તે તાકાતના સૂક્ષ્મ અંશો છૂટા પડતા નથી તોપણ બુદ્ધિથી છૂટા છૂટા ગણવા જઈએ તો સર્વજીવરાશિથી અનંતગુણ થાય છે, એ સૂક્ષ્મ અંશનું નામ **रसाणु, रसच्छेद** અથવા **रसपरिच्छेद-रसाविभाग गुणाणु** અથવા **भावाणु** કહેવાય છે.

એ પ્રમાણે સર્વજઘન્યરસવાળા કર્મસ્કંધના એક જ પ્રદેશમાં-અણુમાં સર્વજીવથી અનંતગુણ રસાવિભાગ-રસાંશ રહેલા છે.

## કર્મની રસવર્ગણાઓ

ઉપર કહ્યા પ્રમાણે ઓછામાં ઓછી સંખ્યાવાળા તોપણ સર્વજીવથી અનંતગુણ રસાંશવાળા અનંત કર્મપ્રદેશો (જે એક સરખી સંખ્યાવાળા રસાંશયુક્ત છે તે અનંતકર્મપ્રદેશો) નો સમુદાય તે પહેલી **रसवर्गणा** કહેવાય, તેથી એકરસાંશ અધિક

અનંતકર્મપ્રદેશો તે બીજી રસવર્ગણા, તેથી એક રસાંશ અધિક અનંતકર્મપ્રદેશોની ત્રીજી રસવર્ગણા–એ પ્રમાણે એકેક રસાંશ અધિક નિરંતરપણે વૃદ્ધિવાળી વર્ગણાઓ અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધજીવોની સંખ્યાથી અનંતમા ભાગ જેટલી હોય છે.

## કર્મનાં રસસ્પર્ધકો

ઉપર કહેલી નિરંતરપણે એકેક રસાંશની અધિક અધિક વૃદ્ધિવાળી અભવ્યથી અનંતગુણ અથવા સર્વસિદ્ધથી અનંતમા ભાગ જેટલી રસવર્ગણાઓનો સમુદાય તે **પ્રથમરસસ્પર્ધક** કહેવાય. કારણ કે હવે અહીંથી આગળ એક રસાંશ અધિક એવા કર્મપ્રદેશો (વિવક્ષિત સમયે જીવ વડે ગ્રહણ કરાયેલા કોઈ પણ કર્મસ્કંધમાં) હોઈ શકતા નથી, તેમ જ ૨ રસાંશ અધિક, ૩ રસાંશ અધિક ઇત્યાદિ રસાંશની અધિકતાવાળા કર્મપ્રદેશો હોતા નથી. પરંતુ સર્વ જીવથી અનન્તગુણ રસાંશ અધિક એવા કર્મપ્રદેશો હોઈ શકે છે, તેથી તેટલા રસાંશની અધિકતાવાળા કર્મપ્રદેશોનો સમુદાય તે **બીજા રસસ્પર્ધકની** પહેલી વર્ગણા છે, ત્યાંથી આગળ પુનઃ એકેક રસાંશ વડે નિરંતર વૃદ્ધિવાળી કર્મપ્રદેશોના સમૂહની વર્ગણાઓ યાવત્ અભવ્યથી અનંતગુણ અથવા સર્વસિદ્ધથી અનંતમા ભાગ જેટલી છે, તે સર્વવર્ગણાઓનું **બીજું રસસ્પર્ધક** ગણાય છે. એ પ્રમાણે એક સ્પર્ધકથી બીજા સ્પર્ધકની વચ્ચે સર્વ જીવથી અનંતગુણ રસાંશ જેટલું અંતર હોય છે.

## કર્મના અનુભાગસ્થાનો–રસસ્થાનો

પ્રથમ જે રસસ્પર્ધકો કહ્યા તેવા અભવ્યથી અનંતગુણ અથવા સર્વસિદ્ધથી અનંતમા ભાગ જેટલાં રસસ્પર્ધકોનો

સમુદાય તે એક રસસ્થાન અથવા અનુભાગસ્થાન કહેવાય. જીવ એક સમયમાં જે કર્મગ્રહણ કરે છે, તે કર્મપ્રદેશો-કર્મસ્કંધો કોઈ પણ એક રસસ્થાનવાળા હોય છે, એવા રસસ્થાનો અસંખ્યલોકાકાશના પ્રદેશોની સંખ્યા જેટલા અસંખ્યાત છે. એક સમયમાં એક જ રસસ્થાન બંધાય છે અને તે એક જ સમયમાં બંધાતા કર્મના એક રસસ્થાનમાં ઉપર કહેલ કર્મપ્રદેશોની એકોત્તર વૃદ્ધિવાળી રસવર્ગણાઓ અને રસસ્પર્ધકોની પદ્ધતિ પ્રમાણે ભિન્નભિન્ન પ્રકારનો રસ હોય છે, એનું કારણ એ જ કે જીવનો અધ્યવસાય જ તથા પ્રકારનો વિચિત્રતાગર્ભિત (વિચિત્ર) છે. અને તે સાથે પુદ્ગલપરિણામ પણ વિચિત્ર છે.

## એક કર્મસ્કંધમાં હીનાધિક રસ.

જીવ પ્રતિસમય જે કર્મગ્રહણ કરે છે તે કર્મગ્રહણમાં કર્મના અનન્ત અનન્તસ્કંધો દરેક આત્મપ્રદેશ સાથે ગ્રહણ થાય છે, અર્થાત્ આત્માના એક પ્રદેશ સાથે પણ અનંત કર્મસ્કંધોનો સંબંધ એક જ સમયમાં થાય છે. તે અનન્તસ્કંધોમાંના એક સ્કંધમાં પણ જેટલા પુદ્ગલઅણુઓ છે તે સર્વ અણુઓ એકસરખા રસવાળા નથી, પરન્તુ ભિન્ન ભિન્ન સંખ્યાવાળા રસાંશયુક્ત છે. અર્થાત્ વિવક્ષિત ૧ કર્મસ્કંધમાં ૧૦૦૦ અણુઓ ( કલ્પનાથી ) સ્વીકારીએ તો તેમાંના ૫૦૦ અણુઓ અતિહીન રસાંશવાળા હોય, ૩૦૦ અણુઓ તેથી કંઈક અધિક રસાંશવાળા હોય, ૧૦૦ અણુઓ તેથી પણ અધિક સંખ્યાવાળા રસાંશ સહિત હોય, ૫૦ અણુઓ તેથી અધિકરસાંશવાળા હોય અને ૨૫ અણુઓ તેથી અધિકરસાંશવાળા હોય, ૧૫ અણુઓ

તેથી અધિક, અને ૧૦ અણુઓ તેથી પણ અધિકરસાંશવાળા હોય, એ પ્રમાણે અધિકરસાંશવાળા કર્માણુઓ અલ્પ અને હીન રસાંશવાળા કર્માણુઓ અધિક અધિક હોય છે, અને એ પ્રમાણે એક સમયમાં ગ્રહણ કરેલા સર્વે કર્મસ્કંધો પ્રત્યેક ભિન્નભિન્ન રસાંશ યુક્ત હોય છે.

## પુદ્ગલનો રસ અને કર્મનો રસ ભિન્ન છે.

પુદ્ગલનો ૫ પ્રકારનો રસપર્યાય છે, અને કર્મ તે પુદ્ગલ છે, માટે કર્મના પુદ્ગલોમાં તે ૫ પ્રકારનો જે રસ પુદ્ગલસ્વભાવથી રહેલો છે તે રસ કર્મનો રસ કહેવાય નહીં, કારણ કે પુદ્ગલનો સ્વાભાવિક રસ કટુ, તિક્ત, અમ્લ, કષાય અને મધુર એમ પાંચ પ્રકારનો છે, તે કર્મસ્કંધમાં જોકે પુદ્ગલસ્વભાવરૂપે રહ્યો છે, પરન્તુ કર્મનો રસ તો જીવની શુભાશુભલેશ્યાના કારણે કર્મસ્કંધોમાં ઉત્પન્ન થયેલો કર્મના અનુભવરૂપ અથવા અનુભવની તીવ્રમંદતારૂપ છે, અને તે કટુ, તિક્ત આદિ પાંચ પ્રકારનો રસ જીવને કર્મનું ફળ આપનાર છે નહીં, માટે કર્મસ્કંધગત પુદ્ગલસ્વભાવરૂપ કટુ–તિક્તાદિ રસ તે કર્મનો રસ નથી. પુનઃ કટુફળ અને મધુફળ એવો જે વ્યપદેશ થાય છે તે ઉપમા રૂપ છે; પરન્તુ કટુ અથવા મધુર પુદ્ગલના રસરૂપે નથી, જેમ દૂધમાં પૌષ્ટિક ગુણ અને મધુર રસ બંને રહેલા છે પરંતુ મધુર રસ પોતે પૌષ્ટિક ગુણવાળો નથી. પૌષ્ટિક ગુણ તો દુગ્ધમાં જુદો જ રહ્યો છે, તેમ કર્મસ્કંધોમાં પણ સુખ–દુઃખ, અને જ્ઞાનાવારકત્વાદિરૂપે તીવ્ર યા મંદ અનુભવ આપવાની નિયતવૃત્તિરૂપ કર્મરસ ભિન્ન છે, અને પુદ્ગલમાં સ્વભાવથી રહેલો કટુ, તિક્ત આદિ રસપર્યાય ભિન્ન છે.

## કર્મના એકસ્થાનિકાદિ રસબંધમાં હેતુરૂપ ૪ કષાય.

ગાથાના ઉત્તરાર્ધમાં ગિરિરેખાસરખા, પૃથ્વીની રેખાસરખા, ધૂલીની રેખાસરખા અને જળની રેખાસરખા કષાયો કહેવાથી અનુક્રમે અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એ ૪ કષાયો સૂચવ્યા છે. એ કષાયો પર્વતની રેખા સરખા ઇત્યાદિ કેવી રીતે? તેનું સ્વરૂપ તો પહેલા કર્મવિપાક નામના કર્મગ્રંથમાં જ કહેવાઈ ગયું છે.

હવે તે ૪ પ્રકારના કષાયમાંથી કયા કષાય વડે કયો રસબંધ હોય? તેનો અપૂર્ણ સંબંધ આગળની ૬૪ મી ગાથામાં કહેવાશે.

## અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો.

પૂર્વે જે અનુભાગસ્થાનો અથવા રસસ્થાનો લોકાકાશના આકાશપ્રદેશ જેટલાં અસંખ્યાત કહ્યા તેમાંનું એક અનુભાગ-સ્થાન બાંધવા માટે કષાયના ઉદયયુક્ત જે લેશ્યાપરિણામ એક સમયમાં પ્રવર્તે છે, તે એક સમયવર્તી કષાયોદયવાળો લેશ્યા પરિણામ એક अनुभाग अध्यवसायस्थान કહેવાય, કેવળ લેશ્યા પરિણામ અનુભાગબંધમાં કારણિક નથી, પરન્તુ તે લેશ્યાપરિણામ જો કષાયોદય મિશ્ર હોય તો જ અનુભાગબંધમાં કારણરૂપ થાય છે. આ સ્થાને લેશ્યા પરિણામની મુખ્યતા ન ગણીને ઘણા ગ્રંથોમાં કષાયને પણ અનુભાગબંધમાં કારણ કહ્યો છે, અને તે કારણથી જ ठिइअणुभागं कसायओ कुणइ ( સ્થિતિબંધ અને અનુભાગબંધ કષાયથી થાય છે ) એ પાઠ પ્રસિદ્ધ છે.

## સ્થિતિ અને રસનાં અધ્યવસાયસ્થાનોમાં તફાવત

એક સ્થિતિસ્થાનમાં કારણભૂત અધ્યવસાયો અસંખ્ય છે ત્યારે એક અનુભાગસ્થાન–રસસ્થાન બાંધવામાં કારણભૂત રસનો–અનુભાગનો એક જ નિયત અધ્યવસાય છે, જેથી પ્રત્યેક સ્થિતિસ્થાને અસંખ્ય અસંખ્ય જુદા જુદા સ્થિતિબંધના અધ્યવસાયો છે, ત્યારે એકેક અનુભાગસ્થાને એકેક નિયત અનુભાગબંધના અધ્યવસાય છે. તથા સ્થિતિબંધનો ૧ અધ્યવસાય ઉત્કૃષ્ટથી અન્તર્મુહૂર્ત સુધી પ્રવર્તે છે, અને તેથી સ્થિતિબંધ પણ અન્તર્મુહૂર્ત સુધી એક સરખો જ થયા કરે છે, ત્યારે તે સ્થિતિબંધના અન્તર્મુહૂર્તમાં અસંખ્ય અનુભાગાધ્યવસાયો બદલાઈ જાય છે, અને તેથી રસબંધ પણ અસંખ્ય પ્રકારનો થાય છે, કારણ કે એક અનુભાગબંધનો તથા તેના કારણરૂપ એક અનુભાગાધ્યવસાયનો કાળ ઉત્કૃષ્ટ ૮ સમયથી અધિક નથી, તેમ જ યોગમાં કહેલા યોગયવના કાળની માફક એક અનુભાગાધ્યવસાયનો અવસ્થાનકાળ પણ ૪–૫–૬–૭–૮–૭–૬–૫–૪–૩–૨ સમય જેટલો છે, અર્થાત્ કેટલાક રસાધ્યવસાયો એક જીવને નિરંતર [૧૦૧] ૪ સમય સુધી, કેટલાક ૫ સમય સુધી ઇત્યાદિ અનુક્રમે વર્તનારા છે.

### સંક્લિષ્ટથી વિશુદ્ધ અધ્યવસાયો અધિક

જેટલા અધ્યવસાયો સંક્લિષ્ટ–પતિત પરિણામવાળા છે, તેટલા જ અધ્યવસાયો વિશુદ્ધ–ચઢતા પરિણામવાળા છે, અર્થાત્

૧૦૧. અર્થાત્ કેટલાક રસાધ્યવસાય એવા છે કે જેમાંનો કોઈ પણ ૧ અધ્યવસાય એક જીવને ૪ સમયથી અધિક ટકી શકે નહિ ઇત્યાદિ રીતે.

ઉતરવા ચઢવાની સીઢીનાં (નિસરણીનાં) જેટલાં પગથીઆં ઉતરવાનાં-તેટલાં જ ચઢવાનાં હોય છે, તે પ્રમાણે સંક્લેશના અને વિશુદ્ધિના અધ્યવસાયો જોકે સંખ્યામાં સરખા છે, તોપણ ક્ષપકજીવના કેવળ વિશુદ્ધ અધ્યવસાયો અપ્રતિપાતી હોવાથી તેની સંખ્યા જુદી છે. તે વિશુદ્ધ અધ્યવસાયોમાં મેળવતાં એકંદર રીતે સંક્લેશના અધ્યવસાયોથી વિશુદ્ધિના અધ્યવસાયો વિશેષાધિક છે.

## સંક્લેશ તથા વિશુદ્ધિનો કાળ

અહીં સંક્લેશ અને વિશુદ્ધિ છદ્મસ્થજીવને આશ્રયી ગણવી, તેમાં પણ ક્ષપકજીવ એકાંતે વિશુદ્ધવાળો જ છે તોપણ અહીં વિશુદ્ધિના કાળમાં છદ્મસ્થ અવસ્થા આશ્રયી અન્તર્મુહૂર્ત વિશુદ્ધિવાળો છે, ત્યારબાદ કેવલીપણામાં અધ્યવસાયસ્થાનના અભાવે વિશુદ્ધિ કે સંક્લેશની વિવક્ષા થાય નહિ. તથા ક્ષપક વિના શેષ જીવોને અધ્યવસાય સ્થાન આશ્રયી જ સંક્લેશ વિશુદ્ધિ ગણાય છે, માટે તે બેનો કાળ આ પ્રમાણે—

૬ પ્રકારના સંક્લેશ તથા ૬ પ્રકારની વિશુદ્ધિમાં અનંતગુણ સંક્લેશ તથા અનંતગુણ વિશુદ્ધિ નિરંતર વર્તે તો એક જીવને નિરંતરપણે અન્તર્મુહૂર્ત સુધી રહે. જેથી એ પ્રત્યેકનો ભિન્ન ભિન્ન અન્તર્મુ૦ કાળ છે. શેષ અનંતભાગહાનિ ઇત્યાદિ ૫ પ્રકારનો સંક્લેશ તથા અનંતભાગવૃદ્ધિ ઇત્યાદિ ૫ પ્રકારની વિશુદ્ધિ તે પ્રત્યેકનો એક જીવઆશ્રયી નિરંતર પ્રવૃત્તિકાળ આવલિકાનો અસંખ્યાતમો ભાગ છે. ત્યારબાદ વિવક્ષિત હાનિ તથા વિવક્ષિત વૃદ્ધિ બદલાઈને અવશ્ય અન્યવૃદ્ધિવાળો

સંક્લેશ અથવા વિશુદ્ધિ પ્રાપ્ત થાય. આ કારણથી જ શાસ્ત્રમાં અપ્રમત્તદશાનો કાળ છદ્મસ્થ આશ્રયી અન્તર્મુ૦ પ્રમાણ કહ્યો છે, તેમ જ પ્રમત્તકાળ પણ અન્તર્મુ૦ કહ્યો છે. ૬૩

અવતરણ—પૂર્વગાથામાં કહેલા અનંતાનુબંધી આદિ ૪ કષાયો વડે (શું થાય? તે અપૂર્ણ સંબંધ આ ગાથામાં પૂર્ણ કરવા પૂર્વક) અશુભ તથા શુભ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનિક આદિ કયો રસ બંધાય? તથા કઈ કઈ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિક આદિ ૪ પ્રકારના તથા કઈ કઈ પ્રકૃતિઓના ચતુઃસ્થાનિકાદિ ૩ પ્રકારના રસબંધ છે? તે બંને વાત આ ૬૪ મી ગાથામાં કહેવાય છે.

**चउठाणाई असुहा, सुहऽन्नहा[102] विग्घदेसघाइआवरणा ।**
**पुमसंजलणिगदुतिचउ-ठाणरसा सेस दुगमाई ॥ ६४ ॥**

ગાંથાર્થઃ—(પૂર્વ ગાથામાં કહેલા અનંતાનુબંધી આદિ ૪ કષાયો વડે ક્રમશઃ) असुहा=અશુભ પ્રકૃતિઓનો चउठाणाइ= ચતુઃસ્થાનિકાદિ (ચારે પ્રકારનો) રસબંધ હોય છે, અને सुह= શુભ પ્રકૃતિઓનો ચતુઃસ્થાનિકાદિ રસબંધ अन्नहा=વિપરીત રીતે (અશુભરસબંધના ક્રમથી વિપરીત ક્રમે) હોય છે તથા ૫ વિઘ્ન, ૭ દેશઘાતિ આવરણ (૪ જ્ઞાનાવરણ, ૩ દર્શનાવરણ) પુરુષવેદ અને ૪ સંજ્વલન કષાય એ ૧૭ પ્રકૃતિઓનો રસબંધ એકસ્થાનિક–દ્વિસ્થાનિક–ત્રિસ્થાનિક અને ચતુઃસ્થાનિક (એમ ચારે પ્રકારનો) હોય છે, અને सेस=બીજી ૧૦૩ પ્રકૃતિઓનો રસબંધ दुगमाई=દ્વિસ્થાનિક આદિ (ત્રણ પ્રકારનો જ) હોય છે. ૬૪.

---

૧૦૨. ०विग्घदेस आवरणा० इत्यपि पाठः ॥

**विशेषार्थ**—અનંતાનુબંધિ આદિ ૪ કષાયો વડે અશુભ તથા શુભપ્રકૃતિનો યથાસંભવ ચતુઃસ્થાનિકાદિ ૪ પ્રકારનો જે રસ બંધાય છે તે આ પ્રમાણે—

| | અશુભનો રસબંધ | શુભનો રસબંધ |
|---|---|---|
| અનંતાનુબંધિ વડે | [103]ચતુઃસ્થાનિક | દ્વિસ્થાનિક |
| અપ્રત્યાખ્યાની વડે | ત્રિસ્થાનિક | ત્રિસ્થાનિક |
| પ્રત્યાખ્યાની વડે | દ્વિસ્થાનિક | ચતુઃસ્થાનિક |
| સંજ્વલન વડે | એકસ્થાનિક | ચતુઃસ્થાનિક |

**अवतरण**—આ ૬૫ મી ગાથામાં શુભરસ અને અશુભરસ તે શું? તેનું સ્વરૂપ કહે છે, તેમ જ રસના ૪ પ્રકારના સ્થાન-ભેદ જે एकस्थानी ઇત્યાદિ તેનું પણ સ્વરૂપ કહેવાય છે:—

**निंबुच्छुरसो सहजो, दुतिचउभागकड्ढिइक्कभागंतो ।**
**इगठाणाई असुहो, असुहाण सुहो सुहाणं तु ॥६५॥**

---

૧૦૩. અહીં અનંતાનુબંધી ઉદયથી અશુભ પ્રકૃતિઓનો ચતુસ્થાનિક રસબંધ અને શુભ પ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધ કરે ઇત્યાદિ જે પ્રરૂપણા કરી તે પરાવર્તમાન પ્રકૃતિઓ આશ્રયી જાણવી. વિશેષતઃ વિચારીએ તો અતિ ઉગ્ર અનંતાનુબંધી કષાય વડે અપરાવર્તમાન અશુભપ્રકૃતિઓનો ચતુઃસ્થાનિક, મધ્યમ ઉગ્ર અનંતાનુબંધિ વડે ત્રિસ્થાનિક રસબંધ અને અતિમંદ અનંતાનુબંધી વડે દ્વિસ્થાનિક રસબંધ પણ હોય છે; પરન્તુ એકસ્થાનિક રસબંધ હોય નહિં, કારણ કે એકસ્થાનિક રસબંધ તો ઉપશમશ્રેણિમાં અથવા ક્ષપકશ્રેણિમાં નવમા ગુણસ્થાનના છેલ્લા ભાગમાં હોય છે, અને તે સ્થાને (તે વખતે) અનંતાનુબંધીનો ઉદય નથી.

**ગાથાર્થ**—લીંબડાનો તથા ઇક્ષુનો (શેલડીનો) જે સ્વાભાવિક રસ (તે એક સ્થાનિક રસ,) दुभागकड्ढि=૨ ભાગ ઉકાળીને इक्कभागंतो=૧ ભાગ રાખ્યા હોય તે ત્તિ (भागकड्ढि इक्क

---

**પ્રશ્ન**—અનંતાનુબંધીના ઉદય વડે પણ અપરાવર્તમાન અશુભ-પ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધ હોય તે ક્યારે અને કેવી રીતે ?

**ઉત્તર**—મિથ્યાદૃષ્ટિ જીવ જ્યારે પ્રથમ સમ્યક્ત્વ પામે છે તે પ્રસંગે અને અનાદિ યથાપ્રવૃત્તકરણમાંથી વિશુદ્ધિમાં આગળ વધી પ્રથમ અન્તર્મુહૂર્ત માત્ર અવદાયમાન વિશુદ્ધ ચિત્તસંતતિવાળો થાય છે ત્યારથી પ્રારંભીને વિશિષ્ટ યથાપ્રવૃત્તકરણ, અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણના અંત્ય સમય સુધીમાં તે મિથ્યાદૃષ્ટિ જીવ અવશ્ય અનંતાનુબંધી કષાયના ઉદયવાળો જ છે તોપણ અપરાવર્તમાન અશુભ પ્રકૃતિઓનો એટલે જ્ઞાનાવરણીયાદિ ધ્રુવબંધી અશુભપ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધ કરે છે, તેમ જ સર્વે (પરાવર્તમાન અને અપરાવર્તમાન) અશુભપ્રકૃતિઓની ચતુઃસ્થાનિક રસસત્તાને પણ દ્વિસ્થાનિક કરે છે.

**પ્રશ્ન**—યથાપ્રવૃત્ત આદિ કરણમાં વર્તતો મિથ્યાદૃષ્ટિ (અનંતાનુબંધી કષાયવાળો) જીવ પરાવર્તમાન અશુભપ્રકૃતિઓનો ચતુઃસ્થાનિકાદિ ભેદમાંથી ક્યા પ્રકારનો રસ બાંધે ?

**ઉત્તર**—તે પ્રસંગે પરાવર્તમાન અશુભપ્રકૃતિઓ બંધાતી જ નથી તો રસબંધની વાત શું ?

એ પ્રમાણે અનંતાનુબંધીની પદ્ધતિ પ્રમાણે સંજવલનકષાયના હેતુથી બંધાતો રસ પણ અપરાવર્તમાન અશુભનો તેમ જ પરાવર્તમાન અશુભનો પણ દ્વિસ્થાનિક બંધાય છે, કારણ કે સંજ્વલનનો ઉદય મુનિને હોય છે, તે મુનિ જો પ્રમત્તાદિ ગુણસ્થાનમાં મધ્યમપરિણામે વર્તતા હોય અથવા અતિ વિશુદ્ધ પરિણામે વર્તતા હોય તોપણ નવમા ગુણ-સ્થાનના છેલ્લા ભાગની પ્રાપ્તિના અભાવે અશુભપ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસ પણ બાંધે છે અને જ્યારે શ્રેણિમાં નવમા ગુણસ્થાનના પર્યંત

૧૪.

**भागंतो ) ૩ ભાગ ઉકાળીને ૧ ભાગ રાખ્યો હોય, અને चउ ( भागकड्ढि इक्क ) भागंतो = ૪ ભાગ ઉકાળીને ૧ ભાગ રાખ્યો હોય તે અનુક્રમે इगठाणाई એક સ્થાનિક આદિ ( એક સ્થાનિ-**

ભાગને પ્રાપ્ત થયા હોય તો જ અશુભ પ્રકૃતિઓનો એક સ્થાનિક રસબંધ કરે છે; માટે અશુભ પ્રકૃતિઓનો એક સ્થાનિક રસબંધ અતિમંદ સંજ્વલનના ઉદય વડે હોય છે.

એ પ્રમાણે અપરાવર્તમાન અશુભ તથા પરાવર્તમાન અશુભનો રસબંધ યથાયોગ્ય અપ્રત્યાખ્યાની તથા પ્રત્યાખ્યાની કષાયના ઉદયને અંગે પણ વિચારવો. સંક્ષિપ્તમાં તે રસબંધનું કોષ્ઠક આ પ્રમાણે—

| | અશુભનો રસબંધ | શુભનો રસબંધ |
|---|---|---|
| તીવ્ર અનંતા૦ વડે | ચતુઃસ્થા૦ (અપરા૦) | દ્વિસ્થા૦ (અપરા૦) |
| મધ્યમ ,, | ત્રિસ્થા૦ (પરા૦, અપરા૦) | ત્રિસ્થા૦ (પરા૦, અપરા૦) |
| મંદ ,, | દ્વિસ્થા૦ (અપરા૦) | ચતુઃસ્થા૦ (પરા૦) |
| તીવ્ર અપ્રત્યા૦ વડે | ચતુઃસ્થા૦ (અપરા ) | દ્વિસ્થા૦ (પરા૦) |
| મધ્યમ ,, | ત્રિસ્થા૦(પરા૦, અપરા૦) | ત્રિસ્થા૦ (પરા૦, અપરા૦) |
| મંદ ,, | દ્વિસ્થા૦ (અપરા૦) | ચતુઃસ્થા૦ (પરા૦) |
| તીવ્ર પ્રત્યા૦ વડે | ચતુઃસ્થા૦ (અપરા૦) | દ્વિસ્થા૦ (અપરા૦) |
| મધ્યમ ,, | ત્રિસ્થા૦ (અપરા૦, પરા૦) | ત્રિસ્થા૦ (અપરા, પરા૦) |
| મંદ ,, | દ્વિસ્થા૦ (અપરા૦) | ચતુઃસ્થા૦ (અપરા૦) |
| તીવ્ર સંજ્વ૦ વડે | ચતુઃસ્થા૦ (અપરા૦) | દ્વિસ્થા૦ (અપરા૦) |
| મધ્યમ ,, | ત્રિસ્થા૦ (અપરા૦, પરા૦) | ત્રિસ્થા૦(પરારા૦, અપરા૦) |
| મંદ ,, | દ્વિસ્થા૦ (અપરા૦) | ચતુઃસ્થા૦ (અપરા૦) |
| અતિમંદ ,, | એક સ્થા૦ (અપરા૦) | ચતુઃસ્થા૦ (અપરા૦) |

આ કોષ્ઠકમાં જ્યાં "(પરા૦)" કહેલ નથી ત્યાં પરાવર્તમાન ( અશુભ વા શુભ ) પ્રકૃતિનો બંધ ન હોય એમ જાણવું.

-દ્વિસ્થાનિ-ત્રિસ્થાનિ-ચતુઃસ્થાનિ ) રસ જાણવો. તેમાં પણ असुहाण=અશુભપ્રકૃતિઓનો રસ લીંબડાના રસ સરખો असुहो=અશુભ જાણવો, तु=અને सुहाणं=શુભપ્રકૃતિઓનો રસ શેરડીના રસ સરખો सुहो=શુભ જાણવો. ૬૫.

विशेषार्थः—અહીં એક સ્થાનિક આદિ ૪ પ્રકારના રસનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે;—

## એકસ્થાનિક આદિ ૪ પ્રકારના રસનું સ્વરૂપ

લીંબડાનો અથવા શેરડીનો જે સ્વાભાવિક રસ તેને અહીં एकस्थानिक રસ ગણવો. પુનઃ તે સ્વાભાવિક રસ ને ઉકાળીને અર્ધભાગ જેટલો રાખે, અર્થાત્ બે શેર રસને ઉકાળી એક શેર રાખતાં જે કડવાશ અથવા મિઠાશ ઉત્પન્ન થાય તે કડવાશ અથવા મીઠાશનું નામ द्विस्थानिकरस છે. પુનઃ તેવા સ્વાભાવિક ૩ શેર રસને ઉકાળી ૧ શેર રાખતાં જે કડવાશ અથવા મીઠાશ ઉત્પન્ન થાય તે [104]त्रिस्थानिकरस કહેવાય છે અને સ્વાભાવિક ૪ શેર રસને ઉકાળી એક શેર રાખતાં ઉત્પન્ન થયેલી ઉગ્ર કડવાશ અથવા મીઠાશને चतुःस्थानिकरस તરીકે જાણવી. એ પ્રમાણે કર્મનો સ્વાભાવિક મંદ અનુભવ તે કર્મનો

૧૦૪. કેટલાક અભ્યાસકો ૧ શેરનો ૧ શેર, ૦॥ શેર, ૦॥ શેર અને ૦। શેર રસ ( ઉકાળતાં બાકી ) રહે તે એકસ્થાનિક, દ્વિસ્થાનિક ઇત્યાદિ ગણે છે, પરંતુ એ ગણત્રીમાં ત્રિસ્થાનિકરસને સ્થાને ભૂલ આવે છે, કારણ કે ૧ શેરને ઉકાળી ૦॥ શેર નહિ પરંતુ ૦। શેર અને ૬ પૈસાભાર રાખીએ તો જ ત્રિસ્થાનિક રસ ગણાય કારણ કે ૧ શેરના ૩ ભાગ કરી ૧ ભાગ જેટલો રસ રાખવો તે જ ત્રિસ્થાનિક રસ થાય છે.

એક સ્થાનિક રસ, તેથી કંઇક તીવ્રઅનુભવ તે કર્મનો દ્વિસ્થાનિક રસ તેથી પણ અધિક તીવ્ર અનુભવ તે ત્રિસ્થાનિકરસ અને સર્વોત્કૃષ્ટ તીવ્ર અનુભવ તે ચતુઃસ્થાનિકકર્મરસ કહેવાય.

જેમ લીંબડાના અથવા શેરડીના સ્વાભાવિક રસમાં બિંદુ પ્રમાણ, રતિપ્રમાણ, વાલપ્રમાણ, ૧ તોલો, ૨ તોલા, ૫ તોલા, ૧૦ તોલા, ૨૦ તોલા, ૧ શેર ઇત્યાદિ ભિન્ન ભિન્ન પ્રમાણથી જળ ઉમેરતાં જેમ કડવાશનું તારતમ્ય (તફાવત) અનેક પ્રકારનું સંભવે છે, તેમ કર્મનો એકસ્થાનિકરસ પણ અંતર્ગત અનંત પ્રકારની તરતમતાવાળો છે અને એ પ્રમાણે દ્વિસ્થાનિકાદિરસો પણ દરેક અંતર્ગતપણે અનંત તરતમતાવાળા છે. તેમ જ ચારે પ્રકારના રસનો પરસ્પર તફાવત વિચારીએ તો એક સ્થાનિકથી દ્વિસ્થાનિક અનંતગુણતીવ્ર, દ્વિસ્થાનિકથી ત્રિસ્થાનિક અનંતગુણતીવ્ર અને ત્રિસ્થાનિકથી ચતુઃસ્થાનિક અનંતગુણતીવ્ર છે.

## એકસ્થાનિક આદિ ૪ પ્રકારના રસમાં ઘાતિ-અઘાતિપણું.

એકસ્થાનિક આદિ ૪ પ્રકારના રસમાં કયો રસ સર્વઘાતિ, કયો રસ દેશઘાતિ, અને કયો રસ અઘાતિ છે તેની સમજ આ પ્રમાણેઃ—

| | સર્વઘાતિપ્રકૃતિઓનો, | દેશઘાતિપ્રકૃતિઓનો, | અઘાતિપ્રકૃતિઓનો |
|---|---|---|---|
| એકસ્થાનિક રસ | — | દેશઘાતિ | અઘાતિ |
| દ્વિસ્થાનિક ,, | સર્વઘાતિ | દેશઘાતિ / સર્વઘાતિ | ,, / ,, |
| ત્રિસ્થાનિક ,, | ,, | સર્વઘાતિ | ,, |
| ચતુઃસ્થાનિક ,, | ,, | ,, | ,, |

## ૪ પ્રકારના રસબંધમાં ગુણસ્થાન.

એકસ્થાનિકરસબંધ ૧૭ પ્રકૃતિઓનો જ હોય છે કે જે પ્રકૃતિઓ ૯ મા ગુણસ્થાનના પર્યન્ત ભાગે બંધાય છે, તેથી તે ૯ મા ગુણસ્થાનના પર્યન્ત ભાગેથી ૧૦ મા ગુણસ્થાન સુધીમાં અશુભપ્રકૃતિઓનો એકસ્થાનિક રસબંધ હોય છે, અને શુભ પ્રકૃતિઓનો ૪ સ્થાનિક રસબંધ હોય છે, ત્યારબાદ ૧૧–૧૨–૧૩–ગુણસ્થાને શાતાવેદનીયનો બંધ છે; પરન્તુ રસબંધ નથી અને મિથ્યાત્વથી અપ્રમત્ત સુધીનાં ૭ ગુણસ્થાનોમાં યથાસંભવ ૨–૩–૪ સ્થાનિક રસ અશુભનો તથા શુભનો પણ બંધાય છે. તથા આઠમા અને નવમા ગુણસ્થાને અશુભનો દ્વિસ્થાનિક અને શુભનો ચતુઃસ્થાનિક બંધાય છે, કારણ કે એ ગુણસ્થાનો શ્રેણિગત છે, અને શ્રેણિમાં ચડતો અથવા પડતો જીવ અશુભનો દ્વિસ્થાનિક અને શુભનો ચતુઃસ્થાનિક જ બાંધે છે.

| | અશુભનો રસબંધ | શુભનો રસબંધ |
|---|---|---|
| ૧ થી ૭ ગુણસ્થાને | ૨–૩–૪ સ્થાનિક | ૨–૩–૪ સ્થાનિક |
| ૮ મા ,, | ૨ સ્થાનિક | ૪ સ્થાનિક |
| ૯ મા ,, | ૨–૧ સ્થાનિક | ૪ સ્થાનિક |
| ૧૦ મા ,, | ૧ સ્થાનિક | ૪ સ્થાનિક |
| ૧૧–૧૨–૧૩–૧૪ | રસબંધ નથી | રસબંધ નથી |

## કઈ પ્રકૃતિઓમાં કેટલા પ્રકારનો રસ.

પુરુષવેદ, સંજ્વલન ૪ કષાય, ૫ અન્તરાય, (મતિજ્ઞાનાવરણ–શ્રુતજ્ઞાનાવરણ–અવધિજ્ઞાનાવરણ – મનઃપર્યવજ્ઞાનાવરણ,

ચક્ષુદર્શનાવરણ, અચક્ષુદર્શનાવરણ, અને અવધિદર્શનાવરણ એ) ૭ દેશઘાતિ આવરણ તે સર્વ મળીને આ ૧૭ પ્રકૃતિઓનો એકસ્થાનિક–દ્વિસ્થાનિક–ત્રિસ્થાનિક–અને ચતુઃસ્થાનિક એમ ૪ પ્રકારનો રસબંધ છે, અને શેષ ૧૦૩ પ્રકૃતિઓનો ૨–૩–૪ સ્થાનિક રસબંધ હોવાથી ૩ પ્રકારનો જ રસબંધ છે. અહીં શુભપ્રકૃતિઓનો અને સર્વઘાતિનો સ્વભાવથી જ દ્વિસ્થાનથી ઓછો રસબંધ ન હોય, અને અશુભપ્રકૃતિઓમાં પૂર્વોક્ત ૧૭ સિવાયની શેષ અશુભપ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધથી ન્યૂન રસબંધ ન હોય, કારણ કે જ્યાં ૯ મા ગુણસ્થાનના છેલ્લા સંખ્યાતમા ભાગે અતિ વિશુદ્ધિ વડે અશુભપ્રકૃતિઓના ૧ સ્થાનિક રસબંધનો અવસર આવે છે તે વખતે પૂર્વોક્ત ૧૭ અશુભપ્રકૃતિઓ જ બંધાય છે, પરન્તુ શેષ અશુભ પ્રકૃતિઓનો બંધ જ હોતો નથી તો એકસ્થાનિક રસબંધ પણ ક્યાંથી હોય?

પુનઃ એ પ્રસંગે જોકે કેવલજ્ઞાનાવરણ અને કેવલદર્શનાવરણ એ ૨ પ્રકૃતિઓ પણ બંધાય છે, પરન્તુ એ બન્નેનો સર્વઘાતિ હોવાથી દ્વિસ્થાનરસ જ બંધાય છે.

## ૪ પ્રકારના રસનાં સ્પર્ધકો.

એકસ્થાની રસમાં અન્તર્ગત અસંખ્ય સ્પર્ધકો છે, તે પ્રમાણે દ્વિસ્થાની આદિ રસસ્થાનમાં અસંખ્ય અસંખ્ય રસસ્પર્ધકો છે, દરેક સ્પર્ધકની છેલ્લી વર્ગણાથી આગળની અનંતર સ્પર્ધકની પહેલી વર્ગણામાં જ અનંતગુણરસાંશ હોય છે. એ પ્રમાણે એક પ્રકારના જ રસમાં અન્તર્ગત રહેલાં સ્પર્ધકો પરસ્પર ( રસાણુઓની અપેક્ષાએ ) અનંતગુણહાનિવૃદ્ધિવાળા છે, તેમ એકસ્થાની રસની અન્ત્યસ્પર્ધકની છેલ્લી વર્ગણાથી

દ્વિસ્થાની રસના પ્રથમ સ્પર્ધકની પહેલી વર્ગણા પણ (રસાણુઓની અપેક્ષાએ) અનંતગુણ હોવાથી ચારે પ્રકારના રસો પરસ્પર અનંતગુણહાનિવૃદ્ધિવાળા છે.

## ૪ પ્રકારનો શુભાશુભ રસ

એ જ એકસ્થાનિકાદિ ૪ પ્રકારનો રસ શુભ પ્રકૃતિઓનો શુભ અને અશુભ પ્રકૃતિઓનો અશુભ છે. વાસ્તવિક રીતે એક સ્થાનિકાદિપણામાં શુભત્વ કે અશુભત્વ નથી, પરંતુ પ્રકૃતિઓના શુભાશુભપણાને આશ્રયી એક સ્થાનિકાદિ રસ શુભાશુભ ગણી શકાય છે. પુનઃ પ્રકૃતિઓની શુભાશુભતા તે વિશેષતઃ શુભાશુભ રસઆશ્રયી છે, જેથી વાસ્તવિક શુભાશુભતા પ્રકૃતિઓના સ્વાભાવિક રસને અંગે છે. ૬૫.

अवतरण—પૂર્વગાથામાં કર્મનાં રસની શુભાશુભતા તથા એકસ્થાની આદિ ભેદ (૪ ભેદ) દર્શાવીને હવે કર્મનો ઉત્કૃષ્ટ રસ કોણ બાંધે? તે उत्कृष्ट रसबंधना स्वामी આ ૬૬ થી ૬૮ મી ગાથા સુધીમાં કહેવાય છે;—

**तिव्वमिगथावरायव, सुरमिच्छा विगलसुहुमनिरयतिगं ।**
**तिरिमणुआउ तिरिनरा, तिरिदुगछेवट्ठ सुरनिरया ।।६६।।**

गाथार्थ—इग०=એકેન્દ્રિય, સ્થાવર આતપ એ ૩ પ્રકૃતિઓનો तिव्वं=ઉત્કૃષ્ટરસ મિથ્યાદષ્ટિ દેવો બાંધે છે, વિકલેન્દ્રિયત્રિક, સૂક્ષ્મત્રિક, નરકત્રિક, તિર્યગાયુ અને મનુષ્યાયુષ્ય એ ૧૧ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ તિર્યંચ અને મનુષ્યો બાંધે છે, તથા તિર્યંચદ્વિક અને સેવાર્ત્ત સંઘયણ એ ૩ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ દેવ તથા નારકો બાંધે છે. ૬૬.

**विशेषार्थः**—ભવનપતિ, જ્યોતિષી, વ્યન્તર એ ૩ નિકાયના મિથ્યાદૃષ્ટિ દેવો તથા વૈમાનિકમાં સૌધર્મ અને ઈશાન-કલ્પના દેવો **एकेंद्रिन्य** તથા **स्थावर** એ બે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ-રસબંધ ઉત્કૃષ્ટ-સંક્લેશથી કરે છે, કારણ કે એ ૨ પ્રકૃતિઓ અશુભ છે તેથી અશુભપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ સંક્લેશથી જ હોય છે, અને **आतप** નામકર્મનો ઉત્કૃષ્ટરસબંધ પણ એ જ ઈશાન સુધીના દેવો કરે છે, પરંતુ એ પ્રકૃતિ શુભ હોવાથી એ પ્રકૃતિયોગ્ય વિશુદ્ધિવાળા દેવો જ ઉત્કૃષ્ટરસબંધ કરે, પરંતુ સંક્લેશવાળા દેવો નહિ.

એ ૩ પ્રકૃતિઓના બંધક જોકે મનુષ્ય અને તિર્યંચો પણ છે, પરંતુ એવા ઉત્કૃષ્ટસંક્લેશમાં વર્તતા હોય તો નરકગતિપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે, અને દેવોની આતપયોગ્ય વિશુદ્ધિમાં વર્તતા હોય તો તિર્યંચપંચેન્દ્રિય વા મનુષ્ય-પ્રાયોગ્ય પ્રકૃતિઓને જ કંઈક અધિક શુભપણે બાંધે છે, અને નારકોને તથા સનત્કુમારાદિ દેવોને તો ભવપ્રત્યયથી જ એકેન્દ્રિયપ્રાયોગ્ય પ્રકૃતિઓ બંધાતી નથી; માટે એ ૩ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટરસબંધક ઈશાન સુધીના મિથ્યાદૃષ્ટિ દેવો જ કહ્યા છે, (સમ્યગ્દૃષ્ટિ દેવોને મનુષ્યપ્રાયોગ્ય પ્રકૃતિઓનો બંધ હોવાથી એ ૩ પ્રકૃતિઓ બંધાતી નથી.)

તથા **विकलेन्द्रियत्रिक** વિગેરે ૯ પ્રકૃતિઓ તથા તિર્યંચાયુ મનુષ્યાયુ સહિત ૧૧ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસબંધ મિથ્યાદૃષ્ટિ તિર્યંચ[૧૦૫] તથા મનુષ્યો કરે છે. ત્યાં ૯ પ્રકૃતિઓને દેવ

૧૦૫. એ ૯ પ્રકૃતિમાં નરકાયુષ્યનો ઉ૦રસબંધ તત્પ્રાયોગ્ય સંક્લેશ વડે, નરકદ્વિકનો અતિસંક્લેશ વડે ૧-૨ સમય સુધી, અને

*તથા નારકો ભવપ્રત્યયથી* બાંધતા જ નથી તો ઉત્કૃષ્ટરસબંધની વાત જ શી ?

પુનઃ તિર્યંચાયુ અને નરાયુ એ બે પ્રકૃતિઓ દેવ તથા નારકો બાંધે છે, પરંતુ આ ૨ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસબંધ ( એ ૨ નો સ્થિતિબંધ શુભ હોવાથી) ઉત્કૃષ્ટસ્થિતિબંધ પ્રસંગે થાય છે. અને એ ૨ નો ઉત્કૃષ્ટ સ્થિતિબંધ યુગલિકાયુષ્યના બંધરૂપ ૩ પલ્યોપમ જેટલો છે, અને દેવ નારકો યુગલિક સંબંધી પ્રકૃતિઓ બાંધતા નથી તે કારણથી મનુષ્ય અને તિર્યંચો કે જે સંજ્ઞિ મિથ્યાદૃષ્ટિ હોય તેઓ જ એ ૨ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ-રસબંધ યથાયોગ્ય વિશુદ્ધિ વડે બાંધે છે, અતિવિશુદ્ધ મિથ્યા-દૃષ્ટિઓ અને સમ્યગ્દૃષ્ટિઓ તો યુગલિક સંબંધી પ્રકૃતિઓ ઉલ્લંઘીને દેવયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે; માટે યથાયોગ્ય વિશુદ્ધિ અને મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટરસબંધ કહ્યો છે.

તથા તિર્યંચદ્વિક અને સેવાર્ત સંહનના કર્મનો ઉત્કૃષ્ટ-રસબંધ દેવ અને નારકો અતિસંક્લેશમાં વર્તતા બાંધે છે. તિર્યંચો અને મનુષ્યો જો આવા સંક્લેશમાં વર્તે તો નરક-ગતિયોગ્ય પ્રકૃતિઓ બાંધે, અને એ ૩ પ્રકૃતિઓ નરકગતિયોગ્ય નથી તેથી એ ૩ ના ઉત્કૃષ્ટરસબંધક અતિ સંક્લિષ્ટ દેવ નારકો છે. અહીં વિશેષ એ છે કે–સેવાર્ત્તનો ઉત્કૃષ્ટરસ બાંધનાર ઇશાન સુધીના દેવો નહિ પરંતુ ઇશાનથી ઉપરના સનત્-

શેષ ૬ નો ઉ૦ રસબંધ તત્પ્રાયોગ્ય–યથાયોગ્ય સંક્લેશ વડે હોય છે; કારણ કે અતિ સંક્લેશમાં આયુબંધનો અભાવ છે અને શેષ ૬ પ્રકૃતિમાં ઉત્કૃષ્ટ સંક્લેશ હોય તો તે વિકલત્રિકાદિ ન બાંધતાં નરક-ગતિયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે.

કુમારાદિ દેવો જાણવા. કારણ કે ઇશાનાન્ત દેવો જો એવા સંક્લેશમાં વર્તે તો એકેન્દ્રિયયોગ્ય પ્રકૃતિઓ બાંધવાથી સેવાર્ત્ત સંઘયણ બાંધતા જ નથી. ૬૬.

**विउव्विसुराहारदुगं, सुखगइवन्नचउतेयजिणसायं ॥**
**समचउपरघातसदस, पणिंदि सासुच्च खवगाउ ॥६७॥**

गाथार्थ—વૈક્રિયદ્વિક, દેવદ્વિક, આહારકદ્વિક, શુભખગતિ, વર્ણાદિ ૪, તૈજસાદિ ૪, જિનનામ, શાતા, સમચતુરસ્ર, પરાઘાત, ત્રસાદિ ૧૦, પંચેન્દ્રિય, ઉચ્છ્વાસ, અને ઉચ્ચગોત્ર એ ૩૨ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ ક્ષપકશ્રેણિવંત જીવો બાંધે છે. ૬૭

विशेषार्थ—આ વૈક્રિયદ્વિક આદિ ૩૨ પ્રકૃતિઓ શુભ છે, તેથી તેનો ઉત્કૃષ્ટરસ ઉત્કૃષ્ટ વિશુદ્ધિ વડે બંધાય, અને એવી ઉત્કૃષ્ટવિશુદ્ધિ એ પ્રકૃતિઓના બંધ વિચ્છેદ સમયે ક્ષપકજીવને ક્ષપકશ્રેણિમાં હોય છે. ત્યાં શાતા, યશ અને ઉચ્ચગોત્ર એ ૩ નો ઉત્કૃષ્ટ રસબંધ સૂક્ષ્મસંપરાયના છેલ્લા સમયે હોય છે, અને શેષ ૨૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસબંધ ક્ષપકને આઠમા ગુણસ્થાનના છઠા ભાગના છેલ્લા સમયે હોય છે; કારણ કે એ પ્રકૃતિઓ એ સ્થાને જ બંધવિચ્છેદ પામે છે. ૬૭.

**तमतमगा उज्जोयं, सम्मसुरा मणुयउरलदुगवइरं ॥**
**अपमत्तो अमराउं, चउगइमिच्छा उ सेसाणं ॥६८॥**

गाथार्थ—तमतमगा=તમઃતમા નામની સાતમી પૃથ્વીના નારકો ઉદ્યોત નામકર્મનો ઉત્કૃષ્ટરસ બાંધે છે, મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક અને વજ્રર્ષભસંઘયણ એ ૫ પ્રકૃતિનો ઉત્કૃષ્ટરસ સમ્યગ્દૃષ્ટિ દેવો બાંધે છે, દેવાયુષ્યનો ઉત્કૃષ્ટરસ અપ્રમત્તમુનિ

બાંધે છે, અને શેષ ૬૮ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ ચારે ગતિના મિથ્યાદૃષ્ટિઓ બાંધે છે. ૬૮.

**વિશેષાર્થ**—તમસ્તમા નામની સાતમી પૃથ્વીનો નારક જીવ યથાપ્રવૃત્તાદિ ત્રણ કરણ કરીને ત્રીજા અનિવૃત્તિકરણમાં મિથ્યાત્વની અધસ્તની અને ઉપરિતની ( પ્રથમા અને દ્વિતીયા ) એ બે સ્થિતિ અંતરકરણ વડે કરી પ્રથમા સ્થિતિને રસોદય વડે અનુભવતો અનુભવતો જ્યારે પહેલી સ્થિતિના અન્ત્ય સમયમાં આવે ત્યારે અનન્તર સમયે ઉપશમ સમ્યક્ત્વ પામશે તેવી વિશુદ્ધિમાં વર્તતા એ નારક જીવને મિથ્યાત્વની પ્રથમ સ્થિતિના અન્ત્ય સમયે ઉદ્યોતનામકર્મનો ઉત્કૃષ્ટરસ બંધાય છે. ઉદ્યોતના બંધમાં આ નારક જ સર્વવિશુદ્ધિવાળો છે, કારણ કે આવી વિશુદ્ધિમાં વર્તતો અન્ય નારક અથવા દેવ મનુષ્યયોગ્ય પ્રકૃતિઓ બાંધે, અને તિર્યંચ મનુષ્યો દેવયોગ્ય પ્રકૃતિઓ બાંધે, અને આ પ્રકૃતિ તિર્યંચગતિયોગ્ય છે. પુનઃ સાતમી પૃથ્વીના મિથ્યાદૃષ્ટિનારકને સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિમાં પણ તિર્યંચગતિયોગ્ય પ્રકૃતિઓ બંધાય છે, ( અને ઉપશમ સમ્યક્ત્વ સમયની વિશુદ્ધિમાં મનુષ્યયોગ્ય પ્રકૃતિઓ બંધાય તે વખતે ઉદ્યોતનો બંધ હોય નહીં ) માટે ઉદ્યોતનામકર્મનો ઉત્કૃષ્ટ રસ પૂર્વોક્ત વિશુદ્ધિવાળો મિથ્યાદૃષ્ટિ સપ્તમ પૃથ્વીનો નારક જ મિથ્યાત્વના અન્ત્ય સમયે બાંધે છે.

**મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, વજ્રર્ષભ૦** એ ૫ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ-રસ ઉત્કૃષ્ટવિશુદ્ધિવાળા સમ્યગ્દૃષ્ટિ [૧૦૧]દેવો ૧–૨ સમય

૧૦૧. ઉત્કૃષ્ટવિશુદ્ધિ અથવા ઉત્કૃષ્ટસંક્લેશવાળા સર્વોત્કૃષ્ટ એક અધ્યવસાયસ્થાનમાં જીવ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૨ સમય જ ટકી તુરત અનુત્કૃષ્ટ અધ્યવસાયમાં ચાલ્યો જાય છે માટે.

સુધી બાંધે છે. આ ૫ પ્રકૃતિઓ શુભ છે. તેથી તેનો ઉત્કૃષ્ટરસ ઉત્કૃષ્ટવિશુદ્ધિ વડે જ બંધાય છે, અને આ ૫ પ્રકૃતિયોગ્ય ઉત્કૃષ્ટવિશુદ્ધિ સમ્યગ્દૃષ્ટિદેવોને જ હોય છે. જોકે સમ્યગ્દૃષ્ટિ અને ઉત્કૃષ્ટવિશુદ્ધિવાળા નારક જીવો પણ એ પાંચ પ્રકૃતિઓ બાંધે છે, પરંતુ સમ્યગ્દૃષ્ટિ દેવો જેટલી ઉત્કૃષ્ટવિશુદ્ધિ સમ્યગ્દૃષ્ટિ નારકોને સંભવતી [૧૦૭]નથી. પુનઃ તિર્યંચ તથા મનુષ્યો એવી ઉત્કૃષ્ટ વિશુદ્ધિમાં વર્તતા હોય તો દેવપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે, અને એ ૫ પ્રકૃતિઓ મનુષ્ય (તથા તિર્યંચ) ગતિપ્રાયોગ્ય છે.

દેવાયુષ્ય—એ શુભ પ્રકૃતિ છે તેથી એના બંધવિચ્છેદરૂપ અપ્રમત્તગુણસ્થાને એનો ઉત્કૃષ્ટરસ બંધાય છે, તે પહેલાંના પ્રમત્તાદિગુણસ્થાનમાં તેવી વિશુદ્ધિનો અભાવ છે. પુનઃ અપ્રમત્તગુણસ્થાને પણ જ્યારે અનુત્તરવિમાનયોગ્ય ૩૩ સાગરોપમ દેવાયુષ્ય બંધાતું હોય તે વખતે જ દેવાયુષ્યનો ઉત્કૃષ્ટરસ બંધાય છે.

શેષ ૬૮ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસ ચારે ગતિવાળા મિથ્યાદૃષ્ટિઓ ઉત્કૃષ્ટ કષાયમાં વર્તતા બાંધે છે. તેમાં પણ વિશેષતા આ પ્રમાણે છે.

હાસ્ય, રતિ, સ્ત્રીવેદ, પુરુષવેદ, [૧૦૮] મધ્યસંસ્થાન, ૪

૧૦૭. તીર્થંકર ભગવંતની સમૃદ્ધિ, પરિવાર, દેશના વિગેરેના દર્શન–શ્રવણથી તથા નંદીશ્વરચૈત્યોના દર્શનાદિકથી સમ્યગ્દૃષ્ટિદેવોને જેવી ઉત્કૃષ્ટવિશુદ્ધિ હોય છે તેવી ઉત્કૃષ્ટવિશુદ્ધિ સમ્યગ્દૃષ્ટિ નારકોને ન હોય, કારણ કે નારકોને તીર્થંકર ભગવંતના દર્શન, દેશનાશ્રવણ ઇત્યાદિ કોઈ પણ વિશિષ્ટ નિમિત્ત નથી.

૧૦૮. વજ્રર્ષભનારાચસંઘયણ કહેવાય ગયું છે અને છેવટ્ઠું સંઘયણ ૫૬ પ્રકૃતિમાં ઉત્કૃષ્ટસંક્લેશથી ઉત્કૃષ્ટરસબંધવાળું ગણવું છે.

મધ્યસંઘયણ એ ૧૨ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટરસબંધ તદ્યોગ્ય સંક્લેશ વડે ( મધ્ય સંક્લેશ વડે ) હોય, કારણ કે ઉત્કૃષ્ટ-સંક્લેશ હોય તો હાસ્ય–રતિને બદલે શોક–અરતિ બંધાય, સ્ત્રીવેદ–પુરુષવેદને બદલે નપુંસકવેદ બંધાય, ૪ મધ્યસંસ્થાનને ઉલ્લંઘી [109]હુંડક સંસ્થાન બંધાય, અને ૪ મધ્યસંઘયણને ઉલ્લંઘી [110]છેવટ્ઠું સંઘયણ બંધાય, માટે એ ૧૨ પ્રકૃતિઓ યથાયોગ્ય સંક્લેશથી ઉત્કૃષ્ટ રસબંધયોગ્ય છે, અને શેષ ૫૬ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસબંધ ઉત્કૃષ્ટ સંક્લેશથી હોય છે.

## ઉત્કૃષ્ટ રસબંધ સ્વામી યન્ત્ર

(૩) એકેન્દ્રિય, સ્થાવર, આતપ–ઈશાન સુધીના મિથ્યાદૃષ્ટિદેવો.

(૧૧) { વિકલ ૩, સૂક્ષ્માદિ ૩, નરકાદિ ૩, તિર્યંચાયુ, નરાયુ } મિથ્યાદૃષ્ટિ તિર્યંચ અને મિથ્યા૦ મનુષ્ય (અયુગલિક.)

---

તેથી મધ્યમ ૪ સંઘયણ કહ્યાં છે, તે પ્રમાણે સંસ્થાન પણ મધ્યનાં ૪ જ કહ્યાં છે.

૧૦૯–૧૧૦. સંસ્થાન અને સંઘયણના રસબંધમાં જ્યારે સર્વોત્કૃષ્ટ સંક્લેશ હોય ત્યારે ૨૦ કોડાકોડી સાગરો૦ની સ્થિતિવાળું હુંડક સંસ્થાન અને છેવટ્ઠું સંઘયણ બંધાય છે, તેથી કંઈક વિશુદ્ધિવાળો જીવ ૧૮ કો૦ કો૦ સાગરો૦ની સ્થિતિવાળું વામનસંસ્થાન અને કીલિકા સંઘયણ બાંધે, તેથી અધિક વિશુદ્ધિવાળો જીવ ૧૬ કો૦ કો૦ સાગરોપમવાળું કુબ્જ સંસ્થાન અને અર્ધનારાચ સંઘયણ બાંધે, તેથી અધિક વિશુદ્ધિવાળો જીવ ૧૪ કો૦ કો૦ સા૦ વાળું સાદિસંસ્થાન અને નારાચસંઘયણ બાંધે, તેથી અધિક વિશુદ્ધિવાળો જીવ ૧૨ કો૦ કો૦ સા૦ વાળું ન્યગ્રોધ–ૠષભનારાચ બાંધે, અને તેથી અધિક વિશુદ્ધિવાળો (સર્વ વિશુદ્ધ જીવ) ૧૦ કો૦ કો૦ સા૦ વાળું સમચ૦ વજ્રર્ષભ૦ બાંધે છે.

| | | |
|---|---|---|
| (૩) | તિર્યંચ ૨, સેવાર્ત. | મિથ્યાદષ્ટિ દેવ અને મિથ્યા૦નારક |
| (૨૯) | વૈક્રિય ૨, દેવ ૨, આહા૦ ૨, સુખગતિ, શુભવર્ણાદિ ૪, તૈજસાદિ ૪, (તૈ૦ કા૦ અગુ૦ નિર્માણ), જિન, સમચ૦ પરાઘાત, ત્રસાદિ ૯, પંચે૦, ઉચ્છ્વાસ | ક્ષપક શ્રેણિવંત ૮ મા ગુણસ્થાને |
| (૩) | શાતા, ઉચ્ચ, યશઃ | ક્ષપકશ્રેણિવંત ૧૦ મા ગુણસ્થાનને અંતે |
| (૧) | ઉદ્યોત | સાતમી પૃથ્વીનો નારક મિથ્યાત્વના અંતિમ સમયે (અનિવૃત્તિકરણાન્તે) |
| (૫) | નરક ૨, ઔદારિક ૨, વજ્રર્ષ૦– | સમ્યગ્દષ્ટિ દેવો |
| (૧) | દેવાયુઃ | અપ્રમત્ત સંયત |
| (૬૮) | શેષ પ્રકૃતિ | ૪ ગતિના મિથ્યાદષ્ટિ |

૧૨૪ (વર્ણાદિ ૪ શુભાશુભમાં બે વાર ગણવાથી ૪ અધિક છે).

अवतरण—સર્વ ઉત્તરપ્રકૃતિઓના ઉત્કૃષ્ટ રસબંધના સ્વામી કહીને હવે આ ૬૯ થી ૭૩ મી ગાથા સુધીમાં સર્વ પ્રકૃતિઓના जघन्यरसबन्धना स्वामी કહેવાય છેઃ—

**थीणतिगं अणमिच्छं, मंदरसं संजमुम्मुहो मिच्छो ।**
**बियतियकसाय अविरय, देस पमत्तो अरइसोए ।। ६९ ।।**

गाथार्थः—થીણદ્ધિત્રિક, અનંતાનુબંધિ ૪ અને મિથ્યાત્વ

એ ૮ પ્રકૃતિઓનો **मंदरसं**—જઘન્ય રસબંધ [૧૧૧]સંયમ સન્મુખ થયેલો મિથ્યાદૃષ્ટિ જીવ બાંધે છે, બીજા કષાયનો (અપ્રત્યાખ્યાની ૪ નો) જઘન્યરસ અવિરતસમ્યગ્દૃષ્ટિ, ત્રીજા પ્રત્યાખ્યાની ૪ કષાયનો જઘન્યરસ દેશવિરતિ અને અરતિ તથા શોકનો જઘન્યરસ પ્રમત્ત મુનિ બાંધે છે. ૬૯.

**विशेषार्थः**—હવે જઘન્યરસબંધમાં અશુભપ્રકૃતિઓનો જઘન્યરસ વિશુદ્ધિ વડે અને શુભ પ્રકૃતિઓનો જઘન્યરસ સંક્લેશવડે બંધાય છે, તેથી સ્ત્યાનર્ધિત્રિક, અનંતા૦ ૪ અને મિથ્યાત્વ એ ૮ પ્રકૃતિઓ અશુભ હોવાથી એ ૮ ના બંધકમાં સર્વવિશુદ્ધ જીવ કોણ છે? તે વિચારવું યોગ્ય છે. તે આ પ્રમાણે—એ ૮ પ્રકૃતિઓનો બંધ મિથ્યાદૃષ્ટિને છે, અને મિથ્યાદૃષ્ટિઓમાં અતિ વિશુદ્ધ તે જ જીવ છે કે જે જીવ પોતાનું મિથ્યાત્વગુણસ્થાન છોડી સમ્યક્ત્વ પામવાને સન્મુખ થયો હોય તેવા જીવને મિથ્યાત્વના અન્ત્યસમયે એ ૮ પ્રકૃતિઓનો જઘન્ય રસ બંધાય છે. અહીં **संयमसन्मुख** એટલે પોતાના ગુણસ્થાનથી આગળનું અતિ વિશુદ્ધ ગુણસ્થાનવાળું [૧૧૨]સમ્યક્ત્વસામાયિક, દેશવિરતિસામાયિક, સર્વવિરતિસામાયિક જાણવું. પરન્તુ

---

૧૧૧. સંયમ એટલે સામાયિક, અર્થાત્ સમ્યક્ત્વસામાયિક, દેશવિરતિ સામાયિક, સર્વવિરતિસામાયિક એ પ્રમાણે **संयम** શબ્દ આ ગાથામાં કહેલા ચારે જીવને (મિથ્યા૦ સમ્ય૦ દેશ૦ પ્રમત્ત એ ૪ જઘન્યરસબંધના સ્વામીને) જોડવો.

૧૧૨. પાંચમા કર્મગ્રંથની વૃત્તિમાં કેવળ સમ્યક્ત્વાદિ સન્મુખ થયેલા જીવ કહ્યો છે, તેની સ્પષ્ટતા આગળની ફુટનોટમાં કહી છે.

[113]સંયમ સહિત સમ્યક્ત્વાદિને સન્મુખ થયેલો જીવ અતિવિશુદ્ધ ગણવો, એમ પણ કહ્યું છે.

અપ્રત્યાખ્યાની ૪ કષાયનો જઘન્યરસ અવિરતસમ્યગ્દૃષ્ટિ કે જે સંયમસન્મુખ થયેલો હોય તે જ અન્ત્ય સમયે એ ૪ ના બંધકમાં અતિવિશુદ્ધ હોવાથી (જઘન્યરસ) બાંધે છે.

તથા પ્રત્યખ્યાની ૪ કષાયનો જઘન્યરસ સંયમસન્મુખ થયેલો (જે જીવ અનન્તર સમયે સર્વવિરતિ ગુણસ્થાનવાળો) જીવ દેશવિરતિના અન્ત્ય સમયે (જઘન્યરસ) બાંધે છે.

અરતિ અને શોકનો જઘન્ય રસબંધ અપ્રમત્ત [114]સંયમ સન્મુખ થયેલો પ્રમત્તમુનિ પ્રમત્તગુણસ્થાનના અન્ત્ય સમયે બાંધે છે. ૬૯.

---

૧૧૩. કર્મપ્રકૃતિ વિગેરેમાં સંયમ સહિત સમ્યક્ત્વાદિ સન્મુખ થયેલો જીવ કહ્યો છે.

૧૧૪. અહીં **संयमसन्मुख** નું ભિન્ન વક્તવ્ય આ પ્રમાણે—

| **પંચમ કર્મગ્રંથની વૃત્તિમાં** | **કર્મપ્રકૃતિ આદિમાં** |
|---|---|
| ૧ સ્ત્યાનર્દ્ધિત્રિકાદિ ૮ માં-સમ્યક્ત્વસામાયિકસન્મુખ થયેલો મિથ્યાદૃષ્ટિ જીવ. | ૧ સંયમસહિત સમ્યક્ત્વ પામવા સન્મુખ થયેલો જીવ. |
| ૨ અપ્રત્યા૦ ૪ માં-દેશવિરતિસન્મુખ થયેલો અવિરતિ સમ્યગ્દૃષ્ટિ | ૨ સંયમસન્મુખ થયેલો અવિરત સમ્યગ્દૃષ્ટિ. |
| ૩ પ્રત્યા૦ ૪ માં-સર્વવિરતિસન્મુખ થયેલો દેશવિરતિ. | ૩ સર્વ વિરતિ સન્મુખ થયેલો દેશવિરતિ. |
| ૪ અરતિ-શોકમાં-અપ્રમત્ત સન્મુખ થયેલો પ્રમત્ત. | ૪ અપ્રમત્તસન્મુખ થયેલો પ્રમત્ત. |

**अपमाइ हारगदुगं, दुनिद्दअसुवन्नहासरइकुच्छा ।**
**भयमुवघायमपुव्वो, अनियट्टी पुरिससंजलणे ।।७०।।**

**गाथार्थः—**અપ્રમત્તમુનિ આહારકદ્વિકનો જઘન્યરસ બાંધે છે બે નિદ્રા, અશુભવર્ણાદિ ૪, હાસ્ય, રતિ, કુત્સા, ઉપઘાત, એ ૧૧ પ્રકૃતિનો જઘન્યરસ અપૂર્વકરણ ગુણસ્થાનવાળા જીવો બાંધે છે, તથા પુરુષવેદ અને સંજ્વલન ૪ કષાય એ ૫ પ્રકૃતિનો જઘન્યરસ ૯ મા અનિવૃત્તિગુણસ્થાનવાળા બાંધે છે. ૭૦

**વિશેષાર્થઃ—**આહારકદ્વિક અતિ શુભ પ્રકૃતિઓ છે, તેથી તેનો જઘન્યરસબંધ તત્પ્રાયોગ્ય સંક્લેશ વડે થાય છે, અને એ બે પ્રકૃતિયોગ્ય અતિ સંક્લેશ પ્રમત્તગુણસ્થાનમાં જવા સન્મુખ થયેલા ( એટલે અનન્તર સમયે પ્રમત્ત થશે એવા ) અપ્રમત્ત મુનિને હોય છે, માટે તેવા અપ્રમત્ત મુનિ આહારકદ્વિકનો જઘન્યરસ બાંધે છે.

નિદ્રા, પ્રચલા ઇત્યાદિ ( ગાથામાં કહેલી ) ૧૧ અશુભ પ્રકૃતિઓ છે, તેનો જઘન્યરસ અતિવિશુદ્ધિ વડે બંધાય, અને એ ૧૧ પ્રકૃતિઓના બંધક જીવોમાં અત્યંત વિશુદ્ધ તે જીવો છે કે જે જીવો ક્ષપકશ્રેણિમાં એ પ્રકૃતિઓના બંધવિચ્છેદ-

---

એ પ્રમાણે મિથ્યાદષ્ટિ અને અવિરતિસમ્યગ્દષ્ટિ એ બે સ્વામિની બાબતમાં ભિન્નતા જણાય છે. પુનઃ સમ્યક્ત્વ અને ચારિત્ર એ બેની સમકાળે પ્રાપ્તિ ન થાય એમ નથી. કોઈ જીવને બન્નેની પ્રાપ્તિ સમકાળે થઈ શકે છે, તેથી સંયમસહિત સમ્યક્ત્વ પામનાર જીવને કેવળ સમ્યક્ત્વ પામનાર જીવની અપેક્ષાએ વિશેષ વિશુદ્ધિ પણ સંભવે. માટે ' સંયમ સહિત સમ્યક્ત્વ સન્મુખ થયેલ ' એમ કહેવામાં પણ કોઈ વિરોધ નથી.

સ્થાને આવેલા હોય, તેથી ક્ષપકશ્રેણિમાં અપૂર્વકરણ-આઠમાં ગુણસ્થાને વર્તતા ક્ષપક જીવો એ પ્રકૃતિઓનો જઘન્યરસબંધ તે તે પ્રકૃતિઓના બંધવિચ્છેદ સમયે કરે છે.

પુરુષવેદ અને ૪ સંજ્વલનનો જઘન્યરસબંધ ક્ષપકશ્રેણિમાં અનિવૃત્તિ-નવમા ગુણસ્થાનના અન્ત્યસમયે વર્તતા ક્ષપક જીવો કરે છે. એ પાંચે પ્રકૃતિઓ અશુભ છે, તેથી એ પ્રકૃતિઓમાં જઘન્યરસ બંધયોગ્ય વિશુદ્ધિવાળા તે તે પ્રકૃતિના બંધવિચ્છેદ સમયમાં વર્તતા એ જ જીવો છે. ૭૦.

**विग्घावरणे सुहुमो, मणुतिरिया सुहुमविगलतिग आउ।**
**वेऊव्विछक्कममरा, निरया उज्जोयउरलदुगं ॥७१॥**

गाथार्थ—૫ વિઘ્ન, ૯ આવરણ ( ૫ જ્ઞાનાવરણ, ૪ દર્શનાવરણ ) એ ૧૪ પ્રકૃતિનો જઘન્યરસ સૂક્ષ્મસંપરાયગુણસ્થાનવાળા જીવો બાંધે છે, તથા સૂક્ષ્મત્રિક, વિકલેન્દ્રિયત્રિક, ૪ આયુષ્ય અને વૈક્રિયષટ્ક એ ૧૬ પ્રકૃતિઓનો જઘન્યરસ મનુષ્ય અને તિર્યંચો બાંધે છે, તથા ઉદ્યોત અને ઔદારિકદ્વિક એ ૩ પ્રકૃતિઓનો જઘન્યરસ દેવ તથા નારકો બાંધે છે. ૭૧.

विशेषार्थ—૫ વિઘ્ન અને ૯ આવરણ એ ૧૪ પ્રકૃતિઓના જઘન્યરસબંધક એ પ્રકૃતિઓના બંધવિચ્છેદસમયે વર્તતા ક્ષપકશ્રેણિવંત ૧૦ મા સૂક્ષ્મસંપરાયગુણસ્થાનના પર્યન્ત સમયવર્તી ક્ષપક જીવો છે. એ ૧૪ પ્રકૃતિઓ અશુભ છે. અશુભનો જઘન્યરસ [૧૧૫]વિશુદ્ધિથી બંધાય છે. અને એ ૧૪ પ્રકૃતિઓના જઘન્યરસબંધ યોગ્ય વિશુદ્ધિવાળા એ જ જીવો છે.

---

૧૧૫. ' અશુભનો જઘન્યરસ વિશુદ્ધિથી બંધાય છે ' આવી

સૂક્ષ્મત્રિક આદિ ૧૬ પ્રકૃતિઓનો જઘન્યરસ બાંધનાર મનુષ્ય અને તિર્યંચો ( અતિસંકલિષ્ટ અતિવિશુદ્ધ અને યથાયોગ્ય વિશુદ્ધિસંક્લેશવાળા સંજ્ઞિપર્યાપ્ત ) હોય છે, તેનો વિશેષ વિધિ આ પ્રમાણે:—

તિર્યંચઆયુષ્ય અને મનુષ્યઆયુષ્ય એ બે વિના શેષ ૧૪ પ્રકૃતિઓ દેવ તથા નારકો ભવસ્વભાવથી જ બાંધતા નથી માટે તિર્યંચો અને મનુષ્યો એ ૧૪ પ્રકૃતિના જઘન્યરસ બંધક કહ્યા છે. તથા દેવો અને નારકો તિર્યગાયુષ્ય અને મનુષ્યાયુષ્ય જો કે બાંધે છે પરંતુ જઘન્યરસયોગ્ય આયુષ્ય જઘન્યસ્થિતિવાળું જ બંધાય છે, એ બે આયુષ્યની જઘન્યસ્થિતિ ક્ષુલ્લકભવપ્રમાણ છે અને દેવો તથા નારકો ક્ષુલ્લકભવપ્રમાણનું જઘન્ય આયુષ્ય બાંધતા નથી, માટે એ ૨ આયુષ્યના પણ જઘન્યરસબંધક દેવ તથા નારકો નથી. એ પ્રમાણે જઘન્યરસબંધને અંગે સોળે પ્રકૃતિઓ દેવ–નારકો બાંધતા નથી માટે મનુષ્ય તિર્યંચો જ ( એ ૧૬ ના જઘન્યરસબંધક ) કહ્યા છે. હવે એ ૧૬ પ્રકૃતિઓના જઘન્ય રસબંધમાં સંક્લેશ તથા વિશુદ્ધિનું યથાસંભવ પ્રમાણ કેવી રીતે છે? તે દર્શાવાય છે—

**नरकायुष्यः**—નરકાયુ બાંધવામાં કારણરૂપ સંક્લિષ્ટ અધ્યવસાયોમાં અતિ અલ્પસંક્લિષ્ટ અધ્યવસાય વડે ૧૦૦૦૦ (દશ

---

અથવા આવા ભાવવાળી પંક્તિઓ ઔપચારિક છે–કારણ કે વસ્તુતઃ વિશુદ્ધિ બંધનું કારણ ન બની શકે. પણ એ વિશુદ્ધિનું કારણ સંક્લેશની મંદતા છે. અને મંદસંક્લેશ એ જ તત્ત્વતઃ જઘન્યરસ (તેમ જ જઘન્યસ્થિતિ )નું કારણ છે.

હજાર) વર્ષની સ્થિતિવાળું એટલે જઘન્ય સ્થિતિવાળું બંધાય તે પ્રસંગે જઘન્યરસબંધ હોય, કારણ કે આ પ્રકૃતિ અશુભ છે.

शेष ३ आयुष्यः—અત્યંત સંક્લેશથી પોતપોતાની જઘન્ય-સ્થિતિ (દેવાયુની ૧૦૦૦૦ વર્ષ અને નરાયુ–તિર્યંગાયુની ક્ષુલ્લકભવ જેટલી) બંધાય તે પ્રસંગે એ ૩ આયુષ્યનો જઘન્યરસ બંધાય છે.

नरकद्विकः—જઘન્યસ્થિતિબંધ પ્રસંગે અત્યંતવિશુદ્ધિથી જઘન્યરસ બંધાય.

देवद्विकः—શુભપ્રકૃતિ હોવાથી સર્વોત્કૃષ્ટસ્થિતિબંધ પ્રસંગે યથાયોગ્ય સંક્લેશથી તેનો જઘન્યરસ બંધાય. અતિ સંક્લેશથી નરકદ્વિક બંધાય માટે યથાયોગ્ય સંક્લેશ જાણવો.

वैक्रियद्विकः—આ બે પ્રકૃતિઓ નરકગતિના બંધ પ્રસંગે તેમ જ દેવગતિના બંધ સંગે પણ બંધાય છે, પરંતુ અહીં અતિ સંક્લેશ ગ્રહણ કરવા માટે નરકગતિ સાથે જ્યારે એ ૨ પ્રકૃતિઓ અતિ સંક્લેશથી સર્વોત્કૃષ્ટસ્થિતિવાળી બંધાય તે પ્રસંગે એ બેનો જઘન્યરસ પણ બંધાય.

विकल ३ सूक्ष्मादि ३:—આ ૬ પ્રકૃતિઓનો જઘન્યરસ તત્પ્રાયોગ્ય (યથાયોગ્ય) વિશુદ્ધિથી બંધાય, કારણ કે અધિક વિશુદ્ધિથી મનુષ્યાદિ યોગ્ય પ્રકૃતિઓ બંધાય છે, માટે અહીં યથાયોગ્ય વિશુદ્ધિ જાણવી.

આ પ્રમાણે ૧૯ પ્રકૃતિઓના જઘન્યરસબંધમાં ભિન્નભિન્ન પ્રકારની વિશુદ્ધિ તથા સંક્લેશનું પ્રમાણ કહીને હવે ઔદારિકદ્વિક તથા ઉદ્યોતનો જઘન્યરસબંધ કહેવાય છે.

औदारिक ૨, उद्योत—એ ૩ પ્રકૃતિઓ શુભ હોવાથી તેનો જઘન્યરસબંધ સર્વોત્કૃષ્ટ સંક્લેશમાં વર્તતા ૮ મા કલ્પ સુધીના દેવ અને સર્વે નારકો બાંધે છે, જોકે મનુષ્ય તથા તિર્યંચો પણ એ ૩ પ્રકૃતિઓ બાંધે છે, પરન્તુ તેવા પ્રકારના સંક્લેશમાં એ ૩ પ્રકૃતિઓ જ બાંધતા નથી, પરન્તુ તેવા ઉત્કૃષ્ટ સંક્લેશમાં નારકપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે. પુનઃ એ ત્રણે પ્રકૃતિઓ તિર્યંચગતિ સાથે બંધાતી હોય તે વખતે જઘન્યરસબંધ યોગ્ય હોય છે; તથા અહીં વિશેષ એ છે કે-ઔદારિક ઉપાંગનો જઘન્યરસ ઇશાનથી ઉપરના સનત્કુમારાદિથી સહસ્રાર ( ૩ થી ૮ મા ) કલ્પસુધીના દેવોને હોય છે, કારણ કે ઇશાનસુધીના દેવો અતિસંક્લેશમાં વર્તે તો એકેન્દ્રિયયોગ્ય પ્રકૃતિઓ બાંધતા હોવાથી ઔદારિક ઉપાંગ બાંધી શકતા નથી. ૭૧.

**तिरिदुग निअं तमतमा, जिणमविरय निरयविणिगथावरयं ।**
**आसुहमायव संम्मो, व सायथिरसुभजसा सिअरा ॥७२॥**

गाथार्थः—તિર્યગ્દ્વિક અને નીચગોત્રનો જઘન્યરસ સાતમી તમસ્તમઃપ્રભા પૃથ્વીના નારકજીવો બાંધે, જિનનામકર્મનો જઘન્યરસ અવિરત સમ્યગ્દૃષ્ટિ બાંધે, એકેન્દ્રિય અને સ્થાવર-નામકર્મનો જઘન્યરસ નારક સિવાય ત્રણ ગતિના જીવો બાંધે, आयव=આતપનામકર્મનો જઘન્યરસ आसुहम=સૌધર્મ ( અને ઇશાન ) કલ્પ સુધીના દેવો બાંધે, તથા સાતા, સ્થિર, શુભ, યશ એ ૪ શુભપ્રકૃતિઓની सिअरा ( सइअरा )=ઇતર( પ્રતિપક્ષી ) અસાતા, અસ્થિર, અશુભ, અયશ સહિત ૮ પ્રકૃતિઓનો જઘન્યરસ संमो=સમ્યગ્દૃષ્ટિ व=અથવા મિથ્યાદૃષ્ટિ બાંધે. ૭૨.

विशेषार्थः—સાતમી પૃથ્વીનો મિથ્યાદૃષ્ટિનારક પ્રથમ

ઉપશમસમ્યક્ત્વ પામવાને યથાપ્રવૃત્તાદિક ત્રણ કરણો કરી ત્રીજા અનિવૃત્તિકરણમાં અંતરકરણવડે મિથ્યાત્વની સ્થિતિના બે ભાગ કરી અન્તર્મુહૂર્ત પ્રમાણ ઉદયવાળા પહેલા વિભાગના છેલ્લા સમયમાં વર્તતો હોય તે (મિથ્યાત્વના પર્યન્ત) સમયે તિર્યંચદ્વિક અને નીચગોત્ર એ ત્રણ પ્રકૃતિનો જઘન્યરસબંધ કરે છે. એ ૩ પ્રકૃતિઓ અશુભ છે. તેથી વિશુદ્ધિ વડે જઘન્યરસ બંધાય, અને એ ત્રણ પ્રકૃતિના જઘન્યરસબંધયોગ્ય વિશુદ્ધિ એ સાતમી પૃથ્વીના નારકોને જ મિથ્યાત્વના અંત્યસમયે હોય છે. કારણ કે મિથ્યાદૃષ્ટિપણામાં અત્યંતવિશુદ્ધિવાળા હોવા છતાં પણ કેવળ તિર્યંચગતિયોગ્ય પ્રકૃતિઓ બાંધનાર સાતમી પૃથ્વીના નારકો જ છે. તે સિવાયના નારકાદિ જીવો મિથ્યાદૃષ્ટિપણામાં એટલી વિશુદ્ધિવાળા હોય તો મનુષ્યદ્વિક અથવા દેવદ્વિક અને ઉચ્ચગોત્ર જ બાંધે.

જિનનામ નો જઘન્યરસ (શુભપ્રકૃતિ હોવાથી) સર્વસંક્લિષ્ટ [૧૧૬]અવિરતસમ્યગ્દૃષ્ટિ (૪ થા ગુણસ્થાનમાં વર્તતો પરંતુ) જે અનન્તરસમયે મિથ્યાત્વ પામવાનો છે તે બાંધે છે. અહીં જિનનામના જઘન્યરસબંધયોગ્ય ઉત્કૃષ્ટ સંક્લેશ કયા અવિરતિસમ્યગ્દૃષ્ટિને હોય? તેની વિશેષ સ્પષ્ટતા આ પ્રમાણે:—પ્રથમ મિથ્યાદૃષ્ટિપણામાં નરકાયુષ્ય [૧૧૭]બાંધી પશ્ચાત્

૧૧૬. જિનનામનો બંધ ૪ થાથી ૮ મા ગુણ૦ના છઠ્ઠા ભાગ સુધી બંધાય છે, પરંતુ સંક્લેશનું સ્થાન ચોથે ગુણસ્થાને જ પતિત-પરિણામીને હોય, માટે શેષ ગુણસ્થાનો જિનનામના જઘન્યરસબંધ-યોગ્ય નથી.

૧૧૭. પૂર્વે નરકાયુષ્ય ન બાંધ્યું હોય એવા જિનનામકર્મના

સમ્યગ્દૃષ્ટિ થઈ જિનનામકર્મબંધનો પ્રારંભ કર્યો, અને તે જિનનામકર્મના ચાલુ બંધમાં આયુષ્ય પૂર્ણ થતાં અનન્તરસમયે (નરકગતિમાં જવાનું હોવાથી) અવશ્ય મિથ્યાત્વ [૧૧૮]પામશે તેવો જીવ સમ્યક્ત્વના (ક્ષયોપશમસમ્યક્ત્વના) અન્ત્યસમયમાં વર્તતો [૧૧૯]મનુષ્ય અતિસંક્લેશવાળો હોવાથી બંધાતા જિનનામકર્મનો જઘન્યરસ બાંધે.

एकेन्द्रियजाति અને स्थावर नामकर्म એ બે પ્રકૃતિનો જઘન્યરસ પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા તિર્યંચ મનુષ્યો અને દેવો બાંધે છે, નારકો ભવસ્વભાવથી જ એકેન્દ્રિયયોગ્ય પ્રકૃતિઓ બાંધતા નથી, માટે એ ૩ ગતિવાળા જ કહ્યા છે. આ ૨ પ્રકૃતિ અશુભ છે તેથી તેનો રસ સંક્લેશથી બંધાય, તેથી જો ઉત્કૃષ્ટ સંક્લેશ હોય તો એ બેનો ઉત્કૃષ્ટરસ બાંધે, અને અલ્પસંક્લેશ–અતિ વિશુદ્ધિ હોય તો એકેન્દ્રિયના સ્થાને પંચેન્દ્રિયજાતિ અને સ્થાવરના સ્થાને ત્રસનામકર્મ બંધાય, માટે ઉત્કૃષ્ટસંક્લેશ તથા વિશુદ્ધિ ન કહેતાં મધ્યમપરિણામ કહ્યો

---

બંધવાળો જીવ નરકગતિમાં જતો નથી, માટે જઘન્યરસબંધમાં પૂર્વબદ્ધનરકાયુ મનુષ્ય કહ્યો છે.

૧૧૮. ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ એવા શ્રેણિકાદિક જીવો જિનનામકર્મના ચાલુ બંધમાં સમ્યક્ત્વ સહિત પણ નરકે જાય છે, પરંતુ તેવા સમ્યક્ત્વ સહિત નરકાભિમુખ જીવોને (સમ્યક્ત્વ ત્યાગ કરવા પૂર્વક નરકે જતા જીવોની અપેક્ષાએ) અધિક વિશુદ્ધિ હોય છે, માટે અહીં સંક્લેશ ગ્રહણ કરવાને મિથ્યાત્વસહિત નરકની પ્રાપ્તિવાળો સમ્યગ્દૃષ્ટિ જીવ કહ્યો છે.

૧૧૯. અહીં નિકાચિત જિનનામની વિવક્ષા છે અને તે નિકાચિત જિનનામનો બંધ પ્રારંભ મનુષ્યને જ હોય છે, માટે મનુષ્ય કહ્યો છે.

છે. પુનઃ એ મધ્યમપરિણામ [૧૨૦]અપરાવર્ત્તમાન પણ હોય છે પરંતુ તેવા અપરાવર્તમાન મધ્યમપરિણામમાં એટલે અવસ્થિત મધ્યમ પરિણામમાં જઘન્યરસબંધયોગ્ય વિશુદ્ધિ હોય નહિ. તેથી પરાવર્ત્તમાન મધ્યમ પરિણામ કહ્યો છે.

**आतपनाम**—કર્મનો જઘન્યરસબંધ સૌધર્મકલ્પ સુધીના એટલે સૌધર્મ અને ઇશાન બન્ને કલ્પ સુધીના દેવો અત્યન્ત સંક્લેશમાં વર્તતા કરે છે. એ પ્રકૃતિ શુભ હોવાથી તેનો જઘન્યરસબંધ અતિસંક્લેશથી જ થાય અને આતપના જઘન્યરસબંધ યોગ્ય અતિ સંક્લેશ એ દેવોને જ હોય છે, કારણ કે તિર્યંચો તથા મનુષ્યો જો એવા સંક્લેશમાં વર્તે તો નરકપ્રાયોગ્ય પ્રકૃતિઓ બાંધે અને આ પ્રકૃતિ તો એકેન્દ્રિય યોગ્ય છે. નારકો તથા ઇશાનથી ઉપરના દેવો તો ભવસ્વભાવથી એકેન્દ્રિયયોગ્ય પ્રકૃતિઓ બાંધતા નથી તેથી આતપ નામકર્મને પણ બાંધતા નથી.

**शाता–अशाता, स्थिर–अस्थिर, शुभ–अशुभ** તથા **यश-अयश** એ ૮ પ્રકૃતિઓનો જઘન્યરસ પરાવર્તમાન મધ્યમ પરિણામવાળા મિથ્યાદૃષ્ટિઓ તથા સમ્યગ્દૃષ્ટિઓ પણ બાંધે છે. ત્યાં શાતા, અશાતાનો પરાવર્તમાન મધ્યમ પરિણામ આ પ્રમાણે.

૧૨૦. જે અન્તર્મુહૂર્તમાં મધ્યમપરિણામ સહિત એકેન્દ્રિયજાતિ અને સ્થાવર નામ બંધાય છે તે અન્તર્મુહૂર્ત વ્યતીત થયા બાદ બીજા અન્તર્મુહૂર્તમાં પણ તેવા જ મધ્યમપરિણામ યુક્ત એકેન્દ્રિયજાતિ અને સ્થાવરનામ બંધાય તો તે મધ્યમપરિણામ (બન્ને અન્તર્મુહૂર્તમાં અવસ્થિત રહેવાથી એટલે ન બદલવાથી) અવસ્થિત મધ્યમ પરિણામ અથવા અપરાવર્તમાન મધ્યમપરિણામ કહેવાય.

શાતાવેદનીયની સ્થિતિ ૧૫ કોડાકોડી સાગરોપમ છે, અને અશાતાવેદનીયની સ્થિતિ ૩૦ કોડાકોડી સાગરોપમ છે, ત્યાં પ્રમત્તમુનિ અશાતાની સર્વજઘન્યસ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ જેટલી બાંધે છે, ત્યારબાદ અન્તર્મુહૂર્ત પુનઃ શાતાવેદનીય ( ની અંતઃકો૦કો૦ સાગરોપમ સ્થિતિ ) બાંધે છે, પુનઃ અન્તર્મુ૦ બાદ અશાતા બાંધે છે. એ પ્રમાણે ૬–૫–૪–૩–૨–૧ એ છએ ગુણસ્થાનમાં વર્તતા જીવો શાતાનો અન્તર્મુહૂર્ત સતત બંધ કરવા પૂર્વક દરેક અન્તર્મુહૂર્તે શાતા–અશાતાના બંધની પરાવૃત્તિ કરે છે, પરંતુ શાતા અથવા અશાતાનો બંધ અન્તર્મુ૦થી અધિક પ્રવર્તતો નથી, કારણ કે એ બન્ને પરાવર્તમાન પ્રકૃતિઓ છે. પુનઃ એ શાતા–અશાતાનો પરાવર્તમાન બંધ અશાતાની ૧૫ કોડાકોડીથી સાગરોપમના સ્થિતિબંધ સુધી હોય છે, અને ૧૫ કોડાકોડી સાગરથી ઉપરાંત તો કેવળ અશાતા જ બંધાય. કારણ કે શાતાનો સ્થિતિબંધ ૧૫ કોડાકોડી સાગરોપમથી અધિક નથી, જેથી વેદનીયકર્મનો પરાવર્તમાનબંધ પ્રમત્તયોગ્ય ( અશાતાના ) જઘન્ય અંતઃકોડાકોડી સાગરોપમથી પ્રારંભીને ૧૫ કોડાકોડી સાગરોપમ સુધીમાં હોય અને જઘન્ય અંતઃકોડાકોડીથી નીચેના સર્વે સ્થિતિબંધ અપ્રમત્તાદિ ઉપરાંતના ગુણસ્થાનવર્તી જીવોનાં હોવાથી કેવળ શાતાવેદનીયના જ છે, કારણ કે પ્રમત્તગુણસ્થાનના અંતે અશાતાનો બંધવિચ્છેદ થવાથી અપ્રમત્તાદિ ગુણસ્થાનકે કેવળ શાતાવેદનીય જ બંધાય છે. તેમ જ ૧૫ કોડાકોડી સાગરોપમથી ઉપરાંતના વેદનીયના સર્વે સ્થિતિબંધ અશાતાના છે, અર્થાત્ ૧૫ કોડાકોડીથી ઉપરાંત ૩૦ કોડાકોડી સુધીના સ્થિતિબંધમાં કેવળ અશાતાવેદનીય બંધાય છે. એ પ્રમાણે શાતાવેદનીયના

૧૨ મુહૂર્તનાં જઘન્ય સ્થિતિબંધથી પ્રારંભીને અપ્રમત્ત મુનિને બંધ પ્રાયોગ્ય ઉત્કૃષ્ટ અંતઃકોડાકોડી સાગરોપમ સુધીના સ્થિતિબંધો કેવળ શાતાના છે, ત્યાંથી એક સમયાધિકથી પ્રારંભીને સંપૂર્ણ ૧૫ કોડાકોડી સુધીના સ્થિતિબંધો શાતાના તથા અશાતાના બન્નેના છે, અને તેથી ઉપરાંત ૧ સમયાધિકથી પ્રારંભીને યાવત સંપૂર્ણ ૩૦ કોડાકોડી સાગરોપમ સુધીના સર્વે સ્થિતિબંધ કેવળ અશાતાના છે. એ રીતે વેદનીયના સ્થિતિબંધો ૩ વિભાગવાળા છે, તેમાં બે વિભાગ અપરાવર્તમાન બંધના છે, અને મધ્યગત ૧ વિભાગ પરાવર્ત્તમાન બંધનો છે.

એ પ્રમાણે વેદનીયના પરાવર્ત્તમાન વિભાગમાં વર્તતો જીવ (૧ થી ૬ ગુણસ્થાન સુધીના જીવો) અવશ્ય મધ્યમપરિણામવાળા હોય છે, અને તેવા મધ્યમપરિણામ વડે શાતા તથા અશાતાનો [૧૨૧]પરાવર્ત્તમાન બંધ ચાલતો હોય તે સમયે શાતા તથા અશાતાનો બંનેનો જઘન્યરસ બંધાય છે, અર્થાત્ એ પરાવર્ત્તમાન બંધવિભાગમાં શાતાના બંધથી ઉતરી અશાતાનો બંધ કરે તો શાતાના [૧૨૨]અન્ત્ય સમયે શાતાનો

૧૨૧. અન્તર્મુહૂર્ત શાતાનો બંધ કરી બીજા અન્તર્મુહૂર્તમાં પણ શાતા બાંધે એમ બની શકે છે, પરંતુ તે અપરાવર્ત્તમાન બંધ કહેવાય, અને અપરાવર્ત્તમાન એટલે અવસ્થિતપરિણામવાળા બંધમાં જઘન્યરસબંધ યોગ્ય સંક્લેશ ન હોય, અને અન્તર્મુ૦ શાતાનો બંધ કરી બીજા અન્તર્મુહૂર્તમાં જ્યારે અશાતા બાંધવાનો હોય ત્યારે તે શાતાનો પરાવર્તમાનબંધ ગણાય, તેવા પરાવર્તમાન બંધમાં શાતાનો જઘન્યરસબંધ હોય, અને એ પ્રમાણે જ જ્યારે અશાતાથી ઉતરી શાતાના બંધમાં જવાનો હોય ત્યારે અશાતાનો જઘન્યરસબંધ કરે છે.

૧૨૨. પરાવર્તમાન સમયે જ જઘન્યરસબંધ હોવાનું કારણ કે

**અને અશાતાના બંધથી ઉતરી શાતાનો બંધ કરે તો અશાતાના અન્ત્ય સમયે અશાતાનો જઘન્યરસ બાંધે.**

**એ શાતા તથા અશાતાના જઘન્યરસબંધમાં જે પદ્ધતિએ પરાવર્તમાન મધ્યમપરિણામ કહ્યો તે પદ્ધતિએ જ પરાવર્તમાન મધ્યમપરિણામવાળા મિથ્યાદૃષ્ટિઓ તથા સમ્યગ્દૃષ્ટિઓ અસ્થિર–સ્થિર, અશુભ–શુભ, અને અયશ–યશ એ ૬ પ્રકૃતિઓનો જઘન્યરસબંધ કરે છે. આ ૬ પ્રકૃતિઓમાં સ્થિર–શુભ-યશાની ૧૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. અને અસ્થિર–અશુભ–અયશની ૨૦ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે. અહીં પણ ૨૦ કોડાકોડી સાગરોપમ સુધીની સ્થિતિઓ ૩ વિભાગમાં વહેંચાયેલી છે. ત્યાં પહેલો વિભાગ આઠમા ગુણસ્થાનના છઠ્ઠા ભાગના પર્યન્તે ક્ષપક જીવો સ્થિરાદિકનો જે સર્વ-જઘન્ય અન્તઃકોડાકોડી સાગરોપમ જેટલો સ્થિતિબંધ કરે છે, તે અન્તઃકોડાકોડી સાગરોપમથી પ્રારંભીને પ્રમત્ત-મુનિ અસ્થિરાદિકની જે સર્વજઘન્યસ્થિતિ અંતઃકોડાકોડી સાગરોપમ બાંધે છે, તે અંતઃકોડાકોડી સાગરોપમ સુધી ( નો પહેલો શુદ્ધ અપરાવર્ત્તમાન વિભાગ[૧૨૩]) છે. ત્યારબાદ**

એક પ્રકૃતિના બંધથી બીજી પ્રતિપક્ષી પ્રકૃતિના બંધમાં જીવ સંક્રમે તે વખતે મંદ પરિણામવાળો હોય છે.

૧૨૩. વેદનીયકર્મની ૩૦ કો૦કો૦ સાગરોપમની સ્થિતિમાં પહેલો અપરાવર્તમાન વિભાગ ૧૨ મુહૂર્તથી પ્રારંભીને ( પ્રમત્તના અશાતાના જઘન્યબંધરૂપ ) અંતઃકો૦કો૦ સાગરોપમ સુધીનો હતો, અને આ ૬ પ્રકૃતિઓમાં પહેલો અપરા૦ વિભાગ લઘુ અંતઃકો૦કો૦

પ્રમત્તના જઘન્યસ્થિતિબંધ યોગ્ય ( અસ્થિરાદિકના ) અંતઃકોડાકોડી સાગરોપમથી પ્રારંભીને સ્થિરાદિકની ઉત્કૃષ્ટ ૧૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિ સુધીનો બીજો પરાવર્તમાન ( મિશ્ર ) બંધ વિભાગ, અને સમયાધિક ૧૦ કોડાકોડીથી ૨૦ કોડાકોડી સુધીનો ત્રીજો પણ શુદ્ધ-અપરાવર્તમાન વિભાગ છે. પહેલા વિભાગમાં સ્થિર-શુભ-યશઃ એ ત્રણે શુભ પ્રકૃતિઓ પોતે એકેક બંધાય છે, બીજા વિભાગમાં સ્થિર-અસ્થિર આદિ બે-બે પ્રકૃતિઓ બંધાય છે, અને ત્રીજા વિભાગમાં અસ્થિર અશુભ-અયશઃ એ ત્રણે અશુભ પ્રકૃતિઓ એકેક જ ( પ્રતિપક્ષીના બંધ વિના ) બંધાય છે. ત્યાં બીજા પરાવર્ત્તમાન ( મિશ્ર ) વિભાગમાં વર્તતો જીવ ( ૧-૨-૩-૪-૫-૬ ગુણસ્થાનવર્તી જીવ ) સ્થિરાદિકથી ઉતરી અસ્થિરાદિક બાંધવાનો હોય ત્યારે સ્થિરાદિકનો, અને અસ્થિરાદિકના બંધથી ઉતરી સ્થિરાદિકના બંધમાં જવાનો હોય ત્યારે બન્ધાન્ત્યસમયે અસ્થિરાદિકનો ( પરાવર્તમાન મધ્યમપરિણામ હોવાથી ) જઘન્યરસ બાંધે છે. એ પ્રમાણે શાતા ઇત્યાદિ ૮ પ્રકૃતિઓનો જઘન્યરસબંધ પરાવર્ત્તમાન મધ્યમપરિણામવાળા મિથ્યાદૃષ્ટિથી પ્રમત્ત સુધીના જીવો [142]બાંધે છે. ૭૨.

---

સાગરોપમથી સંખ્યગુણ અંતઃકો૦કો૦ સાગરો૦ સુધીનો છે, એ તફાવત છે.

૧૨૪. **પ્રશ્નઃ**—આ આઠ પ્રકૃતિઓના જઘન્યરસબંધને અંગે જે પહેલો અપરાવર્તમાન વિભાગ કેવળ શુભ પ્રકૃતિઓને બંધયોગ્ય કહ્યો, તે સર્વથા અપરાવર્તમાન જ છે કે તેમાં પણ પરાવર્તમાન બંધ હોય ?

**तसवन्नतेयचउमणु–खगइदुगपणिंदिसासपरघुच्चं ।**
**संघयणागिइनपुथी–सुभगियरति मिच्छ चउगइया ।।७३।।**

**ગાથાર્થઃ—तसचउ=ત્રસચતુષ્ક, वन्नचउ–વર્ણચતુષ્ક, तेयचउ–તૈજસચતુષ્ક ( તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ ) મનુષ્યદ્વિક, खगइदुग–બે વિહાયોગતિ, પંચેન્દ્રિય, ઉચ્છ્વાસ, પરાઘાત, ઉચ્ચગોત્ર, ૬ સંઘયણ, સંસ્થાન, નપુંસકવેદ, સ્રીવેદ सुभग ति–સૌભાગ્યત્રિક, અને इयरति=( સૌભાગ્યથી ઇતર–પ્રતિપક્ષી ) દૌર્ભાગ્યત્રિક એ ૪૦ પ્રકૃતિઓનો જઘન્યરસ ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો બાંધે છે. ૭૩.**

---

**ઉત્તર** એ પહેલો અપરાવર્તમાન વિભાગ કહ્યો તે જઘન્ય રસબંધને અંગે સંજ્ઞિપંચેન્દ્રિય જીવો આશ્રયી કહ્યો છે, પરંતુ બીજા જીવો તો એ પહેલા વિભાગમાં પણ પરાવર્ત્તમાન બંધવાળા છે, કારણ કે એકેન્દ્રિયાદિ જીવો જે $\frac{3}{7}$–$\frac{1}{7}$–$\frac{2}{7}$ ઇત્યાદિ સાગરોપમ જેટલા બંધવાળા છે તે જીવોનો પરાવર્ત્તમાનબંધ એ પહેલા વિભાગમાં જ પ્રાપ્ત થાય છે.

**પ્રશ્ન**—એક પ્રકૃતિના બંધથી બીજી પ્રકૃતિના બંધમાં સંક્રમતો જીવ મંદપરિણામવાળો હોવાથી જઘન્યરસબંધ કરે એમ કહ્યું તો સંક્રાન્તિ વખતે બન્ને પ્રકૃતિના બંધમાં મન્દ પરિણામ વર્તતો હોવાથી બન્ને પ્રકૃતિનો જઘન્યરસબંધ પરાવૃત્તિ વખતે કરી શકે, તો શાતાથી અશાતાના બંધમાં જતો શાતાનો જઘન્યરસ બાંધે અને અશાતાના બંધથી શાતાના બંધમાં જતો અશાતાનો જઘન્યરસબાંધે એમ શી રીતે? શાતાથી અશાતાના બંધમાં આવે તો શાતાના છેલ્લા સમયે શાતાનો અને અશાતાના પહેલા સમયે અશાતાનો જઘન્યરસબંધ કેમ ન કરે?

**વિશેષાર્થ**—એ ત્રસ ચતુષ્ક આદિ ૪૦ પ્રકૃતિઓના જઘન્ય રસબંધક ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો સામાન્યપણે કહ્યા છે, તોપણ તેમાં જે વિશેષતા છે તે આ પ્રમાણે—

ત્રસ, બાદર પર્યાપ્ત, પ્રત્યેક, શુભવર્ણ, શુભગંધ, શુભરસ, શુભસ્પર્શ, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ, પરાઘાત, ઉચ્છ્વાસ અને પંચેન્દ્રિયજાતિ એ ૧૫ પ્રકૃતિઓનો જઘન્યરસ સર્વોત્કૃષ્ટ સંક્લેશ વડે (ચારે ગતિના મિથ્યાદૃષ્ટિ જીવો) બાંધે છે, કારણ કે એ શુભ પ્રકૃતિઓ છે તેથી સંક્લેશ વડે જઘન્યરસ બંધાય, તેમાં પણ તિર્યંચ અને મનુષ્યો જ્યારે

---

**ઉત્તર**—શાતાથી ઉતરી અશાતાના બંધમાં (અનન્તર સમયે) જવાનો છે, તો પરાવર્તમાનતા શાતાની ગણાય કે અશાતાની? અર્થાત્ શાતાની જ પરાવર્તમાનતા ગણાય, તેમ જ અશાતાના બંધ સન્મુખ થવાથી જે સંક્લેશ છે તે સંક્લેશથી જ શાતાનો જઘન્યરસ બંધાય, પરંતુ અશાતાના બંધના પ્રથમ સમયે અશાતાનો જઘન્યરસબંધ નહીં, કારણ કે અશાતાનો જઘન્યરસબંધ ચઢતાં સંક્લેશમાં નહીં પણ ઉતરતાં સંક્લેશમાં એટલે વિશુદ્ધિમાં હોય, અને તે વિશુદ્ધિ તો શાતાના બંધ સન્મુખ થવાથી જ પ્રાપ્ત થાય. પરંતુ અશાતાના બંધ આરંભમાં વિશુદ્ધિ નથી. એ કારણથી જ શાતાના બંધથી ઉતરતી વખતે જે છેલ્લા સમયે શાતાનો જઘન્યરસબંધ અને અશાતાના બંધથી ઉતરતી વખતે (અન્ત્ય સમયે) અશાતાનો જઘન્યરસબંધ હોય છે, પરંતુ શાતાના અથવા અશાતાના બંધપ્રારંભમાં નહિં, કારણ કે શાતાનો બંધપ્રારંભ વિશુદ્ધિ વડે અને અશાતાનો બંધ પ્રારંભ સંક્લેશ વડે હોય છે. જેથી પ્રારંભમાં જઘન્યરસબંધનો અભાવ છે, એ પ્રમાણે યથાસંભવ પરાવર્તમાન એવી શુભાશુભ-પ્રકૃતિઓના જઘન્યરસબંધમાં સર્વત્ર વિચાર કરવો.

નરકગતિની પ્રકૃતિઓ બાંધતા હોય તે વખતે બંધાતી એ ૧૫ પ્રકૃતિઓનો જઘન્યરસ બાંધે, નારકો તથા સનત્કુમારાદિ દેવો જ્યારે તિર્યંચપંચેન્દ્રિયગતિ યોગ્ય પ્રકૃતિઓ બાંધતા હોય તે વખતે બંધાતી એ ૧૫ પ્રકૃતિઓનો જઘન્યરસ બાંધે. ઈશાનાન્ત (ભવનપતિ, વ્યન્તર, જ્યોતિષી, સૌધર્મ, ઇશાનના) દેવો જ્યારે એકેન્દ્રિય તિર્યંચયોગ્ય પ્રકૃતિઓ બાંધતા હોય ત્યારે ૧૩ પ્રકૃતિઓનો જઘન્યરસ બાંધે, પરંતુ પંચેન્દ્રિયજાતિ અને ત્રસનામનો જઘન્યરસ ન બાંધે, કારણ કે ઇશાનાન્ત દેવો અત્યંતસંક્લેશ વડે એકેન્દ્રિયયોગ્ય પ્રકૃતિઓ બાંધે છે, અને એ ૨ પ્રકૃતિઓ એ દેવોને વિશુદ્ધિ વડે બંધાય છે, એ પ્રમાણે ૧૫ પ્રકૃતિઓના જઘન્યરસબંધમાં ગતિ આશ્રયી વિશેષતા દર્શાવી.

સ્ત્રીવેદ અને નપુંસકવેદ અશુભ હોવાથી તેનો જઘન્યરસબંધ યથાયોગ્ય વિશુદ્ધિ વડે હોય છે. જો અધિક વિશુદ્ધિ હોય તો પુરુષવેદ બંધાય માટે યથાયોગ્ય વિશુદ્ધિનું ગ્રહણ કરવું.

શેષ ૨૩ પ્રકૃતિઓનો જઘન્યરસબંધ મધ્યમપરિણામવાળા મિથ્યાદૃષ્ટિઓ (ચાર ગતિવાળા) બાંધે છે, સમ્યગ્દૃષ્ટિ જીવો એ ૨૩ માંની કેવળ શુભપ્રકૃતિઓ જ બાંધે છે, તેથી પરાવર્તમાન બંધ હોય નહિ, અને એ પ્રકૃતિઓનો જઘન્યરસ પરાવર્તમાન મધ્યમ પરિણામ વડે બંધાય છે. ત્યાં કઈ પ્રકૃતિનો પરાવર્તમાન બંધ કેટલી સ્થિતિમાં હોય છે? તે કહેવાય છે.

મનુષ્યદ્વિકની ૧૫ કોડાકોડી સાગરોપમ સ્થિતિ છે તેથી ૧૫ કોડાકોડીથી પ્રારંભીને નરકદ્વિકાદિક પ્રતિપક્ષ પ્રકૃતિઓના જઘન્યસ્થિતિબંધ અંતઃકોડાકોડી સાગરોપમ સુધીના સર્વે

સ્થિતિભેદ પરાવર્ત્તમાન બંધવાળા છે, કારણ કે સ્થિતિ-ભેદોમાં વર્તતો જીવ મનુષ્યદ્વિકના બંધથી ઉતરી નરકદ્વિકાદિનો બંધ કરે, અને નરકદ્વિકાદિના બંધથી ઉતરી મનુષ્યદ્વિકનો બંધ કરે, ત્યાં મનુષ્યદ્વિકના બંધથી ઉતરી અનન્તર સમયે નરકદ્વિકાદિ પ્રતિપક્ષ પ્રકૃતિના બંધમાં જવાનો હોય તે વખતે મનુષ્યદ્વિકના બન્ધના પર્યન્તસમયે (મધ્યમ) સંક્લેશ હોવાથી મનુષ્યદ્વિકનો જઘન્યરસ [125]બાંધે છે.

શુભવિહાયોગતિ, સૌભાગ્ય, સુસ્વર, આદેય, ઉચ્ચગોત્ર, વજ્રર્ષભનારાચ, અને સમચતુરસ્ર એ ૭ પ્રકૃતિઓની ઉત્કૃષ્ટ-સ્થિતિ ૧૦ કોડાકોડિ સાગરોપમ છે, તેથી ૧૦ કોડાકોડીથી પ્રારંભીને પોતપોતાની પ્રતિપક્ષિ પ્રકૃતિઓના (સંજ્ઞિપંચેન્દ્રિય-યોગ્ય) જઘન્ય સ્થિતિબંધ (અંતઃકોડાકોડીસાગરોપમ) સુધીના સર્વે સ્થિતિબંધ પરાવર્તમાન સ્થિતિબંધમાં છે; માટે એ પરાવર્તમાન સ્થિતિબંધમાં વર્તતા મિથ્યાદષ્ટિઓ જ્યારે સુખગતિ આદિ શુભ પ્રકૃતિઓથી ઉતરી અશુભખગતિ આદિ સ્વસ્વપ્રતિપક્ષ પ્રકૃતિઓના બંધમાં અનન્તર સમયે જવાના હોય તે વખતે બંધપર્યન્ત સમયે શુભવિહાયોગત્યાદિકનો (મધ્યમ) સંક્લેશ વડે જઘન્યરસબંધ હોય છે.

---

૧૨૫. મનુષ્યદ્વિકનો ૧૫ કોડાકોડી સાગરોપમ સુધીનો પરાવર્ત્ત-માન બંધ તિર્યંચદ્વિક ને નરકદ્વિક સાથે કાયમ રહે છે, પરન્તુ દેવદ્વિકની સાથેનો પરાવર્ત્તમાન બંધ ૧૦ કોડાકોડી સાગરોપમ જેટલો જ હોય છે, અને તેથી ઉપરાન્ત તિર્યંચ અથવા નરકદ્વિક સાથે પરાવર્ત્તમાન થાય છે, કારણ કે દેવદ્વિકની સ્થિતિ ૧૦ કોડાકોડી સાગરોપમ, અને તિર્યંચદ્વિક તથા નરકદ્વિકની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે, માટે પરાવર્ત્તમાન બંધ હીનાધિક છે.

હુંડક સંસ્થાન અને સેવાર્ત્ત સંઘયણ એ બેનો પરાવર્તમાન બંધશેષ ૫ સંસ્થાન અને ૫ સંઘયણ સાથે છે, અને એ બેની સ્થિતિ ૨૦ કોડાકોડી સાગરોપમ છે તેથી હુંડકસંસ્થાન પોતાની જઘન્ય ( અન્તઃકોડાકોડીસાગરોપમ ) સ્થિતિથી [૧૨૬] ૧૮ કોડાકોડી સાગરોપમ સુધી પરાવર્તમાન છે, તેવી જ રીતે સેવાર્ત્ત સંઘયણ પણ ( પોતાની ) જઘન્યસ્થિતિથી પ્રારંભીને પ્રતિપક્ષ પ્રકૃતિની ઉત્કૃષ્ટસ્થિતિ સુધી પરાવર્તમાન છે. અહીં જઘન્યસ્થિતિ સંજ્ઞીપંચેન્દ્રિય સંબંધી જાણવી.

વામન સંસ્થાન તથા કીલિકાસંઘયણના પરાવર્તમાન બંધનો વિચાર પણ હુંડક તથા સેવાર્ત્તવત્ વિચારવો, પરન્તુ આ બેની સ્થિતિ ૧૮ કોડાકોડીસાગરોપમ છે, માટે તે અનુસારે પરાવર્તમાન બંધ વિચારવો.

એ પ્રમાણે કુબ્જસંસ્થાન અને અર્ધનારાચસંઘયણનો

૧૨૬. પરાવર્તમાન બંધ પ્રતિપક્ષ પ્રકૃતિનો સ્થિતિબંધ અને પોતાનો સ્થિતિબંધ એ બે સ્થિતિબંધનો ( બે સ્થિતિઓનો ) સંયોગ–સંગમ મળતો હોય ત્યાં સુધી હોય છે, માટે અહીં હુંડક–સેવાર્ત્તની સ્થિતિ જોકે ૨૦ કોડાકોડી છે, પરન્તુ પ્રતિપક્ષ વામન–કીલિકાની સ્થિતિ ૧૮ કોડાકોડીસાગરોપમ છે, તેથી એ બે વિરોધી પ્રકૃતિઓની બે સ્થિતિનો સંયોગ ૧૮ કોડાકોડી સુધી જ મળે છે, તેથી હુંડક–સેવાર્ત્તનો પરાવર્તમાનબંધ વામન–કીલિકા સાથે ૧૮ કોડાકોડી સુધી, કુબ્જ–અર્ધનારાચ સાથે ૧૬ કોડાકોડી સાદિ–નારાચ સાથે ૧૪ કોડાકોડી ન્યગ્રોધ–ઋષભનારાચ સાથે ૧૨ કોડાકોડી સુધી, અને સમચતુ૦–વજ્રર્ષભ૦ સાથે ૧૦ કોડાકોડીસાગરોપમ સુધી હોય છે. આ પદ્ધતિ પ્રમાણે વામન–કીલિકાના પરાવર્તમાનબંધની ભિન્ન ભિન્ન સ્થિતિ તે તે પ્રતિપક્ષ પ્રકૃતિની સ્થિતિને અનુસારે ભિન્ન ભિન્ન યથાસંભવ વિચારવી.

પરાવર્તમાન બંધ પોતાની ૧૬ કોડાકોડીસાગરોપમની સ્થિતિ પ્રમાણે, સાદિસંસ્થાન અને નારાચસંઘયણનો પરાવર્તમાન બંધ પોતાની ૧૪ કોડાકોડીસાગરોપમ સ્થિતિ પ્રમાણે, ન્યગ્રોધ-સંસ્થાન તથા ઋષભનારાચસંઘયણનો પરાવર્તમાન બંધ પોતાની ૧૨ કોડાકોડીસાગરોપમની સ્થિતિ અનુસારે વિચારવો.

એ હુંડક સંસ્થાન આદિ ૧૦ પ્રકૃતિઓના સ્વસ્વપ્રાયોગ્ય પરાવર્તમાન બંધમાં વર્તતો જીવ ( મધ્યમ ) વિશુદ્ધિમાં એ ૧૦ નો જઘન્યરસબંધ કરે છે. આ પ્રકૃતિઓ અશુભ છે, માટે એનો જઘન્યરસબંધ વિશુદ્ધિ વડે જાણવો.

અશુભ વિહાયોગતિનો પરાવર્તમાન બંધ ( પોતાની ૨૦ કોડાકોડીસાગરોપમ સ્થિતિને અનુસારે ) પ્રશસ્તવિહાયોગતિની ૧૦ કોડાકોડીસાગરોપમ સ્થિતિ સાથે છે. દૌર્ભાગ્ય–દુઃસ્વર અને અનાદેયનો પણ સ્થિતિબંધ ૨૦ કોડાકોડીસાગરોપમ છે, તેથી પોતાની પ્રતિપક્ષી સૌભાગ્ય–સુસ્વર અને આદેય પ્રત્યેકના ૧૦–૧૦ કોડાકોડીસાગરોપમ સાથે તે દૌર્ભાગ્યત્રિક યથાસંભવ પરાવર્તમાનબંધવાળું છે.

અહીં પરાવર્તમાન બંધના સંબંધમાં અવશ્ય વિચારવા યોગ્ય એ છે કે–જ્યારે અશુભ પ્રકૃતિનો પરાવર્તમાનબંધ વિચારવો હોય ત્યારે પરાવર્તમાન બંધનો પ્રારંભ પોતાની સર્વ જઘન્ય સ્થિતિથી પ્રતિપક્ષી શુભ પ્રકૃતિના ઉત્કૃષ્ટ સ્થિતિબંધ સુધી ગણવો, અથવા પ્રતિપક્ષ પ્રકૃતિ જો શુભ ન હોય અને અશુભ જ હોય તો બે સ્થિતિઓનો સંગમ મળતો હોય ત્યાં સુધી પરાવર્તમાન બંધ ગણવો. તથા શુભ પ્રકૃતિનો પરાવર્ત-માન બંધ વિચારવો હોય તો પ્રતિપક્ષી અશુભપ્રકૃતિના જઘન્ય-

સ્થિતિબંધથી પરાવર્તમાન બંધનો પ્રારંભ ગણવો, અને બે સ્થિતિઓનો સંગમ મળે ત્યાં સુધી તે પરાવર્તમાન બંધ ગણવો. એ પ્રમાણે પરાવર્તમાન બંધનો પ્રારંભ તથા પર્યન્તભાગ યથાસંભવ વિચારવો.

## જઘન્યરસબંધ સ્વામી–યન્ત્ર

(૮) સ્ત્યાનર્દ્ધિ ૩, અનંતાનુ૦ ૪, મિથ્યાત્વ ૧,–સંયમાભિમુખ મિથ્યાદૃષ્ટિ.

(૫) અપ્રત્યાખ્યાની કષાય— સંયમાભિમુખ સમ્યગ્દૃષ્ટિ.
(૪) પ્રત્યાખ્યાની કષાય— ,, દેશવિરત.
(૨) અરતિ–શોક— અપ્રમત્તાભિમુખ પ્રમત્ત.
(૨) આહારકદ્વિક— પ્રમત્તાભિમુખ અપ્રમત્ત.

(૧૧) { નિદ્રા ૨, અશુભવર્ણાદિ ૪, હાસ્ય, રતિ, ભય, જુગુપ્સા, ઉપઘાત } –અપૂર્વકરણ ક્ષપક

(૫) પુરુષવેદ, સંજ્વલન કષાય ૪, ક્ષપકશ્રેણિવંત ૯ મે.
(૧૪) ૫ વિઘ્ન, ૯ આવરણ— ,, ૧૦ માન્તે.

(૧૬) { સૂક્ષ્માદિ ૩, વિકલેન્દ્રિય ૩ આયુ ૪, વૈક્રિય ૬ } –મનુષ્ય અને તિર્યંચ.

(૧૦) {
ઉદ્યોત, ઔદા૰ ૨–દેવ–નારકો.
તિર્યંચ ૨, નીચગોત્ર-સાતમી પૃથ્વીના નારકો (મિથ્યાત્વાન્તે)
જિનનામ– –અવિરત સમ્યગ્દૃષ્ટિ
એકેન્દ્રિય, સ્થાવર, અનારકા (નારકસિવાય ૩ ગતિના જીવો)
આતપ– ઇશાનાન્ત દેવો

| | | |
|---|---|---|
| (૮) | શાતા, સ્થિર, શુભ, યશઃ અશાતા, અસ્થિર, અશુભ, અયશ | (પરાવર્તમાન પરિણામી) સમ્યગ્દૃષ્ટિઓ અને મિથ્યાદૃષ્ટિઓ. |
| (૪૦) | ત્રસાદિ ૪, શુભવર્ણાદિ ૪, તૈજસાદિ ૪, મનુ૦ ૨, ખગતિ ૨, પંચે૦, ઉચ્છ્વાસ, પરાઘાત, ઉચ્ચ, સંઘયણ ૬, સંસ્થાન ૬, નપુંસક, સ્ત્રી, સૌભાગ્યાદિ ૩, દૌર્ભાગ્યાદિ ૩ | (પરાવર્તમાન પરિણામી) ૪ ગતિના મિથ્યાદૃષ્ટિઓ |

**૧૨૪** (વર્ણાદિ બે વાર ગણવાથી ૪ અધિક છે.)

**अवतरण**—પૂર્વ ગાથાઓમાં ઉત્કૃષ્ટ તથા જઘન્ય અનુભાગબંધનું સ્વરૂપ (તથા સ્વામિત્વ) કહીને હવે જઘન્ય અજઘન્ય આદિ ૪ પ્રકારના અનુભાગબંધમાં સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એ ૪ કાળના ભાંગાની પ્રાપ્તિ યથાસંભવ રીતે આ ગાથામાં દર્શાવે છે અને તે ૮ મૂળ તથા ૪૭ ધ્રુવબંધિ પ્રકૃતિઓમાં (સંક્ષિપ્ત રચનાના કારણથી) પ્રકૃતિઓના ક્રમ વિના જેમ-તેમ દર્શાવે છે; જેથી [૧૨૭]કંઈક અધિક એક જ ગાથામાં આઠે મૂળ પ્રકૃતિઓ અને ૧૨૦ ઉત્તર પ્રકૃતિઓનો સમાવેશ થઈ જાય છે.

**चउतेयवन्न वेयणियनामणुक्कोसु सेसधुवबंधी ।**
**घाईणं अजहन्नो, गोए दुविहो इमो चउहा ॥७४॥**

૧૨૭. सेसंमि दुह. એ પદ ૭૫ મી ગાથામાં આ ગાથાના સંબંધવાળું છે માટે તે પદસહિત આ સંપૂર્ણ ગાથા તે કંઈક અધિક ૧ ગાથા.

गाथार्थः—चउतेय=તૈજસ ચતુષ્ક ( તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, નિર્માણ ), वन्न ( चउ )=વર્ણચતુષ્ક ( શુભવર્ણાદિ ૪ ), वेयणिय= વેદનીય અને नाम=નામ એ ૨ મૂળકર્મનો ( અર્થાત્ તૈજસાદિ ૮ ઉત્તરપ્રકૃતિનો અને ૨ મૂળપ્રકૃતિનો ) अणुक्कोसु=અનુત્કૃષ્ટ રસબંધ ( चउहा=૪ પ્રકારનો છે ). તથા શેષ અશુભધ્રુવબંધી ( તૈજસચતુષ્ક વિના અપ્રશસ્તવર્ણાદિ ૪ પૂર્વક ) [૧૨૮]૪૩ પ્રકૃતિનો તથા જ્ઞાનાવરણીયાદિ ૪ ઘાતિકર્મનો ( એટલે ૪ ઘાતિ-કર્મરૂપ ૪ મૂળપ્રકૃતિનો ) અજઘન્ય રસબંધ ( ૪ પ્રકારનો છે ), તથા गोए= ગોત્રકર્મનો ( એટલે ગોત્રરૂપ ૧ મૂળ પ્રકૃતિનો ) दुविहो=બન્ને પ્રકારનો ( અનુત્કૃષ્ટ તથા અજઘન્ય એ બન્ને પ્રકારનો ) રસબંધ इमो=તે રસબંધ चउहा=( સાદિ અનાદિ, ધ્રુવ, અધ્રુવ એમ ) ૪ પ્રકારનો છે. ૭૪.

विशेषार्थः—જેનાથી બીજો અલ્પ-જઘન્ય રસ નથી તેવો સર્વ જઘન્યરસ તે जघन्य रस, જઘન્યરસથી એક રસાંશાદિ અધિક યાવત્ સર્વોત્કૃષ્ટરસ સુધીનો ( સર્વોત્કૃષ્ટ પોતે પણ ) રસ તે સર્વે अजघन्य रस, સર્વોત્કૃષ્ટરસ તે उत्कृष्ट रस, અને એક રસાંશહીન, બે રસાંશહીન યાવત્ સર્વ જઘન્યરસ સુધીના સર્વે રસભેદ ( અર્થાત્ સર્વ જઘન્ય રસ પોતે પણ ) ઉત્કૃષ્ટરસની અપેક્ષાએ अनुत्कृष्टरस કહેવાય. એમાં જઘન્યરસ અને ઉત્કૃષ્ટરસ એ બે એકેક ભેદરૂપ છે, અને અજઘન્ય તથા અનુત્કૃષ્ટ રસભેદ ( માં બીજા સર્વે રસભેદનો સમાવેશ થઈ જાય છે, જેથી )

---

૧૨૮. તૈજસાદિ ૮ તથા આ ૪૩ મળી ૫૧ ધ્રુવબંધી થવાનું કારણ વર્ણચતુષ્ક શુભ અને અશુભ બે પ્રકારે બન્ને સ્થાને ગણાયું છે માટે.

અસંખ્ય અસંખ્ય ભેદરૂપ છે. એ ૪ પ્રકારના રસભેદમાં સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એ ૪ કાળભાંગા દર્શાવાય છે, તે આ પ્રમાણેઃ—

તૈજસચતુષ્ક તથા શુભવર્ણચતુષ્ક એ ૮ શુભ ધ્રુવબંધી પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ રસબંધ સાદિ, અનાદિ, ધ્રુવ અને અધ્રુવ એમ ૪ પ્રકારનો છે; તે આ પ્રમાણે-ક્ષપકશ્રેણિમાં આઠમા અપૂર્વકરણગુણસ્થાનના છઠ્ઠા ભાગના પર્યન્ત સમયે ક્ષપક જીવ દેવગતિયોગ્ય ૩૦ પ્રકૃતિઓનો બંધ-વિચ્છેદ કરે છે તે સાથે એ ૮ પ્રકૃતિઓનો પણ બંધવિચ્છેદ કરે છે તે સમયે (એ શુભ પ્રકૃતિઓ હોવાથી) અત્યંત વિશુદ્ધિવડે સર્વોત્કૃષ્ટરસબંધ કરે છે, માટે તે સમયે સર્વોત્કૃષ્ટરસબંધ આદિ છે, એ સિવાયનો શેષ રસબંધ અનુત્કૃષ્ટ છે, અને તે ઉપશમશ્રેણિમાં ઉપશમક જીવ એ જ ગુણસ્થાનકના છઠ્ઠાભાગના પર્યન્તસમયે અનુત્કૃષ્ટ રસબંધ કરી ત્યાર બાદ ૧૧ મા ગુણસ્થાન સુધી અબંધક થઈને પુનઃ શ્રેણિથી પડતાં તે જ સ્થાને આવી અનુત્કૃષ્ટ રસબંધ બાંધે છે, માટે તે સ્થાને અનુત્કૃષ્ટ રસબંધની આદિ છે. ઉપશમશ્રેણિ નહિ પામેલા જીવને અનુત્કૃષ્ટ રસબંધ અનાદિ (કાળથી ચાલ્યો આવે) છે, ભવ્યને શ્રેણિમાં કોઈ પણ વખતે અનુત્કૃષ્ટ રસબંધનો અંત થવાનો છે માટે ભવ્યને અધ્રુવ અને અભવ્ય જીવ કોઈ પણ વખતે શ્રેણિ પામવાનો નથી માટે (અનાદિ અનન્તકાળ ચાલુ રહેવાથી) એ ૮ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટ રસબંધ ધ્રુવ છે.

તથા એ ૮ પ્રકૃતિઓના શેષ જઘન્ય અજઘન્ય અને ઉત્કૃષ્ટ રસબંધ સાદિ અધ્રુવ છે; તે આ પ્રમાણે-એ ૮ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ રસ જે પ્રકારે સાદિ છે તે પ્રકાર અનુત્કૃષ્ટરસબંધ

પ્રસંગે ક્ષપકને રહ્યો છે, અને તે ભવ્યજીવની અપેક્ષાએ અધ્રુવ છે. તથા એ ૮ પ્રકૃતિઓનો સર્વ જઘન્ય રસબંધ પર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિયને અત્યન્ત સંક્લેશ સમયે મિથ્યાદૃષ્ટિપણામાં હોય છે, તે ૧ સમય અથવા ઉત્કૃષ્ટથી[૧૨૯] ૨ સમય હોય છે. ત્યાર બાદ અવશ્ય અજઘન્ય રસબંધ પ્રવર્તે છે. પુનઃ કાળાન્તરે સર્વોત્કૃષ્ટ સંક્લેશ પ્રાપ્ત થતાં ૧-૨ સમય સુધી જઘન્યરસ બંધાય છે, ત્યાર બાદ પુનઃ અજઘન્યરસ બંધાય છે. એ પ્રમાણે જઘન્ય-અજઘન્ય રસબંધ પરાવૃત્તિ વડે વારંવાર પ્રાપ્ત થતો હોવાથી સાદિ અધ્રુવ છે. આ પદ્ધતિએ શેષ પ્રકૃતિઓના પણ ચારે પ્રકારના રસબંધ યથાસંભવ વિચારવા, તે આ પ્રમાણે—

વેદનીય અને નામકર્મ એ બે મૂળપ્રકૃતિનો અનુત્કૃષ્ટ રસબંધ સાદિ વિગેરે ૪ પ્રકારનો છે, તે આ પ્રમાણે-શાતા અને યશઃનામકર્મની અપેક્ષાએ વેદનીય તથા નામકર્મનો ઉત્કૃષ્ટ રસબંધ અત્યંત વિશુદ્ધિ વડે ક્ષપકશ્રેણિમાં ક્ષપક જીવને ૧૦ મા ગુણસ્થાનના અન્ત્ય સમયે હોય છે, તે ૧ સમયવર્તિ હોવાથી સાદિ, અને તે સિવાયનો ઉપશમશ્રેણિમાં જે રસબંધ છે તે અનુત્કૃષ્ટ છે, તે અનુત્કૃષ્ટરસબંધ ઉપશમશ્રેણિના ૧૦ મા ગુણસ્થાન પર્યન્તે વિચ્છેદ પામતા ૧૧ મે અબંધ થાય છે. ત્યાંથી પતિત થઈ પુનઃ ૧૦ મે આવતા અનુત્કૃષ્ટરસબંધ થાય છે માટે સાદિ, ઉપશમશ્રેણિ નહિ પામેલા જીવો માટે અનાદિ અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ.

---

૧૨૯. સર્વોત્કૃષ્ટ સંક્લેશવાળા અસંખ્ય અધ્યવસાયસ્થાનો એવાં છે કે જેમાંનું કોઈ પણ ૧ અધ્યવસાયસ્થાન જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૨ સમય સુધી જ ટકી શકે, એ **દ્વિસામયિક** અધ્યવસાય સ્થાનો છે.

એ બે કર્મનો શેષ ૩ પ્રકારનો રસ સાદિઅધ્રુવ છે તે આ પ્રમાણે-પ્રથમ કહ્યા પ્રમાણે વેદનીય અને નામનો ઉત્કૃષ્ટ રસબંધ ક્ષપકને ૧૦ મા ગુણસ્થાનના પર્યંત સમયે (૧ સમયવર્તી) હોવાથી ઉત્કૃષ્ટરસબંધ સાદિ, અને ક્ષપકને ૧૨ મા ગુણસ્થાનથી રસબંધનો અભાવ હોવાથી અધ્રુવ. તથા એ ૨ કર્મનો જઘન્યરસબંધ પરાવર્તમાન મધ્યમપરિણામી મિથ્યાદૃષ્ટિ આદિ (૧ થી ૬ ગુણસ્થાનવર્ત્તી) જીવોને હોય છે, અને તે અજઘન્યથી ઉતરતાં જઘન્યરસ બંધાય છે. પુનઃ તે જઘન્ય રસબંધ જઘન્યથી ૧ સમય અને [130]ઉત્કૃષ્ટથી ૪ સમયવર્તી હોવાથી અને ત્યારબાદ પુનઃ અજઘન્યરસબંધ પુનઃ જઘન્ય રસબંધ એ પ્રમાણે પરાવૃત્તિથી એ બન્ને રસબંધ બંધાય છે તે કારણથી જઘન્યરસબંધ અને અજઘન્યરસબંધ સાદિ, તથા ભવ્યને અધ્રુવ અથવા સાદિપણું હોવાથી પણ અધ્રુવ છે.

શેષ ૪૩ અશુભ ધ્રુવબંધિ પ્રકૃતિઓનો અજઘન્યરસબંધ ૪ પ્રકારનો છે, તેમાં પણ જે જે પ્રકૃતિઓને અંગે અજઘન્ય-રસબંધના સ્થાનની વિશેષતા છે તે આ પ્રમાણે—

૫ જ્ઞાનાવરણ, ૪ દર્શનાવરણ, ૫ અન્તરાય એ ૧૪ પ્રકૃતિઓનો જઘન્યરસબંધ (અશુભ પ્રકૃતિઓ હોવાથી) અત્યંત વિશુદ્ધિ વડે ક્ષપક જીવને ૧૦ મા ગુણસ્થાનના પર્યન્ત સમયે

૧૩૦. અનુભાગ બંધનાં અધ્યવસાયસ્થાનો અવસ્થિત કાળની અપેક્ષાએ યવ આકારવાળાં છે, તે अनुभागयव કહેવાય. તે યવમાં પ્રથમ જઘન્યરસબંધયોગ્ય અધ્યવસાયસ્થાનો चतुःसामयिक (એટલે તેમાંનો કોઈ પણ એક અધ્યવસાય ૪ સમયથી વધુ ન ટકે એવાં) છે, યવમધ્યવર્ત્તી સ્થાનો ૫, ૬, ૭, ૮, ૭, ૬, ૫, ૪, ૩ સમયવાળાં, અને પર્યન્તવર્તી સર્વોત્કૃષ્ટ સ્થાનો द्विसामयिक છે.

(બંધ-વિચ્છેદ સમયે) હોય છે, તે સિવાયનો સર્વરસબંધ અજઘન્ય છે, જેથી ઉપશમશ્રેણિમાં પણ એ ૧૪ પ્રકૃતિઓનો અજઘન્ય રસબંધ હોય છે, ત્યાં ઉપશમશ્રેણિના ૧૦ મા ગુણસ્થાનના પર્યન્ત સમયે (બંધ-વિચ્છેદ સમયે) અજઘન્ય રસબંધનો વિચ્છેદ થતાં ૧૧ મા ગુણસ્થાનમાં રસબંધનો અભાવ છે, ૧૧ માંથી પતિત થઈ ૧૦ મે આવતાં પુનઃ અજઘન્યરસબંધ પ્રારંભાય છે માટે અજઘન્યરસબંધની સાદિ, ઉપશમશ્રેણિ નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ. એ પ્રમાણે ૧૪ ઘાતિપ્રકૃતિઓનો અજઘન્યરસબંધ ૪ પ્રકારનો છે.

૪. સંજ્વલન કષાયનો જઘન્યરસબંધ ક્ષપકશ્રેણિમાં ૯ મા ગુણસ્થાનમાં પોતપોતાના બંધ-વ્યવચ્છેદ સમયે ૧ સમય હોય છે. તે સિવાયનો સર્વ અજઘન્ય રસ છે, જેથી ઉપશમશ્રેણિમાં નવમા ગુણસ્થાને પોતપોતાના બંધ-વિચ્છેદ સમયે અજઘન્ય રસબંધનો વિચ્છેદ થતાં ૧૦-૧૧ મા ગુણસ્થાને અબંધક થઈ પુનઃ શ્રેણિથી પડતાં અજઘન્ય રસબંધ પ્રારંભે છે, માટે ૪ સંજ્વલન કષાયનો અજઘન્ય રસબંધ સાદિ, ઉપશમશ્રેણિ નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ.

નિદ્રા, પ્રચલા, અશુભવર્ણાદિ ૪, ઉપઘાત, ભય, જુગુપ્સા એ ૯ પ્રકૃતિઓ અપૂર્વકરણગુણસ્થાને (નિદ્રા, પ્રચલા, અપૂર્વકરણના પહેલા ભાગે, અશુભવર્ણાદિ ૪-અપૂર્વકરણના છઠ્ઠા ભાગે, ભયકુત્સા-અપૂર્વકરણના પર્યન્તે અર્થાત્ સાતમા ભાગે) બંધવિચ્છેદ પામે છે ત્યાં પોતપોતાના બંધવિચ્છેદ સમયે ક્ષપક જીવ એ ૯ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ વિશુદ્ધિ વડે જઘન્યરસબંધ

કરે છે, તે સિવાયનો સર્વ અજઘન્યરસબંધ છે, તે ઉપશમ-શ્રેણિમાં ૮ મા ગુણસ્થાને બંધ–વિચ્છેદ પામ્યા બાદ શ્રેણિથી પડતાં તે તે સ્થાને આવી પુનઃ અજઘન્યરસબંધ પ્રારંભાય છે, માટે એ ૯ પ્રકૃતિઓનો અજઘન્યરસબંધ સાદિ, ઉપશમશ્રેણિ નહિ પામેલા જીવને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ.

૪ પ્રત્યાખ્યાનીકષાયનો જઘન્યરસબંધ સર્વવિરતિ ચારિત્ર અનન્તરસમયે પામશે એવો દેશવિરતિ જીવ દેશવિરતિના પર્યન્તસમયે અત્યન્ત વિશુદ્ધિ વડે બાંધે છે, તે સિવાયનો સર્વ અજઘન્યરસબંધ છે, તે દેશવિરતિના ચરમસમયથી પહેલાં દેશવિરતિથી મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાન સુધી પ્રાપ્ત થાય છે, અને સર્વવિરત્યાદિ ગુણસ્થાને પ્રત્યાખ્યાનીનો બંધ–વિચ્છેદ થવાથી તેના અજઘન્ય રસબંધનો પણ વિચ્છેદ થાય છે. ત્યારબાદ સંયમથી પતિત થઈ દેશવિરતિમાં આવતાં પુનઃ અજઘન્ય-રસબંધ પ્રારંભાય છે માટે, પ્રત્યાખ્યાની ૪ કષાયનો અજઘન્ય-રસબંધ સાદિ, દેશવિરતિ આદિ ગુણસ્થાન નહિ પામેલા જીવને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ.

આ પ્રત્યાખ્યાની ૪ કષાયનો અજઘન્ય રસબંધ જે પદ્ધતિએ કહ્યો તે જ પદ્ધતિએ ૪ અપ્રત્યાખ્યાની, ૪ અનંતાનુ-બંધિ, થિણદ્ધિત્રિક, અને મિથ્યાત્વ એ ૮ પ્રકૃતિઓનો અજ-ઘન્ય રસબંધ પણ ૪-૪ પ્રકારે કહેવો, પરંતુ જઘન્યરસબંધના સ્થાનોમાં જે વિશેષ છે તે વિશેષ આ પ્રમાણે—૪ અપ્રત્યા-ખ્યાનીનો જઘન્યરસબંધ ક્ષાયિકસમ્યક્ત્વ અને સર્વવિરતિ-ચારિત્ર એ બન્ને સમકાળે (અનન્તરસમયે) પામશે તેવા અવિરતિસમ્યગ્દૃષ્ટિને ૪ થા ગુણસ્થાનના પર્યન્તસમયે હોય છે.

૪ અનંતાનુબંધિ, ૩ સ્ત્યાનર્દ્ધિ, મિથ્યાત્વ એ ૮ નો જઘન્યરસબંધ સમ્યક્ત્વ અને સર્વવિરતિ ચારિત્ર એ બેને સમકાળે (અનન્તરસમયે) પામશે તેવા ચરમસમયવર્તી મિથ્યાદૃષ્ટિ-જીવને હોય છે. એ પ્રમાણે આ ૧૨ પ્રકૃતિઓના જઘન્યરસબંધના સ્થાનોને અનુસારે યથાસંભવ અજઘન્ય રસબંધના સાદિ ઇત્યાદિ ૪ ભાંગા કહેવા.

એ પ્રમાણે ૪૩ પ્રકૃતિઓનો અજઘન્યરસબંધ ૪–૪ પ્રકારનો કહ્યો, અને એ ૪૩ પ્રકૃતિઓના જઘન્ય, ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ એ ૩ પ્રકારનો રસબંધ સાદિ તથા અધ્રુવ એમ ૨–૨ પ્રકારનો છે, તે આ પ્રમાણે;—એ ૪૩ પ્રકૃતિઓનો જઘન્યરસબંધ અજઘન્યરસબંધના પ્રસંગે કહ્યો છે, તે સર્વે ૧–૧ સમયવર્તી હોવાથી સાદિ–અધ્રુવ છે, તથા મિથ્યાદૃષ્ટિ પર્યાપ્ત સંજ્ઞિપંચેન્દ્રિય અત્યંત સંક્લેશ વડે એ ૪૩ નો સર્વોત્કૃષ્ટ રસ ૧–૨ સમય સુધી બાંધી પુનઃ અનુત્કૃષ્ટ રસબંધ કરે છે. પુનઃ કાળાંતરે સર્વોત્કૃષ્ટસંક્લેશ પામી ૧–૨ [131] સમય સુધી ઉત્કૃષ્ટ-રસબંધ કરી પુનઃ અનુત્કૃષ્ટ રસ બાંધે છે, એ પ્રમાણે ઉત્કૃષ્ટ અને અનુત્કૃષ્ટની વારંવાર પરાવૃત્તિ હોવાથી એ બન્ને રસબંધ સાદિ–અધ્રુવ છે.

घाईणं अजहन्नो=ઘાતિકર્મનો એટલે જ્ઞાનાવરણ–દર્શનાવરણ મોહનીય અને અન્તરાય એ ૪ ઘાતિકર્મોનો [132]મૂળપ્રકૃતિ-

૧૩૧. સર્વોત્કૃષ્ટ સંક્લેશ તથા સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિનાં અસંખ્ય અધ્યવસાય સ્થાનોમાં જીવને વર્તવાનો એ જ અવસ્થિતકાળ છે કે જેમાંનું કોઈ પણ ૧ ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન ૨ સમયથી વધુ ટકી શકે નહિ.

૧૩૨. ૫ જ્ઞાનાવરણ, ૯ દર્શનાવરણ અને ૫ અન્તરાયનો

ઓનો અજઘન્ય રસબંધ ૪ પ્રકારનો છે, તે આ પ્રમાણે;— મોહનીયનો જઘન્યરસબંધ ક્ષપકશ્રેણિમાં ૯ મા ગુણસ્થાને અન્ત્યસમયે અને જ્ઞાનાવરણીયાદિ ૩ નો જઘન્યરસબંધ ૧૦ મા ગુણસ્થાનને અન્તે ક્ષપકજીવને છે. તે ૧-૧ સમયવર્તી હોવાથી સાદિ છે. એ સિવાયના સર્વે રસબંધ અજઘન્ય છે, જેથી ઉપશમશ્રેણિમાં પણ એ ચારનો રસબંધ અજઘન્ય જ હોય છે, માટે ઉપશમશ્રેણિમાં ૯ મા ગુણસ્થાનપર્યન્તે મોહનીયનો અને ૧૦ મા ગુણસ્થાનને અન્તે જ્ઞાનાવરણીયાદિ ૩ નો અજઘન્યરસબંધ વિચ્છેદ પામ્યા બાદ ઉપશમશ્રેણિથી પડી ૯ મે અને ૧૦ મે આવતાં પુન: તે અજઘન્યરસબંધ પ્રારંભાય છે માટે તે તે સ્થાને એ ૪ કર્મનો અજઘન્યરસબંધ સાદિ, શ્રેણિ નહીં પામેલા જીવને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ:

એ ૪ મૂળકર્મનો જઘન્ય, ઉત્કૃષ્ટ, અનુત્કૃષ્ટ એ ૩ પ્રકારનો રસબંધ પ્રત્યેક સાદિ-અધ્રુવ એમ ૨ પ્રકારનો છે. તે આ પ્રમાણે; એ ૪ કર્મના જઘન્યરસબંધનું સ્થાન અજઘન્યરસબંધના પ્રસંગે કહ્યું છે, તે સ્થાને જઘન્યરસબંધ ૧-૧ સમયપ્રમાણનો હોવાથી સાદિ છે, અને જઘન્યરસબંધના સ્થાનથી અગ્રસમયે વા આગળના ગુણસ્થાનમાં અવશ્ય તેનો બંધવિચ્છેદ બંધાભાવ થશે, માટે અધ્રુવ છે, તથા એ ચારે કર્મનો ઉત્કૃષ્ટરસબંધ સંજ્ઞિપર્યાપ્ત

અજઘન્યરસબંધ ૪૩ પ્રકૃતિઓના અજઘન્યરસબંધમાં કહ્યો છે, તે એ ૩ કર્મની ૧૪ ઉત્તરપ્રકૃતિ આશ્રયી કહ્યો છે, અને અહીં એ ૩ કર્મ (નો રસબંધ) મૂળ પ્રકૃતિઆશ્રયી કહેવાય છે, તેથી દ્વિરુક્તિ દોષ ન જાણવો.

પંચેન્દ્રિય મિથ્યાદૃષ્ટિ જીવ સર્વસંક્લિષ્ટ અધ્યવસાય પામીને ૧–૨ સમય સુધી કરી; પુનઃ અનુત્કૃષ્ટ રસબંધ જઘન્યથી અંતર્મુહૂર્ત સુધી અને ઉત્કૃષ્ટતઃ અનન્ત કાળચક્ર સુધી કરી પુનઃ ઉત્કૃષ્ટ રસબંધ કરે છે, એ પ્રમાણે ઉત્કૃષ્ટ–અનુત્કૃષ્ટ રસબંધ વારંવાર પરાવૃત્તિ પામતા હોવાથી સાદિ–અધ્રુવ છે.

गोए दुविहा—ગોત્ર કર્મનો અનુત્કૃષ્ટ અને અજઘન્ય એ બન્ને પ્રકારનો રસબંધ સાદિ આદિ ૪–૪ પ્રકારનો છે અને જઘન્ય તથા ઉત્કૃષ્ટરસબંધ સાદિ–અધ્રુવ એમ ૨–૨ પ્રકારનો છે, તે આ પ્રમાણે;—ગોત્રકર્મનો (મૂળપ્રકૃતિ આશ્રયી) ઉત્કૃષ્ટના ૨ પ્રકારના તથા અનુત્કૃષ્ટ રસબંધના ૪ પ્રકાર તે વેદનીય અથવા નામકર્મવત્ જાણવા, અર્થાત્ વેદનીયમાં જેમ શાતા વેદનીય આશ્રયી, અને નામકર્મમાં જેમ યશઃનામ આશ્રયી અનુત્કૃષ્ટ–ઉત્કૃષ્ટરસબંધના વિકલ્પ–પ્રકાર કહ્યા છે તેમ ગોત્રકર્મમાં ઉચ્ચગોત્ર આશ્રયી અનુત્કૃષ્ટરસબંધ ૪ પ્રકારનો અને ઉત્કૃષ્ટરસબંધ ૨ પ્રકારનો જાણવો; કારણ કે શાતાયશઃ અને ઉચ્ચગોત્ર એ ત્રણેના ઉત્કૃષ્ટ રસબંધનું સ્થાન (ક્ષપકના ૧૦ મા ગુણસ્થાનના અન્તિમસમય) સરખું જ છે, અને જઘન્યરસબંધ તથા અજઘન્યરસબંધના વિકલ્પ આ પ્રમાણે–

અનન્તર સમયે ઉપશમસમ્યક્ત્વ પામશે એવો સાતમી પૃથ્વીનો નારક જે સમયે મિથ્યાત્વની (અંતરકરણથી કરેલી બે સ્થિતિમાંની) પહેલી ઉદયસ્થિતિમાં પર્યન્તસમયે વર્તે તે વખતે ૧ સમય નીચગોત્રનો અત્યંત વિશુદ્ધિ વડે જઘન્યરસબંધ કરે છે, માટે નીચગોત્રની અપેક્ષાએ ગોત્રકર્મનો જઘન્યરસબંધ સાતમી પૃથ્વીના નારકને છે. ત્યાર બાદ અનન્તરસમયે

ઉપશમ સમ્યગ્દૃષ્ટિ થઈ ઉચ્ચગોત્રનો અજઘન્ય રસબંધ કરે છે (કારણ કે સમ્યગ્દૃષ્ટિને નીચગોત્રનો બંધ હોય નહિ) તેથી જઘન્યરસબંધની અધ્રુવતા થઈ. ગોત્રકર્મનો જઘન્ય રસબંધ સાદિ અધ્રુવ છે, અને અજઘન્યરસબંધની આદિ એ જ સાતમી પૃથ્વીના નારક જીવને ઉપશમ સમ્યક્ત્વના પહેલા સમયમાં ઉચ્ચગોત્ર આશ્રયી થઈ છે, માટે ગોત્રકર્મનો અજઘન્ય રસબંધ સાદિ, ઉપશમસમ્યક્ત્વ નહિ પામેલા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવો આશ્રયી અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ.

**सेसंमि दुहा**—આ પદનો સંબંધ પૂર્વે કહેલી પ્રકૃતિઓના રસબંધમાં પણ છે, તેમ જ પૂર્વે કહેલી પ્રકૃતિઓ સિવાય બાકી રહેલી મૂળ તથા ઉત્તરપ્રકૃતિ જે [133]આયુષ્યાદિ ૭૩ પ્રકૃતિઓ તેના ચારે પ્રકારના રસબંધ ૨–૨ પ્રકારના છે. (એ અર્થવાળું પણ **सेसंमि दुहा** એ પદ છે.) ત્યાં આયુષ્યાદિનો બંધ સર્વદા અધ્રુવ હોવાથી જ એના ચારે પ્રકારના રસબંધ સાદિ–અધ્રુવ જ છે.

આ ગાથામાં ૭ મૂળપ્રકૃતિ અને ૪૭ (૫૧) ધ્રુવબંધી ઉત્તરપ્રકૃતિના રસબંધના ભાંગા કહ્યા, અને **सेसंमि दुहा** એ ૭૫ મી ગાથામાં ગયેલા (કહેલા) પદ વડે ૧ આયુષ્ય અને ૭૩ અધ્રુવબંધિ પ્રકૃતિઓના પણ રસબંધનાં ભાંગા કહ્યા છે,

૧૩૩. પંચમ કર્મગ્રંથની વૃત્તિમાં **सेसंमि दुहा** એ પદથી ૧ મૂળ આયુષ્ય તથા ૪ ઉત્તરપ્રકૃતિરૂપ ૪ આયુષ્ય જ ગ્રહણ કર્યાં છે; શેષ ૬૯ અધ્રુવબંધિ પ્રકૃતિઓ કહી નથી, તોપણ કર્મપ્રકૃતિમાં (શ્રી યશો૦ કૃત વૃત્તિમાં) સર્વે અધ્રુવબંધિ પ્રકૃતિઓ કહેલી હોવાથી અહીં પણ સર્વ ૭૩ અધ્રુવબંધિ કહી છે.

**એ પ્રમાણે ૮ મૂળપ્રકૃતિ અને ૧૨૦ ઉત્તરપ્રકૃતિમાં રસબંધના સાદ્યાદિ ભાંગા કહ્યા તેનું સંક્ષિપ્ત કોષ્ઠક આ પ્રમાણેઃ—**

## ૪ પ્રકારના રસબંધમાં ૪ કાળભાંગાનું[૧૩૪] કોષ્ઠક

| પ્રકૃતિઓનો | જઘન્ય રસબંધ કેટલા પ્રકારે ? | અજઘન્ય રસબંધ કેટલા પ્રકારે ? | ઉત્કૃષ્ટ રસબંધ કેટલા પ્રકારે ? | અનુત્કૃષ્ટ રસબંધ કેટલા પ્રકારે ? |
|---|---|---|---|---|
| તૈજસ, કાર્મણ અગુરુલઘુ, નિર્માણ, શુભવર્ણાદિ ૪ એ ૮ શુભ ધ્રુવબંધિ | સાદિ-અધ્રુવ | સાદિ-અધ્રુવ | સાદિ-અધ્રુવ | સાદિ-અનાદિ-ધ્રુવ-અધ્રુવ |
| વેદનીય, નામ (મૂળ) | ,, | ,, | ,, | ,, |
| જ્ઞાના૦, દર્શના૦, મોહ૦, વિઘ્ન (મૂળ) | ,, | સાદિ-અનાદિ-ધ્રુવ-અધ્રુવ | ,, | સાદિ-અધ્રુવ |
| ગોત્ર (મૂળપ્રકૃતિ) | ,, | ,, | ,, | સાદિ-અનાદિ-ધ્રુવ અધ્રુવ |
| ૪૩ અશુભ ધ્રુવબંધિ | ,, | ,, | ,, | સાદિ-અધ્રુવ |
| ૧ આયુષ્ય (મૂળ) ૭૩ અધ્રુવબંધિ | ,, | સાદિ-અધ્રુવ | ,, | ,, |

૧૩૪. એ સાદિ ઇત્યાદિ ભાંગાઓમાં ૧૧૭૨ પદભંગ થાય છે તે આ પ્રમાણે,—પ્રકૃતિઓના રસબંધ ભાંગા પદભંગ.

# अथ प्रदेशबंधः

अवतरणः—પૂર્વે અનુભાગબંધ સ્વરૂપ કહીને હવે પ્રદેશ-બંધ (કે જે કર્મબંધનો ૪ થો ભેદ છે, અથવા ચોથા પ્રકારનો કર્મબંધ તે)નું સ્વરૂપ કહેવાય છે. ત્યાં પ્રદેશો અનેક[૧૩૫] પ્રકારના છે, પરંતુ અહીં ચાલુ વિષયમાં કર્મવર્ગ-ણાના પ્રદેશોનું સ્વરૂપ કહેવાનું છે. પુનઃ આ કર્મવર્ગણા તે જીવ વડે ગ્રહણ કરવા યોગ્ય ૮ પ્રકારની પુદ્ગલ વર્ગણામાંની ૮ મી પુદ્ગલ વર્ગણા છે, અને તે ૮ મી કર્મવર્ગણાના પ્રદેશોનું સ્વરૂપ પહેલી ૭ વર્ગણાઓ કહ્યા વિના સુગમતાથી સમજી શકાય તેમ નથી, તે કારણથી આ ૭૫ મી, ૭૬ મી તથા ૭૭ મી એ ત્રણ ગાથામાં આઠે પુદ્ગલવર્ગણાઓનું સ્વરૂપ પ્રથમ સંક્ષિપ્ત રીતે કહીને ત્યારબાદ ૭૮ મી ગાથાથી પ્રસ્તુત વિષયવાળી કાર્મણવર્ગણાનું પ્રદેશબંધ સ્વરૂપ વિશેષથી કહેશે. હવે તે પ્રકારની પુદ્ગલવર્ગણાઓ તથા તે કેટલા-

| | |
|---|---|
| ૮ × ૩ × ૨ = ૪૮ | ૧ × ૩ × ૨ = ૬ |
| ૮ × ૧ × ૪ = ૩૨ | ૧ × ૧ × ૪ = ૪ |
| ૨ × ૩ × ૨ = ૧૨ | ૪૩ × ૩ × ૨ = ૨૫૮ |
| ૨ × ૧ × ૪ = ૮ | ૪૩ × ૧ × ૪ = ૧૭૨ |
| ૪ × ૩ × ૨ = ૨૪ | ૭૪ × ૪ × ૨ = ૫૯૨ |
| ૪ × ૧ × ૪ = ૧૬ | |

૧૧૭૨ સર્વપદભંગ.

૧૩૫. ધર્માસ્તિકાયપ્રદેશ, અધર્માસ્તિકાયપ્રદેશ, આકાશપ્રદેશ, જીવ-પ્રદેશ અને પુદ્ગલપ્રદેશ, એમાં પુદ્ગલપ્રદેશ ઔદારિક, વૈક્રિય ઇત્યાદિ અનેક પ્રકારનાં છે.

કેટલા અણુઓ મળીને પિંડિત થઈ હોય તો જીવથી ગ્રહણ થઈ શકે ? તે આ ગાથાઓમાં કહેવાય છે—

**सेसम्मि दुहा ( इत्यनुभागबंधः ) इग दुग-णुगाइ जा अभवणंतगुणियाणू ।**
**खंधा उरलोचिय वग्गणा उ तह अगहणंतरिया ।।७५।।**

गाथार्थः—( सेसंमि दुहा એ પદનો વિશેષાર્થ પૂર્વ ગાથા ૭૪ મી સાથે સંબંધવાળો હોવાથી તે ૭૪ મી ગાથાના વિશેષાર્થ-પ્રસંગે કહેવાઈ ગયો છે ). इग दुग (अ) णुगाइ=એક અણુ ( એક પરમાણુ ), બે પરમાણુ યાવત્ અનંતાનંત પરમાણુઓ મળીને થયેલા-બનેલા સ્કંધો જીવને ગ્રહણ યોગ્ય નથી. પરંતુ जा=યાવત્ अभव (अ) णंतगुणियाणू=અભવ્યથી અનન્તગુણ પરમાણુઓ મળીને બનેલા खंधा=સ્કંધો તે उरल= ઔદારિકશરીરપણે ગ્રહણ કરવા उचिय=યોગ્ય, वग्गणा=વર્ગણાઓ ( સજાતીય સ્કંધો ) છે. ઉ तह=વળી તે પ્રમાણે જ ( એકેકાધિક પરમાણુની વૃદ્ધિ વડે જ ) ગ્રહણ કરવા યોગ્ય વર્ગણાઓ ( બીજી આગળ કહેવાતી વૈક્રિયાદિ વર્ગણાઓ સર્વે ) अगहणंतरिया—અગ્રહણ વર્ગણાઓ વડે અંતરિત છે, એટલે બે અગ્રહણ વર્ગણાઓના મધ્યમાં-વચ્ચે એકેક વૈક્રિયાદિ ગ્રહણવર્ગણા છે. ૭૫.

विशेषार्थः—પૂર્વે આઠે મૂળકર્મના તથા ૧૨૦ ઉત્તર-પ્રકૃતિના અનુભાગબંધનું સ્વરૂપ સમાપ્ત થયું. અને હવે પ્રદેશબંધનું સ્વરૂપ કહેવાય છે, ત્યાં પ્રથમ જીવને ગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓનું તથા અગ્રહણયોગ્ય પુદ્ગલવર્ગણાઓનું સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણે;—

## ઔદારિક અગ્રહણયોગ્ય વર્ગણાઓ

આ જગતમાં એકેક અણુ એટલે છૂટા પુદ્ગલપરમાણુ અનન્ત છે, એ અનન્ત છૂટા પરમાણુઓ તે પહેલી परमाणुवर्गणा કહેવાય. (અહીં વર્ગણા એટલે સરખી સંખ્યાવાળા પુદ્ગલો). એ પરમાણુઓનો બનેલો ૧ દ્વિપ્રદેશી સ્કંધ કહેવાય, તેવા દ્વિપ્રદેશી સ્કંધો પણ આ જગતમાં અનંત છે. એ અનન્ત દ્વિપ્રદેશી સ્કંધો તે બીજી द्विप्रदेशस्कंधवर्गणा. તથા ત્રણ પરમાણુઓ મળીને બનેલો ૧ સ્કંધ તે ૧ ત્રિપ્રદેશી સ્કંધ કહેવાય, તેવા ત્રિપ્રદેશી સ્કંધો પણ આ જગતમાં અનન્ત છે. તેથી એ અનન્તત્રિપ્રદેશીસ્કંધો તે ત્રીજી त्रिप्रदेशस्कंधवर्गणा. એ પ્રમાણે એકેક પરમાણુ અધિક અધિક વડે બનેલા ચતુઃપ્રદેશી, પંચપ્રદેશી યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતપ્રદેશી–સ્કંધો તે પ્રત્યેક અનન્ત અનન્ત છે, અને અનન્ત અનન્ત સ્કંધોના સંગ્રહને સૂચવનાર 'વર્ગણા' શબ્દ છે, તેથી ચતુઃપ્રદેશીવર્ગણા પંચપ્રદેશી વર્ગણા યાવત્ ઉત્કૃષ્ટ સંખ્યાતપ્રદેશી વર્ગણા સુધીની સર્વે સંખ્યાતપ્રદેશીવર્ગણાઓ કહેવાય. તે સંખ્યાત છે. ત્યાર બાદ એકેક પરમાણુની અધિકતા વડે બનેલા અસંખ્ય અસંખ્ય પ્રદેશી સ્કંધોની વર્ગણાઓ ઉત્કૃષ્ટ અસંખ્યપ્રદેશીસ્કંધવર્ગણા સુધી કહેવી, તે અસંખ્ય પ્રદેશીવર્ગણાઓ અસંખ્ય છે, અને તે એકેક વર્ગણા અનન્ત અનન્ત સ્કંધોનું અસ્તિત્વ સૂચવનારી છે, જેથી એકેક વર્ગણામાં અનન્ત અનન્ત સ્કંધ છે, એમ પણ કહેવાય. ત્યારબાદ એકેક પરમાણુવડે અધિક અધિક એવી અનન્ત પ્રદેશીવર્ગણાઓ અનન્ત છે, ત્યાં સુધીની પુદ્ગલવર્ગણાઓ (સ્કંધસમુદાયો) જીવથી ગ્રહણ થઈ શકતી

નથી,[૧૩૬] એટલે તે પુદ્ગલસ્કંધોને જીવ ઔદારિકાદિ શરીરરૂપે ભાષારૂપે, ઉચ્છ્વાસરૂપે ઇત્યાદિ કોઈ પણ રૂપે પરિણમાવી શકતો નથી, પરન્તુ અભવ્યથી અનન્તગુણ અથવા સર્વસિદ્ધથી અનન્તમા ભાગ જેટલા અનન્તપરમાણુઓ મળીને જે પુદ્ગલ-સ્કંધો બન્યા હોય તેવા પુદ્ગલસ્કંધોને જીવ ઔદારિક શરીરપણે ગ્રહણ કરી શકે છે.

## ઔદારિક (ગ્રહણપ્રાયોગ્ય) વર્ગણા

પૂર્વે કહ્યા પ્રમાણે અભવ્યથી અનન્તગુણ અથવા સિદ્ધ-રાશિથી અનન્તમા ભાગ જેટલા અનન્ત પરમાણુઓ મળીને જે પુદ્ગલસ્કંધો બન્યા છે, તેવા પુદ્ગલસ્કંધો પણ જગતમાં અનંત છે અને તે જીવને ઔદારિકશરીરપણે ગ્રહણ થઈ શકે છે, માટે આ **औदारिकयोग्य प्रथम** ( જઘન્ય ) **वर्गणा** છે. તેથી ૧ પરમાણુ અધિક, ૨ પરમાણુ અધિક યાવત્ અનન્ત પરમાણુ અધિક સુધીની ઔદારિકપ્રાયોગ્ય વર્ગણાઓ છે. જેમાં સર્વથી અન્તિમ વર્ગણા તે **औदारिकप्रायोग्य उत्कृष्टवर्गणा** છે. એ અનંત ઔદારિક વર્ગણાઓમાં પ્રત્યેકમાં અનંત અનંત ઔદારિકયોગ્ય સ્કંધો છે. ઔદા૦ની પહેલી વર્ગણાનો ૧ સ્કંધ જેટલા પરમાણુઓનો બનેલો છે, તેથી અંતમાભાગ જેટલા પરમાણુઓ વડે અધિક ઔદા૦ની અન્તિમ વર્ગણામાંનો ૧ સ્કંધ બનેલો

૧૩૬. એ અગ્રહણવર્ગણાઓ ઔદારિક શરીરની રચના માટે અલ્પ પરમાણુ સંખ્યાવાળી હોવાથી ઔદા૦શરીરને સૂક્ષ્મ પડે છે, અને ઔદારિકશરીર પોતે સ્થૂલ શરીર છે, માટે ઔદારિક શરીરરૂપે બનવામાં નિરુપયોગી છે. અહીં કહેવાતી સૂક્ષ્મતા તથા બાદરતા વાસ્તવિક નહીં પણ આપેક્ષિક છે.

હોય છે. જેથી ઔદા૦ની ઉત્કૃષ્ટવર્ગણા ઔદા૦ની જઘન્ય૦ વર્ગણાથી પ્રદેશસંખ્યાની અપેક્ષાએ અનન્તમાભાગ જેટલી અધિક છે, અને તે કારણથી ઔદારિકપ્રાયોગ્યવર્ગણાઓ પણ જઘન્યવર્ગણાના અનન્તમાભાગ જેટલી જ છે.

## [૧૩૭]વૈક્રિય અગ્રહણયોગ્ય વર્ગણાઓ.

ઔદારિકયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાન્તર્ગત ૧ સ્કંધમાં જેટલા અણુ છે, તેથી ૧ અણુ અધિક અનન્તસ્કંધો જીવને અગ્રહણ-યોગ્ય છે, એ પ્રમાણે બે અણુ અધિક, ત્રણ અણુ અધિક યાવત્ અભવ્યથી અનંતગુણ અથવા સર્વસિદ્ધથી અનન્તમા ભાગ જેટલા અધિક અણુઓ વડે બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત વર્ગણાઓ જીવને અગ્રહણ યોગ્ય છે. આ વર્ગણાઓ ઔદારિક શરીરની રચનામાં સૂક્ષ્મ પડે છે અને વૈક્રિય શરીરની રચનામાં સ્થૂલ હોવાથી અગ્રહણ યોગ્ય છે. આ વર્ગણાઓ

૧૩૭. અગ્રહણવર્ગણાઓ જોકે પોતાની બન્ને બાજુનાં શરીરોને અગ્રહણયોગ્ય છે, તોપણ વૈક્રિયઅગ્રહણયોગ્ય, આહારકઅગ્રહણયોગ્ય ઇત્યાદિ આઠ અગ્રહણવર્ગણાઓનાં ૮ નિયત નામ લખ્યાં છે. તેનું કારણ કે અગ્રહણયોગ્ય વર્ગણાની પરિપાટી પ્રથમ ઔદારિકઅગ્રહણયોગ્ય વર્ગણાથી જ શરૂ થઈ છે, તે આ પ્રમાણે:-પરમાણુ આદિ અનંત વર્ગણાઓ પોતાની પાસે રહેલા ઔદારિકને અગ્રાહ્ય છે એમ ગણીને રહેલી અગ્રહણવર્ગણાઓનું "ઔદારિકઅગ્રહણવર્ગણાઓ" નામ આપ્યું છે. ત્યારબાદની અગ્રહણવર્ગણાઓ તે વૈક્રિય અગ્રહણવર્ગણાઓ, ઇત્યાદિ રીતે અગ્રહણવર્ગણાઓને પણ અહીં "ઔદારિકાગ્રહણ" "ઇત્યાદિ નામપૂર્વક લખી છે, જેથી 'ઔદારિકાગ્રહણવર્ગણાઓ' એટલે ઔદારિકને ગ્રહણ યોગ્ય નહીં અને વૈક્રિયાદિને ગ્રહણ યોગ્ય હોય એવો અર્થ કરવાનો નથી.

સ્વજઘન્યવર્ગણાથી સ્વઉત્કૃષ્ટ વર્ગણા સુધી અભવ્યાનંતગુણ જેટલી છે, અને ઉત્કૃષ્ટવર્ગણા પણ અગ્રહણની જઘન્યવર્ગણાથી પ્રદેશ સંખ્યાની અપેક્ષાએ અનન્તગુણ અધિક છે, અને તે અનન્તગુણતા અભવ્યથી અનન્તગુણ રાશિના ગુણાકારવાળી છે. આ પદ્ધતિએ આગળ કહેવાતી અગ્રહણવર્ગણાઓ પણ જાણવી.

## વૈક્રિય-ગ્રહણયોગ્ય વર્ગણાઓ.

વૈક્રિય-અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણા (માંના સ્કંધ) થી એક અણુ અધિક વડે બનેલા પુદ્ગલસ્કંધો વૈક્રિયશરીરની રચનામાં ઉપયોગી હોવાથી તે વૈક્રિયયોગ્ય જઘન્યવર્ગણા છે. ત્યારબાદ એકેક અણુ અધિક અધિક (એકોત્તર [138]વૃદ્ધિએ વધતી) સર્વોત્કૃષ્ટ વૈક્રિયવર્ગણા સુધીમાં અનન્તવર્ગણાઓ કહેવી, જઘન્યવર્ગણાથી ઉત્કૃષ્ટવર્ગણા પ્રદેશસંખ્યાની અપેક્ષાએ અનન્તમા ભાગ જેટલી અધિક, અને વૈક્રિયવર્ગણાઓની સંખ્યા પણ વૈક્રિયજઘન્યવર્ગણાગત પ્રદેશસંખ્યાની અપેક્ષાએ અનન્તમા ભાગ જેટલી છે. આ વર્ગણામાંના સ્કંધો વડે જ મૂળ વૈક્રિય અને ઉત્તરવૈક્રિય શરીર બને છે.

એ પદ્ધતિએ જ આગળ आहारक अग्रहणप्रायोग्य वर्गणाओ, ત્યારબાદ આહારકગ્રહણપ્રાયોગ્ય, ત્યારબાદ તૈજસઅગ્રહણયોગ્ય, ત્યારબાદ તૈજસગ્રહણયોગ્ય, ત્યારબાદ ભાષાઅગ્રાહ્ય, ભાષાગ્રાહ્ય, શ્વાસોચ્છ્વાસઅગ્રહણયોગ્ય, શ્વાસોચ્છ્વાસગ્રહણયોગ્ય, મનો-અગ્રહણયોગ્ય, મનોગ્રહણયોગ્ય, કાર્મણઅગ્રાહ્ય, કાર્મણગ્રાહ્ય વર્ગણાઓ અનુક્રમે એકોત્તરવૃદ્ધિએ કહેવી. તે આ પ્રમાણેઃ—

---

૧૩૮. એક અધિક, એક અધિક, એક અધિક ઇત્યાદિ એકેક અધિક અધિક વૃદ્ધિ તે एकोत्तर वृद्धि.

## આહારક અગ્રહણયોગ્ય વર્ગણાઓ.

વૈક્રિયશરીરયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એક અણુ અધિક વડે બનેલા સ્કંધોવાળી અગ્રહણયોગ્ય જઘન્યવર્ગણા, ત્યારબાદ એકેક અણુ અધિક અધિક વડે બનેલા સ્કંધોવાળી આહા૦ અગ્રહણયોગ્ય અનન્તવર્ગણાઓ ઉત્કૃષ્ટ અગ્રહણયોગ્ય વર્ગણા સુધી કહેવી. આ વર્ગણામાંના પુદ્ગલસ્કંધો ઘણા પરમાણુઓ મળીને બનેલા હોવાથી વૈક્રિયશરીરને અધિક સૂક્ષ્મ થાય છે, અને આહારક શરીરને સ્થૂલ–બાદર ( અલ્પ પરમાણુવાળી ) થાય છે, કારણ કે આહારકશરીરની રચનામાં એથી પણ ઘણા પરમાણુઓ મળીને બનેલા સ્કંધો ઉપયોગી થાય છે, માટે આ અગ્રહણવર્ગણા વૈક્રિયશરીરની અને આહારકશરીરની રચનામાં ઉપયોગી નથી.

## આહારક—ગ્રહણયોગ્ય વર્ગણાઓ.

આહારકને અગ્રહણયોગ્ય વર્ગણામાંની ઉત્કૃષ્ટવર્ગણાથી એક અણુ અધિક વડે બનેલા અનન્તસ્કંધોવાળી આહારક-જઘન્યવર્ગણા છે, બે અણુ અધિક વડે બનેલા અનન્ત સ્કંધોવાળી આહારકની બીજી વર્ગણા છે. એ પ્રમાણે એકેક અધિક અધિક અણુ વડે બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી આહારકયોગ્ય અનન્ત વર્ગણાઓ ઉત્કૃષ્ટવર્ગણા સુધી કહેવી. જઘન્યથી ઉત્કૃષ્ટ અનન્તમા ભાગ જેટલી છે. આ વર્ગણાઓમાંના પુદ્ગલસ્કંધો વડે જ શ્રી ચૌદપૂર્વધરમુનિ આહારકશરીર બનાવી વિચરતા જિનેન્દ્ર ભગવંત પાસે તે શરીરની મદદથી જઈ તીર્થંકર ભગવંતની સમવસરણાદિ મહાન્ ઋદ્ધિ દેખે છે, અને સૂક્ષ્મસંદેહોનું નિવારણ કરે છે.

## તૈજસ અગ્રહણ વર્ગણાઓ

આહારકની ઉત્કૃષ્ટ વર્ગણાથી એકેક અધિક અધિક પરમાણુઓ મળીને બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત અગ્રહણ વર્ગણાઓ છે. આ વર્ગણાઓ આહારકને સૂક્ષ્મ પડે છે, અને તૈજસની રચનામાં બાદર છે. માટે આહારક અને તૈજસ શરીર બનાવવામાં જીવને નિરુપયોગી છે.

## તૈજસ-ગ્રહણયોગ્ય વર્ગણાઓ

તૈજસઅગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એકેક (એકોત્તરવૃદ્ધિએ) અધિક અધિક પરમાણુઓ મળીને બનેલી અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત તૈજસવર્ગણાઓ છે, આ વર્ગણાઓમાંના સ્કંધો વડે જીવ તૈજસશરીર રચી શકે છે, અર્થાત્ એ સ્કંધો તૈજસશરીરપણે પરિણમે છે, તથા તેજોલેશ્યા અને શીતલેશ્યા ઉત્પન્ન થવામાં અથવા મૂકવામાં આ તૈજસવર્ગણાઓનું બનેલું તૈજસશરીર મૂળ કારણરૂપ છે, તેમ જ આહાર પચાવવામાં પણ ઉપયોગી છે.

## ભાષા અગ્રહણ વર્ગણાઓ

ઉત્કૃષ્ટ તૈજસવર્ગણાથી એકોત્તરવૃદ્ધિએ એકેક અધિક અધિક પરમાણુઓ વડે બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત અગ્રહણ વર્ગણાઓ છે. આ વર્ગણાઓ ભાષાને માટે બાદરપરિણામી અને તૈજસને માટે અધિક સૂક્ષ્મપરિણામી હોવાથી તૈજસ શરીરની તથા ભાષા-વચનની રચનામાં (ભાષારૂપે પરિણમાવવામાં) નિરુપયોગી છે.

## ભાષા-ગ્રહણયોગ્ય વર્ગણાઓ

ભાષાની ઉત્કૃષ્ટ અગ્રહણવર્ગણાથી એકેક અધિક અધિક

પરમાણુઓ વડે બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત ભાષાવર્ગણાઓ છે. આ વર્ગણાઓમાં પુદ્ગલસ્કંધોને જીવ ભાષા-વચનરૂપે પરિણમાવી વચનોચ્ચાર કરી શકે છે.

## ઉચ્છ્વાસ અગ્રહણયોગ્ય વર્ગણાઓ

ભાષાની ઉત્કૃષ્ટવર્ગણાથી એકેક અધિક અધિક અણુઓ મળી બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત પુદ્ગલવર્ગણાઓ છે. આ વર્ગણાઓમાંના પુદ્ગલસ્કંધો શ્વાસોચ્છ્વાસ માટે બાદર હોવાથી જીવ શ્વાસોછ્વાસરૂપે પરિણમાવી શકતો નથી, તેમજ ભાષાને માટે અતિસૂક્ષ્મ હોવાથી ભાષાપણે પણ પરિણમાવી શકતો નથી, માટે અગ્રહણયોગ્ય છે.

## શ્વાસ-ઉચ્છ્વાસ ગ્રહણયોગ્ય વર્ગણાઓ

ઉચ્છ્વાસની અગ્રહણયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એકેક અધિક અધિક અણુઓ વડે બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી શ્વાસોચ્છ્વાસ વર્ગણાઓ અનન્ત છે. આ વર્ગણાઓમાંના પુદ્ગલસ્કંધોને જીવ શ્વાસોચ્છ્વાસરૂપે પરિણમાવી શ્વાસોચ્છ્વાસ લેવા મૂકવારૂપ જીવનકાર્ય નીભાવે છે.

## મનઃ અગ્રહણ વર્ગણાઓ

શ્વાસોચ્છ્વાસની ઉત્કૃષ્ટવર્ગણાથી એકેક પરમાણુ અધિક અધિક વડે બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અગ્રહણ વર્ગણાઓ અનન્ત છે. ઉચ્છ્વાસરૂપે પરિણમાવવા આ વર્ગણાઓ અતિ સૂક્ષ્મ હોવાથી નિરૂપયોગી છે, અને મનઃપણે પરિણમાવવામાં અતિ સ્થૂલ-બાદર પરિણામી હોવાથી નિરૂપયોગી છે, માટે અગ્રહણ વર્ગણાઓ છે.

## મનઃ ગ્રહણુયોગ્ય વર્ગણાઓ

મનઃઅગ્રહણુયોગ્ય ઉત્કૃષ્ટવર્ગણાથી એકેક પરમાણુ અધિક અધિક વડે બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત વર્ગણાઓ મનઃપ્રાયોગ્ય છે. આ વર્ગણાઓમાંના પુદ્ગલસ્કંધોને જીવ મનરૂપે પરિણમાવી ચિંતવનરૂપ ક્રિયા કરે છે.

## કાર્મણ અગ્રહણ વર્ગણાઓ

ઉત્કૃષ્ટ મનોવર્ગણાથી એકેક અધિક અધિક પરમાણુઓ મળીને બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત અગ્રહણ વર્ગણાઓ છે. મનપણે પરિણમાવવામાં આ વર્ગણા અધિક સૂક્ષ્મ હોવાથી અને કર્મરૂપે પરિણમાવવામાં બાદરપરિણામી હોવાથી નિરૂપયોગી છે; માટે જીવને સર્વથા અગ્રહણુયોગ્ય છે.

## કાર્મણ વર્ગણાઓ

ઉત્કૃષ્ટ કાર્મણ અગ્રહણવર્ગણાથી એકેક અધિક અધિક પરમાણુ મળીને બનેલા અનન્ત અનન્ત સ્કંધોવાળી અનન્ત કાર્મણવર્ગણાઓ છે. આ વર્ગણાઓમાંના પુદ્ગલસ્કંધોને જીવ જ્ઞાનાવરણીયાદિ ૮ (મૂળ) કર્મરૂપે અથવા ૧૫૮ કર્મ (ના ઉત્તરભેદ) રૂપે પરિણમાવે છે. અર્થાત્ કર્મવસ્તુ તે આ પુદ્ગલસ્કંધો જ છે. જ્યાં સુધી આકાશમાં આ સ્કંધો છૂટા છૂટા પડી રહેલા છે ત્યાં સુધી કાર્મણવર્ગણા–कर्मयोग्यवर्गणा કહેવાય, અને એ જ પુદ્ગલસ્કંધોને જીવ જ્યારે પોતાના સંબંધમાં લે છે (ગ્રહણ કરે છે) ત્યારે એ જ પુદ્ગલસ્કંધો कर्म કહેવાય છે. તેમ જ એ ૧૫૮ કર્મના જીવસંબદ્ધ જે પિંડ તેનું સામુદાયિક નામ कार्मण शरीर છે. તેથી “ આ વર્ગણાઓને જીવ કર્મપણે

અથવા કાર્મણ શરીરપણે પરિણમાવે છે" એમ કહીએ તો પણ એક જ છે. જોકે આ સંબંધમાં કિંચિત્ મતાન્તર (કર્મ-પિંડ અને કાર્મણ શરીર બે [૧૩૯]ભિન્ન વસ્તુ છે એવું મન્તવ્ય) છે. તોપણ તે ભિન્નતા કાર્મણવર્ગણાની રચના સંબંધમાં નથી. (અર્થાત્ આધારરૂપ કાર્મણશરીર અને આધેયરૂપ કર્મ-પિંડ એ બન્ને કાર્મણવર્ગણાના બનેલાં છે એ માન્યતામાં ભેદ નથી.)

એ ૮ અગ્રહણવર્ગણાઓ અને ૮ ગ્રહણવર્ગણાઓનું કિંચિત્ સ્વરૂપ કહીને વર્ગણાઓમાં જે જે પ્રકારની વિશેષતા છે તે કહેવાય છે—

## સોળ વર્ગણાઓમાં અન્તર્ગત વર્ગણાઓનું અલ્પબહુત્વ

પરમાણુ આદિ પહેલી અગ્રહણવર્ગણાઓ અભવ્યથી અનન્તગુણ અથવા સિદ્ધથી અનન્તમા ભાગ જેટલી અનન્ત છે, આ વર્ગણાઓમાં ૧ પરમાણુવર્ગણા છે, સંખ્યાતપ્રદેશી (દ્વિપ્રદેશી, ત્રિપ્રદેશી ઇત્યાદિ અનન્ત અનન્ત) સ્કંધોવાળી સંખ્યાતી વર્ગણાઓ છે. અસંખ્યપ્રદેશી (અનન્ત અનન્ત સ્કંધોવાળી) અસંખ્યાતી વર્ગણાઓ છે, અને અનન્તપ્રદેશી (અનન્ત અનન્ત સ્કંધોવાળી) અનન્તવર્ગણાઓ છે. એ પ્રમાણે ૩-૪ વિભાગવાળી છે.

---

૧૩૯. કર્મપિંડ તે આધેય અને કાર્મણ શરીર તે આધારરૂપ ભિન્ન છે. જેમ કુંડામાં ભરેલાં બોર તેમાં કુંડ અને બોર બે ભિન્ન છે અથવા વસ્ત્રનું પોટલું, તેમાં બંધનવસ્ત્ર અને બાંધેલા વસ્ત્ર ભિન્ન છે તેમ.

ત્યારબાદ ઔદારિક ગ્રહણયોગ્ય વર્ગણાઓ અનન્ત છે, પરંતુ પહેલી અગ્રહણવર્ગણાઓથી અલ્પ ( અનન્તમાં ભાગ જેટલી ) છે. કારણ કે ઔદારિકની જઘન્યવર્ગણાથી ઔદા૦ની ઉત્કૃષ્ટવર્ગણા પ્રદેશોની અપેક્ષાએ અનંતમાભાગ જેટલી જ અધિક છે, અને ઔદા૦ની જઘ૦વર્ગણાન્તર્ગત એક સ્કંધના પરમાણુઓ પ્રથમ અગ્રહણવર્ગણાઓની સંખ્યાથી એક જ અધિક છે.

ત્યારબાદ ઔદારિક–ગ્રહણયોગ્ય વર્ગણાઓથી આગળની વૈક્રિયઅગ્રહણ વર્ગણાઓ અનંતગુણી છે, કારણ કે એ અગ્રહણની જઘન્યવર્ગણા ( અન્તર્ગત એકસ્કંધમાં રહેલા પરમાણુઓ )થી ઉત્કૃષ્ટ વર્ગણા અનન્તગુણ ( ઉત્કૃષ્ટવર્ગણાન્તર્ગત એક સ્કંધના પરમાણુઓ ) છે. આ પદ્ધતિએ આગળની શેષ ૯ અગ્રહણ–વર્ગણાઓમાં સ્વજઘન્યથી સ્વોત્કૃષ્ટવર્ગણા અનન્ત-ગુણ જાણવી, અને ગુણાકાર અભવ્યથી અનન્તગુણ જેટલા અંક વડે જાણવો.

ત્યારબાદ વૈક્રિય–ગ્રહણયોગ્ય વર્ગણાઓ વૈક્રિય અગ્રહણ–યોગ્ય વર્ગણાઓથી અનન્તમાભાગ જેટલી છે, તેથી આગળની આહારક–અગ્રહણવર્ગણાઓ અનન્તગુણ છે, તેથી આગળની આહારક ગ્રહણયોગ્ય વર્ગણા અનન્તમાભાગ જેટલી ( તોપણ અનન્ત ) છે, તેથી આગળની તૈજસ અગ્રહણવર્ગણાઓ અનન્તગુણ છે, તેથી આગળ તૈજસ ગ્રહણયોગ્ય વર્ગણાઓ અનન્તમાભાગ જેટલી છે, એ અનુક્રમે આગળ આગળની વર્ગણાઓનું અલ્પબહુત્વ જાણવું.

॥ इति अनन्तर अल्पबहुत्व ॥

એ ૧૬ વર્ગણાઓમાં પરંપર–અલ્પબહુત્વ આ પ્રમાણે

છે—આઠ અગ્રહણવર્ગણાઓ ક્રમશઃ નિરન્તરપણે અનન્તગુણ અનન્તગુણ છે, તેમ જ ૮ ગ્રહણવર્ગણાઓ પણ પરસ્પર અનુક્રમે અનન્તગુણ અનન્તગુણ છે.

॥ इति सान्तर–अल्पबहुत्व ॥

## સોળવર્ગણાઓમાં બાદરપરિણામી-સૂક્ષ્મપારણામી

ઔદારિક–વૈક્રિય–આહારક-તૈજસ એ ગ્રહણવર્ગણાઓ, તથા એ વર્ગણાઓના અંતરાલમાં (આંતરામાં) કહેલી ૩ અગ્રહણ વર્ગણાઓ તથા તૈજસવર્ગણાઓથી આગળની કેટલીક અગ્રહણવર્ગણાઓ बादरपरिणामी છે, તથા તેથી આગળની ભાષાવર્ગણાઓના પશ્ચાત્ ભાગમાં રહેલી કેટલીક અગ્રહણ-વર્ગણાઓથી પ્રારંભીને ભાષા વિગેરે સર્વે વર્ગણાઓ सूक्ष्मपरिणामी છે, આ વાસ્તવિક સૂક્ષ્મપરિણામ તથા બાદરપરિણામ કહ્યો. વર્ગણાઓના વર્ણનમાં ગ્રહ્ય-અગ્રાહ્યના કારણરૂપે કહેલી સૂક્ષ્મતા તથા બાદરતા અપેક્ષાથી છે, જેમ કનિષ્ટા અંગુલીથી તર્જની અંગુલી મોટી, પરન્તુ મધ્યમા અંગુલીથી ન્હાની એ જેમ આપેક્ષિક છે તેમ તે કહેલી સૂક્ષ્મતા અને બાદરતા પણ આપેક્ષિક છે. તથા પરમાણુથી પ્રારંભીને જે અનંતવર્ગણાઓ ઔદારિકથી પહેલાંની–પશ્ચાત્‌ની છે, તે સર્વે સૂક્ષ્મપરિણામી છે તથા સૂક્ષ્મનામકર્મોદયવર્તી જીવોનાં ઔદારિક શરીરો પણ [૧૪૦] સૂક્ષ્મપરિણામી, અને બાદરનામકર્મોદયી જીવોનાં ઔદારિકાદિ શરીરો બાદરપરિણામી છે.

૧૪૦. આકાશમાં રહેલી ઔદારિકવર્ગણાઓ પ્રથમ બાદર-પરિણામી કહેવાય છે પરંતુ તેમાંની જ ઔદા૦ વર્ગણાઓ અહીં સૂક્ષ્મ-કર્મોદયી જીવોના શરીરોને અંગે સૂક્ષ્મપરિણામી કહી એ વિશેષ છે.

## ગ્રહણ વર્ગણાઓમાં પ્રદેશોનું અલ્પબહુત્વ

ઔદારિક વર્ગણામાં (ના એક પુદ્ગલસ્કંધમાં) જે અનંત પ્રદેશો (અણુઓ) છે, તેથી અનંતગુણ પ્રદેશો (અણુઓ)વાળી વૈક્રિયવર્ગણાઓ (માંનો એક પુદ્ગલસ્કંધ) છે. એ પ્રમાણે અનુક્રમે આહારક આદિથી કાર્મણ સુધીની સર્વે ગ્રહણવર્ગણાઓ અનન્તગુણ અનન્તગુણપ્રદેશોવાળી જાણવી. આઠ અગ્રહણ-વર્ગણાઓમાં અનંતગુણ અલ્પબહુત્વ નિયત નથી, પરંતુ અનન્તભાગાધિકથી યાવત્ અનન્તગુણ સુધીનું ૬ પ્રકારનું અલ્પબહુત્વ (ષટ્સ્થાનપતિત અલ્પબહુત્વ) [૧૪૧] છે.

## સોળવર્ગણાઓ અનુક્રમે અધિક અધિક સૂક્ષ્મ.

ઔદારિક વર્ગણાથી વૈક્રિય અગ્રહણવર્ગણા સૂક્ષ્મ, તેથી વૈક્રિયવર્ગણાઓ સૂક્ષ્મ, તેથી આહારક અગ્રહણવર્ગણાઓ સૂક્ષ્મ, તેથી આહારકવર્ગણાઓ સૂક્ષ્મ એ પ્રમાણે અનુક્રમે અધિક અધિક સૂક્ષ્મતા કાર્મણવર્ગણા સુધી જાણવી. આ સૂક્ષ્મતા સૂક્ષ્મપરિણામરૂપ વાસ્તવિક નહિ પરન્તુ પૂર્વે કહ્યા પ્રમાણે વ્યાવહારિક–આપેક્ષિક સૂક્ષ્મતા જાણવી. પુનઃ આ સૂક્ષ્મતાનો ભાવાર્થ એ છે કે–ઔદારિકવર્ગણાન્તર્ગત ૧ સ્કંધથી વૈક્રિય-અગ્રહણયોગ્ય અથવા વૈક્રિયવર્ગણાન્તર્ગત એક સ્કંધ અધિકસૂક્ષ્મ એટલે ન્હાનો છે. પુદ્ગલોનો એ વિચિત્ર સ્વભાવ છે કે જેમ જેમ પુદ્ગલો ઘણા મળે તેમ તેમ સૂક્ષ્મતા (ઘનતા) વધતી જાય છે.

---

૧૪૧. કારણ કે બે અગ્રહણવર્ગણાઓના આંતરામાં ગ્રહણવર્ગણાઓ અનન્તમા ભાગ જેટલી જ છે તેથી અગ્રહણવર્ગણાઓમાં પરસ્પર અલ્પબહુત્વ અનન્તભાગાધિકથી પ્રારંભાય છે.

જેમ અલ્પ પરમાણુઓવાળું દેવદારૂકાષ્ઠ સ્થૂલ છે, તેથી વિશેષ પરમાણુવાળું સાગનું કાષ્ઠ કંઈક ઘન છે, તેથી અધિક અણુઓવાળું સીસમનું કાષ્ઠ ઘન છે, તેથી લોહ, તેથી રૂપું, તેથી સુવર્ણ—એ પ્રમાણે બાદરસ્કંધોમાં પણ અધિક અણુઓના સંબંધથી ઘનતા સ્પષ્ટ દેખાય છે, તેમ આકાશમાં રહેલી વિશ્રસાપરિણામી વર્ગણાઓમાં પણ અધિક અણુઓના સંઘાતથી અધિક ઘનતા–સૂક્ષ્મતા થાય છે.

## સોળવર્ગણાઓનું અવગાહક્ષેત્ર અધિક અધિક ન્યૂન.

જેમ અધિક અધિક પરમાણુઓના સંઘાતથી વર્ગણાઓની અનુક્રમે સૂક્ષ્મતા વધતી જાય છે તેમ અધિક અધિક પરમાણુ-ઓના સંઘાતથી વર્ગણાઓનું અવગાહક્ષેત્ર એટલે વર્ગણાઓનો અવગાહ પણ અનુક્રમે અધિક અધિક ન્યૂન થાય છે, તેથી ઔદારિક વર્ગણામાંના એક પુદ્ગલસ્કંધને રહેવા માટે જેટલી જગ્યા જોઈએ તેથી [૧૪૨]ન્યૂન જગ્યા વૈક્રિયવર્ગણાના એક સ્કંધને રહેવા માટે જોઈએ, એ પ્રમાણે આઠે ગ્રહણવર્ગણાઓમાં ન્યૂન ન્યૂન અવગાહ યથાસંભવ વિચારવો, તેમ જ ૮ અગ્રહણ-વર્ગણાઓનો અવગાહ પણ ન્યૂન ન્યૂન જાણવો, તોપણ સર્વે વર્ગણાઓ ( એટલે કોઈ પણ વર્ગણામાંનો ૧ સ્કંધ ) અંગુલના અસંખ્યાતમાં ભાગ જેટલા ક્ષેત્રમાં રહે છે, તેથી અધિક વા ન્યૂન ક્ષેત્રમાં નહિ, તથા પરમાણુ આદિ પહેલી અગ્રહણ-વર્ગણાઓમાંના સ્કંધોનો અવગાહ અનિયમિત છે. કારણ કે પરમાણુ ૧ આકાશપ્રદેશમાં અવગાહે છે, દ્વિપ્રદેશીસ્કંધ ૧ અથવા

૧૪૨. પરમાણુ આદિ પહેલી અનન્તઅગ્રહણવર્ગણાઓની સૂક્ષ્મતા અનિયત છે.

૨ આકાશપ્રદેશમાં અવગાહે છે, એ પ્રમાણે અનિયત અવગાહ કેટલીક અસંખ્યપ્રદેશી વર્ગણાઓ સુધી છે. ત્યાર બાદની સર્વવર્ગણાઓ ( માંનો દરેક સ્કંધ ) અંગુલના અસંખ્યાતમા ભાગમાં જ અવગાહે છે. તથા ઔદારિકવર્ગણાના અવગાહથી કિંચિત્ ન્યૂન અંગુળ અસંખ્યભાગ અવગાહ વૈક્રિય–અગ્રહણ-પ્રાયોગ્ય વર્ગણાનો છે તેથી કિંચિત્ ન્યૂન અંગુલાસંખ્યભાગ અવગાહ વૈક્રિયવર્ગણાનો છે. એ પ્રમાણે અનુક્રમે પણ અવગાહક્ષેત્ર કિંચિત્ [૧૪૩]ન્યૂન ન્યૂન જાણવું, અને ૮ ગ્રહણપ્રાયોગ્ય વર્ગણાઓમાં અનુક્રમે અસંખ્યગુણ અસંખ્યગુણ હીન હીન અવગાહ જાણવો, તેમ જ ૮ અગ્રહણપ્રાયોગ્યમાં પણ અનુક્રમે અસંખ્ય-ગુણહીન હીન અવગાહ જાણવો, જેથી કાર્મણવર્ગણાથી મનો-વર્ગણાને અવગાહ અસંખ્યગુણ[૧૪૪] અંગુલાસંખ્ય ભાગ છે, તેથી ઉચ્છ્વાસવર્ગણાનો અવગાહ અસંખ્યગુણ અંગુલાસંખ્યેયભાગ અવગાહ છે, ઇત્યાદિ ક્રમ ઉત્ક્રમ અવગાહ યથાસંભવ વિચારવો.

## લોકાકાશમાં સર્વત્ર સર્વવર્ગણાઓ.

આ ચૌદરાજરૂપ લોકાકાશમાં પૂર્વોક્ત ભેદવાળી સર્વ પ્રકારની વર્ગણાઓ સર્વત્ર છે. પૂર્વે અંગુલના અસંખ્યાતમા ભાગમાં વર્ગણાનો અવગાહ કહ્યો તે વર્ગણાના એકેક સ્કંધ આશ્રયી વ્યક્તિ પરત્વે ભિન્ન ભિન્ન જાણવો, પરન્તુ કોઈ પણ ભેદવાળી એક વર્ગણાનો વિચાર કરીએ તો તે વર્ગણાના અનન્ત અનન્ત સ્કંધો સર્વલોકાકાશમાં સર્વસ્થાને રહેલા છે. તે પ્રમાણે પરમાણુઓ સર્વલોકાકાશમાં સર્વત્ર છે. દ્વિપ્રદેશી

૧૪૩. એ અલ્પબહુત્વ પંચમકર્મગ્રંથની વૃત્તિમાં છે.

૧૪૪. એ અલ્પબહુત્વ શ્રી કર્મપ્રકૃતિની વૃત્તિમાં છે.

સ્કંધો સર્વલોકાકાશમાં સર્વત્ર છે. પુનઃ લોકાકાશમાં પણ અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલામાં એક વર્ગણાનો એક જ સ્કંધ નહિ પરંતુ અનન્ત સ્કંધ છે, તેમજ દરેક વર્ગણાના અનન્ત અનન્ત સ્કંધ રહ્યા છે, તેથી જેમ દરેક વર્ગણાઓ સર્વલોકાકાશમાં છે, તેમ લોકાકાશના કોઈ પણ એક સ્થાનમાં દરેક વર્ગણાના પણ અનન્ત અનન્ત સ્કંધો વિદ્યમાન છે. અર્થાત્ લોકાકાશમાં કોઈ સ્થાન એવું નથી કે જ્યાં અમુક ભેદવાળી વર્ગણા અને તેના અનન્ત સ્કંધો વિદ્યમાન ન હોય.

## પુદ્ગલવર્ગણાઓનો કાળ

પરમાણુ આદિ કોઈ પણ વર્ગણામાંના કોઈ પણ એક સ્કંધનો કાળજઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળચક્ર છે. અર્થાત પરમાણુ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી અસંખ્ય કાળસુધી છૂટો પરમાણુપણે રહી શકે છે. ત્યારબાદ અવશ્ય સ્કંધપ્રતિબદ્ધ થાય છે. દ્વિપ્રદેશી પણ જઘન્યથી અથવા ઉત્કૃષ્ટથી તેટલો કાલ રહી અવશ્ય ત્રિપ્રદેશી આદિ સ્કંધ થાય અથવા તો બે પ્રદેશો છૂટા પડી પરમાણુરૂપે થાય. એ પ્રમાણે દરેક વર્ગણાન્તર્ગત એકેક સ્કંધનો કાળ જાણવો.

જો સમુદાયપણે વિચારીએ તો દરેક વર્ગણા સર્વદા વિદ્યમાન છે, અર્થાત્ એવો કોઈ સમય વ્યતીત થતો નથી કે થશે નહિ કે જે સમયે પરમાણુ આદિ વર્ગણામાંની કોઈ એક પણ વર્ગણા જગતમાં અવિદ્યમાન હોય.

## પુદ્ગલવર્ગણાઓનો વર્ગણાન્તર પરિણામ

**પ્રશ્ન**—ઔદારિકાદિવર્ગણા તે વૈક્રિયાદિ અન્ય વર્ગણારૂપે

પરિણમે કે નહીં ? તેમ જ ગ્રહણવર્ગણા તે અગ્રહણવર્ગણાપણે અને અગ્રહણવર્ગણા તે ગ્રહણવર્ગણા થાય કે નહીં. ?

**ઉત્તર**—જઘન્યથી ૧ સમયમાં અને ઉત્કૃષ્ટથી ઘણા કાળે પણ ઔદારિકાદિ કોઈ પણ વિવક્ષિત પુદ્ગલવર્ગણા (માંના સ્કંધો) અવશ્ય વૈક્રિયાદિ અન્યવર્ગણારૂપે પણ પરિણમે, તેમ જ અગ્રહણવર્ગણારૂપે પણ પરિણમે તેમ જ ગ્રહણવર્ગણા તે અગ્રહણવર્ગણારૂપે અને અગ્રહણવર્ગણા તે ગ્રહણવર્ગણારૂપે પરિણમે કારણ કે પુદ્ગલપરિણામ વિચિત્ર છે.

## સંઘાત-ભેદથી વર્ગણાઓનો પરિણામ

**પ્રશ્ન**—ઔદારિક કોઈ પણ વર્ગણાના એક સ્કંધમાંથી થોડા અથવા ઘણા પરમાણુઓ છૂટા પડે અથવા બીજા આવીને મળે તો તે વર્ગણાપણું કાયમ રહે કે તુર્ત વિનાશ પામે ? જેમ એક કાર્મણસ્કંધના એવા બે વિભાગ છૂટા પડ્યા કે જેમાંનો ૧ વિભાગ ઔદારિકવર્ગણાની પુદ્ગલસંખ્યા જેવડો રહ્યો અને બીજો વિભાગ અગ્રહણયોગ્ય પુદ્ગલસંખ્યા જેવડો રહ્યો તો પહેલો વિભાગ ઔદારિકવર્ગણામાં ગણવો કે નહીં. ?

**ઉત્તર**—પરમાણુ સંબંધી સંખ્યાની અપેક્ષાએ ઔદારિક-યોગ્ય ગણાય, તેમાં કોઈ પણ પ્રકારનો વિરોધ હોય તેમ જણાતું નથી.

## પુદ્ગલવર્ગણાઓમાં ગુરુલઘુ-અગુરુલઘુ પરિણામ

અધોગમન (નીચીગતિ) કરવાનો સ્વભાવ તે ગુરુ પરિણામ, ઊર્ધ્વગમન સ્વભાવ તે લઘુપરિણામ તિર્યગ્ગતિ સ્વભાવ તે ગુરુલઘુપરિણામ, અને એ ત્રણે સ્વભાવથી રહિત ( ગતિ-

ક્રિયારહિત ) સ્વભાવ તે [144] अगुरुलघुपरिणाम. આ ચારે સ્વભાવ ઔદારિકાદિ બાદરપરિણામી કેટલીક પુદ્ગલવર્ગણાઓમાં છે. આ વિચાર સ્થૂલ દૃષ્ટિએ સ્થૂલપુદ્ગલો માટે સમજવો. વસ્તુતઃ અગુરુલઘુ અને ગુરુલઘુ એ બે પરિણામની જ મુખ્યતા શાસ્ત્રમાં [145]ગણી છે, તે અપેક્ષાએ ઔદારિકથી તૈજસ સુધીની (ઔદા૦, વૈ૦, આહા૦, તૈ૦ ) ગ્રહણવર્ગણાઓ અને તેમાં અંતરાળમાં રહેલી ૩ અગ્રહણવર્ગણાઓ તથા તૈજસથી આગળની કેટલીક અગ્રહણવર્ગણાઓ કે જે બાદરપરિણામી પૂર્વે કહી છે તે સર્વે गुरुलघुपरिणामी અને પહેલી પરમાણુ આદિ અનંત અગ્રહણ-વર્ગણાઓ તથા તૈજસભાષાના આંતરામાં ભાષાની પાસે રહેલી કેટલીક અગ્રહણવર્ગણાઓ, અને ભાષાવર્ગણા તથા ત્યાંથી

---

૧૪૪. આ ચારે અર્થ ગતિની અપેક્ષાએ જે કહ્યા છે તે વિશેષતઃ પુદ્ગલ દ્રવ્યને અંગે છે. વાસ્તવિક રીતે તો સૂક્ષ્મતા અને અરૂપી-પરિણામ અગુરુલઘુના સંબંધવાળો છે, અને બાદરપરિણામ ગુરુલઘુ-પરિણામના સંબંધવાળો છે. જો કેવળ ગતિપરિણામની અપેક્ષાએ જ અગુરુલઘુપરિણામ કે ગુરુલઘુપરિણામ વિચારીએ તો એક સમયમાં ૧૪ રજ્જુ ગતિ કરતા પરમાણુઓ અને ૭ રજ્જુ ગતિ કરતા અસિદ્ધ જીવો પણ કેવળ લઘુપરિણામી જ ગણાય. પુનઃ પરમાણુઓના ગતિસ્વભાવમાં તો એ ચારે અર્થ અનુકૂળ જ છે.

૧૪૫. પુનઃ એ જ પ્રકારનો અર્થ તે વ્યવહારનયથી છે, અને નિશ્ચય મત તો એ છે કે કોઈ પણ બાદરપરિણામી દ્રવ્ય સર્વથા લઘુપરિણામી તેમ જ સર્વથા એકાંતે ગુરુપરિણામી હોય એમ નહિ. પરંતુ કંઈક ગુરુપરિણામ અને કંઈક લઘુપરિણામ બંને હોય તેથી બાદરપરિણામી દ્રવ્યો गुरुलघु અને અરૂપી દ્રવ્યો તથા સૂક્ષ્મપુદ્ગલો તે સર્વ अगुरुलघु એ બે ભેદ જ હોઈ શકે છે.

આગળની ઉચ્છ્‌વાસ, મનઃ અને કાર્મણ એ ગ્રહણવર્ગણાઓ તેમ જ તેના આંતરામાં રહેલી ૨ અગ્રહણવર્ગણાઓ તથા કાર્મણથી પણ આગળની ધ્રુવઅચિત્ત આદિ સર્વે પુદ્‌ગલવર્ગણાઓ (તેમ જ અરૂપિ દ્રવ્યો) તે સર્વે अगुरुलघुपरिणामी છે.

અથવા બાદર નામકર્મોદયવર્તી જીવોના બાદર શરીરો તેમજ મેઘધનુષ્યાદિ વિશ્રસાપરિણામી (અકૃત્રિમ) બાદર સ્કંધો તે સર્વે गुरुलघु અને સૂક્ષ્મ નામકર્મના ઉદયથી જીવોના સૂક્ષ્મ શરીરો અને પરમાણુ આદિ (સૂક્ષ્મપરિણામી) પુદ્‌ગલ-વર્ગણાઓ (તેમ જ અરૂપી દ્રવ્યો) તે સર્વે अगुरुलघु છે.

## પુદ્‌ગલ વર્ગણાઓમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ

એક પરમાણુમાં અથવા સ્કંધપ્રતિબદ્ધ એક પ્રદેશમાં (પાંચ વર્ણમાંનો કોઈ પણ) ૧ વર્ણ, (૨ ગંધમાંનો કોઈ પણ) ૧ રસ, અને અવિરૂદ્ધ ૨ સ્પર્શ (સ્નિગ્ધ-શીત અથવા સ્નિગ્ધ ઉષ્ણ અથવા રૂક્ષ-શીત અથવા રૂક્ષ-ઉષ્ણ એ ચાર પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારના ૨ સ્પર્શ) હોય છે, જેથી પરમાણુ અથવા પ્રદેશ ૫ ગુણવાળો અને द्विस्पर्शी ગણાય છે.

પૂર્વે કહેલી બાદરપરિણામી (ઔદારિકાદિ ૬) વર્ગણાઓમાંની ૧ તૈજસવર્ગણાઓ અને સર્વે સૂક્ષ્મપરિણામી વર્ગણાસ્કંધો (ભાષા-ઉચ્છ્‌વાસ-મનઃ-કાર્મણ અને આંતરામાંની ૩ અગ્રહણ તથા ઔદારિક [૧૪૬] અગ્રહણ એ ૮ વર્ગણાઓ)

---

૧૪૬. ઔદારિક અગ્રહણવર્ગણાઓ જે દ્વિપ્રદેશી-ત્રિપ્રદેશી-ચતુઃપ્રદેશી ઇત્યાદિ કેટલાક સંખ્યાતપ્રદેશી સ્કંધોમાં યથાસંભવ ૧-૨-૩-૪-૫ વર્ણ, ૧-૨ ગંધ, ૧-૨-૩-૪-૫ રસ અને ૨-૪ સ્પર્શ એ રીતે ભિન્ન ભિન્ન પ્રકારે પણ વર્ણ, ગંધ, રસ, સ્પર્શ છે.

૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૪ સ્પર્શયુક્ત છે, જેથી ૧૬ ગુણયુક્ત અને ચતુઃસ્પર્શી ગણાય છે. એ સ્કંધોમાંનો કોઈ પરમાણુ કૃષ્ણવર્ણી તો કોઈ પરમાણુ નીલવર્ણી એમ એકેક વર્ણાદિ યુક્ત ઘણા પરમાણુઓ હોવાથી ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૪ સ્પર્શ પ્રાપ્ત થાય છે. અહીં સ્નિગ્ધ-ઉષ્ણ-રૂક્ષ-શીત એ ૪ [૧૪૭] સ્પર્શ સૂક્ષ્મ સ્કંધોમાં હોય, પરંતુ, લઘુ-ગુરુ-મૃદુ-કર્કશ એ ૪ સ્પર્શ નહિં.

તથા ( ઔદારિક, વૈક્રિય, આહારક અને એના આંતરામાંની ૨ અગ્રહણવર્ગણાઓ તેમ જ તૈજસ અગ્રહણવર્ગણા એ ) ૬ બાદરપરિણામી વર્ગણાઓના પુદ્ગલસ્કંધ ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૮ સ્પર્શવાળા છે, તેથી ૨૦ ગુણ યુક્ત અને અષ્ટસ્પર્શી કહેવાય છે. અહીં પ્રસ્તુત વિષય કર્મગ્રહણયોગ્ય વર્ગણાઓનો હોવાથી તે કર્મવર્ગણાઓમાં ૫ વર્ણ, ૨ ગંધ, ૫ રસ અને ૪ સ્પર્શ છે; તેથી કાર્મણવર્ગણા તથા કર્મદ્રવ્ય ૧૬ ગુણયુક્ત અને ચતુઃસ્પર્શી છે. ૭૫.

**एमेव [१४८] विउव्वाहार-तेयभासाणुपाणमणकम्मे ।**
**सुहुमा कमावगाहो, उणूणंगुल असंखंसो ॥७६॥**

૧૪૭. શતકચૂર્ણિમાં તો કાર્મણવર્ગણા પ્રસંગે ( તૈજસાદિ સ્કંધોમાં ) અને શ્રી કર્મપ્રકૃતિની મલયગિરિ વૃત્તિમાં તૈજસાદિસ્કંધોમાં સ્પષ્ટપણે સ્નિગ્ધ-ઉષ્ણ, અથવા સ્નિગ્ધ શીત, અથવા રૂક્ષ-શીત અથવા રૂક્ષ-ઉષ્ણ એ ચાર પ્રકારમાંથી કોઈ પણ એક પ્રકારના ૨ અવિરુદ્ધ સ્પર્શ અને મૃદુ-લઘુ એ બે અવસ્થિત સ્પર્શ ગણી ૪ સ્પર્શ કહ્યા છે.

૧૪૮. ૭૫ મી ગાથામાં तह अगहणंतरिया એટલે તે પ્રમાણે ( એકેક પ્રદેશાધિકની વૃદ્ધિ વડે વધતા ) અને અગ્રહણવર્ગણાઓ વડે

**गाथार्थ**—એ ( ઔદારિકવર્ગણા જે પ્રમાણે કહી તે ) પ્રમાણે જ विउव्व=વૈક્રિયવર્ગણા, आहार = આહારકવર્ગણા, तेय= તૈજસવર્ગણા, भाषा=ભાષાવર્ગણા, आणुपाण = શ્વાસોચ્છ્વાસ-વર્ગણા, मण=મનોવર્ગણા અને कम्मे=કાર્મણવર્ગણા જાણવી. એ આઠે વર્ગણાઓમાં એકેક વર્ગણાનો (વર્ગણા ગત એકેક સ્કંધનો) અવગાહ अंगुल असंखंसो=અંગુલનો અસંખ્યાતમો ભાગ છે તોપણ कमा=ક્રમથી ( ઔદા૰ વૈ૰ ઇત્યાદિ અનુક્રમપૂર્વક ) ऊणऊणं=ન્યૂનન્યૂનતર ( ન્યૂન, અધિક ન્યૂન ) અવગાહ જાણવો. ૭૬

**विशेषार्थ**—૭૫ મી ગાથામાં વિશેષાર્થ પ્રસંગે કહેવાઈ ગયો છે. ૭૬

**अवतरण**—પૂર્વ ગાથામાં આઠે વર્ગણાઓનું સ્વરૂપ તથા અવગાહના ક્ષેત્ર કહીને હવે ગ્રહણયોગ્ય ૮ વર્ગણાઓના અંતરાલમાં-વચ્ચે આવેલી ૭ અગ્રહણવર્ગણાઓનું પ્રમાણ (એટલે ૭ મૂળ અગ્રહણવર્ગણાઓમાં દરેકમાં અન્તર્ગતવર્ગણા સમુદાય કેટલો છે ? ) અને ૮ ગ્રહણવર્ગણાઓમાં દરેકમાં જઘન્ય વર્ગણાથી તેની પોતાની ઉત્કૃષ્ટવર્ગણા કેટલી અધિક ( કેટલા અણુઓ વડે અધિક ) છે? એ બે પ્રકારનું પ્રમાણ આ ગાથામાં કહે છે.

**इक्किकहिया सिद्धाणंतंसा अंतरेसु अग्गहणा ।**
**सव्वत्थ जहन्नुचिया, नियणंतंसाहिया जिट्ठा ॥७७॥**

**गाथार्थ**—(આઠ ગ્રહણવર્ગણાઓના) अंतरेसु=આંતરાઓમાં

અંતરિત ( બે અગ્રહણવર્ગણાઓના આંતરામાં રહેલી ) જે વૈક્રિયાદિ વર્ગણાઓ કહેવાની બાકી રહી હતી તે અહીં કહે છે. અર્થાત્ તે અગ્રહણાંતરિતવર્ગણાઓ કઈ? તે આ ગાથામાં દર્શાવે છે.

इक्किक्क=એકેક અણુ વડે अहिया=અધિક અધિક વૃદ્ધિ પામતી એવી अग्गहणा=અગ્રહણવર્ગણાઓમાંની પ્રત્યેક વર્ગણા सिद्ध= સર્વ સિદ્ધજીવોની રાશિના अणंतंसा=અનંતમાં અંશ-ભાગ જેટલી છે. इति अग्रहणवर्गणाप्रमाणम्. તથા सव्वत्थ=સર્વ ગ્રહણ વર્ગણાઓમાં ( મૂળ આઠ ગ્રહણવર્ગણામાં પ્રત્યેકમાં ) जहन्नुचिया= જઘન્ય ગ્રહણયોગ્ય વર્ગણાથી ( એટલે જઘન્યવર્ગણાથી ) जिट्ठा= ઉત્કૃષ્ટ ગ્રહણવર્ગણા निय=પોતાના ( વિવક્ષિત મૂળ ગ્રહણવર્ગણાની પોતાની જઘન્ય વર્ગણાના ) अणंतंस=અનંતમા ભાગ જેટલી अहिया=અધિક છે. इति ग्रहणवर्गणाप्रमाणम् ૭૭.

विशेषार्थ—૭૫ મી ગાથાના વિશેષાર્થ પ્રસંગે સ્પષ્ટ રીતે કહેવાઈ ગયો છે. ૭૭.

अवतरण—પૂર્વગાથાઓમાં પ્રસંગતઃ આઠે ગ્રહણયોગ્ય ( તથા અગ્રહણયોગ્ય ) પુદ્ગલવર્ગણાઓનું સ્વરૂપ કહીને હવે તેમાંની ૮ મી કર્મવર્ગણા જીવ કર્મપણે ગ્રહણ કરે છે, તે કર્મ-પુદ્ગલવર્ગણાનું વિશેષસ્વરૂપ ( એટલે તે કર્મપુદ્ગલો કેટલા વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ ગુણવાળા છે? તે ગ્રહણ થતા કર્મ પુદ્ગલોમાં કર્મરસ કેટલો પ્રાપ્ત થાય છે? અને પ્રતિસમય ગ્રહણ કરાતા કર્મસ્કંધો કેટલા અણુઓવાળા છે? એ ૩ પ્રકારનું સ્વરૂપ ) આ ૭૮ મી ગાથામાં કહેવાય છે;—

**अंतिमचउफासदुगंध-पंचवन्नरसकम्मखंधदलं ।**
**सव्वजियणंतगुणरस-[१४९] मणुजुत्तमणंतयपएसं ॥७८॥**

૧૪૯-रसअणुના અર્થમાં रसमणु શબ્દ છે, ત્યાં પ્રાકૃત હોવાથી મકાર લાક્ષણિક છે.

गाथार्थ—कम्मखंधदलं=( પ્રતિસમય ગ્રહણ થતું ) કર્મસ્કંધનું દલિક ( એટલે કર્મના અણુઓ ) अंतिमचउफास = અન્ત્યના-છેલ્લા ૪ સ્પર્શવાળું, ( શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ એ ૪ સ્પર્શ-યુક્ત ), दुगंध = બે ગંધવાળું, पंचवन्न = ૫ વર્ણવાળું તથા (पंच) रस = ૫ રસવાળું છે, તથા सव्वजिय(अ)णंतगुणरस( म )-अणुजुत्तं= સર્વજીવરાશિથી અનંતગુણરસાણુયુક્ત છે, અને अणंतयपएसं = અનન્ત પ્રદેશવાળું છે. ૭૮.

विशेषार्थः—કર્મસ્કંધના દલિક એટલે કર્મસ્કંધ ( ગુરુલઘુ-મૃદુ-કર્કશ-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ એ પ્રથમ કર્મગ્રંથની ૪૦ મી ગાથામાં કહેલા આઠ સ્પર્શના ક્રમ પ્રમાણે ) છેલ્લા ૪ સ્પર્શવાળું, ૨ ગંધવાળું, ૫ વર્ણવાળું અને ૫ રસવાળું છે, તેની વિશેષ સ્પષ્ટતા ૭૫ મી ગાથાના વિશેષાર્થમાં કહેવાઈ છે, અને ગાથાના ઉત્તરાર્ધમાં કર્મસ્કંધદલિક સર્વજીવથી અનન્ત ગુણરસાણુવાળું તથા અનંતપ્રદેશવાળું કહ્યું, તે આ પ્રમાણેઃ—

## કર્મના ૧ પ્રદેશમાં સર્વજીવથી અનંતગુણ રસાવિભાગ

અનુભાગબંધના સ્વરૂપમાં પૂર્વે અનુભાગ-રસનું જે સ્વરૂપ કહ્યું છે, તેવા સ્વરૂપવાળો કર્મનો ( જીવને શુભ અથવા અશુભ તથા તીવ્ર અથવા મંદ અનુભવ આપવાના સ્વભાવરૂપ ) જે રસ ( એટલે અનુભવની તીવ્રતા યા મંદતા ) તેમાં પણ જે સર્વજઘન્યરસ તેના શ્રીકેવલી ભગવંતની બુદ્ધિ વડે સૂક્ષ્મ વિભાગો કરીએ તો જગતમાં જેટલા જીવો છે. તે સર્વે જીવોથી અનંતગુણ વિભાગ થાય, તે દરેક વિભાગનું નામ अनुभागपलिच्छेद, रसपलिच्छेद, रसांश, रसाणु ઇત્યાદિ છે. એ

પ્રમાણે સર્વજઘન્યરસવાળા કર્મના ૧ પ્રદેશમાં સર્વજીવાનંતગુણરસાણુ છે, તેમ જ સર્વોત્કૃષ્ટ રસવાળા કર્મના ૧ પ્રદેશમાં પણ સર્વજીવાનન્તગુણરસાંશ છે, પરંતુ જઘન્યથી ઉત્કૃષ્ટમાં સર્વજીવાનંતગુણ રાશિ મોટો જાણવો.

## પ્રત્યેક કર્મસ્કંધમાં અનંત પ્રદેશ

જ્ઞાનાવરણીયાદિ સ્વરૂપે પરિણામ પામતી કાર્મણવર્ગણાઓના પુદ્ગલસ્કંધ તે **कर्मस्कंध**, અને તે દરેક કર્મસ્કંધમાં જઘન્યથી પણ અભવ્યથી અનંતગુણા અને સર્વસિદ્ધથી અનંતમા ભાગ જેટલા કર્મ પુદ્ગલના અનંત અણુઓ હોય છે, તેમ જ ઉત્કૃષ્ટ પ્રદેશી કર્મસ્કંધમાં પણ અભવ્યથી અનંતગુણ અને સિદ્ધથી અનંતમા ભાગ જેટલા અનંત અણુઓ છે; પરંતુ જઘન્યથી ઉત્કૃષ્ટમાં વિશેષાધિકતા જાણવી, દ્વિગુણ અથવા ત્રિગુણાદિ અધિક અણુ ન હોય, પરંતુ અનંતમા ભાગ જેટલા જ અધિક અધિક અણુ ઉત્કૃષ્ટ કર્મસ્કંધમાં હોય છે, જેથી દરેક કર્મસ્કંધ સામાન્યપણે અનંતપ્રદેશી કહેવાય. એથી ન્યૂનપ્રદેશવાળા કર્મસ્કંધ છે નહિ, અને ન્યૂનઅણુવાળા બીજા પુદ્ગલસ્કંધો છે તો તેને જીવ કર્મપણે ગ્રહણ કરી શકતો નથી અર્થાત્ તે સ્કંધો કર્મસ્વરૂપે પરિણમે નહીં. ૭૮.

**अवतरण**—જીવ જે કર્મગ્રહણ કરે છે તે કયા સ્થાને રહેલા કર્મપુદ્ગલો ગ્રહણ કરે છે? તથા (જીવ) પોતાના કેટલા આત્મપ્રદેશો વડે ગ્રહણ કરે છે? અને પ્રતિસમય ગ્રહણ કરાતા કર્મપુદ્ગલો કેટલા વિભાગમાં વહેંચાઈ જાય છે? (અર્થાત્ કેટલા પ્રકારના કર્મરૂપે પરિણમે છે?) અને તે તે વિભાગમાં (પરિણમતા મૂળ કર્મોમાં) કેટલા કેટલા કર્મ-

પ્રદેશો પ્રાપ્ત થાય છે? તે જ પ્રકારની વાત આ ૭૯ તથા ૮૦ મી ગાથામાં કહેવાય છે:—

**एगपएसोगाढं, नियसव्वपएसओ गहेइ जिओ ।**
**थेवो आउ तदंसो, नामे गोए समो अहिओ ॥७९॥**
**विग्घावरणे मोहे, सव्वोवरि वेयणीये जेणप्पे ।**
**तस्स फुडत्तं न हवइ, ठिईविसेसेण सेसाणं ॥८०॥**

ગાથાર્થ—जिओ=જીવ એક પ્રદેશમાં અવગાહેલા (એટલે જીવ જે ક્ષેત્રમાં અવગાહ્યો છે–રહ્યો છે તેટલા માત્ર ક્ષેત્રમાં રહેલા) કર્મદલિકને પોતાના સર્વ આત્મપ્રદેશો વડે ગ્રહણ કરે છે. थेवो तदंसो= તેમાંનો થોડો અંશ–અલ્પભાગ आउ=બંધાતા આયુષ્યને મળે છે, અને આયુષ્યથી અધિક અંશ=વધારે ભાગ નામકર્મને તથા ગોત્રકર્મને મળે છે, ત્યાં નામ અને ગોત્રનો પરસ્પર समो=સરખો ભાગ મળે છે (અર્થાત્ જેટલા કર્માણુ નામકર્મરૂપે પરિણમે છે તેટલા જ સરખી સંખ્યાએ કર્માણુઓ ગોત્રપણે પરિણમે છે. ૭૯.

તથા વિઘ્નકર્મને અને આવરણકર્મને (જ્ઞાનાવરણ, દર્શનાવરણને) એ ત્રણ કર્મને નામગોત્રથી અધિક ભાગ મળે છે, તેથી અધિક ભાગ મોહનીયકર્મને મળે છે, અને વેદનીય કર્મને તો सव्वोवरि=સર્વથી ઉપર એટલે સર્વથી અધિક ભાગ મળે છે, जेण=જે કારણથી વેદનીયકર્મના પ્રદેશો अप्पे=અલ્પ હોય તો तस्स=તે વેદનીય કર્મનું फुडत्तं=જીવને સ્પષ્ટપણું (સ્પષ્ટ અનુભવ) ન હોય અને વેદનીય સિવાયનાં શેષ ૭ કર્મોને જે ભાગ મળે છે તે ठिईविसेसेण=પોતપોતાની ન્યૂનાધિક સ્થિતિના વિશેષથી એટલે સ્થિતિના તફાવતથી મળે છે.

વિશેષાર્થઃ—હવે જીવ કર્મપ્રદેશોને કઈ રીતે ગ્રહણ કરે છે તેનું સ્વરૂપ કહેવાય છે, તે આ પ્રમાણેઃ—

## એક ક્ષેત્રમાં રહેલા કર્મપ્રદેશોનું ગ્રહણ

ગાથામાં " एगपएसोगाढं એક પ્રદેશમાં અવગાહેલા " એ પદથી એક જ આકાશપ્રદેશમાં અવગાહેલા કર્મસ્કંધોનું-કર્મ-પ્રદેશોનું ગ્રહણ નહિ; પરન્તુ જીવ જે અંગુળના અસંખ્યાતમા ભાગ જેટલા અથવા તેથી અધિક ક્ષેત્રમાં અવગાહ્યો-રહ્યો હોય તે અને તેટલા જ આકાશપ્રદેશમાં રહેલી કાર્મણવર્ગણાઓને ગ્રહણ કરી કર્મરૂપે પરિણમાવે છે. ઔદારિકાદિ વર્ગણાઓનું ગ્રહણ પણ એ પ્રમાણે જ એક આકાશપ્રદેશથી (એટલે એક ક્ષેત્રમાંથી) જ થાય છે. પરન્તુ સાથે સ્પર્શીને રહેલા અથવા આંતરામાં રહેલા આકાશપ્રદેશમાં રહેલી કર્મવર્ગણાઓને (તથા ઔદારિકાદિ વર્ગણાઓને પણ) જીવ ગ્રહણ કરતો નથી, જેથી અહીં एकप्रदेश એટલે एकजीवावगाढक्षेत्र એ અર્થ છે; કારણ કે ઔદારિકાદિ ગ્રહણવર્ગણાઓનું અવગાહક્ષેત્ર (ઔદા-રિકાદિ પુદ્ગલસ્કંધનું અવગાહક્ષેત્ર) અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલું છે, તે કારણથી એ પુદ્ગલવર્ગણાના ગ્રહણ કરવા યોગ્ય સ્કંધો પણ એક આકાશપ્રદેશમાં રહી શકતા નથી. (પરન્તુ પ્રત્યેક સ્કંધ અસંખ્ય અસંખ્ય આકાશપ્રદેશોમાં રહેલો હોય છે) તો એક આકાશપ્રદેશાવગાઢ કર્મવર્ગણાનું ગ્રહણ કેવી રીતે હોય?

## સર્વ આત્મપ્રદેશોથી કર્મનું ગ્રહણ

જીવ જેમ (એક આકાશપ્રદેશમાંથી એટલે) પોતાના

અવગાહેલા સર્વ આકાશપ્રદેશ ( રૂપ ક્ષેત્ર ) માંથી કર્મવર્ગણાઓ ગ્રહણ કરે છે તેમ કર્મવર્ગણાઓનું ગ્રહણ પણ એક આત્મપ્રદેશથી નહીં પરન્તુ સર્વ આત્મપ્રદેશથી થાય છે, અર્થાત્ આત્માનો કોઈ પણ પ્રદેશ જે કર્મસ્કંધો ગ્રહણ કરવામાં પ્રયત્નવાળો થયો હોય, તે જ કર્મસ્કંધોને ગ્રહણ કરવામાં બીજા સર્વ આત્મપ્રદેશો પ્રયત્નવાળા થાય છે, પરંતુ તફાવત માત્ર એટલો જ કે વિવક્ષિત આત્મપ્રદેશમાં જેટલો પ્રયત્ન છે, તેથી બીજા આત્મપ્રદેશોમાં ( જેમ જેમ દૂર રહેલા હોય તેમ તેમ ) ન્યૂન ન્યૂન પ્રયત્ન હોય છે. જેમ ઘટ ઉપાડવામાં હથેલીના આત્મપ્રદેશોનો પ્રયત્ન અધિક, તેથી કૂણીના આત્મપ્રદેશોને ન્યૂન, તેથી ખભાના આત્મપ્રદેશોને ન્યૂન અને એ પ્રમાણે યાવત્ પગના અંગૂઠાના આત્મપ્રદેશોને અત્યંત ન્યૂન પ્રયત્ન હોય છે તેમ કર્મગ્રહણ કરતા આત્મપ્રદેશોના પ્રયત્ન એકબીજાના કાર્યમાં હીનાધિક હોય છે.

પુનઃ જે સમયે વિવક્ષિત એક આત્મપ્રદેશ કર્મગ્રહણ કરે છે, તે સમયે બીજા આત્મપ્રદેશો કર્મગ્રહણ નથી કરતા એમ નહીં, પરન્તુ સર્વે આત્મપ્રદેશો પોત–પોતાના આકાશપ્રદેશોમાં અવગાહેલા કર્મસ્કંધોને ગ્રહણ કરે છે. તોપણ જે હીનાધિક પ્રયત્ન કહ્યો તે બીજા આત્મપ્રદેશના કર્મગ્રહણ પ્રત્યે જાણવો; પરન્તુ પોતે જે કર્મસ્કંધો તે સમયે ગ્રહણ કરે છે તે કર્મસ્કંધો પ્રત્યે પોતાનો હીન પ્રયત્ન નહિ.

## યોગને અનુસારે હીનાધિક કર્મસ્કંધોનું ગ્રહણ

વીર્યાન્તરાયકર્મના ક્ષયોપશમને અનુસારે જીવનો યોગ હીનાધિક હોય છે, અને વીર્યાન્તરાયકર્મના ક્ષયથી યોગલબ્ધિ

સંપૂર્ણ પ્રગટ થાય છે, તોપણ મન-વચન-કાયાના આલંબનથી પ્રવર્તતો તે સકરણયોગ પણ ક્ષયોપશમ ભાવવાળાને તેમ જ સર્વક્ષાયિકયોગીઓને એક સરખો હોય નહીં; પરન્તુ હીનાધિક હોય છે અને કર્મસ્કંધોનું ગ્રહણ સકરણયોગને અનુસારે હોય છે, તેથી ક્ષાયોપશમિક યોગી અથવા ક્ષાયિકયોગી (સ્વક્ષયોપશમ વા ક્ષયથી પ્રગટ થએલા યોગથી) હીનયોગમાં વર્તતો અલ્પસંખ્યાએ (તોપણ અભવ્યથી અનંતગુણ અને સિદ્ધથી અનંતમા ભાગ જેટલા) અનન્તકર્મસ્કંધો (દરેક આત્મપ્રદેશે) ગ્રહણ કરે, મધ્યમ યોગે મધ્યમ સંખ્યાવાળા અનન્ત કર્મસ્કંધો, અને સ્વપ્રાયોગ્ય ઉત્કૃષ્ટયોગમાં વર્તતો આત્મા ઉત્કૃષ્ટ સંખ્યાએ અનન્ત (તોપણ અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધથી અનંતભાગ જેટલા અનન્ત) કર્મસ્કંધો ગ્રહણ કરે છે.

## એક સમયમાં ગ્રહણ થતી કર્મની વર્ગણા, સ્કંધ અને પ્રદેશો.

કોઈ પણ સયોગી સંસારી જીવ એક સમયે એક આત્મપ્રદેશે જે કર્મ ગ્રહણ કરે છે, તે કર્મમાં અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધથી અનંતમા ભાગ જેટલી પુદ્ગલવર્ગણાઓ છે અને એકેક પુદ્ગલવર્ગણામાં પ્રત્યેકમાં (અભવ્યથી અનન્તગુણ અને સિદ્ધથી અનંતમાં ભાગ જેટલા) અનંત અનંત સ્કંધ છે, અને તે પ્રત્યેક સ્કંધમાં (અભવ્યથી અનંતગુણ અને સિદ્ધથી અનન્તમા ભાગ જેટલા) અનંત અનંત કર્મપ્રદેશો-કર્મના અણુઓ છે. અર્થાત્ અનંતપ્રદેશી ૧ સ્કંધ, તેવા અનન્ત સ્કંધની ૧ કર્મવર્ગણા, અને તેવી અનન્તી કર્મવર્ગણા જીવ એક પ્રદેશે એક સમયમાં જ ગ્રહણ કરે છે, અને તે પ્રમાણે જ

સર્વ આત્મપ્રદેશોમાં તેટલા તેટલા પ્રદેશયુક્ત તેટલા સ્કંધવાળી અનન્ત અનન્ત કર્મવર્ગણા ગ્રહણ થાય છે.

## એક સમયમાં ગ્રહણ કરાયેલા કર્મપ્રદેશોના થતા ૧-૬-૭-૮ મૂળ વિભાગ.

જીવ એક સમયમાં જે કર્મસ્કંધો ગ્રહણ કરે છે તે કર્મસ્કંધો તે સમયે બંધાતા ૮ અથવા ૭ અથવા ૬ અથવા ૧ મૂળ કર્મરૂપે પરિણામ પામે છે, ત્યાં આયુષ્યના બંધસમયે ગ્રહણ થયેલું કર્મ જ્ઞાનાવરણીયાદિ ૮ મૂળ કર્મપણે પરિણમે છે, આયુષ્યના અબંધ વખતે ૭ મૂળકર્મરૂપે, મોહનીયનો બંધવિચ્છેદ થયા બાદ ૬ મૂળકર્મરૂપે (૧૦ મા ગુણસ્થાને), અને જ્ઞાનાવરણીયાદિનો બંધવિચ્છેદ થયા બાદ જ્યારે કેવળ વેદનીયકર્મ બંધાય છે તે વખતે (૧૧-૧૨-૧૩ ગુણસ્થાને) ૧ મૂળકર્મરૂપે પરિણમે છે; અર્થાત્ એક સમયમાં ગ્રહણ થતાં કર્મપ્રદેશોમાં (તે તે સમયના અધ્યવસાયને અનુસારે) ૮-૭-૬-૧ પ્રકારે ભિન્નભિન્ન સ્વભાવ પ્રગટ થાય છે, અથવા એક સમયગ્રહિત કર્મપ્રદેશો ૧-૬-૭-૮ આદિ વિભાગમાં વહેંચાઈ જાય છે.

**પ્રશ્ન:**—એક સમયમાં વર્તતો અધ્યવસાય (જીવપરિણામ) એક જ પ્રકારનો હોય છે, તો એક પ્રકારના અધ્યવસાય વડે ગ્રહણ કરેલ કર્મપ્રદેશો પણ એક જ સ્વભાવવાળા હોઈ શકે, તો એક સમયગ્રહિત કર્મપ્રદેશો ભિન્ન ભિન્ન ૮ સ્વભાવરૂપે કેવી રીતે પરિણમે?

**ઉત્તર:**—એક જ ક્ષેત્રમાં ઉગેલું એક જ પ્રકારનું ઘાસ

ગાય વિગેરે પશુના ખાવામાં આવે તોપણ તે (એક જ પ્રકારનું ઘાસ) ગાય વિગેરેના દેહમાં દૂધરૂપે અને સાત ધાતુરૂપે એમ ૮ પ્રકારે ભિન્ન ભિન્ન પરિણામે પરિણમે છે, તેનું કારણ એક પ્રકારના ઘાસમાં તેમ જ ગાય વગેરેના શરીરમાં રહેલ પાચક અગ્નિમાં પણ રહેલી વિચિત્ર પ્રકારની શક્તિઓ છે, તેમ એક અધ્યવસાય વડે ગ્રહણ થયેલા કર્મપ્રદેશો વિચિત્ર સ્વભાવવાળા અથવા વિચિત્ર યોગ્યતાવાળા છે, એટલું જ નહિ પરન્તુ એ વિચિત્ર યોગ્યતાવાળા પુદ્ગલોને ગ્રહણ કરવામાં તથા ભિન્ન ભિન્ન સ્વભાવે પરિણમાવવામાં કારણભૂત એક યોગ્યસ્થાન તથા અધ્યવસાય પણ વિચિત્રતાગર્ભ છે, અર્થાત્ તે અધ્યવસાય એક સમયમાં વર્તતો હોવાથી એક કહેવાય, પરન્તુ તેમાં રહેલી યોગ્યતાઓની અપેક્ષાએ એક નથી. વાસ્તવિક રીતે વિચારીએ તો જગતમાં એક એક તરીકે કહેવાતો કોઈ પણ પદાર્થ, ગુણ વા ક્રિયા એવી નથી કે જેમાં એક પ્રકારની જ યોગ્યતા હોય.

## ૮ વિભાગરૂપે પરિણમતા કર્મપ્રદેશોનું અલ્પબહુત્વ

જે સમયે ૮ કર્મનું ગ્રહણ થાય છે તે સમયે ગ્રહણ થતા કર્મપ્રદેશોનો અલ્પભાગ આયુષ્યકર્મરૂપે પરિણમે છે, તેથી અધિક (વિશેષાધિક) કર્મપ્રદેશો નામકર્મરૂપે પરિણમે છે, નામકર્મ જેટલા જ તુલ્ય કર્મપ્રદેશો ગોત્રકર્મપણે પરિણમે છે, જેથી બે કર્મના પ્રત્યેકનાં પ્રદેશો આયુષ્યરૂપે પરિણમેલા પ્રદેશોથી વિશેષાધિક વિશેષાધિક છે, પરંતુ પરસ્પર તુલ્ય સંખ્યાવાળા છે, તે નામકર્મ અથવા ગોત્રકર્મપણે પરિણમેલા કર્મપ્રદેશોથી વિશેષાધિક કર્મપ્રદેશો અંતરાયકર્મરૂપે પરિણમે છે, તેટલા જ

જ્ઞાનાવરણીય કર્મપણે અને તેટલા જ દર્શનાવરણીય કર્મપણે પરિણમે છે, જેથી એ ત્રણ કર્મના પ્રત્યેકના પ્રદેશો પરસ્પર તુલ્ય છે, પરંતુ નામ અથવા ગોત્રના પ્રદેશોથી અધિક છે, તથા અંતરાયકર્મપણે પરિણમેલા કર્મપ્રદેશોથી અધિક કર્મ-પ્રદેશો મોહનીયકર્મરૂપે, અને મોહનીયથી પણ અધિક કર્મ-પ્રદેશો એટલે સર્વકર્મના પ્રત્યેકના કર્મપ્રદેશથી પણ અધિક કર્મપ્રદેશો વેદનીયકર્મરૂપે પરિણમે છે.

અહીં સર્વકર્મથી વેદનીયના કર્મપ્રદેશો અધિક હોવાનું કારણ કે વેદનીયકર્મ સુખ-દુઃખનો સ્પષ્ટ અનુભવ આપે છે, માટે એ કર્મના પ્રદેશો ન્યૂન હોય તો જીવને સુખ-દુઃખનો સ્પષ્ટ અનુભવ પ્રાપ્ત થાય નહિ; માટે વેદનીયના કર્મપ્રદેશો સર્વેથી અધિક હોય છે, અને સેસાણં શેષ ૭ કર્મનો વિભાગ ઠિઇવિસેસેણ પોતપોતાની સ્થિતિને અનુસારે છે, તે આ પ્રમાણે;-

## ૭ મૂળકર્મના વિભાગ સ્થિતિને અનુસારે

આયુષ્ય કર્મની સ્થિતિ ૩૩ સાગરોપમ તે સર્વથી અલ્પ છે, માટે આયુષ્યના કર્મપ્રદેશો અલ્પ પરિણમે છે. નામ-ગોત્રની સ્થિતિ ૨૦ કોડાકોડીસાગરોપમ જેટલી ઘણી છે તેથી નામ-ગોત્રને ઘણા કર્મપ્રદેશો પ્રાપ્ત થાય છે, તેથી પણ અંતરાય-જ્ઞાના૦-દર્શના૦ની પ્રત્યેકની ૩૦-૩૦ કો૦કો૦સા૦ સ્થિતિ હોવાથી ઘણા કર્મપ્રદેશો પ્રાપ્ત થાય છે, અને તેથી પણ મોહનીયની સ્થિતિ ૭૦ કો૦કો૦સા૦ હોવાથી મોહનીયને ઘણા કર્મપ્રદેશો પ્રાપ્ત થાય છે.

અહીં આયુષ્યથી નામગોત્રની સ્થિતિ સંખ્યાતગુણી છે,

તોપણ સંખ્યાતગુણ પ્રદેશ પ્રાપ્તિ નથી, કારણ કે આયુષ્ય સર્વકર્મોના ઉદયમાં મૂળ કારણરૂપ હોવાથી આયુષ્યને ઘણા કર્મપ્રદેશો પ્રાપ્ત થાય છે. અને તે નામગોત્રથી કિંચિત્ ન્યૂન જેટલા હોય છે, તેમ જ જ્ઞાનાવરણીયાદિકથી મોહનીયની સ્થિતિ સંખ્યાતગુણી છે, તોપણ સંખ્યાતગુણ પ્રદેશો પ્રાપ્ત થતા નથી કારણ કે મોહનીયમાં કેવળ ૧ મિથ્યાત્વમોહનીય જ દીર્ઘ સ્થિતિવાળું છે, શેષ કષાયાદિ પ્રકૃતિઓ ૪૦ કોડાકોડી આદિ સ્થિતિવાળી છે. અલ્પબહુત્વ સમજવાની આ યુક્તિ જ છે, અન્યથા સર્વજ્ઞદૃષ્ટ કર્મવિભાગ જ એ પ્રકારે સ્વાભાવિક છે. ૭૯–૮૦.

अवतरण—પૂર્વ ગાથામાં પ્રતિસમય બંધાતા કર્મપ્રદેશોનો આઠ મૂળકર્મમાં કેટલો કેટલો ભાગ જાય? તે કહીને હવે જે મૂળપ્રકૃતિને પોતાનો ભાગ પ્રાપ્ત થયો છે તેમાંથી પોતાની તે સમયે બંધાતી ઉત્તરપ્રકૃતિઓમાં કઈ પ્રકૃતિને કેટલો કેટલો ભાગ આપે? તે વહેંચણ આ ૮૧ મી ગાથામાં કહેવાય છેઃ–

**नियजाइलद्धदलिया–णंतंसो होइ सव्वघाईणं ।**
**बज्झंतीण विभज्जइ, सेसं सेसाण पइसमयं ॥८१॥**

ગાથાર્થઃ–नियजाइ=નિજજાતીય=સ્વજાતીય પ્રકૃતિએ ( એટલે પોતાની મૂળપ્રકૃતિએ ) लद्ध=પ્રાપ્ત કરેલાં दलिय=દલિકનો–કર્મપ્રદેશોનો अणंतंसो=અનંતમો ભાગ सव्वघाईणं=સર્વઘાતી પ્રકૃતિઓને होइ=મળે છે, અને सेसं=શેષ રહેલું કર્મદલિક पइसमयं बज्झंतीण=પ્રતિસમય ( અર્થાત્ તે જ સમયે ) બંધાતી सेसाण=શેષ ઉત્તર પ્રકૃતિઓને विभज्जइ=વહેંચાય છે. ૮૧

વિશેષાર્થઃ—૪ ઘાતિકર્મોમાં મૂળપ્રકૃતિને જે કર્મપ્રદેશો મળે છે તેમાંનો [150]અનંતમો ભાગ સર્વઘાતિપ્રકૃતિપણે પરિણમે છે, અને તે સિવાયના શેષ રહેલા કર્મપ્રદેશો તે સમયે જેટલી દેશઘાતિપ્રકૃતિઓ બંધાતી હોય તેટલા વિભાગવાળું થઈ દેશઘાતિપ્રકૃતિરૂપે પરિણમે છે, તેનો કિંચિત્ વિધિ આ પ્રમાણે—

## એક સમયગૃહીત કર્મપ્રદેશોના મૂળપ્રકૃતિઓમાં અનતા પ્રતિવિભાગ.

વિવક્ષિત સમયે જ્ઞાનાવરણીય કર્મને જેટલા પ્રદેશો પ્રાપ્ત થાય તેમાંનો અનંતમો ભાગ કેવલજ્ઞાનાવરણીય સર્વઘાતિનો, અને બાકીના પ્રદેશો મતિજ્ઞાનાવરણીયાદિ ૪ દેશઘાતિપ્રકૃતિરૂપે પરિણમે છે.

દર્શનાવરણીયકર્મને જે પ્રદેશો મળ્યા હોય, તેનો અનંતમો ભાગ ૬ વિભાગમાં વહેંચાઈ ૫ નિદ્રા અને કેવલદર્શનાવરણીય એ ૬ સર્વઘાતિપ્રકૃતિરૂપે પરિણમે, અને બાકી રહેલા પ્રદેશો ચક્ષુ૦ અચક્ષુ૦ અને અવધિદર્શનાવરણ એ ૩ દેશઘાતિપ્રકૃતિરૂપે પરિણમે છે.

વેદનીયકર્મના ભાગમાં આવેલા સર્વપ્રદેશો તે સમયે બંધાતી શાતા અથવા અશાતારૂપ ૧ પ્રકૃતિપણે જ પરિણમે છે, કારણ

૧૫૦. સર્વઘાતિપ્રકૃતિ માટે અત્યંત સ્નિગ્ધ પરમાણુઓ ઉપયોગી થાય છે, અને તેવા અતિ સ્નિગ્ધ પરમાણુઓ અનન્તમા ભાગ જેટલા જ હોય છે, માટે અનંતમો ભાગ જ સર્વઘાતિરૂપે પરિણમે છે. જેમ સ્નેહ અધિક તેમ તેમ પ્રદેશો ઓછા અને અલ્પસ્નેહવાળા પ્રદેશો જગતમાં ઘણાં હોય છે.

કે ૧ સમયમાં વેદનીયની ૧ પ્રકૃતિ જ બંધાય છે. એ પ્રમાણે ગોત્રકર્મ અને આયુષ્યકર્મના પ્રદેશો પણ પોતપોતાની એકેક ઉત્તરપ્રકૃતિરૂપે પરિણમે છે.

મોહનીયકર્મના ભાગમાં આવેલા પ્રદેશોનો અનન્તમો ભાગ મિથ્યાત્વમોહનીય અને કષાયમોહનીય એ બે વિભાગમાં અર્ધ અર્ધ પરિણમે છે. ત્યાં સર્વઘાતિપ્રદેશોનો જે અર્ધભાગ મિથ્યાત્વને મળ્યો છે, તે સર્વ મિથ્યાત્વનો જ છે અને કષાયરૂપે પરિણમેલો અર્ધભાગ બંધાતા ૧૨ સર્વઘાતિકષાયરૂપે ( ૪ અનંતા૦ ૪ અપ્રત્યા૦ ૪ પ્રત્યા૦રૂપે ) સમાન ભાગે પરિણમે છે, અને બાકી રહેલ દેશઘાતિપ્રદેશોના બે વિભાગ થાય છે, તેમાંનો એક વિભાગ ૪ સંજ્વલન કષાયરૂપે પરિણમે છે, અને બીજો વિભાગ ( ૯ નોકષાયમાંના ) તે સમયે સમકાળે બંધાતા ૫ નોકષાયને મળે છે. કારણ કે નવ નોકષાય સમકાળે બંધાતા નથી.

નામકર્મના ભાગમાં પ્રાપ્ત થયેલા કર્મપ્રદેશો તે સમયે બધ્યમાન ગતિ–જાતિ–શરીર–ઉપાંગ-બંધન–સંઘાતન–સંહનન-સંસ્થાન–આનુપૂર્વી–વર્ણ–ગંધ–રસ-સ્પર્શ–અગુરુલઘુ-પરાઘાત-ઉપઘાત–ઉચ્છ્વાસ–નિર્માણ–જિન–આતપ વા ઉદ્યોત–વિહાયોગતિ–ત્રસાદિ ૧૦ અથવા સ્થાવરાદિ ૧૦–એ ૩૧ વિભાગમાં વહેંચાય છે. તેમાં વર્ણ–ગંધ–રસ–સ્પર્શને જેટલા જેટલા પ્રદેશો મળ્યા હોય તે પ્રદેશો તેના પ્રતિભેદ ૫–૨–૫–૮ રૂપે પરિણમે. સંઘાતનને તથા શરીરને મળેલા પ્રદેશો તે ૩ અથવા ૪ વિભાગે પરિણમે, કારણ કે એક સમયમાં ઔદા૦ તૈ૦ કા૦ એ ૩ અથવા વૈ૦ આહા૦ તૈ૦ કા૦ એ ૪ શરીર અને સંઘાતન બંધાય છે. બંધનકર્મને પ્રાપ્ત થયેલા પ્રદેશો ( ૩ અથવા

૪ શરીરને અનુસારે ) [૧]૫[૧]૭ અથવા ૧૧ વિભાગરૂપે પરિણમે છે, અને ગતિ-જાતિ ઇત્યાદિ શેષ વિભાગે પરિણમેલા કર્મપ્રદેશો એકેક પ્રકૃતિરૂપે પરિણમે છે, કારણ કે એક સમયમાં ગતિ આદિકના ૨-૩ ઇત્યાદિ પ્રતિભેદ બંધાતા નથી.

अन्तरायकर्मના ભાગમાં આવેલા પ્રદેશો તે સમયે બંધાતી પાંચે દેશઘાતિપ્રકૃતિરૂપે પરિણમે છે.

## બધ્યમાન પ્રકૃતિનો બંધવિચ્છેદ થયે વિભાગ વ્યવસ્થા.

બધ્યમાન પ્રકૃતિઓમાં જો કોઈ ઉત્તરપ્રકૃતિ ગુણસ્થાનાદિ પ્રાપ્તિના કારણથી બંધવિચ્છેદ પામે અથવા અબંધ ( અમુક કાળ માટે અબધ્યમાન ) રહે તો તે પ્રકૃતિને પ્રાપ્ત થતા કર્મપ્રદેશો શેષ બંધાતી સ્વજાતીય ઉત્તરપ્રકૃતિઓમાં વહેંચાઈ જાય છે, જો સર્વ સ્વજાતીય પ્રકૃતિઓ બંધવિચ્છેદ પામે તો સ્વમૂલપ્રકૃતિની બંધાતી વિજાતીય પ્રકૃતિઓમાં વહેંચાઈ જાય, અને સ્વજાતીય તથા વિજાતીય બન્ને વિચ્છેદ પામ્યે જ્યારે મૂળપ્રકૃતિનો જ બંધવિચ્છેદ થાય ત્યારે તે મૂળપ્રકૃતિના ભાગયોગ્ય સર્વ કર્મપ્રદેશો તે સમયે બંધાતી સર્વ મૂળપ્રકૃતિઓમાં વહેંચાઈ જાય છે.

ઉદાહરણ તરીકે—થીણદ્ધિત્રિકનો બંધ વિચ્છેદ થતાં તે કર્મપ્રદેશો સજાતીય નિદ્રા અને પ્રચલાને મળે, નિદ્રા-પ્રચલાનો

---

૧ ૧. ઔદા૦ઔદા-ઔદા૦તૈજસ-ઔદા૦કા૦-ઔદા૦તૈ૦કા૦-તૈ૦તૈ૦-તૈ૦કા-કા૦કા૦ એ ૭ રૂપે અને વૈક્રિય તથા આહારક એ સમકાળે બાંધે ત્યારે ( ઔદારિક ચતુષ્કવત્ ) વૈક્રિયચતુષ્ક, આહારકચતુષ્ક અને તૈજસત્રિક એ ૧૧ બંધનરૂપે પરિણમે.

પણ બંધવિચ્છેદ થાય તો તે સર્વપ્રદેશો વિજાતીય ચક્ષુદર્શનાવરણ આદિ ૪ પ્રકૃતિઓને મળે, અને દર્શનાવરણાદિ ૬ મૂળપ્રકૃતિઓ ૧૦ માના પર્યન્તે બંધવિચ્છેદ પામે ત્યારે તે સર્વ પ્રકૃતિઓના સર્વ પ્રદેશો તત્સમયબધ્યમાન ૧ વેદનીય (શાતાવેદનીય) રૂપે જ પરિણમે છે.

કર્મપ્રકૃતિ વિગેરે ગ્રંથોમાં આ સ્થાને જઘન્યથી અને ઉત્કૃષ્ટથી (પ્રકૃતિઓને પ્રાપ્ત થતા) કર્મપ્રદેશોનું અલ્પબહુત્વ દર્શાવ્યું છે તે ત્યાંથી જ જાણવું.

**अवतरण**—પ્રદેશબંધના ચાલુ વિષયમાં કયા કર્મના કેટલા પ્રદેશો હોય તે સંબંધ પૂર્વગાથામાં કહીને હવે તે કર્મના પ્રાપ્ત થયેલા પ્રદેશોની નિર્જરા-ક્ષય કયા અનુક્રમથી હોય? તે કહેવાનો પ્રસંગ છે, ત્યાં સ્થિતિબંધપ્રસંગે જે વિશેષહીન વિશેષહીન દલિકનિક્ષેપ વિધિ કહ્યો છે, તે પ્રતિસમય વિશેષહીન પ્રદેશો ઉદયમાં આવી ક્ષય પામતા જાય એ અનુક્રમ તો સંસારજીવોને દીર્ઘસંસારભ્રમણ માટે હોય છે, તેમ જ એ ક્રમ નિર્વ્યાઘાત નિર્જરાનો છે, પરન્તુ જીવને સમ્યક્ત્વાદિ વિશિષ્ટ આત્મગુણો પ્રાપ્ત કરવાના હોય અને તેવા ગુણોની પ્રાપ્તિ કરી શીઘ્ર કર્મક્ષય કરવો હોય તો કયા અનુક્રમથી કર્મનિર્જરા થાય? તે અનુક્રમ-પદ્ધતિ આ ૮૨ મી ગાથામાં દર્શાવાય છે;—

**सम्मदर सव्वविरई उ अणविसंजोयदंसखवगे य ।**
**मोहसमसंतखवगे, खीणसजोगियर गुणसेढी ।। ८२ ।।**

**गाथार्थ**—**सम्म**=સમ્યક્ત્વગુણશ્રેણિ, **दर** (**विरई**)=દેશવિરતિ-ગુણશ્રેણિ, **सव्वविरई**=સર્વવિરતિગુણશ્રેણિ, **अणविसंजोय**=

અનંતાનુબંધિવિસંયોજનાગુણશ્રેણિ,दंसणखवगे य=તથા દર્શન-મોહનીયક્ષપકની ગુણશ્રેણિ, मोहसम=મોહોપશમકગુણશ્રેણિ, संत=ઉપશાંતમોહગુણશ્રેણિ, खवगे=મોહક્ષપકગુણશ્રેણિ, खीण=ક્ષીણમોહગુણશ્રેણિ, सजोगि=સયોગિકેવલીગુણશ્રેણિ, इयर=અયોગિકેવલિગુણશ્રેણિ એ ૧૧ પ્રકારની गुणसेढी=ગુણશ્રેણિ છે. ૮૨.

विशेषार्थ—સમ્યક્ત્વાદિ વિશિષ્ટ ગુણોની પ્રાપ્તિ માટે તેમ જ પ્રાપ્ત થયા બાદ અધ્યવસાયની વધતી વિશુદ્ધિ વડે ક્રમશઃ આગળ આગળના ગુણોની શીઘ્ર પ્રાપ્તિ માટે અસંખ્ય કાળથી ભેગા કરેલા અને નવીન ભેગા થતા-બંધાતા કર્મપ્રદેશોનો શીઘ્ર ક્ષય આ ગુણશ્રેણિની પદ્ધતિ વડે થાય છે. ત્યાં ગુણશ્રેણિની પદ્ધતિનું સ્વરૂપ તો આગળ ૮૩ મી ગાથામાં કહેવાનું છે, અને અહીં તો તે ગુણશ્રેણિ કયા કયા ગુણોની પ્રાપ્તિ વખતે થાય છે તે જ કહેવાય છેઃ—

## ૧ सम्यक्त्व गुणश्रेणि

સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં પહેલાં જે યથાપ્રવૃત્તાદિ ૩ કરણ થાય છે તેમાંના બીજા અપૂર્વકરણના પ્રથમસમયથી આયુષ્ય-રહિત ૭ કર્મોની (તેમાં સમ્યક્ત્વપ્રતિઘાતક મિથ્યાત્વની પણ) ગુણશ્રેણિ પ્રારંભાય છે, અને તે સમ્યક્ત્વ પામ્યા પહેલાં તેમ જ સમ્યક્ત્વ પામ્યા પછી પણ અન્તર્મુહૂર્ત બાદ સમાપ્ત થાય છે. આ ગુણશ્રેણિનું સમાપ્તિસ્થાન [૧૫૨]અનિયત છે.

૧૫૨. અનાદિ મિથ્યાદૃષ્ટિની સમ્યક્ત્વગુણશ્રેણિમાં ૭ કર્મોની ગુણશ્રેણિ ઉપશમસમ્યક્ત્વમાં પણ સમ્યક્ત્વનો કિંચિત્ ભાગ શેષ રહે ત્યાં સુધી ચાલુ રહી સમાપ્ત થાય, અને મિથ્યાત્વની ગુણશ્રેણિ પહેલી ઉદયસ્થિતિ ૨ આવલિકા બાકી રહે ત્યારે સમાપ્ત થાય ઇત્યાદિ રીતે અનિયતપણું કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવું.

## ૨ देशविरतिगुणश्रेणि

દેશવિરતિસન્મુખ થયેલો અવિરતસમ્યગ્દૃષ્ટિ જીવ પોતાના ચોથાગુણસ્થાનમાં દેશવિરતિની પ્રાપ્તિ માટે યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણ (અનિવૃત્તિકરણ નહિ) કરે છે, ત્યાં આ ગુણશ્રેણિ હોય, પરંતુ અપૂર્વકરણને અન્તે જ્યારે દેશવિરતિ પ્રાપ્ત કરે ત્યારે પ્રથમ સમયથી પ્રારંભીને ૧ અન્તર્મું૦ સુધી આ [૧૫૩]ગુણશ્રેણિ પ્રવર્તે છે, કારણ કે દેશવિરતિ (તથા સર્વવિરતિ)ની પ્રાપ્તિ વખતે અન્તર્મુ૦ કાળ સુધી જીવ અવશ્ય વૃદ્ધિ પામતી વિશુદ્ધિવાળો[૧૫૪] હોય છે, અને ત્યારબાદ વર્ધમાન હીયમાન અથવા અવસ્થિતપરિણામવાળો પણ હોય છે, તેથી પરિણામને અનુસારે પણ [૧૫૫]વર્ધમાન, હીયમાન અથવા અવસ્થિત ગુણશ્રેણિ હોય છે, જેથી દેશવિરતિ જેટલા કાળ સુધી ટકે તેટલા કાળ સુધી ગુણશ્રેણિ પણ અનિયતપણે પ્રવર્તે છે.

## ૩ सर्वविरतिगुणश्रेणि

આ ગુણશ્રેણિની વ્યવસ્થા સર્વ ઉપર કહેલ દેશવિરતિ ગુણશ્રેણિ તુલ્ય યથાસંભવ જાણવી.

---

૧૫૩. સાત કર્મોની તથા દેશવિરતિઘાતક (અપ્રત્યાખ્યાની ૪) કષાયોની.

૧૫૪. આ અન્તર્મું૦માં અસંખ્યગુણવૃદ્ધિએ દલિકરચનારૂપ એક જ પ્રકારની ગુણશ્રેણિ છે.

૧૫૫. આ ગુણશ્રેણિ અસંખ્યભાગાધિક, સંખ્યભાગાધિક, સંખ્યાગુણાધિક, અસંખ્યગુણાધિક એમ ૪ પ્રકારની હોય છે. હીયમાન ગુણશ્રેણિ પણ અસંખ્યભાગહીનાદિ ૪ પ્રકારની હોય.

## ૪ अनंतानुबंधिविसंयोजनागुणश्रेणि

ઉપશમશ્રેણિ અથવા ક્ષપકશ્રેણિ સન્મુખ થયેલો જીવ ૪–૫–૬–૭ મા ગુણસ્થાનોમાંના કોઈ પણ ગુણસ્થાને અનન્તાનુબંધિની વિસંયોજના–ક્ષય કરવા તત્પર થયો હોય તે વખતે ત્રણ કરણમાંના બીજા અપૂર્વકરણના પ્રથમ સમયથી ૭ કર્મોની (અને અનંતાનુબંધિની પોતાની) ગુણશ્રેણિ પ્રારંભાય છે, અને ત્રીજું અનિવૃત્તિકરણ સમાપ્ત થતાં અનંતાનુબંધિનો સર્વથા ક્ષય થાય છે. તે સમયે આ ૭ કર્મોની ગુણશ્રેણિ પણ બંધ પડે છે; કારણ કે અનંતાનુબંધિની વિસંયોજના થયા બાદ તુર્તકાળમાં જીવ વર્દ્ધમાન કે હીયમાન પરિણામવાળો ન હોય, પરંતુ સ્વભાવસ્થ થતો (અવસ્થિત પરિણામવાળો) હોય છે.

## ५ दर्शनमोहक्षपकगुणश्रेणि

૪–૫–૬–૭ ગુણસ્થાનમાંના કોઈ પણ ગુણસ્થાને ત્રણ દર્શનમોહનીયનો ક્ષય કરવાને માટે યથાપ્રવૃત્તાદિ ૩ કરણો પ્રવર્તે છે, તે વખતે બીજા અપૂર્વકરણના પ્રથમ સમયથી ૭ કર્મોની ગુણશ્રેણિ પ્રારંભાય છે, અને ત્રીજા અનિવૃત્તિકરણના પર્યન્ત ભાગે સમાપ્ત થાય છે. પુનઃ સમ્યક્ત્વમોહનીયની ગુણશ્રેણિ અનિવૃત્તિકરણનો કિંચિત કાળ બાકી રહેતાં ઉપાન્ત્ય સ્થિતિખંડનો ઘાત થાય ત્યાં સુધી પ્રવર્તે છે, અને ત્યાર બાદ કૃતકરણાદ્ધા અવસ્થામાં ગુણશ્રેણિ પ્રવર્તતી નથી, મિથ્યાત્વ તથા મિશ્રની ગુણશ્રેણિ અહીં પ્રવર્તતી નથી, કારણ કે એ બેમાં મિથ્યાત્વના સ્થિતિઘાતના પ્રદેશો મિશ્રમાં તથા સમ્યક્ત્વમાં, અને મિશ્રના પ્રદેશો સમ્યક્ત્વમાં પ્રક્ષેપાય છે, અને ગુણશ્રેણિ તો સ્વસ્થાનપ્રક્ષેપવાળી હોય છે.

## ૬ चारित्रमोहोपशम गुणश्रेणि

ચારિત્રમોહનીયકર્મનો સર્વોપશમ કરવાને થતાં યથાપ્રવૃત્તાદિ ૩ કરણમાં જે બીજું અપૂર્વકરણરૂપ આઠમું ગુણસ્થાન તેના પ્રથમ સમયથી ૭ કર્મોની ગુણશ્રેણિ પ્રારંભાય છે, ત્યાં મોહનીયકર્મની ઉત્તરપ્રકૃતિઓની ગુણશ્રેણિઓ તો ૯ મા ગુણસ્થાનમાં જ ભિન્ન ભિન્ન કાળે બંધ પડે છે, અને જ્ઞાનાવરણીયાદિ ૬ કર્મની ગુણશ્રેણિઓ ૧૦ મા ગુણસ્થાનના પર્યંતસમયે [૧૫૬]બંધ પડે છે.

## ૭ उपशान्तमोहगुणश्रेणि

આ શ્રેણિ જ્ઞાનાવરણીયાદિ ૬ [૧૫૭]કર્મોની હોય છે અને તે ઉપશાન્તમોહ પ્રથમસમયથી પર્યન્તસમય સુધી પ્રવર્તે છે. ત્યારબાદ અવશ્ય પતિત અવસ્થામાં પણ ગુણશ્રેણિ ([૧૫૮]અસંખ્ય-

૧૫૬. એ ૬ કર્મની ગુણશ્રેણિઓ ૧૦ મા ગુણસ્થાનના અન્ત સુધી પ્રવર્તી પુનઃ ૧૧ માના પ્રથમ સમયથી શરૂ થાય છે, તેથી ગુણશ્રેણિ ચાલુ છતાં ૧૦ મા ગુણસ્થાને બંધ પડે છે તેનો અર્થ ગુણશ્રેણિ અટકી જાય છે એમ નહિ, પરંતુ ગુણશ્રેણિ બદલાય છે એમ જાણવું અર્થાત્ મોહોપશમકગુણશ્રેણિ બદલાઈને ઉપશાંતમોહનામવાળી (ભિન્ન નામવાળી) ગુણશ્રેણિ થાય છે.

૧૫૭. અહીં દર્શનમોહનીયની સર્વોપશમના થવા છતાં પણ અપવર્તના ચાલુ હોવાથી સ્થિતિઘાત અને ગુણશ્રેણિ સંભવે છે. તે અપેક્ષાએ ૭ કર્મોની ગુણશ્રેણિ પણ ગણી શકાય.

૧૫૮. પ્રતિસમયઆશ્રયી ગુણશ્રેણિ અસંખ્યગુણદલિક પ્રક્ષેપરૂપ છે. પરંતુ ઉપશમશ્રેણિ ઉપર ચઢતી વખતે જે અસંખ્યગુણપ્રદેશનિક્ષેપ હતો, તેની અપેક્ષાએ શ્રેણિથી પડતા ન્યૂન અસંખ્યગુણપ્રદેશ નિક્ષેપ હોય છે.

ગુણપ્રદેશનિર્જરાની અપેક્ષાએ) ચાલુ રહે છે, અને આયુષ્યનો ક્ષય થવાના કારણથી જો એ ગુણસ્થાન ચાલ્યું જાય તો ગુણશ્રેણિ સર્વથા બંધ પડે છે.

## ૮ मोहक्षपकगुणश्रेणि

ક્ષપકશ્રેણિમાં આઠમા અપૂર્વકરણ ગુણસ્થાનના (ચારિત્ર-મોહક્ષપણા માટે ૩ કરણોમાંના બીજા કરણના) પ્રથમ સમયથી ૭ કર્મોની આ ગુણશ્રેણિ પ્રારંભાય છે, અને સમાપ્તિ ૧૦ મા[૧૫૯] ગુણસ્થાનના પર્યન્ત સમયે હોય છે, પરંતુ મોહનીયકર્મની ઉત્તરપ્રકૃતિઓની ગુણશ્રેણિઓ પોતપોતાની અંત્ય આવલિકા બાકી રહે ત્યારે ભિન્ન ભિન્ન કાળે અનિવૃત્તિકરણમાં (૯ મા ગુણસ્થાનમાં જ) બંધ પડે છે, પણ સંજ્વલોભની ગુણશ્રેણિ ૧૦ મા ગુણસ્થાનનો એક સંખ્યાતમો ભાગ બાકી રહે છતે જ્યારે સર્વાપવર્તનાએ અપવર્તવાનો પ્રસંગ આવે ત્યારે બંધ પડે છે, અને શેષ ૬ કર્મમાં પણ જે જે ઉત્તરપ્રકૃત્તિઓનો જ્યાં જ્યાં ક્ષય થાય છે, તે સ્થાને તેની સર્વાપવર્તનાના પ્રસંગે અને કોઈનો ઉપાન્ત્ય સ્થિતિઘાત સમાપ્ત થયે પણ તે પ્રકૃતિઓની ગુણશ્રેણિઓ બંધ પડે છે.

## ૯ क्षीणमोहगुणश्रेणि

આ ગુણશ્રેણિઓ જ્ઞાનાવરણીયાદિ ૬ કર્મોની છે, તે ક્ષીણમોહના પ્રથમ સમયથી પ્રારંભાય છે, અને ક્ષીણમોહના પર્યંત સમયે નામ-ગોત્ર-વેદનીય એ ૩ કર્મની ગુણશ્રેણિ બંધ પડે

૧૫૯. કેટલીક ઉત્તરપ્રકૃતિઓની ગુણશ્રેણીઓ ૯ મા ગુણસ્થાને બંધ પડે છે.

છે. તથા જ્ઞાનાવરણીય-દર્શનાવરણીય અને અન્તરાય એ ૩ કર્મની ગુણશ્રેણીઓ ક્ષીણમોહગુણસ્થાનના સંખ્યાતા ભાગ વ્યતીત થઈ ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે છતે સર્વાપવર્તનાનો પ્રસંગ આવે છે ત્યારે બંધ પડે છે.

## ૧૦ सयोगिगुणश्रेणि

સયોગિકેવલિ ભગવંતને કેવલિ સમુદ્ઘાતના પ્રથમ સમયથી સયોગિગુણસ્થાનના પર્યન્ત સમય સુધી નામ-ગોત્ર અને વેદનીય એ ૩ કર્મની (સ્થિતિઘાત સાથે) ગુણશ્રેણિઓ પણ પ્રવર્તે છે, ત્યાર બાદ બંધ પડે છે.

## ૧૧ अयोगिगुणश्रेणि

અયોગિભગવંતને પૂર્વે કહેલી પદ્ધતિ પ્રમાણે પ્રદેશ-[૧૬૦] રચનારૂપ ગુણશ્રેણિ નથી પરંતુ પ્રદેશનિર્જરારૂપ ગુણશ્રેણિ છે, અર્થાત્ પ્રથમસમયે અલ્પપ્રદેશનિર્જરા, બીજે સમયે અસંખ્યગુણપ્રદેશ નિર્જરા, ત્રીજે સમયે તેથી પણ અસંખ્ય-ગુણપ્રદેશનિર્જરા આ પ્રમાણે દલિકપ્રક્ષેપરહિત કેવળ ઉદયદ્વારા પ્રદેશનિર્જરારૂપ ગુણશ્રેણિ જાણવી. કારણ કે યોગરહિત આ અયોગિભગવંતને સ્થિતિઘાતાદિ પદાર્થો પ્રવર્તતા નથી.

---

૧૬૦. પ્રથમ કહેલી ૧૦ પ્રકારની ગુણશ્રેણિઓ તો ઉદયા-વલિકાના પ્રથમસમયથી અને ઉદયાવલિકા બહાર પ્રથમસમયથી અસંખ્યગુણ અસંખ્યગુણ પ્રદેશનિક્ષેપ અને પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ અસંખ્યગુણ પ્રદેશનિર્જરા એ બન્ને રીતે ગુણશ્રેણિઓ પ્રવર્તે છે, અને અયોગીમાં અસંખ્યગુણપ્રદેશનિર્જરારૂપ એક વ્યવસ્થાવાળી ગુણશ્રેણિ પ્રવર્તે છે.

એ પ્રમાણે ૧૧ ગુણશ્રેણિઓનો પ્રારંભ તથા સમાપ્તિસ્થાન દર્શાવીને હવે ગુણશ્રેણિનું વસ્તુસ્વરૂપ આગળની ૮૩ મી ગાથામાં કહેવાય છે. ૮૨.

अवतरण—પૂર્વગાથામાં ૧૧ ગુણશ્રેણિનાં નામ માત્ર કહ્યાં, પરન્તુ ગુણશ્રેણિ તે શું ? તેનું સ્વરૂપ હવે આ ગાથામાં કહેવાય છેઃ–

**[161] गुणसेढी दलरयणा–णुसमयमुदयादसंखगुणणाए ।**
**एयगुणा पुण कमसो, असंखगुण निज्जरा जीवा ॥८३॥**

गाथार्थ—अणुसमयं = અનુસમય–પ્રતિસમય उदयाद् = ઉદયાવલિકાના પ્રથમસમયથી પ્રારંભીને ( અન્તર્મુહૂર્ત સુધી ) असंखगुणणाए = અસંખ્યગુણ અસંખ્યગુણ दलरयणा = દલિકરચના ( કર્મપ્રદેશો ઉપાડવા અને સ્થાપવારૂપ રચના ) गुणसेढी = ગુણશ્રેણિ કહેવાય. पुण = વળી एयगुणा = એ ગુણવાળા ( પૂર્વગાથામાં કહેલા સમ્યક્ત્વ દેશવિરતિ આદિ ગુણવાળા ) जीवा = જીવો અનુક્રમે असंखगुणनिज्जरा = અસંખ્યગુણીનિર્જરાવાળા પણ હોય છે. ૮૩.

विशेषार्थ—गुण = એટલે પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ કર્મપ્રદેશોને ઉપાડવાનો, પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ સ્થાપવાનો અને પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ ઉદયમાં લાવી નિર્જરવાની श्रेणि = એટલે ક્રમશઃ પદ્ધતિ અથવા અનુક્રમ તે ગુણશ્રેણિ કહેવાય તે આ પ્રમાણેઃ—

१६१. सार्द्धशतकप्रकरणस्येयं गाथा ॥

## ગુણશ્રેણિનો ૩ પ્રકારનો ક્રમ અને સ્થાન

સમ્યક્ત્વાદિ વિશિષ્ટ આત્મગુણની પ્રાપ્તિ વખતે કર્મ-પ્રદેશોને ઘણા પ્રમાણમાં ઉદયમાં લાવી નિર્જરવાનો પ્રકાર તે ગુણશ્રેણિ છે. તે સમ્યક્ત્વાદિ ગુણની પ્રાપ્તિ વખતે ગુણ-વિઘાતક કર્મોની અને શેષ (આયુઃ સિવાયનાં) કર્મોની પણ જે સ્થિતિઓ વિદ્યમાન છે, તેમાં પ્રારંભથી અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિઓ વર્જીને ઉપરાન્તની સર્વ સ્થિતિઓમાંથી પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ કર્મપ્રદેશો ઉપાડી ઉપાડીને નીચે ઉદયાવલિકાના પ્રથમ સમયથી અન્તર્મુહૂર્ત જેટલી સ્થિતિઓમાં પ્રત્યેકમાં અનુક્રમે અસંખ્યગુણ અસંખ્યગુણ સ્થાપે કે જેથી પ્રતિસમયથી અસંખ્યગુણ અસંખ્યગુણ કર્મ-પ્રદેશો ઉદયદ્વારા નિર્જરે. અહીં उत्पाटनस्थान અને प्रक्षेपस्थान તથા उदयक्रम (निर्जराक्रम) એ ત્રણે અથવા उत्पाटनक्रम, प्रक्षेपक्रम, અને उदयक्रम એ ત્રણ ક્રમ કહ્યા.

તથા પ્રથમ અન્તર્મુહૂર્ત રહિત ઉપરાન્તની સ્થિતિઓમાં સર્વોપરિતન ભાગે સ્થિતિઘાતનું કંડક પણ (કેટલીક અસંખ્યાતી સ્થિતિઓમાં સ્થિતિઘાત પણ પ્રવર્તે) છે, તેમાંની સ્થિતિઓમાંનું દલિક પણ પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ ઉપડી નીચેનાં અન્તર્મુહૂર્તમાં અનુક્રમે અસંખ્યગુણ અસંખ્ય-ગુણ પ્રક્ષેપાય છે; પરંતુ તે ઉત્પાટ્યસ્થિતિમાં અંતર્ગત હોવાથી સર્વથા ભિન્ન ન ગણાય. આ ગુણશ્રેણિ પ્રાયઃ અન્તર્મુહૂર્ત સુધી પ્રવર્તે છે.

## ગુણશ્રેણિના સ્થાન તથા કાળનું પ્રમાણ

પ્રત્યેક ગુણશ્રેણિમાં સ્વસ્થાને ગુણશ્રેણિપ્રવૃત્તિનો કાળ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ એ એના કાળથી કંઈક અધિક હોય છે અને પ્રક્ષેપસ્થાનનું અન્તર્મુહૂર્ત પણ તેટલું જ હોય છે. પ્રક્ષેપસ્થાનનો પર્યન્તસમય તે ગુણશ્રેણિશીર્ષ કહેવાય છે.

## કર્મપ્રદેશોના પ્રક્ષેપમાં ૨ ભેદ

ઉદયવતી પ્રકૃતિઓમાં પ્રક્ષિપ્યમાણ પ્રદેશો ઉદયાવલિકાના પ્રથમસમયથી પ્રક્ષેપસ્થાનરૂપ અન્તર્મુહૂર્તના પર્યન્તસમય સુધી પ્રક્ષેપાય છે, અને અનુદયવતી (તે વખતે ઉદયમાં નહિ વર્તતી) પ્રકૃતિઓમાં પ્રદેશો ઉદયાવલિકા (પ્રદેશોદયવલિકા) વર્જીને અનન્તર સમયથી અન્તર્મુ૦ સુધીના સ્થાનમાં પ્રક્ષેપાય છે, જેથી બે પ્રક્ષેપમાં એક આવલિકા જેટલો તફાવત રહે છે.

## પ્રક્ષેપસ્થાન [ ગુણશ્રેણિ ] ની અવૃદ્ધિ [ હાનિ ] તથા વૃદ્ધિ

પ્રક્ષેપસ્થાનરૂપ અન્તર્મુહૂર્તમાં ઉદયસમયો જેમ જેમ ઉદય દ્વારા ક્ષીણ થતા જાય તેમ તેમ શેષ રહેલી સ્થિતિઓમાં પ્રદેશો પ્રક્ષેપાય છે, પરંતુ ગુણશ્રેણિનું અન્તર્મુહૂર્ત આગળ આગળ આગળ વૃદ્ધિ પામતું નથી, એ સમ્યક્ત્વશ્રેણિ માટે જાણવું. દેશવિરતિ તથા સર્વવિરતિની શ્રેણિમાં (પ્રક્ષેપસ્થાનરૂપ) અન્તર્મુ૦ના સમયો આગળ આગળ વૃદ્ધિ પામતા જાય છે. અયોગિશ્રેણિમાં પ્રદેશપ્રક્ષેપરૂપ ગુણશ્રેણિનો જ અભાવ છે, અને શેષ ૭ ગુણશ્રેણિઓ માટે પ્રક્ષેપસ્થાનના અન્તર્મુહૂર્તની હાનિવૃદ્ધિ શાસ્ત્રમાં સ્પષ્ટ કહેલી ન હોવાથી અહીં પણ કહી શકાતી નથી.

## પરભવમાં સાથે આવતી ૩ ગુણશ્રેણિ

સમ્યક્ત્વની, દેશવિરતિની અને સર્વવિરતિની એ ૩ ગુણશ્રેણિઓ તિર્યંચ નારક અને મનુષ્ય એ ૩ ભવની પ્રાપ્તિમાં જીવની સાથે (પ્રત્યેક અથવા ત્રણ ભેગી પણ) જાય છે. કારણ કે આ મનુષ્યભવમાં એ ૩ ગુણશ્રેણિ રચીને શીઘ્ર મિથ્યાત્વ પામી અશુભમરણ વડે એ તિર્યંચાદિ ૩ ગતિમાં શીઘ્ર ઉત્પન્ન થાય તો તેવા જીવને એ ગુણશ્રેણિઓ (પૂર્વ ભવમાં) રચાયલી છે, પરન્તુ ત્યાં સંપૂર્ણ અનુભવાયેલી-ઉદયમાં આવેલી નથી તેથી સાથે જાય છે. અને ત્યાં તે (અનુભવમાં આવી ઉદય દ્વારા) સમાપ્ત થાય છે. આ ગુણશ્રેણિઓ હજી ઉદય દ્વારા સમાપ્ત ન થઈ હોય તે દરમ્યાનમાં મનુષ્યભવ પામવો તે પણ અશુભ મરણ છે, કારણ કે વિદ્યમાન ગુણશ્રેણિમાં દેવગતિની પ્રાપ્તિ તે શુભ મરણ છે. આ ૩ સિવાયની શેષ ગુણશ્રેણિઓ વિદ્યમાન હોવા છતાં જો મરણ થાય તો અવશ્ય શુભમરણ-દેવગતિ પ્રાપ્ત થાય છે, અને જો અશુભમરણ થાય તો તે ગુણશ્રેણિઓ ક્ષય પામ્યે જ થાય. આ શુભમરણ અને અશુભમરણ મનુષ્યકૃત અને તિર્યંચકૃત ગુણશ્રેણિ આશ્રયિ જાણવું, અને નારકકૃત સમ્યક્ત્વ ગુણશ્રેણિ માટે મનુષ્યભવની પ્રાપ્તિ તે શુભમરણ જાણવું.

## ૩-૩ ગુણશ્રેણિઓનો સમયોગ

જે મનુષ્યભવમાં ગુણશ્રેણિઓ થઈ છે, તે મનુષ્યભવમાં સમ્યક્ત્વની, દેશવિરતિની અને સર્વવિરતિની એ ૩ ગુણ શ્રેણિઓમાં જીવ સમકાળે પણ વર્તે છે, જેથી ત્રણે ગુણશ્રેણિઓનો એકી વખતે સમયોગ થાય છે; અથવા તો દેશવિરતિની,

સર્વવિરતિની અને અનંતાનુબંધિવિસંયોજનાની એ ૩ ગુણશ્રેણિઓનો પણ સમકાળે સમયોગ મળે છે, અને પરભવમાં તો સમ્ય૦–દેશવિ૦–સર્વવિ૦ એ ૩ ગુણશ્રેણિઓનો જ સમયોગ થાય છે. તથા દેશવિરતિ–અનંતાનુબંધિવિસંયોજના એ બે ગુણશ્રેણિનો પણ સમયોગ (તે જ મનુષ્યભવમાં) થાય છે. સમ્ય૦–દેશવિ૦ એ બે ગુણશ્રેણિનો સમયોગ થવો સંભવિત છે. પરન્તુ શાસ્ત્રમાં સ્પષ્ટ કહ્યો નથી. તથા ક્ષીણમોહ, ક્ષપક, સયોગિ અને અયોગિ એ ૪ ગુણશ્રેણિ રહિત શેષ ૭ ગુણશ્રેણિઓ પ્રત્યેક દેવભવમાં સાથે જઈ શકે છે, ઇત્યાદિ.


## ११ गुणश्रेणिओमां परस्पर प्रदेशनिर्जरा तथा काळ

સમ્યક્ત્વગુણશ્રેણિમાં જેટલા કર્મપ્રદેશો નિર્જરે છે તેથી અસંખ્યગુણ કર્મપ્રદેશો દેશવિરતિ ગુણશ્રેણિમાં નિર્જરે છે, તેથી પણ અસંખ્યગુણ કર્મપ્રદેશો સર્વવિરતિ ગુણશ્રેણિમાં નિર્જરે છે. ઇત્યાદિ રીતે ૧૧ ગુણશ્રેણિઓ જે અનુક્રમે ગાથામાં કહી છે, તેજ અનુક્રમે અસંખ્ય અસંખ્યગુણ પ્રદેશનિર્જરા કહેવી.

તથા અયોગિ ગુણશ્રેણિનો અંતર્મુહૂર્તરૂપ પ્રવૃત્તિકાળ શેષ ૧૦ ગુણશ્રેણિઓના પ્રત્યેકના કાળથી અત્યંત અલ્પ છે, તેથી સયોગિગુણશ્રેણિનો કાળ સંખ્યાતગુણ છે, તેથી ક્ષીણમોહગુણશ્રેણિનો કાળ સંખ્યાતગુણ અધિક છે, એ પ્રમાણે ઉલટા ક્રમથી યાવત્ સમ્યક્ત્વગુણશ્રેણિનો કાળ દેશવિરતિ ગુણશ્રેણિના કાળથી સંખ્યાતગુણ અધિક તોપણ અન્તર્મુહૂર્ત જેટલો જ છે.

એ પ્રમાણે જેમ જેમ સમ્યક્ત્વાદિ અધિક અધિક આત્મગુણની પ્રાપ્તિ વખતે કર્મનિર્જરાનો કાળ અનુક્રમે અલ્પ હોય

છે, તોપણ તે અલ્પ અલ્પ કાળમાં કર્મનિર્જરા ઘણી ઘણી હોય છે. અહીં ગુણશ્રેણિઓમાં ઉદયના પ્રતિસમયે સ્વસ્થાને પણ સર્વત્ર પ્રદેશનિર્જરા અસંખ્યગુણ અસંખ્યગુણ છે, ગુણશ્રેણિઓમાં પરસ્પર વિચારતાં પણ પ્રતિસમય અસંખ્યગુણ-અસંખ્યગુણ નિર્જરા હોય છે. એ પ્રદેશનિર્જરા તથા કાળના ક્રમોત્ક્રમની સ્થાપના આ પ્રમાણે—



अयोगी गुणश्रेणि।
सयोगि० ,,
क्षीणमोह० ,,
क्षपक० ,,
उपशान्त० ,,
उपशमक० ,,
दर्शनक्षपक० ,,
अनंता०विसं० ,,
सर्वविरति ,,
देशविरति ,,
सम्यक्त्व ,,

का [प्रदेशाः] लः

એમાં બિંદુપંક્તિ તે પ્રદેશનિર્જરાની ૧૧ ગુણશ્રેણિઓ અને ૧૧ લીટીઓ તે ૧૧ ગુણશ્રેણિઓનો કાળ જાણવો. ૮૩.

अवतरण—પૂર્વગાથામાં અધિક અધિક વિશિષ્ટ આત્મ-ગુણની પ્રાપ્તિવાળા જીવોને અનુક્રમે ગુણશ્રેણિની પદ્ધતિએ અસંખ્યગુણ અસંખ્યગુણ નિર્જરા કહી, તે વિશિષ્ટ આત્મ-

ગુણોનાં સ્થાન તે गुणस्थान કહેવાય છે, તેથી આ ગાથામાં તે આત્મગુણરૂપ ગુણસ્થાનો જઘન્યથી અને ઉત્કૃષ્ટથી કેટલા કાળને અંતરે પ્રાપ્ત થાય તે કહેવારૂપ गुणस्थानोनो अंतरकाल દર્શાવાય છે તે આ પ્રમાણે:—

[१६२] पलियासंखंसमुहू, सासणइयरगुण अंतरं हस्सं ।
गुरू मिच्छि बे छसट्ठी, इयरगुणे पुग्गलद्धंतो ॥८४॥

गाथार्थ—सासण=સાસ્વાદન ગુણસ્થાનકનો हस्सं હ્રસ્વ= જઘન્ય अंतरं=અંતરકાળ पलियासंखंस=પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ અને इयरगुण=બીજાં (૧૧ સુધીમાંના ૧૦) ગુણસ્થાનોનો પ્રત્યેકનો જઘન્ય અંતરકાળ मुहु=અંતર્મુહૂર્ત છે. તથા मिच्छि=મિથ્યાત્વ ગુણસ્થાનનો गुरू ઉત્કૃષ્ટ અંતરકાળ बे छसट्ठी=બે છાસઠ (૧૩૨) સાગરોપમ છે અને इयरगुणे=બીજાં (૧૦) ગુણસ્થાનોનો પ્રત્યેકનો ઉત્કૃષ્ટ અંતરકાળ पुग्गलद्धंतो= અર્ધપુદ્ગલપરાવર્ત છે. ૮૪.

विशेषार्थ—જે ગુણસ્થાન એક વાર પ્રાપ્ત થયા પછી ચાલ્યું જાય, ત્યાર બાદ તે જ ગુણસ્થાન પુનઃ કેટલા કાળે પામે? તે બે વાર પ્રાપ્તિની વચ્ચેનો જે વિરહકાળ તે ગુણસ્થાનનું આંતરું એટલે अन्तरकाल કહેવાય. ત્યાં કયા ગુણસ્થાનનો કેટલો અન્તરકાળ? તે કહેવાય છે.

## સાસ્વાદનગુણસ્થાનનો જઘન્ય અંતરકાળ

મિશ્રપુંજ અને સમ્યક્ત્વપુંજ એ બે પુંજ ઉપશમસમ્ય-

१६२. सार्द्धशतक प्रकरणस्येयं गाथा ।

ક્ત્વમાં બને છે, અને ઉપશમ સમ્યક્ત્વથી જ પડતા સાસ્વાદનપણું પ્રાપ્ત થાય છે, તેથી સાસ્વાદનમાં એ બે પુંજની એટલે મિથ્યાત્વસહિત ૩ પુંજની (જેથી સર્વ ૨૮ મોહપ્રકૃતિની) સત્તા અવશ્ય હોય, (પરંતુ એ ગુણસ્થાનમાં ૨૮ થી ન્યૂનાધિક મોહપ્રકૃતિઓ ન હોય,) તથા સાસ્વાદનથી પડતાં મિથ્યાત્વ-ગુણસ્થાન જ પ્રાપ્ત થાય, અને સમ્યક્ત્વ તથા મિશ્રપુંજસહિત મિથ્યાત્વે આવેલા જીવને પુનઃ ઉપશમસમ્યક્ત્વ પામવું હોય તો એ બંને પુંજની ઉદ્વલના (નિઃસત્તાકતા) કર્યા વિના પામી શકાય નહિ અને ઉપશમસમ્યક્ત્વ પામ્યા વિના પુનઃ સાસ્વાદનની પ્રાપ્તિ થાય નહિ, અને મિથ્યાદૃષ્ટિ જીવને બે પુંજની (ઉદ્વલના કરવા યોગ્ય [૧૬૩]બીજી પ્રકૃતિઓની પણ) ઉદ્વલના કરતા જઘન્યથી અથવા ઉત્કૃષ્ટથી પણ પલ્યોપમના અસંખ્યાતમાં ભાગ જેટલો કાળ લાગે છે, તે કારણથી સાસ્વાદનની પુનઃ પ્રાપ્તિ એટલે અંતરકાળ જઘન્યથી પલ્યોપમા-સંખ્યેય ભાગ જેટલો કહ્યો છે.

## શેષ ૧૦ ગુણસ્થાનનો જઘન્ય અન્તરકાળ

સાસ્વાદનરહિત શેષ ૧–૩–૪–૫–૬–૭–૮–૯–૧૦–૧૧ એ

૧૬૩. સમ્યગ્દૃષ્ટિ જીવ બે પુંજની ઉદ્વલના અન્તર્મુ૰માત્રમાં કરે છે. માટે અહીં મિથ્યાદૃષ્ટિ કહ્યો. મિથ્યાદૃષ્ટિ જે જે પ્રકૃતિ ઉવેલે તે પલ્યાસંખ્યેયભાગ કાળે જ ઉવેલાય.

દેવદ્વિક–નરકદ્વિક–આદિ ઉદ્વલનાયોગ્ય પ્રકૃતિઓને પણ મિથ્યાદૃષ્ટિ પલ્યાસંખ્યેયભાગ કાળે ઉવેલે અને સમ્યગ્દૃષ્ટિ જીવને ઉદ્વલવા યોગ્ય પ્રકૃતિઓ (મિથ્યાત્વાદિ) ને સમ્યગ્દૃષ્ટિ અન્તર્મુ૰માં ઉવેલે છે.

૧૦ ગુણસ્થાનોનો જઘન્ય અન્તરકાળ અન્તર્મુહૂર્ત છે, કારણ કે એકવાર સમ્યક્ત્વ પામી સમ્યક્ત્વથી પતિત થઈ પુનઃ અન્તર્મુહૂર્ત બાદ વિશુદ્ધિની વૃદ્ધિ થયે તુર્ત સમ્યક્ત્વ પામે છે; અને પુનઃ પતિત થઈ મિશ્ર અને મિથ્યાત્વે પણ જાય છે, તેમ જ દેશવિરતિ અને સર્વવિરતિથી પતિત થઈ અન્તર્મુહૂર્ત માત્રમાં પુનઃ દેશવિરતિ સર્વવિરતિ પ્રાપ્ત કરે છે, તેમ જ ઉપશમશ્રેણિથી પતિત થઈ અન્તર્મુહૂર્ત માત્રમાં પુનઃ ઉપશમશ્રેણિ પ્રારંભે છે, જેથી ઉપશમશ્રેણિના અન્તસુધીનાં એ ૧૦ ગુણસ્થાનનો જઘન્ય અન્તરકાળ અન્તર્મુહૂર્ત છે.

## મિથ્યાત્વનું ઉત્કૃષ્ટ અન્તર ૧૩૨ સાગરોપમ

મિથ્યાત્વના ઉત્કૃષ્ટ અન્તરરૂપ ૧૩૨ સાગરોપમ ૫૭–૫૮મી ગાથામાં મિથ્યાત્વના કહેલા અબંધકાળ (૧૩૨ સાગરોપમ) પ્રમાણે જાણવા, તે આ પ્રમાણે—કોઈક પૂર્વક્રોડ વર્ષના આયુષ્યવાળો મનુષ્ય સર્વવિરતિ પાલન કરીને સમ્યક્ત્વસહિત ૨ વાર અનુત્તરમાં જાય અને ૩ વાર અચ્યુત દેવલોકે જાય, તો અનુત્તરના ૬૬ તથા અચ્યુતના ૬૬ સાગરોપમ મળી ૧૩૨ સાગરોપમ થાય. અહીં અનુત્તરે જતાં વચ્ચે ૧ મનુષ્યભવ અચ્યુતે જતાં ૩ મનુષ્યભવ અને અન્ત્ય મનુષ્યભવ મળી ૬ મનુષ્યભવ થાય તેના ૬ પૂર્વક્રોડ વર્ષ અધિક ગણવાં. પુનઃ એ બે છાસઠની વચ્ચે ૧ વાર મિશ્ર સમ્યક્ત્વ પણ હોય છે. ક્ષયોપશમ સમ્યક્ત્વનો જે ૬૬ સાગરોપમ કાળ કહ્યો છે, તે પણ બે વાર અનુત્તરગમનથી અથવા ૩ વાર અચ્યુત સ્વર્ગે જવાથી થાય છે, તે જ સમ્યક્ત્વકાળ આ મિથ્યાત્વનો અન્તરકાળ છે.

## શેષ ૧૦ ગુણસ્થાનનો ઉત્કૃષ્ટ અન્તરકાળ ૦॥ પુદ્‌ગલપરાવર્ત્ત

૨-૩-૪ એ ૩ ગુણસ્થાન સમ્યક્‌ત્વઆશ્રયી છે, ૫-૬-૭ એ ૩ ગુણસ્થાનો ચારિત્રઆશ્રયી છે, અને ૮-૯-૧૦-૧૧ એ ૪ ગુણસ્થાનો શ્રેણિઆશ્રયી છે. ત્યાં જીવ એક વાર સમ્યક્‌ત્વ પામી પતિત થઈ પુનઃ મિથ્યાદૃષ્ટિ થાય, અને અત્યંત ઘોર આશાતનાઓ તથા પાપ કર્મો કરે તો તેવા જીવને પુનઃ સમ્યક્‌ત્વની પ્રાપ્તિ ૦॥ પુદ્‌ગલપરાવર્ત જેટલા અનંતકાળે થાય છે; તેથી જે રીતે સમ્યક્‌ત્વનું ઉત્કૃષ્ટ અન્તર તે રીતે સમ્યક્‌ત્વાધીન શેષ ૯ ગુણસ્થાનોનું પણ તેટલું જ ઉત્કૃષ્ટ અન્તર હોય છે, કારણ કે તે ૯ ગુણસ્થાનો સમ્યક્‌ત્વ વિના ન હોય. ૮૪.

अवतरण—પૂર્વગાથામાં સાસ્વાદન ગુણસ્થાનનું જઘન્ય અન્તર પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ કહ્યું, ત્યાં पल्योपमનું પ્રમાણ–માપ કેટલું ? તે દર્શાવવાને આ ગાથામાં ૬ પ્રકારના પલ્યોપમનું સ્વરૂપ દર્શાવે છે.

**उद्धार अद्ध खित्तं, पलिय तिहा समयवाससयसमए ।**
**केसवहारो दीवो-दहि आउतसाइपरिमाणं ॥८५॥**

गाथार्थ—ઉદ્ધારપલ્યોપમ, અદ્ધાપલ્યોપમ, અને ક્ષેત્રપલ્યોપમ એ પ્રમાણે तिहा = ૩ પ્રકારના पलिय=પલ્યોપમ છે. ત્યાં ઉદ્ધારપલ્યોપમમાં केसवहारो=કેશાગ્રનો અપહાર (બહાર કાઢવું) समय=સમયે સમયે હોય છે, અદ્ધાપલ્યોપમમાં કેશાપહાર वाससय=સો સો વર્ષે હોય છે, અને ક્ષેત્રપલ્યોપમમાં કેશાપહાર समए=સમયે સમયે હોય છે. તથા ઉદ્ધાર-

પલ્યોપમ दीवोदहि ( परिमाणं )=દ્વીપ–સમુદ્રોની સંખ્યાનું પ્રમાણ જાણવામાં ઉપયોગી થાય છે, અદ્ધાપલ્યોપમ आउ ( परिमाणं )= જીવોનાં આયુષ્યનું પ્રમાણ જાણવામાં ઉપયોગી છે, અને ક્ષેત્ર પલ્યોપમ तसाइ परिमाणं–ત્રસાદિ જીવદ્રવ્યોનું પ્રમાણ જાણવામાં ઉપયોગી છે. ૮૫.

विशेषार्थ—पल्य એટલે ધાન્ય ભરી રાખવાનો પાલાનો સાટો અર્થાત્ વાંસની ચીપો વિગેરેની મોટી સાદડી બનાવી તેને ગોળાકારે ઊભી કરી અંદર ધાન્ય ભરી રાખે છે તે સાદડીનો ગોળાકાર તે પલ્ય, અને તે પલ્ય સરખી उपम=ઉપમા વાળા પ્રમાણ ( કાળપ્રમાણ ) ને पल्योपम કહે છે તે સંક્ષેપમાં આ પ્રમાણે —

## ૧ બાદર ઉદ્ધારપલ્યોપમ

ઉત્સેધાંગુલના માપથી ૧ યોજન લંબાઈ–પહોળાઈવાળો અને ૧ યોજન ઊંડો એવો વૃત્ત આકારવાળો કૂવો ૧ થી ૭ દિવસના યુગલિકના ઉગેલા વાળના ( એક અંગુલપ્રમાણ વાળના સાતવાર ૮–૮ ખંડ કરતાં જે ૨૦૯૭૧૫૨ ખંડ થાય તેવા નાના ) ખંડ કકડા વડે અત્યંત નિબિડ–ગાઢ રીતે ભરવો, તેમાં [૧૬૪]સંખ્યાત વાળાગ્ર સમાય છે. તે દરેક વાલાગ્રને–રોમખંડને એક સમયે એકેક પ્રમાણે કુવામાંથી બહાર કાઢતા જેટલા ( સંખ્યાત ) સમય લાગે તેટલા ( સંખ્યાત ) સમય-પ્રમાણનો કાળ તે बादर उद्धारपल्योपम અને તેવા ૧૦ કોટા–

૧૬૪. સંપૂર્ણ કુવામાં ૩૩ ક્રોડ, ૭ લાખ, ૬૨ હજાર, ૧૦૪ ( ૩૩૦૭૬૨૧૦૪ ) કોડાકોડી કોડાકોડી, ૨૪૬૫૬૨૫ કોડાકોડીકોડી, ૪૨૧૯૯૬૦ કોડાકોડી, ૯૭૫૩૬૦૦ ક્રોડ રોમખંડ સમાય છે.

કોટિ બાદર ઉદ્ધારપલ્યોપમનો ૧ बादर उद्धारसागरोपम છે. અહીં જે સંખ્યા सागर એટલે સમુદ્ર જેટલી મોટી उपम–ઉપમાવાળી તે સંખ્યા सागरोपम કહેવાય.

## ૨ સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમ

બાદર ઉદ્ધારપલ્યોપમ માટે કૂવાના જે રોમખંડ (એક અંગુળના સંખ્યાતમા ભાગ જેવડો બારીક) અતિ નિબિડપણે ભર્યા છે, તેમાંના પ્રત્યેક રોમખંડના અસંખ્ય અસંખ્ય ભાગ કરી પુનઃ તે કૂવો ભરવો કે જેમાં પ્રત્યેક રોમખંડની અવગાહના સૂક્ષ્મનિગોદના ૧ શરીરથી અસંખ્યગુણ છે, અથવા લગભગ પર્યાપ્તબાદર પૃથ્વીકાયના ૧ જીવ શરીર જેટલો મોટો અથવા સૂક્ષ્મ છે. તેવા એકેક રોમખંડને એકેક સમયે કુવામાંથી બહાર કાઢતાં (સંપૂર્ણ કૂવો ખાલી કરતાં) જે સંખ્યાત ક્રોડ વર્ષ જેટલો કાળ લાગે તેટલો કાળ सूक्ष्म उद्धारपल्योपम અને તેવા ૧૦ કોડાકોડિ પલ્યોપમે ૧ सूक्ष्म उद्धारसागरोपम થાય છે. એવા અઢી સૂ૦ ઉ૦ સાગરોપમના જેટલા સમય છે તેટલા દ્વીપસમુદ્ર (અસંખ્યાત) આ તીર્ચ્છાલોકમાં છે; માટે આ સૂક્ષ્મ ઉદ્ધારસાગરોપમનું પ્રયોજન દ્વીપસમુદ્રોની સંખ્યા માપવામાં ઉપયોગી કહ્યું છે.

## ૩ બાદર અદ્ધાપલ્યોપમ

બાદર ઉદ્ધારપલ્યોપમ જાણવા માટે સ્થૂલ–બાદર રોમખંડ કુવામાં ભર્યા છે તે જ બાદર સંખ્યાતા રોમખંડને ૧૦૦–૧૦૦ વર્ષે ૧–૧ રોમખંડ બહાર કાઢતાં જે સંખ્યાત ક્રોડ વર્ષ જેટલો કાળ લાગે તેટલો કાળ बादर अद्धापल्योपम, અને તેવા ૧૦ કોડાકોડી પલ્યોપમે એક बादर अद्धासागरोपम થાય છે.

## ૪ સૂક્ષ્મ અદ્ધાપલ્યોપમ

સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમમાં ભરેલા રોમખંડમાંથી સો-સો વર્ષે એકેક વાલાગ્ર કાઢતાં જે અસંખ્ય ક્રોડવર્ષપ્રમાણનો કાળ લાગે છે, તે કાળ सूक्ष्म अद्धापल्योपम, અને તેવા ૧૦ કોડાકોડી પલ્યોપમે ૧ सूक्ष्म अद्धासागरोपम. અવસર્પિણી-ઉત્સર્પિણી તથા પુદ્ગલપરાવર્ત વિગેરે કાળનું માપ આ પલ્યોપમ વડે થાય છે, માટે એ જ એનું પ્રયોજન છે.

## ૫ બાદર ક્ષેત્રપલ્યોપમ

બાદર ઉદ્ધાર પલ્યોપમમાં ભરેલા વાલાગ્રોને સ્પર્શેલા આકાશ-પ્રદેશોને સર્વને એકેક સમયે બહાર કાઢતાં જે અસંખ્ય કાળચક્ર જેટલો કાળ લાગે તે કાળ बादर क्षेत्रपल्योपम અને તેવા ૧૦ કોડાકોડી પલ્યોપમે बादर क्षेत्र-सागरोपम.

## ૬ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમ

સૂક્ષ્મ ઉદ્ધારપલ્યોપમમાં ભરેલા વાલાગ્રોને સ્પર્શેલા તથા નહીં સ્પર્શેલા સર્વ આકાશપ્રદેશોને પ્રતિસમય એકેક પ્રમાણે બહાર કાઢતાં જે બાદરક્ષેત્રપલ્યોપમથી અસંખ્યગુણ કાળ લાગે તેટલો કાળ सूक्ष्म क्षेत्रपल्योपम, અને તેવા ૧૦ કોડાકોડી પલ્યોપમે सूक्ष्म क्षेत्रसागरोपम થાય, અહીં કેટલાંક દ્રવ્યોની સંખ્યા સ્પૃષ્ટ આકાશપ્રદેશો અથવા અસ્પૃષ્ટ આકાશ-પ્રદેશો વડે પણ મપાય છે. માટે કૂપાન્તર્ગત સર્વ આકાશ પ્રદેશા-પહાર કહેવાને બદલે વાલાગ્રસ્પૃષ્ટ અસ્પૃષ્ટ આકાશપ્રદેશાપહાર કહ્યો. તથા વાલાગ્રો જોકે અતિનિબિડ ભર્યા છે તો પણ એક વાલાગ્રથી બીજા વાલાગ્રને સૂક્ષ્મ આંતરૂ રહેવાથી

તેમ જ વાલાગ્રો પોતે પણ [૧૬૫] સચ્છિદ્ર હોવાથી અસ્પૃષ્ટ આકાશપ્રદેશો ઘણા સંભવે છે.

આ ૬ પ્રકારના પલ્યોપમ તથા સાગરોપમમાં જે બાદરપલ્યોપમ અને બાદરસાગરોપમ કહ્યા છે, તે સૂક્ષ્મ પલ્યોપમ તથા સૂક્ષ્મ સાગરોપમને સુગમતાથી સમજવા માટે છે, નહિતર એ બાદર ભેદોનો ઉપયોગ-પ્રયોજન કાંઈ પણ નથી. ૮૫.

**अवतरण**—સાસ્વાદનગુણસ્થાનનું જઘન્ય અન્તર પલ્યોપમાસંખ્યેય ભાગ જેટલું ૮૪ મી ગાથામાં કહેલું હોવાથી ૮૫ મી ગાથામાં તે પલ્યોપમનું સ્વરૂપ કહ્યું તે પ્રમાણે ૮૪ મી ગાથામાં સાસ્વાદન વિગેરેનું ઉત્કૃષ્ટ અન્તર અર્ધપુદ્ગલપરાવર્ત કહ્યું છે, તેથી હવે આ ૮૬ મી ગાથામાં पुद्गलपरावर्त्तनुं સ્વરૂપ કહે છે; ત્યાં પુદ્ગલપરાવર્તના ૪ ભેદ તથા પ્રત્યેક પુદ્ગલપરાવર્ત કેટલા કેટલા કાળપ્રમાણમાં છે? તે આ ગાથામાં કહેવાય છે:-

**दव्वे खित्ते काले, भावे चउह दुह बायरो सुहुमो ।**
**होइ अणंतुस्सप्पिणि-परिमाणो पुग्गलपरट्टो ॥८६॥**

**गाथार्थ**—दव्वे = દ્રવ્યપુદ્ગલપરાવર્ત, खित्ते=ક્ષેત્રપુદ્ગલપરાવર્ત, काले =કાલપુદ્ગલપરાવર્ત, भावे = ભાવપુદ્ગલપરાવર્ત, એ

૧૬૫. કારણ કે વાલાગ્રો ઔદારિક વર્ગણાના છે, અને તે ઔદારિક વર્ગણાના એ સ્કંધો સર્વથા નિબિડ ન હોય. જેથી દરેક વાલાગ્ર અનેક છિદ્રવાળો છે. તે છિદ્રોમાં રહેલા આકાશપ્રદેશો પણ **अस्पृष्टआकाशप्रदेश** ગણાય. કોઈ પણ ઔદારિકાદિ શરીરસ્કંધના અવયવો સર્વથા નિચ્છિદ્ર ન હોય. એ કારણથી સ્પૃષ્ટ આકાશપ્રદેશોથી અસ્પૃષ્ટ આકાશપ્રદેશો અસંખ્યગુણ પણ સંભવે.

चउह=ચાર પ્રકારના પુદ્ગલપરાવર્ત, તે પણ પ્રત્યેક बायर= બાદર અને सुहुम=સૂક્ષ્મ એમ दुह=બે બે પ્રકારના છે તથા पुग्गलपरट्टो દરેક પુદ્ગલપરાવર્ત અનંત અનન્ત ઉત્સર્પિણી તથા અવસર્પિણી પ્રમાણવાળો છે. ૮૬.

विशेषार्थ—જેટલા કાળે पुद्गल એટલે ચતુર્દશ રજ્જુરૂપ લોકાકાશમાં રહેલા સમસ્ત (ઔદારિકાદિ) પુદ્ગલોને परावर्त्त એટલે શરીરાદિપણે ગ્રહણ કરીને (એક જીવ) છોડે તેટલા કાળનું નામ पुद्गलपरावर्त्त છે. આ અર્થ જોકે કેવળ દ્રવ્યપુદ્ગલપરાવર્તને અંગે જ છે તોપણ ક્ષેત્રાદિભેદવાળા અનંત કાળપ્રમાણમાં પણ 'પુદ્ગલપરાવર્ત' એ શબ્દ રૂઢ થયેલો છે, જેથી ક્ષેત્રાદિભેદમાં ક્ષેત્રપરાવર્ત, કાળપરાવર્ત, અને ભાવપરાવર્તને બદલે ક્ષેત્રપુદ્ગલપરાવર્ત, કાળપુદ્ગલપરાવર્ત અને ભાવપુદ્ગલપરાવર્ત એવો વ્યપદેશ થાય છે. તે સૂક્ષ્મ અને બાદરના ભેદથી બે બે પ્રકારના પુદ્ગલપરાવર્તનું કિંચિત્સ્વરૂપ આગળની ૮૭-૮૮ મી ગાથામાં કહેવાશે. તથા ૮ પ્રકારના પુદ્ગલપરાવર્તમાંનો પ્રત્યેક પુદ્ગલપરાવર્ત અનન્ત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણીઓ જેટલો છે. ૮૬.

अवतरण—પૂર્વગાથામાં દ્રવ્યપુદ્ગલપરાવર્તાદિ ૪ પુદ્ગલપરાવર્ત દરેક બાદર અને સૂક્ષ્મ એમ બે બે પ્રકારે કહ્યા ત્યાં પ્રથમ દ્રવ્યપુદ્ગલપરાવર્ત બાદર અને સૂક્સ એમ ૨ પ્રકારનો કેવી રીતે છે? તે આ ગાથામાં કહેવાય છે:—

**उरलाइसत्तगेणं, एगजिओ मुयइ फुसिय सव्व अणू ।**
**जत्तिय कालि स थूलो, दव्वे सुहुमो सगन्नयरा ॥८७॥**

गाथार्थ—एगजिओ=એક જીવ सव्व अणू=ઓદારિકાદિ સર્વ પરમાણુઓને उरलाइसत्तगेणं=ઔદારિકાદિ સાતપણે जत्तिय कालि= જેટલા કાળે फुसिय=સ્પર્શીને मुयइ=મૂકે-છાડે स=તેટલો કાળ दव्वे थूलो=દ્રવ્યસ્થૂલ ( દ્રવ્ય બાદર ) પુદ્‌ગલપરાવર્ત થાય અને सग=ઔદારિકાદિ સાતમાંથી अन्नयरा=અન્યતરપણે કોઈ પણ એક શરીરાદિપણે ( સ્પર્શીને જેટલા કાળે મૂકે તેટલો કાળ ) सुहुमो= સૂક્ષ્મ દ્રવ્યપુદ્‌ગલપરાવર્ત્ત થાય. ૮૭.

વિશેષાર્થ—આ ગાથામાં પૂર્વગાથામાં કહેલા ૮ પ્રકારના પુદ્‌ગલપરાવર્ત્તનું કિંચિત્ સ્વરૂપ કહેવાય છે તે આ પ્રમાણેઃ—

## ૧ બાદર દ્રવ્યપુદ્‌ગલપરાવર્ત્ત.

ચૌદરાજ-લોકાકાશમાં જેટલા સર્વ પુદ્‌ગલો છે, તે સર્વ-પુદ્‌ગલોને અનેક-અનંત ભવભ્રમણ વડે કરીને પણ સ્વસ્વયોગ્ય ઔદારિકાદિપણે એક જીવ કંઈ પણ ક્રમ વિના ગ્રહણ કરીને મૂકે તેમાં જેટલો કાળ લાગે તેટલો કાળ बादर द्रव्यपुद्गलपरावर्त्त કહેવાય છે, અર્થાત્ આ પુદ્‌ગલપરાવર્ત્તની ગણત્રીમાં એક સમયે જે ઔદારિકપણે પુદ્‌ગલો ગ્રહણ કર્યા તે સર્વ ઔદારિકની ગણત્રીમાં લેવા. વળી બીજા કોઈ સમયે વૈક્રિયપણે જેટલા ગ્રહણ કરે તેને વૈક્રિયની ગણત્રીમાં ગણી લેવા. પુનઃ તૈજસ્, કાર્મણ જે પ્રતિસમય ગ્રહણ કરાય છે તે પણ તૈજસ્, કાર્મણમાં ગણી લેવા. એ પ્રમાણે જ્યારે સર્વપુદ્‌ગલો ગ્રહણ થઈ જાય ત્યારે બાદર દ્રવ્યપુદ્‌ગલપરાવર્ત્ત જેટલો કાળ થયો જાણવો. અહીં જે જે નવા નવા ઔદારિકાદિપુદ્‌ગલો ગ્રહણ થાય તે अगृहीत-ग्रहण, અને એક વાર ગ્રહણ થયેલા ઔદારિકાદિ પુદ્‌ગલો

પુનઃ વારંવાર ગ્રહણમાં આવે તે गृहीतग्रहण એ બેમાં અગૃહીત-ગ્રહણની ગણત્રી કરવી, પરન્તુ ગૃહીતગ્રહણને ગણત્રીમાં ન ગણાય.

## ૨ સૂક્ષ્મ દ્રવ્યપુદ્‌ગલપરાવર્ત્ત.

બાદર દ્રવ્યપુદ્‌ગલપરાવર્તમાં સર્વ પુદ્‌ગલોને કંઈ પણ ક્રમ વિના ગ્રહણ કરવા પૂર્વક ગણત્રીમાં લેવાતા હતા અને આ સૂક્ષ્મ પુ૦ પરા૦માં તો સાત વર્ગણામાંની કોઈ પણ એક વર્ગણા પણે ગ્રહણ કરીને મૂકે તે ગણત્રીમાં લેવાય, અને વચ્ચે વચ્ચેના કાળમાં અનેકવાર તે સિવાયની ભિન્ન વર્ગણાપણે પુદ્‌ગલો ગ્રહણ થાય તોપણ તે ગણત્રીમાં ન લેવાય. એ પદ્ધતિએ જગતવર્તી સર્વ પુદ્‌ગલોને જેટલા કાળે ઔદારિકપણે પરિણમાવી મૂકે તેટલો કાળ सूक्ष्म औदारिकपुद्‌गलपरावर्त्त, સર્વપુદ્‌ગલોને વૈક્રિયપણે ગ્રહણ કરી રહે ત્યારે सू० वै० पुद्‌गलपरा०, સર્વપુદ્‌ગલોને તૈજસપણે ગ્રહણ કરી રહે ત્યારે सू० तै० पुद्‌गलपरा० અને એ પ્રમાણે જ શેષ सू० भाषापुद्‌गलपरा०, सू० उश्वासपु०परा० सू० मनः पु०परा० અને सू० कार्मणपु०परावर्त्त પણ જાણવા. એ પ્રમાણે આ સૂક્ષ્મદ્રવ્યપુદ્‌ગલપરાવર્ત ૭ પ્રકારનો છે.

અહીં આહારક પુદ્‌ગલપરાવર્ત નહીં ગણવાનું કારણ કે આહારકશરીર સમસ્ત ભવચક્રમાં ૧ જીવને ૪ વખત પ્રાપ્ત થાય છે, તેથી આહારકવર્ગણારૂપે સર્વ પુદ્‌ગલો ગ્રહણ થઈ શકતા નથી, એ ૭ પ્રકારના પુદ્‌ગલપરાવર્ત કાળનું અલ્પબહુત્વ આ પ્રમાણેઃ—

## સાત સૂ૦દ્ર૦ પુદ્‌ગલપરા૦કાળનું અલ્પબહુત્વ.

કાર્મણપુ૦પરા૦કાળ સર્વથી અલ્પ (તોપણ અનન્ત

ઉત્સર્પિણી અનંત અવસર્પિણી જેટલો ) છે, તેથી તૈજસપુ૦પરા૦ કાળ અનંતગુણ છે, તેથી ઔદારિકપુ૦પરા૦કાળ, તેથી ઉચ્છ્વાસ પુ૦પરાવર્તકાળ, તેથી મનઃપુદ્ગલપરા૦કાળ, તેથી ભાષાપુ૦પરા૦ કાળ, અને તેથી વૈક્રિયપુ૦પરા૦કાળ, અનુક્રમે અનંતગુણ અનંત ગુણ જાણવો.

## એક જીવને વ્યતીત થયેલા સૂક્ષ્મદ્રવ્ય૦પુ૦-પરાવર્ત્તોનું અલ્પબહુત્વ૦

જે પુદ્ગલપરાવર્તનો અલ્પકાળ હોય તે પુદ્ગલપરાવર્તો ઘણાં વ્યતીત થયેલાં હોય, તે કારણથી પૂર્વોક્ત કાળના અલ્પબહુત્વથી વિપરીતપણે વ્યતીત પુ૦પરાવર્તોનું અલ્પબહુત્વ કહેવું. જેથી એક જીવને ભૂતકાળમાં જે અનંત વૈક્રિયપુ૦-પરાવર્તો થયા તે અલ્પ છે, અને તેથી ભાષાપુ૦પરાવર્તો અનંતગુણ વ્યતીત થયા, તેથી મનઃ-ઉચ્છ્વાસ-ઔદા૦-તૈજસ અને કાર્મણ એ સર્વે અનુક્રમે અનંતગુણ અનંતગુણ વ્યતીત થયા જાણવા.

## દ્રવ્યપુદ્ગલપરા૦સંબંધી મતાન્તર

કેટલાક પૂર્વાચાર્યો ઉપર કહેલી ૭ વર્ગણાને બદલે ઔદા૦ વૈ૦-તૈ૦-કાર્મણ એ ૪ દેહવર્ગણાઓ વડે જ બાદર દ્રવ્ય તથા સૂક્ષ્મ દ્રવ્યપુદ્ગલપરા૦ની ગણત્રી કરે છે. ૮૭

अवतरण—પૂર્વગાથામાં દ્રવ્યપુદ્ગલપરાવર્તના ૨ ભેદ કેવી રીતે થાય તેનું સ્વરૂપ કહીને હવે ક્ષેત્રાદિ ૩ પુદ્ગલ-પરાવર્તના બાદર અને સૂક્ષ્મ એમ બે બે ભેદ કેવી રીતે થાય તેનું સ્વરૂપ આ ગાથામાં દર્શાવે છે—

**लोगपएसोसप्पिणि-समया अणुभागबंधठाणा य।**
**जहतहकममरणेणं, पुठा खित्ताइ थूलियरा ॥८८॥**

गाथार्थ—લોકાકાશના પ્રદેશ-ઉત્સર્પિણી અવસર્પિણીના સમયો અને અનુભાગબંધનાં અધ્યવસાયસ્થાનો એ ત્રણને જેમ તેમ (કંઈ પણ અનુક્રમ વિના) મરણ વડે पुट्ठा=સ્પર્શ થાય તો खित्ताई=ક્ષેત્રાદિ थूल=બાદર પુદ્ગલપરાવર્ત થાય, અને એ ત્રણને મરણ વડે कम=અનુક્રમ પૂર્વક સ્પર્શે તો ક્ષેત્રાદિ इयरा=સૂક્ષ્મ પુદ્ગલપરાવર્ત થાય. (અર્થાત્ લોકાકાશના પ્રદેશોને ક્રમરહિત મરણ વડે સ્પર્શતાં જેટલો કાળ થાય તે બાદરક્ષેત્ર પુદ્ગલપરાવર્ત અને મરણ વડે અનુક્રમપૂર્વક સ્પર્શતાં જેટલો કાળ થાય તે સૂક્ષ્મ ક્ષેત્ર પુદ્ગલપરાવર્તકાળ કહેવાય. એ પ્રમાણે કાળ અને ભાવપુદ્ગલપરાવર્તના પણ બે બે ભેદો યથાસંભવ જાણવા). ૮૮.

विशेषार्थ—હવે આ ગાથામાં ક્ષેત્રપુદ્ગલપરાવર્ત આદિ ૩ પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ બાદર અને સૂક્ષ્મ એમ બે બે પ્રકારે કહેવાય છે, તે આ પ્રમાણે—

### ૩ બાદર ક્ષેત્ર પુદ્ગલપરાવર્ત

ક્ષેત્ર એટલે લોકાકાશ, તેના પ્રદેશો પંક્તિબદ્ધ અને અસંખ્યાત છે. તે સર્વ પંક્તિબદ્ધ અસંખ્ય આકાશપ્રદેશોમાં એક જીવ જુદા જુદા કાળે મરણ પામે, એ પ્રમાણે મરણ વડે એક જીવ લોકાકાશના સર્વપ્રદેશોને કાંઈ પણ ક્રમ વિના (ગમે તે સ્થાને મરણ પામી) મરણ વડે સ્પર્શી રહે તેમાં જેટલો કાળ લાગે તેટલો કાળ बादरक्षेत्रपुद्गलपरावर्त्त. જીવની

અવગાહના અસંખ્ય આકાશપ્રદેશની હોવાથી દરેક મરણ વખતે અસંખ્ય અસંખ્ય આકાશપ્રદેશ સ્પર્શે છે, તોપણ ૧ મરણ વખતે તેમાંના કોઈ પણ એક [૧૬૬]આકાશપ્રદેશની સ્પર્શના ગણવી, પરંતુ મરણ સમયે અવગાહેલા સર્વ આકાશપ્રદેશોની નહિ. તેમ જ મરણ વખતે સ્પર્શાયેલા આકાશપ્રદેશોમાંનો જે પૂર્વસ્પૃષ્ટ આકાશપ્રદેશ (બા૦ક્ષે૦પુ૦પરા૦ની ગણત્રીનો પ્રારંભ કર્યા બાદ થયેલાં મરણોમાંના પૂર્વ મરણ વડે કોઈ વખતે પણ સ્પર્શાયેલો આકાશપ્રદેશ) તે અહીં ગણત્રીમાં ન લેવો, પરંતુ સર્વ મરણોમાં અપૂર્વ સ્પૃષ્ટ આકાશપ્રદેશ જ ગણત્રીમાં ગણવો.

## ૪ સૂક્ષ્મક્ષેત્રપુદ્ગલપરાવર્ત્ત

બાદરક્ષેત્રપુદ્ગલ પરાવર્ત્તમાં કોઈ પણ સ્થાને મરણ પામતાં ત્યાંનો એક [૧૬૭]આકાશપ્રદેશ ગણત્રીમાં ગણાતો હતો, અને સૂ૦પૂ૦પરા૦માં તો પુદ્ગલપરાવર્તની ગણત્રી જે આકાશપ્રદેશથી પ્રારંભી છે તે આકાશપ્રદેશે મરણ પામી, પુનઃ કોઈ કાળાંતરે તે જ આકાશપ્રદેશની પંક્તિમાં આવેલા સાથેના

૧૬૬. આ પંચસંગ્રહના અભિપ્રાય પ્રમાણે કહેલ છે, પંચમ કર્મગ્રંથની વૃત્તિમાં તો જેટલા આકાશપ્રદેશમાં મરણ થાય તેટલા સર્વ આકાશપ્રદેશ ગણત્રીમાં લેવાનું કહ્યું છે, એ અભિપ્રાયથી કાળ અલ્પ થાય છે અને પંચસંગ્રહના અભિપ્રાય પ્રમાણે કાળ ઘણો થાય છે.

૧૬૭. મરણ થાય તેટલા સર્વ આકાશપ્રદેશ ગણત્રીમાં લેવાનું કહ્યું છે, એ અભિપ્રાયથી કાળ અલ્પ થાય છે; અને પંચસંગ્રહના અભિપ્રાય પ્રમાણે કાળ ઘણો થાય છે.

આકાશપ્રદેશમાં મરણ પામે તો તે આકાશપ્રદેશ ગણત્રીમાં લેવાય અને અંતરકાળમાં અનેક મરણો બીજે સ્થાને થયાં હોય તોપણ તેમાંનો એક પણ આકાશપ્રદેશ ગણત્રીમાં લેવાય નહિં, એ પ્રમાણે આકાશપ્રદેશોની પંક્તિને અનુસારે અનુક્રમપૂર્વક મરણ વડે એક જીવ લોકાકાશના સર્વપ્રદેશો સ્પર્શે તો તેટલો કાળ सूक्ष्मक्षेत्रपुद्गलपरावर्त्त કહેવાય.

## ૫ બાદરકાળ પુદ્ગલપરાવર્ત

કોઈ જીવ ઉત્સર્પિણીના અથવા અવસર્પિણીના પહેલા સમયમાં મરણ પામ્યો, પુનઃ બીજી વાર ૫૧ મા સમયે મરણ પામ્યો, ત્રીજી વાર ૧૦૧ મા સમયે મરણ પામ્યો—એ પ્રમાણે અનુક્રમરહિત જે જે અપૂર્વ સમયોમાં મરણ પામતાં ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વ સમયો મરણ વડે સ્પર્શાઈ રહે ત્યારે बादरकालपुद्लपरावर्त्त થાય, અહીં પણ મરણ વડે પૂર્વસ્પૃષ્ટ સમયો પુનઃ ન ગણવા, પરંતુ નવા નવા સમયમાં મરણ થાય તે જ સમયો ગણવા.

## ૬ સૂક્ષ્મકાળ પુદ્ગલપરાવર્ત

કોઈ જીવ ઉત્સર્પિણીના અથવા અવસર્પિણીના જે સમયે મરણ પામ્યો, તે સમય ગણત્રીમાં લેવો. ત્યારબાદ અનેક મરણો જુદા જુદા સમયોમાં થાય તે ન ગણવાં પરંતુ તેવા અનેક મરણો બાદ તે જ જીવ તે પ્રથમ ગણત્રીમાં લીધેલા સમયની સાથેના સમયમાં મરણ પામે તો તે સમય ગણત્રીમાં લેવો. એ પ્રમાણે અનુક્રમપૂર્વક મરણો વડે ઉત્સર્પિણી તથા અવસર્પિણીના સર્વસમયો તો જીવ સ્પર્શી રહે ત્યારે તેટલો કાળ सूक्ष्मपुद्गलपरावर्त्त કહેવાય.

## ૭ બાદરભાવ પુદ્ગલપરાવર્ત્ત

માવ એટલે જીવના રસબંધ યોગ્ય અધ્યવસાય, તે અસંખ્યાત લોકાકાશના પ્રદેશો જેટલા અસંખ્યાત છે, તે અધ્યવસાયોમાંના કોઈ પણ એકેક અધ્યવસાયમાં મરણ પામી અનેક મરણો વડે તે સર્વ અધ્યવસાયો એક જીવ સ્પર્શે તેમાં જેટલો કાળ લાગે તેટલો કાળ बादरभावपुद्गलपरावर्त्त કહેવાય. એ પ્રમાણે બા૦ભાવપુદ્ગલ પરાવર્ત ક્રમરહિત (મરણ વડે સ્પર્શાયલા) નવા નવા અધ્યવસાયની ગણત્રીવાળો છે.

## ૮ સૂક્ષ્મભાવ પુદ્ગલપરાવર્ત્ત

પૂર્વોક્ત અસંખ્ય અનુભાગબંધાધ્યવસાયોમાં જે સર્વ જઘન્ય (કષાયાંશવાળો) અધ્યવસાય તે પહેલો, એથી કંઈક અધિક કષાયાંશવાળો અધ્યવસાય તે બીજો, એથી કંઈક અધિક કષાયાંશવાળો ત્રીજો. એ પ્રમાણે અસંખ્ય અધ્યવસાયોનો અનુક્રમ છે, જેથી સર્વોત્કૃષ્ટ અધ્યવસાય સર્વાન્તે હોય છે. ત્યાં કોઈ જીવ પહેલું મરણ (સૂ૦ભાવ૦પુ૦પરાની૦ ગણત્રી પ્રારંભી તે સમયનું પ્રથમ મરણ) જે અધ્યવસાયમાં કર્યું છે, તેની સાથેના અધ્યવસાયમાં પુનઃ કોઈ કાળાંતરે પોતે મરણ પામે તેની સાથેના ત્રીજા અધ્યવસાયમાં કોઈ કાળાંતરે પોતે મરણ પામે, એ પ્રમાણે પોતાના મરણો વડે સર્વે અનુભાગાધ્યવસાયો અનુક્રમે સ્પર્શતાં જેટલો કાળ લાગે તે सूक्ष्मभावपुद्गलपरावर्त्त કહેવાય.

એ પ્રમાણે આ પુદ્ગલપરાવર્તોમાં ચારે બાદર પુદ્ગલ પરાવર્ત ક્રમરહિત જેમ તેમ ગણત્રીવાળા છે, અને ચારે સૂક્ષ્મ પુદ્ગલપરાવર્ત અનુક્રમપૂર્વક ગણત્રીવાળા છે.

તથા પ્રકારાંતરે વર્ણ ૫, ગંધ ૨, રસ ૫, સ્પર્શ ૮, અગુરુલઘુ ૧, ગુરુલઘુ ૧, એ બાવીશ ભેદે સર્વલોકના પરમાણુઓ ફરસીને મૂકે ત્યારે બાદર ભાવ પુદ્ગલપરાવર્ત થાય, અને બાવીશમાં એકેક વર્ણાદિરૂપે સર્વ પુદ્ગલો સ્પર્શી રહે ત્યારે સૂક્ષ્મ ભાવ પુદ્ગલપરાવર્ત થાય. વર્ણ વગેરે ઉપર જણાવેલા બાવીશ પ્રકારોની અપેક્ષાએ આ સૂક્ષ્મભાવ પુદ્ગલપરાવર્ત બાવીશ પ્રકારે થઈ શકે. ૧૮૮.

**अवतरण**—પ્રદેશબંધના પ્રસંગમાં પ્રાપ્ત થએલ ૬ પ્રકારના પલ્યોપમ તથા ૮ પ્રકારના પુદ્ગલપરાવર્તનું સ્વરૂપ પૂર્વ ગાથામાં કહીને હવે उत्कृष्टप्रदेशबंध તથા जघन्यप्रदेशबंध કયા જીવને કઈ રીતે હોય? તેનું સ્વરૂપ આ ગાથામાં કહેવાય છે:—

**अप्पयरपयडिबंधी, उक्कडजोगी य सन्नि पज्जत्तो ।**
**कुणइ पएसुक्कोसं, जहन्नयं तस्स वच्चासे ॥८९॥**

**गाथार्थ**—અલ્પતર-ઘણી ઓછી પ્રકૃતિઓ બાંધનાર હોય, ઉત્કૃષ્ટ યોગમાં વર્તતો હોય અને સંજ્ઞિપંચેન્દ્રિય પર્યાપ્ત જીવ હોય એ સર્વ વિશેષણોવાળો જીવ ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે અને तस्स = તેથી वच्चासे વ્યત્યાસ-વિપરીતપણું હોય તો जहन्नयं=જઘન્યપ્રદેશબંધ કરે (અર્થાત કર્મના અલ્પસ્કંધો ગ્રહણ કરે.) ૮૯.

विशेषार्थ—અલ્પસંખ્યાએ પ્રકૃતિઓ બંધાય, તો નહિં બંધાતી પ્રકૃતિઓનો ભાગ બંધાતી પ્રકૃતિઓને પ્રાપ્ત થાય માટે अप्पयरपयडिबंधी એ વિશેષણ છે. તથા ઉત્કૃષ્ટયોગે ઘણા

કર્મપ્રદેશો ગ્રહણ થાય છે માટે उक्कडजोगी એ વિશેષણ છે, તથા અસંજ્ઞી અને અપર્યાપ્ત જીવથી સંજ્ઞી અને પર્યાપ્તનો યોગ અધિક હોય છે અને ઉત્કૃષ્ટપ્રદેશબંધમાં અધિક યોગનું જ પ્રયોજન છે માટે सन्निपज्जत्तो એ વિશેષણ છે. અહીં पज्जत्तो પર્યાપ્ત શબ્દથી લબ્ધિપર્યાપ્ત પણ કરણપર્યાપ્ત થયેલો જીવ જાણવો, કારણ કે કરણઅપર્યાપ્તથી કરણપર્યાપ્તનો યોગ અધિક હોય છે; માટે એ સર્વ વિશેષણયુક્ત જીવ ઉત્કૃષ્ટ પ્રદેશો ગ્રહણ કરે છે.

તથા જઘન્યપ્રદેશબંધ ઘણી પ્રકૃતિનો બંધક, અલ્પયોગી અને અસંજ્ઞિઅપર્યાપ્ત જીવ કરે છે–કે જેનાં સર્વ વિશેષણ ઉત્કૃષ્ટ પ્રદેશબંધકના વિશેષણોથી વિપરીત છે. ૮૯.

अवतरण—પૂર્વ ગાથામાં ઉત્કૃષ્ટપ્રદેશબંધ તથા જઘન્ય પ્રદેશબંધ કરનાર કેવા જીવ હોય તે સામાન્યથી કહીને હવે આ ગાથામાં મૂળપ્રકૃતિ ૮ તથા ઉત્તરપ્રકૃતિ ૧૨૦ માં કઈ પ્રકૃતિનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કોણ કરે ? તે કહેવારૂપ उत्कृष्टप्रदेशबंधस्वामी કહેવાય છે—

**मिच्छ–अजयचउ आऊ, बितिगुण विणु मोहि सत्तमिच्छाई ।**
**छण्हं सतरस सुहुमो, अजया देसा बितिकसाए ॥ ९० ॥**

गाथार्थ—आउ=આયુષ્યનો ઉત્કૃષ્ટપ્રદેશ બંધ કરનાર मिच्छ अजयचउ=મિથ્યાદૃષ્ટિ તથા અવિરતાદિ ૪ એ પ્રમાણે ૫ ગુણસ્થાનવાળા જીવો मोहि=મોહનીયનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરનાર बितिगुणविणु=બીજા, ત્રીજા ગુણસ્થાન સિવાયના मिच्छाईसत्त= મિથ્યાત્વાદિ ૭ ( ૧–૪–૫–૬–૭–૮–૯ ) ગુણસ્થાનવાળા જીવો. छण्हं=શેષ ૬ મૂળ પ્રકૃતિઓનો તથા सतरस=૧૭ ઉત્તર-

પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરનાર सुहुमो સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનવર્તી જીવ છે. बि(कसाए)–બીજા કષાયનો ( ૪ અપ્રત્યાખ્યાનીનો ) ઉ૦ પ્રદેશબંધક अजया–અવિરતસમ્યગ્દૃષ્ટિ, અને तिकसाए = ત્રીજા કષાયનો ( ૪ પ્રત્યાખ્યાનીનો ) ઉત્કૃષ્ટ-પ્રદેશબંધક देसा = દેશવિરતિ જીવો છે. ૯૦.

विशेषार्थ—આ ગાથામાં કહેલા ઉત્કૃષ્ટ પ્રદેશબંધના સ્વામીઓમાં સાસ્વાદન અને મિશ્રગુણસ્થાન સિવાયના સ્વ–સ્વ–બંધયોગ્ય ગુણસ્થાનવાળા જીવો ઉત્કૃષ્ટયોગે વર્તતા, અને અલ્પપ્રકૃતિબંધક તથા સંજ્ઞિપર્યાપ્ત જાણવા, સાસ્વાદન અને મિશ્ર ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટયોગનો અભાવ છે, માટે એ બે ગુણસ્થાનવાળા કોઈ પણ પ્રકૃતિના ઉત્કૃષ્ટ પ્રદેશબંધક ન હોય, એમ સર્વત્ર જાણવું. એ પ્રમાણે આયુષ્ય વિગેરેના ઉત્કૃષ્ટ-પ્રદેશબંધસ્વામીનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણેઃ—

आयुष्य—નો બંધ ૭ મા ગુણસ્થાન સુધી છે, પરંતુ ઉત્કૃષ્ટયોગાભાવના કારણથી સાસ્વાદની તથા મિશ્રવર્તી જીવો ઉત્કૃષ્ટપ્રદેશબંધ ન હોવાથી શેષ ૧–૪–૫–૬–૭ એ ૫ ગુણસ્થાનવાળા જીવો ઉત્કૃષ્ટયોગે યથાસંભવ ૪ આયુષ્યનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે.

૧ मोहनीय—મોહનીયનો બંધ ૯ માં ગુણસ્થાન સુધી છે. તેથી ૨–૩ ગુણસ્થાન વર્જીને શેષ ૧–૪–૫–૬–૭–૮–૯ એ ૭ ગુણસ્થાનવર્તી ઉત્કૃષ્ટયોગી જીવો મોહનીયની મૂળપ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે. અહીં આયુષ્ય ન બંધાય તે વખતે ઉ૦ પ્રદેશબંધ જાણવો, કારણ કે આયુષ્યના ભાગમાં જતા કર્મપ્રદેશોનો કંઈક ભાગ મોહનીયને અધિક પ્રાપ્ત થાય.

६ मूलप्रकृति, १७ उत्तरप्रकृति—આયુષ્ય અને મોહનીય સિવાય શેષ ૬ મૂળપ્રકૃતિ અને તેની જ સૂક્ષ્મસંપરાયમાં બંધાતી ૧૭ ઉત્તરપ્રકૃતિ (૫ જ્ઞાના૦, ૪ દર્શના૦, ૫ વિઘ્ન, શાતા, યશઃ, ઉચ્ચ૦ એ ૧૭ પ્રકૃતિ) નો બંધ ૧૦ મા ગુણસ્થાન સુધી છે, પરન્તુ ઉત્કૃષ્ટપ્રદેશબંધ ૧૦ મા ગુણસ્થાને જ હોય, કારણ કે નવમા ગુણસ્થાનાન્તે મોહનીયનો અબંધ થવાથી આયુષ્યનો અને મોહનીયનો પ્રદેશભાગ પણ આ ૬-૧૭ કર્મોને પ્રાપ્ત થાય છે, પુનઃ યશઃને તો નામકર્મની શેષ સર્વ પ્રકૃતિઓનો ભાગ (તે સર્વ પ્રકૃતિઓનો અબંધ હોવાથી) પ્રાપ્ત થાય છે, અને ૪ દર્શનાવરણને ૫ નિદ્રાનો અબંધ હોવાથી તેનો પણ અધિક ભાગ મળતો હતો તે હજી મળે છે અને મોહનીયનો પણ કિંચિત્ અધિક ભાગ મળે છે.

४ अप्रत्याख्यानी कषाय—૭ કર્મના બંધક અને ઉત્કૃષ્ટયોગે વર્તતા ૪ થા ગુણસ્થાનવાળા જીવો ૪ અપ્ર૦કષાયનો ઉત્કૃષ્ટ-પ્રદેશબંધ કરે છે; કારણ કે આ ગુણસ્થાનમાં એ ૪ પ્રકૃતિઓને મિથ્યાત્વનો ઘણો ભાગ, અને નહીં બંધાતા અનંતાનુબંધીનો પણ કંઈક ભાગ અધિક પ્રાપ્ત થાય છે.

४ प्रत्याख्यानी कषाय—૭ કર્મના બંધક અને ઉત્કૃષ્ટયોગે વર્તતા ૫ મા ગુણસ્થાનવાળા જીવો એ ૪ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે છે, કારણ કે મિથ્યાત્વ, અનંતા૦ અને અપ્રત્યાખ્યાની એ ત્રણેનો (૯ પ્રકૃતિઓનો) ભાગ પ્રત્યા૦ કષાયોને દેશવિરતિ ગુણ૦માં જ મળે છે, અને ત્યારબાદ તો પ્રત્યાખ્યાની કષાયનો જ અબંધ થાય છે. ૯૦

**पण अनियट्टी सुखगइनराउसुरसुभगतिगविउव्विदुगं ।**
**समचउरंसमसायं, वइरं मिच्छा व सम्मो वा ॥९१॥**

गाथार्थ-( પુંવેદ–સંજ્વલન–૪–એ ) ૫ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધક अनियट्टी અનિવૃત્તિ ( ૯ મા ) ગુણસ્થાનવર્તી જીવ છે; તથા શુભવિહાયોગતિ–નરાયુષ્ય–દેવત્રિક–સૌભાગ્યત્રિક–વૈક્રિયદ્વિક–સમચતુરસ્ર અને અશાતવેદનીય તથા વજ્રર્ષભનારાચ એ ૧૩ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરનાર મિથ્યાદૃષ્ટિ અથવા સમ્યગ્દૃષ્ટિ જીવો છે. ૯૧.

विशेषार्थ—पुंवेद, ૪ संज्वलन–આ ૫ પ્રકૃતિઓમાં हास्यादि ( હાસ્ય–રતિ–ભય–કુત્સાનો ૮ માને અન્તે બન્ધવિચ્છેદ થવાથી તે ચાર ) નો પણ અધિક ભાગ पुरुषवेद ને, પુનઃ પુંવેદનો બંધ-વિચ્છેદ થયે તેનો પણ અધિક ભાગ संज्वलनक्रोधने, ક્રોધનો પણ બંધવિચ્છેદ થયે તેનો અધિક ભાગ સં૦मानने, માનનો બંધવિચ્છેદ થયે તેનો પણ અધિક ભાગ સં૦मायाने, અને માયાનો પણ બંધવિચ્છેદ થયે તેનો અધિક ભાગ સં૦लोभने ૯ મા ગુણસ્થાનમાં પ્રાપ્ત થાય છે. તેથી એ ૫ પ્રકૃતિનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૯ મા ગુણસ્થાનમાં ઉત્કૃષ્ટયોગવર્તીને અલ્પ અલ્પતર પ્રકૃતિબંધ સમયે હોય છે.

सुखगति, देव २, वैक्रिय २, समचतु०, सौभाग्यादि ३–નામ-કર્મની આ ૯ પ્રકૃતિઓ ૨૮–૨૯ ઇત્યાદિ દેવયોગ્ય પ્રકૃતિઓના બંધ પ્રસંગે બંધાય છે તોપણ ( અલ્પતરપ્રકૃતિબંધ વડે ઉત્કૃષ્ટ પ્રદેશબંધ થાય તે કારણથી ) દેવગતિયોગ્ય ૨૮ પ્રકૃતિ બાંધતા સમ્યગ્દૃષ્ટિ વા મિથ્યાદૃષ્ટિને જ એ ૯ નો ઉત્કૃષ્ટપ્રદેશબંધ જાણવો.

देवायुष्य–नरायुष्य–૮ મૂળ પ્રકૃતિ બાંધતા ઉત્કૃષ્ટયોગી સમ્યગ્દૃષ્ટિ વા મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટપ્રદેશબંધ.

**अशातवेदनीय**-૭ મૂળપ્રકૃતિ બાંધનાર અને ઉત્કૃષ્ટયોગી સમ્યગ્‌દૃષ્ટિને વા મિથ્યાદૃષ્ટિને ઉત્કૃષ્ટપ્રદેશબંધ.

**वज्रर्षभनाराच**-૭ મૂળ પ્રકૃતિ બાંધતાં તથા નામકર્મની તિર્યંચગતિયોગ્ય અથવા મનુષ્યગતિયોગ્ય ૨૯ ઉત્તરપ્રકૃતિઓ બાંધતાં ઉત્કૃષ્ટયોગી સમ્યગ્‌દૃષ્ટિ અથવા મિથ્યાદૃષ્ટિ જીવો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ કરે. (નામકર્મની ૩૦ ઉત્તરપ્રકૃતિબંધકને પણ એ બંધાય છે, પરંતુ ભાગ ઘણા થવાથી ઉ૦પ્રદેશબંધ ન હોય.)

**निद्दापयलादुजुयल-भयकुच्छातित्थ सम्मगो सुजई ।**
**आहारदुगं सेसा, उक्कोसपएसगा मिच्छो ॥९२॥**

**गाथार्थ**—નિદ્રા-પ્રચલા, ૨ યુગલ (હાસ્ય, રતિ, શોક, અરતિ એ ૪ પ્રકૃતિ), ભય-જુગુપ્સા અને તીર્થંકરનામકર્મ એ ૯ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરનાર **सम्मगो**=સમ્યગ્‌દૃષ્ટિઓ (૪ થાથી ૮ મા ગુણસ્થાનપર્યન્તના જીવો) છે. આહારક દ્વિકનો ઉ૦પ્રદેશબંધ કરનાર સુયતિ (૭-૮ મા ગુણસ્થાનવાળા મુનિ) છે અને શેષ ૬૬ ઉત્તરપ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરનાર મિથ્યાદૃષ્ટિ જીવો છે. ૯૨.

**विशेषार्थ**—નિદ્રાદિ ૯ પ્રકૃતિઓમાં ઉ૦પ્રદેશબંધનો વિધિ આ પ્રમાણે—

**निद्रा-प्रचला**-૪ થી ૮ ગુણસ્થાનના પ્રથમ ભાગ સુધીના ઉત્કૃષ્ટયોગી જીવો ૭ મૂળ પ્રકૃતિને બાંધતા ઉ૦પ્રદેશબંધ કરે. અહીં આયુષ્યનો ભાગ અધિક પ્રાપ્ત થાય છે. મિશ્ર-સાસ્વાદને ઉત્કૃષ્ટયોગ નથી, અને મિથ્યાત્વમાં સ્ત્યાનર્ધિત્રિક બંધાય તેથી ઉત્કૃષ્ટપ્રદેશબંધ એ ત્રણ ગુણસ્થાને ન હોય.

**हास्य–रति–शोक–अरति–भय-जुगुप्सा**—એ ૭ પ્રકૃતિનો ૪ થી ૮ મા ગુણસ્થાનના પર્યન્ત ભાગ સુધીના ઉત્કૃષ્ટયોગી અને ૭ મૂળપ્રકૃતિ બાંધતા જીવો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે એ ૬ ને મિથ્યાત્વનો ભાગ અધિક પ્રાપ્ત થાય છે.

**तीर्थंकरनामकर्म**—૭ મૂળપ્રકૃતિ બાંધતા તથા નામકર્મની જિનનામસહિત દેવગતિયોગ્ય ૨૯–૩૦–૩૧ ઉત્તરપ્રકૃતિના બંધમાં અલ્પ ૨૯ ઉત્તરપ્રકૃતિ બાંધતા ૪ થી ૮ મા ગુણસ્થાનના ૬ ઠ્ઠા ભાગ સુધીના જીવો જિનનામનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે.

**आहारक २**—નામકર્મની દેવગતિયોગ્ય ૩૦–૩૧ ઉત્તર-પ્રકૃતિના બંધમાંથી ૩૦ પ્રકૃતિ બાંધતા ૭ મા તથા ૮ મા (ના ૬ ઠ્ઠા ભાગ સુધીના) ગુણસ્થાનવાળા અપ્રમત્તમુનિ ઉત્કૃષ્ટયોગે આહારકદ્વિકનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે.

એ [૧૬૮]૫૪ પ્રકૃતિઓ સિવાયની શેષ ૬૬ પ્રકૃતિઓના ઉત્કૃષ્ટપ્રદેશબંધક મિથ્યાદૃષ્ટિ જીવો છે. એમ સામાન્યથી કહ્યું, તોપણ તેમાં કિંચિત્ વિશેષતા આ પ્રમાણે—

(મનુષ્ય ૨, પંચે૦, ઔદા૦૨, તૈ૦, કા૦, વર્ણાદિ ૪, અગુરુ૦, ઉપ૦, પરા૦, ઉચ્છ્વાસ, ત્રસાદિ ૬, અસ્થિર, અશુભ, અયશ, નિર્માણ એ ૨૫ રહિત શેષ) ૪૧ પ્રકૃતિઓ મિથ્યા-દૃષ્ટિને જ બંધાય છે, માટે યથાસંભવ અલ્પપ્રકૃતિબંધક અને ઉત્કૃષ્ટયોગી મિથ્યાદૃષ્ટિ જીવો જ તે ૪૧ પ્રકૃતિઓનો

---

૧૬૮. ૨૫ પ્રકૃતિઓ ૯૦ મી ગાથામાં, ૧૮ પ્રકૃતિઓ ૯૧ મી ગાથામાં અને ૧૧ પ્રકૃતિઓ આ ૯૨ મી ગાથામાં કહી છે, તે સર્વ મળી ૫૪ પ્રકૃતિઓ.

ઉત્કૃષ્ટપ્રદેશબંધ કરે છે. સાસ્વાદનમાં જોકે તે ૪૧ પ્રકૃતિઓમાંની કેટલીક પ્રકૃતિઓ બંધાય છે પરન્તુ સાસ્વાદનમાં ઉત્કૃષ્ટ યોગ નથી.

તથા પૂર્વોક્ત ૨૫ પ્રકૃતિઓમાંની ઔદા૦, તૈ૦, કા૦, વર્ણાદિ ૪, અગુ૦, ઉપ૦, બાદર, પ્રત્યેક, અસ્થિર, અશુભ, અયશ, નિર્માણ એ ૧૫ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ અપર્યાપ્ત એકેન્દ્રિયયોગ્ય (નામકર્મની) ૨૩ પ્રકૃતિઓમાં અન્તર્ગત બંધાતો હોય ત્યારે હોય છે, અને શેષ ૧૦ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ પર્યાપ્ત એકેન્દ્રિયયોગ્ય અથવા પર્યાપ્તદ્વીન્દ્રિયાદિ-ત્રસયોગ્ય ૨૫ ઉત્તરપ્રકૃતિઓમાં અન્તર્ગત બંધાતી હોય ત્યારે હોય છે.

## ઉત્કૃષ્ટપ્રદેશબંધ ૧-૨ સમય સુધી

યોગના વર્ણનમાં પૂર્વે (૫૪-૫૫ ગાથાના વિશેષાર્થમાં) જે યોગયવ દર્શાવ્યો છે, તે યોગયવમાં પર્યન્તભાગે શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં ઉત્કૃષ્ટ યોગસ્થાનો દ્વિસામયિક (જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૨ સમય સુધી તેમાંનું કોઈ પણ યોગસ્થાન એક જીવને નિરન્તરપણે વર્તે એવાં) છે, તે ઉત્કૃષ્ટ યોગસ્થાનોમાંના કોઈ પણ સ્વ-સ્વ-પ્રાયોગ્ય યોગસ્થાન વડે જીવ ઉત્કૃષ્ટ કર્મપ્રદેશો પણ ૧-૨ સમય સુધી જ ગ્રહણ કરે, અને ત્યારબાદ તે જીવ સ્વપ્રાયોગ્ય ઉત્કૃષ્ટ યોગસ્થાનથી ઉતરી, અનુત્કૃષ્ટ યોગસ્થાને આવી અનુત્કૃષ્ટ-પ્રદેશબંધ કરે છે, માટે ઉત્કૃષ્ટપ્રદેશબંધ જઘન્યથી ૧ સમય અને ઉત્કૃષ્ટથી ૨ સમય સુધી જ પ્રવર્તે છે.

## ૮ મૂલપ્રકૃતિના ઉત્કૃષ્ટપ્રદેશબંધ સ્વામી

| | | | |
|---|---|---|---|
| ૧ આયુષ્યના — | ૧-૪-૫-૬-૭ ગુણસ્થા૦ | ઉત્કૃષ્ટયોગી | ૮ ના બંધક |
| ૧ મોહનીયના — | ૧-૪-૫-૬-૭-૮-૯ગુ૦ | ,, | ૭ ના બંધક |
| ૬ શેષ મૂળકર્મના— | ૧૦ મા ગુણસ્થાન | ,, | ૬ ના બંધક |
| ૮ | | | |

## ૧૨૦ ઉત્તરપ્રકૃતિના ઉત્કૃષ્ટપ્રદેશબંધ સ્વામી

| | | | |
|---|---|---|---|
| (૧૭) { ૫ જ્ઞાનાવ૦, ૪ દર્શન.૦, ૫ વિઘ્ન, શાતા, યશઃ ઉચ્ચ, } | ૧૦ મા ગુણસ્થાનાન્તે | ઉત્કૃષ્ટયોગી | ૬ મૂલ બંધક |
| (૪) અપ્રત્યા૦ કષાય | ૪ થા ગુણસ્થા૦ | ,, | ૭ મૂલ બંધક |
| (૪) પ્રત્યાખ્યાનીકષાય | ૫ મા ગુણસ્થાનવર્તી | ,, | ,, |
| (૫) પું૦, સંજ્વ૦ ૪ | ૯ મા ગુણસ્થાનવર્તી | ,, | ,, |
| (૧૩) { સુખગ૦, નરાયુ, દેવ ૩, સુભગ-સુસ્વર-આદેય, વૈ૦ ૨, સમચ૦ અસાત, વજ્રર્ષ૦ } | મિથ્યા૦ અને સમ્ય૦ | ,, | ,, |
| (૯) નિદ્રા ૨-હાસ્યાદિ ૬-જિન૦ | ૪ થી ૮ ગુણસ્થાન૦ | ,, | ,, |
| (૨) આહારકદ્વિક | ૭-૮ ગુણસ્થાન | ,, | ,, |
| (૬૬) શેષપ્રકૃતિ | મિથ્યાદષ્ટિઓ | ,, | ,, |
| ૧૨૦ | | | |

**અવતરણ**—પૂર્વે ઉત્કૃષ્ટપ્રદેશબંધના સ્વામી કહીને હવે આ ગાથામાં જઘન્યપ્રદેશબંધના સ્વામી કહેવાય છે.

**सुमुणी दुन्नि असन्नी, निरयतिग सुराउ सुरविउव्विदुगं ।**
**सम्मो जिणं जहन्नं, सुहुमनिगोयाइखणि सेसा ॥९३॥**

**ગાથાર્થ**—सुमुणी = ઉત્તમ મુનિ (અપ્રમત્ત મુનિ ૭ મા ગુણસ્થાનવર્તી) दुन्नि = ૨ પ્રકૃતિનો એટલે આહારકદ્વિકનો જઘન્યપ્રદેશબંધ કરે છે. असन्नी = અસંજ્ઞિ પંચેન્દ્રિય જીવ નરકત્રિક-દેવાયુ-એ ૪ પ્રકૃતિઓનો જઘન્યપ્રદેશબંધ કરે છે, દેવદ્વિક, વૈક્રિયદ્વિક, જિનનામ એ ૫ પ્રકૃતિઓનો જઘન્યપ્રદેશબંધ सम्मो = સમ્યગ્દૃષ્ટિ કરે છે, અને सेसा = શેષ ૧૦૯ પ્રકૃતિઓનો જઘન્યપ્રદેશબંધ સૂક્ષ્મનિગોદલબ્ધિઅપર્યાપ્ત જીવો ભવના (ઉત્પત્તિના) આદિ ક્ષણમાં=પ્રથમ સમયે કરે છે. ૯૩.

**વિશેષાર્થ**—આહારક ૨ નો આઠ મૂળપ્રકૃતિ અને નામકર્મની દેવગતિયોગ્ય ૩૧ પ્રકૃતિઓ (માં તદન્તર્ગત આહા૦ ૨) બાંધતા પરાવર્તમાન [૧૬૯]યોગી એવા અપ્રમત્ત (સપ્તમ ગુણ-સ્થાનવર્તી) મુનિ આહા૦ ૨ નો જઘન્યપ્રદેશબંધ કરે છે.

૧૬૯. અપર્યાપ્ત અવસ્થામાં ભવના પ્રથમ સમયે જઘન્યયોગનો સંભવ હોય છે. પરંતુ પર્યાપ્ત અવસ્થામાં પર્યાપ્ત અવસ્થાયોગ્ય જઘન્ય-યોગ તો યોગની પરાવૃત્તિ વખતે હોય છે. એટલે એક યોગથી ઊતરી જીવ બીજા યોગમાં સંક્રમતો (જતો) હોય તે વખતે પરાવર્તમાનયોગ હોય છે. અને યોગની સંક્રાન્તિ સમયે જીવ મંદ યોગવાળો હોય છે. એક જ યોગમાં જીવ ઘણા સમય રહે તે તીવ્ર ચેષ્ટાવાળો હોય (તો જ ઘણા સમય રહે).

**નરક ૩ સુરાયુ**—૮ મૂળપ્રકૃતિને બાંધતો પર્યાપ્ત અસંજ્ઞિ જીવ સ્વપ્રાયોગ્ય જઘન્યયોગમાં વર્તતો (યોગની પરાવૃત્તિ કરતો) છતો એ ૪ પ્રકૃતિનો જઘન્યપ્રદેશબંધ કરે.

**દેવ ૨, વૈક્રિય ૨, જિનનામ**—આયુષ્યરહિત ૭ મૂળપ્રકૃતિને બાંધતાં, અને નામકર્મની મનુષ્યગતિયોગ્ય ૩૦ પ્રકૃતિઓ બાંધતા. તથા સ્વયોગ્ય જઘન્યયોગમાં વર્તતા ભવપ્રથમસમયવર્તી અનુત્તર[૧૭૦] દેવો **જિનનામ** નો અલ્પપ્રદેશબંધ કરે છે, અને ૭ મૂળપ્રકૃતિ બાંધતા તથા નામકર્મની દેવગતિયોગ્ય ૨૯ પ્રકૃતિઓ બાંધતા કરણઅપર્યાપ્ત ભવપ્રથમસમયવર્તી મનુષ્યો[૧૭૧] સ્વયોગ્ય સર્વજઘન્યયોગે વર્તતા છતાં દેવ ૨ તથા વૈક્રિય ૨ એ ૪ પ્રકૃતિનો જઘન્યપ્રદેશબંધ કરે. આ મનુષ્યો દેવ અથવા નારકમાંથી ચ્યવીને ઉત્પન્ન થયેલા હોય તે[૧૭૨] જાણવા.

શેષ ૧૦૯ પ્રકૃતિઓનો જઘન્યપ્રદેશબંધ લબ્ધિઅપર્યાપ્ત સૂક્ષ્મનિગોદ જીવોને સર્વ જઘન્યયોગમાં વર્તતા ભવના પ્રથમ સમયે હોય છે.

---

૧૭૦. જોકે શ્રેણિક વિગેરે નારકો પણ જિનનામ બાંધે છે, પરંતુ અહીં અલ્પયોગનું પ્રયોજન હોવાથી અનુત્તર દેવો કહ્યા છે. શેષ દેવોથી પણ અનુત્તર દેવોનો યોગ અતિ મંદ હોય છે.

૧૭૧. તિર્યંચો એ ૪ પ્રકૃતિઓ ભવના પ્રથમ સમયે બાંધે છે, પરંતુ દેવપ્રાયોગ્ય ૨૮ પ્રકૃતિઓ (અલ્પ સંખ્યાવાળી) બાંધે છે, તેથી કર્મપ્રદેશનો અધિક ભાગ પ્રાપ્ત થવાથી તેઓને જઘ૦પ્રદેશબંધ ન હોય માટે અહીં મનુષ્યો કહ્યા છે.

૧૭૨. અહીં ૨૯ નામપ્રકૃતિનો બંધ જિનનામસહિત છે, અને જિનનામના બંધપૂર્વક ૨૯ નો બંધ મનુષ્યને જે ભવના પ્રથમ

## જઘન્યપ્રદેશબંધ ૧ થી ૪ સમય સુધી

આ જઘન્યપ્રદેશબંધમાં જે જે પ્રકૃતિનો જઘન્યપ્રદેશબંધ **લબ્ધિઅપર્યાપ્તને અથવા લબ્ધિપર્યાપ્ત જીવને પ્રથમ સમયે કહ્યો હોય, તો તે અપર્યાપ્ત અવસ્થામાં હોવાથી જઘન્ય વા ઉત્કૃષ્ટથી ૧** [૧૭૩] **સમય સુધીનો જ જાણવો, અને અપર્યાપ્ત જીવોને પર્યાપ્ત અવસ્થામાં કહ્યો હોય તો તે પરાવર્તમાનયોગના કારણવાળો અને જઘન્યથી ૧ સમય તથા ઉત્કૃષ્ટથી ૪ સમયનો જાણવો. ૯૩.**

---

સમયે હોય છે, તે તિર્યંચગતિમાંથી અથવા મનુષ્યગતિમાંથી આવીને ઉત્પન્ન થયેલા મનુષ્યને ન હોય, કારણ કે તિર્યંચગતિને જિનનામનો બંધ જ નથી કે જેથી જિનનામના ચાલુ બંધમાં મનુષ્યપણું પામી પહેલા સમયે જિનનામનો બંધ કરે, અને મનુષ્યને જિનનામનો બંધ છે. તો તે ચોથે ગુણસ્થાને હોવાથી ચાલુ બંધમાં વર્તતો મનુષ્ય મરણ પામી મનુષ્ય ન થાય, પરન્તુ દેવ જ થાય; માટે પ્રથમ મનુષ્યભવમાં જિનનામનો બંધ પ્રારંભ કરી તે ચાલુ બંધમાં જ દેવ અથવા નારક થાય અને તે દેવ અથવા નારક જિનનામના ચાલુ બંધમાં જ મરણ પામી મનુષ્ય થાય તો જ મનુષ્યને ભવના પ્રથમ સમયે જિનનામનો બંધ હોઈ શકે, અને તે જિનનામના બંધસહિત ૨૯ ( દેવગતિયોગ્ય ) પ્રકૃતિઓનો પણ બંધ હોય.

૧૭૩. કારણ કે દરેક જીવને અપર્યાપ્ત અવસ્થામાં પ્રતિસમય અસંખ્યગુણયોગવૃદ્ધિ હોવાથી અપર્યાપ્તાવસ્થાયોગ્ય ૧ યોગસ્થાન ૧ સમય સુધી જ વર્તે છે, અને બીજે સમયે બદલાઈ જાય છે. તથા પર્યાપ્ત-અવસ્થા યોગ્ય અસંખ્ય જઘન્યયોગસ્થાનોમાંનું કોઈ પણ એક યોગસ્થાન ૧–૨–૩–૪ સમય સુધી જ વર્તે છે, ત્યારબાદ અવશ્ય બદલાઈ જાય છે.

## મૂળપ્રકૃતિના જઘન્યપ્રદેશબંધ સ્વામી.

૮ મૂળપ્રકૃતિ–લબ્ધિ અપર્યાપ્ત સૂક્ષ્મનિગોદ (ભવપ્રથમ સમયે) સર્વજઘન્ય યોગી.

## ઉત્તરપ્રકૃતિના જઘન્યપ્રદેશબંધ સ્વામી

| | | | |
|---|---|---|---|
| આહારક ૨ | અપ્રમત્તઃ | પરાવર્તયોગી (જઘન્યયોગી) | ૮ મૂળ બંધક |
| નરક ૩, સુરાયુ | અસંજ્ઞિ મિથ્યાદૃષ્ટિ | ,, | ,, |
| દેવ ૨, વૈક્રિય ૨ | સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય ભવપ્રથમસમયવર્તી | જઘન્યયોગી | ૭ મૂળ બંધક |
| જિનનામ | (બદ્ધ જિનનામ મનુષ્યથી આવેલ) ભવાદ્યસમયવર્તી સમ્યગ્દૃષ્ટિ દેવ. | ,, | ,, |
| શેષ ૧૦૯ | ભવાદ્યસમયવર્તી અપર્યાપ્તસૂક્ષ્મ નિગોદ | ,, | ૭–૮ બંધક |

अवत्तरण—એ પ્રમાણે ઉત્કૃષ્ટપ્રદેશબંધ તથા જઘન્યપ્રદેશબંધના સ્વામી કહીને હવે તે ઉત્કૃષ્ટ–અનુત્કૃષ્ટ–જઘન્ય–અજઘન્ય એ ૪ પ્રકારના પ્રદેશબંધમાં કાળના સાદિ–અનાદિ–ધ્રુવ–અધ્રુવ એ ૪ ભાંગા યથાસંભવ આ ગાથામાં દર્શાવાય છે—

**दंसणछगभयकुच्छा–बितितुरियकसायविग्घनाणाणं ।**
**मूलछगेऽणुक्कोसो, चउह दुहा सेसि सव्वत्थ ॥ ९४ ॥**

**ગાથાર્થ**—( ૪ દર્શનાવરણ અને નિદ્રા-પ્રચલા એ ) ૬ દર્શનાવરણીય, ભય-જુગુપ્સા, બીજો-ત્રીજો-ચોથો કષાય ( એટલે ૪ અપ્રત્યાખ્યાની, ૪ પ્રત્યાખ્યાની, ૪ સંજ્વલન કષાય ) વિઘ્ન ( ૫ અન્તરાય ) અને ૫ જ્ઞાનાવરણ એ ૩૦ ઉત્તરપ્રકૃતિઓનો તથા મૂળ ૬ પ્રકૃતિઓનો ( આયુષ્ય તથા મોહનીય રહિતનો ) અનુત્કૃષ્ટપ્રદેશબંધ સાદિ ઇત્યાદિ ૪ પ્રકારનો છે અને એમ એ ૩૬ પ્રકૃતિઓના શેષ ૩ પ્રકારના પ્રદેશબંધ તથાં સવ્વત્થ-સર્વ પ્રકૃતિઓના ચારે પ્રદેશબંધ દુહા=સાદિ-અધ્રુવ એમ ૨-૨ પ્રકારના છે. ૯૪.

**વિશેષાર્થ**—અતિ ઘણા કર્મસ્કંધો ગ્રહણ કરવા તે उत्कृष्टप्रदेशबंध, તેથી કંઈક ન્યૂન ન્યૂન સંખ્યાઓ યાવત્ સર્વથી અલ્પ કર્મસ્કન્ધો ગ્રહણ કરવા તે સર્વ अनुत्कृष्टप्रदेशबंध, આ બે પ્રકારમાં પ્રદેશબંધના સર્વ ભેદનો સમાવેશ થઈ જાય છે. તથા જે સર્વાલ્પ કર્મસ્કંધો ગ્રહણ કરવા તે जघन्यप्रदेशबंध, અને કંઈક અધિક અધિક કર્મસ્કંધો યાવત્ સર્વથી અતિ ઘણા કર્મસ્કંધો ગ્રહણ કરવા તે ( અને ત્યાં સુધીનાં ) સર્વે ભેદ अजघन्यप्रदेशबंध કહેવાય. આ બે પ્રકારમાં પણ પ્રદેશબંધના સર્વ ભેદનો સંગ્રહ થાય છે. એ પ્રમાણે બે બે પ્રકારની રીતે પ્રદેશબંધ ૪ પ્રકારનો છે, અને તે દરેક પ્રકાર પુનઃ કાળની અપેક્ષાએ સાદિ ઇત્યાદિ યથાસંભવ બે, ત્રણ અથવા ચાર ભેદવાળો હોય છે, તે આ પ્રમાણે—

૪ **दर्शनावरण**—નો ઉત્કૃષ્ટપ્રદેશબંધ ઉપશમ તથા ક્ષપક બંને શ્રેણિમાં ૧૦ મા ગુણસ્થાને ૧-૨ સમય હોય છે, ત્યાં ઉપ૦શ્રેણિમાં ૧૦ મા ગુણસ્થાને ૧-૨ સમય ઉત્કૃષ્ટપ્રદેશબંધ

ઉત્કૃષ્ટયોગ વડે કરીને ઉત્કૃષ્ટ યોગથી ઉતરતાં ત્યાં જ અનુત્કૃષ્ટ બંધની આદિ થાય, અથવા ૧૧ મે જઈ અબંધક થઈ ૧૧ માંથી પડી ૧૦ મે આવતાં પણ અનુત્કૃષ્ટબંધની આદિ થાય છે; માટે બંને રીતે અનુત્કૃષ્ટબંધની સાદિ, એ ગુણસ્થાન નહિ પામેલા ભવ્ય અભવ્ય જીવોને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ.

निद्रा–प्रचला —આ બે પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટ પ્રદેશબંધ ૭ મૂળ-પ્રકૃતિ બંધાતા ૪ થી ૮ મા સુધીના ગુણસ્થાનવર્તી ઉત્કૃષ્ટયોગી જીવને ૧-૨ સમય હોય છે, તેથી એ જીવો ઉત્કૃષ્ટયોગથી ઉતરી અનુત્કૃષ્ટ યોગે આવે અથવા બંધવિચ્છેદ સ્થાનેથી આવી પુનઃ અનત્કૃષ્ટબંધ પ્રારંભે ત્યારે અનુત્કૃષ્ટબંધની સાદિ, એ ગુણસ્થાનો નહીં પામેલા જીવોને અનાદિ, અભવ્યને ધ્રુવ અને ભવ્યને અધ્રુવ.

भय–जुगुप्सा—નિદ્રાપ્રચલાવત્, પરન્તુ ઉત્કૃષ્ટબંધસ્થાન નિદ્રાપ્રચલાનું અપૂર્વકરણના ૧ લા ભાગ સુધીમાં, અને ભયજુગુપ્સાનું અપૂર્વકરણ પર્યન્ત સુધીમાં જાણવું.

अप्रत्या०–૪ ઉત્કૃષ્ટપ્રદેશબંધસ્થાન ૪ થું ગુણસ્થાન, અને શેષ વક્તવ્ય પૂર્વ પદ્ધતિએ જાણવું.

प्रत्याख्यानी–૪ ઉત્કૃષ્ટપ્રદેશબંધસ્થાન ૫ મું ગુણસ્થાન, શેષવક્તવ્ય પૂર્વવત્.

संज्वलन ૪—ઉત્કૃષ્ટપ્રદેશબંધસ્થાન ૯ મા ગુણસ્થાને. શેષ વક્તવ્ય પૂર્વપદ્ધતિવત્.

ज्ञाना०५ विघ्न ५—ઉત્કૃષ્ટપ્રદેશબંધસ્થાન ઉભયશ્રેણિમાં ૧૦ મા ગુણસ્થાને, શેષ વક્તવ્ય પૂર્વપદ્ધતિ પ્રમાણે.

એ પ્રમાણે ૩૦ પ્રકૃતિઓનો અનુત્કૃષ્ટપ્રદેશબંધ સાદિ ઇત્યાદિ ૪-૪ પ્રકારનો કહ્યો અને એ જ ૩૦ પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ ૧-૨ સમય સુધી હોવાથી સાદિ-અધ્રુવ છે. તથા એ ૩૦ પ્રકૃતિઓનો જઘન્યપ્રદેશબંધ સર્વજઘન્યયોગી લબ્ધિઅપર્યાપ્ત નિગોદને ઉત્પત્તિના પ્રથમસમયે જ હોય માટે સાદિ-અધ્રુવ છે, તથા જઘન્યયોગથી બીજે સમયે એ જ નિગોદજીવ અજઘન્યયોગમાં આવે છે, પુનઃ કાળાન્તરે નિગોદપણું પામી જઘન્યયોગે જઘન્યપ્રદેશબંધ કરી બીજે સમયે અજઘન્યયોગે અજઘન્યપ્રદેશબંધ કરવાથી અજઘન્યપ્રદેશબંધ પણ ( એ ૩૦ પ્રકૃતિઓનો ) સાદિ અધ્રુવ છે. એ પ્રમાણે ૩૦ પ્રકૃતિઓના ચારે પ્રદેશબંધમાં કાળભાંગા કહ્યા, અને શેષ ૯૦ પ્રકૃતિઓના પ્રત્યેકના ચાર ચાર પ્રકારના પ્રદેશબંધમાં સાદિ-અ વ એ બે બે ભેદ છે, તે આ પ્રમાણે:—

એ ૯૦ પ્રકૃતિઓમાં સ્ત્યાનર્દ્ધિત્રિક, મિથ્યાત્વ, અનંતાનુબંધિ ૪, વર્ણાદિ ૪, તૈજસ, કાર્મણ, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ એ ૧૭ ધ્રુવબંધી પ્રકૃતિઓનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ સ્વસ્વ-ઉત્કૃષ્ટપ્રદેશબંધયોગ્ય ગુણસ્થાને ઉત્કૃષ્ટ યોગે ૧-૨ સમય જ હોય છે માટે સાદિ-અધ્રુવ અને ત્યારબાદ અનુત્કૃષ્ટ પ્રદેશબંધ હોય, એ પ્રમાણે યોગની પરાવૃત્તિથી ઉત્કૃષ્ટ-અનુત્કૃષ્ટ બંને પ્રદેશબંધ વારંવાર પરાવૃત્તિએ પ્રાપ્ત થતાં હોવાથી ( બંને પ્રદેશબંધ તેમ જ ) અનુત્કૃષ્ટપ્રદેશ બંધ પણ સાદિ-અધ્રુવ છે. તથા એ જ ૧૭ ધ્રુવબંધીનો જઘન્યપ્રદેશબંધ તથા અજઘન્યપ્રદેશબંધ પૂર્વોક્ત ૩૦ પ્રકૃતિઓના જઘન્યાજઘન્યપ્રદેશબંધવત્ નિગોદજીવઆશ્રયી સાદિ-અધ્રુવ જાણવો.

એ કહેલી ૧૭ પ્રકૃતિઓથી શેષ રહેલી ૭૩ પ્રકૃતિઓ અધ્રુવબંધિ હોવાથી જ તે પ્રત્યેકના ચારે પ્રદેશબંધ સાદિ–અધ્રુવ જાણવા.

इति उत्तरप्रकृति चतुर्विध–प्रदेशबंधेषु साद्यादिकालभंगाः

## ૮ મૂળપ્રકૃતિના પ્રદેશબંધમાં કાળભાંગા

જ્ઞાના૦, દર્શના૦, વેદનીય, નામ, ગોત્ર, વિઘ્ન એ ૬ મૂળપ્રકૃતિનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ ૧૦ મા ગુણસ્થાને ઉત્કૃષ્ટયોગે ૧–૨ સમય હોય છે, માટે ઉત્કૃષ્ટયોગથી ઉતરતાં અથવા બંધવિચ્છેદ સ્થાનેથી (૧૧ માંથી) પડતાં અનુકૃષ્ટપ્રદેશબંધની સાદિ, એ ગુણસ્થાન ન પામેલા જીવોને અનાદિ, અભવ્યને ધ્રુવ, ભવ્યને અધ્રુવ, તેમ જ ઉત્કૃષ્ટયોગ ૧–૨ સમય હોવાથી તેના નિમિત્તવાળો ઉત્કૃષ્ટપ્રદેશબંધ પણ ૧–૨ સમય સુધી હોવાથી સાદિ–અધ્રુવ બે પ્રકારનો છે; તથા એ ૬ પ્રકૃતિઓના જઘન્યાજઘન્ય પ્રદેશબંધ પૂર્વોક્ત ૩૦ પ્રકૃતિવત્ સૂક્ષ્મનિગોદ જીવઆશ્રયી સાદિ–અધ્રુવ છે.

મોહનીયનો ઉત્કૃષ્ટપ્રદેશબંધ પ્રથમ ગુણસ્થાને અને ૩ થી ૯ મા ગુણસ્થાન સુધી છે. ત્યાં ૭ ના બંધસહિત ઉત્કૃષ્ટ યોગે ૧–૨ સમય ઉત્કૃષ્ટપ્રદેશબંધ, પુનઃ અનુત્કૃષ્ટ, એ પ્રમાણે વારંવાર પરાવર્તન હોવાથી ઉત્કૃષ્ટ તથા અનુત્કૃષ્ટ બંને પ્રદેશબંધ સાદિ–અધ્રુવ છે, તેમજ પૂર્વોક્ત ૩૦ પ્રકૃતિવત્ સૂક્ષ્મનિગોદપણાની અપેક્ષાએ મોહનીય કર્મના જઘન્ય તથા અજઘન્ય પ્રદેશબંધ પણ સાદિ–અધ્રુવ છે.

આયુષ્યકર્મ પોતે અધ્રુવબંધિ હોવાથી જ તેના ચારે પ્રદેશબંધ સાદિ–અધ્રુવ છે.

## પ્રદેશબંધમાં સાદ્યાદિ [174]ભંગયન્ત્રમ્

| પ્રકૃતિઓનો | ઉત્કૃષ્ટ પ્ર૦બંધ | અનુત્કૃષ્ટ પ્ર૦ બંધ | જઘન્ય૦ પ્ર૦બંધ | અજઘ૦ પ્ર૦બંધ |
|---|---|---|---|---|
| ४ दर्शना०, निद्रा०, २, भय, कुत्सा, अगुरु० ४, प्रत्या० ४. संज्व० ४, ज्ञाना० ५, विघ्न० ६, (३० ध्रुवबन्धि) | સાદિ અધ્રુવ | સાદિ–અનાદિ ધ્રુવ–અધ્રુવ | સાદિ અધ્રુવ | સાદિ અધ્રુવ |
| शेष १७ ध्रुवबंधि | ,, | સાદિ–અનાદિ | ,, | ,, |
| ७३ अध्रुवबंधि | ,, | ,, | ,, | ,, |
| मोह०, आयु (मूल) | ,, | ,, | ,, | ,, |
| ६ मूलप्रकृति | ,, | સાદિ–અનાદિ ધ્રુવ–અધ્રુવ | ,, | ,, |

इति प्रदेशबन्धः समाप्तः

---

૧૭૪. અહીં પ્રદેશબંધના પદભંગ મૂળપ્રકૃતિમાં ૭૬ તથા ઉત્તર પ્રકૃતિમાં ૧૦૨૦, અને બન્ને મળી ૧૦૯૬ પદભંગ થાય છે તે આ પ્રમાણેઃ—

### ઉત્તરપ્રકૃતિનો પ્રદેશબંધ

૩૦ × ૩ × ૨ પ્રકારે = ૧૮૦ પદભંગ
૩૦ × ૧ × ૪ પ્રકારે = ૧૨૦ ,,
૧૭ × ૪ × ૨ પ્રકારે = ૧૩૬ ,,
૭૩ × ૪ × ૨ પ્રકારે = ૫૮૪ ,,
૧૦૨૦ પદભંગ

## યોગસ્થાનાદિ ૭ બોલનું અલ્પબહુત્વ

अवतरण—૯૪ મી ગાથામાં પ્રદેશબંધનું સ્વરૂપ સમાપ્ત થયું, અને તે સાથે કર્મના ચારે પ્રકારના બંધનું સ્વરૂપ પણ સમાપ્ત થયું. હવે એ ચારે પ્રકારના કર્મબંધમાં યોગ એ મુખ્ય કારણ છે, અને પ્રકૃતિબંધ તથા પ્રદેશબંધ તેનું (યોગનું) કાર્ય છે, તથા સ્થિતિબંધમાં સ્થિતિબંધહેતુભૂત કાષાયિક (કષાયજન્ય) અધ્યવસાયો કારણ છે અને અન્તર્મુહૂર્તાદિ સ્થિતિભેદો તેનું (સ્થિતિબંધાધ્યવસાયોનું) કાર્ય છે, તથા અનુભાગબંધમાં (રસબંધમાં) અનુભાગબંધાધ્યવસાયો કારણ છે, અને અનુભાગબંધના ભેદ (અસંખ્યલોકપ્રમાણ) તેનું કાર્ય છે, એ પ્રમાણે ૪ પ્રકારના કર્મબંધના ભેદ તથા તેનાં ૩ કારણ યોગસ્થાનાદિ એ ૭ પદાર્થોનું પરસ્પર અલ્પબહુત્વ કહેવાય છે, (અને સ્વરૂપ તો કહેવાઈ ગયું છે.)

**सेढिअसंखिज्जंसे, जोगट्ठाणाणि पयडिठिइभेया ।**
**ठिइबंधज्झवसाया–णुभागठाणा असंखगुणा ।। ९५ ।।**

गाथार्थ—जोगट्ठाणाणि યોગસ્થાનો, सेढिअसंखिज्जंसे=શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં (અસંખ્યાત) છે, તેથી पयडि

---

### મૂલપ્રકૃતિનો પ્રદેશબંધ

૬ × ૧ × ૪ પ્રકારે = ૨૪
૬ × ૩ × ૨ પ્રકારે = ૩૬
૨ × ૪ × ૨ પ્રકારે = ૧૬

૭૬ પદભંગ

૧૦૯૬ સર્વભંગ

( भेया )=પ્રકૃતિભેદ અસંખ્યગુણ છે, તેથી ठिइभेया=સ્થિતિભેદ અસંખ્યગુણા છે, તેથી ठिइबंधज्झवसाया=સ્થિતિબંધાધ્યવસાયો અસંખ્યગુણા છે, તેથી अणुभागठाणा=અનુભાગસ્થાનો असंख-गुणा–અસંખ્યાતગુણા છે. ૯૫.

विशेषार्थ—૫૩ મી ગાથાના વિશેષાર્થમાં યોગનું અને યોગ-સ્થાનોનું સ્વરૂપ કહ્યું છે કે જેમાં સર્વજઘન્ય અને સરખી સંખ્યાવાળા યોગાણુ–યોગાંશો યુક્ત એક જીવના જે અસંખ્યાત ( એક જીવના જેટલા આત્મપ્રદેશ છે તેમાંના અસંખ્યાતમા ભાગ જેટલા ) આત્મપ્રદેશોનો સમુદાય તે એક योगवर्गणा, તેથી ૧ યોગાંશ અધિક એવા તે જ જીવના તે જ સમયમાં વર્તતા યોગાણુઓવાળા જે બીજા અસંખ્ય આત્મપ્રદેશો તે બીજી યોગ વર્ગણા, તેથી પણ ૧ યોગાંશ અધિક યોગાણુઓ-વાળા તે જ જીવના તે જ સમયમાં વર્તતા અન્ય અસંખ્ય આત્મપ્રદેશો તે ત્રીજી યોગવર્ગણા એ પ્રમાણે અસંખ્ય યોગવર્ગણાઓનું ૧ योगस्पर्धक ત્યાર બાદ એકાંશની ઉત્તરોત્તર વૃદ્ધિવાળા આત્મપ્રદેશો ન હોય, પહેલા યોગસ્પર્ધકની અન્ત્ય-વર્ગણાના યોગાણુઓથી અસંખ્ય યોગાણુ અધિક યોગવાળા તે જ જીવના તે જ સમયમાં વર્તતા અન્ય અસંખ્ય આત્મ-પ્રદેશો હોય છે, તે બીજા યોગસ્પર્ધકની પ્રથમવર્ગણા સમજવી. તેથી એક યોગાંશ અધિક એવા તે જ જીવના તે જ સમયમાં વર્તતા યોગાણુઓવાળા જે બીજા અસંખ્ય આત્મપ્રદેશો તે બીજા યોગસ્પર્ધકની બીજી વર્ગણા સમજવી. એ પ્રમાણે એકોત્તર યોગાંશની વૃદ્ધિવાળી અસંખ્ય યોગવર્ગણાઓનો સમુદાય તે બીજા योगस्पर्धक. એ પદ્ધતિએ શ્રેણિના અસંખ્યા-

તમા ભાગ જેટલાં યોગસ્પર્ધકોનો સમુદાય (જે એક જ જીવને એક જ સમયમાં વર્તતો હોય છે) તે ૧ **योगस्थान** કહેવાય. એથી અધિક યોગવાળું બીજું યોગસ્થાન પહેલા યોગસ્થાનવત્ અસંખ્ય સ્પર્ધકોનું હોય છે, એ પ્રમાણે [૧૭૫]યોગસ્થાનો અનેક જીવઆશ્રયી શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં છે, અને તે આગળ કહેવાતા પ્રકૃતિબંધ વિગેરે ભેદોથી અતિ અલ્પ છે.

## યોગસ્થાનોથી પ્રકૃતિબંધ (ના ભેદ) અસંખ્યગુણ

મતિજ્ઞાનાવરણનો ક્ષયોપશમ અનેક જીવને સ્પષ્ટ રીતે ભિન્ન ભિન્ન પ્રકારનો હીનાધિક પ્રમાણવાળો દેખાય છે, તેમ જ તુલ્ય ક્ષયોપશમ પણ કોઈ જીવને અમુક ક્ષેત્ર, અમુક દ્રવ્ય, અમુક કાળ અને અમુક ભાવના નિમિત્તથી પ્રગટ થાય છે, તો કોઈને અમુક ક્ષેત્રાદિ નિમિત્તથી પ્રગટ થાય છે, એ સર્વ મતિજ્ઞાનના ક્ષયોપશમની વિચિત્રતા છે, અને તે પ્રત્યેક અસંખ્ય અસંખ્ય પ્રકારની છે. પુનઃ એ મતિજ્ઞાનના ક્ષયોપશમની વિચિત્રતામાં મતિજ્ઞાનાવરણનો વિચિત્ર ઉદય જ કારણરૂપ છે, અને મતિજ્ઞાનાવરણના એ વિચિત્ર ઉદયમાં તથાવિધ બંધ એ કારણ છે, માટે ક્ષેત્રાદિ ભેદથી મતિજ્ઞાનાવરણનો બંધ અથવા ઉદય અસંખ્ય પ્રકારનો છે, તે ક્ષેત્રાદિ ૪ પ્રકારમાંથી કેવળ ક્ષેત્ર પ્રત્યયિક વિચિત્રતા પણ અસંખ્ય ભેદવાળી છે, અને ક્ષેત્ર અહીં [૧૭૬]લોકાકાશપ્રમાણ અંગીકાર કરીએ તોપણ ક્ષેત્ર-

---

૧૭૫. યોગસ્થાનનું વિસ્તૃત સ્વરૂપ ગાથા ૫૩–૫૪–૫૫ મી ના વિવેચન પ્રસંગે જણાવેલ છે. ત્યાંથી જોઈ લેવું.

૧૭૬. શાસ્ત્રોમાં આ સ્થાને અવધિજ્ઞાનાવરણના ભેદ ગણવામાં આવ્યા છે, અને તેમાં અવધિજ્ઞાનના વિષયરૂપ અસંખ્ય લોકાકાશ

નિમિત્તક મતિજ્ઞાનાવરણનો બંધ લોકાકાશના અસંખ્ય આકાશ-પ્રદેશ જેટલા ભેદવાળો ગણાય અને યોગસ્થાનો તો લોકાકાશમાંની એક જ આકાશપ્રદેશની પંક્તિરૂપ સૂચીશ્રેણિ ના અસંખ્યાતમા ભાગ જેટલાં છે, તેથી યોગસ્થાનો અલ્પ, અને મતિજ્ઞાનાવરણરૂપ એક પ્રકૃતિબંધના ભેદ અસંખ્યગુણા છે. એ પ્રમાણે જેમ મતિજ્ઞાનાવરણના ભેદ અસંખ્યગુણા છે તે પ્રમાણે ક્ષેત્રાદિના નિમિત્ત વડે બંધ અથવા ઉદયની વિચિત્રતાવાળા શ્રુતજ્ઞાનાવરણ પ્રકૃતિના ભેદ પણ યોગસ્થાનોથી અસંખ્યગુણા છે. તેમ જ અવધિજ્ઞાનાવરણાદિ શેષ ૧૧૮ પ્રકૃતિઓના પ્રત્યેકના બંધ ભેદ અથવા ઉદયભેદ ક્ષેત્રાદિ નિમિત્ત વડે અસંખ્યગુણ અસંખ્ય-ગુણ જાણવા. પરન્તુ અહીં તફાવત એ જ કે કોઈ પ્રકૃતિને અંગે લોકનો [૧૭૭] અસંખ્યાતમો ભાગ, કોઈ પ્રકૃતિને અંગે [૧૭૮] અસંખ્યલોકાકાશ ઇત્યાદિ રીતે વિચિત્ર ક્ષેત્રભેદો પણ યથાસંભવ વિચારવા, કારણ કે સર્વ પ્રકૃતિને અંગે એક જ

જેટલા ક્ષેત્રભેદ ગણ્યા છે. પરંતુ આ મતિજ્ઞાનાવરણના સંબંધમાં ક્ષેત્રભેદ કહ્યા નથી તેથી અહીં મતિજ્ઞાની જીવોના વ્યાપ્તિ જેટલું લોકાકાશપ્રમાણ ક્ષેત્ર કેવળ દૃષ્ટાન્તરૂપે કહ્યું છે. તેથી મતિ૦નું ક્ષેત્ર એટલું જ નહિં પરંતુ અવધિજ્ઞાનાવરણ જેટલું અસંખ્ય લોકપ્રમાણ સંભવે છે. સ્પષ્ટ નિર્ણય શ્રી બહુશ્રુતગમ્ય.

૧૭૭. ચાર આનુપૂર્વીને અંગે એટલું જ ક્ષેત્ર ગણાય છે.

૧૭૮. અવધિજ્ઞાનાવરણને અંગે એ જ ક્ષેત્ર ગણાય છે, અને શેષ પ્રકૃતિઓને પણ પ્રાયઃ એ જ ક્ષેત્ર સંભવે છે, કારણ કે ક્ષેત્રના તફાવતવાળી ૪ આનુપૂર્વીઓનું ક્ષેત્ર શાસ્ત્રમાં વિશેષતા તરીકે ( **इति विशेषः** વાક્યથી ) જુદું કહ્યું છે માટે. સ્પષ્ટ નિર્ણય શ્રી બહુશ્રુતગમ્ય.

હદવાળું ક્ષેત્ર નથી, એ પ્રમાણે જેમ ક્ષેત્રભેદ ભિન્ન ભિન્ન છે. તેમ દ્રવ્ય–કાળ આદિકની પણ ભિન્નતાઓ યથાસંભવ વિચારવી.

તથા પૂર્વોક્ત યોગસ્થાનોમાંના કોઈ પણ એક જ યોગસ્થાન વડે પૂર્વોક્ત અસંખ્ય પ્રકૃતિભેદ બંધાય છે. એ પ્રમાણે પણ યોગસ્થાનોથી પ્રકૃતિભેદ અથવા પ્રકૃતિઓ અથવા પ્રકૃતિબંધ અસંખ્યગુણા છે.

## પ્રકૃતિભેદથી સ્થિતિભેદ અસંખ્યગુણા

પ્રથમ જે અસંખ્ય પ્રકૃતિભેદ કહ્યા તેમાંનો એકેક ભેદ પણ અસંખ્ય અસંખ્ય સ્થિતિભેદે બંધાય છે. અર્થાત્ તેમાંનો કોઈ વિવક્ષિત પ્રકૃતિ ભેદ કોઈ જીવ અન્તર્મું૦ જેટલી સ્થિતિવાળો બાંધે છે, તો કોઈ અન્ય જીવ સમયાધિક અન્તર્મું૦ સ્થિતિવાળો બાંધે, કોઈ અન્ય જીવ દ્વિસમયાધિક અન્તર્મું૦ સ્થિતિવાળો બાંધે, એ પ્રમાણે પ્રત્યેક પ્રકૃતિભેદ અસંખ્ય અસંખ્ય સ્થિતિ ભેદવાળો હોવાથી પ્રકૃતિબંધથી સ્થિતિભેદ અસંખ્યગુણ છે.

અહીં જઘન્ય સ્થિતિબંધ યોગ્ય અન્તર્મુહૂર્તસ્થિતિબંધ તે પહેલું સ્થિતિસ્થાન, તેથી ૧ સમય અધિક બીજું સ્થિતિસ્થાન, ૨ સમય અધિક ત્રીજું સ્થિતિસ્થાન, એ રીતે સમય સમય અધિક સ્થિતિસ્થાનો સર્વોત્કૃષ્ટ સ્થિતિસ્થાન સુધીમાં ( યથાસંભવ ૧૦–૨૦–૪૦–૭૦ કોડાકોડી સાગરોપમ સુધીમાં ) સ્થિતિસ્થાનો અસંખ્ય જાણવાં.

## સ્થિતિભેદથી સ્થિતિબંધાધ્યવસાયો અસંખ્યગુણા

પૂર્વે કહેલાં અસંખ્ય સ્થિતિસ્થાનોમાંનું પ્રત્યેક સ્થિતિસ્થાન અસંખ્ય લોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેટલા

કાષાયિક અધ્યવસાયો વડે બંધાય છે, જેમ સરખા સમયવાળી અન્તર્મુ૦સ્થિતિ બાંધવામાં કોઈ જીવનો પહેલો અધ્યવસાય તો કોઈ જીવનો બીજો અધ્યવસાય, કોઈ જીવનો ત્રીજો, એ પ્રમાણે એક જ સમયમાં અનેક જીવો અથવા એક જીવ જુદા જુદા સમયે જુદા જુદા (અસંખ્ય લોકાકાશના પ્રદેશો જેટલાં તારતમ્યવાળા, અધ્યવસાયો વડે એક જ પ્રકારનો સ્થિતિબંધ (એક જ સરખું સ્થિતિસ્થાન) બાંધે છે. તે કારણથી સ્થિતિભેદથી સ્થિતિબંધાધ્યવસાયો અસંખ્યગુણા છે.

અહીં એક સ્થિતિસ્થાન બાંધવા યોગ્ય જે અસંખ્યલોક પ્રમાણ અધ્યવસાયો છે, તેથી બીજા જુદા જ અસંખ્યલોક જેટલા અધ્યવસાયો બીજું સ્થિતિસ્થાન બાંધવા યોગ્ય છે. એ પ્રમાણે દરેક સ્થિતિસ્થાનના અધ્યવસાયો સર્વથા નવા નવા જાણવા, પરન્તુ એક અધ્યવસાય એકથી વધુ સ્થિતિબંધમાં ઉપયોગી થતો નથી, જેથી એક અધ્યવસાય વડે એક પ્રકારનું જ સ્થિતિસ્થાન બંધાય, પરંતુ બીજું સ્થિતિસ્થાન કોઈ પણ જીવને કોઈ પણ સમયે ન બંધાય.

## સ્થિતિબંધાધ્યવસાયોથી અનુભાગસ્થાનો અસંખ્યગુણ

સ્થિતિબંધાધ્યવસાય કેવળ કષાયોદયના કારણવાળો છે, અને અનુભાગબંધ લેશ્યાનુગત કષાયોદય અથવા કષાયાનુગત લેશ્યાના કારણવાળો છે, એ પ્રમાણે એ બે અધ્યવસાય (સ્થિતિનો અધ્યવસાય અને રસબંધનો અધ્યવસાય) કારણ ભેદે ભિન્ન છે, ત્યાં સ્થિતિનો એક જ અધ્યવસાય તે અનુભાગના અસંખ્ય અધ્યવસાયવાળો છે, એ પ્રમાણે દરેક સ્થિત્યધ્યવસાય

અસંખ્ય અસંખ્ય લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્યાસંખ્ય અનુભાગાધ્યવસાયવાળો છે, તેથી સ્થિતિબંધના અધ્યવસાયોથી રસબંધના અધ્યવસાયો અસંખ્યગુણા છે.

અહીં સ્થિતિબંધના ૧ અધ્યવસાયનો કાળ અન્તર્મુહૂર્ત પ્રમાણનો છે, અને અનુભાગબંધના ૧ અધ્યવસાયનો કાળ ઉત્કૃષ્ટથી ૮ સમયનો છે, જેથી દરેક સ્થિતિ અધ્યવસાય નગર સરખો છે, અને (તે સ્થિત્યધ્યવસાયમાં અસંખ્યવાર જુદા જુદા પ્રાપ્ત થતાં) અનુભાગાધ્યવસાયો ઉંચા-નીચાં ઘરના સમૂહ સરખા છે, અહીં ઉંચા-નીચાપણું લેશ્યાનુગત કષાયાંશોની હીનાધિકતા આશ્રયી જાણવું; કારણ કે અસંખ્યલોકાકાશ પ્રદેશ-પ્રમાણવાળા અનુભાગાધ્યવસાયો અનુક્રમે અધિક અધિક કષાયાંશવાળા છે. એ પ્રમાણે એક જ પ્રકારના સ્થિતિબંધમાં અનુભાગ સ્થાનો અસંખ્ય પ્રકારનાં (એક અન્તર્મુ૦માં) પ્રાપ્ત થાય છે.

## અનુભાગસ્થાનો અને અનુભાગાધ્યવસાયો તુલ્ય

**પ્રશ્ન**:—જેમ સ્થિતિસ્થાનોથી સ્થિતિના અધ્યવસાયો અસંખ્યગુણ કહ્યા તેમ અનુભાગસ્થાનોથી અનુભાગાધ્યવસાયો કેટલા હીના વા સમ વા અધિક?

**ઉત્તર**:—એક પ્રકારનો સ્થિતિબંધ (સ્થિતિસ્થાન) અનેક જીવઆશ્રયી અથવા એક જીવને જુદા જુદા સમયઆશ્રયી અસંખ્ય અધ્યવસાયો વડે બંધાય છે, તેમ અનુભાગબંધમાં નથી; કારણ કે ૧ અનુભાગસ્થાન કેવળ પોતાના ૧ અધ્યવસાયવડે જ બંધાય છે, માટે જેટલાં અનુભાગસ્થાનો છે તેટલા જ તેના બંધહેતુભૂત અધ્યવસાયસ્થાનો છે. ૯૫.

अवतरण—પૂર્વ ગાથામાં ૭ પદાર્થોનું અલ્પબહુત્વ કહીને હવે આ ગાથામાં તે ૭ પદાર્થોની અપેક્ષાએ પ્રતિસમય બધ્યમાન કર્મસ્કંધો અને તે કર્મસ્કંધના કર્માણુઓમાં ઉત્પન્ન થયેલા કર્મરસના અંશ કેટલા અધિક વા હીન છે? તે કહેવાનું છે, તેમ જ પ્રકૃતિ બંધાદિ ૪ પ્રકારનો કર્મબંધ કયા-કયા કારણથી થાય છે? તે પણ કહેવાશે.

**तत्तो कम्मपएसा अणंतगुणिया तओ रसच्छेया ।**
**जोगा पयडिपएणं, ठिइअणुभागं कसायाओ ।।९६।।**

गाथार्थ—तत्तो=તે અનુભાગસ્થાનોથી પણ कम्मपएसा= કર્મપ્રદેશો એટલે કર્મસ્કંધો अणंतगुणिया અનંતગુણ છે, तओ તે કર્મપ્રદેશોથી रसच्छेया=રસચ્છેદ-રસાંશો અનન્તગુણા છે, તથા યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ બે હોય છે, અને કષાયથી સ્થિતિબંધ તથા અનુભાગબંધ એ બે હોય છે. ૯૬.

विशेषार्थ—આ ગાથામાં कम्मपएसा એટલે કર્મપ્રદેશોનો અર્થ कर्मस्कंध રૂપે જાણવો એકેક કર્મસ્કંધમાં અભવ્યથી અનન્તગુણ અથવા સર્વ (ત્રણેકાળના) સિદ્ધથી અનંતમા ભાગ જેટલા કર્માણુઓ-કર્મપ્રદેશો હોય છે, તેથી અનુભાગસ્થાનોની અપેક્ષાએ અનંતગુણ કર્મપ્રદેશો કહ્યા છે, તે આ પ્રમાણે—

## અનુભાગસ્થાનોથી કર્મસ્કંધો અનંતગુણ

સર્વ અનુભાગસ્થાનોની સંખ્યા અસંખ્ય લોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેટલી છે, અને પ્રતિસમય ગ્રહણ કરાતા કર્મસ્કંધો અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધથી અનંતમા

ભાગ જેટલા હોવાથી અનુભાગસ્થાનોની અપેક્ષાએ કર્મસ્કંધો અનન્તગુણ છે.

## [૧૭૯]કર્મસ્કંધોથી કર્મપ્રદેશો અનન્તગુણ

પ્રત્યેક કર્મસ્કંધમાં અભવ્યથી અનન્તગુણ અથવા સર્વસિદ્ધથી અનંતમા ભાગ જેટલા કર્માણુઓ હોવાથી કર્મસ્કંધોથી કર્મપ્રદેશો અનન્તગુણ છે.

## કર્મસ્કંધોથી રસાવિભાગ અનન્તગુણ

જીવે ગ્રહણ કરેલા સર્વ અથવા એક સમયમાં ગ્રહણ કરાતા કર્મસ્કંધો અભવ્યથી અનંતગુણ અથવા સિદ્ધથી અનન્તમા ભાગ જેટલા અનન્ત છે, તે અતિ અલ્પ છે, અને પ્રત્યેક કર્મસ્કંધમાં રસાવિભાગ સર્વ જીવથી અનન્તગુણ જેટલા મોટા પ્રમાણમાં ( અનન્ત ) છે, માટે.

## કર્મપ્રદેશોથી રસાવિભાગ અનન્તગુણ

કર્મસ્કંધોથી જ રસાવિભાગ અનન્તગુણ છે, એટલું જ નહીં, પરન્તુ કર્મપ્રદેશોથી પણ રસાવિભાગ ( રસાણુઓ ) અનંતગુણ છે, કારણ કે એક જ કર્મસ્કંધમાંના પ્રત્યેક પ્રદેશમાં ( એકેક પ્રદેશે ) સર્વ જીવથી અનંતગુણ અનંતગુણ રસાણુઓ છે, માટે.

---

૧૭૯. આ અલ્પબહુત્વ ગાથામાં કહ્યું નથી તોપણ વિશેષ સ્પષ્ટતા માટે અહીં અર્થમાં કહ્યું છે. અથવા ગાથામાં કહેલા **कम्मपएसा** શબ્દના કર્મસ્કંધ અને કર્મપ્રદેશ બન્ને અર્થ કરીએ તો આ અલ્પબહુત્વ પણ અન્તર્ગત સૂચવેલું છે, એમ ગણી શકાય.

## યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ

અહીં સુધીમાં પ્રદેશબંધનું સ્વરૂપ સમાપ્ત થયું, પરન્તુ તે પ્રદેશબંધ કયાં કારણથી ? અને પ્રસંગથી પ્રકૃતિબંધ, સ્થિતિબંધ તથા રસબંધ એ ત્રણ પણ કયા હેતુથી થાય છે ? તે હેતુ કહેવાના પ્રસંગમાં કહેવાય છે, કે-યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ એ થાય છે. ત્યાં કર્મબંધના હેતુ મિથ્યાત્વ-અવિરતિ-કષાય અને યોગ એ ચાર કહ્યા છે, તોપણ મિથ્યાત્વાદિ ત્રણના અભાવે (એટલે ૧ યોગમાત્રના સદ્ભાવે પણ) ૧૧-૧૨-૧૩ ગુણસ્થાનમાં શાતાવેદનીયરૂપ ૧ પ્રકૃતિ (શાતારૂપ સ્વભાવવાળું કર્મ) અને તેના કર્મપ્રદેશો અવશ્ય બંધાય છે, અને જ્યાં યોગ નથી એવા ૧૪ મા અયોગી ગુણસ્થાનમાં પ્રકૃતિ (સ્વભાવ) તથા પ્રદેશબંધ નથી, માટે એ બેના બંધમાં યોગ અવશ્ય મુખ્ય હેતુ છે, તથા મિથ્યાત્વાદિ ગુણસ્થાને પણ કર્મના સ્વભાવરૂપ પ્રકૃતિબંધ તથા હીનાધિક પ્રદેશબંધ તો મુખ્યત્વે યોગથી જ છે, પરંતુ મિથ્યાત્વાદિ ત્રણ હેતુથી નહિ. એ ૩ હેતુઓ એ બે પ્રકારના કર્મબંધના સ્થિતિ-રસાદિમાં હેતુરૂપ છે, તેમ જ અલ્પયોગ હોય તો અલ્પપ્રદેશ (કર્મસ્કંધ) ગ્રહણ, અને અધિક યોગ હોય તો અધિક કર્મપ્રદેશનું ગ્રહણ થાય છે તે કારણથી પણ પ્રદેશબંધમાં યોગ મુખ્ય હેતુ છે.

## કષાયથી સ્થિતિબંધ અને રસબંધ

કષાય એટલે ક્રોધ, મન, માયા અને લોભરૂપ મોહોદયથી સહચરિત જીવનો અધ્યવસાય, અને તે કાષાયિક અધ્યવસાયની મંદતા-તીવ્રતાથી જ્ઞાનાવરણીયાદિ કર્મોની સ્થિતિ પણ હીનાધિક બંધાય છે, તે આ પ્રમાણે—કષાય મંદ-અલ્પ હોય

તો કર્મસ્થિતિ અલ્પ બંધાય છે, અને કષાય તીવ્ર-અધિક હોય તો કર્મસ્થિતિ પણ કષાયને અનુસારે અધિકાધિક યાવત્ સર્વોત્કૃષ્ટ સ્થિતિ પણ બંધાય છે, તે કારણથી કષાય વડે સ્થિતિબંધ થાય એમ કહ્યું છે.

તથા કર્મના રસબંધનું કારણ પણ કષાય છે, પરંતુ સ્થિતિબંધમાં કષાયની જે કારણતા છે તે અપેક્ષાએ રસબંધમાં કષાયની કારણતા જુદા પ્રકારે છે. કષાયના પ્રશસ્તકષાય અને અપ્રશસ્તકષાય એવા બે વિભાગો છે. મોક્ષ અને મોક્ષના સાધનો દેવ–ગુરુ–ધર્મ ઉપરનો રાગાદિ પરિણામ તે પ્રશસ્તકષાય છે, અને સંસાર તેમ જ સંસારના સાધનો કંચનકામિની વગેરે ઉપરનો રાગ તે અપ્રશસ્તકષાય છે. કષાય પોતે હંમેશા અપ્રશસ્ત જ છે, એમ છતાં કષાયોદય સાથે જો શુભલેશ્યા વર્ત્તતી હોય તો પોતાના સ્વરૂપે હંમેશા અપ્રશસ્ત એવો પણ કષાય પ્રશસ્તકષાય ગણાય છે. અને કષાયોદય સાથે અશુભ લેશ્યાઓ વિદ્યમાન હોય તો તે અપ્રશસ્તકષાય જ ગણાય છે. પ્રશસ્તકષાયોદય પ્રસંગે અઘાતિકર્મની જે પ્રકૃતિઓ બંધાય તેમાં શુભપણું (પુન્યપ્રકૃતિપણું) પ્રગટ થાય છે, અને પ્રશસ્તકષાયોદયની તીવ્રતા–મંદતાના પ્રમાણમાં શુભરસની પણ તીવ્રતા મંદતા ઉત્પન્ન થાય છે. તેમ જ તે સમયે બંધાતી ઘાતિકર્મની પ્રકૃતિઓમાં અશુભરસની મંદતા (અલ્પતા) બંધાય છે.

એ જ પ્રમાણે અપ્રશસ્તકષાયોદય પ્રસંગે બંધાતી અઘાતિકર્મની પ્રકૃતિઓમાં અશુભપણું (પાપપ્રકૃતિપણું) બંધાય છે, તેમ જ અપ્રશસ્તકષાયોદયની તીવ્રતા–મંદતા અનુસારે એ

અશુભ પ્રકૃતિઓમાં અશુભ રસની પણ તીવ્રતા–મંદતા ઉત્પન્ન થાય છે. અને તે અવસરે બંધાતી ઘાતિપ્રકૃતિઓમાં અશુભ કર્મની યથાયોગ્ય તીવ્રતા પ્રગટ થાય છે.

રસબંધમાં સામાન્ય રીતે કષાયોદયને કારણ ગણવામાં આવે છે અને અપેક્ષાએ તે વાત સાચી પણ છે. એમ છતાં શુભલેશ્યા તથા અશુભલેશ્યાના કારણે કષાયોદયનું પ્રશસ્તપણું અને અપ્રશસ્તપણું તેમ જ એ પ્રશસ્ત–અપ્રશસ્તકષાયોદયના કારણે ઉપર જણાવવા પ્રમાણે શુભ–અશુભ રસબંધ અને તેમાં તીવ્રતા–મંદતા પ્રગટ થતી હોવાથી મુખ્યત્વે લેશ્યાને રસબંધનું કારણ ગણવામાં આવે છે. જે બાબત પૃષ્ઠ ૧૯૨ ટીપણુ નં. ૮૧ માં કર્મપ્રકૃતિની મલયગિરિ મહારાજની ટીકાના પાઠ સાથે અગાઉ જણાવેલું છે.

**પ્રશ્નઃ**—કર્મબંધના મુખ્ય ચાર કારણો મિથ્યાત્વ–અવિરતિ-કષાય અને યોગ પૈકી–યોગથી પ્રકૃતિબંધ અને પ્રદેશબંધ, તેમ જ કષાયથી સ્થિતિબંધ અને રસબંધ એમ યોગ અને કષાયોનું કાર્ય તો જણાવ્યું. પરંતુ મિથ્યાત્વ અને અવિરતિ એ બન્ને કર્મબંધના કારણોથી શું કાર્ય થાય છે?

**ઉત્તરઃ**—જ્યાં જ્યાં મિથ્યાત્વનો ઉદય છે ત્યાં ત્યાં અવશ્ય અનન્તાનુબંધિ કષાયનો ઉદય હોય છે અને એ મિથ્યાત્વ સહચરિત અનન્તાનુબંધિના ઉદયથી જ મિથ્યાત્વમોહનીય, અનન્તાનુબંધિકષાય, નરકગતિ, નરકાયુષ્ય, નપુંસકવેદ વગેરે સોળ પ્રકૃતિઓ, તેનો ૭૦ કોડાકોડી–ત્રીશ કોડાકોડી ૨૦ કોડાકોડી વગેરે સ્થિતિબંધ અને તે પ્રકૃતિઓમાં ચઉઠાણીઓ અશુભરસ વગેરે ઉત્પન્ન થાય છે. એ બધું કાર્ય મિથ્યાત્વનું જ

છે. મિથ્યાત્વનો ઉદય ન હોય તો આ કાર્ય બને જ નહીં. એ જ પ્રમાણે જ્યાં સુધી અવિરતિ છે ત્યાં સુધી અપ્રત્યાખ્યાની (બીજા નંબરના) કષાયોનો ઉદય છે. અને એ અવિરતિ સહચરિત અપ્રત્યાખ્યાની કષાયોદય વડે જ અપ્રત્યાખ્યાની ચારકષાય, મનુષ્યગતિ, મનુષ્યનું આયુષ્ય, ઔદારિક શરીર વગેરે પ્રકૃતિઓ, તેની યથાયોગ્ય સ્થિતિ, અને શુભ-અશુભ રસ ઉત્પન્ન થાય છે. અવિરતિનો અભાવ થવા પૂર્વક જીવનમાં દેશવિરતિ અથવા સર્વવિરતિનું સ્થાન પ્રગટ થાય એટલે અવિરતિ સહચરિત અપ્રત્યાખ્યાની કષાયોદય વડે બંધાતી ઉપર જણાવેલ પ્રકૃતિઓ તેમ જ તેના સ્થિતિ-રસાદિનો બંધ અવશ્ય અટકી જાય છે. આટલા સ્પષ્ટીકરણથી મિથ્યાત્વ અને અવિરતિ નામના કર્મબંધના કારણોનું શું કાર્ય છે તે સ્પષ્ટ સમજાઈ જશે. ૯૬.

अवतरण—૯૫ મી ગાથામાં યોગસ્થાનો શ્રેણિના અસંખ્યાતમા ભાગ જેટલાં કહ્યાં, ત્યાં શ્રેણિ એટલે શું? તેનું સ્વરૂપ કહેવાને લોકાકાશનો ઘન કેવી રીતે કરવો તે તથા પ્રસંગે પ્રતરનું સ્વરૂપ પણ અન્તર્ગત હોવાથી તે પણ સર્વ આ ગાથામાં કહેવાય છે—

**चउदसरज्जूलोओ, बुद्धिकओ होइ सत्तरज्जुघणो।**
**तद्दीहेगपएसा, सेढी पयरो य तव्वग्गो ॥ ९७ ॥**

गाथार्थ—૧૪ રજ્જુરૂપ લોકાકાશનો બુદ્ધિ વડે ઘન કરીએ તો સાત રજ્જુ જેટલો ઘન થાય, તે ઘનીકૃત લોકની ઊર્ધ્વ અધઃ (નીચેથી ઉપર સુધીની) દીર્ઘ એવી એકેક આકાશ-

પ્રદેશની ( ૭ રજ્જુ દીર્ઘ ) પંક્તિ તે શ્રેણિ કહેવાય. અને તે શ્રેણિનો વર્ગ (=શ્રેણિના જેટલા આકાશ પ્રદેશ તેને તેટલાએ ગુણવાથી ) પ્રતર થાય. ૯૭.

વિશેષાર્થ–કોઈ પણ અનિયમિત આકારવાળા પદાર્થનો લંબાઈ, પહોળાઈ અને જાડાઈમાં સરખા માપવાળો આકાર કરવો તે તે પદાર્થનો ઘન કર્યો કહેવાય. અહીં ચૌદ રજ્જુરૂપ લોકાકાશનો આકાર ઉંચાઈમાં ૧૪ રજ્જુ પ્રમાણ છે, અને જાડાઈમાં કોઈ સ્થાને ૭ રજ્જુ, કોઈ સ્થાને ૬ રજ્જુ એમ યાવત્ મધ્યભાગે ૧ રજ્જુ લગભગ છે, પુનઃ ત્યાંથી ઉપર જાડાઈની વૃદ્ધિ થતાં થતાં કોઈ સ્થાને ૨–૩–૪ યાવત્ ૫ રજ્જુ પ્રમાણ જાડાઈ છે, પુનઃ ત્યાંથી પણ ઉપરના ભાગમાં અનુક્રમે જાડાઈ ઘટતાં ઘટતાં ૪–૩–૨–૧ રજ્જુ પ્રમાણ છે એ પ્રમાણે લંબાઈ, પહોળાઈ તથા જાડાઈમાં અનિયમિત એવા લોકાકાશનો જે આકાર અધોલોકમાં ઊંધા વાળેલા કુંડા સરખો છે, અને ઊર્ધ્વલોકમાં મૃદંગ સરખો છે, તે આકારને [૧૮૦] બુદ્ધિની કલ્પનાથી એવી રીતે ગોઠવવો કે જેથી લંબાઈ, પહોળાઈ અને જાડાઈ ( ઉંચાઈ ) એક સરખા માપમાં આવે, તે લોકાકાશનો ઘન બનાવવાની રીતિ આ પ્રમાણે—

૧૮૦. લોકાકાશનો ઘન કોઈ દેવ અથવા ઇંદ્રથી પણ થઈ શકે નહિં, પરન્તુ જીવાદિ પદાર્થોની સંખ્યાઓ સમજવામાં ( અસંખ્યાતનું પ્રમાણ સમજવામાં ) લોકાકાશની શ્રેણિઓ તથા પ્રતરો બહુ ઉપયોગી થાય છે, તે કારણથી અસત્કલ્પનાએ પણ લોકાકાશનો ઘન બુદ્ધિથી બનાવવો પડે છે.

## લોકાકાશનો ઘન બનાવવાની રીતિ


આ રીતિ લખવાથી સ્પષ્ટ સમજમાં આવે નહીં માટે તેનો આકાર દર્શાવીને તેનો કયો ખંડ ક્યાં જોડવો તે કહેવાશે.


આકૃતિ નં. ૧ પ્રમાણે લોકાકાશનો આકાર છે, તેમાં નીચેનું अ અક્ષરવાળું ડાબુ પાસુ છે તેને ઉપાડી જમણી બાજુના નીચેના પડખા સાથે જોડવું, એ પ્રમાણે જોડાવાથી અધોલોકનો વિસ્તાર ૪ રજ્જુ અને ઊંચાઈ ૭ રજ્જુ લગભગ થઈ. એ પ્રમાણે સંવર્ત્તન કરવાથી અધોલોકનો જે આકાર થયો તે આકૃતિ નં. ૨ પ્રમાણે જોઈ લેવો.

એ પ્રમાણે અધોલોકનો ઘન થયો નથી. પરન્તુ સંવર્ત્તન (સંહરણ) માત્ર થયું છે, ઘન તો ત્યારે કહેવાય કે ઊંચાઇ અને વિસ્તાર બન્ને સમાન થાય. હવે ઊર્ધ્વલોકનો ઘન કરવા માટે જે રીતિ છે તે આ પ્રમાણે—

ઊર્ધ્વલોકમાં ત્રસનાડીની ડાબી બાજુએ નીચે ઉપર ब તથા क એમ બે વિભાગ છે. તેમાં ब વિભાગને ત્રસનાડીની જમણી બાજુના નીચેના વિભાગ સાથે અને क વિભાગને ઉપરના વિભાગ સાથે જોડવાથી આકૃતિ નં. ૩ પ્રમાણે આકાર થાય છે. ત્યાર બાદ આકૃતિ નં. ૨ અને આકૃતિ નં. ૩ એ બંને ભેગા કરવાથી આકૃતિ નં. ૪ પ્રમાણે આકાર થાય છે. અને એ આકૃતિ નં. ૪ માં સાતરાજ લંબાઈ, સાતરાજ પહોળાઈ છે અને સાતરાજ ઊંચાઈ તેમ ઘનીકૃત લોકનો આકાર બરાબર થાય છે.

आकृति नं. १


१ रज्जु प्रमाण
५ रज्जु प्रमाण
ऊर्ध्वलोकनो
मध्य भाग.
१ रज्जु प्रमाण समग्र-
लोकनो मध्य भाग.
क
ब
अ
चौ
द
र
ज्जु
प्र
मा
ण
त्र
स
ना
डी
७ रज्जु प्रमाण ऊर्ध्वलोक
७ रज्जु प्रमाण अधोलोक
सप्त ७ रज्जु प्रमाण.



आकृति नं.२
आकृति नं.३
अ
क
ब
७ रज्जु प्रमाण
७ रज्जु प्रमाण
४ रज्जु प्रमाण
३ रज्जु प्रमाण
आकृति नं.४
अ
क
ब
७ रज्जु प्रमाण
७ रज्जु प्रमाण
७ रज्जु प्रमाण

નં. ૧–૨–૩–૪ આકૃતિઓમાં — — — —, – – – – – –, ————, આવી લાઈનો જે દેખાડવામાં આવી છે, તે કયો ભાગ કયાં જોડવામાં આવેલ છે, તે બાબત સ્પષ્ટ ખ્યાલમાં લાવવા માટે છે.

## લોકાકાશનું વ્યાવહારિક પ્રમાણ

લોકાકાશનો સર્વથી નીચેનો ભાગ ૭ રજ્જુ વિસ્તૃત તથા મધ્યભાગ ૧ રજ્જુ વિસ્તૃત કહેવાય છે, તે કંઈક ન્યૂનને સંપૂર્ણ ગણવાના વ્યવહારથી અથવા સાધિક અપૂર્ણાંકને પૂર્ણાંક ગણવાના વ્યવહારથી છે. પરંતુ વાસ્તવિક પ્રમાણ કંઈક તફાવતવાળું છે તે આ પ્રમાણે—

## લોકાકાશનું નૈશ્ચયિક પ્રમાણ

લોકાકાશનો સર્વથી નીચેનો ભાગ દેશોન સાત રજ્જુ અથવા સાધિક ૬ રજ્જુ પ્રમાણ છે. અને નૈશ્ચયિક મધ્યભાગ રજ્જુના સંખ્યાતમા ભાગ અધિક ૧ રજ્જુ પ્રમાણ છે. તથા તિર્યગ્લોકરૂપ વ્યાવહારિક મધ્યભાગ સંપૂર્ણ ૧ રજ્જુ પ્રમાણ છે, આ પ્રમાણે બે પ્રકારના મધ્યભાગ ગણવાથી અધોલોકની વાસ્તવિક ઊંચાઈ સાધિક ૭ રજ્જુ પ્રમાણ, તથા ઊર્ધ્વલોકની ઊંચાઈ દેશોન ૭ રજ્જુ પ્રમાણ છે.

એ પ્રમાણે અધોલોકને ૭ રજ્જુથી અધિક અને ઊર્ધ્વલોકને દેશોન સાત રજ્જુ ગણીને તથા સર્વથી નીચેનો ભાગ દેશોન ૭ રજ્જુ પ્રમાણ ગણીને જો લોકાકાશનો ઘન કરીએ તો તે લોકાકાશનો ઘન સાધિક ૬ રજ્જુ પ્રમાણ થાય છે, તેની સવિસ્તર સમજ ગ્રન્થાન્તરથી જાણવા યોગ્ય છે, અહીં

તો સંક્ષેપમાં વ્યાવહારિક રીતે લોકાકાશનો ઘન કરેલો છે, અને તે ૭ રજ્જુ પ્રમાણ ગણ્યો છે.

## ઘનીકૃત લોકની સૂચીશ્રેણિ

એ પ્રમાણે વ્યાવહારિક રીતે ૭ રજ્જુ ઊંચો, ૭ રજ્જુ વિસ્તૃત એવા ઘનીકૃત લોકાકાશની અસંખ્ય શ્રેણિઓ (એકેક આકાશ પ્રદેશની પંક્તિઓ) ૭ રજ્જુ દીર્ઘ છે, તે અસંખ્ય પ્રદેશપંક્તિઓમાંની કોઈ પણ ઊર્ધ્વ અધઃ[૧૮૧] દીર્ઘ અથવા તીર્છી દીર્ઘ ૧ પંક્તિ જે ૭ રજ્જુ દીર્ઘ છે તે અહીં સૂચી (સોય સરખી પાતળી અને દીર્ઘ) શ્રેણિ કહેવાય. એ સૂચી શ્રેણિની જાડાઈ પહોળાઈ ૧ આકાશપ્રદેશ જેટલી જાણવી, તે કારણથી ૭ રજ્જુ જેટલા દીર્ઘ ક્ષેત્રમાં એકેક આકાશપ્રદેશને પંક્તિબદ્ધ ગોઠવતાં જેટલા આકાશપ્રદેશ (૭ રજ્જુ ક્ષેત્રમાં) સમાય તેટલા (અસંખ્યાત) આકાશપ્રદેશ એક શ્રેણિમાં હોય.

## ઘનીકૃત લોકાકાશનું પ્રતર


પૂર્વે એક શ્રેણિમાં જેટલા આકાશપ્રદેશ કહ્યા છે તેટલી શ્રેણિઓનું ૧ પ્રતર થાય છે. કારણ કે ઘનીકૃત સમચતુરસ્ર લોકના પર્યન્તભાગે જે એક તીર્છીશ્રેણિ દક્ષિણથી ઉત્તર દીર્ઘ છે, તે જ શ્રેણિના પ્રત્યેક આકાશપ્રદેશથી તેટલી જ દીર્ઘતા-વાળી તેટલી જ શ્રેણિઓ પશ્ચિમથી પૂર્વ તરફ નીકળી છે, માટે તે સર્વ શ્રેણિઓ મળીને લોકાકાશનું ૧ પ્રતર (એટલે ૧ આકાશપ્રદેશ જાડું પડ) કહેવાય છે. તેવાં પ્રતરો પણ ઉપરા ઉપરી ૭ રજ્જુની ઊંચાઈ સુધીમાં સર્વત્ર આવેલાં છે.

---

૧૮૧. શાસ્ત્રમાં વિશેષતઃ ઊર્ધ્વઅધઃ દીર્ઘ પંક્તિઓ સૂચીશ્રેણિના પ્રસંગે કહી છે.

એ પ્રમાણે ૧ શ્રેણિમાં જેટલા આકાશપ્રદેશ તેટલી શ્રેણિઓનું ૧ પ્રતર અને તેટલા જ પ્રતર વડે ૧ ઘનીકૃત સમચોરસ લોકાકાશ હોય છે. તે કારણથી શ્રેણિના પ્રદેશોનો વર્ગ કરવાથી પ્રતર થાય અને પુનઃ તે વર્ગને શ્રેણિએ ગુણવાથી ઘન થાય છે. ઉદાહરણ તરીકે–૭ પ્રદેશ દીર્ઘ ૧ શ્રેણિ હોય તો પ્રતર ( ૭×૭= ) ૪૯ પ્રદેશનું સમચોરસ જ હોય છે, અને ( ૪૯×૭= ) ૩૪૩ પ્રદેશનો ઘનલોક થાય. અથવા ૭ પ્રદેશ દીર્ઘ ૧ શ્રેણિ એવી ૭ શ્રેણિઓ સાથે સાથે ગોઠવીએ તો પ્રતર થાય, અને તેટલાં જ ૭ પ્રતરો ઉપરા–ઉપરી ગોઠવીએ તો ઘન થાય—

શ્રેણિનો આકાર પ્રતરનો આકાર




ઊર્ધ્વાધઃ શ્રેણિ

એ પ્રમાણે શ્રેણિ–પ્રતર તથા ઘનલોકનું વ્યાવહારિક સ્વરૂપ અતિસંક્ષેપથી કહ્યું છે, પરંતુ તેનું સવિસ્તર ખંડગણિત તથા નૈશ્ચયિક માપથી ઘન બનાવવાની રીતિ વગેરે અનેક બાબતો આ પ્રસંગમાં જે સમજવા યોગ્ય છે તે ગ્રન્થાન્તરથી જાણવી.

॥ इति प्रवेशबंधः समाप्तः ॥

## उपशमश्रेणिः

अवतरण—એ પ્રમાણે પ્રદેશબંધનું સ્વરૂપ કહ્યું અને તે સાથે અહીં સુધીમાં આ પ્રકરણની પ્રથમ ગાથામાં દર્શાવેલાં ઉદ્દેશરૂપ ૨૬ દ્વારોનું સ્વરૂપ પણ કહ્યું, પરન્તુ પહેલી ગાથામાં ય (च) પદથી સૂચવેલ ઉપશમશ્રેણિ અને ક્ષપકશ્રેણિ સ્વરૂપ કહેવું બાકી રહ્યું છે. તેમાં પ્રથમ उपशमश्रेणिનું સ્વરૂપ કહેવાય છે. તે ઉપશમશ્રેણિનું સ્વરૂપ બહુ વિસ્તારવાળું હોવાથી તે સર્વ ગાથા દ્વારા દર્શાવતાં આ પ્રકરણ બહુ વિસ્તૃત થઈ જાય, તે અતિ વિસ્તૃત ન થવાના કારણથી કયા ક્રમથી ઉપશમ થાય છે, તે (મોહનીય પ્રકૃતિઓનો) કેવળ અનુક્રમ જ દર્શાવાશે. તથા ઉપશમના કેવળ મોહનીયકર્મની જ હોય છે, તે કારણથી આ ગાથામાં કેવળ મોહનીયની જ ઉપશાંત થતી પ્રકૃતિઓનો ક્રમ કહેવાય છે. તે આ પ્રમાણે—

**अण दंस नपुंसित्थी, वेय छक्कं च पुरिसवेयं च ।**
**दो दो एगंतरिए, सरिसे सरिसं उवसमेइ ॥ १८ ॥**

गाथार्थ—अण=પ્રથમ ૪ અનંતાનુબંધિ ઉપશાન્ત થાય, ત્યારબાદ दंस=૩ દર્શનમોહનીય ઉપશાન્ત થાય, ત્યારબાદ નપુંસકવેદ, ત્યારબાદ સ્રીવેદ, ત્યારબાદ छक्क હાસ્યાદિ ૬ પ્રકૃતિઓ (હાસ્ય-રતિ-અરતિ-શોક-ભય-જુગુપ્સા) ઉપશાન્ત થાય, ત્યાર બાદ પુરુષવેદ ઉપશાન્ત થાય, ત્યાર બાદ અપ્રત્યા-

ખ્યાનાદિ ૧૨ કષાયોમાંના સરિસે સરિસં=સરખે સરખા દો દો=બે બે કષાય તે સરખે સરખા એગંતરિએ=એકેક કષાયના અન્તરે ઉવસમેઇ=ઉપશમાવે-ઉપશાંત થાય. (અર્થાત્ પ્રથમ અપ્રત્યા૦ ક્રોધ અને પ્રત્યા૦ ક્રોધ [૧૮૨]એ ૨ સમકાળે ઉપશાંત થાય, ત્યાર બાદ ૧ સંજ્વલન ક્રોધ ઉપશાંત થાય, ત્યાર બાદ અપ્ર૦માન-પ્રત્યા૦માન એ ૨, અને ત્યારબાદ ૧ સંજ્વલન માન ઉપશાન્ત થાય. ત્યારબાદ અપ્ર૦માયા-પ્રત્યા૦માયા એ ૨ સમકાળે ઉપશાંત થાય, અને ત્યારબાદ ૧ સં૦ માયા ઉપશાંત થાય, ત્યારબાદ અપ્ર૦લોભ-પ્રત્યા૦ લોભ એ ૨, અને ત્યારબાદ ૧ સં૦લોભ ઉપશાંત થાય). इति उपशमश्रेणिः ૯૮

વિશેષાર્થ—ગાથામાં મોહનીય કર્મની સમકાળે ઉપશાન્ત થતી ૨૮ પ્રકૃતિઓનો જે અનુક્રમ કહ્યો તે અનુક્રમ અહીં સ્થાપનાથી સંક્ષેપમાં દર્શાવ્યા બાદ મોહનીય કર્મની ઉપશમનાનો કિંચિત્ વિધિ પણ કહેવાશે. તે સંક્ષિપ્ત સ્થાપના (પૃષ્ઠ ૩૬૧ માં) આ પ્રમાણેઃ—

ઉપશમ શ્રેણિમાં મોહનીય કર્મની પ્રકૃતિઓ જે અનુક્રમથી ઉપશાન્ત થાય છે તે અનુક્રમ ગાથામાં દર્શાવ્યો છે, પરન્તુ ઉપશમાવવાનો વિધિ કયા પ્રકારનો છે? તે વિધિ કંઈક સંક્ષેપથી કહેવાય છે, તે આ પ્રમાણે—

---

૧૮૨. અહીં **सरिसे सरिसं** સરખા કષાય એટલે સરખાપણું ક્રોધ-માન-માયા અને લોભ એ ૪ કષાયને અંગે સમજવું, પરન્તુ અપ્રત્યાખ્યાનાદિ ભેદને અંગે સરખાપણું નહિ.

| | |
|---|---|
| ११ मुं उपशान्तमोह गुण | |
| संज्व० लोभ १ | ૧૦ મે |
| अप्र० लोभ ( २ ) प्रत्या० लोभ | ૯ મે |
| संज्व० माया १ | ,, |
| अप्र० माया ( २ ) प्र० माया | ,, |
| संज्व० मान १ | ,, |
| अप्र० मान ( २ ) प्र० मान | ,, |
| संज्व० क्रोध १ | ,, |
| अप्र० क्रोध ( २ ) प्र० क्रोध | ,, |
| पुरुषवेद १ | ,, |
| हास्य-रति-अरति-शोक-भय-जुगु० ( ६ ) | ,, |
| स्त्रीवेद १ | ,, |
| नपुंसकवेद १ | ,, |
| मिथ्या० मिश्र-सम्यक्त्व ( ३ ) | ૭ મે |
| अनंतानु० क्रोध-मान-माय-लो० ( ४ ) | ૪-૫-૬-૭ મે |

**उपशमश्रेणि स्थापना**

( ઊર્ધ્વમુખી )

કયા ગુણસ્થાને ઉપશમન ક્રિયા

## સર્વોપશમના મોહનીયકર્મની જ

ઉપશમના [૧૮૩]દેશોપશમના અને સર્વોપશમના એમ ૨ પ્રકારની છે, ત્યાં દેશોપશમના તો પ્રત્યેક જીવને પ્રતિસમય અપૂર્વકરણ પર્યન્ત ([૧૮૪]સ્વ સ્વ અપૂર્વકરણ પર્યન્ત) સર્વ પ્રકૃતિઓની હોય છે, અને સર્વોપશમના તો કેવળ ૨૮ મોહ-પ્રકૃતિઓની જ હોય છે. આ પ્રકરણમાં દેશોપશમનાનું નહિ પણ સર્વોપશમનાનું જ સ્વરૂપ કહેવાશે, તેમાં પણ સર્વથી પ્રથમ સર્વોપશમના અનાદિ મિથ્યાદષ્ટિ જીવને દર્શનમોહનીયની જ હોય છે, તેનો સંક્ષિપ્ત વિધિ આ પ્રમાણે—

## પ્રથમ ૩ દર્શન મોહનીયની સર્વોપશમના

કર્મગ્રન્થ, કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોમાં પ્રથમ ૩ દર્શનમોહનીયની સર્વોપશમના કહી છે, અને સિદ્ધાન્તોમાં અનાદિમિથ્યાદષ્ટિ જીવને પ્રથમ ૩ દર્શનમોહનીયનો અને ૪ અનંતાનુબંધિનો (એ ૭ પ્રકૃતિનો) ક્ષયોપશમ થાય એમ કહ્યું છે, પરન્તુ અહીં કર્મગ્રંથનો વિષય હોવાથી પ્રથમ ૩ દર્શનમોહ-

---

૧૮૩. દેશોપશમના એટલે જે કર્મપ્રદેશોનો ઉદય-ઉદીરણા ઇત્યાદિ ન થઈ શકે, પરંતુ ઉદ્વર્તના અપવર્તના અને સંક્રમ એ ૩ થઈ શકે તેવી અવસ્થા પામેલા કર્મપ્રદેશો દેશોપશાન્ત કહેવાય. આ દેશોપશમના ૮ મૂળ કર્મની તથા ૧૫૮ ઉત્તરપ્રકૃતિની હોય છે, અને સર્વોપશમના ૧ (મોહનીય) મૂળ પ્રકૃતિના ૨૮ ઉત્તર પ્રકૃતિની હોય છે.

૧૮૪. જેમ મિથ્યાત્વનું અપૂર્વકરણ મિથ્યાત્વના ઉપશમ ક્ષય પ્રસંગે, અનંતાનુબંધિનું અપૂર્વકરણ અનંતાની વિસંયોજના વા ઉપશમના પ્રસંગે, જ્ઞાનાવરણીયાદિકનું આઠમા ગુણસ્થાને ઇત્યાદિ.

નીયની સર્વોપશમના કહેવાય છે. ત્યાં કેવા પ્રકારનો અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ૩ દર્શનમોહનીયને ઉપશમાવે? તે કહેવાય છે. એ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ ૩ દર્શનમોહનીયને ઉપશમાવીને અને ૪ અનંતાનુ૦નો ક્ષયોપશમ કરીને જે સમ્યક્ત્વ પામે તે प्रथम उपशम सम्यक्त्व કહેવાય, અને એ સમ્યક્ત્વથી ઉપશમશ્રેણિ થતી નથી માટે अश्रेणिगत ઉપશમ સમ્યક્ત્વ પણ કહેવાય.

## દર્શન મોહનીયની પ્રથમ સર્વોપશમના કરનાર જીવ

સંજ્ઞિ, પંચેન્દ્રિય, અને પર્યાપ્ત એ ૩ લબ્ધિવાળો (એટલે સંજ્ઞિપંચેન્દ્રિય પર્યાપ્ત) અથવા ઉપશમલબ્ધિ, ઉપદેશશ્રવણ લબ્ધિ, અને ૩ કરણાનુગત ઉત્કૃષ્ટ યોગલબ્ધિ એ ૩ લબ્ધિવાળો તેમ જ પ્રથમ અન્તર્મુહૂર્ત સુધી વિશુદ્ધિચિત્તસંતતિવાળો (પ્રતિસમય અનંતગુણ વિશુદ્ધિમાં વધતો), મતિ અજ્ઞાન અથવા શ્રુત અજ્ઞાન અથવા વિભંગજ્ઞાન એ ૩ અજ્ઞાનમાંના કોઈ પણ એક અજ્ઞાનમાં સાકારોપયોગે વર્તતો (જ્ઞાનોપયોગમાં વર્તતો) ૩ યોગમાંના કોઈ પણ ૧-૧ યોગમાં વર્તતો, ૩ શુભલેશ્યામાંની કોઈ પણ ૧ શુભલેશ્યામાં વર્તતો, તેમાં પણ જઘન્ય પરિણામે તેજો લેશ્યામાં, મધ્યમ પરિણામે પદ્મલેશ્યામાં, અને ઉત્કૃષ્ટ પરિણામે શુક્લલેશ્યામાં વર્તતો, તથા આયુ: સિવાયના ૭ કર્મોની અંતઃકોડાકોડિ સાગરોપમ પ્રમાણ સ્થિતિ સત્તામાં અને એટલા જ પ્રમાણના સ્થિતિબંધમાં વર્તતો તથા અશુભ પ્રકૃતિઓની ચતુઃસ્થાની રસસત્તાને દ્વિસ્થાની રસસત્તા કરતો, તેમ જ અશુભપ્રકૃતિઓના ચતુઃસ્થાની રસબંધને બદલે દ્વિસ્થાની રસ બાંધતો, અને શુભ પ્રકૃતિઓના દ્વિસ્થાની રસબંધને બદલે

ચતુઃસ્થાની રસ બાંધતો, તથા દરેક અન્તર્મુહૂર્તે પલ્યોપમાસંખ્યેય ભાગ ન્યૂન (અંતઃ કો૦ કો૦ સાગરોપમ જેટલા પૂર્વ સ્થિતિબંધથી ન્યૂન ન્યૂન) નવો નવો સ્થિતિબંધ બાંધતો, પરાવર્ત્તમાન પ્રકૃતિઓમાંની શુભ પરાવર્ત્તમાન પ્રકૃતિઓ બાંધતો અને અશુભપરા૦ પ્રકૃતિઓને નહિં બાંધતો (ધ્રુવબંધિ અશુભપ્રકૃતિઓ તો ધ્રુવબંધિ હોવાથી બાંધતો) તથા બંધાતી અશુભપ્રકૃતિઓનો દ્વિસ્થાનિક રસબંધ પણ પ્રતિસમય અનંતગુણ હીન હીન બાંધતો, અને બંધાતી શુભપ્રકૃતિઓના ચતુઃસ્થાનિક રસબંધને પણ પ્રતિસમય અનંતગુણ અધિક અધિક બાંધતો એવો ૪ ગતિમાંની કોઈ પણ ગતિનો જીવ (એ પ્રમાણે આગળ કહેવાતા ૩ કરણો પહેલાંની ઉપર્યુક્ત અવસ્થાવાળો જીવ) દર્શન મોહનીયની પ્રથમ સર્વોપશમના કરી શકે છે.

इति करणत्रयकालात्पूर्वं अन्तर्मुहूर्तम्

આવા પ્રકારનો જીવ દર્શનમોહનીયની પ્રથમ સર્વોપશમના કરવા માટે સર્વથી પ્રથમ યથાપ્રવૃત્તકરણ નામનું પહેલું કરણ (करण–આત્મપરિણામ–યોગ) કરે, તેનું સ્વરૂપ આ પ્રમાણે—

## ૧ यथाप्रवृत्तकरण

यथा એટલે જેવા प्रवृत्त=યોગની પ્રવૃત્તિ અથવા જેવી અધ્યવસાયની વિશુદ્ધિની પ્રવૃત્તિ તે રૂપ करण=આત્મપરિણામ અથવા યોગ તે यथाप्रवृत्तकरण કહેવાય, પૂર્વે ૧ અન્તર્મુહૂર્ત સુધીની અધિકાધિક (અનંતગુણ અનંતગુણ) વિશુદ્ધિથી પણ આ કરણના પહેલા સમયની વિશુદ્ધિ અનંતગુણી છે, તેથી બીજા સમયની વિશુદ્ધિ અનંતગુણી, તેથી ત્રીજા સમયની વિશુદ્ધિ અનંતગુણી એ પ્રમાણે યથાપ્રવૃત્તકરણના પર્યન્ત સમય-

સુધી પ્રતિસમય અનન્તગુણ અનન્તગુણ વિશુદ્ધિ જાણવી.

इति यथाप्रवृत्तविशुद्धि

તથા આ કરણમાં પહેલા સમયપ્રાયોગ્ય અધ્યવસાયસ્થાનો અસંખ્ય લોકાકાશના જેટલા આકાશપ્રદેશ તેટલાં (અસંખ્યાત) છે, બીજા સમયમાં વર્તવાયોગ્ય અધ્યવસાયસ્થાનો તેથી વિશેષાધિક છે, ત્રીજા સમયનાં અધ્યવસાયસ્થાનો તેથી પણ વિશેષાધિક છે, એ પ્રમાણે યથાપ્રવૃત્તના પર્યન્ત સમયસુધીના સર્વે સમયો પ્રત્યેક (પ્રત્યેક સમયના) વિશેષાધિક વિશેષાધિક અધ્યવસાયો જાણવા. આ અધ્યવસાયોને ગોઠવીએ તો વિષમચોરસ આકારમાં ગોઠવાય છે.

इति प्रतिसमय अध्यवसायस्थानविशेषाधिकता

તથા કોઈ બે જીવે સમકાળે યથાપ્રવૃત્તકરણ આરંભ્યું હોય તેમાં એક જીવ એ કરણના પહેલા જ સમયમાં અતિ જઘન્ય વિશુદ્ધિવાળો હોય, અને બીજો જીવ સર્વોત્કૃષ્ટ વિશુદ્ધિવાળો હોય, તો પ્રથમ જીવની પ્રથમ સમયની જઘન્યવિશુદ્ધિ અતિ અલ્પ હોય છે, તેથી એ જ જીવની બીજા સમયની જઘન્ય-વિશુદ્ધિ અનંતગુણી, તેથી એ જ જીવની ત્રીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણી, એ પ્રમાણે યથાપ્રવૃત્તકરણના એક સંખ્યાતમા ભાગ સુધી જઘન્યવિશુદ્ધિ ક્રમશઃ અનંતગુણી અનંતગુણી જાણવી. ત્યાર બાદ આ સંખ્યાતમા ભાગના છેલ્લા સમયની (પહેલા જીવ સંબંધિ) જઘન્યવિશુદ્ધિથી ઉપર કહેલા બીજા જીવની પ્રથમ સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનન્તગુણી, તેથી પૂર્વમુક્ત પ્રથમ જીવની ઉક્તજઘન્યવિશુદ્ધિસમયની અનન્તર સમયની જઘન્યવિશુદ્ધિ અનન્તગુણી, તેથી બીજા જીવની બીજા

સમયની ઉત્કૃષ્ટવિશુદ્ધિ અનન્તગુણી, તેથી પ્રથમ જીવની પૂર્વ-મુક્તજઘન્યવિશુદ્ધિથી તદનંતર સમયની જઘન્યવિશુદ્ધિ અનન્તગુણી, એ પ્રમાણે પ્રથમ જીવની ચરિમ સમયની જઘન્યવિશુદ્ધિ અનન્તગુણી આવે ત્યાંસુધી કહેવું, અને ઉત્કૃષ્ટવિશુદ્ધિ કહેવા માટે બાકી રહેલા સંખ્યાતમા ભાગ જેટલા સમયોમાં ઉત્કૃષ્ટ વિશુદ્ધિ નિરંતરપણે અનંતગુણ જાણવી, તેની સ્થાપના—

ધારો કે યથાપ્રવૃત્તકરણના ૨૦ સમય હોય, અને પહેલો સંખ્યાતમો ભાગ ૪ સમયનો કલ્પીએ તો યથાપ્રવૃત્તકરણમાં જઘન્ય તથા ઉત્કૃષ્ટવિશુદ્ધિએ જુદા જુદા સમકાળે પ્રવેશ કરેલા બે જીવોની વિશુદ્ધિમાં વિષમતા આ પ્રમાણે હોય—

| સમય | | વિશુદ્ધિ | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ ની | જઘ૦ | અનંતગુણ | તેથી | | | | |
| ૨ ની | ,, | ,, | તેથી | | | | |
| ૩ ની | ,, | ,, | તેથી | | | | |
| ૪ ની | ,, | ,, | તેથી– | ૧ ની | ઉ૦વિ૦ | અનંતગુણ, | તેથી |
| ૫ ની | ,, | ,, | તેથી– | ૨ ની | ,, | ,, | તેથી |
| ૬ ની | ,, | ,, | તેથી– | ૩ ની | ,, | ,, | તેથી |
| ૭ ની | ,, | ,, | તેથી– | ૪ ની | ,, | ,, | તેથી |
| ૮ ની | ,, | ,, | તેથી– | ૫ ની | ,, | ,, | તેથી |
| ૯ ની | ,, | ,, | તેથી– | ૬ ની | ,, | ,, | તેથી |
| ૧૦ ની | ,, | ,, | તેથી– | ૭ ની | ,, | ,, | તેથી |
| ૧૧ ની | ,, | ,, | તેથી– | ૮ ની | ,, | ,, | તેથી |
| ૧૨ ની | ,, | ,, | તેથી– | ૯ ની | ,, | ,, | તેથી |
| ૧૩ ની | ,, | ;, | તેથી– | ૧૦ ની | ,, | ,, | તેથી |

| સમય | વિશુદ્ધિ | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૪ ની | જઘ૦ | અનંતગુણ | તેથી–૧૧ ની | ઉ૦વિ૦ | અનંતગુણ | તેથી |
| ૧૫ ની | ,, | ,, | તેથી–૧૨ ની | ,, | ,, | તેથી |
| ૧૬ ની | ,, | ,, | તેથી–૧૩ ની | ,, | ,, | તેથી |
| ૧૭ ની | ,, | ,, | તેથી–૧૪ ની | ,, | ,, | તેથી |
| ૧૮ ની | ,, | ,, | તેથી–૧૫ ની | ,, | ,, | તેથી |
| ૧૯ ની | ,, | ,, | તેથી–૧૬ ની | ,, | ,, | તેથી |
| ૨૦ ની | ,, | ,, | તેથી–૧૭ ની | ,, | ,, | તેથી |
| | | | ૧૮ ની | ,, | ,, | તેથી |
| | | | ૧૯ ની | ,, | ,, | તેથી |
| | | | ૨૦ ની | ,, | ,, | |

આ કરણનું બીજું નામ પૂર્વપ્રવૃત્તકરણ (૩ કરણમાં પ્રથમ પ્રવર્તનારું કરણ) છે. આ યથાપ્રવૃત્તકરણમાં પ્રથમના અન્તર્મુહૂર્તની સર્વ વક્તવ્યતા (વિશુદ્ધિ વર્જીને) કહેવી, પરન્તુ વિશુદ્ધિની આ કહેલી વિષમતા ત્યાં નિયમિત નથી. इति विशुद्धि विषमता.

## યથાપ્રવૃત્તકરણ અને અપૂર્વકરણ એ ૨ કરણની સામ્યતા.

પ્રતિ સમય અનંતગુણ વિશુદ્ધિ, પ્રતિસમય અસંખ્ય લોકાકાશ જેટલા અધ્યવસાય, અને પ્રતિસમય અધ્યવસાયોની વિશેષાધિકતા, તથા અધ્યવસાયોની વિષમચતુરસ્ર આકૃતિ એ ૪ વિષય તથા તિર્યક્ષટ્સ્થાનીય હાનિવૃદ્ધિ સહિત ૫ વિષય-તુલ્ય છે, ત્યાં તિર્યગ્વિશુદ્ધિમાં षट्स्थानहानिवृद्धि આ પ્રમાણે—

યથાપ્રવૃત્તના પ્રથમ સમય યોગ્ય જે અસંખ્ય લોકાકાશ જેટલાં અધ્યવસાયસ્થાનો છે, તેમાંનાં કેટલાંક અધ્યવસાયસ્થાનો પ્રથમાદિ અધ્યવસાયોમાં વર્ત્તતી વિશુદ્ધિની અપેક્ષાએ અનંત ભાગ અધિક છે, કેટલાંક અસંખ્યભાગ અધિક છે, કેટલાંક અસંખ્યગુણ અધિક છે, કેટલાક સંખ્યગુણ અધિક, કેટલાંક અસંખ્યગુણ અધિક છે, અને કેટલાંક અનંતગુણ અધિક છે, એ પ્રમાણે પૂર્વાનુપૂર્વીએ ( ક્રમશઃ ) ૬ પ્રકારની વૃદ્ધિ છે, તેમ જ પશ્ચાનુપૂર્વીએ વિચારીએ તો અનંતગુણહીન, અસંખ્યગુણહીન, સંખ્યગુણહીન, સંખ્યભાગહીન, અસંખ્યભાગહીન અને અનન્તભાગહીન એ પ્રમાણે ૬ પ્રકારની હાનિ પ્રથમાદિ અધ્યવસાયસ્થાન અપેક્ષાએ છે. એ રીતે યથાપ્રવૃત્તના બીજા સમયના અસંખ્ય લોકપ્રમાણ અધ્યવસાયોમાં ૬ વૃદ્ધિ ૬ હાનિ છે. તેમ જ ત્રીજા સમયમાં યાવત્ યથાપ્રવૃત્તના અને અપૂર્વ૦ના સર્વ સમયોમાં પ્રત્યેકમાં ૬ વૃદ્ધિ, ૬ હાનિ હોવાથી આ બે કરણોના અધ્યવસાયો ષટ્સ્થાનપતિત કહેવાય છે.

## યથાપ્ર૦ અને અપૂર્વ૦ એ ૨ કરણોની ભિન્નતા

પૂર્વોક્ત ૫ વિષયો જેમ યથાપ્રવૃત્તકરણમાં છે, તેમ અપૂર્વકરણમાં પણ છે, પરન્તુ જઘન્યોત્કૃષ્ટ વિશુદ્ધિમાં તફાવત એ છે કે–યથાપ્રવૃત્તકરણમાં દરેક સમયની જઘન્યોત્કૃષ્ટ વિશુદ્ધિ ઊર્ધ્વાધઃ રીતે ( પૂર્વે દર્શાવેલી સ્થાપના તથા રીતિ પ્રમાણે અપરાપરસમયાપેક્ષી ) છે, અને અપૂર્વકરણમાં પ્રત્યેક સમયની જઘન્યોત્કૃષ્ટ વિશુદ્ધિ તિર્યક્ રીતે એટલે સ્વસમયાપેક્ષી છે, તથા આ અપૂર્વકરણમાં સ્થિતિઘાત, રસઘાત, ગુણશ્રેણિ અને અપૂર્વસ્થિતિબંધ એ ૪ પદાર્થ નવા પ્રવર્તે છે, અને યથા-

પ્રવૃત્તકરણમાં સ્થિતિઘાત રસઘાત વિગેરે પ્રવર્તતા [૧૮૫] નથી. હવે તે સ્થિતિઘાતાદિકનું સ્વરૂપ આ પ્રમાણે—

## ૨ જું अपूर्वकरण

યથાપ્રવૃત્તકરણના પર્યન્તસમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિથી અપૂર્વકરણના પ્રથમ સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણી, તેથી એ જ પ્રથમ સમયની ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી, તેથી આ કરણના જ બીજા સમયની જઘન્યવિશુદ્ધિ અનંતગુણી, તેથી એ જ બીજા સમયથી ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી, એ પ્રમાણે અપૂર્વકરણના પર્યન્ત સમય સુધીના પ્રત્યેક સમયમાં જઘન્ય-વિશુદ્ધિથી (તે જ સમયની) ઉત્કૃષ્ટ વિશુદ્ધિ અનંતગુણી જાણવી, જેથી આ કરણમાં યથાપ્રવૃત્તકરણવત્ વિશુદ્ધિની વિષમતા નથી. તેની સામાન્ય સ્થાપના આ પ્રમાણે—

૧ લા સમયની જ. વિ. અલ્પ તેથી ૧ લા સમયની ઉ. વિ. અનંતગુણ, તેથી

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨ જા | ,, | અનંતગુણ | તેથી ૨ જા | ,, | ,, | | તેથી |
| ૩ જા | ,, | ,, | તેથી ૩ જા | ,, | ,, | | તેથી |
| ૪ થા | ,, | ,, | તેથી ૪ થા | ,, | ,, | | તેથી |
| ૫ મા | ,, | ,, | તેથી ૫ મા | ,, | ,, | | |

ઇત્યાદિ રીતે ૨૦ મા સમય સુધી એટલે વાસ્તવિક રીતે

૧૮૫. અપૂર્વકરણથી પહેલાં જોકે અલ્પ પ્રમાણમાં સ્થિતિઘાત, રસઘાત અને અન્ય સ્થિતિબંધાદિ પ્રવર્તે છે, પરંતુ અલ્પ હોવાથી ગણત્રીમાં નથી. અપૂર્વકરણમાં ઘણા પ્રમાણથી પ્રવર્તે છે, કે જે સ્થિતિઘાતાદિ એ પહેલાં પ્રવર્તતા ન હતા, માટે **अपूर्व** કહેવાય છે અને ત્યાંથી જ પ્રવર્તે એમ કહ્યું છે.

અપૂર્વકરણના પર્યન્ત સમય સુધી. એકેક સમયમાં જ૦ ઉ૦ વિશુદ્ધિ તિર્યગ્ રીતે કહેવી, પરંતુ યથાપ્રવૃત્તવત્ ઉર્ધ્વાધ: રીતે નહિ.

इति विशुद्धिविषमता

## અપૂર્વકરણમાં અધ્યવસાયસ્થાનો

યથાપ્રવૃત્તવત્ અપૂર્વકરણમાં પણ પ્રતિસમય અસંખ્ય-લોકાકાશના આકાશપ્રદેશ જેટલાં અધ્યવસાયસ્થાનો છે, અને તે પણ પ્રતિસમય વિશેષાધિક હોવાથી તેની સ્થાપના કરીએ તો વિષમચોરસ આકારમાં ગોઠવી શકાય છે. તે આ પ્રમાણે—

o o o o o
o o o o o o
o o o o o o o
o o o o o o o o ઇતિ વિષમચતુરસ્રક્ષેત્રસ્થાપના
o o o o o o o o o
o o o o o o o o o o
o o o o o o o o o o o
o o o o o o o o o o o o
o o o o o o o o o o o o o
o o o o o o o o o o o o o o

## અપૂર્વકરણમાં સ્થિતિઘાત

આ બીજા કરણમાં સ્થિતિઘાતાદિ ૪ (તથા ગુણસંક્રમસહિત ૫) અપૂર્વ પદાર્થ પ્રવર્તે છે, માટે अपूर्वकरण નામ છે. ત્યાં સ્થિતિઘાતનું સ્વરૂપ આ પ્રમાણે—

કર્મસ્થિતિનો પર્યન્ત ભાગ ઉત્કૃષ્ટથી ઘણા સેંકડો સાગરોપમનો અને જઘન્યથી પલ્યોપમના સંખ્યાતમાં ભાગ જેટલો

[૧૮૬]ઉકેરી નીચેના ભાગમાં જે સ્થિતિઓ ખંડાતી ન હોય, (અર્થાત્ જે સ્થિતિનો સ્થિતિઘાત થતો નથી) તે સ્થિતિઓમાં તે ઉકેરેલા પર્યન્ત ભાગના (ની સ્થિતિઓના) કર્મપ્રદેશો અન્તર્મુહૂર્ત સુધી પ્રતિસમય પ્રક્ષેપી પ્રક્ષેપીને (તે ઉકેરેલા) સ્થિતિખંડનો સર્વથા નાશ કરવો તે **સ્થિતિઘાત** કહેવાય. એ ઉકેરાતા સ્થિતિખંડના કર્મપ્રદેશો પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ ઉકેરાય છે, તે આ પ્રમાણે–પ્રથમસમયે સર્વાલ્પ, બીજે સમયે તેથી અસંખ્યગુણ, ત્રીજે સમયે તેથી અસંખ્ય ગુણ, એ પ્રમાણે અન્તર્મુહૂર્તના પર્યન્ત સમય સુધી જાણવું. પુનઃ બીજા અન્તર્મુહૂર્તમાં એ જ પદ્ધતિએ ઉકેરાઈ ગયેલા સ્થિતિખંડની નીચેનો પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલો સ્થિતિખંડ ઉકેરે, (વિનાશ પમાડે), એ પ્રમાણે અપૂર્વકરણના એક અન્તર્મુહૂર્તમાં સ્થિતિઘાતના ઘણા હજારો [૧૮૭]અન્તર્મુહૂર્ત વ્યતીત થાય છે (એટલે અપૂર્વકરણમાં ઘણા હજાર સ્થિતિઘાત થાય છે), અને એ પ્રમાણે હજારો સ્થિતિઘાત થવાથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે કર્મસ્થિતિ હતી, તેનાથી અપૂર્વકરણનો પર્યન્ત સમયે સંખ્યાતગુણહીન કર્મસ્થિતિ (અર્થાત્ એક સંખ્યાતમા ભાગ જેટલી) રહે છે.

इति स्थितिघातः

---

૧૮૬. "ઉકેરી" એટલે સ્થિતિખંડની પ્રત્યેક સ્થિતિઓમાંથી અનન્ત અનન્ત કર્મપ્રદેશો ઉપાડીને.

૧૮૭. અપૂર્વકરણનું અન્તર્મુ૦ મોટું અને સ્થિતિઘાતનું અન્તર્મુ૦ બહુ ન્હાનું હોય છે. અને રસઘાતનું અન્તર્મુ૦ તેથી પણ અત્યંત ન્હાનું જાણવું.

## અપૂર્વકરણમાં રસઘાત

અપૂર્વકરણમાં પ્રથમ સમયે કર્મનો જે રસ (રસસ્પર્ધક-સમુદાય) હોય છે, તેમાંનો અનન્તમો ૧ ભાગ બાકી રાખી શેષ સર્વ અનન્તભાગ એક અન્તર્મુહૂર્તમાં વિનાશ પમાડે, પુનઃ બીજા અન્તર્મુહૂર્તમાં બાકી રહેલા અનન્તમા ભાગ જેટલા રસમાંથી પુનઃ ૧ અનન્તમો ભાગ બાકી રાખી શેષ સર્વ અનન્તભાગ વિનાશ પમાડે, એ પ્રમાણે ૧ સ્થિતિઘાતમાં હજારો રસઘાત થાય, અને તેવા હજારો સ્થિતિઘાત વડે અપૂર્વકરણનો કાળ પૂર્ણ થાય આ પ્રમાણે થવાથી અપૂર્વકરણના પ્રથમ સમયે જે રસ (અથવા રસસ્પર્ધકો) વિદ્યમાન હતો તેમાંથી અપૂર્વકરણના પર્યન્ત સમયે ૧ અનન્તમા ભાગ જેટલો રસ રહે છે.

## અપૂર્વકરણમાં ગુણશ્રેણી

જે સ્થિતિખંડનો ઘાત થાય છે, (અથવા પહેલા અન્તર્મુહૂર્ત ઉપરાન્તની જે સ્થિતિઓ છે) તેમાંથી પ્રતિસમય ઉકેરાતા કર્મપ્રદેશોને ઉદય સમયથી (અથવા ઉદયાવલિકાથી બહારના સમયથી) અન્તર્મુ૦ પર્યન્ત અસંખ્યગુણ અસંખ્યગુણ પ્રક્ષેપવા. તે આ પ્રમાણેઃ-પ્રથમ સમયે ઉકેરેલા પ્રદેશોને પ્રથમ સમયમાં (સ્થિતિમાં) અલ્પ, તેથી બીજા સમયમાં (સ્થિતિમાં) અસંખ્યગુણ, તેથી ત્રીજી સ્થિતિમાં અસંખ્યગુણ, એ પ્રમાણે ગુણશ્રેણિરૂપ અન્તર્મુહૂર્ત જેટલી સ્થિતિઓમાં ક્રમશઃ પ્રક્ષેપવા તે ગુણશ્રેણિ કહેવાય. આનું વિશેષ સ્વરૂપ गुणसेढीदलरयणा એ ગાથાના વિશેષાર્થમાં કહેવાયું છે.

## અપૂર્વકરણમાં અન્યસ્થિતિબંધ

અપૂર્વકરણ પહેલાં (યથાપ્રવૃત્તમાં) જે અંતઃકો૦કો૦

સાગરોપમ જેટલી કર્મસ્થિતિ બંધાતી હતી તેમાંથી અપૂર્વકરણના પ્રથમ સમયે પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલી ન્યુન સ્થિતિ બંધાય, બીજે સમયે, ત્રીજે સમયે, યાવત્ અન્યસ્થિતિબંધના અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ સુધી એક સરખી સ્થિતિ બંધાયા કરે, ત્યાર બાદ બીજા અન્તર્મુહૂર્તમાં પુનઃ પલ્યો૦નો સંખ્યાતમો ભાગહીન નવો સ્થિતિબંધ ચાલુ રહે, પુનઃ ત્રીજા અન્તર્મુ૦માં તેથી પણ પલ્યો૦નો સંખ્યાતમો ભાગ ન્યૂન સ્થિતિબંધ થાય. એ પ્રમાણે હજારો અન્યસ્થિતિબંધો વડે અપૂર્વકરણ પણ પૂર્ણ થાય. એ [૧૮૮] ૪ પદાર્થ અપૂર્વકરણથી પ્રારંભાય છે.

## સ્થિતિઘાત–સ્થિતિબંધનો કાળ અને સંખ્યા સમાન

જે સમયે સ્થિતિઘાત પ્રારંભાય તે જ સમયે અન્યસ્થિતિબંધ પ્રારંભાય છે, અને જે સમયે ( ઉકેરેલા પ્રથમ સ્થિતિખંડનો ) સ્થિતિઘાત સમાપ્ત થાય છે, તે જ સમયે તે અન્યસ્થિતિબંધ પણ સમાપ્ત થાય છે. ત્યાર બાદ પુનઃ બીજા અન્તર્મુ૦માં નવો સ્થિતિઘાત ( બીજા સ્થિતિખંડનો ઘાત ) પ્રારંભાતાં સમકાળે જ નવો અન્યસ્થિતિબંધ પણ પ્રારંભાય છે, અને સંપૂર્ણ પણ સાથે જ થાય છે. એ પ્રમાણે હોવાથી જેટલા હજાર સ્થિતિઘાત તેટલા હજાર અન્યસ્થિતિબંધ

૧૮૮. ૫ મો **ગુણસંક્રમ** પદાર્થ પણ છે, પરન્તુ તે કેટલાક અપૂર્વકરણોમાં હોય છે અને કેટલાક અપૂર્વકરણોમાં નથી હોતો, પરન્તુ ૮ મા ગુણસ્થાનરૂપ અપૂર્વકરણથી તો ગુણસંક્રમ પણ અવશ્ય પ્રારંભાય છે.

( સમસંખ્યાએ ) થાય છે, તેમ જ સ્થિતિઘાત–અન્યસ્થિતિબંધ એ બેનો પ્રારંભ અને સમાપ્તિ પણ સાથે જ થાય છે.

## ३ जुं अनिवृत्तिकरण

निवृत्ति એટલે ( એક જ સમયમાં અધ્યવસાયોની ) વ્યાવૃત્તિ–ફેરફારી–ભિન્નતા જેમાં अ=નથી તે अनिवृत्तिकरण કહેવાય. અર્થાત્ યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણમાં દરેક સમયના અસંખ્ય અસંખ્ય અધ્યવસાયો હતા, અને આ કરણમાં એક સમયમાં એક જ અધ્યવસાય હોય છે. અથવા યથાપ્રવૃત્ત અને અપૂર્વકરણમાં કોઈ પણ એક સમયમાં વર્તતા અસંખ્ય જીવોના વિશુદ્ધિભેદથી જુદા જુદા અસંખ્ય અધ્યવસાયો હોય છે, અનિવૃત્તિકરણના કોઈ પણ એક સમયમાં વર્તતા અસંખ્ય જીવોનો પણ અધ્યવસાય સર્વથા તુલ્ય એક સરખો જ હોય છે, જેથી વિશુદ્ધિ સર્વે જીવોની એક સરખી જ હોય છે. એ પ્રમાણે આ કરણના પ્રત્યેક સમયના એકેક અધ્યવસાય હોવાથી અનિવૃત્તિકરણના અન્તર્મુહૂર્ત્તના જેટલા સમય તેટલા જ અધ્યવસાય પણ છે, પરન્તુ પ્રથમ સમયથી દ્વિતીય સમયનો અધ્યવસાય અનંતગુણ વિશુદ્ધ, તેથી ત્રીજા સમયનો અધ્યવસાય અનન્તગુણ વિશુદ્ધ ઇત્યાદિ રીતે પર્યન્ત સમય સુધીના અધ્યવસાય ક્રમશઃ અનંતગુણ અનંતગુણ વિશુદ્ધ જાણવા.

તથા આ કરણના પ્રત્યેક સમયે એકેક અધ્યવસાય અને તે પણ ક્રમશઃ અનન્તગુણ હોવાથી અધ્યવસાયોને ક્રમશઃ ગોઠવીએ તો ક્રમશઃ મોટા મોટા મોતીઓની માળા સરખો આકાર ( એટલે માળાની છૂટી લટકતી ૧ સેર સરીખો આકાર ) થાય તે આ પ્રમાણે—





તિર્છી મુક્તામાલા સ્થાપના

ઇતિ ઊર્ધ્વાધઃ સ્થાપના

એ પ્રમાણે અનિવૃત્તિકરણના અધ્યવસાયોની સ્થાપના જાણવી. તથા પ્રત્યેક સમય યોગ્ય ૧-૧ અધ્યવસાય હોવાથી અનિવૃત્તિકરણમાં ષટ્સ્થાનપતિત હાનિવૃદ્ધિ નથી પરન્તુ અનન્તગુણવૃદ્ધિ અથવા અનંતગુણહાનિરૂપ એક જ હાનિ અથવા વૃદ્ધિ છે.

## અનિવૃત્તિકરણમાં સ્થિતિઘાતાદિ

જેમ અપૂર્વકરણમાં પ્રથમ સમયથી જ સ્થિતિઘાતાદિ ૪ પદાર્થો પ્રવર્તતા કહ્યા તે પ્રમાણે અનિવૃત્તિકરણના પ્રથમસમયથી પણ તે સ્થિતિઘાતાદિ ચારે પદાર્થ પ્રવર્તે છે, અર્થાત્ અપૂર્વકરણમાં પ્રારંભાયલા સ્થિતિઘાતાદિ સર્વે અનિવૃત્તિકરણમાં પણ ચાલુ જ હોય છે.

## અનિવૃત્તિકરણમાં અંતરકરણક્રિયા

અન્તર્મુહૂર્ત પ્રમાણવાળા અનિવૃત્તિકરણમાં સંખ્યાતહજારો અન્યસ્થિતિબંધ વીત્યા બાદ અથવા સંખ્યાતા ભાગ ગયા બાદ જ્યારે છેલ્લો ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે છે ત્યારે ૧ અન્ય સ્થિતિબંધના કાળ સુધી ( એટલે અન્યસ્થિતિ બંધના અન્તર્મુહૂર્ત સુધી ) ઉદયવતી મિથ્યાત્વસ્થિતિમાં અંતરકરણ ( =સ્થિતિના બે ભાગ પાડી વચ્ચે મિથ્યાત્વપ્રદેશરહિત કાળ કરવો તે ) કરે છે અને તે અંતરકરણ-આંતરૂં મિથ્યાત્વના ઉદય સમયથી પ્રારંભીને અન્તર્મુહૂર્ત જેટલી સ્થિતિઓ ( કંઈક અધિક ૧ અન્ય સ્થિતિબંધના અન્તર્મુહૂર્ત જેટલી સ્થિતિઓ ) છોડીને ત્યાર બાદની અન્તર્મુહૂર્ત જેટલી ( એટલે ગુણશ્રેણિના ૧ સંખ્યાતમા ભાગ જેટલી ) સ્થિતિઓમાં કરે છે, અહીં અંતરકરણ કરતી વખતે મિથ્યાત્વની ગુણશ્રેણિ ઉદય સમયથી અન્તર્મુહૂર્ત્ત પ્રમાણની છે, અને તે અન્તર્મુહૂર્ત-ગુણશ્રેણિનો દેશોનસંખ્યાતમો ભાગ પહેલી સ્થિતિમાં અને કેટલાક સંખ્યાત ભાગ બીજી સ્થિતિમાં રાખી વચ્ચેથી ૧ સંખ્યાતમા ભાગની સ્થિતિઓમાંથી પ્રતિસમય મિથ્યાત્વપ્રદેશોને ઉકેરી ઉકેરી પહેલી નીચેની સ્થિતિમાં અને બીજી ( એટલે આંતરવાળી જગ્યાથી ઉપરની સ્થિતિમાં ) સ્થિતિમાં પ્રક્ષેપે છે. એમાં પહેલી સ્થિતિ અન્તર્મુહૂર્ત જેટલી છે, અને અંતરકરણથી ઉપરની સ્થિતિ બે અન્તર્મુહૂર્ત ન્યૂન (-ઉદયસ્થિતિનું અન્તર્મુ૦ અને અંતરનું અંતર્મુ૦ એ બે અન્તર્મુ૦ છોડીને શેષ રહેલ ) અંતઃકોડાકોડી સાગરોપમ જેટલી છે. એ બે સ્થિતિઓની વચ્ચેનો જે ભાગ તત્સમયવિદ્યમાનગુણ-

શ્રેણિ ( રૂપ સ્થિતિઓ ) ના સંખ્યાતમાં ભાગ જેટલો છે, તે અન્તર્મુહૂર્ત પ્રમાણ ભાગમાંની દરેક સ્થિતિમાંથી ( એટલે દરેક સમયમાંથી ) પ્રતિસમય અનન્ત અનન્ત મિથ્યાત્વપ્રદેશોને ઉકેરી, કેટલાક પ્રદેશો નીચેની અન્તર્મુહૂર્તપ્રમાણ ઉદયસ્થિતિમાં અને કેટલાક પ્રદેશો ઉપરની દેશોન અંતઃકોડાકોડિ સાગરોપમ જેટલી સ્થિતિમાં પ્રક્ષેપે છે, અને એ પ્રમાણે ૧ અન્યસ્થિતિબંધ જેટલા અન્તર્મુહૂર્તમાં તે વિભાગ સર્વથા મિથ્યાત્વપ્રદેશોથી રહિત થાય છે. અર્થાત્ સર્વથા ખાલી જગ્યા થાય છે. જે સમયે એ અંતરકરણક્રિયા ( આંતરૂં પાડવાની ક્રિયા ) સમાપ્ત થાય છે તે જ સમયે અંતરકરણક્રિયા સાથે આરંભાયેલો અન્યસ્થિતિબંધ પણ સમાપ્ત થાય છે, અને તદનંતર સમયે પુનઃ નવો અન્યસ્થિતિબંધ પ્રારંભાય છે એ પ્રમાણે અંતરકરણક્રિયા ચાલુ રહેવા સાથે શેષ રહેલી મિથ્યાત્વસ્થિતિને ( પહેલી ઉદયસ્થિતિને ) પણ અનુભવતો જાય છે, અને એ પ્રમાણે અનુભવતાં અનુભવતાં જ્યારે ઉદયસ્થિતિ બે આવલિકા બાકી રહે ત્યારે આગાલ એટલે બીજી સ્થિતિમાંથી (=ઉપરની સ્થિતિમાંથી ) થતી ઉદીરણા [૧૮૯] બંધ પડે છે, અને ૧ આવલિકા બાકી રહે ત્યારે પ્રથમ સ્થિતિમાંથી થતી ઉદીરણા પણ [૧૯૦] બંધ પડે છે, અને કેવળ ઉદય જ પ્રવર્તે છે, અને તે

૧૮૯. આગાલ બંધ પડવાની સાથે જ મિથ્યાત્વની ગુણશ્રેણિ ( જે અપૂર્વકરણથી આરંભાઈ હતી તે ) પણ બંધ થાય છે.

૧૯૦. ઉદીરણા બંધ થવા સાથે જ મિથ્યાત્વનો સ્થિતિઘાત તથા રસઘાત ( જે અપૂર્વકરણથી પ્રારંભાયા હતા તે ) પણ બંધ થાય છે, પરંતુ આયુષ્યરહિત શેષ ૭ કર્મોના સ્થિતિઘાત રસઘાત તો

આવલિકા પૂર્ણ થતા ઉદય પણ બંધ પડે છે-અટકે છે; કારણ કે હવે આગળ તુરત અંતરકરણમાં (મિથ્યાત્વની પ્રદેશરહિત જગ્યામાં-કાળમાં) પ્રવેશ કરશે. તથા પર્યન્ત ઉદયાવલિકા પૂર્ણ થતાં આ ત્રીજું અનિવૃત્તિકરણ પણ સમાપ્ત થાય છે.

## અન્તરકરણમાં ઉપશમસમ્યક્ત્વ

મિથ્યાત્વની પર્યન્ત ઉદયાવલિકા અથવા અનિવૃત્તિકરણ સમાપ્ત થયા બાદ અનન્તર સમયે જ જીવ અંતરકરણમાં (પ્રથમથી કરી રાખેલા મિથ્યાત્વની બે સ્થિતિ વચ્ચેનાં આંતરામાં) પ્રવેશ કરે છે, તે જ સમયે જીવ उपशमसम्यक्त्व પામે છે, કારણ કે તે આંતરામાં મિથ્યાત્વના પ્રદેશો ન હોવાથી મિથ્યાત્વનો ઉદય નથી. તથા જે સમયે ઉપશમસમ્યક્ત્વ પામે છે, તે જ સમયથી દ્વિતીયસ્થિતિગત મિથ્યાત્વપ્રદેશોના તથા પ્રકારની અધ્યવસાયની વિશુદ્ધિ વડે ત્રણ વિભાગ બનાવે છે જેને त्रिपुंज કહેવામાં આવે છે. તેમાં જે કેટલાક પ્રદેશો મિથ્યાત્વસ્વભાવવાળા જ કાયમ રહે છે તે અશુદ્ધ मिथ्यात्वपुंज કેટલાક મિથ્યાત્વપ્રદેશો અર્ધવિશુદ્ધ થયા હોય તે मिश्रपुंज, અને કેટલાક પ્રદેશોમાંથી મિથ્યાત્વસ્વભાવ સર્વાંશે દૂર થઈ જાય છે, તેવા શુદ્ધ પ્રદેશો તે सम्यक्त्वपुंज કહેવાય છે. તથા અંતરકરણની જેટલી સ્થિતિઓ (=આંતરમાંની જેટલી સ્થિતિઓ એટલે ગુણશ્રેણિના સંખ્યાતમાં ભાગ જેટલી સ્થિતિઓ) ઉત્કીર્ણ થઈ છે તેટલા સમય પ્રમાણ ૧ અન્તર્મુહૂર્ત જેટલો

---

હજી ચાલુ જ રહ્યા છે, અને તે ઉપશમસમ્યક્ત્વ કિંચિત્ શેષ રહે ત્યારે બંધ થશે.

ઉપશમસમ્યક્ત્વનો કાળ છે, અને કિંચિત્ ન્યૂન તેટલા કાળ-સુધી પ્રતિસમય ત્રિપુંજ કરણક્રિયા પણ ચાલુ રહે છે.

## અન્તકરણમાં દેશવિરતિ સર્વવિરતિની યુગપત્ પ્રાપ્તિ

અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવે પામેલા આ અન્તકરણના પ્રથમ સમયે ઉપશમસમ્યક્ત્વ સાથે કોઈ જીવ દેશવિરતિ અથવા કોઈ જીવ સર્વવિરતિગુણ પણ [૧૯૧]પામી શકે છે, એ આત્મવિશુદ્ધિનો જ પ્રભાવ છે.

## અન્તરકરણમાં સાસ્વાદન પ્રાપ્તિ

તથા ઉપશમસમ્યક્ત્વના અનુભવરૂપ અંતરકરણમાં વર્તતા કોઈ જીવને અંતરકરણનો કાળ જઘન્યથી ૧ સમય અથવા ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલો બાકી રહે છે. ત્યારે કદાચિત્ મલિન પરિણામ થવાથી અનંતાનુબંધિ કષાયનો ઉદય પણ થઈ જાય છે, તેથી અનંતાનુબંધિ કષાયના ઉદયવાળું એ જ કિંચિત્ શેષ રહેલું ઉપશમસમ્યક્ત્વ તે **સાસ્વાદન સમ્યક્ત્વ** કહેવાય છે, અને તેથી સાસ્વાદનનો કાળ પણ જઘન્યથી ૧ સમય તથા ઉત્કૃષ્ટથી ૬ આવલિકા જેટલો કહ્યો છે.

## સાસ્વાદનથી પુનઃ મિથ્યાત્વપ્રાપ્તિ

જે જીવ ઉપશમસમ્યક્ત્વથી સાસ્વાદનમાં આવ્યો હોય

---

૧૯૧. ઉપશમશ્રેણિ પ્રસંગે જે ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, તે ઉપશમસમ્યક્ત્વ સાથે સમકાળે દેશવિરતિ સર્વવિરતિની પ્રાપ્તિ સંભવતી નથી, માટે અહીં અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવના અંતરકરણમાં જ એ બેની યુગપત્ પ્રાપ્તિ ગ્રંથોમાં કહેલી જણાય છે.

તે જીવ કર્મગ્રંથમતે તથા સિદ્ધાંતમતે પણ અવશ્ય મિથ્યાત્વ જ પામે, એ સિવાય બીજો કોઈ પણ વિશિષ્ટ ગુણ પામી શકે નહીં એ નિયમિત છે.

## ઉપશમસમ્યક્ત્વથી મિથ્યાત્વાદિ ૩ પુંજનો ઉદય

ઉપશમસમ્યક્ત્વનો ( એટલે અન્તકરણના અનુભવનો અથવા અન્તરકરણનો ) કાળ કંઈક અધિક આવલિકા જેટલો બાકી રહે તે વખતે તે કિંચિત્ અધિક આવલિકા જેટલા કાળમાં વર્તતો જીવ મિથ્યાત્વની દ્વિતીય સ્થિતિમાં રહેલા ત્રણે પુંજના પ્રદેશોને આકર્ષી પ્રતિસમય (અંતરકરણની) પર્યન્ત આવલિકામાં ક્રમશઃ વિશેષહીન વિશેષહીન પ્રક્ષેપે છે, તે આ પ્રમાણે;–પર્યન્તાવલિકાના પ્રથમ સમયમાં ઘણા પ્રદેશો, બીજા સમયમાં તેથી અલ્પપ્રદેશો, ત્રીજા સમયમાં તેથી અલ્પપ્રદેશો, એ ક્રમથી પર્યન્ત સમય સુધી [૧૯૨]પ્રક્ષેપે, એ પ્રમાણે હીન, હીનતર પ્રક્ષેપક્રિયા ( આવલિકા સિવાય ) કિંચિત્ અધિકકાળ સુધી પ્રવર્ત્યા બાદ જ્યારે તે કિંચિત્ અધિકકાળ પૂર્ણ થાય ત્યારે [૧૯૩] તુરત તે ત્રણ પુંજના પ્રદેશોમાંથી કોઈ પણ એક પુંજના પ્રદેશોનો ઉદય થાય છે. ત્યાં પતિત અધ્યવસાયે મિથ્યાત્વપુંજનો ઉદય થાય ત્યારે જીવ ઉપશમસમ્યક્ત્વથી ( સાસ્વાદન પામ્યા વિના પરભાર્યો ) મિથ્યાત્વે આવ્યો કહેવાય, મધ્યમ અધ્યવસાયે મિશ્રપુંજનો ઉદય થાય ત્યારે

---

૧૯૨. આ હીન હીનતર પ્રદેશપ્રક્ષેપ તે ગોપુચ્છાકાર પ્રદેશ-રચના કહેવાય.

૧૯૩. પર્યન્તાવલિકામાં પ્રવેશનાં જ કોઈ પણ ૧ પુંજનો ઉદય થાય છે.

ઉપશમસમ્યક્ત્વથી मिश्र सम्यक्त्व પામ્યો કહેવાય, અને તે વખતે વિશુદ્ધ અધ્યવસાય વડે જો શુદ્ધ પુંજનો ઉદય થાય તો સમ્યક્ત્વપુંજના ઉદયથી જીવ (ઉપશમસમ્યક્ત્વથી પરભાર્યો) क्षयोपशमसम्यक्त्व પામ્યો કહેવાય.

## ઉપશમસમ્યક્ત્વમાં ગુણસંક્રમ

ઉપશમસમ્યક્ત્વમાં મિથ્યાત્વના જેટલા પ્રદેશો પ્રથમ સમયે મિશ્રમાં પ્રક્ષેપે છે (મિશ્રમોહનીયરૂપે બનાવે છે) તેથી અસંખ્યગુણ પ્રદેશો તે જ સમયે સમ્યક્ત્વમાં પ્રક્ષેપે છે, તેથી અસંખ્યગુણ પ્રદેશો બીજે સમયે મિશ્રમાં પ્રક્ષેપે છે, ને તેથી પણ અસંખ્યગુણ પ્રદેશો (એ જ બીજે સમયે) સમ્યક્ત્વમાં પ્રક્ષેપે છે, એ પ્રમાણે અન્તર્મુહૂર્ત સુધી (તોપણ કિંચિત્ શેષ ઉપશમસમ્યક્ત્વ રહે ત્યાં સુધી) આ પ્રકારનો ગુણસંક્રમ ચાલુ રહે છે, અને ત્યાર બાદ વિધ્યાતસંક્રમ નામનો સંક્રમ ચાલે છે.

## પ્રથમ ઉપશમસમ્યક્ત્વમાં અનંતાનુબંધીનો ક્ષયોપશમ

અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પામે ત્યારે ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ સાથે જ અનંતાનુબંધી કષાય કે જે ઉપશમાદિ સમ્યક્ત્વગુણનો ઘાતક છે, તેનો વિપાક ઉદય (કરણક્રિયા વિના જ) બંધ થાય છે, અને પ્રદેશોદય શરૂ થાય છે, તેથી અનંતાનુબંધીનો ક્ષયોપશમ પ્રવર્તે છે.

## ઉપશમ સમ્યક્ત્વથી ક્ષયોપશમ સમ્યક્ત્વ

અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવે પ્રાપ્ત કરેલા પ્રથમ ઉપશમ-

સમ્યક્ત્વમાં કિંચિત્ અધિક ૧ આવલિકા કાળ બાકી રહેતાં કિંચિત અધિક કાળમાં વર્તતો જીવ ઉપશમની પર્યંતાવલિકામાં (મિથ્યાત્વના) દ્વિતીયસ્થિતિગત ત્રણ પુંજના પ્રદેશો પ્રક્ષેપી, વિશુદ્ધ અધ્યવસાયે તેમાંના વિશુદ્ધ પુંજનો ઉદય થયે તે જીવ ક્ષયોપશમસમ્યક્ત્વ પામે છે, અર્થાત્ વિશુદ્ધપુંજરૂપ સમ્યક્ત્વમોહનીયનો ઉદય એ જ ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવાય. ઉપશમશ્રેણિ માટે જે ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ કહી છે, તે આ ક્ષયોપશમસમ્યક્ત્વથી પ્રાપ્ત કરેલા ઉપશમસમ્યક્ત્વથી જ છે; પરંતુ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવે પ્રાપ્ત કરેલા પ્રથમ ઉપશમ સમ્યક્ત્વથી ઉપશમશ્રેણિની પ્રાપ્તિ હોય નહિં, તથા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવે પ્રાપ્ત કરેલા ઉપશમસમ્યક્ત્વથી અનંતરપણે પ્રાપ્ત થયેલા ક્ષયોપશમસમ્યક્ત્વમાંથી અથવા તે સિવાયના ક્ષયોપશમસમ્યક્ત્વમાંથી પણ પ્રાપ્ત થયેલા ઉપશમસમ્યક્ત્વ વડે ઉપશમશ્રેણિ પ્રારંભી શકાય છે. એટલે સિદ્ધાન્તકર્તા અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવને પ્રથમ ક્ષયોપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ પણ કહે છે, તો તે પ્રથમ ક્ષયોપશમસમ્યક્ત્વમાંથી અને અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવે પ્રાપ્ત કરેલું ઉપશમસમ્યક્ત્વ ભ્રષ્ટ થતાં મિથ્યાત્વે જઈ પુનઃ ક્ષયોપશમસમ્યક્ત્વ જ પામે તે ક્ષયોપશમ-સમ્યક્ત્વમાંથી પ્રાપ્ત થયેલા ઉપશમસમ્યક્ત્વથી પણ જીવ ઉપશમશ્રેણિ પ્રારંભી શકે છે.

ઉપશમસમ્યક્ત્વમાં તો ૩ દર્શનમોહનીયનો ઉપશમભાવ હોય તે સ્પષ્ટ સમજી શકાય તેમ છે, પરન્તુ ક્ષયોપશમસમ્યક્ત્વ તે શું ? અર્થાત્ "ક્ષયોપશમ" એ શબ્દનો અર્થ વિચારતાં દર્શનમોહનીયનો ક્ષય અને દર્શનમોહનીયનો ઉપશમ એ બન્ને

ભાવ સમકાળે મિશ્ર હોવા જોઈએ, તો સમકાળે આ બન્ને પરસ્પરવિરોધી ભાવ દર્શનમોહનીયમાં કેવી રીતે હોય તે સ્પષ્ટતાથી સમજવા યોગ્ય છે, માટે તે ક્ષયોપશમસમ્યક્ત્વનો અર્થ કહેવાશે. પરન્તુ તે ક્ષયોપશમસમ્યક્ત્વના પ્રસંગે કેવળ દર્શનમોહનીયનો જ ક્ષયોપશમભાવ ન કહેતાં સાથે સાથે જે જે કર્મના ક્ષયોપશમભાવ જે રીતે હોય છે તે સર્વ કહેવાશે, જેથી તદન્તર્ગત ક્ષયોપશમસમ્યક્ત્વમાં ક્ષય અને ઉપશમ કોનો? અથવા શું? તે પણ સર્વ સ્પષ્ટ કહેવાશે. જેથી હવે તે ક્ષયોપશમભાવનું સ્વરૂપ કહેવાય છે, તેમ જ ઉપશમ અને ક્ષયોપશમ એ બે ભાવમાં પરસ્પર શું તફાવત છે? તે તથા એના જ પ્રસંગમાં પ્રદેશોદય શું વસ્તુ છે? તે પણ કહેવાય છે. તે આ પ્રમાણે:—

## ક્ષયોપશમનું સ્વરૂપ

**પ્રશ્ન:**—ઉપશમ અને ક્ષયોપશમ એ બેમાં તફાવત શું?

**ઉત્તર:—સર્વઘાતી પ્રકૃતિની અપેક્ષાએ વિચારીએ તો** ઉપશમમાં રસોદય તથા પ્રદેશોદય એ બન્નેનો અભાવ હોય છે, અને ક્ષયોપશમમાં તો કેવળ રસોદયનો જ અભાવ હોય, પરન્તુ પ્રદેશોદય તો વર્તતો હોય છે. **તથા દેશઘાતી પ્રકૃતિની અપેક્ષાએ વિચારીએ તો** ઉપશમમાં રસોદય તથા પ્રદેશોદય એ બન્નેનો અભાવ હોય છે, અને ક્ષયોપશમમાં દેશઘાતિ પ્રકૃતિમાં પણ જે સર્વઘાતિ રસસ્પર્ધકો હોય તેના ઉદયનો અભાવ અને દેશઘાતિ રસસ્પર્ધકોનો ઉદય, અથવા તો રસોદયરહિત કેવળ પ્રદેશોદય પણ હોય એ પ્રમાણે ઉપશમ

અને ક્ષયોપશમમાં એ રીતે તફાવત છે, જેની સ્પષ્ટતા આગળ કહેવાય છે.

**પ્રશ્નઃ**—ઉદયમાં આવતા કર્મપ્રદેશો સર્વથા રસ રહિત હોય ખરા ? કે જેથી રસોદયરહિત કેવળ પ્રદેશોદય હોઈ શકે ?

**ઉત્તરઃ**—ઉદયમાં આવતા કર્મપ્રદેશો જોકે સર્વથા શુભ વા અશુભ રસરહિત હોતા નથી, પરન્તુ શુભ વા અશુભ રસયુક્ત જ હોય છે.

**પ્રશ્નઃ**—જો એમ હોય તો સર્વથા રસરહિત કેવળ પ્રદેશોદય કેવી રીતે હોય ?

**ઉત્તરઃ**—પ્રદેશોદયનો અર્થ "સર્વથા રસરહિત કર્મપ્રદેશોનો ઉદય" એમ નથી, પરન્તુ પ્રદેશોદયનો વાસ્તવિક અર્થ આ પ્રમાણે છેઃ—

બંધાયેલું કર્મ स्वरूपे=પોતાના સ્વભાવે उदयमां आवे तो ते रसोदय અથવા विपाकोदय કહેવાય. અને સ્વરૂપે ઉદયમાં નહીં આવતા पररूपे ( એટલે ઉદયવતી પરપ્રકૃતિમાં સંક્રમીને પરપ્રકૃતિરૂપે ) उदयमां आवे तो ते प्रदेशोदय અથવા स्तिबुकसंक्रम કહેવાય. અથવા જેવા તીવ્રરસે ( સર્વઘાતીરૂપે ) બંધાયું હોય તેવા તીવ્રરસે ( સર્વઘાતીપણે ) ઉદયમાં ન આવતાં અતિ મંદરસરૂપે ( એટલે દેશઘાતીરસરૂપે ) થઈ ઉદયમાં આવે તો તે ઉદય પણ જોકે રસોદય છે તોપણ પ્રદેશોદય સરખો અને ક્ષયોપશમભાવની ગણત્રીમાં આવનારો છે એમ જાણવું.

**પ્રશ્નઃ**—બંધાયેલું કર્મ સ્વરૂપે ઉદયમાં ન આવતાં પરરૂપે ઉદયમાં આવવાનું કારણ શું ? જ્યાં સુધી સ્વરૂપોદયને અવકાશ ન મળે ત્યાં સુધી ઉદયરહિત કેમ ન વર્તે ?

**ઉત્તરઃ**—જે કર્મની અબાધાસ્થિતિ સમાપ્ત થઈ તે કર્મ કોઈ પણ પ્રકારે ઉદયમાં આવી નિર્જરવું જ જોઈએ એવો અવશ્ય નિયમ છે, માટે અબાધાસ્થિતિ સમાપ્ત થતાં જો વિરોધી પ્રકૃતિનો તે વખતે ઉદય ચાલુ હોય તો પોતે વિરોધી પ્રકૃતિમાં સંક્રમીને (એટલે વિરોધીપ્રકૃતિરૂપે પરિણમીને) પણ ઉદયમાં આવે અને વિરોધીપ્રકૃતિનો ઉદય બંધ પડતાં તે કર્મ સ્વરૂપે જ ઉદયમાં આવે, અથવા કદાચ વિરોધી પ્રકૃતિનો ઉદય ન હોય પરન્તુ તે સ્થાન જ સ્વરૂપોદયને અયોગ્ય હોય તોપણ પરપ્રકૃતિરૂપે ઉદયમાં આવવું જ જોઈએ. એવા નિયમને અનુસરીને કર્મ પ્રદેશોદયરૂપે અથવા તો રસોદયરૂપે પણ ઉદયમાં તો આવવું જ જોઈએ, કારણ કે અબાધાસ્થિતિ સમાપ્ત થઈ છે માટે.

**પ્રશ્નઃ**—હવે એ વાત સમજાય છે કે અબાધાસ્થિતિ સમાપ્ત થયે કર્મને ઉદયમાં આવ્યા વિના તો છૂટકો નથી જ, અને તે સ્વરૂપે અથવા તો પરરૂપે પણ ઉદયમાં તો આવવું જ જોઈએ, પરન્તુ એ પ્રમાણે વિચારતાં તો ક્ષયોપશમભાવ સિવાયની બીજી પણ અનેક પ્રકૃતિઓ પ્રદેશોદયથી પણ ઉદયમાં આવવી જ જોઈએ.

**ઉત્તરઃ**—હા, ધ્રુવોદયી સિવાયની સર્વ અધ્રુવોદયી પ્રકૃતિઓ પ્રદેશોદયથી બન્ને રસોદયથી બન્ને પ્રકારે ઉદયમાં આવી શકે છે, અને ધ્રુવોદયપ્રકૃતિઓનો તો રસોદય ધ્રુવ હોવાથી હંમેશાં રસોદયથી જ ઉદયમાં આવી શકે છે. જેમ જ્ઞાનાવરણીયની ૫ પ્રકૃતિઓ ધ્રુવોદયી હોવાથી હંમેશાં રસોદયવાળી છે, અને જિનનામ આહારકદ્વિક આદિ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી

અંતર્મુહૂર્ત આદિ અબાધાસ્થિતિ સમાપ્ત થયે પ્રદેશોદય, અને તેવા પ્રકારની અવસ્થા પ્રાપ્ત થતાં રસોદયવાળી પણ વર્તે છે.

**પ્રશ્ન:**—અહીં ક્ષયોપશમભાવ સમજવાનો છે, તો તે ક્ષયોપશમભાવવાળી ૩૮ પ્રકૃતિઓમાં ક્ષય શું અને ઉપશમ શું? તેમ જ પ્રદેશોદયનો સંબંધ કેવી રીતે? તે સ્પષ્ટ રીતે સમજાવો કે જેથી તે પ્રકૃતિઓનો ક્ષય અને ઉપશમ થવાથી ૧૮ પ્રકારના ક્ષયોપશમભાવ થાય છે તે પણ સ્પષ્ટ સમજાય.

**ઉત્તર:**—એ સ્પષ્ટતા સમજવામાં પ્રથમ ક્ષય કોનો અને તે જ વખતે ઉપશમ કોનો? તે સમજવું જોઈએ, અને તે બાબતમાં વિશેષાર્થ આ પ્રમાણે છે—

मत्यादिचतुष्टयज्ञानावरणीयकर्मणां सर्वोपघातीनि देशघातीनि च फड्डकानि, तत्र सर्वेषु सर्वघातिफड्डकेषु ध्वस्तेषु, देशोपघातिफड्डकानां च समये समये विशुद्ध्यपेक्ष्यं भागैरनन्तैः क्षयमुपगच्छद्‌भिर्देशोपघातिभिर्भागैश्चोपशान्तैः सम्यग्दर्शनसाहचर्याज्ज्ञानी भवति, तच्चास्य क्षयोपशमजं ज्ञानचतुष्टयमुच्यते ॥ [ तत्त्वार्थ० २-५ ]

**અર્થ:**—મતિજ્ઞાનાવરણીયાદિ ૪ કર્મોનાં સર્વઘાતી અને દેશઘાતી રસસ્પર્ધકો છે, ત્યાં સર્વે સર્વઘાતિસ્પર્ધકો વિનાશ પામ્યે છતે, અને દેશોપઘાતિસ્પર્ધકોમાંથી પ્રતિસમય વિશુદ્ધિને અનુસારે અનન્ત અનન્ત ભાગ ક્ષય પામ્યે છતે, તથા અનન્ત અનન્ત ભાગ ઉપશાન્ત થયે છતે સમ્યગ્દર્શનના સહચારીપણાથી આત્મા જ્ઞાની થાય છે, અને તે આત્માના એ મત્યાદિ ૪ જ્ઞાન તે ક્ષાયોપશમિક જ્ઞાન કહેવાય છે.

अवधिज्ञानावरणप्रभृतिनां देशघातिनां कर्मणां संबंधिषु सर्व-

घातिरसस्पर्धकेषु तथाविधविशुद्धाध्यवसायविशेषबलेन निहतेषु देशाघतिरुपतया परिणमितेषु, देशघातिरसस्पर्धकेष्वपि चातिस्निग्धेष्वल्परसीकृतेषु तेषां मध्ये कतिपयरसस्पर्धकगतस्योदयावलिकाप्रविष्टांशस्य क्षये, शेषस्य चोपशमे विपाकोदयविष्कंभरुपे सति जीवस्यावधिमनःपर्यायज्ञानचक्षुर्दर्शनादयो गुणाः क्षायोपशमिका जायन्ते प्रादुर्भवंति ॥
[ પંચસંગ્રહ દ્વાર ૩ જું ગાથા ૨૯ મીની વૃત્તિ. ]

**અર્થ:**—અવધિજ્ઞાનાવરણ વિગેરે દેશઘાતિ કર્મોના સર્વઘાતી રસસ્પર્ધકો તથા પ્રકારના વિશુદ્ધ અધ્યવસાયવિશેષના બળ વડે હણ્યે છતે એટલે દેશઘાતિરૂપે પરિણમાવ્યે છતે, તેમજ દેશઘાતી રસસ્પર્ધકોમાં પણ અતિ સ્નિગ્ધરસવાળા સ્પર્ધકોને અલ્પરસવાળા કર્યે છતે તે (અલ્પરસવાળા) સ્પર્ધકોમાંથી પણ કેટલાક રસસ્પર્ધકોને પ્રાપ્ત થયેલો (રસસ્પર્ધકોમાં રહેલો અથવા રસસ્પર્ધકોવાળો) જે ઉદયાવલિકામાં પ્રવેશેલો અંશ તેના ક્ષયથી (અર્થાત્ વારંવાર ઉદયાવલિકામાં પ્રવેશી કેટલાક અલ્પરસવાળા સ્પર્ધકો ક્ષય પામવાથી) અને શેષ (અલ્પરસવાળા વિગેરે) સ્પર્ધકો ઉપશાન્ત થવાથી એટલે વિપાકોદયમાં અટકવાથી જીવને અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન તથા ચક્ષુદર્શન આદિ ગુણો ક્ષયોપશમભાવે પ્રગટ થાય છે.

તથા सर्वघातिस्पर्धकानामुदयक्षयात्तेषामेव सदुपशमाद्देशघातिस्पर्धकानामुदये क्षायोपशमिको भावः ॥ [ દિગંબરસંપ્રદાયે તત્ત્વાર્થ-રાજવાર્તિક ૨-૫ ની વૃત્તિ ]

**અર્થ:**—દેશઘાતી અને સર્વઘાતી એ બે પ્રકારના રસસ્પર્ધકો છે. તેમાં જ્યારે સર્વઘાતિ સ્પર્ધકોનો ઉદય થાય છે ત્યારે કિંચિત્ પણ આત્મગુણ પ્રગટ થતો નથી, તે કારણથી

તે સર્વઘાતીસ્પર્ધકના ઉદયનો અભાવ તે ક્ષય કહેવાય છે, અને ઉદયમાં નહિં આવેલ એવા એ જ સર્વઘાતીસ્પર્ધકોની જે સત્ અવસ્થા સત્તા તે ઉપશમ કહેવાય છે, અને પોતાનું સામર્થ્ય પ્રગટ નહિ થવાથી ( એટલે સર્વઘાતી સ્પર્ધકોએ સર્વઘાતીપણાનું બળ નહિ દર્શાવવાથી ) આત્માધીન થયેલા સર્વઘાતી સ્પર્ધકોનો ઉદય ટળી જવાથી અને દેશઘાતી સ્પર્ધકોનો ઉદય પ્રગટ થવાથી ( અને એ પ્રમાણે ) સર્વઘાતીનાં અભાવથી ( એટલે ગુણનો સર્વાંશે ઘાત નહિ કરવાથી ) પ્રાપ્ત થયેલો જે ભાવ તે क्षयोपशमभाव કહેવાય છે. ( આ વૃત્તિનો અક્ષરશઃ અર્થ છે. )

ઇત્યાદિ અનેક ગ્રંથોના પાઠ વિચારતાં સ્પષ્ટ થાય છે કે उदयावलिकाप्रविष्ट એટલે વારંવાર ઉદયાવલિકામાં પ્રાપ્ત થતા रसांशनो ( સર્વઘાતીમાંથી દેશઘાતીરૂપે થઈને અને તેમાંથી પણ અલ્પરસવાળા દેશઘાતીરૂપે થઈને ઉદયાવલિકામાં આવેલ રસસ્પર્ધકોનો ) क्षय ( એટલે પ્રતિસમય ઉદય દ્વારા નિર્જરવું ) અને अनुदितनो ( શેષ અતિ સ્નિગ્ધ દેશઘાતીસ્પર્ધકો તથા નવા અને પ્રાચીન સર્વઘાતીસ્પર્ધકો જે ઉદયમાં નથી આવતા તેનો उपशम ( એટલે ઉદયના અભાવરૂપ ઉપશમ ) તે क्षयोपशम કહેવાય. આ અર્થ સર્વત્ર સંબંધ કરવા યોગ્ય છે. તે દરેક ક્ષયોપશમભાવવાળી પ્રકૃતિને અંગે વિશેષ સ્પષ્ટ કહેવાય છે. તે આ પ્રમાણે—

અહીં પ્રથમ ક્ષયોપશમભાવવાળી પ્રકૃતિઓ ૩૯ છે, અને તેના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલા ક્ષયોપશમભાવ ૧૮ છે તે આ પ્રમાણે—

४ મતિજ્ઞાનાદિ<br>
૩ મતિઅજ્ઞાનાદિ } –૪ મતિજ્ઞાનાવરણીયાદિના ક્ષયોપશમથી.

૩ અચક્ષુદર્શનાદિ–૩ અચક્ષુદર્શનાવરણીયાદિના ક્ષયોપશમથી.

૫ દાનાદિલબ્ધિ–૫ દાનાન્તરાયાદિકના ક્ષયોપશમથી.

૧ સમ્યક્ત્વ –૪ અનંતાનુબંધિ અને<br>
૨ દર્શનમોહનીયના } ક્ષયોપશમથી (અહીં ૧ સમ્યક્ત્વમોહનીય-ક્ષયોપશમભાવમાં ન ગણવી).

૧ દેશવિરતિ —૪ અપ્રત્યાખ્યાની કષાયના ક્ષયોપશમથી.

૧ સર્વવિરત –૧૭ મોહનીયના ક્ષયોપશમથી.

૧૮ ક્ષયોપશમભાવ ૩૯ પ્રકૃતિના ક્ષયોપશમથી.

અહીં ૩૯ પ્રકૃતિઓનો મેળ કરવાને ઉપરોક્ત સંખ્યા યથાસંભવ દર્શાવી છે. નહિતર ગ્રંથોમાં (તત્ત્વાર્થાદિકમાં) ૨ ભાવને અંગે પ્રકૃતિસંખ્યા જુદી રીતે લખી છે, તે આ પ્રમાણે—

દેશવિરતિ–૩ દર્શન મોહનીયના તથા પહેલા ૮ કષાયના ક્ષયોપશમથી.

સર્વવિરતિ–૩ દર્શનમોહનીયના તથા પહેલા ૧૨ કષાયના ક્ષયોપશમથી.

પુનઃ તત્ત્વાર્થરાજવાર્તિકમાં સર્વવિરતિચારિત્રનો ક્ષયોપશમભાવ પહેલા ૧૨ કષાયના ક્ષયોપશમથી, ૪ સંજ્વલનના ઉદયથી અને ૯ નોકષાયના યથાસંભવ ઉદયથી કહ્યો છે. અને દેશવિરતિનો ક્ષયોપશમભાવ પહેલા ૮ કષાયના ક્ષયોપશમથી બીજા ૮ કષાયના ઉદયથી, અને ૯ નોકષાયના યથાસંભવ ઉદયથી કહ્યો છે.

તથા સંજ્વલન અને નોકષાયનો ઉદય જ હોય પણ ઉદય વખતે ક્ષયોપશમભાવ ન હોય એમ નહીં, કારણ કે સંજ્વલન અને નોકષાયો તો રસોદયસહિત અને રસોદયરહિત પણ ક્ષયોપશમભાવવાળા હોઈ શકે છે.—જુઓ પંચસંગ્રહ દ્વાર ૩ જું ગાથા ૨૭ મીની વૃત્તિ તથા અહીં પ્રથમ ઉદયાનુવિદ્ધ અને શુદ્ધ એમ ૨ પ્રકારના ક્ષયોપશમભાવ છે, ત્યાં રસોદયસહિત હોય તે ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમભાવ, અને પ્રદેશોદયસહિત હોય તે શુદ્ધ ક્ષયોપશમ. ત્યાં કયી પ્રકૃતિનો કયો ક્ષયોપશમભાવ હોય છે? તે આ પ્રમાણે:—

| | |
|---|---|
| જ્ઞાનાવ૦ ૪<br>દર્શના૦ ૩<br>અન્તરાય ૫ | એ ૧૨ દેશઘાતીપ્રકૃતિનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ. તે રસોદયયુક્ત હોય. |
| મિથ્યાત્વ ૧<br>પ્રથમકષાય ૧૨ | એ ૧૩ સર્વઘાતી મોહનીયનો શુદ્ધ ક્ષયોપશમ હોય, તે પ્રદેશોદયયુક્ત હોય. |
| સંજ્વલન ૪<br>નોકષાય ૯ | એ ૧૩ દેશઘાતી મોહનીયનો ઉદયાનુવિદ્ધ તથા શુદ્ધ એ બંને પ્રકારનો ક્ષયોપશમ હોય, ત્યાં રસોદયે ઉદયાનુવિદ્ધ, અને પ્રદેશોદયે શુદ્ધ ક્ષયોપશમ હોય. |
| સમ્ય૦મોહનીય ૧<br>મિશ્રમોહનીય ૧ | એમાં પોતાનો રસોદય છે અને મિથ્યાત્વનો પ્રદેશોદય છે. જેથી સમ્યક્ત્વમોહનીયનો ઉદય તે જ મિથ્યાત્વનો ક્ષયોપશમભાવ હોવાથી ક્ષયોપશમસમ્યક્ત્વ ગણાય છે; પરન્તુ મિશ્રમોહનીયના ઉદયમાં મિથ્યાત્વના ક્ષયોપશમભાવની વિવક્ષા નથી. |

**પ્રશ્ન:**—ઉદયાનુવિદ્ધક્ષયોપશમ જે રસોદયસહિત કહ્યો તો તે રસોદય હોવા છતાં ક્ષયોપશમભાવ (એટલે ઔદયિકભાવ તેમજ ક્ષયોપશમભાવ એ બંને પરસ્પર વિરોધી ભાવ) એક જ પ્રકૃતિમાં કેમ ઘટે? અને તે પ્રકૃતિમાં ઉદય–ક્ષય અને ઉપશમ એ ત્રણેની મિશ્રતાને સ્પષ્ટ રીતે જુદી પાડી સમજાવો.

**ઉત્તર:**—ભિન્ન ભિન્ન પ્રકૃતિઓને અંગે ઉદયાનુ-*વિદ્ધક્ષયોપશમમાં* ઉદય–ક્ષય અને ઉપશમ એ ૩ ની મિશ્રતામાં ભિન્નતા આ પ્રમાણે છે:—

| | |
|---|---|
| १ अवधिज्ञानावरण<br>१ अवधिदर्शनावरण<br>१ मनःपर्यवज्ञानावरण | આ ૩ પ્રકૃતિઓનો અશ્રેણિગતજીવોને સર્વઘાતી રસ બંધાય છે, માટે એ ૩ ના રસસ્પર્ધકો સર્વઘાતી છે, તેથી |

એ સર્વઘાતી રસસ્પર્ધકો જ્યાં સુધી ઉદયભાવમાં વર્તે ત્યાં સુધી જીવને અવધિજ્ઞાન–અવધિદર્શન તથા મનઃપર્યવજ્ઞાન કિંચિત્ પણ પ્રગટ થતું નથી, પરંતુ એ સર્વઘાતી રસસ્પર્ધકોમાંના કેટલાક સ્પર્ધકો જીવના અધ્યવસાયવિશેષથી બદલાઈને અતિ સ્નિગ્ધ અને અલ્પ સ્નિગ્ધ એમ ૨ પ્રકારના દેશઘાતી રસસ્પર્ધકો થાય છે, તેમાંથી જ્યારે અલ્પ સ્નિગ્ધ રસસ્પર્ધકો ઉદયમાં આવે અને સર્વઘાતી રસસ્પર્ધકોનો ઉદય બંધ પડે ત્યારે જ જીવને અવધિજ્ઞાનાદિ ગુણ પ્રગટ થાય છે; પુનઃ પતિત અધ્યવસાયે સર્વઘાતી સ્પર્ધકોનો ઉદય થાય અને દેશઘાતી સ્પર્ધકોનો ઉદયબંધ પડે ત્યારે અવધિજ્ઞાનાદિ ગુણોનો વિનાશ થાય છે. આ પ્રમાણે અલ્પસ્નિગ્ધ દેશઘાતી સ્પર્ધકોનો ઉદય, સર્વઘાતી સ્પર્ધકોનો (દેશઘાતીપણે પરિણમવા રૂપ અથવા દેશઘાતીરૂપે પરિણમી વારંવાર ઉદયાવલિકામાં આવી પ્રતિસમય

ઉદય દ્વારા નિર્જરવારૂપ ) ક્ષય અને તત્સમયવર્તી સર્વઘાતી તથા અતિસ્તગ્ધ દેશઘાતી સ્પર્ધકોનો અનુદય ( ઉદયાભાવ ) રૂપ ઉપશમ એ ત્રણે ભાવની સમકાળે મિશ્રતા હોવાથી ( અવધિજ્ઞાનાદિ ૩ ગુણની પ્રાપ્તિમાં ) અવધિજ્ઞાનાવરણીયાદિ ૩ કર્મનો ઉદયાનુવિદ્ધક્ષયોપશમ કહેવાય છે. અહીં અવધિજ્ઞાનાદિ વિનાશ પામે ત્યારે અવધિજ્ઞાનાદિકની પ્રાપ્તિ સમયે થયેલા અતિસ્નિગ્ધ વા અલ્પસ્નિગ્ધ દેશઘાતી સ્પર્ધકો પણ પતિત અધ્યવસાયના બળથી સર્વઘાતીરૂપે પરિણમતા જાય છે.

१ मतिज्ञानावरण–१ श्रुतज्ञानावरण | આ ૪ પ્રકૃતિઓના
१ चक्षुदर्शनावरण–१ अचक्षुदर्शनावरण | રસસ્પર્ધકો બંધ સમયે

( અશ્રેણિગત જીવને સર્વઘાતી બંધાય છે, પરંતુ ઉદયમાં આવતી વખતે તે સર્વઘાતી સ્પર્ધકો દેશઘાતી રૂપે થઈને જ ઉદયમાં આવે છે ( માટે મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન-ચક્ષુદર્શન તથા અચક્ષુદર્શન એ ૪ ગુણોમાં ) મતિજ્ઞાનાવરણીયાદિ ( સ્વસ્વ આવારક ) પ્રકૃતિઓના દેશઘાતી સ્પર્ધકોનો ઉદય, સર્વઘાતી સ્પર્ધકોને ( દેશઘાતીરૂપે પરિણમવારૂપ અથવા દેશઘાતી રૂપે પરિણમી વારંવાર ઉદયાવલિકામાં આવી પ્રતિસમય ઉદય દ્વારા નિર્જરવારૂપ) ક્ષય, અને શેષ રહેલા ( એટલે ઉદયાવલિકામાં નહિ આવેલા-આવતા ) સર્વઘાતી અને અતિસ્નિગ્ધ દેશઘાતી સ્પર્ધકોનો અનુદયરૂપ ઉપશમ એ ત્રણે ભાવો સમકાળે મિશ્ર હોવાથી ઉદયાનુવિદ્ધક્ષયોપશમ કહેવાય.

अन्तराय–૫ અન્તરાયકર્મનો ક્ષયોપશમભાવ પણ મતિજ્ઞાનાવરણીયાદિ ૪ પ્રકૃતિને અનુસારે અતિ તુલ્ય વિચારવો.

१ मिथ्यात्व—મિથ્યાત્વના સ્પર્ધકો સર્વઘાતી છે, અને

તે સર્વઘાતી સ્પર્ધકોના ઉદયે જીવને મિથ્યાત્વ જ હોય છે, પરન્તુ એ જ સર્વઘાતી સ્પર્ધકોમાંના કેટલાક સ્પર્ધકો અધ્યવસાયવિશેષથી અલ્પ સર્વઘાતીરૂપે (-અલ્પ સર્વઘાતી દ્વિસ્થાનરસરૂપે) પરિણમી ઉદયમાં આવે ત્યારે મિશ્રમોહનીયનો રસોદય, પરન્તુ કર્મપ્રદેશો મિથ્યાત્વના જ હોવાથી મિથ્યાત્વનો પ્રદેશોદય ગણાય છે, છતાં અહીં સર્વઘાતિ સ્પર્ધકો દેશઘાતીરૂપે પરિણમ્યા નથી માટે મિથ્યાત્વનો ક્ષયોપશમ ભાવ ગણાય નહિ.

૧ મિશ્રમોહનીય—આ મિશ્રમોહનીયના રસસ્પર્ધકો દ્વિસ્થાનિક સર્વઘાતી છે, પરન્તુ અલ્પ સર્વઘાતી છે, તેથી તેના ઉદય વડે મિશ્રસમ્યક્ત્વ રૂપ આત્મગુણ પ્રગટ થાય છે, આ પ્રકૃતિ મિથ્યાત્વનું જ રૂપાન્તર એટલે મિથ્યાત્વના જ પ્રદેશરૂપ હોવાથી મિશ્ર સમ્યક્ત્વ તે મિથ્યાત્વનો પ્રદેશોદય છે, અને મિશ્રમોહનીયનો પોતાનો રસોદય છે. તથા આ પ્રકૃતિનો અલ્પ સર્વઘાતી રસ બદલાઈને જોકે સમ્યક્ત્વમોહનીયરૂપે દેશઘાતી રસ ઉદયમાં આવી શકે છે, તેથી મિશ્રમોહનીયનો પ્રદેશોદય ગણી શકાય, પરન્તુ આ પ્રકૃતિ સ્વતંત્ર પ્રકૃતિ ન હોવાથી (એટલે રૂપાન્તર-પરિણામાન્તર પ્રકૃતિ હોવાથી) એના [૧૯૪] પ્રદેશોદયની મુખ્ય વિવક્ષા થઈ શકતી નથી, તેમ જ મિશ્રને મિથ્યાત્વ તુલ્ય ગણી સમ્યક્ત્વમોહનીયના ઉદયને મિથ્યાત્વનો ક્ષયોપશમભાવ ગણ્યો છે, પરન્તુ મિશ્રનો ક્ષયોપશમભાવ ગણી શકાય એવો છે તોપણ પોતે સ્વતંત્ર પ્રકૃતિ ન હોવાથી

૧૯૪. જોકે ક્ષયોપશમ સમ્યક્ત્વની વ્યાખ્યામાં કોઈ કોઈ સ્થળે ચાર અનન્તાનુબંધિ કષાય મિથ્યાત્વ મિશ્ર આદિનો પ્રદેશોદય અને સમ્યક્ત્વમોહનો વિપાકોદય એમ પણ જણાવવામાં આવેલ છે.

ગણ્યો નથી. જો એ પ્રમાણે મિશ્રનો ક્ષયોપશમભાવ ગણવામાં આવે તો મિથ્યાત્વરૂપે બનતા મિશ્રનો અને સમ્યક્ત્વમોહનીયનો પણ ક્ષયોપશમભાવ ગણવાનો પ્રસંગ આવે અને તે અસંગત થાય છે.

१ सम्यक्त्व मोहनीय—મિથ્યાત્વમોહનીયના સર્વઘાતી સ્પર્ધકોમાંના કેટલાક સર્વઘાતી સ્પર્ધકો અધ્યવસાયવિશેષથી બદલાઈને દેશઘાતી રૂપે (૧-૨ સ્થાનિક રસપણે) પરિણમે છે, તે દેશઘાતી સ્પર્ધકોવાળા મિથ્યાત્વપ્રદેશો જ સમ્યક્ત્વમોહનીયના નામથી ઓળખાય છે; તેથી સમ્યક્ત્વમોહનીય એટલે દેશઘાતી સ્પર્ધકોવાળા મિથ્યાત્વપ્રદેશો, તે જ્યારે ઉદયમાં આવે છે, ત્યારે સમ્યક્ત્વમોહનીયનો રસોદય ગણાય છે. પરન્તુ મિથ્યાત્વનો તો પ્રદેશોદય જ છે, તેથી સમ્યક્ત્વમોહનીયના ઉદય વખતે ઉદયમાં આવતું મિથ્યાત્વ (એટલે મિથ્યાત્વના કેટલાક સર્વઘાતી સ્પર્ધકો દેશઘાતીરૂપે પરિણમવાથી સમ્યક્ત્વમોહરૂપે ઉદય દ્વારા નિર્જરવાથી) ક્ષય પામતું જાય છે એમ ગણાય, અને શેષ મિથ્યાત્વપુંજ અને મિશ્રપુંજ (એટલે મિથ્યાત્વના ઉગ્ર સર્વઘાતી તથા અલ્પ સર્વઘાતી સ્પર્ધકો અથવા ઉગ્ર અને અલ્પ સર્વઘાતી સ્પર્ધકવાળા ૨ પ્રકારના મિથ્યાત્વ) નો અનુદય-ઉદયાભાવરૂપ ઉપશમ છે, માટે સમ્યક્ત્વમોહનીયનો રસોદય-વિપાકોદય તે મિથ્યાત્વનો क्षयोपशमभाव છે, અને મિથ્યાત્વનો ક્ષયોપશમ તે જ क्षयोपशमसम्यक्त्व કહેવાય. એ પ્રમાણે ક્ષયોપશમ સમ્યક્ત્વમાં સમ્યક્ત્વમોહનીયનો વિપાકોદય પરન્તુ મિથ્યાત્વમોહનીયનો ક્ષયોપશમ તથા પ્રદેશોદય જ છે એમ સ્પષ્ટ રીતે જાણવું. એમાં ક્ષય તો દેશઘાતીરૂપે

પરિણમેલા સર્વઘાતી સ્પર્ધકોનો જાણવો, અને ઉપશમ તો દેશઘાતી રૂપે નહિ પરિણમેલા શેષ સર્વઘાતી સ્પર્ધકોનો જાણવો. જેથી મિથ્યાત્વના સર્વઘાતી સ્પર્ધકો અને મિથ્યાત્વ એ બેની અભેદ વિવક્ષા કરીએ તો ઉદિત મિથ્યાત્વનો જ ક્ષય અને અનુદિત મિથ્યાત્વનો ઉપશમ ગણાય છે. ત્યાં उदितमिथ्यात्व એટલે મિથ્યાત્વના ઉદયમાં આવતા દેશઘાતીરૂપે બનેલા સર્વઘાતીસ્પર્ધકો તેનો જ ક્ષય, અને દેશઘાતીરૂપ નહિ બનેલા જે શેષ સર્વઘાતી સ્પર્ધકો તે ઉદયમાં આવતા નથી માટે તે अनुदितमिथ्यात्व કહેવાય તેનો ઉપશમ.

એ કહેલા ભાવાર્થને અનુસરીને જ ક્ષયોપશમ સમ્યક્ત્વનો અર્થ નીચે પ્રમાણે પ્રસિદ્ધ છે કેઃ—

**मिच्छत्तं जमुइन्नं, तं खीणं अणुदियं च उवसंतं ।।**
**मीसीभावपरिणयं, वेइज्जंतं खओवसमं ।। ५३२ ।।**

શ્રી વિશેષાવશ્યક.

એ ગાથાની વૃત્તિનો અક્ષરશઃ અર્થ આ પ્રમાણે છે– "ઉદીર્ણ એટલે ઉદયમાં આવેલું જે મિથ્યાત્વ તે વિપાકોદય વડે વેદાયલું (વેદાતું) હોવાથી ક્ષીણ થયું એટલે નિર્જર્યું, અને ઉદયમાં નહિ આવેલું જે મિથ્યાત્વ સત્તામાં રહ્યું છે તે ઉપશાન્ત થયું છે. અહીં ઉપશાન્ત પામ્યાનો અર્થ એ છે કે–શેષ મિથ્યાત્વનો ઉદય અટકેલો છે, અને મિથ્યાત્વસ્વભાવ દૂર થયેલો છે, ત્યાં મિથ્યાત્વ પુંજ અને મિશ્ર પુંજ એ ૨ પુંજ આશ્રયી વિચારીએ તો ઉદયવિષ્કંભ (અટકેલો ઉદય) ગણાય, અને (સમ્યક્ત્વરૂપ) શુદ્ધ પુંજઆશ્રયી વિચારીએ તો મિથ્યાત્વ

સ્વભાવ દૂર થયેલો ગણાય ( એ પ્રમાણે ઉપશાન્તના ૨ અર્થ યથાર્થ રીતે છે ).

**પ્રશ્નઃ**—જો એ પ્રમાણે ( ઉદયવિષ્કંભ અને અપનીત મિથ્યાત્વભાવ એ બન્ને સ્વરૂપવાળા ઉપશાન્તભાવને અનુદયતા ) હોય તો તે અયુક્ત છે, કારણ કે ઉદયવિષ્કંભરૂપ ઉપશાન્ત-સ્વભાવવાળા જે મિથ્યાત્વપુંજ અને મિશ્રપુંજ તે બે પુંજને જ અનુદીર્ણતા–અનુદયપણું ઘટી શકે છે, પરન્તુ દૂર થયેલા મિથ્યાત્વસ્વભાવવાળા સમ્યક્ત્વરૂપ શુદ્ધપુંજને તો અનુદીર્ણતા ઘટતી જ નથી, કારણ કે સમ્યક્ત્વપુંજ તો સાક્ષાત્ વિપાકોદયથી અનુભવાય છે, અને તમો તો " अणुइयं च उवसंतं " એ પદના અર્થમાં બન્ને સ્વરૂપવાળા ( ઉદયવિષ્કંભ અને અપનીત મિથ્યાત્વસ્વભાવ એ બન્ને સ્વરૂપવાળા ) ઉપશાન્તભાવને અનુદીર્ણતા કહો છો તો તે કેવી રીતે ?

**ઉત્તરઃ**—એ વાત સત્ય છે ( અર્થાત્ દૂર થયેલા મિથ્યાત્વ સ્વભાવવાળા સમ્યક્ત્વપુંજને અનુદયતા જોકે ઘટતી નથી), પરન્તુ સમ્યક્ત્વપુંજમાં મિથ્યાત્વસ્વભાવ દૂર થયેલ હોવાથી મિથ્યાત્વનો સ્વસ્વરૂપે ( એટલે મિથ્યાત્વનો મિથ્યાત્વસ્વભાવે–મિથ્યાત્વસ્વરૂપે ) ઉદય વર્તતો નથી, તેથી સમ્યક્ત્વપુંજનો પણ અનુદય કહેવો તે ઉપચારથી કહી શકાય છે. અથવા अणुइयं च उवसंतं એ પદનો બીજી રીતે અર્થ કરીએ તો અશુદ્ધ અને અર્ધશુદ્ધ ( મિથ્યાત્વ અને મિશ્ર ) એ બન્ને પુંજરૂપ મિથ્યાત્વને ( ગાથામાં કહેલા मिच्छत्तं પદને ) જ અનુદયતા ( अणुदियं પદનો સંબંધ ) જોડીએ પરન્તુ સમ્યક્ત્વને અનુદિત પદ ન જોડીએ, સમ્યક્ત્વને તો કેવળ અપનીત મિથ્યાત્વસ્વભાવરૂપ

ઉપશાન્ત ભાવ જ જોડીએ તોપણ અર્થસંગત થાય છે. જો પૂછતા હો કે એ પ્રમાણે અર્થસંગતિ કેવી રીતે થાય ? તો કહીએ છીએ કે–मिच्छत्तं जमुइन्नं तं खीणं એટલે મિથ્યાત્વ જે ઉદયમાં આવ્યું તે ક્ષય પામ્યું અને શેષ મિથ્યાત્વ એટલે મિથ્યાત્વપુંજ તથા મિશ્રપુંજ એ બન્ને પુંજરૂપ મિથ્યાત્વ अणुदियं એટલે અનુદિતભાવે વર્તે છે, અને ' अणुदियं च ' એ પદમાંનો च શબ્દને વ્યવહિત–ભિન્ન પ્રયોગવાળો ગણીને अणुइयं उवसंतं च એવા ક્રમથી જોડીએ તો સમ્યક્ત્વપુંજરૂપે (અર્થાત્ તે શેષ મિથ્યાત્વ શુદ્ધપુંજરૂપે) ઉપશાન્તભાવે વર્તે છે, એટલે દૂર થયેલ મિથ્યાત્વસ્વભાવવાળા સ્વરૂપે વર્તે છે, એવો બીજી રીતે અર્થ કરીએ તોપણ સર્વ અર્થ સુસ્થ–સંગત–ઠીક રીતે બંધ બેસતો થાય છે.

તેથી એ પ્રમાણે ઉદિત મિથ્યાત્વનો ક્ષય અને અનુદિત મિથ્યાત્વનો ઉપશમ એ બન્ને સ્વભાવનો જે આ મિશ્રભાવ એટલે એક જ મિથ્યાત્વરૂપ ધર્મીને વિષે ( સમકાળે બે ભાવ ) થવારૂપ મિશ્રભાવ તેને પ્રાપ્ત થયેલ તે मीसीभावपरिणयं= મિશ્રભાવપરિણત મિથ્યાત્વ કહેવાય. તેમ જ वेइज्जंतं=વેદ્યમાન–અનુભવાતું ( વિપાકોદયમાં વર્તતું ) ત્રુટિત રસવાળું (સર્વઘાતી મટીને દેશઘાતી રસવાળું થયેલું ) શુદ્ધપુંજરૂપ ( સમ્યક્ત્વ પુંજરૂપ સ્વભાવવાળું ) તે મિથ્યાત્વ પણ ક્ષય અને ઉપશમ એ બન્ને ( સમકાલીન ) સ્વભાવે બનેલું હોવાથી (તે બે સ્વભાવવાળું મિથ્યાત્વ જ) क्षयोपशमसम्यक्त्व કહેવાય છે, અર્થાત્ શુદ્ધ થયેલા મિથ્યાત્વપુદ્ગલો અતિ સ્વચ્છ વસ્ત્ર જેમ દૃષ્ટિનો વિઘાત કરતું નથી તેમ યથાર્થ તત્ત્વરુચિના અધ્યવસાયરૂપ

સમ્યક્ત્વને આવરણ કરનારા થતા નથી, માટે તે મિથ્યાત્વ-પુદ્ગલો પણ ઉપચારથી **सम्यक्त्व** કહેવાય છે. વિશેષાવશ્યકની એ ૫૩૨ મી ગાથાની વૃત્તિનો અક્ષરશઃ અર્થ કહ્યો.

**संज्वलन ४** | **नोकषाय ९** } આ ૧૩ પ્રકૃતિઓના રસસ્પર્ધકો સર્વઘાતી બંધાય છે, પરન્તુ ઉદયમાં આવતી વખતે તે સર્વઘાતી સ્પર્ધકો દેશઘાતીરૂપે પરિણમી ઉદયમાં આવે છે, માટે જ્યારે આ ૧૩ પ્રકૃતિઓ વિપાકોદયમાં વર્તે છે ત્યારે દેશઘાતી સ્પર્ધકોનો **उदय** સર્વઘાતી સ્પર્ધકોનો ( દેશઘાતીપણે પરિણમવારૂપ અથવા દેશઘાતીપણે પરિણમી વારંવાર ઉદયાવલિકામાં આવી પ્રતિસમય ઉદયદ્વારા નિર્જરવારૂપ ) **क्षय**, અને શેષ રહેલા ( એટલે ઉદયાવલિકામાં દેશઘાતીરૂપે નહિ આવેલા તથા નહિ આવતા ) સર્વઘાતી તથા અતિ સ્નિગ્ધ દેશઘાતી સ્પર્ધકોનો અનુદયરૂપ **उपशम** એ ત્રણે ભાવ સમકાળે મિશ્ર હોવાથી વિપાકોદય વખતે એ ૧૩ પ્રકૃતિઓનો **उदयानुविद्ध क्षयोपशमभाव** ( એટલે રસોદય યુક્ત ક્ષયોપશમ ) છે. અને એ પ્રકૃતિઓ અધ્રુવોદયી હોવાથી જ્યારે એમાંની જે કોઈ પ્રકૃતિ ઉદયમાં વર્તતી નથી તે વખતે અનુદયવતી પ્રકૃતિના સર્વઘાતી સ્પર્ધકો ( માંના કેટલાક સર્વઘાતી સ્પર્ધકો ) દેશઘાતીરૂપ પરિણમી તે વખતે ઉદયમાં વર્તતી સજાતીય દેશઘાતી પ્રકૃતિના દેશઘાતી સ્પર્ધકોમાં સંક્રમી ઉદયમાં આવી ( પરપ્રકૃતિરૂપે ઉદયમાં આવી ) નિર્જરતી જાય છે. એ પરપ્રકૃતિપણે ઉદયમાં આવવું તે **प्रदेशोदय** કહેવાય, કારણ કે કોઈ પણ કર્મપ્રકૃતિ સ્વરૂપે ઉદયમાં આવે તો વિપાકોદય, અને પરરૂપે ઉદયમાં આવે તો તેનો પ્રદેશોદય ગણાય, એ નિયમ પ્રથમ જ કહેવાયો છે, માટે એ ૧૩ માંની

જે કોઈ પ્રકૃતિ વિપાકથી ઉદય રહિત હોય ત્યારે ( દેશઘાતીરૂપે બની પરપ્રકૃતિમાં ઉદય આવી નિર્જરવા રૂપ ) સર્વઘાતી સ્પર્ધકોનો ક્ષય અને દેશઘાતીરૂપે નહી બનેલા સર્વઘાતી સ્પર્ધકોનો અનુદયરૂપ ઉપશમ એ બન્ને ભાવ સમકાળે એક જ પ્રકૃતિમાં વર્તતા હોવાથી તે પ્રકૃતિનો ક્ષયોપશમ ભાવ ગણાય છે, તેમ જ આ ક્ષયોપશમભાવ પ્રવર્તતી વખતે રસોદય ન હોવાથી તે શુદ્ધ ક્ષયોપશમભાવ ગણાય છે. એ પ્રમાણે એ ૧૩ પ્રકૃતિઓમાં ઉદયાનુવિદ્ધ અને શુદ્ધ એ બન્ને પ્રકારના ક્ષયોપશમ સ્પષ્ટ રીતે કહ્યા.

અહીં ઉદ્દેશ ક્ષયોપશમ સમ્યક્ત્વ સમજાવવાનો હતો, પરન્તુ પ્રસંગથી ઘાતિ પ્રકૃતિઓના ક્ષયોપશમનું તથા તેથી ઉત્પન્ન થયેલ ક્ષયોપશમભાવનું પણ સ્વરૂપ કિંચિત્ કહેવાયું છે. વિસ્તરાર્થીએ વિશેષાવશ્યક, પંચસંગ્રહ આદિક ગ્રંથોમાં કહેલા ક્ષયોપશમના અર્થની તારવણીથી જાણવા યોગ્ય છે.

इति क्षयोपशमभावस्य स्वरूपम् ।

## चारित्रमोहनीयसंबंधी उपशम-श्रेणीनुं स्वरूप

ઉપશમશ્રેણિનો પ્રારંભ કરનાર જીવ સર્વથી પ્રથમ ૪ અનંતાનુબંધી કષાયનો ઉપશમ ( સર્વોપશમ ) કરે છે. તેનું કિંચિત્ સ્વરૂપ આ પ્રમાણે–

### ૪ અનંતાનુબંધીની સર્વોપશમના

અનંતાનુબંધિ ૪ કષાયનો ઉપશમ કરવા માટે પ્રથમ યથાપ્રવૃત્તાદિ ૩ કરણ કરી ત્રીજા અનિવૃત્તિકરણમાં અન્તરકરણ કરે, અને અનિવૃત્તિકરણનો કાળ પૂર્ણ થયે અનંતાનુબંધિ

કષાયો સર્વથા ઉપશાન્ત થાય છે. અહીં ૩ કરણોનો વિધિ તથા અંતરકરણ વિગેરેનું સ્વરૂપ પુર્વોક્ત પ્રથમ ઉપશમસમ્યક્ત્વ પ્રસંગે કહેલા કરણોવત જાણવો; પરન્તુ વિશેષ એ છે કે- અપૂર્વકરણના પ્રથમ સમયથી અનંતાનુબંધિનો ગુણસંક્રમ પ્રવર્તે છે, અને અંતરકરણમાં પ્રથમાસ્થિતિ ૧ આવલિકા જેટલી જ રાખે છે. તથા ઉત્કીર્યમાણ પ્રદેશોને બધ્યમાન પરપ્રકૃતિઓમાં ગુણસંક્રમની પદ્ધતિએ સંક્રમાવે છે. તે ગુણસંક્રમ આ પ્રમાણે;- અનન્તાનુબંધિ ( આદિ અશુભ અબધ્યમાન પ્રકૃતિઓ ) ના પ્રદેશોને (બંધાતી) પરપ્રકૃતિઓમાં પ્રથમ સમયે અલ્પપ્રક્ષેપે, બીજે સમયે તેથી અસંખ્યગુણ, ત્રીજે સમયે તેથી અસંખ્યગુણ એ પ્રમાણે અભિનવ સ્થિતિબંધના (અથવા અંતરકરણ ક્રિયાના ) કાળસુધી ( અન્તર્મુહૂર્ત સુધી ) પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ પ્રક્ષેપે છે (સંક્રમાવે છે) તથા પ્રથમ સ્થિતિરૂપ એક [૧૯૫] આવલિકાના સમયોમાંથી પ્રતિસમયે એકેક સમયગત પ્રદેશોને સ્તિબુકસંક્રમ વડે ઉદયવતી [૧૯૬] પરપ્રકૃતિમાં સંક્રમાવે છે. તથા અંતરકરણ કરવાની ક્રિયાના બીજા સમયથી પ્રારંભીને અન્તર્મુહૂર્ત કાળસુધી પ્રતિસમયે અનંતાનુબંધિના પ્રદેશોને અસંખ્યગુણ અસંખ્યગુણ વૃદ્ધિએ ઉપશમાવે છે એટલે સંક્રમ- ઉદય-ઉદીરણા-નિધત્ત અને નિકાચના એ ૫ ન પ્રવર્તી શકે એવી અવસ્થા પમાડે છે.

---

૧૯૫. આ ઉદયાવલિકા નીચેથી ૧-૧ સમય સ્તિબુકસંક્રમવડે ઘટતી જાય છે, અને અગ્રભાગમાંદ્વિતીયસ્થિતિગત પ્રદેશોને આકર્ષવાથી અગ્રભાગે ૧-૧ સમય વધતી જાય છે, જેથી અન્તર્મુહૂર્ત સુધી પણ પ્રતિસમય આવલિકા કાયમ રહે છે.

૧૯૬. અપ્રત્યાખ્યાનાદિ ઉદિત પ્રકૃતિઓમાં.

તથા અહીં ગુણશ્રેણીની રચના ઉદયાવલિકા બહારના સમયથી જાણવી, તેમ જ અંતર્મુહૂર્ત સ્થિતિશેષમાં પ્રવર્તવા યોગ્ય અથવા ઉદયવતી પ્રકૃતિની ઉપશમનામાં પ્રવર્તવા યોગ્ય આગાલ અને ઉદીરણાદિ પણ ન હોય, અને અસંખ્યગુણ અસંખ્યગુણ વૃદ્ધિએ પ્રતિસમય ઉપશમાવતાં દ્વિતીયાસ્થિતિ સર્વથા અન્તર્મુહૂર્તમાં ઉપશાંત થઈ જાય, અને ઉપશાન્ત થયા બાદ રહેલી છેલ્લી પ્રદેશોદયાવલિકાને પણ સ્તિબુકસંક્રમ વડે સંપૂર્ણ સંક્રમાવે, જેથી અનંતાનુબંધિ ૪ કષાયોની સંપૂર્ણ સર્વોપશમના થઈ કહેવાય તથા અનંતાનુબંધિની ઉપશમના કરનાર ચારે ગતિના યથાસંભવ અવિરતાદિ અપ્રમત્તગુણસ્થાન પર્યન્ત ૪ ગુણસ્થાનવર્તી જીવો જાણવા.

## અથવા અનંતાનુબંધિની વિસંયોજના.

કર્મપ્રકૃતિ વિગેરે ગ્રંથકર્ત્તા શ્રી શિવશર્મસૂરિ પૂજ્ય વિગેરેના અભિપ્રાય પ્રમાણે તો ઉપશમશ્રેણિના પ્રારંભમાં પ્રથમ અનંતાનુબંધિની વિસંયોજના થાય છે, તે વિસંયોજના નો વિધિ પણ ત્રણ કરણપૂર્વક પરન્તુ ત્રીજા કરણમાં અંતરકરણરહિત અને ઉપશમનારહિત જાણવો. તથા અપૂર્વકરણના પ્રથમ સમયથી ઉદ્વલનાસંક્રમ પણ પ્રવર્તે છે, જેથી ૬ પદાર્થ પ્રવર્તે છે, એ પ્રમાણે વિસંયોજનાનો વિશેષ વિધિ તથા ઉદ્વલનાનું સ્વરૂપ શ્રી કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવા યોગ્ય છે. વિસંયોજના એટલે ક્ષય કે જેનાથી અનંતાનુબંધિનો એક પણ પ્રદેશ આત્માના સંબંધવાળો ન રહે, એટલે સર્વ પ્રદેશો સત્તારહિત થાય.

## ૩ દર્શનમોહનીયની સર્વોપશમના.

પૂર્વોક્ત રીતે ૪ અનંતાનુબંધિની ઉપશમના ( અથવા વિસંયોજના ) કર્યા બાદ ૩ દર્શનમોહનીયને ઉપશમાવે છે, તેનો સર્વ વિધિ પૂર્વે અનાદિ મિથ્યાદષ્ટિની મિથ્યાત્વોપશમનાવત્ જાણવો, પરન્તુ તફાવત એ છે કે-ત્યાં મિથ્યાત્વની ઉપશમના કરવાની હતી અને અહીં ત્રણેય દર્શનમોહનીય ઉપશમાવવાના છે, ત્યાં ઉપશમનાનો સ્વામી અનાદિ મિથ્યાદષ્ટિ હતો અને અહીં ક્ષયોપશમ સમ્યગ્દષ્ટિ ૬-૭ ગુણસ્થાનવર્તી સંયમી જીવ છે, અને યથાપ્રવૃત્તાદિ ૩ કરણોની વક્તવ્યતા પણ તે પ્રમાણે છે, પરન્તુ તફાવત એ છે કે અહીં અપૂર્વકરણમાં મિથ્યાત્વાદિકનો ગુણસંક્રમ પણ પ્રવર્તે છે, અને અનિવૃત્તિકરણના સંખ્યાત ભાગ વીત્યાબાદ ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે જે અંતરકરણનો વિધિ છે તે આ પ્રમાણેઃ-અહીં અંતરકરણ કરતી વખતે તે મિથ્યાત્વની તથા મિશ્રની પ્રથમા સ્થિતિ એકેક આવલિકા પ્રમાણ રાખીને અને સમ્યક્ત્વની પ્રથમા સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ રાખીને તે ઉપરાન્તની અંતર્મુહૂર્ત જેટલી સ્થિતિનું અંતરકરણ ( આંતરૂ ) કરે છે. આ વખતે પણ દ્વિતીયા સ્થિતિ ( ત્રણે દર્શનમોહનીયની ) અંતઃકોડાકોડી સાગરોપમ હોય છે, તેની ઉપશમના અનંતાનુબંધિની ઉપશમનાવત્ જાણવી. ( પ્રથમ સમયે અલ્પ, તેથી બીજે સમયે અસંખ્યગુણ તેથી પણ ત્રીજે સમયે અસંખ્યગુણ પ્રદેશોને ઉપશમાવે, એ પ્રમાણે ) અન્તર્મુહૂર્ત સુધીમાં સર્વ દ્વિતીયા સ્થિતિ ઉપશાન્ત થાય, અને મિથ્યાત્વ તથા મિશ્રની અંતર્મુહૂર્ત સુધી નવી નવી બનતી એકેક આવલિકારૂપ પ્રથમા સ્થિતિને સ્તિબુકસંક્રમ વડે

ઉપશમાવે, તેમ જ સમ્યક્ત્વની અંતર્મુહૂર્તપ્રમાણ પ્રથમા સ્થિતિને અંતર્મુહૂર્ત સુધીમાં વિપાકોદયથી ક્રમશઃ અનુભવી અનુભવીને ક્ષય પમાડે. એ પ્રમાણે ત્રણે દર્શનમોહનીયની સર્વોપશમના સમકાળે [૧૯૭]થાય છે. આ શ્રેણિગત ઉપશમ-સમ્યક્ત્વની પ્રાપ્તિ કહેવાય.

## અથવા દર્શનમોહનીયની ક્ષપણા

ઉપશમશ્રેણિનો ઉપશમસમ્યગ્દૃષ્ટિ પ્રારંભ કરે અથવા તો ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિ પણ પ્રારંભ કરે, ત્યાં પ્રથમ ૪ અનંતાનુબંધિની ક્ષપણા પૂર્વોક્ત ૪ અનંતાનુબંધિ કષાયોની વિસંયોજનાની રીતિ પ્રમાણે કરે, અને ત્યાર બાદ ૩ દર્શનમોહનીયનો ક્ષય કરે તે આ પ્રમાણેઃ—

પ્રથમ તીર્થંકરના વિહારકાળથી પ્રારંભીને છેલ્લા જિનેશ્વરના છેલ્લા કેવલી ભગવંતની કેવળજ્ઞાનોત્પત્તિ સુધીના કાળમાં ઉત્પન્ન થએલ મનુષ્ય કે જે વજ્રર્ષભનારાચસંઘયણ સહિત, તેમ જ ૮ વર્ષથી અધિક વયનો હોય, અને ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ હોય તેવો મનુષ્ય પ્રથમ યથાપ્રવૃત્તાદિ ૩ કરણ કરે, તે કરણનું સ્વરૂપ સર્વ પૂર્વવત્ યથાસંભવ જાણવું. ત્યાં બીજા

૧૯૭. અહીં સમ્યક્ત્વમોહનીયનો આગાલ તથા ઉદીરણા હોય છે. ત્રણે મોહનીયના અંતરકરણ સંબંધી ઉકેરાતા પ્રદેશો સમ્યક્ત્વની પ્રથમા સ્થિતિમાં પ્રક્ષેપાય છે, તથા ઉપશમસમ્યક્ત્વની પ્રાપ્તિ થવા સાથે પણ પ્રથમથી (અપૂર્વકરણથી) પ્રારંભાયેલો ગુણસંક્રમ પણ ઉપશમ સમ્યક્ત્વમાં અંતર્મુહૂર્ત સુધી ચાલુ રહે છે, અને ગુણસંક્રમ સમાપ્ત થયા બાદ મિથ્યાત્વ–મિશ્રનો બેનો વિધ્યાતસંક્રમ સમ્યક્ત્વમાં થાય છે.

અપૂર્વકરણમાં વર્તતાં અનુદિત એવા મિથ્યાત્વ તથા મિશ્રના પ્રદેશોને ગુણસંક્રમથી સમ્યક્ત્વમાં પ્રક્ષેપે અને એ બન્નેનો ઉદ્વલનાસંક્રમ પણ પ્રારંભે, તેમ જ સ્થિતિઘાત વિગેરેથી એ ૩ મોહનીયની સ્થિતિને ઘટાડતાં ઘટાડતાં પ્રથમ મિથ્યાત્વનો સર્વથા ક્ષય થાય છે. ત્યારબાદ ઘણા સ્થિતિઘાત વ્યતીત થયે મિશ્રમોહનીય જ્યારે ૧ આવલિકા જેટલું રહે છે, ત્યારે સમ્યક્ત્વની સ્થિતિસત્તા ૮ વર્ષ જેટલી રહે છે. આ વખતે જીવ નિશ્ચયનયથી दर्शनमोहनीय क्षपक કહેવાય છે. ત્યારબાદ હજારો સ્થિતિઘાત વ્યતીત થયે અન્તર્મુહૂર્ત જેટલી સ્થિતિ-સત્તા બાકી રહેતાં તેનો પણ વિનાશ કરવાનો પ્રારંભ કરે એટલે અન્તર્મુહૂર્ત પ્રમાણ અન્તિમસ્થિતિખંડની ઉત્કિર્ણા કરે તે સમયે ( સમયથી ) જીવ कृतकरण અથવા क्षपककृतकरण કહેવાય. એ છેલ્લા સ્થિતિખંડનો વિનાશ હજી સંપૂર્ણ ન થાય તે દરમ્યાનમાં આયુષ્યક્ષય થતાં કાળ કરી ચારે ગતિમાં ઉત્પન્ન થાય તો તે છેલ્લા સ્થિતિખંડનો વિનાશ ચારે ગતિમાં પણ પ્રાપ્ત થાય, જેથી ક્ષાયિક સમ્યક્ત્વનો प्रस्थापक मनुष्य ( પ્રારંભ કરનાર મનુષ્ય ), અને निष्ठापक ( સંપૂર્ણ કરનાર ) ચારે ગતિના જીવ કહ્યા છે.

તથા તે છેલ્લા સ્થિતિખંડનો વિનાશ કરતી વખતે જો તે જીવ મરણ ન પામે તો ત્યાં મનુષ્યપણામાં જ તે બાકી રહેલો અન્તિમસ્થિતિખંડ વિનાશ પમાડી क्षायिकसम्यग्दृष्टि થઈને કોઈ ઉપશમશ્રેણિ પ્રારંભે અથવા તો કોઈ ક્ષપકશ્રેણિ પ્રારંભે છે. ત્યાં ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા પહેલાં જો અનુત્તર દેવાયુષ્ય બાંધ્યું હોય તો ઉપશમશ્રેણિ આરંભે, આયુષ્ય ન

બાંધ્યું હોય તો નિયમા ક્ષપકશ્રેણિ જ પ્રારંભે, અને અનુત્તર-દેવાયુષ્ય સિવાય શેષ આયુષ્ય બાંધ્યું હોય તો કોઈ પણ શ્રેણી ન પ્રારંભે.

## ક્ષાયિકસમ્યગ્દષ્ટિના ૩–૪–૫ ભવ

ક્ષાયિકસમ્યગ્દષ્ટિ મનુષ્ય સ્વર્ગે અથવા નરકે જઈને મનુષ્યભવમાં આવી મોક્ષે જાય તો (૧) મનુષ્યભવ, (૨) સ્વર્ગ વા નરકભવ, (૩) મનુષ્યભવ એ ૩ ભવ કરે, અથવા ક્ષાયિકસમ્યગ્દષ્ટિ મનુષ્ય જો યુગલિક તિર્યંચમાં અથવા યુગલિકમનુષ્યમાં ઉત્પન્ન થાય તો ત્યાંથી અવશ્ય દેવગતિમાં જ જાય. ત્યાંથી આવી પુનઃ મનુષ્ય થઈ મોક્ષ પામે તો [ (૧) મનુષ્ય, (૨) યુગલિક મનુષ્ય અથવા યુગલિક તિર્યંચ, (૩) દેવ અને (૪) મનુષ્ય એ ] ૪ ભવ કરે, અથવા કોઈ કૃષ્ણ તથા શ્રી દુઃપસહસૂરિવત ૫ ભવ પણ કરે. તે આ પ્રમાણેઃ–શ્રીકૃષ્ણવાસુદેવ નરભવમાં ક્ષાયિકસમ્યગ્દષ્ટિ થઈ ત્રીજી નરકે ગયા છે, અને હાલ ત્યાં જ છે. ત્યાંથી નીકળી મનુષ્યભવ પામી ૫ મા કલ્પમાં દેવ થશે, ત્યાંથી ચવી મનુષ્યભવમાં અમમ નામના બારમા શ્રી તીર્થંકર ભગવંત થશે. જેથી (નર, નરક, નર, દેવ, નરભવ એ) ૫ ભવ થશે, અને શ્રી દુઃપસહસૂરિનો જીવ હાલ દેવભવમાં છે, તેની પહેલાંના નરભવમાં ક્ષાયિકસમ્યગ્દષ્ટિ થયા હતા, જેથી તે પ્રથમ નરભવ, બીજો વર્તમાનકાળનો દેવભવ, ત્યાંથી આવી અહીં પાંચમા આરાને છેડે શ્રી દુઃપસહસૂરિ થશે તે ત્રીજો નરભવ, ત્યાંથી દેવગતિમાં જશે તે ૪ થો દેવભવ અને ત્યાંથી મનુષ્ય થઈ મુક્તિપદ પામશે તે પાંચમો નરભવ.

એ પ્રમાણે અનુત્તરદેવનું આયુષ્ય બાંધ્યું હોય અને ત્યાર બાદ ક્ષાયિકસમ્યક્ત્વ પ્રાપ્ત થયું હોય તેવા મનુષ્ય પણ ઉપશમશ્રેણિ પ્રારંભે છે તે કારણથી અહીં ઉપશમશ્રેણિના પ્રસંગમાં ક્ષાયિકસમ્યક્ત્વનું સ્વરૂપ અતિ અલ્પ કહ્યું છે, વિસ્તરાર્થીએ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવું.

## ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃતિ ઉપશમાવવાનો ક્રમ

પૂર્વોક્ત રીતે પ્રથમ ૪ અનંતાનુબંધિ, ત્યાર બાદ ૩ દર્શનમોહનીય એ ૭ પ્રકૃતિની (૭ દર્શનમોહનીયની) સર્વોપશમના કર્યા બાદ શેષ રહેલી મોહનીયકર્મની ૨૧ પ્રકૃતિઓ ઉપશમાવવાના પ્રારંભમાં પ્રથમ યથાપ્રવૃત્તાદિ ૩ કરણો પૂર્વોક્ત વિધિએ કરે, પરન્તુ તફાવત એ છે કે યથાપ્રવૃત્તકરણ અપ્રમત્ત ( સાતમા ) ગુણસ્થાનમાં જ પ્રારંભાઈ સંપૂર્ણ થાય. ત્યારબાદ અપૂર્વકરણ કરે. આ અપૂર્વકરણ તે જ ઉપશમશ્રેણિનું આઠમું ગુણસ્થાન જાણવું. અને ત્યાર બાદ જે ત્રીજું અનિવૃત્તિકરણ કરે છે તે જ અનિવૃત્તિકરણ અહીં ઉપશમશ્રેણિનું ( અનિવૃત્તિ નામનું ) ૯ મું ગુણસ્થાન જાણવું. આ ચારિત્રમોહનીયોપશમનાના અપૂર્વકરણમાં ( એટલે ૮ માં ગુણસ્થાનમાં ) સ્થિતિઘાત આદિ પાંચે પદાર્થો પ્રવર્તે છે, પરન્તુ અહીં ગુણસંક્રમ સર્વે અબધ્યમાન અશુભ પ્રકૃતિઓનો પ્રવર્તે છે. તથા અપૂર્વકરણનો ૧ સંખ્યાતમો ભાગ ગયે નિદ્રાદ્વિકનો બંધવિચ્છેદ થાય છે. ત્યારબાદ હજારો સ્થિતિઘાત વ્યતીત થયે અથવા આ ગુણસ્થાનના સંખ્યાતા ભાગ વ્યતીત થયે એક સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે ( બીજા કર્મગ્રંથમાં કહ્યા પ્રમાણે ) દેવગતિ આદિ ૩૦ પ્રકૃતિઓનો બંધવિચ્છેદ થાય. ત્યારબાદ અપૂર્વકરણાન્તે હાસ્યાદિ

૯ નોકષાયનો ઉદય-વિચ્છેદ થાય છે, અને સર્વે (૧૨૦) પ્રકૃતિઓની દેશોપશમના-નિધત્તિ-નિકાચના ( એ ૩ વસ્તુ ) વિચ્છેદ પામે છે. એ રીતે અપૂર્વકરણ ગુણસ્થાનક સમાપ્ત થાય છે.

## ચારિત્રમોહનીયની ૨૧ પ્રકૃત્તિઓનું અંતરકરણ.

પૂર્વોક્ત રીતે અપૂર્વકરણ સમાપ્ત થયા બાદ ત્રીજું અનિવૃત્તિકરણ ( ૯ મું ગુણસ્થાનક ) પ્રાપ્ત થાય છે, તેના સંખ્યાત ભાગ ગયા બાદ જ્યારે ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે અપ્રત્યાખ્યાનાદિ ૨૧ પ્રકૃતિઓ ઉપશમાવવા માટે તેનું અંતરકરણ કરે છે, તેમાં ૧ ઉદિતસંજ્વલન કષાય, અને ૧ ઉદિતવેદ એ ૨ ની પ્રથમ સ્થિતિ અંતર્મુહૂર્ત પ્રમાણ રાખીને અને શેષ ૧૯ અનુદિત પ્રકૃતિઓની પ્રદેશોદયવતી એકેક આવલિકા જેટલી પ્રથમા સ્થિતિ બાકી રાખીને તે ઉપરાન્તની અન્તર્મુહૂર્ત જેટલી સ્થિતિમાં પ્રદેશોત્કિરણપૂર્વક અંતરકરણ કરે છે. અને અન્તર્મુહૂર્તમાં અંતરકરણક્રિયા પૂર્ણ થાય છે.

## અંતરકરણના ઉકેરાતા પ્રદેશોનું પ્રક્ષેપસ્થાન.

બન્ધ અને ઉદય એ ઉભયવતી પ્રકૃતિના ઉત્કીર્ણ પ્રદેશો પ્રથમા અને દ્વિતીયા સ્થિતિમાં પ્રક્ષેપાય છે, બધ્યમાન પરંતુ અનુદયવતી પ્રકૃતિના પ્રદેશો દ્વિતીયા સ્થિતિમાં, અબધ્યમાન પરન્તુ ઉદયવતી પ્રકૃતિના પ્રદેશો પ્રથમા સ્થિતિમાં, તથા અબધ્યમાન અને અનુદિતપ્રકૃતિના પ્રદેશો પરપ્રકૃતિમાં પ્રક્ષેપાય છે.

## ૧-૧ વેદની ઉપશમના.

એ પ્રમાણે અંતરકરણ કરીને શ્રેણિ ઉપર ચઢનાર જો પુરુષ હોય તો પ્રથમ નપુંસકવેદની દ્વિતીયા સ્થિતિને અન્ત-

મુહૂર્ત માત્રમાં પ્રતિસમય અસંખ્ય ગુણ અસંખ્યગુણ પ્રદેશને ઉપશમાવવાપૂર્વક ઉપશમાવે છે. ત્યારબાદ સ્ત્રીવેદને પણ નપુંસકવેદની પદ્ધતિએ ઉપશમાવે છે. સ્ત્રી અને નપુંસકવેદવાળા જીવો ઉપશમશ્રેણિમાં વેદની ઉપશમના કયા ક્રમથી કરે તે સંબંધી વિશેષ તફાવત ગ્રન્થાન્તરથી જાણવો.

## ૬ હાસ્યાદિ-૧ પુરુષવેદની ઉપશમના.

નપુંસકવેદ તથા સ્ત્રીવેદ ઉપશાન્ત થયા બાદ અન્તર્મુહૂર્ત માત્રમાં હાસ્યાદિ ૬ પ્રકૃતિને ઉપશમાવે, તથા જે સમયથી હાસ્ય-છક્ક ઉપશમાવવાનો પ્રારંભ કરે તે જ સમયે પુરુષવેદ ઉપશમાવવાનો પણ પ્રારંભ કરે છે, પરન્તુ હાસ્ય-છક્ક પ્રથમ ઉપશાન્ત થાય છે, અને ત્યારબાદ પુરુષવેદ ઉપશાન્ત થાય છે.

## ૨-૧-૨-૧-૨-૧-૨ કષાયની ઉપશમના

જે સમયે પુરુષવેદ ઉપશાન્ત થયો તદનંતર સમયે અપ્રત્યાખ્યાની પ્રત્યાખ્યાની અને સંજ્વલન ક્રોધ ( એ ૩ ક્રોધ ) ને સમકાળે ઉપશમાવવાનો પ્રારંભ કરે, પરંતુ અપ્રત્યા૦ પ્રત્યા૦ ક્રોધ અન્તર્મુ૦માં પહેલા ઉપશાંત થઈ જાય અને સં૦ ક્રોધ તે સમયે ૧ ઉદયાવલિકા જેટલો ઉદયમાં અને સમયોન બે આવલિકા જેટલો નવા બાંધેલા પ્રદેશોને ઉપશમાવવામાં બાકી રહે છે, તેથી તે ઉદયાવલિકાને ૧ અવલિકા જેટલા કાળમાં ઉદય દ્વારા ક્ષય કરે છે, અને નવીન બંધાયેલા પ્રદેશોને સમયોન ૨ અવલિકા જેટલા કાળમાં ઉપશમાવે છે. ઇત્યાદિ વિધિપૂર્વક અપ્રત્યા૦-પ્રત્યા૦માનને સમકાળે, અને ત્યારબાદ સં૦માનને ઉપશમાવે છે. ત્યારબાદ સમકાળે, અપ્રત્યા૦-

પ્રત્યા૦માયાને અને ત્યારબાદ સં૦માયાને ઉપશમાવે છે. ત્યારબાદ અપ્રત્યા૦-પ્રત્યા૦ લોભને અને ત્યારબાદ સં૦લોભને ઉપશમાવે છે.[૧૯૮]

## ૧ સંજ્વલન લોભની ઉપશમના[૧૯૮]

સં૦માયાનો બંધ-વિચ્છેદાદિ થયા બાદ સં૦લોભના બીજી સ્થિતિના પ્રદેશો જે પ્રથમા સ્થિતિરૂપે થઈ ઉદયમાં આવે છે તે પ્રથમાસ્થિતિના ૩ ભાગ કરીએ, ત્યાં પહેલા ભાગમાં વર્તતાં જીવને [૨૦૦]**अश्वकर्णकरण** થાય છે; બીજા ભાગમાં **किट्टिकरण** થાય છે, અને ત્રીજા ભાગમાં **किट्टिवेदन** હોય છે. ત્યાં અશ્વકર્ણકરણ એટલે રસના સ્પર્ધકોને અત્યંતહીન (ક્રમે-ક્રમે હીન) રસવાળા કરવા, કિટ્ટિકરણ એટલે અત્યંતહીન રસવાળા થયેલા અને નહીં થયેલા સ્પર્ધકોમાં એવો હીનરસ કરવો કે જેથી વર્ગણારૂપ એકોત્તરવૃદ્ધિનો વર્ગણાક્રમ પણ ન રહે, અને સ્પર્ધકક્રમ પણ ન રહે (એવા પ્રકારનો સૂક્ષ્મરસ કરવાની ક્રિયા તે **किट्टिकरण** કહેવાય.) અને તે કારણથી પ્રથમા સ્થિતિના ૩ વિભાગોમાંનો પહેલો વિભાગ **अश्वकर्ण-**

---

૧૯૮-૧૯૯. આ ઉપશમનાઓમાં કહેવા-જાણવા યોગ્ય ઘણો વિષય છે તે સર્વ કર્મપ્રકૃતિ આદિ ગ્રંથોથી જાણવો. અહીં અત્યંત સંક્ષેપમાં અનુક્રમ માત્ર કહ્યો છે.

૨૦૦. અશ્વ એટલે ઘોડાના કર્ણ એટલે કાન જેમ મૂળમાં વિસ્તૃત અને ઉપર ઉપર હીનહીન વિસ્તારવાળા હોય છે, તેમ આ રસસ્પર્ધકો પણ પ્રથમ ઘણાં રસવાળા જેથી **पूर्वस्पर्धक** કહેવાય છે, તેને અનુક્રમે હીનહીન રસવાળા કરવાની ક્રિયા અંતે **अश्वकर्णकरण** કહેવાય અને તેથી **अपूर्वरसस्पर्धको** બને છે.

करणाद्धा, અને બીજો વિભાગ किट्टिकरणाद्धा કહેવાય. એ લોભની કિટ્ટિ થયા બાદ તે કિટ્ટિનો ઉદય જે ત્રીજા વિભાગમાં થાય છે તે ત્રીજો વિભાગ किट्टिवेदनाद्धा અથવા ૧૦ મું સૂક્ષ્મસંપરાય ગુણસ્થાન કહેવાય છે. અહીં કિટ્ટિ પણ દ્વિતીયા સ્થિતિની જ થાય છે, અને તે કિટ્ટિકૃત દ્વિતીયા સ્થિતિને આકર્ષી પ્રથમ સ્થિતિરૂપ કરી કિટ્ટિને ઉદયમાં લાવે છે, તેથી કિટ્ટિવેદનાદ્ધા અથવા સૂક્ષ્મસંપરાયઅદ્ધા કહેવાય છે. એ પ્રથમ સ્થિતિરૂપ કરેલ કિટ્ટિને અનુભવતો અને દ્વિતીય સ્થિતિગત કિટ્ટિ તથા સમયોનાવલિકાદ્વિક જેટલાં બાંધેલા લોભના નવા પ્રદેશો તે બંનેને અન્તર્મુહૂર્ત સુધીમાં પ્રતિસમય અસંખ્યગુણ પદ્ધતિએ ઉપશમાવતા લોભની સર્વોપશમના થાય છે. એ પ્રમાણે મોહનીયકર્મની સર્વપ્રકૃતિની ઉપશમાવસ્થા જે અન્તર્મુહૂર્તકાળ સુધી ટકી રહે છે તે અન્તર્મુહૂર્તકાળ પ્રમાણનું उपशान्तमोह નામનું ૧૧ મું ગુણસ્થાન કહેવાય છે.

## ઉપશમશ્રેણિથી પ્રતિપાત

ઉપશમશ્રેણિ સંબંધી ૮–૯–૧૦–૧૧ એ ચાર ગુણસ્થાનકનો કાળ સમાપ્ત થયા બાદ અધ્યવસાયની મલિનતાથી જે પતિત અવસ્થા થાય છે, તે अद्धाक्षयप्रतिपात કહેવાય છે. એ અદ્ધાક્ષયથી પડેલો જીવ જે ક્રમે ચઢયો હતો તે ક્રમે જ નીચે ઉતરી યાવત્ અપ્રમત્ત પ્રમત્તગુણસ્થાને આવી ત્યાં કિંચિત્ વાર ટકી, હજારો પરાવૃત્તિ કરી પુનઃ ૫ મે અથવા ૪ થે અને કોઈ તો સાસ્વાદને થઈ મિથ્યાત્વે પણ જાય છે. તથા ૮–૯–૧૦–૧૧ મા ગુણસ્થાને આયુષ્ય ક્ષય થવાથી જઘન્યથી ૧ સમયમાં પણ મરણ થઈ જાય છે ( અર્થાત તે ગુણસ્થાનમાં

૧ સમય માત્ર રહીને પણ મરણ પામી જાય છે.) તે ભવક્ષયપ્રતિપાત કહેવાય. એ ભવક્ષયથી પડેલો જીવ અવશ્ય વિજયાદિ ૫ અનુત્તર વિમાનમાંનાં કોઈપણ અનુત્તરમાં અહમિન્દ્ર દેવપણે જ ઉત્પન્ન થાય, અને વાટે વહેતાં જ ઉપશમ સમ્યક્ત્વવંતને ૪ થું (ક્ષયોપશમ સમ્યક્ત્વવાળું) ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. એટલે ભવક્ષયથી પડેલો ઉપશમશ્રેણિગત ઉપશમસમ્યગ્દૃષ્ટિ જીવ ૪ થા ગુણસ્થાને જ આવે, અને ક્ષયોપશમસમ્યગ્દૃષ્ટિ થાય છે. અને ક્ષાયિકસમ્યક્ત્વી હોય તો તે ક્ષાયિકસમ્યક્ત્વી જ કાયમ રહે છે.

તથા એ ઉપશમશ્રેણિગત દરેક ગુણસ્થાનનો (૮-૯-૧૦-૧૧)નો ઉત્કૃષ્ટકાળ અન્તર્મુહૂર્ત છે, અને જઘન્યકાળ ૧ સમય તથા મધ્યમકાળ બે સમયાદિ તે (જઘન્ય અને મધ્યમ કાળ) અદ્ધાક્ષયથી નહિ પરંતુ ભવક્ષયથી જ હોય છે.

તથા આ ઉપશમશ્રેણિ એક ભવમાં ૨ વખત અને આખા ભવચક્રમાં ૪ વખત પ્રાપ્ત થાય છે.

॥ इति उपशमश्रेणिः ॥

## अथ क्षपकश्रेणिः

अवतरण—ઉપશમશ્રેણિથી જીવનો ઉપશમ સ્વભાવ પ્રગટ થાય છે, અને વીતરાગપણું પણ પ્રાપ્ત થાય છે; પરંતુ તે અન્તર્મુહૂર્ત માત્ર અલ્પકાળનું હોવાથી વિનાશ પામી જીવ પુનઃ સંસાર પરિભ્રમણ કરે છે અને ક્ષપકશ્રેણિથી જીવનો ક્ષાયિક સ્વભાવ એવો પ્રગટ થાય છે કે જે કોઈ કાળે વિનાશ પામતો નથી, તથા આત્માના સર્વ સ્વભાવો સંપૂર્ણ રીતે

સદાકાળને માટે જે પ્રગટ થાય છે તે કેવળ ક્ષપકશ્રેણિથી જ, માટે તે क्षपकश्रेणिનું સ્વરૂપ અહીં કહેવાય છે. તેમ જ દ્વારગાથામાં य (च) પદથી સૂચવેલી બે શ્રેણિઓમાં ઉપશમશ્રેણિનું સ્વરૂપ કહેવાયું છે, અને હવે બાકી રહેલી ક્ષપકશ્રેણિનું સ્વરૂપ કહેવાય છે. ત્યાં ગાથા દ્વારા ક્ષપકશ્રેણિનો [201]વિધિ કહેતાં ગ્રંથ ઘણો વધી જાય માટે અહીં તો ક્ષય પામતી પ્રકૃતિઓનો કેવળ અનુક્રમ જ ગાથામાં કહેવાશે. તે આ પ્રમાણે:—

**अणमिच्छमीस सम्मं, ति आउ इगविगलथीणतिगुज्जोयं ।**
**तिरिनरयथावरदुगं, साहारायव अड नपुत्थी ॥ ९९ ॥**

गाथार्थ—अण=અનન્તાનુબંધિ ૪. मिच्छ=મિથ્યાત્વમોહનીય, मीस=મિશ્રમોહનીય; सम्मं=સમ્યક્ત્વમોહનીય (એ પ્રમાણે ૪ ક્રમથી ૭ પ્રકૃતિઓનો ક્ષય કરી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ થયા બાદ) ત્યારબાદ ति आउ=મનુષ્યાયુ સિવાયનાં ૩ આયુષ્યનો ક્ષય કરે, ત્યારબાદ इग=એકેન્દ્રિય, विगल (तिग)= વિકલેન્દ્રિય ૩, थीण (तिग)=સ્ત્યાનર્દ્ધિત્રિક, उज्जोय=ઉદ્યોત तिरि (दुग)=તિર્યંગ ૨, नरय (दुग)=નરક દ્વિક, थावरदुग=સ્થાવર દ્વિક. (સ્થાવર-સૂક્ષ્મ), साहार=સાધારણનામકર્મ, અને आयव= આતપ નામકર્મ, એ ૧૬ પ્રકૃતિઓનો સમકાળે ક્ષય કરે, ત્યારબાદ अड=૮ મધ્ય કષાયનો ક્ષય કરે, ત્યારબાદ नपु= નપુંસક વેદનો ક્ષય કરે, ત્યારબાદ त्थी=સ્ત્રીવેદનો ક્ષય કરે. ૯૯ (સંબંધ આગળની ૧૦૦ મી ગાથામાં).

---

૨૦૧. ક્ષપકશ્રેણિનો વિશેષ વિધિ કર્મપ્રકૃતિની શ્રી યશોવિજય-વાચકકૃત ટીકા (ના પર્યન્તે). તથા પંચસંગ્રહ ઇત્યાદિમાં કહ્યો છે.

વિશેષાર્થ—કર્મની બંધયોગ્ય ૧૨૦, અથવા ઉદય ઉદીરણા યોગ્ય ૧૨૨, અથવા સત્તામાં ગણવા યોગ્ય ૧૪૮ વા ૧૫૮ તે સર્વનો ક્ષય કરે, એટલે સત્તાગત ૧૫૮ ઉત્તરપ્રકૃતિઓનો સર્વથા ક્ષય જેમાં થાય છે તે क्षपकश्रेणि છે, અને આત્માને મુક્તિપદની પ્રાપ્તિ પણ આ ક્ષપકશ્રેણિથી જ છે. જ્યાં સુધી ક્ષપકશ્રેણિ પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આત્માને મુક્તિપદ ન હોય. એ ક્ષપકશ્રેણિમાં સત્તાગત ૧૫૮ પ્રકૃતિઓનો ક્ષય સમકાળે નહિં પરંતુ અનુક્રમે હોય છે. તે અનુક્રમ તથા તેનો ક્ષય કરવાનો વિધિ સંક્ષેપમાં આ પ્રમાણે—

## ૪ અનન્તાનુબંધી કષાયનો ક્ષય.

ક્ષપકશ્રેણિનો પ્રારંભ કરનાર મનુષ્ય જ હોય, અને તે ૮ વર્ષથી અધિક વયનો, ૪–૫–૬–૭ માંના કોઈ પણ ૧ ગુણસ્થાનમાં વર્તતો, વજ્રર્ષભનારાચસંઘયણવાળો, પૂર્વધર અને શુક્લ ધ્યાનયુક્ત ( અપૂર્વધર હોય તો ધર્મધ્યાનયુક્ત ) હોય છે. તે પ્રથમ ૪ અનંતાનુબંધી કષાયનો ક્ષય કરે છે, તેનો ઘણો વિધિ અનંતાનુબંધીની વિસંયોજના [૨૦૨]સરખો જાણવો.

---

૨૦૨. જે મહર્ષિઓ ૪ અનંતાનુબંધીને વિશેષત દર્શનસપ્તકમાં અંતર્ગત ગણી દર્શનમોહનીયની પ્રકૃતિ તરીકે ગણે છે, તેઓના અભિપ્રાય પ્રમાણે–અનન્તાનુબંધીનો અનન્તમો ભાગ મિથ્યાત્વમોહનીયમાં સંક્રમે છે, અને સંક્રમકરણમાં તો અનંતાનુબંધીને ચારિત્રમોહનીયમાં ગણીને અનંતાનુબંધી દર્શનમોહનીયમાં ( મિથ્યાત્વમાં ) ન સંક્રમે એમ કહ્યું છે. પંચમ કર્મગ્રંથની વૃત્તિમાં શ્રી દેવેન્દ્રસૂરિજીએ અનંતાનુબંધીનો અનન્તમો ભાગ મિથ્યાત્વમાં સંક્રમતો કહ્યો છે.

## ૩ દર્શનમોહનીયનો ક્ષય

અનંતાનુબંધી કષાયનો ક્ષય કર્યા બાદ પ્રથમ મિથ્યાત્વમોહનીયનો, ત્યાર બાદ મિશ્રમોહનીયનો અને ત્યાર બાદ સમ્યક્ત્વમોહનીયનો [૨૦૩]ક્ષય કરે તેનો વિધિ કિંચિત્ માત્ર ઉપશમશ્રેણિમાં ક્ષાયિકસમ્યક્ત્વની ઉત્પત્તિના પ્રસંગે કહ્યો તે પ્રમાણે જાણવો. આ ક્ષાયિકસમ્યક્ત્વનો પ્રારંભક (એટલે ૩ દર્શન મોહનીયનો ક્ષય કરનાર) ૪–૫–૬–૭ ગુણસ્થાનમાંના કોઈ પણ એક ગુણસ્થાનવાળો મનુષ્ય હોય છે, તોપણ અહીં ૭ મા ગુણસ્થાને જે મનુષ્યે ક્ષાયિકસમ્યક્ત્વ ઉત્પન્ન કર્યું છે તે જીવ એ જ ગુણસ્થાને સતત વિશુદ્ધ પરિણામમાં વર્તતો છતો ચારિત્રમોહનીયની પ્રકૃતિઓનો ક્ષય કરવાનો પ્રારંભ કરે, તે પ્રથમ यथाप्रवृत्तकरण કરે, તેનો સર્વ વિધિ પૂર્વે કહેલા યથાપ્રવૃત્તકરણવત્ યથાયોગ્ય જાણવો. આયુષ્યનો બંધ જેણે પૂર્વે કર્યો નથી એવો જીવ ક્ષાયિકસમ્યક્ત્વ પામીને જે સતત વિશુદ્ધિ વડે તુર્ત ચારિત્રમોહનો ક્ષય કરવાનો પ્રારંભ કરે તે सकलश्रेणि કહેવાય.

## ૩ (દેવ-તિર્યંચ–નરક) આયુષ્યનો ક્ષય

પૂર્વે કહેલા સકલશ્રેણિવાળા જીવ દેવાયુષ્યનો દેવગતિમાં, તિર્યંચાયુષ્યનો તિર્યંચગતિમાં અને નરકાયુષ્યનો નરકગતિમાં

૨૦૩. ક્ષપકશ્રેણિના પ્રારંભકને સમ્યક્ત્વમોહનીયનો ક્ષય સાતમે ગુણસ્થાને પણ સંપૂર્ણ થતો નથી પરંતુ કંઇક ભાગ બાકી રહે છે (તે યાવત્ ૯ મા ગુણસ્થાને ક્ષય પામે છે), એ પ્રમાણે શ્રી ભગવવતીજીમાં તથા પંચમ કર્મગ્રંથની વૃત્તિમાં પણ કહ્યું છે. આ કારણથી જ સમ્યક્ત્વ પરિષહ ૯ મા ગુણસ્થાન સુધી કહેલો સમજાય છે.

ક્ષય કરીને જ આવેલો હોય [૨૦૪]છે, જેથી આ ભવમાં હવે ૧૪ મા ગુણસ્થાનના પર્યંતે ઉદયમાં વર્તતા મનુષ્યાયુષ્યનો જ ક્ષય કરવો બાકી રહે છે.

## એકેન્દ્રિયાદિ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય ૯ મે

સાતમા ગુણસ્થાને યથાપ્રવૃત્તકરણ સમાપ્ત થયા બાદ તે સકલશ્રેણિગત મનુષ્ય अपूर्वकरण રૂપ ૮ મું ગુણસ્થાન પ્રાપ્ત કરે છે, ત્યાં અપ્રત્યાખ્યાની ૪ તથા પ્રત્યાખ્યાની ૪ એ ૮ મધ્યકષાયોનો સ્થિતિઘાતાદિકથી એવી રીતે ક્ષય કરે કે જેથી અનિવૃત્તિ (૯ મા) ગુણસ્થાનના પ્રારંભમાં એ ૮ કષાયોની સ્થિતિ પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી જ અતિ અલ્પ રહે. ત્યાર બાદ ૮ કષાયોની એ શેષ સ્થિતિનો ક્ષય કરતાં કરતાં ૯ મા ગુણસ્થાનના સંખ્યાત ભાગ વ્યતીત થઈ ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે (એટલે હજી ૮ કષાયો ક્ષય નથી પામ્યા તે દરમ્યાનમાં) એકેન્દ્રિય-દ્વીન્દ્રિય-ત્રીન્દ્રિય-ચતુરિન્દ્રિય-સ્ત્યાનર્દ્ધિત્રિક (૩) ઉદ્યોત-તિર્યંગ્દ્વિક-મનુષ્યદ્વિક (૨) તથા સ્થાવર અને સૂક્ષ્મ તથા આતપ અને સાધારણ નામકર્મ એ ૧૬ પ્રકૃતિઓનો સમકાળે ક્ષય કરવાનો પ્રારંભ કરે, અર્થાત્ એ ૧૬ પ્રકૃતિઓની ઉદ્વલના સંક્રમ વડે પલ્યોપમના અસંખ્યાતમા

---

૨૦૪. प्रश्न-પૂર્વભવમાં જ ૩ આયુષ્યનો ક્ષય કરીને આવેલ હોય તો ક્ષાયિકસમ્યક્ત્વ પામ્યા પછી ૩ આયુષ્યનો ક્ષય કેમ કહ્યો? મિથ્યાત્વ ગુણસ્થાને જ ૩ આયુષ્યનો ક્ષય કેમ નહિં? उत्तर-અનેક જીવોને આશ્રયી વિચારતાં ક્ષાયિકસમ્યગ્દૃષ્ટિને એ ૩ આયુષ્યની સંભવસત્તા છે; માટે તે સંભવસત્તાનો ક્ષય તો સકલશ્રેણિગતને જ ક્ષાયિક સમ્યક્ત્વ પામ્યા બાદ ૭ મે ગુણસ્થાને ગણી શકાય છે.

ભાગ જેટલી સ્થિતિ કરે. ત્યાર બાદ એ ૧૬ પ્રકૃતિઓને બધ્ય-માન પરપ્રકૃતિઓમાં ગુણસંક્રમ વડે ( પ્રતિસમય અસંખ્યગુણ અસંખ્યગુણ સંક્રમની પદ્ધતિએ ) સંક્રમાવી ક્ષય કરે, એ પ્રમાણે તે ૧૬ પ્રકૃતિનો ક્ષય થાય.

## ૮ મધ્યકષાયનો ક્ષય નવમા ગુણસ્થાને.

ઉપર કહ્યા પ્રમાણે ૧૬ પ્રકૃતિઓનો ક્ષય કરવાના પ્રારંભ પહેલાં ૮ મધ્યકષાયના ક્ષયનો પ્રારંભ થઈ ચૂક્યો હતો, પરન્તુ હજી તે કષાયો ક્ષય નથી પામ્યા તેટલામાં એ ૧૬ પ્રકૃતિઓનો ક્ષય પ્રથમ જ થઈ ગયો, અને જેનો પ્રારંભ પ્રથમ કર્યો હતો તે ૮ કષાયનો ક્ષય ત્યાર પછી અન્તર્મુહૂર્ત બાદ થાય છે. એ રીતે ૧૬ કર્મો ૮ કષાયોના અંતરાલમાં જ ( વચમાં જ ) ક્ષય પામ્યાં અને ત્યાર બાદ ૮ મધ્યકષાયો ક્ષય પામ્યા. इति

मतान्तर—આ બાબતમાં કેટલાક આચાર્યો એમ કહે છે કે ૧૬ કર્મનો ક્ષય પ્રારંભ પ્રથમ થાય છે, અને ૮ મધ્યકષાયનો ક્ષય પ્રારંભ ત્યાર બાદ થાય છે. ત્યાં ૧૬ કર્મનો ક્ષય હજી થયો નથી તેટલામાં અન્તરાલે જ ૮ મધ્યકષાયો સંપૂર્ણ ક્ષય પામી જાય છે, અને ત્યાર બાદ ૧૬ કર્મનો ક્ષય થાય છે.

## ૯ નોકષાય-૪ સંજ્વલનનું અંતરકરણ નવમા ગુણસ્થાને.

ઉપર કહ્યા પ્રમાણે ૧૬ કર્મ તથા ૮ કષાય ક્ષય પામ્યા બાદ ૯ નોકષાય તથા ૪ સંજ્વલન ( ક્રોધ-માન-માયા-લોભ ) નું અંતરકરણ કરે છે. તે અંતરકરણનો વિધિ ઉપશમશ્રેણિમાં કહેલી ૨૧ પ્રકૃતિઓના અંતરકરણ સરખો યથાયોગ્ય જાણવો. અહીં પણ ઉદિતપ્રકૃતિની પ્રથમા સ્થિતિ

અન્તર્મુહૂર્ત અને અનુદિત પ્રકૃતિની પ્રથમા સ્થિતિ ૧ આવલિકા પ્રમાણે રહે છે. તથા દ્વિતીયા સ્થિતિનો ઉદ્વલનાદિ વિધિથી ક્ષય થાય છે, અને પ્રથમા સ્થિતિનો ઉદિતનો ઉદય દ્વારા અને અનુદિતનો સ્તિબુકસંક્રમ ( પ્રદેશોદય ) દ્વારા ક્ષય થતો જાય છે.

## નપુંસકવેદનો ક્ષય નવમે ગુણસ્થાને.

૧૩ પ્રકૃતિઓનું અંતરકરણ અન્તર્મુહૂર્ત માત્રમાં કરી રહ્યા બાદ નપુંસકવેદ કે જેનું અંતરકરણ ૧૩ પ્રકૃતિઓમાં થયેલું છે, તેની દ્વિતીયા સ્થિતિને ઉદ્વલનાસંક્રમથી અન્તર્મુહૂર્ત સુધી ઘટાડી ઘટાડી પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી બાકી રહે ત્યાર બાદ બધ્યમાન પરપ્રકૃતિઓમાં ગુણસંક્રમથી સંક્રમાવી સંક્રમાવીને અન્તર્મુહૂર્ત માત્રમાં સંપૂર્ણ ક્ષય પમાડે, અને પ્રથમાસ્થિતિને જો તે વખતે ઉદયવતી હોય તો ઉદય દ્વારા ક્ષય કરે અને અનુદયવતી હોય તો સ્તિબુકસંક્રમદ્વારા ઉદયવતી પ્રકૃતિઓમાં સંક્રમાવી સંક્રમાવીને ક્ષય કરે. એ પ્રમાણે નપુંસકવેદનો સર્વથા ક્ષય થાય છે.

## સ્ત્રીવેદનો ક્ષય.

જે વિધિએ અંતરકરણકૃત નપુંસકવેદનો ક્ષય થાય છે, તે જ વિધિએ અંતરકરણ કૃત સ્ત્રીવેદનો પણ ક્ષય થાય છે, પરન્તુ નપુંસકવેદ ક્ષય પામ્યા બાદ અંતર્મુહૂર્ત્તે સ્ત્રીવેદનો ક્ષય થાય છે.

## હાસ્યાદિ ૬ નોકષાયનો ક્ષય.

સ્ત્રીવેદ ક્ષય પામ્યા બાદ અન્તર્મુહૂર્ત કાળે ૬ નોકષાયનો સમકાળે ક્ષય થાય છે. તે ક્ષય કરવાનો વિધિ પણ નપુંસકવેદવત્ પ્રથમા દ્વિતીયા સ્થિતિના ક્ષય પ્રમાણે જાણવો.

## પુરુષવેદનો ક્ષય.

હાસ્યાદિ નોકષાયનો જે સમયે સંપૂર્ણ ક્ષય થાય તે જ સમયે પુરુષવેદના બંધ ઉદય ઉદીરણાનો પણ વિચ્છેદ થાય, તેમ જ સમયોન બે આવલિકા સુધીમાં બંધાયેલા નવા કર્મપ્રદેશો સિવાયના સર્વ પ્રાચીન કર્મપ્રદેશોનો પણ ક્ષય થાય છે અને તે સમયે પુરુષવેદનો બંધ ઉદય ઉદીરણાનો પણ વિચ્છેદ થાય છે, અને નવા બંધાયેલા કર્મપ્રદેશો સમયન્યૂન ૨ આવલિકા જેટલા કાળ (કિટ્ટિકરણ વખતે) ક્ષય પામ્યાથી પુરુષવેદનો સંપૂર્ણ ક્ષય થયો ગણાય છે. (સમયોન ૨ આવલિકા કાળ સુધી પુરુષવેદના પ્રદેશોને ગુણસંક્રમની પદ્ધતિએ અને પર્યન્ત સમયે સર્વસંક્રમ વડે ક્રોધમાં સંક્રમાવી સંપૂર્ણ ક્ષય પમાડે છે.) એ નવા બાંધેલા કર્મપ્રદેશોનો ક્ષય આગળ કહેવાતા કિટ્ટિકરણ કાળમાં વર્તતા જીવને હોય છે.

---

૨૦૫. આ અનુક્રમ પુરુષવેદે શ્રેણિ પ્રારંભી હોય તેવા જીવ આશ્રયી છે પરન્તુ શ્રેણિપ્રારંભક જો નપુંસક હોય તો પ્રથમ સ્ત્રીવેદ તથા નપુંસકવેદને સમકાળે ક્ષય કર્યા બાદ હાસ્ય-છક્કનો ક્ષય કરવા સાથે જ સમકાળે પુરુષવેદ ક્ષય કરી ૭ પ્રકૃતિઓ સમકાળે ક્ષય કરે છે. જો શ્રેણિપ્રારંભક સ્ત્રી હોય તો પ્રથમ નપુંસકવેદનો ક્ષય કરી ત્યારબાદ સ્ત્રીવેદનો ક્ષય કરી ત્યારબાદ પુરુષવેદ અને હાસ્ય-છક્કનો સમકાળે ક્ષય કરે છે.

## સંજ્વલન કષાયોના ( બાદર ) કિટ્ટિકરણ વિભાગ
### ૧૨–૯–૬–૩

સંજ્વલન ક્રોધ–માન–માયા અને લોભનો ક્ષય કરવા માટે ચારેના રસસ્પર્ધકોને અત્યંત હીનરસવાળા કરે છે, તે હીન-રસવાળા સ્પર્ધકો अपूर्वस्पर्धक કહેવાય, એ અપૂર્વસ્પર્ધકો કરવાનો અન્તર્મુહૂર્ત પ્રમાણ કાળ તે अश्वकर्णकरण કાળ કહેવાય, તે અશ્વકર્ણકરણ કાળમાં વર્તતો જીવ અન્તર્મુહૂર્ત સુધી અપૂર્વ સ્પર્ધકોની પુનઃ બાદર કિટ્ટિ કરે છે તે किट्टिकरण કાળ કહેવાય. તે કિટ્ટિકરણકાળમાં વર્તતો જીવ સંજ્વલન-ચતુષ્કની ઉપરની ( દ્વિતીયા ) સ્થિતિમાં રહેલા રસસ્પર્ધકોની અનન્ત કિટ્ટિ કરે છે, ત્યાં સંજ્વલન ક્રોધની જોકે અનન્ત કિટ્ટિ છે તોપણ સ્થૂલ જાતિભેદની અપેક્ષાએ[૨૦૧] ૩ જાતિની કિટ્ટિ કલ્પીએ, તેવી રીતે સંજ્વલન માનાદિકની પણ ૩–૩–૩ કિટ્ટિ કલ્પતાં સંજ્વલનચતુષ્કની ૧૨ કિટ્ટિ ક્રોધના ઉદયે શ્રેણિ-પ્રારંભક જીવને હોય, માનના ઉદયે શ્રેણિ પ્રારંભી હોય તો ક્રોધને ઉદ્વલનાસંક્રમથી ક્ષય કર્યા બાદ શેષ માનાદિ ૩ કષાયની ૯ કિટ્ટિ કરે, માયાના ઉદયે શ્રેણિ પ્રારંભી હોય તો ક્રોધ–માનનો ઉદ્વલનાસંક્રમથી ક્ષય કર્યા બાદ શેષ માયા–લોભની ૬ કિટ્ટિ કરે, અને લોભના ઉદયે શ્રેણિ પ્રારંભી હોય તો ક્રોધાદિ ૩ નો

૨૦૧. અતિબાદર, અલ્પબાદર, અલ્પતરબાદર એ પ્રમાણે ૩ જાતિની વાસ્તવિક રીતે અનંતી તારતમ્યવાળી અનંત બાદરકિટ્ટિઓ ચારે કષાયની આ નવમા ગુણસ્થાનમાં થાય છે અને ૯ મા જ ગુણસ્થાનમાં વેદાય છે. સૂક્ષ્મકિટ્ટિ તો કેવળ લોભની જ નવમા ગુણસ્થાનમાં થશે, અને તે ૧૦ મા ગુણસ્થાનમાં વેદાશે.

ઉદ્વલનાસંક્રમથી ક્ષય કરીને લોભમાત્રની જ ૩ કિટ્ટિ કરે. ત્યાં સંજ્વલન ક્રોધના ઉદયે શ્રેણિપ્રારંભક મુનિ કિટ્ટિનો ક્ષય કરે તે કહેવાશે.

ઉપર પ્રમાણે કિટ્ટિ કરણના પ્રથમ સમયથી પુરુષવેદના સમયોન બે આવલિકા સુધીમાં બાંધેલા નવા કર્મપ્રદેશો જે ક્ષય કરવાના બાકી રહ્યા છે તેને પણ કિટ્ટિકરણમાં વર્તતો સમયોન બે આવલિકા જેટલા કાળે સંપૂર્ણ ક્ષય પમાડે છે.

## સંજ્વલન ક્રોધની ૩ કિટ્ટિનો ક્ષય.

કિટ્ટિકરણકાળમાં જીવે જે ચારે સંજ્વલન કષાયની ૩-૩-૩-૩-કિટ્ટિઓ કરવાનો પ્રારંભ કર્યો હતો તે ચારે કષાયની ૧૨ કિટ્ટિઓ અન્તર્મુહૂર્ત માત્ર કાળમાં થાય છે, તે કિટ્ટિકરણાધ્ધાનો અન્તર્મુહૂર્તકાળ એટલે કિટ્ટિકરણકાળ સમાપ્ત થયે જેણે ક્રોધના ઉદયે શ્રેણિ પ્રારંભી હોય તે જીવ ક્રોધની દ્વિતીયા સ્થિતિમાં રહેલી પહેલી કિટ્ટિને પ્રતિસમય (અન્તર્મુહૂર્ત સુધી) આકર્ષી આકર્ષીને પ્રથમાસ્થિતિરૂપ કરી ઉદય દ્વારા ક્ષય કરતો જાય છે, તે યાવત્ પ્રથમાસ્થિતિની સમયાધિક ૧ આવલિકા બાકી રહે ત્યાં સુધી પહેલી કિટ્ટિને આકર્ષી ઉદયમાં લાવે છે. ત્યારબાદ (એટલે પહેલી કિટ્ટિ સમયાધિક આવલિકા જેટલી વેદવી બાકી રહે ત્યારથી) બીજી કિટ્ટિના કર્મપ્રદેશોને અન્તર્મુહૂર્ત સુધી પ્રતિસમય આકર્ષી આકર્ષી પ્રથમા સ્થિતિરૂપ કરી, ઉદયમાં લાવી નિર્જરે છે, તે પણ સમયાધિક [૨૦૭]આવલિકા બાકી રહે ત્યાં સુધી, ત્યારબાદ ત્રીજી કિટ્ટિને

---

૨૦૭. ક્રોધ, માન, માયા અને લોભ એ ચારેમાં પ્રથમા સ્થિતિમાં બે બે કિટ્ટિની બાકી રહેતી આવલિકાઓ અગ્ર અગ્ર કિટ્ટિવેદનમાં

પણ અન્તર્મુહૂર્તપર્યન્ત આકર્ષી આકર્ષીને પ્રથમાસ્થિતિરૂપ કરીને વેદે તે યાવત્ સમયાધિક આવલિકા શેષ રહે ત્યાં સુધી વેદે, તે સમયે ક્રોધનો બંધ–ઉદય–ઉદીરણા એ ત્રણેનો સમકાળે વિચ્છેદ થાય છે, તથા સમયોન ૨ આવલિકા સુધીમાં બાંધેલા નવા કર્મપ્રદેશો સિવાયના સર્વ પ્રદેશો ક્ષય પામ્યા છે, અને તેટલાં જ માત્ર (સમયોન ૨ આવલિકામાં બાંધેલા જ) કર્મપ્રદેશો ક્ષય કરવાના બાકી રહ્યા છે, તે દરમ્યાનમાં (તે સમયે) માનની કિટ્ટિઓનું આકર્ષણ વેદન વગેરે પણ ક્રોધવત્ જાણવું.

અહીં કિટ્ટિવેદનના પ્રથમ સમયથી કિટ્ટિનો સંપૂર્ણ ક્ષય થાય ત્યાં સુધી પ્રતિસમય ક્રોધાદિકની દ્વિતીયાસ્થિતિના ઘણા પ્રદેશોને ગુણસંક્રમથી પણ માનમાં સંક્રમાવી સંક્રમાવી ક્ષય પમાડે છે. તથા ક્રોધાદિકના ક્ષય કરવા બાકી રહેલા જે સમયોન ૨ આવલિકાના બાંધેલા છેલ્લા કર્મપ્રદેશો તેને માનાદિક અનંતરકષાયમાં (ક્રોધના માનમાં, માનના માયામાં, અને માયાના લોભમાં એ પ્રમાણે) ગુણસંક્રમની પદ્ધતિએ સંક્રમાવે છે, અને પર્યન્ત સમયે સર્વસંક્રમથી (સર્વપ્રદેશોને) સંક્રમાવી ક્રોધાદિકનો સંપૂર્ણ ક્ષય કરે છે.

## સંજ્વલન માનની ૩ કિટ્ટિનો ક્ષય

સંજ્વલનક્રોધથી ૩ બાદર કિટ્ટિનો ક્ષય જે પદ્ધતિએ ઉપર

---

સ્વસ્થાને અન્તર્ગતપણે ઉદયમાં આવી ક્ષય પામે છે, અને ત્રીજી કિટ્ટિની બાકી રહેલી આવલિકાને ઉદયવતી પરપ્રકૃતિમાં સ્તિબુકસંક્રમ વડે સંક્રમાવે છે.

કહેવાયો છે તે જ પદ્ધતિએ સંજ્વલનમાનની ૩ બાદરકિટ્ટિનો ક્ષય કરે છે, પરંતુ ક્રોધને સ્થાને માન કહેવું.

## સંજ્વલન માયાની ૩ કિટ્ટિનો ક્ષય

સંજ્વલન ક્રોધની ૩ કિટ્ટિના ક્ષયની પદ્ધતિ પ્રમાણે જ સંજ્વલન માયાની પણ ૩ કિટ્ટિનો ક્ષય થાય છે, પરંતુ ક્રોધને સ્થાને માયા કહેવી.

## સંજ્વલન લોભની ૨ બાદર કિટ્ટિનો ક્ષય

સંજ્વલન માયાનો બંધ ઉદય ઉદીરણા વિચ્છેદ થયે, તેમ જ સમયોન ૨ આવલિકાના બાંધેલા છેલ્લા પ્રદેશો ક્ષય કરવાના બાકી રહ્યે તે જ સમયે સંજ્વલન ક્રોધની કિટ્ટિના ક્ષયની પદ્ધતિ પ્રમાણે સંજ્વલન લોભની પ્રથમ તથા દ્વિતીય બાદર કિટ્ટિ અનુક્રમે ઉદયમાં આવી ક્ષય પામે છે, પરંતુ બીજી કિટ્ટિના ઉદયમાં વર્તતો જીવ ત્રીજી બાદરકિટ્ટિને સૂક્ષ્મકિટ્ટિ કરવાનો પ્રારંભ કરે છે, તે આ પ્રમાણેઃ—

## સંજ્વલન લોભની (૩-જી બાદર) કિટ્ટિનું સૂક્ષ્મકિટ્ટિકરણ

સંજ્વલન લોભની બીજી બાદરકિટ્ટિને વેદવાના પ્રથમ સમયથી જ દ્વિતીયા સ્થિતિમાં રહેલી લોભની ૩ જી બાદરકિટ્ટિને સૂક્ષ્મ કરતો જાય છે, એ પ્રમાણે અન્તર્મુહૂર્ત સુધી સૂક્ષ્મ કરતાં જ્યારે દ્વિતીય કિટ્ટિવેદનની સમયાધિક ૧ આવલિકા બાકી રહે તે જ સમયે બાદર સંજ્વલન લોભનો ઉદય ઉદીરણા તથા કષાયનો બંધ વિચ્છેદ પામે છે, અને તે સાથે ૯ મા ગુણસ્થાનનો પણ અન્ત થાય છે.

इति ३४ कर्मक्षयः

## સંજ્વલોભની (ત્રીજી) સૂક્ષ્મકિટ્ટિનો ક્ષય ૧૦ મે

ઉપર કહ્યા પ્રમાણે સંજ્વલન લોભની દ્વિતીય કિટ્ટિના વેદનની સમયાધિક આવલિકા બાકી રહે તે જ સમયથી દ્વિતીયા સ્થિતિમાં કરેલી સૂક્ષ્મકિટ્ટિને પ્રથમા સ્થિતિરૂપ કરી ઉદયમાં લાવી ક્ષય કરતો જાય છે, અને સમયાધિક આવલિકા જેટલી રહેલી દ્વિતીયાકિટ્ટિને (બાદરકિટ્ટિને) ઉદયવતી ત્રીજી કિટ્ટિમાં અંતર્ગતપણે ક્ષય કરતો જાય છે, એ પ્રમાણે સંજ્વલન લોભની સૂક્ષ્મકિટ્ટિ (કે જેને ૯ મા ગુણસ્થાને બાદરમાંથી સૂક્ષ્મ કરેલી હતી તેને) વેદતો જીવ **सूक्ष्मसंपरायगुणस्थान** વર્તી ગણાય છે. એ ૧૦ મા સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનમાંના સંખ્યાતા ભાગ વ્યતીત થઈ ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે તે સંખ્યાતમા ભાગમાં સંજ્વલન લોભને અન્તર્મુહૂર્ત પર્યંત સર્વાપવર્ત્તના વડે અપવર્તીને સૂક્ષ્મસંપરાયના બાકી રહેલા કાળ જેટલી સ્થિતિવાળો કરે, અને તે [૨૦૮]સર્વાપવર્ત્તના વડે અપવર્તાઈ જાય ત્યારે મોહનીયકર્મના (લોભના) સ્થિતિ ઘાતાદિનો વિચ્છેદ થાય, પરંતુ શેષ ૬ કર્મોના સ્થિતિઘાતાદિ પ્રવર્તતા હોય છે. તથા લોભની તે અપવર્ત્તાયલી અન્તર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિને ઉદય અને ઉદીરણાથી વેદતાં વેદતાં જ્યારે સમયાધિક ૧ આવલિકા બાકી રહે ત્યારે તેથી અનન્તર સમયે (એટલે ૧ આવલિકા બાકી રહ્યે) ઉદીરણા બંધ પડે છે, અને કેવળ ઉદય જ પ્રવર્તે છે. પુનઃ તે પર્યન્તાવલિકા વ્યતીત થયે લોભનો ઉદય પણ બંધ થાય છે, અને તે સાથે ૫ જ્ઞાનાવરણ,

૨૦૮. અપવર્તનાના પર્યન્તે બાકી રહેલી સર્વ કર્મ સ્થિતિને સામટી એકી વખતે અપવર્તવી–ઘટાડવી તે **सर्वापवर्तना** કહેવાય.

૪ દર્શનાવરણ, ૫ અન્તરાય, યશઃનામ અને ઉચ્ચ ગોત્ર એ ૧૬ કર્મનો બંધ વિચ્છેદ અને મોહનીયનો ઉદય તથા સત્તાનો પણ વિચ્છેદ થાય છે. इति १० मा गुणस्थाने १ मोहनीयक्षयः.

## જ્ઞાનાવરણીયાદિ ૧૮ કર્મનો ક્ષય ૧૨ મે.

ત્યાર બાદ ૧૦ મું ગુણસ્થાન સમાપ્ત થયે એટલે સંજ્વલન લોભનો ક્ષય થયે મોહનીયની સર્વ પ્રકૃતિઓ ક્ષય પામેલી હોવાથી અનન્તર સમયે क्षीणमोहगुणस्थान (૧૨ મું) પ્રાપ્ત થાય છે, તે ગુણસ્થાનના સંખ્યાત ભાગ વ્યતીત થઈ ૧ સંખ્યાતમો ભાગ બાકી રહે ત્યારે ૫ જ્ઞાનાવરણીય આદિ ૧૬ કર્મોની સ્થિતિને સર્વાપવર્ત્તના વડે અપવર્તીને ક્ષીણમોહગુણસ્થાનના શેષ રહેલા કાળ જેટલી કરે છે, અને નિદ્રાદ્વિકની સ્વરૂપ અપેક્ષાયે ૧ સમય ન્યૂન કરે છે. ત્યારબાદ એ ૧૬ કર્મના ચાલુ ઉદયનો જ્યારે ૧ સમય બાકી રહે એટલે ક્ષીણમોહગુણસ્થાનનો પર્યન્ત સમય બાકી રહે ત્યારે (ઉપાન્ત્યસમયે) નિદ્રાદ્વિકના ઉદયનો ક્ષય થાય છે, અને પર્યન્ત સમયે નિદ્રાદ્વિકનો સત્તાક્ષય તેમ જ ૧૬ કર્મનો ઉદયાદિ સર્વથા ક્ષય થાય છે. એ પ્રમાણે ક્ષીણમોહગુણસ્થાને ૧૬ કર્મનો (૫ જ્ઞાનાવરણ,—૫ અંતરાય—૪ દર્શનાવરણ, નિદ્રાપ્રચલાનો) સર્વથા ક્ષય થાય છે, તે સાથે શુકલધ્યાનનો બીજો ભેદ પણ સમાપ્ત થાય છે.

## કેવળજ્ઞાન-દર્શનાદિની પ્રાપ્તિ ૧૩ મે.

ક્ષીણમોહના પર્યન્ત સમયે જ્ઞાનાવરણીયાદિ ઘાતિકર્મોનો સર્વથા ક્ષય થવાથી અનન્તર સમયે આત્માને કેવળજ્ઞાન-કેવળદર્શન, ૫ ક્ષાયિક દાનાદિ લબ્ધિ, તથા બીજી પણ અનન્ત

લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, અને તે ૧૩ મું ગુણસ્થાન સયોગિકેવલી નામનું પ્રાપ્ત થાય છે. અહીં મન, વચન, કાયારૂપ ત્રણે યોગ પ્રથમથી જે પ્રવર્તે છે તે ચાલુ છે, પરન્તુ પોતાના જ્ઞાન માટે ચિંતવનરૂપ મનોયોગ નથી, અનુત્તર દેવાદિકે પૂછેલા પ્રશ્નના ઉત્તર આપવા (મનોવર્ગણાને ગ્રહણ કરી મનઃપણે પરિણમાવી ઉત્તર આપવા) પૂરતો મનોયોગ છે.

## જ્ઞાન-દર્શનની સમયાન્તર પરાવૃત્તિ.

૧૨ મા ગુણસ્થાન સુધીમાં છદ્મસ્થપણું હોવાથી જ્ઞાનદર્શનની પરાવૃત્તિ અન્તર્મુહૂર્ત અન્તર્મુહૂર્તના અન્તરે થતી હતી તે હવે પ્રતિસમય થાય છે, જેથી ૧૩ મા ગુણસ્થાનના પ્રથમ સમયે જ્ઞાનોપયોગ, બીજા સમયે દર્શનોપયોગ, ત્રીજે સમયે જ્ઞાનોપયોગ, ચોથે સમયે દર્શનોપયોગ ઇત્યાદિ રીતે યાવત્ સિદ્ધિગતિના પ્રથમ સમયે જ્ઞાનોપયોગ, બીજા સમયે દર્શનોપયોગ તે પણ અનન્તકાળ પર્યન્ત એ જ પરાવૃત્તિ ચાલતી રહે છે, એમાં જીવસ્વભાવ એ જ કારણ છે.

## દેશોન પૂર્વકોટિ વર્ષ કેવલિવિહાર.

આ ગુણસ્થાન ૮ વર્ષથી અધિક વયના મનુષ્યને અને તે પણ ઉત્કૃષ્ટથી પૂર્વક્રોડવર્ષના આયુષ્યવાળા મનુષ્યને ક્ષપકશ્રેણિવડે પ્રાપ્ત થાય છે, માટે ભવસ્થ કેવલિ ભગવંત સાધિક ૮ વર્ષ ન્યૂન પૂર્વક્રોડ વર્ષ સુધી આ પૃથ્વીતલને પવિત્ર કરતા વિચરે છે અને ટૂંકા આયુષ્યવાળા (તોપણ સાધિક ૮ વર્ષના આયુષ્યવાળા) મનુષ્યને અથવા તો ઉત્કૃષ્ટ આયુષ્યવાળા અંતગડ કેવલિને (આયુષ્યના અન્તે કેવળજ્ઞાન પામનારને) ૧૩ મા ગુણસ્થાનનો કાળ જઘન્યથી અન્તર્મુહૂર્ત પણ હોય છે.

## આયોજિકા કરણ

શ્રી કેવલી પરમાત્મા ( સમુદ્ઘાત કરવા પહેલાં ) પ્રશસ્ત-યોગ आयोजिकाकरण કરે છે તેનું વિશેષ સ્વરૂપ શ્રી વિશેષાવશ્યકાદિ ગ્રંથોથી જાણવું.

## ૮ સમયનો કેવલીસમુદ્ઘાત.

આયોજિકાકરણ કર્યા બાદ જે કેવલી પરમાત્માને વેદનીય ગોત્ર તથા નામ એ ૩ કર્મની સ્થિતિ પોતાની આયુષ્ય-સ્થિતિથી અધિક રહી હોય તો તે ત્રણેની સ્થિતિને આયુષ્ય-સ્થિતિ જેટલી સરખી કરવા માટે તે કેવલિ ભગવંત ૮ સમય પ્રમાણને। સમુદ્ઘાતરૂપ પ્રયત્ન વિશેષ કરે છે, ત્યાં પ્રથમ આત્માના પ્રદેશોને શરીરમાં કાયમ રાખી તેને। વિસ્તાર કરી શરીરની–જાડાઈ–પહોળાઈ પ્રમાણ પહેલા સમયે दंडाकृति રચે છે, બીજા સમયે દંડાકૃતિમાંથી कपाटाकृति રચે છે, ત્રીજે સમયે બીજું કપાટ રચી मंथानाकृति રચે છે, ચોથે સમયે મંથાનમાંથી આત્મપ્રદેશો વિસ્તારી મંથાનની अंतरपूर्ति કરે છે, જેથી સંપૂર્ણ લોકવ્યાપ્ત ( આત્મા ) થાય છે. ત્યારબાદ ૫ મા સમયે अंतरसंहरण, છઠ્ઠા સમયે मंथानसंहरण સાતમા સમયે कपाटसंहरण અને ૮ મા સમયે दंडसंहरण કરી કેવલી પરમાત્મા શરીરસ્થ થાય છે

## કેવલીસમુદ્ઘાતમાં સ્થિતિઘાત–રસઘાત.

આ સમુદ્ઘાત કરવાની પૂર્વે વેદનીયાદિ કર્મની ( વે૦–ના૦–ગો૦ની ) જે પલ્યોપમાસંખ્યેય ભાગ જેટલી સ્થિતિ હોય છે તેના અસંખ્યાત ભાગ હણી ૧ અસંખ્યાતમા ભાગ જેટલી દંડસમયે કરે છે, અને એ જ દંડસમયે રસના અનન્ત

ભાગ હણી ૧ અનન્તમો ભાગ રાખે છે. પુનઃ તે શેષ રહેલી સ્થિતિના અને રસના ( ક્રમશઃ ) અસંખ્ય તથા અનન્ત ભાગ હણી ૧-૧ ભાગ કપાટ સમયે બાકી રાખે છે. એ પ્રમાણે સ્થિતિઘાત, રસઘાત કરતાં ૪ થા સમયે ત્રણે કર્મની સ્થિતિ જે પ્રથમ આયુષ્યથી અસંખ્યગુણ હતી તે હવે સંખ્યાતગુણી થઇ, પરન્તુ રસ તો અનન્તગુણ છે. ત્યારબાદ પાંચમા સમયે શેષ સ્થિતિના સંખ્યાત ભાગ હણી ૧ સંખ્યાતમો ભાગ રાખે, અને રસઘાત પૂર્વવત્, ત્યાર બાદ છઠ્ઠા સમયથી જે સ્થિતિઘાત તથા રસઘાત થાય તે અન્તર્મુહૂર્ત અન્તર્મુહૂર્ત પ્રમાણના ( અન્તર્મુહૂર્ત કાળે ઉત્કીર્ણ સ્થિતિકંડક અને રસકંડકનો ઘાત થઈ શકે એવા ) કાળવાળા જાણવા, તે યાવત્ ૧૩ મા ગુણસ્થાનના પર્યંત સુધી, અને એ ૫ સમયોમાં થયેલા સ્થિતિઘાત, રસઘાત એકેક સમયમાં થયેલા છે, એ તફાવત છે. પુનઃ સમુદ્‌ઘાત વખતે ૩૯ શુભ પ્રકૃતિઓના રસને ૨૫ અશુભપ્રકૃતિઓના રસમાં સંક્રમાવીને રસઘાત કરે છે. એ સમુદ્‌ઘાતનો જ પ્રભાવ છે. નહિતર એવો વિરોધી સંક્રમ થઈ શકતો નથી, તથા જે કેવલી ભગવંતને વેદનીયાદિ ૩ કર્મોની સ્થિતિ આયુઃ સ્થિતિ જેટલી તુલ્ય હોય છે તે કેવલી ભગવંતને સમુદ્‌ઘાત હોતો નથી.

## સૂક્ષ્મ તથા બાદરયોગનો નિરોધ.

સમુદ્‌ઘાત કરીને અથવા ન કરીને પણ અન્તર્મુહૂર્તાવશેષ આયુષ્યવાળા કેવલી પરમાત્મા લેશ્યાનિરોધ માટે તથા યોગથી થતા શાતાવેદનીયના બંધનિરોધ માટે યોગનિરોધ અવશ્ય કરે છે, તેનો ક્રમ આ પ્રમાણેઃ—

| યોગનિરોધક્રમ | ક્યા યોગના બળથી | કાળ | |
|---|---|---|---|
| ૧ બાદર વચન યોગને (સ્થિરતા) | બા૦ કાયયોગવડે | અન્તર્મુ૦ ,, | |
| ૨ બાદર મનોયોગને (સ્થિરતા) | ,, | ,, ,, | |
| ૩ શ્વાસોચ્છ્વાસને (સ્થિરતા) | ,, | ,, ,, | |
| ૪ બાદર કાયયોગને (સ્થિરતા) | સૂક્ષ્મ કાયયોગવડે (બા૦કાયયોગવડે) | ,, ,, | અહીં યોગના અપૂર્વ સ્પર્ધકો થતા જાય છે. તથા યોગની કિટ્ટિઓ થઈ કિટ્ટિયોગ પ્રગટ થાય. |
| ૫ સૂક્ષ્મ વચન યોગને (સ્થિરતા) | સૂક્ષ્મ કાયયોગવડે | ,, ,, | |
| ૬ સૂક્ષ્મ મનોયોગને (સ્થિરતા) | ,, | ,, ,, | |
| ૭ સૂક્ષ્મ કાયયોગને | ,, | ,, | અહીં ⅓ આત્મપ્રદેશોનો સંકોચ તથા શુકલધ્યાન હોય. |

## અયોગિ-શૈલેશી અવસ્થા ૧૪ મે.

એ પ્રમાણે પર્યન્તે (સયોગિકેવલિરૂપ ૧૩ મા ગુણસ્થાનના અન્તિમ અંતર્મુહૂર્ત્તે) સૂક્ષ્મકાયયોગનો નિરોધ કરી, કેવલી ભગવંત લેશ્યારહિત–કર્મબંધરહિત–યોગરહિત–અને નિષ્પ્રકંપ થવાથી अलेशी–अबन्धक–अयोगी અને શૈલેશી અવસ્થાવાળા કહેવાય છે. આ સ્થાને ૪ થું શુકલધ્યાન હોય છે. કાળ

અન્તર્મુહૂર્ત પ્રમાણ છે, અને આ ગુણસ્થાનના ઉપાન્ત્ય સમયે દેવદ્વિકાદિ ૭૨ પ્રકૃતિઓનો ક્ષય થઈ અન્ત્યસમયે ૧ વેદનીય –મનુષ્યત્રિક–પંચેન્દ્રિય–ત્રસ–સુભગ-આદેય–યશઃ-પર્યાપ્ત-બાદર–જિન અને ઉચ્ચગોત્ર એ ૧૩ પ્રકૃતિઓનો સર્વથા ક્ષય થાય છે.

## શ્રી સિદ્ધપરમાત્મ દશા

એ પ્રમાણે સર્વ ૧૪૮ કર્મનો ક્ષય થવાથી (અથવા ૧૫૮ નો ક્ષય થવાથી) કર્મરહિત થયેલ આત્મા અસ્પૃશદ્‌-ગતિ વડે ઊર્ધ્વલોકમાં જઈ સિદ્ધશિલા (ઇષત્‌પ્રાગ્ભારા નામની પૃથ્વી) થી ૧ યોજનને અન્તે અલોકને સ્પર્શી અનંતકાળ સુધી નિરાબાધ અખંડ અક્ષય સુખ કે જે આત્મસ્વભાવનું છે તે પરમસુખને સદાકાળ અનુભવે છે, અને પુનઃ સંસારમાં અવતરતા નથી.

॥ इति क्षपकश्रेणिस्वरूपम् ॥

**छगपुंसंजलणा दोनिदाविग्घावरणक्खए नाणी ।**
**देविंदसूरिलिहियं, सयगमिणं आयसरणट्ठा ॥१००॥**

गाथार्थ—(સ્ત્રીવેદનો ક્ષય કર્યા બાદ) छग=હાસ્યાદિક ૬ પ્રકૃતિનો ક્ષય કરે, ત્યારબાદ पुं=પુરુષવેદનો ક્ષય કરે, ત્યારબાદ ક્રમશઃ સંજ્વલન ક્રોધ–માન–માયા અને લોભનો ક્ષય કરે, ત્યારબાદ ૨ નિદ્રાનો (નિદ્રા–પ્રચલાનો) ક્ષય કરે, ત્યારબાદ विग्घ=૫ વિઘ્નનો તથા (अ) वरण=૫ જ્ઞાનાવરણ તથા ૪ દર્શનાવરણ એ ૧૪ નો સમકાળે ક્ષય કરે, અને તે ૧૪

( આવરણાદિક ) નો ક્ષય થયે આત્મા नाणी=કેવળજ્ઞાની તથા કેવળદર્શની થાય છે, એ પ્રમાણે इणं=આ सयगं=શતકપ્રકરણ देविंदसूरि=શ્રી દેવેન્દ્રસૂરિએ आयसरणट्ठा=આત્મસ્મરણાર્થે- ( પોતાનો શતકપ્રકરણનો ભાવ સ્મૃતિમાં રહેવા માટે ) लिहियं=લખ્યું છે.

[२०९]इति क्षपकश्रेणिः १००

विशेषार्थः—૯૯ મી ગાથાના અર્થમાં કહેવાયો છે. અહીં પ્રકૃતિઓનો ક્ષય ગુણસ્થાનોમાં વિચારતાં આ પ્રમાણે—

| | |
|---|---|
| ૭ દર્શનમોહ૦નો ક્ષય | ૭ મા ગુણસ્થાને |
| ૩ આયુષ્યનો ક્ષય | ,, |
| ૩૬ પ્રકૃતિનો ક્ષય | ૯ મા ગુણસ્થાને |
| ૧ પ્રકૃતિનો ક્ષય | ૧૦ મા ગુણસ્થાને |
| ૧૬ પ્રકૃતિનો ક્ષય | ૧૨ મા ગુણસ્થાને |
| ૭૨ ( ૭૩ ) પ્રકૃતિનો ક્ષય | ૧૪ મે ઉપાન્ત્ય સમયે |
| ૧૩ ( ૧૨ ) પ્રકૃતિનો ક્ષય | ૧૪ મે અન્ત્ય સમયે |
| ૧૪૮ | |

૨૦૯. ક્ષપકશ્રેણિનો આ ક્રમ ઘાતિકર્મોના ક્ષયની અપેક્ષાએ કેવળજ્ઞાન પ્રાપ્તિ સુધીનો છે, પરન્તુ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી ૧૩-૧૪ મા ગુણસ્થાને જે અઘાતિ કર્મો-પ્રકૃતિઓ ક્ષય પામે છે તે અહીં ગાથા દ્વારા કહી નથી, પરંતુ વિવેચનમાં કહેવાયેલ છે.

આ પંચમ કર્મગ્રંથનો સંક્ષિપ્ત સારાંશ સમાપ્ત થયો. આ રચનામાં મતિદોષથી ભૂલચૂક થવાનો સંભવ છે, કારણ વિષય અતિ ગહન છે અને મારી લેખકની મતિ અલ્પ છે; માટે સત્પુરુષો તે મારી ભૂલચૂકને સુધારી વાંચશે એવી મારી નમ્ર વિજ્ઞપ્તિ છે.

इति श्री तपागच्छाधिराजजैनाचार्यश्रीमद्विजयमोहनसूरीश्वरजी-
सत्कृपया पंडितचंदुलालनानचंद्रविरचितः पंचमकर्मग्रन्थस्य
गुर्ज्जरभाषार्थः समाप्तः ॥

સમાપ્ત

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૪ | ૧૧ | જે પ્રકૃતિ | જે પ્રકૃતિ પ્રથમ ગુણસ્થાનકથી માંડીને* |
| ૬ | ૧૮ | બીજ | બીજી |
| ૯ | ૨૨ | ( मिच्छा ) | ( मिच्छ ) |
| ૧૦ | ૧ | ( आवरण ) | ( आवरणा ) |
| ૧૦ | ૩ | ( धुत्रबंधी ) | ( धुवबंधी ) |
| ૧૧ | ૧૪ | जिणु सासं | जिणुसासं |
| ૧૧ | ૨૩ | ( सासं ) | ( उसासं ) |
| ૧૨ | ૫ | ૭૩ પ્રકૃતિઓ | ૭૩ પ્રકૃતિઓ (अधुवबंधा) |
| ૧૮ | ૫ | सुहअसुहं | सुहअसुह |
| ૧૯ | ૧ | अद्धुवबंधी | अधुवबंधी |
| ૨૪ | ૧૨ | ગુણસ્થાનો | ગુણસ્થાનો= |
| ૨૬ | ૨૦ | ૧૦-૧૨-૧૩-૧૪ | ૧૦. ૧૨-૧૩-૧૪ |
| ૨૭ | ૧૭ | नियया | नियमा |
| ૩૦ | ૩ | सव्वगुण बितिगुण | सव्वगुणे बितिगुणे |
| ૩૨ | ૮ | અંતર્મુહુર્ત | અંતર્મુહૂર્ત |
| ૩૫ | ૧૨ | ૩૪ સંસ્થન | ૩૪ સંસ્થાન |
| ૪૦ | છેલ્લી પંક્તિ | મુખ્યવે | મુખ્યત્વે |
| ૪૧ | છેલ્લી પંક્તિ | તત્વં કેવલિગમ્ય | તત્ત્વં કેવલિગમ્યમ્ |
| ૪૯ | ૫ | ઉચ્છ્વા વર્ગણા | ઉચ્છ્વાસ વર્ગણા |
| ૫૩ | ૫ | પ્રયત્ય | પ્રત્યય |
| ૫૮ | ૩ | કહ | કહે |

* ( ચોથા પેજમાં નીચે મુજબ પાદનોંધ લેવી )

જેમકે મિશ્ર મોહનીયનો ઉદય ત્રીજે ગુણસ્થાનકે જ નિશ્ચિત હોય છે, છતાં તેને અધ્રુવોદયીમાં ગણેલ છે, કારણ કે તે પહેલા ગુણસ્થાનકથી માંડીને ઉદયમાં નથી, તેથી તેને અધ્રુવોદયીમાં ગણેલ છે.

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૬૨ | ૧૬ | પાંચમાં | પાંચમા |
| ૬૫ | ૧૫ | ૧-૩ | ૧-૨ |
| ૬૬ | ૧૨ | ૬/૯ મે | ૯/૧ મે |
| ૭૧ | ૧ | ૮ માં | ૮ મા |
| ૭૧ | ૧ | ૭ માં | ૭ મા |
| ૭૧ | ૧ | ૧૦ માં | ૧૦ મા |
| ૭૧ | ૧૧ | ૭ માં | ૭ મા |
| ૭૨ | ૧૮ | જિનનામસહિત | જિનનામરહિત |
| ૭૬ | ૬ | ૧૭ માં | ૧૭ મા |
| ૭૬ | ૭ | અઢારમાં | અઢારમા |
| ૭૭ | ૧૦ | અબલા | અબાધા |
| ૭૮ | ૧૧ | ૧૦ માં | ૧૦ મા |
| ૭૮ | ૧૨ | ૧૧ માંથી ૧૩ માં | ૧૧ માથી ૧૩ મા |
| ૭૯ | ૫ | ૧૦ માં | ૧૦ મા |
| ૭૯ | ૮ | ૧૦ માં | ૧૦ મા |
| ૮૦ | ૬ | दसुवरिमेसु | दुसुवरिमेसु |
| ૮૦ | ૧૭ | तीस | तीसं |
| ૮૩ | ૬ | ° रूकख | ° रुक्ख |
| ૮૭ | ૧૪ | પ્રસંગોપાત | પ્રસંગોપાત્ત |
| ૮૭ | ૨૧ | અસંખ્યાતમાં | અસંખ્યાતમા |
| ૮૯ | ૧૭ | ાસ્થતિસત્તામાં | સ્થિતિસત્તામાં |
| ૯૨ | ૧૦ | અસંખ્યાતમાં | અસંખ્યાતમા |
| ૯૨ | ૧૫ | સંખ્યાતમાં | સંખ્યાતમા |
| ૯૨ | ૨૦ | અસંખ્યાતમાં | અસંખ્યાતમા |
| ૯૩ | ૧૫ | ,, | ,, |
| ૯૫ | ૫ | યુગાલક | યુગલિક |
| ૯૫ | ૧૦ | નિરૂપક્રમી | નિરુપક્રમી |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૯૬ | ૭–૮ | ,, | ,, |
| ૯૯ | ૧૫ | ૮૦ કોડાકોડી | ૭૦ કોડાકોડી |
| ૧૦૦ | ૧૬ | સ્થિ– | સ્થિર– |
| ૧૦૭ | ૨ | હુંકડ | હુંડક |
| ૧૧૨ | ૨ | સપ્તમશાં | સપ્તમાંશ |
| ૧૧૨ | ૧૬ | ૨૫/૭ | ૨૫/૭ |
| ૧૧૨ | ૧૭ | ૩/૭ ને સ્થાને ૫૦/૭ | ૨/૭ ને સ્થાને ૫૦/૭ |
| ૧૧૨ | ૧૮ | ૨૫/૭ | ૨૫/૭ |
| ૧૧૩ | ૨ | સંખ્યાતમાં | સંખ્યાતમા |
| ૧૧૪ | ૩ | ,, | ,, |
| ૧૧૪ | ૧૫ | पल्लसंख भागूणो | पल्लसंखभागूणो |
| ૧૨૦ | ૧ | तिथं | तित्थं |
| ૧૨૦ | ૧૪ | એવો જીવ | એવો ક્ષયોપશમ સમ્યક્ત્વી જીવ |
| ૧૨૦ | ૨૩ | ૮માં | ૮મા |
| ૧૨૨ | ૧૮ | અન્મુંહૂર્ત | અન્તર્મુહૂર્ત |
| ૧૨૪ | ૮ | आ ईसाणा | आईसाणा |
| ૧૨૭ | ૧૨ | ઉત્કષ્ટ | ઉત્કૃષ્ટ |
| ૧૨૭ | ૧૫ | અતે | અને |
| ૧૨૮ | ૧૩ | પમાણે | પ્રમાણે |
| ૧૨૯ | ૧૫ | વૈક્રિયછક્ક | વૈક્રિયષટ્ક |
| ૧૩૨ | ૧૭ | ધ્રવ | ધ્રુવ |
| ૧૪૧ | ૮ | અધ્રુવબંધયણાના | અધ્રુવબંધપણાના |
| ૧૪૬ | ૩ | ૧૪ માં | ૧૪ મા |
| ૧૪૬ | ૨૨ | મુહુર્ત | મુહૂર્ત |
| ૧૪૭ | ૮ | અકેન્દ્રિયની | એકેન્દ્રિયની |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૪૭ | ૧૮ | એકેન્દ્રિનો | એકેન્દ્રિયનો |
| ૧૫૦ | ૨૬ | સંખ્યાતમાં | સંખ્યાતમા |
| ૧૫૭ | ૪ | ાસ્થતિ | સ્થિતિ |
| ૧૫૭ | ૯ | રીત | રીતે |
| ૧૫૮ | ૨૦ | હેતભૂત | હેતુભૂત |
| ૧૬૧ | ૧૪ | હ્રેતુ | હેતુ |
| ૧૬૨ | છેલ્લી પંક્તિ | પરામીની | પર. મીની |
| ૧૬૫ | ૧૮ | અનભિસંધિ જ | અનભિસંધિજ |
| ૧૬૬ | ૧૯ | યોગપ્રવ્રાતનો | યોગપ્રવૃત્તિનો |
| ૧૬૭ | ૪ | સર્વોકૃષ્ટ | સર્વોત્કૃષ્ટ |
| ૧૬૭ | ૬ | તની અકસ્થાપના | તેની અંકસ્થાપના |
| ૧૬૮ | ૧૨ | અસંખ્યતમા | અસંખ્યાતમા |
| ૧૬૯ | ૨૩ | અસંખ્યાતમાં | અસંખ્યાતમા |
| ૧૭૦ | ૭ | કિંચિત્ | કિંચિત્ |
| ૧૭૦ | ૧૬ | ठिइठणा | ठिइठाणा |
| ૧૭૫ | ૧૪ | पज | अपज |
| ૧૭૬ | ૧૫ | વ્રાદ્ધવાળા | વૃદ્ધિવાળા |
| ૧૭૮ | ૧૮ | અન્તર્મૂહૂર્ત | અન્તર્મુહૂર્ત |
| ૧૮૦ | ૧૨ | ાસ્થતિબંધના | સ્થિતિબંધના |
| ૧૮૪ | ૮ | થમ | પ્રથમ |
| ૧૮૭ | ૮ | પ્રતિસમયબધ | પ્રતિસમયબન્ધ |
| ૧૯૦ | ૧૦ | અસંખ્યાતમાં | અસંખ્યાતમા |
| ૧૯૬ | ૧૧ | ઉચ્છ્વાસ | ઉચ્છ્વાસ |
| ૧૯૭ | ૨ | નરક, ૨ | નરક ૨, |
| ૧૯૮ | ૪ | °सारिस | °सरिस |
| ૨૦૫ | ૨૦ | સકિલષ્ટ | સંક્લિષ્ટ |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૦૮ | ૧૫ | ચતુસ્થાનિક | ચતુઃસ્થાનિક |
| ૨૧૦ | ૧૪ | અપરા | અપરા૦ |
| ૨૧૧ | ૯ | રસ ને | રસને |
| ૨૧૨ | ૧૪ | ધાત | ઘાતિ |
| ૨૧૫ | ૧૯ | વિકેલેન્દ્રિયત્રિક | વિકલેન્દ્રિયત્રિક |
| ૨૧૮ | ૧૨ | બંધ વિચ્છેદ | બંધવિચ્છેદ |
| ૨૧૮ | ૧૮ | उरूल | ० उरल |
| ૨૨૩ | ૧૩ | તેવ | તેવા |
| ૨૨૩ | ૧૯ | દેશ તિ | દેશવિરતિ |
| ૨૨૪ | ૬ | પ્રત્યખ્યાની | પ્રત્યાખ્યાની |
| ૨૨૬ | ૧ | આઠમાં | આઠમા |
| ૨૨૬ | ૯ | आउ | आउं |
| ૨૨૮ | ૧૩ | સંગે | પ્રસંગે |
| ૨૩૧ | ૮ | મનુષ્યે | મનુષ્યો |
| ૨૩૪ | ૧૮ | શાંતા | શાતા |
| ૨૩૫ | ૭ | યશાની | યશની |
| ૨૪૦ | ૩ | નરકાદ્ધિકાદિની | નરકદ્વિકાદિની |
| ૨૪૪ | ૨૧ | दुह | दुहा |
| ૨૪૪ | ૨૨ | સપૂર્ણ | સંપૂર્ણ |
| ૨૪૫ | ૨ | वज्र ( चउ ) | वज्रचउ |
| ૨૪૫ | ૫ | (चउहा=૪ પ્રકારનો છે) | चउहा=ચાર પ્રકારનો છે. |
| ૨૪૭ | ૧ | अध्रव | अध्रुव |
| ૨૪૯ | ૬ | ૧૧માંથી | ૧૧માથી |
| ૨૫૯ | ૧૮ | અંતમાંભાગ | અનંતમા ભાગ |
| ૨૬૭ | ૨ | અનન્તમાં | અનન્તમા |
| ૨૬૮ | ૫ | સૂક્ષ્મપારણામી | સૂક્ષ્મપરિણામી |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
| --- | --- | --- | --- |
| ૨૬૮ | ૧૩ | અદ્ય | આદ્ય |
| ૨૭૦ | ૧૯ | અસંખ્યાતમાં | અસંખ્યાતમા |
| ૨૭૯ | ૪ | ( पंच ) | पंच |
| ૨૯૨ | ૧૫ | સંસારજીવોને | સંસારીજીવોને |
| ૨૯૪ | ૨૨ | સંખ્યાગુણાધિક | સંખ્યગુણાધિક |
| ૨૯૬ | ૧૧ | ઉપશાન્તમોહ | ઉપશાન્તમોહના |
| ૨૯૬ | ૨૨ | પ્રક્ષેરૂપ | પ્રક્ષેપરૂપ |
| ૨૯૮ | ૨૧ | અસંખ્યગુણ અસંખ્યગુણ | અસંખ્યગુણ |
| ૨૯૯ | છેલ્લી પંક્તિ | **सार्द्धशतकप्रकरणस्येय** | **सार्द्धशतकप्रकरणस्येयं** |
| ૩૦૦ | ૧૧ | પ્રતિસમયથી | પ્રતિસમય |
| ૩૦૬ | ૧૩ | અસંખ્યાતમાં | અસંખ્યાતમા |
| ૩૧૦ | ૧૨ | સંખ્યાત | અસંખ્યાત |
| ૩૧૩ | ૧ | वायर | बायर |
| ૩૧૪ | ૧ | ઔદારિકાદિ | ઔદારિકાદિ |
| ૩૧૯ | ૨૩ | તો | તે |
| ૩૨૦ | ૧૫ | પરાની૦ | પરા૦ ની |
| ૩૨૩ | ૧૯ | ૯ માં | ૯ મા |
| ૩૨૪ | ૨૫ | **मिच्छा** | **मिच्छो** |
| ૩૩૪ | ૫ | મળ | મૂળ |
| ૩૩૪ | ૮ | અધ્રવ | અધ્રુવ |
| ૩૩૫ | ૧૧ | અનત્કૃષ્ટબંધ | અનુત્કૃષ્ટબંધ |
| ૩૩૬ | ૧૨ | અ વ | અધ્રુવ |
| ૩૩૭ | ૪ | **प्रदेशबंधेयु** | **प्रदेशबंधेषु** |
| ૩૩૭ | ૯ | ૧૧ માંથી | ૧૧ માથી |
| ૩૩૭ | ૧૧ | ળવ્યને | ભવ્યને |
| ૩૪૦ | છેલ્લી પંક્તિ | બીજા | બીજું |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૪૫ | ૧૭ | હીના | હીન |
| ૩૪૬ | ૧૧ | રસાંશે | રસાંશો |
| ૩૪૮ | ૩ | કયાં | કયા |
| ૩૪૮ | ૨૧ | મન | માન |

આવશ્યકીય વધારો—૩૫૦ મા પૃષ્ઠમાં પંક્તિ – ૧૭ માં—"**ઉત્તર:**—જ્યાં જ્યાં મિથ્યાત્વનો ઉદય છે ત્યાં ત્યાં અવશ્ય અનન્તાનુબંધી કષાયનો ઉદય હોય છે" એમ લખેલ છે. ત્યાં એટલું ઉમેરવું કે—વિશેષ એ સમજવું કે 'ચોથે ગુણસ્થાનકે અનંતાનુબંધી કષાયની વિસંયોજના કરી, મિથ્યાત્વનો ક્ષય ન કર્યો હોય એ જીવ મિથ્યાત્વનો ઉદય થવાથી મિથ્યાત્વે આવે ત્યારે અનંતાનુબંધી બાંધે પણ એક આવલિકા સુધી ઉદય ન હોય.' એ વિશેષ છે.

| | | | |
|---|---|---|---|
| ૩૫૧ | ૧૯ | सत्तरज्जु घणो | सत्तरज्जुमाणघणो |
| ૩૫૯ | ૫ | ક્ષપકશ્રેણિ | ક્ષપકશ્રેણિનું |
| ૩૬૩ | ૧૨ | વિશુદ્ધિ | વિશુદ્ધ |
| ૩૬૪ | ૫ | ( વબંધી | ( ધ્રુવબંધી |
| ૩૬૮ | ૫ | અસંખ્યગુણ | સંખ્યભાગ |
| ૩૭૦ | છેલ્લી પંક્તિ | સંખ્યાતમાં | સંખ્યાતમા |
| ૩૭૭ | ૧ | સંખ્યાતમાં | સંખ્યાતમા |
| ૩૭૭ | ૯ | પાડવાંની | પાડવાની |
| ૩૭૮ | ૨૦ | સંખ્યાતમાં | સંખ્યાતમા |
| ૩૭૯ | ૩ | અન્તકરણમાં | અંતરકરણમાં |
| ૩૭૯ | ૫ | અન્તકરણના | અન્તરકરણના |
| ૩૮૫ | ૨૦ | બન્ને રસોદયથી | અને રસોદયથી |
| ૩૮૬ | ૧૪ | दुलिर्देशोपघातिभिभागै | दुभिर्देशोपघातिभिर्भागै |
| ૩૮૭ | ૧ | देशा– | देश– |
| ૩૮૭ | ૨ | घतिरुपतया | घातिरूपतया |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૮૭ | ૪ | विष्कंभरूपे | त्रिष्कंभरूपे |
| ૩૮૭ | ૧૯ | ⁰ क्षयात्तेंषामेत्र | ⁰ क्षयात्तेषामेत्र |
| ૩૮૯ | ૧૦ | સર્વવિરત | સર્વવિરતિ |
| ૩૯૦ | ૫ | ૩ ઋુ | ૩ ઋુ |
| ૩૯૨ | ૨ | અતિસ્તગ્ધ | અતિસ્નિગ્ધ |
| ૩૯૨ | ૧૦ | चक्षुदर्शनावरण | चक्षुर्दर्शनावरण |
| ૩૯૨ | ૧૦ | अचक्षुदर्शनावरण | अचक्षुर्दर्शनावरण |
| ૪૦૧ | ૧૩ | શ્રી શિવશર્મસૂરિ પૂજ્ય | પૂજ્ય શ્રી શિવશર્મસૂરિ |
| ૪૦૬ | ૧૭ | ૮ માં | ૮ મા |
| ૪૦૭ | ૪ | પ્રકૃત્તિઓનું | પ્રકૃતિઓનું |
| ૪૦૭ | ૧૩ | પ્રદેશોત્કિરણપૂર્વક | પ્રદેશોત્કીર્ણપૂર્વક |
| ૪૦૮ | ૯/૧૦ | હાસ્ય-છક્ક | હાસ્યષટ્ક |
| ૪૦૯ | ૧૯/૨૧ | અવલિકા | આવલિકા |
| ૪૧૨ | ૧૬ | ઉધોત | ઉદ્યોત |
| ૪૧૨ | ૧૮ | સાધારણનામકમ | સાધારણનામકર્મ |
| ૪૧૨ | ૨૨ | સંબધ | સંબંધ |
| ૪૧૩ | ૧૭ | વિશેષત | વિશેષતઃ |
| ૪૧૩ | ૨૨ | સક્રમે | સંક્રમે |
| ૪૧૭ | ૧૯ | ત જ | તે જ |
| ૪૨૪ | ૧૦ | સર્વાપવર્તાના | સર્વાપવર્ત્તના |
| ૪૨૯ | ૧૫ | दोनिदा | दोनिद्दा |

**તા. ક.** આ સિવાય મુદ્રણદોષથી કોઈ કોઈ ઠેકાણે ટાઈપ તૂટી ગયા હોય કે ઉઠયા ન હોય તે અભ્યાસીએ સુધારી લેવા વિજ્ઞપ્તિ છે.

## મુક્તિકમલ જૈન મોહનમાળાનાં હવે પછીનાં પ્રકાશનો :—

૧. **સંગ્રહણીરત્ન :** મોટી સંગ્રહણીનું ગુજરાતી ભાષાંતર બીજી આવૃત્તિ ૯૦૦ પાનાં, ૭૦ વિશિષ્ટકોટિનાં ચિત્રો. આ આવૃત્તિનું કામ ચાલુ છે.

૨. **સંગ્રહણીરત્ન :** હિન્દી ભાષાંતર, ગુજરાતી આવૃત્તિનું જ ભાષાંતર, ૭૦ ચિત્રો સાથે.

બંનેના અનુવાદક પૂજ્ય મુનિશ્રી યશોવિજયજી (વર્તમાનમાં પૂ. આચાર્ય યશોદેવસૂરિજી) છે.

જૈન તત્ત્વજ્ઞાનનો અજોડ અને અભૂતપૂર્વ ગ્રન્થ.

※

૩. **ભગવતીજી સૂત્રનાં પ્રવચનો :** ચોથી આવૃત્તિ

૪. **ભગવાન શ્રી મહાવીરનાં ૨૬ પૂર્વ ભવ :** ત્રીજી આવૃત્તિ

બંને ગ્રન્થના કત[illegible] શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ છે. ભાષા [illegible]

※

Serving JinShasan
074140
gyanmandir@kobatirth.org